# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

# વાર્ષિક વહીવટી અહેવાલ
# ૨૦૦૭-૨૦૦૮

# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન
# ૨૦૦૭-૦૮ વાર્ષિક વહીવટી અહેવાલ

## અનુક્રમણિકા


| **પ્રકરણ નંબર** | **પ્રકરણનું નામ** | **પાના નંબર** |
|---|---|---|
| | અનુક્રમણિકા | |
| | મ્યુનિસિપલ કમિશનરશ્રીનું નિવેદન | |
| | આંકડાકીય વિશ્લેષણ | |
| ૧ | હદ વસતિ અને બંધારણ | ૧ થી ૨ |
| ૨ | **સામાન્ય વહીવટી તંત્ર** | |
| ૨.૧ | સેક્રટરી ઓફિસ | **૩ થી ૧૧** |
| ૨.૨ | સેન્ટ્રલ ઓફિસ | ૧૨ થી ૧૬ |
| ૨.૩ | ટેક્ષ વિભાગ | ૧૭ થી ૨૨ |
| ૨.૪ | કોમ્પ્યુટર ખાતુ | ૨૩ થી ૨૭ |
| ૨.૫ | ઈલેક્શન ખાતુ | ૨૮ થી ૩૦ |
| ૨.૬ | વેલફેર ખાતુ | ૩૧ થી ૩૩ |
| ૨.૭ | ગુમાસ્તાધારા ખાતુ | ૩૪ થી ૩૬ |
| ૨.૮ | લીગલ ખાતુ | ૩૭ થી ૩૯ |
| ૨.૯ | હિલ ગાર્ડન પ્રાણી સંગ્રહાલય અને બાલવાટિકા | ૪૦ થી ૪૩ |
| ૨.૧૦ | નાંણા ખાતુ | ૪૪ થી ૬૨ |
| ૨.૧૧ | સેન્ટ્રલ રેકર્ડ ખાતુ | ૬૩ થી ૬૬ |
| ૨.૧૨ | પ્લાનીગ એન્ડ ફાયનાન્સ સેલ | ૬૭ થી ૭૭ |
| ૨.૧૩ | ઓક્ટ્રોય વિભાગ | ૭૮ થી ૮૦ |
| ૨.૧૪ | કંટ્રોલ રૂમ | **૮૧ થી ૮૨** |
| ૨.૧૫ | મ્યુનિસિપલ સ્નાનાગાર | ૮૩ થી ૮૬ |
| ૨.૧૬ | સંસ્કાર કેન્દ્ર ( મ્યુઝિયમ ) | ૮૭ થી ૮૯ |
| ૨.૧૭ | વીજીલન્સ ખાતુ | ૯૦ થી ૯૨ |
| ૨.૧૮ | પબ્લીસીટી ખાતુ | ૯૩ થી ૯૩ |
| ૨.૧૯ | સેન્ટ્રલ સ્ટોર્સ | ૯૪ થી ૯૭ |
| ૨.૨૦ | ઈન્ડસ્ટ્રીયલ રીલેશન ખાતુ | ૯૮ થી ૧૦૨ |
| ૨.૨૧ | સેન્ટ્રલ પુલ ઓફ ટાઈપીસ્ટ | ૧૦૩ થી ૧૦૩ |
| ૨.૨૨ | ઓડિટ ખાતુ | ૧૦૪ થી ૧૦૬ |
| ૨.૨૩ | હેરીટેજ | ૧૦૭ થી ૧૦૭ |
| ૩ | **એસ્ટેટ એન્ડ ટાઉન ડેવલપમેન્ટ વિભાગ** | |

| | | |
|---|---|---|
| ૩.૧ | એસ્ટેટ વિભાગ | ૧૦૮ થી ૧૨૧ |
| ૩.૨ | નગરવિકાસ ખાતુ | ૧૨૨ થી ૧૨૮ |
| ૪ | **ઈજનેર વિભાગ** | ૧૨૯ થી ૧૩૦ |
| ૪.૧ | વોટર પ્રોજેક્ટ | ૧૩૧ થી ૧૩૭ |
| ૪.૨ | બ્રીજ ડિવીઝન | ૧૩૮ થી ૧૩૯ |
| ૪.૩ | રોડ પ્રોજેક્ટ | ૧૪૦ થી ૧૪૨ |
| ૪.૪ | ડ્રેનેજ પ્રોજેક્ટ | ૧૪૩ થી ૧૪૫ |
| ૪.૫ | સાબરમતી રીવરફ્રન્ટ ડેવ.કો.લી. | ૧૪૬ થી ૧૪૬ |
| ૪.૬ | પાણી પુરવઠો તથા દુધેશ્વર વોટર વર્કસ | ૧૪૭ થી ૧૭૫ |
| ૪.૭ | ઈજનેર મધ્ય ઝોન | ૧૭૬ થી ૧૮૦ |
| ૪.૮ | ઈજનેર પૂર્વ ઝોન | ૧૮૧ થી ૧૮૫ |
| ૪.૯ | ઈજનેર પશ્ચિમ ઝોન | ૧૮૬ થી ૧૯૨ |
| ૪.૧૦ | ઈજનેર ઉત્તર ઝોન | ૧૯૩ થી ૧૯૭ |
| ૪.૧૧ | ઈજનેર દક્ષિણ ઝોન | ૧૯૮ થી ૧૯૯ |
| ૪.૧૨ | ઈજનેર નવા પશ્ચિમ ઝોન | ૨૦૦ થી ૨૦૭ |
| ૪.૧૩ | બગીચા ખાતુ | ૨૦૮ થી૨૧૪ |
| ૪.૧૪ | દીવા બત્તી | ૨૧૫ થી ૨૧૭ |
| ૪.૧૫ | સેન્ટ્રલ વર્કશોપ | ૨૧૮ થી ૨૨૧ |
| ૪.૧૬ | સેન્ટ્રલ લેબોરેટરી | ૨૨૨ થી ૨૨૪ |
| ૪.૧૭ | સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ વિભાગ | ૨૨૫ થી ૨૩૧ |
| ૪.૧૮ | સ્લમ નેટવર્કીંગ પ્રોજેક્ટ | ૨૩૨ થી ૨૩૪ |
| ૪.૧૯ | ટી.સી.આઇ.ડી.એસ.પ્રોજેકટ | ૨૩૫ થી ૨૩૭ |
| ૪.૨૦ | હાઉસીગ પ્રોજેકટ | ૨૩૮ થી ૨૩૯ |
| ૪.૨૧ | જે.એન.એન.યુ.આર.એમ.પ્રોજેકટ | ૨૪૦ થી ૨૪૩ |
| ૫.૦૦ | ફાયર બ્રિગેડ | ૨૪૪ થી ૨૫૫ |
| ૫.૦૧ | કોમ્યુનિકેશન વિભાગ | ૨૫૬ થી ૨૫૯ |
| ૬ | આરોગ્ય અને તબીબી સેવાઓ | |
| ૬.૧ | જન્મ મરણ ખાતુ | ૨૬૦ |
| ૬.૨ | રોગ પ્રતિકારક રસીઓ | ૨૬૧ |
| ૬.૩ | એપેડેમિક સેલ | ૨૬૧ |
| ૬.૪ | તબીબી વિભાગ | ૨૬૧ |
| ૬.૫ | ચેપીરોગ હોસ્પિટલ | ૨૬૧ |
| ૬.૬ | ન્યુ ચેસ્ટ કલીનીક(ટી.બી.હોસ્પિટલ) | ૨૬૨ |
| ૬.૭ | સ્લોટર હાઉસ | ૨૬૨ |

| | | |
|---|---|---|
| **૬.૮** | મેલેરિયા વિભાગ | ૨૬૨ |
| **૬.૯** | પબ્લીક હેલ્થ લેબોરેટરી | ૨૬૩ |
| **૬.૧૦** | ફલાઈંગ સ્કવોર્ડ | ૨૬૩ |
| **૬.૧૧** | સંકલિત બાળ વિકાસ યોજના | ૨૬૩ થી ૨૬૪ |
| **૬.૧૨** | બાળ લકવા નાબુદી અભિયાન | ૨૬૫ |
| **૬.૧૩** | કુટુંબ કલ્યાણ એકમ | ૨૬૫ થી ૨૭૭ |
| ૬.૧૪ | સેન્ટ્રલ મેડીકલ સ્ટોર્સ | ૨૭૮ થી ૨૮૧ |
| ૬.૧૫ | યુ.સી.ડી.પ્રોજેકટ | ૨૮૨ થી ૨૮૫ |
| ૬.૧૬ | હેલ્થ ખાતાની ઝોન લેવલે થતી કામગીરી<br>૧. મધ્ય ઝોન<br>૨. ઉત્તર ઝોન<br>૩. દક્ષિણ ઝોન<br>૪. પૂર્વ ઝોન<br>૫. પશ્ચિમ ઝોન<br>૬.નવા પશ્ચિમ ઝોન | ૨૮૬ થી ૨૯૬ |
| ૭ | **કન્ઝરવન્સી સેવાઓ** | |
| ૭.૧ | રેફયુઝ વિભાગ (સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ) | ૨૯૭ થી ૩૦૦ |
| ૭.૨ | ઢોર ત્રાસ અંકુશ વિભાગ (સી.એન.સી.ડી.) | ૩૦૧ થી ૩૦૪ |
| ૮ | **તબીબી સેવાઓ (હોસ્પિટલો )** | |
| ૮.૧ | શેઠ વાડીલાલ સારાભાઈ જનરલ હોસ્પિટલ | ૩૦૫ થી ૩૨૧ |
| ૮.૨ | શેઠ લલ્લુભાઈ ગોરધનદાસ મ્યુ. જનરલ હોસ્પિટલ | ૩૨૨ થી ૩૩૦ |
| ૮.૩ | શ્રીમતી શા.ચી.લા. મ્યુ. જનરલ હોસ્પિટલ | ૩૩૧ થી ૩૩૬ |
| ૮.૪ | શેઠ ચી.હ. નગરી આંખની હોસ્પિટલ | ૩૩૭ થી ૩૫૧ |
| ૯ | **સાર્વજનિક કેળવણી (સ્કૂલ બોર્ડ )** | |
| ૯.૧ | પ્રાથમિક શિક્ષણ | ૩૫૨ થી ૩૬૨ |
| ૯.૨ | માધ્યમિક શાળાઓ | ૩૬૩ થી ૩૬૭ |
| ૯.૩ | શ્રીમતી એન.એચ.એલ.મ્યુ. મેડીકલ કોલેજ | ૩૬૮ થી ૩૮૧ |
| ૯.૪ | પુસ્તકાલયો અને વાંચનાલયો | ૩૮૨ થી ૩૯૨ |
| ૯.૫ | બાલભવન | ૩૯૩ થી ૩૯૯ |
| ૯.૬ | વ્યાયામ વિદ્યાલય | ૪૦૦ થી ૪૦૨ |
| ૯.૭ | શેઠ માણેકલાલ જેઠાલાલ પુસ્તકાલય | ૪૦૩ થી ૪૧૮ |
| ૧૦ | અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસ | ૪૧૯ થી ૪૨૭ |

# વાર્ષિક વહીવટી અહેવાલ ૨૦૦૭-૨૦૦૮

## મ્યુનિસિપલ કમિશનરશ્રીનું નિવેદન

ભારતના પશ્ચિમ ક્ષેત્રમાં ઔદ્યોગિક, વ્યાવસાયીક, રોજગાર, સાંસ્કૃતિક તથા શૈક્ષણિક દ્રષ્ટિએ રાષ્ટ્રનું સાતમા નંબરનું સ્થાન ધરાવતું શહેર એટલે અમદાવાદ. ધી બી.પી.એમ.સી. એક્ટ ૧૯૪૯ની કલમ ૯૪(૧) મુજબ આ અમદાવાદ મહાનગરપાલિકાનો સને ૨૦૦૭-૨૦૦૮ ના વર્ષનો વાર્ષિક વહીવટી અહેવાલ રજુ કરતાં આનંદ અનુભવું છું. અમદાવાદ શહેર કે જે આગળ વધવા સાથે ફરજીયાત સેવાઓની સાથે સાથે મહત્તમ મરજીયાત સેવાઓ પણ પુરી પાડવા કટીબધ્ધ છે. જે વધતા જતાં નાણાંકીય તેમજ કામગીરીના ભારણને પહોંચી વળવા તમામ ક્ષેત્રે પ્રયત્નશીલ છે અને સહીયારા પ્રયત્નો તથા કુશળ વહીવટી માર્ગદર્શન તેમજ સંચાલન વડે ઉપલબ્ધ થતાં નાણાંનો શહેરી સમાજની સગવડો તથા જરૂરીયાત માટે ઉપયોગ કરવા કટીબધ્ધ છે. આ ઉપયોગના મુલ્યાંકનની પારાશીશીરૂપ વાર્ષિક વહીવટી અહેવાલ શહેરની તમામ ગતિવીધીઓનું પ્રતિબીંબ પાડે છે.

હાલના સાયબર યુગમાં અમદાવાદ શહેરની વિકાસશીલ શહેર તરીકેની રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય કક્ષાએ થયેલ પ્રતિષ્ઠાને અનુરૂપ શહેરનો સાંસ્કૃતિક, શૈક્ષણિક વિકાસ તેમજ વિવિધ ક્ષેત્રે સુઆયોજીત વિકાસ કરવાના પ્રયત્નોના પરિણામ દેખાવા લાગ્યા છે.હાલમાં અ.મ્યુ.કો.ના કુલ ૪૪૮.૧૬ ચો.કિ.મી વિસ્તારમાં રાજય સરકાર ધ્વારા જાહેરનામુ બહાર પાડી ઠ.નં- કેવી/૩/૨૦૦૮/અમન/૯૦/૨૦૦૮/૧૫૭ તાઃ૧૭/૦૧/૦૮ થી ચાંદખેડા તથા મોટેરા નગર પાલીકાના ૧૬ ચો.કિ.મી. વિસ્તાર અમદાવાદ મ્યુનિ.કોર્પો.માં સમાવેશ કરવામાં આવેલ છે આમ જુની લીમીટ ૪૪૮.૧૬ ચો.કિ.મી. ૨ નગરપાલિકાના ૧૬.૦૦ ચો.કિ.મી. મળી કુલ ૪૬૪.૧૬ ચો.કિ.મી.નો વિસ્તાર થયેલ છે. આમ અ.મ્યુ.કોર્પો.ની સેવાઓ આપવાની જવાબદારી વધુ વિસ્તૃત થયેલ છે.

અહેવાલી વર્ષમાં મ્યુનિસિપલ બોર્ડની ૪૫ બેઠકો મળી, જેમાં ૧૩૮૪ કામનો નિકાલ થયેલ. જેથી બેઠક દીઠ કામના નિકાલની સરેરાશ ૩૦.૭૬ થઈ. સ્ટેન્ડીંગ કમિટીની ૬૧ બેઠકોમાં ૧૭૨૯ કામોનો નિકાલ થયેલ હતો. ટ્રાન્સપોર્ટ કમિટીની ૨૬ બેઠકોમાં ૨૬૩ કામોનો નિકાલ થયેલ. ઉપરાંત જુદી જુદી સ્પેશ્યલ કમિટીઓની કુલ ૨૮૫ બેઠકોમાં ૧૯૪૭ કામોનો નિકાલ થયેલ. વર્ષ દરમ્યાન મળેલ કોઈ પણ મિટીંગ કોરમના અભાવે નિષ્ફળ નિવડી ન હતી.

મ્યુનિ. કોર્પોરેશનની નાણાંકીય જવાબદારીઓ પુરી પાડવા આવક મેળવવાના મુખ્ય સાધનો પૈકી ઓક્ટ્રોયની થતી રોજેરોજની રોકડ આવક તથા પ્રોપર્ટી ટેક્ષની આવક મુખ્ય સ્ત્રોત છે. જેની વસુલાત વધુ સઘન તથા પરિણામલક્ષી કામગીરીને લઈને લક્ષાંક મુજબની રહી છે. ૨૦૦૭-૨૦૦૮ ના વર્ષ દરમ્યાન રેવન્યુ આવક રૂા. ૧૪૦૦૯૦.૦૦ લાખ રહેલ છે અને રેવન્યુ ખર્ચ રૂા. ૯૧૫૮૦.૯૧ લાખ થયેલ છે. આમ ખર્ચ કરતાં આવક રૂા.૪૮૫૦૯.૦૯ લાખ વધુ થયેલ છે.

રેવન્યુ આવક પૈકી ઓક્ટ્રોયની આવક તાઃ૦૧/૦૪/૦૭ થી ૧૫/૧૧/૦૮ સુધીમાં રૂા ૮૨૯.૨૧ કરોડ થયેલ છે. રાજય સરકાર તરફથી જાહેરનામુ બહાર પાડી તાઃ૧૫-૧૧-૦૭ થી રાજયની તમામ સ્થાનીક

સ્વરાજયની સંસ્થાઓમાંથી ઓકટ્રોય નાબુદ કરવામાં આવેલ છે.જેના કારણે મહાનગર પાલીકાની મુખ્ય આવકનો સ્ત્રોત બંધ થયેલ છે.જો કે તેની સામે રાજય સરકારશ્રી તરફથી ગ્રાંટ આપવામાં આવનાર છે.જ્યારે પ્રોપર્ટી ટેક્ષની આવક રૂા.૨૪૮૩૯.૬૫ લાખ થઇ છે. એકદંરે ગત વર્ષની સરખામણીમાં રેવન્યુ આવકમાં રૂા.૫૮૫.૧૨ લાખ વધારો થયેલ છે.

અહેવાલી વર્ષમાં મ્યુનિ. કોર્પોરેશનનું શરૂઆતનું દેવું રૂા. ૨૧૩૨૫.૨૩ લાખનું હતું .જયારે વર્ષ દરમ્યાન તેમાંથી રૂ.૧૮૭૪.૭૬ લાખ  વર્ષ દરમ્યાન ભરપાઈ થતાં, વર્ષાન્તે દેવું રૂા.૧૯૪૫૦.૪૭ લાખ બાકી રહ્યું હતું.

અન્ય કોર્પોરેશનો શહેરના નાગરિકોને નાગરિક સેવા તથા સગવડો પુરી પાડતી જે ફરજો નિભાવે છે, તે જોતાં અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન એ દેશની શ્રેષ્ઠ સેવાઓ આપતી મ્યુનિ. કોર્પોરેશન પૈકીની એક કોર્પોરેશન છે. ઉદાહરણીય સેવાઓ આપવા સતત પ્રયત્નશીલ રહેવું જરૂરી છે એ સનાતન સત્યના સિધ્ધાંતરૂપ અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશને ભારતીય સંવિધાનના-૭૪માં સુધારાને અનુરૂપ વિકેન્દ્રીકરણની નિતી અપનાવી શહેરી વિસ્તારના જુની લીમીટના ૪૩ વોર્ડ અને નવી લીમીટના બાર વોર્ડ મળી કુલ ૫૫ વોર્ડ બનાવી અને તેને છ ઝોનમાં વહેંચી પ્રાથમિક જરૂરિયાતની સેવાઓ જેવી કે પાણી, ગટર, રસ્તા, સફાઈ, લાઈટ તથા આરોગ્યની સેવાઓ તમામ નાગરિકોને ઉપલબ્ધ થાય તેવું વહીવટી માળખું ગોઠવેલ છે, વહીવટી તંત્રમાં કાર્યદક્ષ અધિકારીઓની સેવાઓ વધુ સુદ્રઢ બનાવવા વર્કનોમ્સ, તાલીમ, કોમ્પ્યુટરાઈઝેશન સંસ્થામાં નવા જોડાતાં કર્મચારીઓને તાલીમ, કોર્પોરેશનની તમામ વિભાગોની કામગીરીનો પરિચય, વિશેષ જાણકારી તથા કર્મચારીઓ, અધિકારીઓની સારી કાર્યક્ષમતા-કામગીરીને પ્રમાણપત્ર, ઈન્સેન્ટીવ વિગેરેથી બિરદાવી પ્રોત્સાહીત કરવામાં આવે છે, જયારે બિન કાર્યક્ષમ તથા ભ્રષ્ટ પુરવાર થતાં કર્મચારીઓને શિક્ષા, દંડ, વિજીલન્સ ખાતા મારફત કડક તપાસ તથા દેખરેખ રાખવામાં આવે છે. શહેરના સાંસ્કૃતિક વિકાસ તેમજ સ્મારકોની જાળવણી વિગેરે માટે તથા અન્ય કામગીરી માટે ઉચ્ચ ગુણવત્તાયુક્ત વ્યવસાયીકોની સેવાઓ વિગેરે દ્વારા શહેરના નાગરિકોને મહત્તમ સુખાકારી પ્રાપ્ત કરવા વહીવટીતંત્રને તૈયાર કરવા પ્રયત્ન કરવામાં આવે છે.

શહેરના નાગરિકો તથા પર્યટકોને આકર્ષણસમા કાંકરિયા તળાવ અને બાળકોના પ્રિય એવા પ્રાણીસંગ્રાલય, બાલવાટિકા વિગેરે આધુનિક ઉપકરણોથી વધુ આકર્ષક અને લોકભાગ્ય બનાવાયેલ છે. વર્ષ ૨૦૦૭-૨૦૦૮ માં ૨૬૪૧૭૯૬  મુલાકાતીઓએ આ સંકુલની મુલાકાત લીધી હતી. શહેરના નાગરિકોની સુવિધા માટે તથા તરણસ્પર્ધાના આયોજનો માટે અન્ય રાજ્યોની સરખામણીમાં ખુબ જ ઓછા દરે શહેરમાં ૧૬ સ્નાનાગારોની સુવિધાઓ  ઉપલબ્ધ છે.

કલારસિકો અને જ્ઞાનપિપાસુઓને સંતોષવા તથા પ્રોત્સાહિત કરવાની પ્રવૃત્તિઓ સંસ્કાર કેન્દ્ર તથા વાંચનાલયો દ્વારા અવિરત ચાલતી રહે છે.

ધી ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એક્ટ ૧૯૭૬ની જોગવાઈઓ તેમજ બી.પી.એમ.સી. એક્ટ ૧૯૪૯ની જોગવાઈ હેઠળ તૈયાર થયેલ બિલ્ડીંગ બાયલોઝના અમલ કોર્પોરેશનના એસ્ટેટ અને નગર વિકાસ વિભાગ દ્વારા કરવામાં આવે છે. શહેરના કોટ વિસ્તારની બિલ્ડીંગ બાયલોઝ સ્કીમ રેગ્યુલેશન અને ડેવલપમેન્ટ કંન્ટ્રોલ રેગ્યુલેશનનો આધાર લઈને રહેઠાણ તથા વ્યાપારી સંકુલોનો પદ્ધતિસર વિકાસ નિષ્ણાંત સ્થપતિઓની સલાહ લઈને કરવામાં આવી રહ્યો છે.

નગર વિકાસ ખાતામાં વર્ષ ૨૦૦૭-૨૦૦૮ ના બાંધકામની ૧૧૯૭ અરજીઓ આવી. જેમાં અગાઉની નિકાલ થયા વગરની ૧૩૩ અરજીઓ ઉમેરતાં કુલ ૧૩૩૦ અરજીઓ પૈકી ૧૨૦૧ અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો. જ્યારે ૧૪૩ અરજીઓ બાકી રહી હતી. અમલીકરણ વિભાગ દ્વારા ૪૩ રહેઠાણ તથા ૪૯ બિનરહેઠાણના મળી એમ કુલ ૮૧ કેસોમાં અમલ થયેલ છે. શહેરી વિસ્તારમાં નાગરિક સેવાઓ માટે અગવડરૂપ બનતાં તથા ગેરકાયદેસરના દબાણો તથા જાહેર મિલકતોમાં થતાં દબાણો દૂર કરવા આ પ્રકારના બાંધકામો તોડી પાડવા, લારી-ગલ્લા દૂર કરવા તથા ભારે દંડ વસુલ કરવા જેવા પગલાં લેવાય છે. અહેવાલી વર્ષમાં સમગ્ર શહેરમાંથી કુલ ૫૧૧૩૭ દબાણ દૂર કરવામાં આવ્યા હતા.

નાગરિક સેવાઓમાં સૌથી અગ્રતાક્રમે મુકી શકાય તેવી શુદ્ધ પીવાલાયક પાણી પુરી પાડવાની સેવાઓ છે. અહેવાલી વર્ષ દરમ્યાન પ્રતિદીન સરેરાશ ૮૬૨૮.૦૬ લાખ લીટર્સ શહેરમાં પાણી પુરૂ પાડવામાં આવ્યું, એટલે કે વ્યક્તિદીઠ દૈનિક સરેરાશ ૧૬૮.૭૦ લીટર્સ પાણી આપવામાં આવ્યું. ઉપરાંત શહેરમાં ૧૨૩ ટ્યુબવેલ સ્ટેશનો હાલ ચાલુ હાલતમાં કાર્યરત છે તેમજ બુસ્ટર પંપની સંખ્યા ૫૦૦ છે. કોતરપુર ખાતે ૪.૯૬ કરોડના ખર્ચે ઈન્ટેક-૨ ને કાર્યરત કરવામાં આવેલ છે જેમાંથી જરૂરીયાત મુજબના ૩૦ થી ૩૫ એમ.જી.ડી.જેટલું પાણી મેળવવામાં આવે છે નર્મદા કેનાલથી કોતરપુર સુધીની ૨૫૦૦ એ.એમ.ડાયાની પાઇપલાઇનનું કામ પુરૂ કરવામાં આવેલ છે અને જાન્યુઆરી-૨૦૦૭ થી આ પાણી પાઇપ લાઇનમાં વહેવડાવી કોતરપુર ખાતે ઇન્લેટ બે ચેમ્બરમાં લેવાનું ચાલુ કરવામાં આવેલ છે.હાલમાં આ પાઇપ લાઇન ધ્વારા ૭૦ થી ૭૫ એમ.જી.ડી.જેટલુ પાણી મેળવવામાં આવે છે જે કોતરપુર ટ્રીટમેન્ટ પ્લાન્ટ ખાતે શુધ્ધ કરી અમદાવાદ શહેરનાં જુદા જુદા વો.ડી.સ્ટેશનમાં ટ્રંક મેઇન્સ ધ્વારા પહોંચાડવામાં આવે છે રાસ્કા પંપીગ સ્ટેશન પાસે ૨૦૦ એમ.એલ.ડી ક્ષમતાનો નવો વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવી શહેરનાં દક્ષિણ તેમજ પુર્વ વિસ્તારોમાં પાણી પહોંચાડવાનું આયોજન કરવામાં આવેલ છે અને આ કામ માટે ટેન્ડરો ઈનવાઇટ કરવામાં આવેલ છે.સદરહુ યોજના કાર્યરત થતા રાસ્કા ખાતેથી પંપીગ અને લીફટીગ ધ્વારા મેળવવામાં આવતા પાણીના જથ્થાની જરૂરીયાત ઓછી થતા વીજળી ખર્ચમાં બચત થવા પામશે. અહેવાલી વર્ષ દરમ્યાન પાણી સેવા અન્વયે કુલ રેવન્યુ ખર્ચ રૂા. ૧૧૦૩૨.૫૦ લાખનો કરવામાં આવેલ છે.

વ્યવસ્થિત રીતે ગંદા પાણીના નિકાલ માટે શહેરમાં ડ્રેનેજ સીસ્ટમ કાર્યરત છે. શહેર વિસ્તારમાં સમાવાયેલ નવી હદમાં ડ્રેનેજ લાઈન નાંખવાનું કામ નરોડા, નિકોલ તથા ઓઢવ વિસ્તારમાં અને સરદારનગરથી હંસપુરા સેકન્ડરી પાઈપલાઈન લેઈડ કરવાની કામગીરી ચાલુ છે. શહેરના મુખ્ય બે ટર્મીનલ સુએજ પમ્પીંગ સ્ટેશનો અને ટ્રીટમેન્ટ પ્લાન્ટ વાસણા ટર્મિનલ સુ.પંપીગ સ્ટેશન ધ્વારા ૧૦૭૪૨૦ લાખ ગેલન અને પીરાણા ટર્મિનલ સુ.પંપીગ ધ્વારા ૨૩૩૨૯૦ લાખ ગેલન ગંદુ પાણી પંપીગ કરવામાં આવે છે.શહેરના પૂર્વ વિસ્તારમાં આવેલી જુદી જુદી ઓધૌગિક વસાહતોના ગંદા પાણીના નિકાલ માટે પિરાણા જી આઇ ડી સી સુએજ પંપીગ સ્ટેશન શરૂ કરવામાં આવેલ છે.

જવાહરલાલ નહેરૂ નેશનલ અર્બન રીન્યુઅલ મીશન (જે.એન.એન.યુ.આર.એમ) અંતર્ગત બી.આર.ટી.એસ. પ્રોજેકટ રેલ્વે ઓવરબ્રીજનું બાંધકામ વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ ,સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ,સ્ટોર્મ વોટર ડ્રનેજ તથા ઇ.ડબલ્યુ.એસ. હાઉસીગ વિગેરે પ્રોજેકટ અંતર્ગત જુદા જુદા પ્રોજેકટ હેઠળ રૂ.૧૩૧૨.૧૨ કરોડના કુલ ૧૩ પ્રોજેકટની કેન્દ્ર સરકારની મંજુરી મેળવવામાં આવેલ છે. આ પ્રોજેકટ અંતર્ગત નકકી થયેલ નીતી મુજબ ૩૫% અંદાજીત ખર્ચના કેન્દ્ર સરકારની ગ્રાંટ ૧૫% રાજય સરકારની ગ્રાંટ બાકીનો ૫૦% ફાળો કોર્પો.ને આ પ્રોજેકટ પેટે આપવાનો રહે છે. અમદાવાદ શહેરને મેગાસીટીનો દરજ્જો મળતા આ યોજના હેઠળ ૩૧/૦૩/૦૮ અંતિત ૨૩ પ્રોજેકટ રૂા.૧૯૨૦.૭૦ કરોડના અંદાજી ખર્ચ વાળા મંજુર થયેલ છે.જે એક ઐતિહાસિક સિધ્ધિ ગણી શકાય.આ પ્રોજેકટ હેઠળ અહેવાલી વર્ષના અંત સુધીમાં કેન્દ્ર સરકારના ફાળા પેટે

રૂા.૨૪૬.૩૫ કરોડ,રાજય સરકારના ફાળા પેટે રૂા.૮૧.૫૧ કરોડની ગ્રાંટ મળેલ છે.અહેવાલી વર્ષની અંતે રૂા.૨૮૦.૫૩ કરોડનો ખર્ચ જુદા જુદા પ્રોજેકટ હેઠળ થયેલ છે.

નાગરિકોની અવરજવર અને માલસામાનની ઝડપી સુવિધાજનક હેરાફેરી માટે અડચણમુક્ત પહોળા અને સરળ રોડ જરૂરી છે. હાલમાં વાહનોની વધતી જતી સંખ્યા જોતાં રોડ રીસરફેઇસ તથા પહોળા બનાવવાનું આયોજન અને અમલ કરાયેલ છે. અહેવાલી વર્ષ દરમ્યાન સમગ્ર શહેરમાં ૧૭૫.૭૪ કી.મી. લંબાઈના કુલ રૂા.૮૫૧૪.૯૨ લાખના ખર્ચે રસ્તા રીસરફેઇસ પાકા અને પહોળા કરવામાં આવ્યા છે.

શહેરી વિસ્તારમાં ટ્રાફિક સીગ્નલો પાસે થતો ટ્રાફિકનો અતિશય ધસારો અને શહેરમાંથી પસાર થતી રેલ્વે લાઈન ઉપરના ક્રોસીંગો પાસે જામ થતાં ટ્રાફીકના ઘસારાથી ઉભી થતી અગવડો નિવારવા ફ્લાયઓવર્સ અને અન્ડરપાસીસ બનાવવાની જોગવાઈ કરવામાં આવી છે.અહેવાલી વર્ષમાં કુલ ૬ ફલાય ઓવર્સ , અન્ડરપાસ અને કલ્વર્ટ બનાવવા માટેનું આયોજન કરવામાં આવેલ છે.તથા કામગીરી ચાલુ કરવામાં આવેલ છે.

શહેરના ઝડપી વિકાસને ધ્યાનમાં લઈ વધતા જતાં ટ્રાફીક તથા રાત્રી દરમ્યાન પણ અવરજવરથી ધમધમતાં રહેતાં રસ્તાઓ સહિત તમામ વોર્ડમાં સ્ટ્રીટલાઈટની સુવિધા વધુ સક્ષમ બનાવવા જાહેર માર્ગો ઉપર સોડિયમ ફીટીંગ્સ લગાડાયેલ છે. કુલ નવી સોડીયમ લાઈટોની સંખ્યા વધારીને ૩૮૯૪૯ જેટલી કરવામાં આવેલ છે.

અહેવાલી વર્ષમાં શહેરના જૂના અને નવા વિસ્તારોમાં એકંદરે કુલ ૧૦૮ નવા સ્વીચીંગ પોઈન્ટ્સ તથા સ્ટ્રીટલાઈટ સુધારવાના અનેક કામો કરવામાં આવ્યા. ચાલી અને ઝૂંપડપટ્ટીઓમાં પણ ૧૧ વોલ્ટ સી.એફ.એલ. ટ્યુબલાઈટની સંખ્યા ૧૭૫૪૫ થી વધારીને ૧૮૧૯૪ જેટલી કરવામાં આવી.ફલડ લાઇટ ૫૭૬ નવી ઉભી કરવામાં આવી. અહેવાલી વર્ષમાં ૩૪૫૬૮ હજાર કી.વો. વીજ વપરાશ થયેલ. જેનો કુલ ખર્ચ રૂા. ૧૩૧૯.૬૬ લાખ જેટલો થયેલ.

નાગરિકોના આરોગ્યરૂપી સુખનો આધાર એવી શહેરની સફાઈ કામગીરીમાં જાહેર રસ્તાઓ, પોળો, સોસાયટીના કચરાની નિયમિત સફાઈ અંગે તંત્રને હંમેશા સતર્ક રખાય છે. એકઠા થયેલા કચરા સહિત કચરાપેટીમાં ઠલવાતા અન્ય કચરાને જેસીબી મશીન, લોડર મશીન, ટીપર મશીન, ટ્રક વિગેરે વાહનો દ્વારા ઉપાડી નિયત જગ્યાએ ડમ્પીંગ સાઈટ પર ઠાલવી જંતુનાશક દવાઓ છાંટી ઉપર માટી પુરાણનો થર કરી નિકાલ કરાય છે. અહેવાલી વર્ષમાં કુલ ૮૧૮૦૨૯ મેટ્રીક ટન કચરાનો નિકાલ થયેલ. જેનો એસ્ટાબ્લીશમેન્ટ ખર્ચ સાથે કુલ રૂા. ૧૩૬૩૩.૭ લાખનો ખર્ચ થયેલ.

શહેરી નાગરિકોના આરોગ્યની જાળવણી તેમની રોગપ્રતિકારક શક્તિની જાળવણી જાહેર આરોગ્યની જાળવણી, ખાદ્ય પદાર્થો ને પ્રદૂષણમુક્ત રાખવા તેમજ રોગોના ઉપદ્રવોને ઉગતા જ ડામવા વિગેરે જેવી પ્રાથમિક અગત્યની મ્યુનિ. કોર્પોરેશનની જવાબદારી અંગે યોજનાબધ્ધ કાર્યક્રમો યોજવા, અન્ય આવશ્યક પગલાં લેવા હંમેશા જાગૃત રીતે કામગીરી હાથ ધરાય છે. આ માટે શહેરમાં ૧૪ ડીસ્પેન્સરી, ૫ પ્રસુતિગૃહો, ૧ દાંતના દવાખાના અને ૩ રેફરલ હોસ્પીટલોની સેવા ઉપલબ્ધ છે.શહેરમાં ચાલી અને ઝૂંપડપટ્ટી વિસ્તારની વસ્તીનું જીવનધોરણ ઉંચું લાવવા તેના રહીશો, ઔદ્યોગીક ગૃહો, પ્રાઈવેટ સેક્ટર, સ્વૈચ્છીક-સામાજિક સંસ્થાઓના સહયોગથી અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશને સ્લમ નેટવર્કીંગ પ્રોજેક્ટ અન્વયે ''પંડિત દિનદયાળ ઉપાધ્યાય અંત્યોદય યોજના'' હેઠળ વ્યવસ્થિત અમલ કરેલ છે.સ્લમ વિસ્તારના રહીશોના આરોગ્યની જાળવણી અને બાળકોને

રોગમુક્ત રાખવાના વિશેષ પ્રયાસો, વિવિધ કાર્યક્રમો અને મોબાઈલ ડિસ્પેન્સરી દ્વારા કરવામાં આવેલ છે. શહેરની ત્રણેય જનરલ હોસ્પિટલોમાં અત્યાધુનિક સાધનો વસાવી દાન વિગેરે મળવાથી નવી સુવિધાઓ મળવાથી જન સામાન્યને મહત્તમ તબીબી સેવા મળે તેનો પ્રયત્ન કરવામાં આવેલ છે.

મોટી ઉધરસ, ધનુર, ડીપ્થેરીયા, ઓરી તથા બાળલકવા જેવા બાળકોની માંદગી અને મૃત્યુ માટે કારણભૂત રોગો સામે રક્ષણ આપવા રસીકરણની વ્યવસ્થા વીનામૂલ્યે મળે તેવી સગવડ કરવામાં આવેલ છે. બાળકો તથા સગર્ભા માતાઓને રોગોથી રક્ષણ આપવાના પૂર્વ પ્રયાસરૂપે પોલિયો, ત્રિગુણી, બી.સી.જી., ટી.ટી., ઓરી અને દ્વિગુણી જેવી રસીઓ દરેક વિસ્તારના જન્મ નોંધણી કેન્દ્રો, રેફરલ હોસ્પીટલ, મ્યુનિ. મેટરનીટી હોમ, કામદાર રાજ્ય વીમા કેન્દ્રો વિગેરે મળીને કુલ ૫૫ કેન્દ્રો દ્વારા આપવામાં આવે છે.નવા ૭ અર્બન સેન્ટરો પણ શરૂ કરવામાં આવેલ છે. અને ૫૫ વોર્ડમાં અર્બન સેન્ટરો કાર્યરત થયેલા છે.બાળલકવા નાબુદીના વૈશ્વિક સ્તરે ચાલતા અભિયાનના ભાગરૂપે વર્ષ ૨૦૦૭-૦૮માં ૧૦૬.૪૬% સિધ્ધી હાંસલ કરેલ છે.

રાષ્ટ્રીય મેલેરીયા નાબૂદી યોજના હેઠળ જરૂરિયાત મુજબ દવાઓનો છંટકાવ કરવા ફોગીંગ મશીનો થી ધુમાડો કરવાની કામગીરી રાજ્ય સરકારશ્રી દ્વારા પૂરી પડાતી વિના મૂલ્યે દવાઓની સહાયથી કરવામાં આવે છે. મેલેરિયા રોગના દર્દી પારખવા લેવાયેલ લોહીના ૪૭૮૬૧૬ નમુના પૈકી ૩૧૨૫ જેટલા કેસોને મેલેરિયા દર્દી તરીકે જાહેર કરવામાં આવેલ.

સામાજિક તથા આર્થિક રીતે નબળા વર્ગના બાળકો તથા માતાઓને આરોગ્ય તથા શૈક્ષણિક સેવાઓ પૂરી પાડવા કેન્દ્ર સરકારશ્રીની સહાયથી ૫ યુનિટોમાં આંગણવાડીઓ ચલાવવામાં આવે છે.આઇ.સી.ડી.એસ.ઘટક-૧ થી ૫ ધ્વારા ૧૪૦૨ આંગણવાડીઓ મંજુર કરવામાં આવે છે.

આંકડાકિય પરિસ્થિતિ જોતાં ૨૦૦૭ ના વર્ષમાં મરણ દરનું પ્રમાણ દર હજારે ૬.૮૫ અને જન્મ દરનું પ્રમાણ હજારે ૧૯.૮૮ રહેલ છે.

ઝૂંપડપટ્ટી અને ચાલી વિસ્તારમાં રહેતા અને ગરીબી રેખા નીચે જીવતા નાગરિકોના સર્વાંગી વિકાસાર્થે, રાજ્ય સરકારશ્રીના સહયોગથી પ્લાન ઓફ એક્શન હેઠળ તેઓ સ્વપ્રયત્નોથી આત્મનિર્ભર બને તેવી સેવાકીય પ્રવૃત્તિઓ અર્બન કોમ્યુનિટી ડેવલપમેન્ટ પ્રોજેક્ટ હેઠળ કરવામાં આવે છે.જે પૈકી કેન્દ્ર સરકારની રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના હેઠળ શહેરી ગરીબ એવા લાભાર્થીઓને કુટુંબના મુખ્ય કમાનાર વ્યકિતના અવસાનથી પડેલ આંશિક ખોટને પુરવા માટે વધુમાં વધુ રૂ.૧૦,૦૦૦/-ની મર્યાદામાં ગ્રાંટની ચુકવણી કરવામાં આવે છે. અહેવાલી વર્ષ દરમ્યાન ૧૫૯૧ અરજીઓનો નિકાલ કરવામાં આવેલ જયારે અગાઉ મંજુર કરેલ લાભાર્થીઓ સહિત કુલ ૨૧૧૫ લાભાર્થીઓને ૨૦૯.૭૦ લાખની સહાય અહેવાલી વર્ષ દરમ્યાન ચુકવવામાં આવેલ સુવર્ણ જયંતી શહેરી રોજગાર યોજના હેઠળ વર્ષ દરમ્યાન બી.પી.એલ. કુટુંબના ૧૪૭૩ લાભર્થીઓને બેંકો મારફતે લોન સહાય મંજુર કરવામાં આવેલ જેમાં ૭૧.૧૨ લાખ સબસીડી ચુકવેલ હતી.

ફરજીયાત સેવાઓ પૈકીની એક સેવા ફાયરબ્રિગેડની છે. શહેરમાં બનતા આગના બનાવો ઉપરાંત કુદરતી આપત્તિઓ જેવી કે પુર અને અતિવૃષ્ટિમાં ત્વરીત અને અત્યંત જોખમી સેવા પણ ફાયરબ્રિગેડના કર્મચારીઓ સરળતાથી બજાવે છે. આધુનિક ટેકનોલોજીથી સજ્જ સાધનોવાળા વાહનોથી ૧૨ ફાયર સ્ટેશનો માટે ફાયરબ્રિગેડનું તંત્ર હંમેશા સજાગ કામગીરી કરે છે. ૨૦ એમ્બ્યુલન્સ ગાડીઓ, ૧૯ નાની શબવાહીની અને ૧

મોટી શબવાહીની બસ નાગરિક સેવામાં ઉપલબ્ધ છે. અહેવાલી વર્ષમાં મ્યુનિ. હદમાં રૂા. ૨૧૧૭.૦૭ લાખનું તથા મ્યુ. હદ બહાર રૂા.૩૧૦૯.૨૮ લાખનું આગ અને પાણીથી નુકશાન થયું હતું.

અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનની પ્રાથમિક શિક્ષણ સમિતી અને ૧૯૨૦ થી નગરના લાખો બાળકો કે

જેમાં આર્થિક અને શૈક્ષણિક રીતે પછાત એવા ઝૂંપડપટ્ટી અને ચાલીઓમાં રહેતા બાળકો સવિશેષ છે તેમને પ્રાથમિક શિક્ષણ પુરૂ પાડે છે. સમિતીના નિતીવિષયક નિર્ણયો શિક્ષણ સમિતિ લે છે. જેનો વહીવટ સ્કુલબોર્ડ શાસનાધિકારી કરે છે. અહેવાલ વર્ષમાં જુદા જુદા માધ્યમોની કુલ ૪૫૦ શાળાઓ મારફતે ૧૬૨૮૮૬ બાળકોને પ્રાથમિક શિક્ષણ આપવામાં આવેલ. શિક્ષક દીઠ સરેરાશ સંખ્યા ૩૭.૬૭ વિદ્યાર્થીની રહેલ છે. વર્ગદીઠ વિદ્યાર્થીની સરેરાશ ૪૧.૭૨ ની હતી. કુલ શિક્ષકોની સંખ્યા ૪૩૨૪ હતી.પ્રાથમિક શિક્ષણ વિભાગ માટે ગર્વ.તરફથી સને ૨૦૦૭-૦૮ માં રૂા.૧૧૭૬૪ લાખની ગ્રાંટ મળેલ છે. જેની સામે સને ૨૦૦૭-૦૮માં રૂા.૧૬૯૯૪ લાખનો ખર્ચ થયેલ છે. શિક્ષણ કાર્યક્ષમતા વધારવા માટે શિક્ષકોને પ્રશિક્ષિત કરવા તેમજ અભ્યાસક્રમ બદલાય ત્યારે શિક્ષકોને નવી તરાહથી માહિતગાર કરવા ''નૂતન તાલીમ વિભાગ'' હેઠળ શિબિરો યોજી શિક્ષકોને વધુ વ્યાવસાયિક દ્રષ્ટિકોણ સાથે સુસજ્જ કરવામાં આવે છે.

ઉચ્ચ શિક્ષણ સેવા એ અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનની મરજિયાત સેવાઓ પૈકીની એક સેવા છે. અદ્યતન તબીબી અભ્યાસમાં સ્નાતક, અનુસ્નાતક કક્ષાના તબીબી અભ્યાસ માટેની મ્યુનિ. મેડિકલ કોલેજનું સંચાલન કરે છે.જેમાં પ્રથમ ટર્મમાં વિદ્યાર્થીઓની સંખ્યા ૭૦૯ અને બીજી ટર્મમાં ૫૮૧ હતી સને ૨૦૦૭-૦૮ ની કુલ આવક રૂા.૬૭૧.૫૧ લાખની થયેલ છે જયારે ૦૭-૦૮ના વર્ષ દરમ્યાન રૂા.૧૩૩૬.૧૭ લાખનો ખર્ચ થયેલ છે.

માધ્યમિક શિક્ષણ માટે એક ગર્લ્સ હાઈસ્કૂલ સહીત પાંચ માધ્યમિક શાળાઓ દ્વારા મધ્યમવર્ગ અને ગરીબ વિદ્યાર્થીઓને લાભ અપાય છે. સંસ્કૃત ભાષાના જ્ઞાનવાંચ્છુઓ તથા સંસ્કૃત ભાષાના જ્ઞાન દ્વારા વેદ, કર્મકાંડ, જયોતિષશાસ્ત્ર, ગણિતશાસ્ત્ર, વેદાંત, અર્થશાસ્ત્ર, પુરાણ વિગેરે વિષયોના અભ્યાસ માટે સંસ્કૃત પાઠશાળાનું સંચાલન થાય છે. પુસ્તકાલય, વાંચનાલયો, બાલભવનો, વ્યાયામ શાળા જેવી સુવિધાઓ પણ પુરી પડાય છે.

વાંચન શોખીન અને જ્ઞાન પિપાસુઓના હાર્દમાં અગ્રેસર એવા ''માણેકલાલ જેઠાલાલ પુસ્તકાલય'' ઉપરાંત ૧૨ પુસ્તકાલય, ૧૨ વાંચનાલય અને ૫ બાલભવન કાર્યરત છે.ઉપરાંત ફરતું બાળ પુસ્તકાલય ના ૨૯ સેવા કેન્દ્ર ફરતું મહિલા પુસ્તકાલય ના ૩૨ સેવા કેન્દ્ર તથા ઓડીયો વિડીયો મોબાઇલ લાયબ્રેરીના ૧૫ સેવા કેન્દ્રો કાર્યરત છે.

શહેરના જુદા જુદા વિસ્તારમાં આવેલ કોમ્યુનિટી હોલ, ઓડિટોરિયમ, ટાઉનહોલ, પિકનિક હાઉસ વગેરે સામાજિક, ધાર્મિક કે અન્ય હેતુ માટે ભાડે આપી અહેવાલી વર્ષમાં રૂા. ૧૭૫.૯૮ લાખ આવક મેળવેલ છે. પ્રાથમિક શાળાના મકાન પણ આ રીતે ભાડે અપાય છે.

અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનના સેવાલક્ષી વહીવટમા ંસંલગ્ન સ્વાયત્ત સંસ્થા એ.એમ.ટી.એસ. છે જેનો વહીવટ ટ્રાન્સપોર્ટ કમિટી દ્વારા થાય છે. ૧૯૪૭માં ૧૧૨ બસોથી કુલ ૩૮ રૂટ ઉપર બસો મૂકી એ.એમ.ટી.એસ.ની શરૂઆત થયેલ. અ.મ્યુ.ટ્રાન્સપોર્ટ સર્વિસ ધ્વારા અહેવાલ વર્ષ દરમ્યાન કુલ્લે ૭૨૭ બસો રોડ ઉપર મુકવામાં આવેલ જેમાં ડીઝલ આધારિત બસોની સંખ્યા ૪૨૧ છે અને સી.એન.જી.ગેસ આધારિત બસો ૩૦૬ નો સમાવેશ થાય છે તે બસોનો નામ. સુપ્રિમ કોર્ટની ગાઇડલાઇન મુજબ પર્યાવરણ જાળવણી ના ભાગરૂપે

પ્રારંભ કરવામાં આવેલ. ઉત્તરોત્તર શહેરના વિકાસ સાથે વાહન સેવામાં પણ પ્રગતિ થયેલ છે. અહેવાલ વર્ષમાં સંસ્થાએ દરરોજ સરેરાશ ૮૪૩૭૭૩ મુસાફરોને સેવા આપેલ છે. વિદ્યાર્થીઓ માટે કન્સેશન દરે શાળા સુધી અવરજવર, શહેરના જોવાલાયક સ્થળો માટે લક્ઝરી ટુરિસ્ટ કોચ, શારીરિક અપંગો માટે અડધા દરે, સ્વાતંત્ર્ય સેનાની અને અંધ વ્યક્તિઓને વિનામૂલ્યે મુસાફરીની સગવડ આપવામાં આવે છે. સામાજિક કે ધાર્મિક પ્રસંગોએ સ્પેશ્યલ વર્ધીની સગવડ પણ આપવામાં આવે છે.

અહેવાલ વર્ષમાં એ.એમ.ટી.એસ.ની સેવાઓનો કુલ ખર્ચ રૂા. ૧૯૫૦૨.૯૧ લાખ થયો. જેની સામે આવક રૂા. ૧૦૯૮૦.૭૭ લાખ થઈ. જેથી કુલ ખોટ રૂા. ૮૫૨૨.૧૪ લાખની થઈ. આ સેવામાં સંસ્થાને સતત ખોટ થતી રહી છે. છતાં પણ શહેરીજનોની સુવિધાને ધ્યાનમાં રાખીને મ્યુનિ. કોર્પોરેશન તરફથી લોન સહાય પૂરી પાડીને પણ આ સેવા ચાલુ રખાયેલ છે.

સંનિષ્ઠ પ્રયાસો અને આયોજનબધ્ધ પગલા દ્વારા મહત્તમ આવક મેળવવા અને તે દ્વારા શ્રેષ્ઠ વિકાસ સાધવા તથા સેવા પૂરી પાડવાના ધ્યેયને લક્ષમાં રાખી થયેલ અસરકારક કામગીરીના પરિણામ સ્વરૂપ અહેવાલ વર્ષમાં રૂા. ૪૯૩૮૫.૯૩ લાખના કેપીટલ ખર્ચે વિકાસના કામો કરવામાં આવ્યા છે.

અમદાવાદ મ્યુનિ. કોર્પોરશનની આવક તથા સેવાઓ સુધારવા મ્યુનિ. અધિકારીઓ અને કર્મચારીઓએ કરેલ ખંતપૂર્વકની કામગીરી ખરેખર બિરદાવવાપાત્ર રહેલ છે. જે થકી શહેરના વિકાસ કાર્યોના ઝડપી પરિણામો મળેલ છે.

શહેરના નાગરિકો તથા ચુંટાયેલા પ્રતિનિધિઓ તથા હોદ્દેદારોના સુંદર સાથ સહકાર અને માર્ગદર્શન તેમજ ખામીઓ પ્રત્યેના અંગૂલીનિર્દેશ કોર્પોરેશનની કામગીરીની કાર્યક્ષમતા તથા ગુણવત્તા માટે નોંધપાત્ર રીતે મળતો રહેલ છે. શહેરના જાગૃત અને લોકાભિમુખ અખબારો દ્વારા કોર્પોરેશનની સિધ્ધિઓની પ્રસિધ્ધી તથા ઉણપો પ્રત્યે દોરાયેલ ધ્યાનના કારણે વહીવટી તંત્ર વધુ જાગૃત અને ઉત્સાહિત બનેલ છે. જેની ખાસ નોંધ લઈ સૌનો આ તબક્કે હૃદયપૂર્વક આભાર માની વિરમું છું.

**મ્યુનિસિપલ કમિશનર**

# પ્રકરણ ૧
# હદ વસતિ અને બંધારણ

ગુજરાત રાજ્યનું મોખરાનું ઔદ્યોગિક અને વાણિજ્ય કેન્દ્ર એવું અમદાવાદ શહેર સાબરમતી નદીના કિનારે૨૦ – ૧ ઉત્તર અક્ષાંસ અને ૭૨-૪૭ પૂર્વ રેખાંશ ઉપર આવેલું છે. ભારતના શહેરોમાં સાતમા ક્રમે આવતું આ શહેર રાષ્ટ્રીય ધોરી માર્ગ નંબર ૮ ઉપર આવેલ છે અને અન્ય શહેરો તેમજ નગરો સાથે રેલ્વે રસ્તા અને વિમાની સેવાઓથી સંકળાયેલ છે. તા. ૬-૬-૭૦ ના રોજ ગુજરાત રાજ્યનું પાટનગર ગાંધીનગર મુકામે ફેરવવામાં આવ્યું ત્યાં સુધી તે ગુજરાત રાજ્યનું પાટનગર હતું. અમદાવાદ શહેર ભારતના યુગપુરુષ અને રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી તથા ભારતના લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની કર્મભૂમિ છે. દેશને સ્વતંત્રતા મળી તે પૂર્વે અમદાવાદ મ્યુનિસિપાલીટીનું નોકરશાહી સ્વરૂપ બદલીને તેને રાષ્ટ્રીય સ્વરૂપ આપવામાં સરદાર વલ્લભભાઈ પટેલ, બળવંતરાય પ્રમોદરાય ઠાકોર, ગણેશ વાસુદેવ માવલંકર ( દાદા સાહેબ), હરીપ્રસાદ વ્રજરાય દેસાઈ તથા મણીલાલ ચતુરભાઈ જેવા મહાનુભાવોનો ગૌરવવંતો ફાળો છે.

અમદાવાદ સ્થાનિક સ્વરાજ્ય સંસ્થા - મ્યુનિસિપલ કોર્પોરેશન - બ્રીટીશ અમલની ભેટ છે. અંગ્રેજ શાસનમાં નગરસેવાનો ભાર પ્રજાજનો પોતે પોતાને શિરે ઉપાડી લે એવી જાતની સ્વયંભૂ પ્રેરણાથી રચાયેલી સુધરાઈનો પ્રથમ દાખલો આખા હિંદને અમદાવાદે પુરો પાડયો છે. જે અમદાવાદની વિશિષ્ટતાઓ પૈકીની એક ગૌરવભરી ઘટના કહી શકાય.

હદઃ- સને ૧૮૮૭ માં શહેરનો કુલ વિસ્તાર ૫.૭૨ ચો.કી.મી.હતો. ૧૮૭૨ થી ૧૯૫૧ સુધીમાં શહેરનો વિસ્તાર વધીને ૫૨.૪૭ ચો.કી.મી. થયેલો. ૧૯૫૧ થી ૧૯૬૧ ના વર્ષો દરમ્યાન આ વિસ્તાર વધીને ૯૨.૯૮ ચો.કી.મી. થયેલ. ૧૯૬૧ થી ૧૯૭૧ સુધીના સમયગાળામાં શહેરના વિસ્તારમાં કોઈ વધારો થયેલો નથી. ૧૯૭૧ થી ૧૯૮૧ ના સમયગાળામાં વધેલા વિસ્તારો સહિત શહેરનો કુલ વિસ્તાર ૯૮.૮૪ ચો.કી.મી. થવા પામ્યો હતો. છેલ્લે ૨૩ મી ફેબ્રુઆરી ૧૯૮૬ થી શહેરના પૂર્વ વિભાગોના ૯૨.૦૦ ચો.કી.મી. વિસ્તારો મ્યુનિસિપલ લીમીટમાં ભેળવવામાં આવતા શહેરનો વિસ્તાર ૧૯૦.૮૪ ચો.કી.મી. જેટલો થયેલ હતો.વર્ષ ૨૦૦૭ માં રાજય સરકાર નોટીફીકેશન બહાર પાડી નવા પશ્ચિમ ઝોન અને પુર્વ,દક્ષિણનો વિસ્તાર ઉમેરતા શહેરનો વિસ્તાર ૪૬૪.૧૬ ચો.કી.મી.થયેલ છે.

**વસતિઃ-** અમદાવાદ શહેરની વસતિ ૧૮૭૨ માં ૧૧૯૬૭૨ હતી. તે ૧૯૫૧ માં ૮૩૭૧૬૩ થઈ અને ત્યારબાદ ક્રમે ક્રમે વધતા ૨૦૦૧ ની વસતિ ગણતરી મુજબ ૩૫૨૦૦૮૫ થઈ છે. આમ, ૧૮૭૨ થી ૧૯૫૧ સુધીના ૮૦ વર્ષના ગાળામાં શહેરની વસતિ લગભગ ૭ ગણી થઈ અને ૧૯૫૧ થી ૨૦૦૧ સુધીના ૫૦ વર્ષના સમયગાળામાં શહેરની વસતિ વધીને લગભગ સવા ચાર ગણી જેટલી થવા પામી છે. વસતિની ગીચતા જે ૧૮૭૨ માં દર ચો.કી.મી. ૯૭૩૬.૪૬ ની હતી તે ૧૯૭૧ માં ઘટીને ૧૭૦૫૩ ની થઈ. તેમજ ૧૯૮૧ માં વળી પાછી વધીને ૨૦૯૮૫ થયેલ. પરંતુ ત્યારબાદ ૧૯૮૬ માં પૂર્વનો ઓછી વસતિવાળો ઔદ્યોગિક વિસ્તાર મ્યુ. લીમીટમાં સમાવવાને કારણે ૨૦૦૧ માં ઘટીને ૧૮૪૨૦ થઈ છે.

શહેરનું વિભાજન છ ઝોન અને ૫૫ વોર્ડમાં કરવામાં આવેલ છે. ૧૯૯૧ ની વસતિ ગણતરી મુજબ કુલ વસ્તી ૩૫૨૦૦૮૫ શહેરમાં રહેણાકના ઘરોની કુલ સંખ્યા ૫૫૨૧૬૪ છે. કુલ વસતિમાં પુરુષોની સંખ્યા ૨૩૯૭૭૨૮ અને સ્ત્રીઓની સંખ્યા ૨૧૨૧૫૫૦ છે. જે પૈકી ૧૪૭૭૩૮૦ પુરુષો અને ૧૧૦૫૩૫૧ સ્ત્રીઓ ભણેલા છે. એટલે કે અક્ષરજ્ઞાનની ટકાવારી પુરુષોમાં ૭૮.૩૪ અને સ્ત્રીઓમાં ૬૭.૭૨ ટકા છે. સરેરાશ અક્ષરજ્ઞાનની ટકાવારી ૮૨.૯૧ છે.

**બંધારણ :-** ધી બોમ્બે પ્રોવિન્શીયલ મ્યુ.કોર્પો.એક્ટ ૧૯૪૯ મુજબ શહેરનો વહીવટ ચાલે છે. આ કાયદાની કલમ ૪(૧) મુજબ મહાનગરપાલિકાનું બંધારણ નીચે મુજબ છે.

૧. મહાનગરપાલિકા

૨. સ્થાયી સમિતી

૩. મ્યુનિસિપલ કમિશનર

૪.પરિવહન સમિતિ
૫. પરિવહન વ્યવસ્થાપક

આ ઉપરાંત અધિનિયમની કલમ ૪(૨) મુજબ પ્રાથમિક કેળવણી અંગેની મહાનગરપાલિકા ઉપર નાંખવામાં આવેલ ફરજો સને ૧૯૪૭ ના મુંબઈ પ્રાથમિક કેળવણી અધિનીયમના ઠરાવ અનુસાર બજાવવી અને સદરહું અધિનિયમના હેતુઓ માટે શહેરમાંની સઘળી માન્ય શાળાઓના નિયંત્રણ અંગે શાસનાધિકારીશ્રી નિમવાનો અધિકાર મ્યુ.કોર્પોરેશનનો છે.

ધી બોમ્બે પ્રોવિન્શીયલ મ્યુ. કોર્પો. એક્ટ ૧૯૪૯ અને તેમાં થયેલ સુધારા વધારા મુજબ સમગ્ર કોર્પોરેશનનો વહીવટ કરવામાં આવે છે. મ્યુ. બોર્ડ નિતી વિષયક નિર્ણયો લે છે. જેનો અમલ મ્યુ. કમિશનર કરે છે. તેઓ મ્યુ. સેક્રેટરી અને મ્યુ. ચીફ ઓડિટર સિવાયની તમામ ઓફિસોનું સંચાલન કરે છે. એક્ટની જોગવાઈ મુજબ સ્ટેન્ડીંગ કમિટી, ટ્રાન્સપોર્ટ કમિટી અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતી એ કાયદાકીય ( સ્ટેટચ્યુટરી) સમિતીઓ છે. અન્ય સમિતીઓ પણ વહીવટના જુદા જુદા ખાતાઓના નિતીવિષયક નિર્ણયો લે છે. ટ્રાન્સપોર્ટ મેનેજર પરિવહન સેવાઓનું અને શાસનાધિકારી પ્રાથમિક શાળાઓનું સંચાલન કરે છે. વાડીલાલ સારાભાઈ હોસ્પિટલ અને શેઠ એમ.જે. લાયબ્રેરીનું સંચાલન ટ્રસ્ટડીડ મુજબ બોર્ડ ઓફ ડાયરેક્ટર મારફતે કરવામાં આવે છે.

# ૨.૧ સેક્રેટરી ઓફીસ

## ૦૭-૦૮

ધી બોમ્બે પ્રોવિન્શીયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ-૧૯૪૯ મુજબ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનો વહીવટ ચલાવવામાં આવે છે. કોર્પોરેશનનો વહીવટ બે ભાગમાં વહેંચાયેલ છે. (૧) ચુંટાયેલ સભ્યશ્રીઓનું બનેલ બોર્ડ અને (૨) મ્યુનિસિપલ કમિશનરશ્રી

મ્યુ.બોર્ડમાં ચૂંટાયેલા પ્રતિનિધિઓ દ્વારા નીતિવિષયક નિર્ણયો લેવામાં આવે છે. જેનો મ્યુનિસિપલ કમિશનરશ્રી અમલ કરે છે. ચીફ ઓડિટ ઓફિસ તથા સેક્રેટરી ઓફિસનું સંચાલન સ્ટે.કમિટી કરે છે. જ્યારે અ.મ્યુ.ટ્રા.સ.નું સંચાલન ટ્રાન્સપોર્ટ મેનેજર કરે છે. પ્રાથમિક શાળાઓનું સંચાલન એડમીનીસ્ટ્રેટીવ ઓફિસર- સ્કુલ બોર્ડ દ્વારા કરવામાં આવે છે. શેઠ વાડીલાલ સારાભાઈ હોસ્પિટલ અને શેઠ માણેકલાલ જેઠાભાઈ પુસ્તકાલયનું સંચાલન ટ્રસ્ટ ડીડ અન્વયે સ્વતંત્ર બોર્ડ દ્વારા કરવામાં આવે છે. તે સિવાયનાં કોર્પો.નાં તમામ ખાતાઓનું સંચાલન મ્યુનિ.કમિશનરશ્રી, મ્યુનિ.બોર્ડે લીધેલ નીતિ વિષયક નિર્ણયનાં આધારે કરે છે.

**૨.૧ સેક્રેટરી ઓફિસઃ-**

અહેવાલના વર્ષ દરમ્યાન તા.૧-૪-૨૦૦૭ થી તા.૩૧-૩-૨૦૦૮ સુધીના સમય માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ચુંટાયેલાં ૧૨૯ સભ્યશ્રીઓએ વહીવટ ચલાવ્યો હતો. તા.૧૩-૧૦-૨૦૦૫ ના રોજ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની સામાન્ય ચૂંટણીઓ થયા બાદ તા.૨૩-૧૦-૨૦૦૫ થી નવું બોર્ડ અસ્તિત્વમાં આવેલ હતું. જેમાં ૧૨૯ કાઉન્સીલરશ્રી શહેરનાં જુદા જુદા વોર્ડમાંથી ચુંટાઈને આવ્યા હતા. કુલ ૧૨૯ બેઠકોમાં બિન અનામત ૬૫ તથા અનામત ૬૪ બેઠકોનો સમાવેશ થાય છે.

અહેવાલના વર્ષ દરમ્યાન તા.૧-૪-૨૦૦૭ થી તા.૩૧-૩-૨૦૦૮ સુધીમાં અમદાવાદ મ્યુ.કોર્પોરેશનની મળેલ કુલ-૪૫ બેઠકોમાં કુલ ૧૩૮૪ કામોનો નિકાલ કરવામાં આવ્યો હતો.એટલેકે બેઠકદીઠ સરેરાશ ૩૦.૭૬ કામોનો નિકાલ થયો હતો.જયારે અગાઉની સાલ એટલે કે તા.૧-૪-૨૦૦૭ થી તા.૩૧-૩-૨૦૦૮ સુધીના સમય દરમ્યાન ૩૫ બેઠકોમાં કુલ ૧૨૩૪ કામોનો એટલે કે બેઠકદીઠ સરેરાશ ૩૫.૨૫ કામોનો નિકાલ થયો હતો.

અહેવાલી વર્ષ દરમ્યાન બંધારણીય કામકાજ દર્શાવતુ પત્રક ૨.૧.૧. તથા જુદી જુદી કમિટીઓના ચેરમેન તરીકે કાર્યભાર સંભાળનાર માન.સભ્યશ્રીઓની માહિતી દર્શાવતુ પત્રક ૨.૧.૨.માં સામેલ છે.

અહેવાલી વર્ષ દરમ્યાન મ્યુ.કોર્પોની મળેલ કુલ મીટીંગોમાં સભ્યશ્રી ઓની હાજરી દર્શાવતી માહિતી સામેલ પત્રક ૨.૧.૩.માં દર્શાવવામાં આવી છે જયારે મીટીંગ પ્રમાણે સભ્યશ્રીઓની હાજરીની વિગતવાર માહિતી પત્રક ૨ઃ૧ઃ૪ માં દર્શાવવામાં આવી છે.

અહેવાલી વર્ષ દરમ્યાન અ.મ્યુ.કોર્પાની એક પણ મીટીગ કોરમના અભાવે નિષ્ફળ નીવડી ન હતી.અહેવાલી વર્ષમાં સ્ટેન્ડીગ કમીટીની કુલ ૬૧ બેઠકોમાં ૧૭૨૯ કામોનો નિકાલ કરવામાં આવ્યો હતો એટલે કે બેઠકદીઠ સરરાશ ૨૮.૩૪ કામોનો નિકાલ થયો હતો જયારે ટ્રાન્સપોર્ટ કમીટીની કુલ ૨૬ બેઠકોમાં ૨૬૩ કામોનો નિકાલ કરવામાં આવ્યો હતો જે બેઠકદીઠ સરેરાશ ૧૦.૧૨ કામોનો નિકાલ થયો હતો. અન્ય સ્પેશીયલ કમીટીઓમાં નિકાલ થયેલ કામોની માહિતી સામેલ પત્રક ૨.૧.૫.માં દર્શાવેલ છે.જે મુજબ બેઠકદીઠ સરેરાશ સૌથી વધુ સરેરાશ નિકાલ ૨૪.૮૫ કામોના રોડઝ એન્ડ બીલ્ડીંગ કમિટી અને બેઠકદીઠ સરેરાશ સૌથી ઓછો ૧.૪૭ જેટલા કામોનો નિકાલ માધ્યમિક શાળા સંચાલન સમિતી કમીટીમાં થયો હતો. અહેવાલના વર્ષ દરમ્યાન મ્યુનિસિપલ સેક્રેટરી તરીકે શ્રી કિશોરભાઇ સી.રાઠોડ બી.એ.,એલએલ.બી.,એમ.એલ.ડબલ્યુ એ તા.૦૧/૦૪/૦૭ થી તા.૩૧/૩/૦૮ સુધી મ્યુ.સેક્રેટરી તરીકે કામ કર્યુ હતુ.

**નમુનો-૧**

**પત્રક ૨.૧.૧**

**સને ૨૦૦૭/૨૦૦૮ના વર્ષ દરમ્યાન બંધારણીય કામકાજ દર્શાવતું પત્રક**

| અ.નં. | વિગત | માહિતી |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧. | મહાનગરપાલિકાનું નામ :- | અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન |
| ૨. | જેના અન્વયે બંધારણ થયું હોય તે અધિનિયમ | ધી બોમ્બે પ્રોવિન્શીયલ મ્યુ.કોર્પો. એક્ટ ૧૯૪૯ |
| ૩. | નિયુક્ત બેઠકો સહિત બેઠકોની કુલ સંખ્યા | ૧૨૯ |
| ૪. | (ક) નિયુક્ત કરેલ સભ્યો<br>(ખ) મતદાર વિભાગ દ્વારા ચુંટાયેલ સભ્યો | -<br>૧૨૯ |
| ૫. | (ક) મહિલા અનામત<br><br>(૧) સામાન્ય ૩૩<br>(૨) અનુ.જાતિ ૬<br>(૩) પછાત જા તિ ૪<br>કુલ ૪૩<br>(ખ)<br>(૧) અનુસૂચિત જાતિ માટે અનામત બેઠકો<br>(કુલ ૧૭ પૈકી ૬ મહિલા અનામત)<br>(૨) અનુસુચિત જન જાતિ માટે અનામત બેઠકો<br>(કુલ ૧૩ પૈકી ૪ મહિલા માટે અનામત)<br>(૩) આદિ જાતિ માટે અનામત બેઠકો<br><br>કુલ અનામત બેઠકો | ૪૩<br><br><br><br><br><br><br>૧૧<br><br>૯<br><br>૧<br><br>૬૪ |
| ૬. | સામાન્ય બેઠકો | ૬૫ |
| ૭. | કુલ બેઠકો | ૧૨૯ |
| ૮. | આસન-૧૨ અને ૧૩ માં જણાવેલ બેઠકો સહિતની યોજાયેલી કુલ બેઠકોની સંખ્યા<br>(તાઃ૦૧/૦૪/૦૭ થી ૩૧/૦૩/૦૮) | ૪૫ |
| ૯. | આસન-૧૧ માં કુલ બેઠકોમાંથી કાર્યસાધક સંખ્યા (કોરમ)ના અભાવે નિષ્ફળ સાબિત થઇ હોય તેવી બેઠકોની સંખ્યા. | નથી |
| ૧૦. | આસન-૧૧ માંથી કુલ બેઠકોમાંથી મુલતવી રાખવામાં આવી હોય તેવી બેઠકોની સંખ્યા. | ૩૨ |
| ૧૧. | દરેક બેઠકમાં હાજર હોય તેવા સભ્યની સરેરાશ ટકાવારી | ૯૫.૧૧% |

(૧) માન. મેયરશ્રી — શ્રી અમિતભાઇ પી. શાહ
(તા.૦૧-૦૪-૨૦૦૭ થી તા.૩૧-૦૩-૨૦૦૮)

(૨) માન. ડે.મેયર શ્રી — શ્રી દિનેશભાઇ કે. મકવાણા
( તા.૦૧-૦૪-૨૦૦૭ થી તા.૩૧-૦૩-૨૦૦૮)

(૩) માન.ચેર પર્સનશ્રી સ્ટે.કમિટિ — શ્રીમતી મધુબેન સી.પટેલ
(તા.૦૧-૦૪-૨૦૦૭ થી તા.૩૧-૦૩-૨૦૦૮)

(૪) માન.ચેરમેનશ્રી ટ્રાન્સપોર્ટ કમિટિ — શ્રી અસીતભાઇ આર.વોરા
(તા.૦૧-૦૪-૨૦૦૭ થી તા.૩૧-૦૩-૨૦૦૮)

**પત્રક-૨.૧.૨**

**સ્પેશીયલ કમિટીઓ**

| | | |
|---|---|---|
| ૧. | ચેરમેન શ્રી વોટર સપ્લાય એન્ડ સુઅરેજ કમિટી | શ્રી.મનુભાઇ જ.કાથરોટીયા (તા.૧-૪-૦૭ થી તા.૩૧-૩-૦૮) |
| ૨. | ચેરમેન શ્રી રોડઝ એન્ડ બીલ્ડીગ કમિટી | શ્રી ગૌતમભાઇ એન.શાહ (તા.૧-૪-૦૭ થી ૩૧-૦૩-૦૮) |
| ૩. | ચેરમેન શ્રી હેલ્થ કમિટી | શ્રી.ભુષણકુમાર એ. ભટ્ટ (તા.૧-૪-૦૭ થી તા.૩૧-૩-૦૮) |
| ૪. | ચેરમેન શ્રી ટાઉન પ્લાનીગ કમિટી | શ્રી.પ્રવીણકુમાર બી.પટેલ (તા.૧-૪-૦૭ થી તા.૩૧-૩-૦૮) |
| ૫ | ચેરમેન શ્રી હાઉસીગ એન્ડ ઈમ્પ્રુવમેન્ટ કમિટી | શ્રી. નરેશભાઇ એસ.વ્યાસ(તા.૧-૪-૦૭ થી તા.૩૧-૩-૦૮) |
| ૬. | ચેરમેન શ્રી સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ કમિટી | શ્રી. વલ્લભભાઇ કે. પટેલ (તા.૧-૪-૦૭ થી તા.૩૧-૩-૦૮) |
| ૭. | ચેરમેન શ્રી રીક્રીએશન એન્ડ કલ્ચરલ કમિટી | શ્રી. કલ્પનાબેન એન.રાવલ (તા.૧-૪-૦૭ થી તા.૩૧-૩-૦૮) |
| ૮. | ચેરમેન શ્રી હોસ્પિટલ કમિટી | શ્રી.નાગેશભાઇ એસ.દેવપલ્લી (તા.૧-૪-૦૭ |

| | | |
|---|---|---|
| | | થી તા.૩૧-૩-૦૮) |
| ૯. | ચેરમેન શ્રી લીગલ કમિટી | શ્રી. દીપકભાઇ એન.ભટ્ટ (તા.૧-૪-૦૭ થી તા.૩૧-૩-૦૮) |
| ૧૦. | ચેરમેન શ્રી એસ્ટેટ મેનેજમેન્ટ કમિટી | શ્રી. હસમુખભાઇ એસ.પટેલ (તા.૧-૪-૦૭ થી તા.૩૧-૩-૦૮) |
| ૧૧. | ચેરમેન શ્રી ઓક્ટ્રોય કમિટી | શ્રી. દક્ષેશભાઇ કે મહેતા(તા.૧-૪-૦૭ થી તા.૩૧-૩-૦૮) |
| ૧૨. | ચેરમેન શ્રી ટેક્ષ કમિટી | શ્રી.દેવેન્દ્રપ્રસાદ એસ.ભટટ (તા.૧-૪-૦૭ થી તા.૩૧-૩-૦૮) |
| ૧૩. | ચેરમેન શ્રી માધ્યમિક શાળા સંચાલન સમિતી | શ્રી.કલ્પનાબેન પી.ભટ્ટ (તા.૧-૪-૦૭ થી તા.૩૧-૩-૦૮) |
| ૧૪. | ચેરમેન શ્રી સ્ટાફ સિલેક્શન એન્ડ એપોઈમેન્ટ કમિટી | શ્રી.અમિતભાઇ શાહ (તા.૧-૪-૦૭ થી તા.૩૧-૩-૦૮) |

અહેવાલનાવર્ષ દરમ્યાન તા.૧-૪-૨૦૦૭ થી તા.૩૧-૩-૨૦૦૮ સુધીના સમયમાં અમદાવાદ મ્યુ.કોર્પોરેશનની મળેલ કુલ-૪૫ મીટીગોમાં સભ્યશ્રીએ આપેલ હાજરીની વિગત તથા તારીખવાઇઝ સભ્યશ્રીઓની સરરાશ હાજરીની માહિતી આ સાથે સામેલ અનુક્રમે પત્રક ૨.૧.૩ માં દર્શાવવામાં આવેલ છે.

**પત્રક ૨.૧.૩**

## તા.૦૧/૦૪/૨૦૦૭ થી ૩૧/૩/૨૦૦૮ સુધીમાં મળેલ મ્યુ. બોર્ડની મિટીંગમાં મ્યુ. કાઉન્સીલરશ્રીઓની હાજરી દર્શાવતું પત્રક

| અનુ. નં | સભ્યશ્રીનું નામ | કુલ મીટીંગોની સંખ્યા | કુલ હાજરીની સંખ્યા | રીમાકર્સ |
|---|---|---|---|---|
| ૧. | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧. | શ્રી બિરાજબેન જયેશભાઇ સુરત | ૪૫ | ૩૭ | |
| ૨. | શ્રી મયુરભાઈ નટવરલાલ દવે | ૪૫ | ૪૧ | |
| ૩. | શ્રી ભૂષણકુમાર અશોકકુમાર ભટ્ટ | ૪૫ | ૪૨ | |
| ૪. | શ્રી ભાવનાબેન હરીશભાઇ નાયક | ૪૫ | ૪૫ | |
| ૫. | શ્રી કૃષ્ણવદન સોમનાથભાઈ બ્રહમભટ્ટ | ૪૫ | ૪૫ | |
| ૬. | શ્રી સુરેન્દ્ર કાંતિલાલ બક્ષી | ૪૫ | ૪૧ | |
| ૭. | શ્રી નાઝમીન મોહંમદશફી બાસ્તાવાલા | ૪૫ | ૩૮ | |
| ૮. | શ્રી વિનોદચંદ્ર ભેરુભાઈ મોદી | ૪૫ | ૪૫ | |
| ૯. | શ્રી હસનખાન સમશેરખાન પઠાણ | ૪૫ | ૪૫ | |
| ૧૦. | શ્રી ફાલગુનીબેન શ્રેયાંસભાઇ શાહ | ૪૫ | ૪૫ | |
| ૧૧. | શ્રી વિનોદભાઇ કચરાભાઇ પટેલ | ૪૫ | ૩૭ | |
| ૧૨. | શ્રી રૂકનોદ્દીન મોહંમધુસેન મોમીન | ૪૫ | ૪૫ | |
| ૧૩. | શ્રી અનિશાબેગમ યુસુફઅલી મિરઝા | ૪૫ | ૩૮ | ★ |
| ૧૪. | શ્રી લીયાકતઅલી ડોસુમીયા ઘોરી | ૪૫ | ૪૫ | |
| ૧૫. | શ્રી મહંમદરફીક ગુલામમુસ્તુફા શેખ | ૪૫ | ૪૫ | |
| ૧૬. | શ્રી રાબીયાબેન સમશુભાઇ છીપા | ૪૫ | ૪૫ | |
| ૧૭. | શ્રી ઈમરાન યુસસુફભાઇ ખેડાવાલા | ૪૫ | ૪૫ | |
| ૧૮. | શ્રી મોહંમદયુસુફ મોહંમદઇકબાલ સૈયદ | ૪૫ | ૪૨ | |
| ૧૯. | શ્રી  બીજલબેન રૂપેશભાઇ પટેલ | ૪૫ | ૪૫ | |
| ૨૦. | શ્રી દિપકભાઇ નવનીતલાલ ભટ્ટ | ૪૫ | ૪૫ | |
| ૨૧. | શ્રી રાકેશ જશવંતલાલ શાહ | ૪૫ | ૪૨ | |
| ૨૨. | શ્રી કલ્પનાબેન નવિનચંદ્ રાવલ | ૪૫ | ૪૫ | |
| ૨૩. | શ્રી અમીત પોપટલાલ શાહ | ૪૫ | ૪૫ | |
| ૨૪. | શ્રી ધીરૂભાઇ હરીભાઇ પાલેજા | ૪૫ | ૪૫ | |
| ૨૫. | શ્રી શર્મિષ્ઠાબેન  ઇશ્વરલાલ પટેલ | ૪૫ | ૪૫ | |
| ૨૬. | શ્રી મોહનભાઇ વાલજીભાઇ રાઠોડ | ૪૫ | ૪૫ | |
| ૨૭. | શ્રી ભરતભાઇ રતિલાલ પટવા | ૪૫ | ૪૫ | |
| ૨૮. | શ્રી માલીનીબેન ભરતગીરી અતીત | ૪૫ | ૪૧ | |
| ૨૯. | ડો. અનીલભાઇ મીઠાભાઇ પટેલ | ૪૫ | ૩૭ | |
| ૩૦. | શ્રી પ્રફુલભાઇ મહેશભાઇ રાવલ | ૪૫ | ૪૨ | |
| ૩૧. | શ્રી ગીતાબેન યોગેશભાઇ પટેલ | ૪૫ | ૩૯ | |

| | | | | |
|---|---|---|---|---|
| ૩૨. | ડો.કમલેશભાઇ બાબુભાઇ પટેલ. | ૪૫ | ૪૧ | |
| ૩૩. | શ્રી જતીનભાઇ રસીકભાઇ શાહ | ૪૫ | ૪૨ | |
| ૩૪. | શ્રી ઉર્વાબેન રાજેન્દ્ભાઇ અધ્વર્યુ | ૪૫ | ૪૩ | |
| ૩૫. | શ્રી ગૌતમભાઇ નવલચંદ શાહ | ૪૫ | ૪૧ | |
| ૩૬. | શ્રી નીતીન વાડીભાઇ પટેલ | ૪૫ | ૪૨ | |
| ૩૭. | શ્રી મીનાબેન સુખદેવ પંડયા | ૪૫ | ૪૫ | |
| ૩૮. | શ્રી હેમાક્ષુભાઇ નટવરલાલ પટેલ | ૪૫ | ૩૭ | |
| ૩૯. | શ્રી  રમેશભાઇ દલાભાઇ દેસાઇ | ૪૫ | ૪૫ | |
| ૪૦. | શ્રી હંસાબેન પ્રવિણભાઇ પટેલ | ૪૫ | ૪૫ | |
| ૪૧. | શ્રી સવજીભાઇ કુબેરભાઇ પરમાર | ૪૫ | ૪૫ | |
| ૪૨. | શ્રી નારણભાઇ જીવાભાઇ પટેલ | ૪૫ | ૪૫ | |
| ૪૩. | શ્રી ચંચળબેન શામળભાઇ પરમાર | ૪૫ | ૪૫ | |
| ૪૪. | શ્રી ઉદેસીગ દલપુજી સોલંકી | ૪૫ | ૩૮ | |
| ૪૫. | શ્રી સુરેન્દ્ કાનમલ જીરાવાલા | ૪૫ | ૪૫ | |
| ૪૬. | શ્રી દર્શનાબેન મુકેશકુમાર વાઘેલા | ૪૫ | ૪૨ | |
| ૪૭. | શ્રી મદનસિંહ નારાયણસિંહ લોધા | ૪૫ | ૩૪ | |
| ૪૮. | શ્રી પુરષોતમદાસ ઈશ્વરલા વાઘેલા | ૪૫ | ૪૫ | |
| ૪૯. | શ્રી સુનીતાબેન પ્રતાપભાઇ આગજા | ૪૫ | ૪૫ | |
| ૫૦. | શ્રી કાનાજી શંકરજી ઠાકોર | ૪૫ | ૪૫ | |
| ૫૧. | શ્રી પ્રવીણકુમાર ભગવાનદાસ પટેલ | ૪૫ | ૪૫ | |
| ૫૨. | શ્રી કેસરબેન જગદીશભાઇ પરમાર | ૪૫ | ૪૫ | |
| ૫૩. | શ્રી જીતેન્દ્ભાઇ કનૈયાલાલ રાણા | ૪૫ | ૪૧ | |
| ૫૪. | શ્રી નીતીનકુમાર કચરાભાઇ શાહ | ૪૫ | ૪૪ | |
| ૫૫. | શ્રી મીનાક્ષીબેન અમરીશભાઇ પટેલ | ૪૫ | ૪૫ | |
| ૫૬. | શ્રી રમેશભાઇ ભવનભાઇ પટ્ણી | ૪૫ | ૪૪ | |
| ૫૭. | શ્રી બિપીનભાઇ અંબાલાલ પટેલ | ૪૫ | ૪૫ | |
| ૫૮. | શ્રી મેનાબેન ભીખુભાઇ પટ્ણી | ૪૫ | ૪૫ | |
| ૫૯. | શ્રી વસંતભાઇ કરસનભાઇ પરમાર | ૪૫ | ૪૫ | |
| ૬૦. | શ્રી ગોરધનભાઇ બેચરભાઇ પટેલ | ૪૫ | ૩૭ | |
| ૬૧. | શ્રી શાંતાબેન શાંતિલાલ પંચાલ | ૪૫ | ૪૫ | |
| ૬૨. | શ્રી ચન્દ્રકાન્ત ખુશાલભાઇ બોરીસા. | ૪૫ | ૪૫ | |
| ૬૩. | શ્રી ભાસ્કરભાઇ મણીલાલ ભટ્ | ૪૫ | ૪૨ | |
| ૬૪. | શ્રી કિરણબેન ભાવીકકુમાર પટેલ | ૪૫ | ૪૨ | |
| ૬૫. | શ્રી હરીશભાઇ રામજીભાઇ વાઘેલા | ૪૫ | ૪૫ | |
| ૬૬. | શ્રી જયસુખભાઇ મનુભાઇ સાવલીયા | ૪૫ | ૪૫ | |
| ૬૭. | શ્રી તારાબેન સોમાભાઇ પટેલ | ૪૫ | ૪૫ | |

| | | | | |
|---|---|---|---|---|
| ૬૮. | શ્રી મહાદેવભાઇ વશરામભાઇ દેસાઇ | ૪૫ | ૩૮ | |
| ૬૯. | શ્રી બલરામ ખુબચંદ થાવાણી | ૪૫ | ૩૭ | |
| ૭૦. | શ્રી આશાબેન મુળચંદ ટેકવાણી | ૪૫ | ૪૫ | |
| ૭૧. | શ્રી અશોક પરમાનંદ હાસાણી | ૪૫ | ૪૫ | |
| ૭૨. | શ્રી બિપિન રામરૂપ સિક્કા | ૪૫ | ૪૫ | |
| ૭૩. | શ્રી ક્રિશ્નાબેન પ્રફુલભાઇ ઠાકર | ૪૫ | ૪૨ | |
| ૭૪. | શ્રી દિનેશભાઇ કોદરભાઇ મકવાણા | ૪૫ | ૪૦ | |
| ૭૫. | શ્રી દિપકભાઇ નારણભાઇ મકવાણા | ૪૫ | ૩૮ | |
| ૭૬. | શ્રી અરુણાબેન સતીષભાઇ શાહ | ૪૫ | ૪૫ | |
| ૭૭. | શ્રી મનુભાઇ જયરામભાઇ કાથરોટીયા | ૪૫ | ૪૫ | |
| ૭૮. | શ્રી દેવચંદ રણછોડભાઇ પટેલ | ૪૫ | ૪૨ | |
| ૭૯. | શ્રી ડો.કલ્પના પ્રકાશચંદ્ ભટ્ટ | ૪૫ | ૪૨ | |
| ૮૦. | શ્રી વલ્લભભાઇ કુબેરભાઇ પટેલ | ૪૫ | ૪૫ | |
| ૮૧. | શ્રી ભરતભાઇ રતીલાલ પટેલ | ૪૫ | ૪૫ | |
| ૮૨. | શ્રી જાનકીબેન રવિન્દ્રસિંહ ચૌહાણ | ૪૫ | ૪૫ | |
| ૮૩. | શ્રી નાગેશભાઇ શંભૈય્યા નાગૈય્યા દેવપલ્લી | ૪૫ | ૪૫ | |
| ૮૪. | શ્રી બાબુભાઇ દેવરાજભાઇ ઝડફીયા | ૪૫ | ૪૫ | |
| ૮૫. | કુમારી રત્નાબેન ડાહયાભાઇ વોરા | ૪૫ | ૪૫ | |
| ૮૬. | શ્રી મહેન્દ્રભાઇ બાબુભાઇ વાઘેલા | ૪૫ | ૪૨ | |
| ૮૭. | શ્રી તૌફીકખાન બાસીતખાન પઠાણ | ૪૫ | ૪૪ | |
| ૮૮. | શ્રી ભાનુબેન બચુભાઇ મકવાણા | ૪૫ | ૪૫ | |
| ૮૯. | શ્રી ડાહયાભાઇ વીરાભાઇ પરમાર | ૪૫ | ૪૫ | |
| ૯૦. | શ્રી મહંમદઇકબાલ કાસમભાઇ શેખ | ૪૫ | ૪૨ | |
| ૯૧. | શ્રી સમુબેન અંબાલાલ નાડીયા | ૪૫ | ૪૨ | |
| ૯૨. | શ્રી મુસ્તાકઅહેમદ સિકંદરખા પઠાણ | ૪૫ | ૩૯ | |
| ૯૩. | શ્રી હિંમતસિંહ પ્રહલાદસિંહ પટેલ | ૪૫ | ૪૫ | |
| ૯૪. | શ્રી સવિતાબેન હર્ષદભાઇ શ્રીમાળી | ૪૫ | ૪૫ | |
| ૯૫. | શ્રી રમેશભાઇ રત્નાભાઇ  દેસાઇ | ૪૫ | ૪૫ | |
| ૯૬. | શ્રી જયેશભાઇ કાન્તીલાલ પટેલ | ૪૫ | ૪૧ | |
| ૯૭. | શ્રી આશાબેન જગદીશભાઇ મિસ્ત્રી | ૪૫ | ૪૫ | |
| ૯૮. | શ્રી ગણપતભાઇ મોતીભાઇ પરમાર | ૪૫ | ૪૫ | |
| ૯૯. | શ્રી અરવિંદભાઇ વિશ્વનાથ ચૌહાણ | ૪૫ | ૪૧ | |
| ૧૦૦. | શ્રી મધુબેન ચંદુભાઇ પટેલ | ૪૫ | ૪૫ | |
| ૧૦૧. | શ્રી ધનજીભાઇ શામજીભાઇ પટેલ | ૪૫ | ૪૫ | |
| ૧૦૨. | શ્રી વનરાજસિંહ ઝીલુભા ઝાલા | ૪૫ | ૪૫ | |
| ૧૦૩. | શ્રી ટીનાબેન ભરતભાઇ પટેલ | ૪૫ | ૪૫ | |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૦૪. | શ્રી હર્ષદભાઇ પુરુષોત્તમભાઇ ભટ્ટ | ૪૫ | ૩૧ | |
| ૧૦૫. | શ્રી વાસુદેવભાઇ વિરજીભાઇ  પટેલ | ૪૫ | ૪૫ | |
| ૧૦૬. | શ્રી સ્મિતાબેન પરાગભાઇ નાઇક | ૪૫ | ૩૫ | |
| ૧૦૭. | શ્રી નયનકુમાર જયદેવભાઇ બ્રહમભટ | ૪૫ | ૪૫ | |
| ૧૦૮. | શ્રી મહેન્દ્રભાઇ પરષોતતમદાસ પટેલ | ૪૫ | ૪૫ | |
| ૧૦૯. | શ્રી ઉષાબેન હસમુખભાઇ શાહ | ૪૫ | ૪૪ | |
| ૧૧૦. | શ્રી અસીતભાઇ રવિન્દ્રપ્રસાદ વોરા | ૪૫ | ૪૧ | |
| ૧૧૧. | શ્રી રમેશભાઇ નરેન્દ્રભાઇ પટેલ | ૪૫ | ૪૫ | |
| ૧૧૨. | શ્રી નિશાબેન કલ્પેશકુમાર ઝા | ૪૫ | ૪૫ | |
| ૧૧૩. | શ્રી બળવંતભાઇ મોહનભાઇ પરમાર | ૪૫ | ૪૫ | |
| ૧૧૪. | શ્રી ધર્મેન્દ્ર ચંપકલાલ શાહ | ૪૫ | ૪૫ | |
| ૧૧૫. | શ્રી કમળાબેન કાંતિભાઇ ચાવડા | ૪૫ | ૪૨ | |
| ૧૧૬. | શ્રી કાંતાબેન હરીશકુમાર પરમાર | ૪૫ | ૪૫ | |
| ૧૧૭. | શ્રી શકીલઅહેમદ ગનીભાઇ શેખ | ૪૫ | ૩૭ | |
| ૧૧૮. | શ્રી પુષ્પાબેન દિનેશભાઇ મિસ્ત્રી | ૪૫ | ૪૨ | |
| ૧૧૯. | શ્રી નરેશભાઇ શંકરલાલ વ્યાસ | ૪૫ | ૨૭ | |
| ૧૨૦. | શ્રી જીગરભાઇ અશોકભાઇ પંડયા | ૪૫ | ૪૨ | |
| ૧૨૧. | શ્રી નૈરૂતી અશ્વિનભાઇ ચૌધરી | ૪૫ | ૪૫ | |
| ૧૨૨. | શ્રી હસમુખભાઇ સોમાભાઇ પટેલ | ૪૫ | ૪૧ | |
| ૧૨૩. | શ્રી અશોકભાઇ રણછોડદાસ પટેલ | ૪૫ | ૪૧ | |
| ૧૨૪. | શ્રી આશાબેન યોગેશભાઇ પટેલ | ૪૫ | ૪૨ | |
| ૧૨૫. | શ્રી અતુલકુમાર રાવજીભાઇ પટેલ | ૪૫ | ૪૧ | |
| ૧૨૬. | શ્રી દેવેન્દ્રપ્રસાદ શિવપ્રસાદ ભટ્ટ | ૪૫ | ૪૫ | |
| ૧૨૭. | શ્રી રમાબેન કીર્તિકુમાર જોષી | ૪૫ | ૪૨ | |
| ૧૨૮. | શ્રી નરેશકુમાર નારણભાઇ રબારી | ૪૫ | ૩૬ | |
| ૧૨૯. | શ્રી દક્ષેશભાઇ કનુપ્રસાદ મહેતા | ૪૫ | ૪૫ | |

૪

**★નિશાનીવાળા સભ્યશ્રી કુલ મીટીંગોની એકંદર સંખ્યાના ૨/૩ (બે તૃતીયાંશ) કરતા ઓછી મીટીંગોમાં હાજર હતા. તા.૦૧-૦૪-૦૭ થી તા.૩૧-૦૩-૦૮ સુધીમાં અમદાવાદ મ્યુ.કોર્પો.ની એકપણ મીટીંગ કોરમના અભાવે નિષ્ફળ નીવડી ન હતી.**

## પત્રક ૨.૧.૪

**તા.૧.૪.૨૦૦૭ થી તા. ૩૧.૩.૨૦૦૮ સુધી માસવાર મળેલ મ્યુ.બોર્ડની મીટીંગોમાં કાઉન્સીલરશ્રીઓની સરેરાશ હાજરી દર્શાવતુ પત્રક**

| અ.નં. | તારીખ | મીટીંગ સંખ્યા | કુલ સભ્ય સંખ્યા | ખાલી જગા | હાજર સભ્ય સંખ્યા | હાજરીની ટકાવારી | રિમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧. | ૨૭/૦૪/૦૭ | ૩ | ૧૨૯ | - | ૧૨૦ | ૯૩.૦૨ | - |
| ૨. | ૦૯/૦૫/૦૭ | ૩ | ૧૨૯ | - | ૧૧૭ | ૯૦.૭૦ | - |
| ૩. | ૨૬/૦૬/૦૭ | ૩ | ૧૨૯ | - | ૧૨૬ | ૯૭.૬૭ | - |
| ૪. | ૨૮/૦૭/૦૭ | ૧ | ૧૨૯ | - | ૧૧૮ | ૯૧.૪૭ | - |
| ૫. | ૩૦/૦૭/૦૭ | ૩ | ૧૨૯ | - | ૧૨૨ | ૯૪.૫૭ | - |
| ૬. | ૧૦/૦૮/૦૭ | ૩ | ૧૨૯ | - | ૧૨૪ | ૯૬.૧૨ | - |
| ૭. | ૨૫/૦૯/૦૭ | ૪ | ૧૨૯ | - | ૧૨૫ | ૯૬.૯૦ | - |
| ૮. | ૧૧/૧૦/૦૭ | ૪ | ૧૨૯ | - | ૧૨૮ | ૯૯.૨૨ | - |
| ૯. | ૨૭/૧૧/૦૭ | ૪ | ૧૨૯ | - | ૧૧૪ | ૮૮.૩૭ | - |
| ૧૦. | ૨૮/૧૨/૦૭ | ૩ | ૧૨૯ | - | ૧૨૨ | ૯૪.૫૭ | - |
| ૧૧. | ૨૫/૦૧/૦૮ | ૪ | ૧૨૯ | - | ૧૨૩ | ૯૫.૩૫ | - |
| ૧૨. | ૧૬/૦૨/૦૮ | ૧ | ૧૨૯ | - | ૧૨૮ | ૯૯.૨૨ | - |
| ૧૩. | ૧૭/૦૨/૦૮ | ૧ | ૧૨૯ | - | ૧૨૬ | ૯૭.૬૭ | - |
| ૧૪. | ૨૬/૦૨/૦૮ | ૪ | ૧૨૯ | - | ૧૨૫ | ૯૬.૯૦ | - |
| ૧૫. | ૨૮/૦૩/૦૮ | ૪ | ૧૨૯ | - | ૧૨૩ | ૯૫.૩૫ | - |

## પત્રક ૨.૧.૫ (અ)

અહેવાલના વર્ષ દરમ્યાન એટલે કે તા.૧-૪-૨૦૦૭ થી તા.૩૧-૩-૨૦૦૮ સુધીમાં સ્ટેચ્યુટરી તથા સ્પેશીયલ કમિટીઓ એ કરેલ કામગીરી નીચેના પત્રકમાં દર્શાવવામાં આવી છે.

**સ્ટેચ્યુટરી કમિટીઓ**

| અ.નં | કમિટીનું નામ | બેઠકનીસંખ્યા | નિકાલ કરેલકામોની સંખ્યા |
|---|---|---|---|
| ૧. | સ્ટેન્ડીગ કમિટી | ૬૧ | ૧૭૨૯ |
| ૨. | ટ્રાન્સપોર્ટ કમિટી | ૨૬ | ૨૬૩ |

**પત્રક ૨.૧.૫ (બ)**
**સ્પેશીયલ કમિટીઓ**

| અનુ.નં | કમિટીનું નામ | બેઠકોની સંખ્યા | નિકાલ કરેલ કામની સંખ્યા | બેઠકદીઠ સરેરાશ નિકાલ થયેલ કામની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | વોટર સપ્લાય એન્ડ સુઅરેજ કમિટી | ૨૩ | ૪૩૩ | ૧૮.૮૨ |
| ૨ | રોડઝ એન્ડ બીલ્ડીગ કમિટી | ૨૭ | ૬૭૧ | ૨૪.૮૫ |
| ૩ | હેલ્થ કમિટી | ૨૨ | ૧૦૮ | ૪.૯૦ |
| ૪ | ટાઉન પ્લાનીગ કમિટી | ૨૧ | ૩૫ | ૧.૬૬ |
| ૫ | હાઉસીગ એન્ડ ઈમ્પ્રુવમેન્ટ કમિટી | ૯ | ૧૮ | ૨ |
| ૬ | સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ કમિટી | ૨૨ | ૯૩ | ૪.૨૨ |
| ૭ | રીક્રીએશન એન્ડ કલ્ચરલ કમિટી | ૩૦ | ૧૩૭ | ૪.૫૬ |
| ૮ | હોસ્પિટલ કમિટી | ૨૯ | ૧૯૫ | ૬.૭૨ |
| ૯ | લીગલ કમિટી | ૨૧ | ૫૯ | ૨.૮૦ |
| ૧૦ | એસ્ટેટ મેનેજમેન્ટ કમિટી | ૧૩ | ૨૦ | ૧.૫૩ |
| ૧૧ | ઓક્ટ્રોય કમિટી | ૨૨ | ૫૨ | ૨.૩૬ |
| ૧૨ | ટેક્ષ કમિટી | ૨૧ | ૫૫ | ૨.૬૧ |
| ૧૩ | માધ્યમિક શાળા સંચાલન સમિતી | ૧૯ | ૨૮ | ૧.૪૭ |
| ૧૪ | સ્ટાફ સિલેક્શન એન્ડ એપોઈન્મેન્ટ કમીટી | ૬ | ૪૩ | ૭.૧૬ |

# ૨.૨ સેન્ટ્રલ ઓફિસ

## ૦૭-૦૮

બી.પી.એમ.સી.એક્ટ ૧૯૪૯ની કલમ-૯૪ મુજબ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની તમામ વહીવટી જવાબદારી મ્યુનિ.કમિશનરશ્રીની છે. તેમના અધિકારીશ્રીઓ અને કર્મચારીઓની નિમણૂંક, બઢતી, બદલી, સીનીયોરીટી જેવા કામોનો નિર્ણય કમિશ્નરશ્રી કરે છે.અને તેમના અમલીકરણની કામગીરી સેન્ટ્રલ ઓફિસ મારફતે કરવામાં આવે છે.આ ઓફીસ મ્યુનિ.કમિશ્નરશ્રી અને ડે.મ્યુનિ.કમિશ્નરશ્રી(વહીવટ)ની સીધી દેખરેખ નીચે કામ કરે છે.

(૧)શિરસ્તેદાર વિભાગ

(૨) હેડ ક્લાર્ક વિભાગ

(૩)સંકલન વિભાગ

**(૧) શિરસ્તેદાર વિભાગ :-**

મ્યુનિ.કોર્પોરેશનના તમામ ખાતાઓમાં કામ કરતા અધિકારીઓ તથા કર્મચારીઓની નિમણૂંક, ફેરબદલી, બઢતી, કર્મચારીઓનાં સીનીયોરીટી લીસ્ટ બનાવવા, કર્મચારીઓને કાયમ કરવા, ખાતાકીય પરીક્ષા લેવી, ઈનસર્વિસ ટ્રેનીંગ વિગેરે કામગીરી કરે છે. હાઈકોર્ટ, દિવાનીકોર્ટ, લેબરકોર્ટમાં એસ્ટાબ્લીશમેન્ટ અંગેના તમામ કેસો અંગેની માહિતી પુરી પાડવાની કામગીરી પણ આ વિભાગ દ્વારા થાય છે. વહીવટી સ્ટાફ,ગ્રેડેશન લીસ્ટ તૈયાર કરવા, વિવિધ ખાતાઓમાં જગા ભરવી, બઢતી, ઈન્ટરવ્યુ અંગેની તજવીજ કરવી, રાજ્ય સરકારનાં ક્ષેત્રમાં આવતી જગાઓની મંજૂરી લેવી, મહેકમ અંગે રાજ્ય સરકારશ્રી સાથે પત્રવ્યવહાર, પોલીસી(નીતિ)ના હુકમ, ભરતી અને બઢતીના નિયમો અંગેની કાર્યવાહી તેમજ ફાઈલોની જાળવણી વગેરે કામ કરે છે.આ ઉપરાંત જુદી જુદી સંસ્થાઓમાં યોજાતા સેમીનારમાં કોર્પોરેશનના પ્રતિનિધિ મોકલવા નક્કી કરાવવા સ્ટે.કમિટીની જરૂરી મંજૂરી મેળવી આપવાનું કામ કરે છે.

રાજ્ય સરકારની નીતી મુજબ રોસ્ટરનું અમલીકરણ કરાવવું. રાજ્ય સરકાર દ્વારા માંગવામાં આવેલ રોસ્ટર અંગેની માહિતી પુરી પાડવી, કર્મચારીઓનાં રોસ્ટર બઢતીના પ્રશ્નોમાં અભિપ્રાય આપવા વિગેરે કામગીરી કરે છે.જુદા જુદા ખાતાઓમાં રોસ્ટર રજીસ્ટરો રાખવા અને રખાવવાની કામગીરી પણ કરે છે.

| અનુ.નં | વિગત | ૨૦૦૭/૨૦૦૮ |
|---|---|---|
| ૧. | રોસ્ટર અભિપ્રાય વર્ગ ૧ થી ૪ વિવિધ જગાઓ માટે | ૭૩ |
| ૨. | જી.ડી.એસ.ટી.ઠરાવની સંખ્યા | ૬૯૦ |
| ૩. | જુદા જુદા વર્ગ માટે સેન્ટ્રલ ઓફીસે સ્વીકારેલ અરજીઓની સંખ્યા(ઈન્ટરવ્યુ બ્રાંચની) | ૧૧૧૮ |
| ૪. | જુદા જુદા ખાતાઓ માટે જુદા જુદા વર્ગના ઉમેદવારોના ઈન્ટરવ્યુ થયા તેની સંખ્યા | ૭૭૮ |
| ૫. | ઈન્ટરવ્યુમાં બોલાવવામાં આવેલ<br>અને પસંદગી પામેલ ઉમેદવારોની સંખ્યા | ૬૮૯<br>૧૫૪ |

ડીસ્પેચ વિભાગમાં મ્યુ.કોર્પો.ના જુદા જુદા ખાતાઓમાંથી આવેલ પત્રો(ફાઇલો)ની સંખ્યા ૫૧૨૩ તેમજ રાજય સરકારશ્રીમાંથી તથા અન્ય આવેલ સરકારી પત્રોની સંખ્યા ૭૭૧ છે.તેમજ માહીતી અધિકાર નિયમ ૨૦૦૫હેઠળ આવેલ અરજીઓની સંખ્યા ૨૬૨ છે.

રાજય સરકારશ્રીની નીતિ અનુસાર હાલમાં ફાઈલીંગ સીસ્ટમ પણ અપનાવવામાં આવેલ છે. વર્ગ ૧,૨ અને ૩ માં  કલેરીકલ વહીવટી/ ટેકનીકલ કેડરમાં આવતા અધિકારીશ્રીઓ /કર્મચારીઓના વાર્ષિક ખાનગી અહેવાલ સરકયુલર દ્વારા જે તે વર્ષના અંતે ખાતામાંથી ભરાવીને મંગાવવામાં આવે છે. ચાલુ વર્ષમાં આશરે ૮૧૨ જેટલા વાર્ષિક ખાનગી અહેવાલ સ્વીકારવામાં આવેલ છે. તેમજ દરેક અધિકારી /કર્મચારીઓના સરનામા, શૈક્ષણિક લાયકાત, તાલીમ લીધી હોય  તેની વિગત તેમજ સર્વિસમાં જોડાયા તારીખથી કયા કયા ખાતે નોકરી કરી તે અંગેની પર્સનલ ઈન્ફર્મેશન સીસ્ટમ માટે કર્મચારીઓના સર્વિસ ડેટાના ફોર્મ ખાતામાંથી ભરાવીને મંગાવીને માઈક્રોટેક સીસ્ટમ લીમીટેડને સોંપવામાં આવેલ છે જેની કામગીરી  હાલ ચાલુ છે.

**<u>(૨) હેડ કલાર્ક વિભાગ :-</u>**

મ્યુનિ.કમિશનરશ્રીના નામે આવતી ખાતાની અરજીઓ તથા સરકારી ખાતાઓની તથા અર્ધસરકારી કે અન્ય સંસ્થાઓ તરફથી રૂબરૂ આવતી અરજીઓ અને ટપાલ મારફતે કે રૂબરૂ આવતી અરજીઓ ઈન્વર્ડ રજીસ્ટરમાં નોંધ કરી આ ટપાલો સંબંધિત ખાતાઓને મોકલવાની તથા સરકાર સાથેના પત્રવ્યવહારની કામગીરી સંભાળે છે. આ તમામ અરજીઓની તથા ખતાકીય પત્રોની છેલ્લા પાંચ વર્ષની કામગીરી આ સાથેના સામેલ પત્રક ૨:૨:૧માં દર્શાવવામાં આવી છે.

## પત્રક ૨.૨.૧

## છેલ્લા પાંચ વર્ષ દરમ્યાન આવેલ પત્રો, અરજીઓની સંખ્યા દર્શાવતું પત્રક

| અ.નં | વર્ષ | પ્રજા તરફથી આવેલ અરજીઓની સંખ્યા | રાજ્ય સરકાર, કેન્દ્ર સરકાર કે અન્ય સંસ્થા તરફથી આવેલ પત્રોની સંખ્યા | ખાતાકીય પત્રોની સંખ્યાઅને મેયર,ડે.મેયર તમજ સ્ટે.કમિટી ચેરમેનશ્રીના પત્રો | કુલ પત્રોની સંખ્યા | આવેલ પત્રો તથા અરજીઓની દૈનિક સરેરાશ સંખ્યા | કાઉન્સીલરશ્રી વત્તા ધારાસભ્યશ્રી દ્વારા ડાયરેકટ મ્યુનિસિપલ કમિશ્નરશ્રીને મોકલેલ અરજીઓની સંખ્યા | માહીતી અધિકાર અધિનિયમ ૨૦૦૫ હેઠળ આપેલ અરજીઓની સંખ્યા |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| | | | | | | | | |
| | | | | | | | | |
| ૨ | ૨૦૦૩-૦૪ | ૧૦૫૩૬ | ૬૬૨૬ | ૫૬૨૬ | ૨૨૭૮૮ | ૮૬ | - | - |
| | | | | | | | | |
| ૩ | ૨૦૦૪-૦૫ | ૧૧૩૩૦ | ૬૭૦૯ | ૪૦૪૩ | ૨૨૦૮૨ | ૮૩ | - | - |
| | | | | | | | | |
| ૪ | ૨૦૦૫-૦૬ | ૧૨૫૧૦ | ૭૪૮૪ | ૨૯૦૭ | ૨૨૯૦૧ | ૮૬ | - | - |
| | | | | | | | | |
| ૫ | ૨૦૦૬-૦૭ | ૧૨૭૯૬ | ૮૩૧૭ | ૨૬૭૦ | ૨૩૭૮૩ | ૮૯ | - | - |
| | | | | | | | | |
| ૬ | ૨૦૦૭-૦૮ | ૯૬૯૩ | ૮૨૨૩ | ૧૫૧૩ | ૨૦૦૪૭ | ૭૫ | ૪૪૩ | ૧૭૫ |

વધુમાં કેટલીક સંસ્થાઓ તરફથી માંગવામાં આવતી માહિતી જુદા જુદા ખાતાઓમાંથી લેખિત કે ટેલીફોન દ્વારા એકત્રિત કરીને જે તે સંસ્થાને મોકલી આપે છે.

મ્યુ.કમિશનર તરફથી ખાતાના અધિકારીઓ અગર કર્મચારીઓને માહિતી સૂચના કે આદેશ આપતા પરિપત્રો આ વિભાગ દ્વારા મોકલવામાં આવે છે, અને જરૂરીયાત અનુસાર માહીતી એકત્ર કરે છે.વિવિધ કમિટીઓનાં અધ્યક્ષશ્રીઓ તરફથી રાખવામાં આવતા રાઉન્ડનાં પરિપત્રો પ્રસિધ્ધ કરી, સંબંધિત અધિકારીશ્રીઓને

જાણ કરવાની કામગીરી પણ આ વિભાગ દ્વારા કરવામાં આવે છે. મ્યુનિ.કમિશનરશ્રી, ડે.મ્યુ. કમિશનરશ્રીઓ, , સીક્યુરીટી સુપ્રિ.શ્રી, આસી મેનેજરશ્રીની ઓફિસ અને ઘરનાં ટેલીફોન બીલોની ચુકવણું કરવાની વ્યવસ્થા અત્રેથી થાય છે. તથા કેટલીક સંસ્થાઓમાં મ્યુનિ.કોર્પો.સભ્ય હોવાથી તેમનાં વાર્ષિક લવાજમ ભરવાની તજવીજ અત્રેથી થાય છે.

મ્યુ.કોર્પો.ની મિલકતો, મકાનો, જમીનો, પ્લોટો, ઓક્ટ્રોયનાકા, મ્યુનિ.સ્નાનાગાર, હોસ્પિટલોની સાચવણી તથા ઉચ્ચતર અધિકારીઓ વહીવટી વડાઓની સલામતી અને જાહેર પ્રસંગોએ વ્યવસ્થા સાચવવા માટે મ્યુ.કોર્પો. દ્વારા જુદી જુદી ખાનગી સીક્યુરીટી સંસ્થાઓની સેવા લેવામાં આવે છે. સને ૨૦૦૭/૨૦૦૮ના વર્ષ દરમ્યાન આવી ૭ સીકયુરીટી સંસ્થાઓ પાસેથી ૧૦૦૦ ગાર્ડ સેવાઓ લેવામાં આવેલ છે અને તેની પાછળ વાર્ષિક રૂ.૩૦૬૯૨૨૩૩/- પુરા ખર્ચ થયેલ છે.આમ સમગ્ર સીકયુરીટી સંસ્થાઓની સેવાઓ લેવા તથા દેખરેખની કામગીરી સેન્ટ્રલ ઓફીસ હેડકલાર્ક બ્રાંચ ધ્વારા કરવામાં આવે છે.

સેન્ટ્રલ ઓફિસ દ્વારા કર્મચારીઓની બદલી,બઢતી,ફાળવણીને લગતા તેમજ અન્ય બાબતોના જી.ડી.ઇએસટી. ઠરાવો,સરક્યુલરો,ઓફિસ ઓર્ડર,જુદી જુદી કેડરના પ્રોવિઝનલ સીનીયોરીટી લીસ્ટ પણ વેબ સાઇટ ઉપર પ્રસિધ્ધ કરવાની કામગિરી થાય છે.તે અનુસાર તમામ સરક્યુલર્સ,કર્મચારીઓના ઓર્ડસ વેબસાઇટ ઉપર મુકવામાં આવ્યા છે.

## ડીપાર્ટમેન્ટલ પરીક્ષા

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના વિનિયમોના મેન્યુઅલ ૨ પ્રકરણ (૮) ના રૂલ્સ (૫) ની જોગવાઇ મુજબ કર્મચારીઓએ ડીપાર્ટમેન્ટલ પરીક્ષા પાસ કરવાની થાય છે.

મ્યુનિસિપલ કોર્પોરેશનના મેન્યુઅલ પુસ્તક ૨ના પ્રકરણ ૮ ના વિનિયમ ૭ મુજબ ડીપાર્ટમેન્ટલ પરીક્ષામાં પાસ થવા માટે કુલ ૩૦૦ ગુણમાંથી ઓછામાં ઓછા ૪૦% એટલે કે ૧૨૦ ગુણ અને દરેક પેપરમાં ૧/૩ ગુણ મેળવવા જરૂરી છે.અને એલ.એસ.જી.ડી. પરીક્ષા પાસ કરેલ હોય તેવા કર્મચારીઓએ ફકત પેપરનં ૨ તથા ૩ ની પરીક્ષા આપવાની રહે છે.અને તેમાં દરેકમાં ૧/૩ ગુણ તથા તેઓએ બંનેમાં ઓછામાં ઓછા ૪૦% એટલે કે ૮૦ ગુણ મેળવવાના રહે છે.

ડીપાર્ટમેન્ટલ પરીક્ષા વિનીયમો અનુસાર તેમજ આર.જી.એન.નં.૪૫૮ ૨૦૦૪-૨૦૦૫ થી પરીક્ષાના પેપરો નીચે મુજબ રાખવામાં આવેલ છે.

| અ.ન. | પેપરનું નામ | ગુણ |
| --- | --- | --- |
| ૧. | સને ૧૯૪૯ નો બોમ્બે મ્યુનિ.કોર્પો એકટ | ૧૦૦ |
| ૨. | ઓફીસ મેનેજમેન્ટ | ૧૦૦ |
| ૩. | બેઝીક કમ્પ્યુટર એપ્લીકેશન (થીયરી અને પ્રેકટીકલ) | ૧૦૦ |

## સંકલન વિભાગ(બોર્ડ અને કમિટિ)

અમદાવાદ મ્યુ.કોર્પોના વિવિધ ખાતાઓ તરફથી રજુ કરવામાં આવતા કામો તથા મ્યુનિસિપલ કાઉન્સીલરશ્રીઓ ધ્વારા કરવામાં આવતી દરખાસ્તોના કામો જે તે ખાસ કમીટીમાથી મંજુર થયા બાદ સ્ટેન્ડીગ કમીટી તથા મ્યુ.બોર્ડની માસિક સામાન્ય સભામાં જે તે કામો મંજુર કરાવવા અંગેની કામગીરી આ વિભાગ ધ્વારા થાય છે.

વર્ષ દરમ્યાન એસ્ટેટ,ઓકટ્રોય,હાઉસીગ,રીક્રીએશનલ,માધ્યામિકશાળા સંચાલન સમિતિ,ટાઉન પ્લાનીગ,રોડ અને બીલ્ડીગ,હોસ્પિટલ,હેલ્થ,સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ,વોટર સપ્લાય,ટેક્ષ લીગલ વિગેરે ખાસ કમીટીના એકંદરે કુલ કામોના ૧૬૯૭ ઠરાવો કરવામાં આવેલ છે.

આ ઉપરાંત ઓડિટ અહેવાલ કમિટિની મીટીગ દરમ્યાન થયેલ ઠરાવોની જાણ જે તે ખાતા અધિકારીશ્રી ને તથા સમયાંતરે અવારનવાર પરિપત્ર ધ્વારા પણ કરવામાં આવેલ છે.અને તેના કારણે ખાતાના પડતર ઓડિટ વાંધાનો જે તે ખાતા અને ચીફ ઓડિટ વચ્ચે સંકલન સાંધી મોટા પ્રમાણમાં વાંધાનો નિકાલ થાય તે પ્રમાણે તજવીજ કરવામાં આવે છે.સ્ટેન્ડીગ કમીટીએ અપીલ સબ કમીટીની નવી રચના કરેલ છે.જેમાં વર્ષ દરમ્યાન આ કમીટીમાં કુલ ૫૪ ઠરાવો કરવામાં આવેલ છે.જ ઠરાવોના અમલીકરણ માટે જરૂરી વહીવટી મંજુરીની કામગીરી ઈન્ડ.રીલેશન ખાતા ધ્વારા જરૂરી તજવીજ કરવામાં આવેલ છે.

### વર્ષ દરમ્યાન થયેલ ઠરાવોની વિગતો

| | | |
|---|---|---|
| ૧. | જુદી જુદી ખાસ કમિટીમાં થયેલ ઠરાવ | ૧૯૦૪ |
| ૨. | સ્ટાફ સિલેકશન કમિટિમાં થયલે ઠરાવ | ૪૩ |
| ૩. | સ્ટેન્ડીગ કમિટીના થયેલ ઠરાવ | ૧૭૨૯ |
| ૪. | મ્યુ.બોર્ડની સામાન્ય માસિક સભામાં થયેલ ઠરાવ | ૧૩૮૪ |
| ૫. | અપીલ સબકમીટીમાં થયેલ ઠરાવ | ૩૦ |
| ૬. | ઓડીટ સબ કમીટી | ૧૫૧ |

વર્ષ દરમ્યાન મ્યુ.માસીક બોર્ડની સામાન્ય સભામાં જુદા જુદા ખાતાની માહિતીને લગતા મ્યુ.કાઉન્સીરશ્રીઓ તરફથી કુલ ૧૭ પ્રશ્નો લેખિતમાં પુછવામાં આવેલા છે.જે સવાલના જવાબો જે તે ખાતાના ડે.મ્યુ.કમિ.શ્રી ધ્વારા તૈયાર કરાવી ડે.મ્યુ.કમિ.શ્રી(વહીવટ) ધ્વારા અત્રેથી મે.મ્યુ.કમિશ્નર સાહેબની મંજુરી મેળવ્યા બાદ મ્યુ.સેક્રેટરીશ્રી ને સદર જવાબની નકલો અત્રેથી મોકલવામાં આવે છે.

વર્ષ ૨૦૦૭/૦૮ના વર્ષમાં બજેટ બેઠક ૨૦૦૭/૦૮ના સંદર્ભે પ્રશ્નોની માહિતી પણ કાઉન્સીલરશ્રીઓ ધ્વારા પુછવામાં આવેલ છે.જેમાં કુલ ૩૯૯ જેટલા સવાલો વિવિધ ખાતાને લગતા પુછવામાં આવેલા,જેના જવાબો જે તે ખાતાના ડે.મ્યુ.કમિશ્નરશ્રી ધ્વારા તૈયાર કરાવી સદર સવાલના જવાબની કોપી મ્યુ.સેક્રેટરીશ્રી મારફતે જે તે મ્યુ.કાઉન્સીલરશ્રીને આપવા અંગેની કામગીરી આ વિભાગ ધ્વારા કરવામાં આવેલ છે.

## ૨.૩ ટેક્ષ વિભાગ
## ૦૭-૦૮

મ્યુનિસિપલ કોર્પોરેશન એક સ્વાયત્ત સંસ્થા છે. જેની રચના ધી બોમ્બે પ્રોવિન્શીયલ મ્યુનિસિપલ કોર્પો.એક્ટ ૧૯૪૯ મુજબ કરવામાં આવેલ છે.એકટમાં  કોર્પોરેશનની ફરજિયાત અને મરજિયાત ફરજોનું વર્ણન કરવામાં આવેલું છે  અને તેને અદા કરવા નાણાંકીય સાધનો ફાળવેલા છે.આ વિવિધ પ્રકારના કાર્યો માટે જે આવકના સાધનો છે તે પૈકી પ્રોપર્ટી ટેક્ષ એ એક આવકનું મુખ્ય સાધનો પૈકીનું  એક  સાધન છે જે કોર્પો.ની કુલ રેવન્યુ આવકનાં ૧૭.૫૫ % થી પણ વધુ આવક  આપે છે.

નવી મિલકતોની આકારણી કરવામાં આવે  છે અને ખાસ નોટિસ બજાવવામાં આવે છે જે તે ઝોનના ડે.એસેસર અને ટેક્ષ કલેકટરશ્રીની સીધી દેખરેખ નીચે ઝોનના ડીવીઝનલ સુપ્રિ.તેમજ વોર્ડ ઈન્સ્પેકટરો  સ્થળ તપાસ કરી આકારણીની કામગીરી કરે છે.મિલકતનાં ઉપયોગમાં ફેરફાર થયો હોય, ભાડુઆત બદલાયા હોય , અથવા બાંધકામમાં વધારો થયો હોય તો તેવી મિલકતોની આકારણી સુધારવામાં આવે છે.આકારણી સુધારવાના તમામ કેસોમાં ખાસ નોટિસો બજાવવામાં આવે છે

સને ૨૦૦૭-૦૮ ના અહેવાલી વર્ષમાં ચાલુ બાકી રૂા.૨૧૫.૨૧ કરોડ .તેમજ પાછલી બાકી રૂા.૮૫૮.૯૭ કરોડ જે મળી કુલ રૂા.૧૦૭૪.૧૮ કરોડ માંગણુ હતુ જેમાંથી  અહેવાલી વર્ષમાં રૂા.૨૪૨.૬૭ કરોડની કુલ પ્રોપર્ટી ટેકસની વસુલાત આવવા પામેલ છે.છેલ્લા પાંચ વર્ષમાં ટેક્ષની વસુલાત અને સામાન્ય આવકમાં તેનું પ્રમાણ દર્શાવતુ પત્રક ૨ઃ૩ઃ૧ તથા ઝોનવાઈઝ છેલ્લા ત્રણ વર્ષની પ્રોપર્ટી ટેક્ષની વસુલાતની  માહિતીનું પત્રક ૨ઃ૩ઃ૨ સામેલ છે.
૨૦૦૭-૦૮ના વર્ષમાં રૂા.૬૩૩.૫૭ લાખ લાઈફ ટાઈમ વ્હીકલ ટેક્ષ વસુલ કરવામાં આવ્યો છે.
પત્રક ૨ઃ૩ઃ૩ માંવાહનોના પ્રકાર તથા સંખ્યાની માહિતી સામેલ છે.

પ્રોપર્ટી ટેક્ષ ઉપરાંત લાઈફ ટાઈમ વ્હીકલ ટેક્ષ જુદા જુદા દરોએ વસુલ કરવાની કામગીરી કરવામાં આવે છે. જેનુ પત્રક ૨ઃ૩ઃ૪  આ સાથે સામેલ છે.જેના માંગણા બીલો કોમ્પ્યુટર ઉપર તૈયાર કરવામાં આવે છે.અહેવાલી વર્ષ દરમ્યાન ૧૪૫૦૫૭ યાંત્રિક વાહનો નોંધાયેલા છે.

અહેવાલી વર્ષમાં કરદાતાઓ દ્વારા કરવામાં આવેલી વાંધા અરજીઓનો નિકાલ એપેલેટ ઓફિસરો મારફત કરવામાં આવેલ છે. એસેસર એન્ડ ટેક્ષ કલેક્ટરશ્રીની સીધી દેખરેખ નીચે  એપેલેટ ઓફિસરો કરદાતાઓના વાંધાઓના નિકાલની કાર્યવાહી કરે છે. કરદાતાઓને  જરૂરી પુરાવા  રજૂ કરવા જણાવવામાં આવેછે. અને જરૂરીયાત મુજબ સ્થળ તપાસ કરી વાંધા અરજીઓનો નિકાલ કરવામાં આવે છે.આ સિવાય અહેવાલી વર્ષમાં નામ ટ્રાન્સફર,કબ્જેદાર ફેરફાર,ખાલીબંધ,સ્પેલીંગ સુધારો જેવી ટેકસ જનરલની અરજીઓ આવેલ જેનો સમય મર્યાદામાં નિકાલ કરવામાં આવેલ છે. અહેવાલી વર્ષમાં આવેલ ૮૫૦૬૨ વાંધા અરજીઓ આવેલી અને તેનો  નિકાલ  પણ કરવામાં આવેલ છે.કેટેગરીવાઈઝ અરજીઓ અંગેનું પત્રક ૨ઃ૩ઃ૫ સામેલ છે.

મિલકતની આકારણી નક્કી થયા પછી પ્રત્યેક મિલકતના ટેક્ષનાં માંગણા તૈયાર કરવામાં આવે છે. માંગણા બીલો કોમ્પ્યુટર ખાતા ધ્વારા તૈયાર કરવામાં આવે છે. તેમજ ખાસ નોટિસો પણ કોમ્પ્યુટર ખાતા ધ્વારા તૈયાર કરવામાં આવે છે. વહીવટી સરળતા ખાતર અને કરદાતાઓને વધુ સારો ન્યાય  મળી રહે તે હેતુથી  ૫૦૦૦ એન્ટ્રી દીઠ એક વોર્ડની રચના કરવામાં આવેલ છે.જે મુજબ ટેક્ષ ખાતામાં જુની તથા નવી હદમાં કુલ ૨૬૪ વોર્ડો આવેલા છે.અહેવાલી વર્ષમાં ૨૦૦૭-૦૮માં રહેણાંકની મિલકતોની અને બિનરહેણાંકવાળી મિલકતોની મળી કુલ ૧૪,૩૭,૨૫૦ મિલકતોનાં બીલો આપવામાં આવ્યા છે.આ મિલકતના જુદા જુદા વોર્ડમાં માંગણા બીલો સાથે જ આપવામાં આવે છે.

બીલની મુદતની તારીખ જુદી જુદી આપવામાં આવે છે. ધી બી.પી.એમ.સી. એકટ ૧૯૪૯ ના સુધારા મુજબ કલમ ૧૪૧(ક) અનુસાર નિયત તારીખ પછી માંગણા બીલ ઉપર ૧૮% લેખે દંડનીય વ્યાજ ચાર્જ કરી વસુલ કરવામાં આવે છે.ચાલુ વર્ષમાં સમાવેશ કરેલ ૧૯ નગરપાલીકાઓ અને ૩૦ પંચાયતોના નવી પધ્ધતિં મુજબ એટલે કે ૨૦૦૭-૦૮ મુજબ ટેકસના બીલો આપી જે તે નગરપાલીકા /પંચાયતમાં વસુલાત કરવામાં આવી છે.અહેવાલી વર્ષમાં વર્ષ દરમ્યાન ટેકસ વસુલાત અન્વયે ૨,૦૩,૪૧૮ કાચા વોરંટ ૫૬૨ પાકા વોરંટ ૧૦૪૦૧ પ્રોપર્ટી સીલ તેમજ ૩ પાણી ગટર કનેકશન કાપવામાં આવેલ.

ટેક્ષની વસુલાત તેમજ કામગીરી માટે ૩૦ ડિવિઝનલ સુપ્રિન્ટેન્ડન્ટસ ૨૪૧ વોર્ડ ઈન્સ્પેક્ટરો અને ૬૦ ડિવિઝનલ ક્લાર્ક કામગીરી બજાવે છે. અહેવાલી વર્ષમાં તમામ ઝોનના વોર્ડોના કરની પહોંચો ૨૪ સીટી સીવીક સેન્ટરોમાં આવેલ કોમ્પ્યુટરાઈઝડ કાઉન્ટર્સ પર બનાવવામાં આવે છે. તથા કાલુપુર બેંકની તમામ શાખાઓમાં ટેક્ષના નાણાં લેવામાં આવે છે.

વોર્ડમાં કરદાતાનાં બીલોમાં સુધારાવધારા તથા તે અંગે કોમ્પ્યુટર ફોર્મ ભરવાની કામગીરી વાંધાના નિકાલને કારણે આકારણીમાં ફેરફારની કામગીરી તેમજ મિલકતનાં પ્રકારમાં ભાગલાને લીધે અન્ય કોઈપણ કારણસર થયેલ ફેરફારથાય તો તેની કામગીરી વોર્ડ ઈન્સ્પેક્ટર્સ તથા ડિવિ. ક્લાર્ક કરે છે. આકારણી બાબત દર વર્ષે જાહેરનામું બહાર પાડવામાં આવે છે.બહાર પાડવામાં આવેલ જાહેરનામા તથા ખાસ નોટીસો જે ખાતા દ્વારા આપવામાં આવે છેતેની સામે આવેલ વાંધા અરજીઓની અહેવાલી વર્ષમાં નિકાલ કરવામાં આવેલો.વાંધા અરજીઓના નિકાલ પછી અને માંગણાના બીલો મલ્યા પછી જે કરદાતાઓને અસંતોષ થયેલ હોય તેવા કરદાતાઓ સ્મોલ કોઝ કોર્ટમાં ૧૫ દિવસમાં અપીલ કરી શકે છે. અહેવાલી વર્ષમાં સ્મોલ કોઝ કોર્ટમાં ૩૪૫ મેટ્રોપોલીટન કોર્ટ તેમજ હાઇકોર્ટમાં કુલ ૧૯૮ અપીલો થયેલી.

મિલકતની આકારણી બાબતના વાંધાના નિકાલની અને`વસુલાતની કામગીરી ટેક્ષ ખાતા મારફતે કરવામાં આવે છે.ડે.મ્યુ.કમિ.(ટેક્ષ)શ્રીની સીધી દેખરેખ નીચે એસેસર એન્ડ ટેક્ષ કલેક્ટરશ્રીનાંરોજબરોજના સંચાલન નીચે આ વિભાગની કામગીરી સરળ થાય તે હેતુથી ડેપ્યુટી એસેસર એન્ડ ટેક્ષ કલેક્ટરો તેમજ` આસી.મેનેજરો અને સુપરવાઈઝરી સ્ટાફની નિમણૂંક કરવામાં આવેલી છે.

મ્યુનિસિપલ કોર્પોરેશનના વહીવટનું વિકેન્દ્રીકરણ કરવામાં આવેલું છે.અને તેમાં પાંચ ઝોન બનાવવામાં આવેલા છે.હાલમાં નવી હદમાં નવો ૫.ઝોન બનાવેલ હોઇ હવે થી કુલ ૬ ઝોનમાં વહીવટી વિકેન્દ્રીકરણ થયેલ છે દરેક ઝોનમાં તેમને લગતા વોર્ડોની કામગીરી કરવામાં આવે છે.પ્રોપર્ટી ટેકસની વસુલાત માટે વર્ષના અંતે ૨૪ સીવીક સેન્ટર કાર્યરત કરવામાં આવેલ છે.કરદાતાને દૂર સુધી જવું ના પડે તેવું આયોજન કરવામાં આવેલ છે.ચાલુ વર્ષે ૧૯ નગરપાલિકા અને ૩૦ પંચાયતોનો સમાવેશ થવાથી અ.મ્યુ.કોર્પો.માં ઝોનનં.૬ નવા પશ્ચિમ ઝોનની રચના કરવામાં આવેલ છે.

શહેરમાં ચાલતાં સિનેમા થીએટરો પાસેથી શો ટેક્ષ વસુલ લેવામાં આવે છે.ગુજરાત સરકારે જે ચલચિત્રોને કરમુક્તિઆપી હોય તેવા ચલચિત્રો ચાલતા હોય ત્યારે તેને શો ટેક્ષમાંથી મુક્તિ આપવામાં આવે છે.અહેવાલી વર્ષ દરમ્યાન રૂા.૪૪.૭૪ લાખ થીએટર શો ટેક્ષ વસુલ કરવામાં આવ્યા હતા.

ખાનગી બગીચાઓ અથવા ઘરવપરાશનાં તેમજ એક હજાર ચો.મી.થી વધુ મોટા બગીચાઓ માટે ગાર્ડન ટેક્ષ વસુલ લેવામાં આવે છે. દર ૧૦૦ કુંડા દીઠ રૂ.૧૨ .૦૦ અને તેના પ્રત્યેક ભાગ માટે નિયત દરે વસુલાત લેવામાં આવે છે. અહેવાલી વર્ષમાં બગીચા ટેક્ષની  આવક રૂા.૨૫૫૮૮/- થવા આવેલ છે.

## પત્રક ૨.૩.૧
## છેલ્લા પાંચ વર્ષની ટેક્ષની વસુલાત અને સામાન્ય રેવન્યુ આવકમાં તેનું પ્રમાણ દર્શાવતુ પત્રક

| અ.નં. | વર્ષ | સામાન્ય  રેવન્યુ આવક (રૂા.લાખમાં) | ટેક્ષની વસુલાત (રૂા.લાખમાં) | સામાન્ય રેવન્યુ આવક સામે ટેક્ષની આવકની ટકાવારી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | ૨૦૦૩-૦૪ | ૬૬૬૯૦.૦૦ | ૧૩૯૨૦.૨૭ | ૨૦.૮૭% |
| ૨ | ૨૦૦૪-૦૫ | ૮૦૬૨૨.૫૮ | ૧૬૯૦૦.૦૦ | ૨૦.૯૬% |
| ૩ | ૨૦૦૫-૦૬ | ૮૯૭૮૬.૩૯ | ૨૦૪૫૬.૯૮ | ૨૧.૯૭% |
| ૪ | ૨૦૦૬-૦૭ | ૧૧૨૮૬૯.૬૦ | ૨૨૬૩૮.૦૮ | ૨૦.૦૧% |
| ૫ | ૨૦૦૭-૦૮ | ૧૩૮૨૧૨.૧૬ | ૨૪૨૬૭.૩૭ | ૧૭.૫૫% |

## પત્રક ૨.૩.૨
## ઝોન વાઈઝ પ્રોપર્ટી ટેક્ષની છેલ્લા ૩ વર્ષની વસુલાતની માહિતી દર્શાવતુ પત્રક

(રૂા. લાખમાં)ટકાવારી સાથે

| અ.નં. | ઝોન | ૨૦૦૫-૦૬ | ૨૦૦૬-૦૭ | ૨૦૦૭-૦૮ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧. | મધ્યસ્થ કચેરી | ૧૮.૫૪<br>(૦.૦૯) | ૧૦.૮૫<br>(૦.૦૫) | - |
| ૨. | મધ્યઝોન | ૩૯૨૮.૪૩<br>(૧૯.૨૦) | ૪૮૯૭.૮૯<br>(૨૧.૬૪) | ૪૭૧૮.૦૭<br>(૧૯.૪૪) |
| ૩. | પશ્ચિમઝોન | ૭૧૪૭.૩૫<br>(૩૪.૯૪) | ૭૮૨૯.૬૮<br>(૩૪.૫૯) | ૭૪૪૨.૪૫<br>(૩૦.૬૭) |
| ૪. | પૂર્વઝોન | ૨૫૦૪.૭૧<br>(૧૨.૨૪) | ૩૦૨૨.૩૨<br>(૧૩.૩૫) | ૩૦૪૬.૦૬<br>(૧૨.૫૫) |
| ૫. | ઉત્તરઝોન | ૨૯૪૩.૯૦<br>(૧૪.૩૯) | ૩૦૫૦.૪૨<br>(૧૩.૪૭) | ૩૦૫૧.૯૩<br>(૧૨.૫૮) |
| ૬. | દક્ષિણઝોન | ૩૧૯૧.૪૧<br>(૧૫.૩૧) | ૩૮૨૬.૯૨<br>(૧૬.૯૦) | ૩૯૯૬.૬૧<br>(૧૬.૪૭) |
| ૭. | નવા પશ્ચિમ ઝોન | - | - | ૨૦૧૨.૨૫ |

| | | | | |
|---|---|---|---|---|
| | | | | (૮.૨૯) |
| ૮. | વ્હીકલ ટેક્ષની આવક | ૭૨૨.૬૪ | - | - |
| | કુલ | ૨૦૪૫૬.૯૮<br>(૧૦૦.૦૦) | ૨૨૬૩૮.૦૮<br>(૧૦૦.૦૦) | ૨૪૨૬૭.૩૭<br>(૧૦૦.૦૦) |

**નોંધઃવર્ષ ૨૦૦૬-૦૭થી વ્હીકલ ટેક્ષની આવક ટેક્ષ વસુલાતની આવકમાં સંયુકત રીતે દર્શાવેલ છે.**

## પત્રક ૨.૩.૩ એસેસમેન્ટ અને ટેક્સ ખાતુ
## ૦૭-૦૮ ના વર્ષ દરમ્યાન જુદી જુદી કેટેગરી વાઈઝ નોંધાયેલ વાહનોની સંખ્યા નું પત્રક

| અ.નં. | વાહનોનો પ્રકાર | કુલ સંખ્યા |
|---|---|---|
| ૧. | મોટર સાયકલ | ૧૦૭૫૬૭ |
| ૨. | મોટરકાર | ૨૩૦૫૨ |
| ૩. | ટેક્સી | ૭૫૩ |
| ૪. | ઓટો રીક્ષા | ૮૪૬૮ |
| ૫ | મોટર ટ્રક | ૭૬૧ |
| ૬ | પેસેન્જર બસ | ૯૧ |
| ૭ | લોડીગ ટેમ્પો-લોડીગ રીક્ષા | ૩૨૮૮ |
| ૮ | અન્ય | ૧૦૭૭ |
| | **કુલ** | **૧૪૫૦૫૭** |

## પત્રક ૨.૩.૪.

## આજીવન વાહન વેરાના દર દર્શાવતુ પત્રક (રૂપિયા) ૦૭-૦૮

| વાહનનું રજીસ્ટ્રેશન વર્ષ | સ્કુટર માટરસાયકલ દ્વિચકી વાહનો | ઓટો રીક્ષા | લોડીંગ ટેમ્પો/લોડીંગ રિક્ષા | જીપ મોટરકાર | ટેક્ષી | પેસેન્જર બસ | લોડીંગ મેટાડોર, ટ્રક |
|---|---|---|---|---|---|---|---|
| ૦-૧ | ૫૪૦ | ૬૦૦ | ૯૦૦ | ૧૦૮૦ | ૧૮૦૦ | ૩૦૦૦ | ૪૫૦૦ |
| ૧-૨ | ૫૧૩ | ૫૭૦ | ૮૫૫ | ૧૦૨૬ | ૧૭૧૦ | ૨૮૫૦ | ૪૨૭૫ |
| ૨-૩ | ૪૮૬ | ૫૪૦ | ૮૧૦ | ૯૭૨ | ૧૬૬૨૦ | ૨૭૦૦ | ૪૦૫૦ |
| ૩-૪ | ૪૫૯ | ૫૧૦ | ૭૬૫ | ૯૧૮ | ૧૫૩૦ | ૨૫૫૦ | ૩૮૨૫ |
| ૪-૫ | ૪૩૨ | ૪૮૦ | ૭૨૦ | ૮૬૪ | ૧૪૪૦ | ૨૪૦૦ | ૩૬૦૦ |
| ૫-૬ | ૪૦૫ | ૪૫૦ | ૬૭૫ | ૮૧૦ | ૧૩૫૦ | ૨૨૫૦ | ૩૩૭૫ |
| ૬-૭ | ૩૭૮ | ૪૨૦ | ૬૩૦ | ૭૫૬ | ૧૨૬૦ | ૨૧૦૦ | ૩૧૫૦ |
| ૭-૮ | ૩૫૧ | ૩૯૦ | ૫૮૫ | ૭૦૨ | ૧૧૭૦ | ૧૯૫૦ | ૨૯૨૫ |
| ૮-૯ | ૩૨૪ | ૩૬૦ | ૫૪૦ | ૬૪૮ | ૧૦૮૦ | ૧૮૦૦ | ૨૭૦૦ |
| ૯-૧૦ | ૨૯૭ | ૩૩૦ | ૪૯૫ | ૫૯૪ | ૯૯૦ | ૧૬૫૦ | ૨૪૭૫ |
| ૧૦-૧૧ | ૨૭૦ | ૩૦૦ | ૪૫૦ | ૫૪૦ | ૯૦૦ | ૧૫૦૦ | ૨૨૫૦ |
| ૧૧-૧૨ | ૨૪૩ | ૨૭૦ | ૪૦૫ | ૪૮૬ | ૮૧૦ | ૧૩૫૦ | ૨૦૨૫ |
| ૧૨-૧૩ | ૨૧૬ | ૨૪૦ | ૩૬૦ | ૪૩૨ | ૭૨૦ | ૧૨૦૦ | ૧૮૦૦ |
| ૧૩-૧૪ | ૧૮૯ | ૨૧૦ | ૩૧૫ | ૩૭૮ | ૬૩૦ | ૧૦૫૦ | ૧૫૭૫ |
| ૧૪ થી વધુ | ૧૬૨ | ૧૮૦ | ૨૭૦ | ૩૨૪ | ૫૪૦ | ૯૦૦ | ૧૩૫૦ |

+ રૂ/. ૫/- ટોકન ફી.

**પત્રક ૨.૩.૫**

**વર્ષ ૨૦૦૭-૦૮ નું   નાગરિકો તરફથી ટેક્ષ વિભાગને લગતી કરવામાં આવેલ કેટેગરી વાઈઝ અરજીઓનું  તથા તેના થયેલ નિકાસનું  પત્રક**

| અ.નં | કેટેગરી | કુલ મળેલ અરજી | કુલ નિકાલ થયેલ અરજી | કુલ બાકી અરજી |
|---|---|---|---|---|
| ૧ | એપેલેટ અરજી | ૮૦૧ | ૭૯૬ | ૫ |
| ૨ | આકારણી નામંજુર | ૩૫૪ | ૩૫૪ | ૦ |
| ૩ | મિલકતવેરા અંગેની ફરિયાદ | ૯૫૯૫ | ૯૫૮૩ | ૧૨ |
| ૪ | ટેક્ષ આકારણી ઘટાડવા અંગે | ૧૭૫૦૩ | ૧૭૪૭૫ | ૨૮ |
| ૫ | ટેક્ષ વિભાજન | ૨૫૩૨ | ૨૫૦૬ | ૨૬ |
| ૬ | ડુપ્લીકેટ બીલ અંગે | ૨૬૦૮ | ૨૬૦૬ | ૨ |
| ૭ | ટેક્ષ જનરલ | ૭૬૩૫ | ૭૬૨૧ | ૧૪ |
| ૦૮ | નવી આકારણી | ૨૬૭ | ૨૬૭ | ૦ |
| ૯ | નવા કબજેદાર અંગે | ૯૮૨૮ | ૯૮૨૦ | ૮ |
| ૧૦ | વપરાશ બદલાવ અંગે | ૨૨૨ | ૨૨૧ | ૧ |
| ૧૧ | ખાલી મિલકત અંગે | ૬૬૯૭ | ૬૬૮૭ | ૧૦ |
| ૧૨ | નામ ટ્રાન્સફર અંગે | ૨૭૦૨૦ | ૨૭૦૦૦ | ૨૦ |
|  | કુલ | ૮૫૦૬૨ | ૮૪૯૩૬ | ૧૨૬ |

# ૨.૪ કોમ્પ્યુટર ખાતુ

૦૭-૦૮

અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશનના કોમ્પ્યુટર વિભાગ દ્વારા તેની ચાલુ સિસ્ટીમો જેવીકે પ્રોપર્ટી ટેક્ષ, વ્હીકલ ટેક્ષ, પે-રોલ સીસ્ટમ, એફ.એ.એસ, વોટર મીટર વિગેરેને ચાલુ નાણાકીય વર્ષ દરમ્યાન સફળ સંચાલન કરી જરૂરી આઉટપુટ સમયાંતરે લેવાની કામગીરી સંપૂર્ણપણે સમય મર્યાદામાં ચોકસાઇ પૂર્વક પૂર્ણ કરી જે તે ખાતે પહોચાડેલ છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરીજનોની પાયાની જરૂરીયાતોની કામગીરીમાં પારદર્શકતા લાવવા તથા સવલતો પૂરી પાડવા ઇ-ગર્વનન્સ પ્રોજેક્ટ દ્વારા તમામ ઝોનનું લીક અપ લીઝ લાઇન દ્વારા કરી કોમ્પ્યુટરાઇઝેશન હેઠળ નીચેની સુવિધા આવરી લેવામાં આવેલ છે.

અમદાવાદ શહેરમાં જુદા જુદા ઝોનમાં કુલ સને ૨૦૦૩-૦૪માં કુલ ૬ સીટી સીવીક સેન્ટરો હતા તેમાં સને ૨૦૦૪-૦૫ના વર્ષમાં બીજા ૧૦ નવા સીટી સીવીક સેન્ટરો,સને ૨૦૦૬-૦૭માં વધુ ૧ સિટી સિવીક સેન્ટર તેમજ ૨૦૦૭-૦૮માં વધુ છ સીટી સીવીક સેન્ટરનો ઉમેરો કરી કુલ ૨૩ સીટી સીવીક સેન્ટરો તથા કાલુપુર કોમર્શીયલ બેંક સાથેના લીકેજ દ્વારા નીચે દર્શાવેલ સેવાઓ ઉપલબ્ધ કરાયેલ છે.

(૧) પ્રોપર્ટી ટેક્ષ કલેકશન,માસ્ટર મેઇન્ટેનન્સ,વધ /કમી પ્રોપર્ટી ટેક્ષ બિલીગ વગેરે

(૨) વ્હીકલ ટેક્ષ કલેકશન,નવા રજીસ્ટ્રેશન,વ્હિકલનું બિલીંગ વગેરે

(૩) બિલ્ડીગ પ્લાન એપ્રુવલ અને બિલ્ડીગ યુઝ પરમીશન

(૪) ગુમાસ્તાધારા રજીસ્ટ્રેશન, રીન્યુઅલ

(૫) જન્મ-મરણ નોંધણીના પ્રમાણપત્રોનું ઇસ્યુઅન્સ

(૬) કમ્પ્લેઇન રીડ્રેસલ સિસ્ટમ હેઠળ પાયાની સવલતો જેવી કે પાણી ,ગટર,રસ્તા, સ્ટ્રીટલાઇટ, જનરલ કમ્પ્લેઇનની ઓનલાઇન નોંધણી

(૭) અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ઓકટ્રોય વિભાગના ૧૫ ઓકટ્રોય નાકાઓ અને ચાલુ વર્ષના વધુ પાંચ નાકાઓ મળી કુલ ૨૦ ઓકટ્રોય નાકાઓ ઉપર જુની કોમ્પ્યુટરાઇઝડ સીસ્ટમોને બદલે નવી ઇન્ટીગ્રેટેડ, ઓનલાઇન કોમ્પ્યુટર સીસ્ટમો ઇનસ્ટોલ કરી.આ સીસ્ટમોનું ,ડેવલોપમેન્ટ કરી ઇ-ગવર્નન્સના કન્સલ્ટન્ટ મે.માઇક્રોટેક સીસ્ટમ મારફતે કરાવી નવું સોફટવેર ઇન્સ્ટોલ કર્યુ.આ તમામ કોમ્પ્યુટરાઇઝડ પોસ્ટને લીઝ લાઇન ધ્વારા ઉસ્માનપુરા ખાતેના મુખ્ય સર્વર સાથે લીકેજ આપી તમામ નાકાઓને ઇન્ટીગ્રેટેડ કરવામાં આવેલ છે.આ ઓનલાઇન કોમ્પ્યુટરાઇઝેશન થવાથી એમ.પાસ ઇસ્યુઅન્સ તેમજ એફ.ફોર્મ કલીયરન્સમાં વધુ ચોકસાઇ તેમજ સમયબધ્ધતા આવેલ છે.

(૮) અમદાવાદ મ્યુનિ.કોર્પો.માં ફરજ બજાવતા કર્મચારીઓના સર્વિસ બુક રેકર્ડ ડેટાની વિગતો વેબસાઇટ પર ઉપલબ્ધ કરવામાં આવી છે.

(૯) અમદાવાદ મ્યુનિ.કોર્પોમાં ફરજ બજાવતા કર્મચારીઓના પ્રોવિડન્ટ ફંડની ૨૦૦૫-૦૬ અંતિત સંપુર્ણ માહિતી વેબસાઇટ ઉપર ઉપલબ્ધ કરવામાં આવી છે.

(૧૦) અમદાવાદ શહેરમા સને ૨૦૦૪-૦૫થી હોકર્સ લાઇસન્સ સીટી સીવીક સેન્ટર્સ પરથી મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.સને ૨૦૦૭-૦૮ના વર્ષમાં ૨૫૨ હોકર્સ લાઇસન્સ ઇસ્યુ કરી કુલ રૂ.૧,૧૯,૯૨૫/- વસુલ કરેલ છે.

(૧૧) અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનની વેબસાઇટ www.egovamc.com દ્વારા નાગરીક ઘર બેઠા પણ કોર્પોરેશનને લગતી વિવિધ માહિતી મેળવી શકે તેવી વ્યવસ્થા ગોઠવાયેલ છે.

(૧૨) પે-રોલ સિસ્ટમમાં કર્મચારીઓનાં પગારબીલ,પગાર સ્લીપ,કપાત પત્રકો વિગેરે દર માસે નિયમિત સમયમર્યાદામાં છાપી જે તે વિભાગના કર્મચારીઓને અલગ અલગ ઇસ્યુ કરેલ છે. મકાન એડવાન્સ, વાહન એડવાન્સની કર્મચારી વાઇઝ વાર્ષિક હિસાબી સ્લીપ નાણાકીય વર્ષ ૨૦૦૭-૨૦૦૮ માટે છાપી

આપવામાં આવેલ છે.કર્મચારીઓના ઇન્કમટેક્ષ ફોર્મ નંબર ૧૬-એ નું પ્રિન્ટીંગ કાર્ય સને ૨૦૦૭-૨૦૦૮ માટે સમયસર પ્રિપ્રીન્ટેડ સ્ટેશનરી ઉપર કરી આપવામાં આવેલ છે. આ ઉપરાંત કર્મચારીની ૨૦૦૬-૨૦૦૭ના વર્ષ માટે સી.પી.એફ., જી.પી.એફ.ની સ્લીપો સમયસર પ્રિન્ટીંગ કરી આપેલ છે.અંદાજીત ૨૦૦૦ રોજીંદા કર્મચારીઓના મેન્યુઅલી પગારબીલો બનતા હતા જે હાલ ચાલુ વર્ષથી મેન્યુઅલી ન બનાવતા કોમ્પ્યુટર ખાતા ધ્વારા તૈયાર કરવામાં આવેલ છે.તેમજ ઉચ્ચતર પગાર ધોરણની (૯-૧૮-૨૭)ડેટા એન્ટ્રીની કામગીરી હાથ ધરેલ છે. પે રોલ સીસ્ટમના અનુસંધાનમાં મ્યુ.બેંક,વિવિધ ક્રેડીટ સોસાયટીઓની કપાત,મ્યુ.કર્મચારીઓની લોન,કપાત,હેવી ડયુટી તેમજ નાઇટ એલાઉન્સના પત્રકોનું ડેટા ચેકીંગ અલગથી કરવામાં આવે છે.ચાલુ વર્ષથી વર્ગ ૧-૨-૩ના કર્મચારીઓનો પગાર જે રોકડમાં ચુકવવામાં આવતો હતો તે હવે બેંક મારફતે ચુકવવાનું નકકી થતા દરેક કર્મચારીઓના બેંક ફોર્મ ની ડેટા એન્ટ્રી તથા ચેકીંગ કરી પે રોલ પ્રોસેસ કરેલ છે.ઉપરાંત વર્ગ ૪ ના કર્મચારીઓના બેંક મારફત પેમેન્ટ માટેની પણ સવલતો ઉભી કરેલ છે.

(૧૩) અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની વેબસાઇટ www.egovamc.com ના વેબસાઇટ અપડેશનની કામગીરી પણ કરેલ છે.

(૧૪) એલ.આઇ.સી ની દર માસે કપાત સાચી થાય તે માટે ડેટા એન્ટ્રી કરી કપાતની વિગતો એલ.આઇ.સી ને સોફટ કોપી મારફતે પણ મોકલવામાં આવે છે

(૧૫) એમ.જે. લાયબ્રેરીના પે-રોલ નું સફળતાપૂર્વક સંચાલન કરી તેઓની પ્રિમાઇસીસમાં લોડ કરી પ્રતિમાસ પેરોલ તેઓને તેમના વિભાગમાં જ તૈયાર કરી પ્રિન્ટ કરી શકાય તેવી વ્યવસ્થા કરેલ છે.

(૧૬) વાડીલાલ સારાભાઇ હોસ્પિટલની પે-રોલ સીસ્ટમનું સોફટવેર મેઇન્ટેનન્સ વર્ષ દરમ્યાન કરી કર્મચારીઓના પગારબીલ,પગાર સ્લીપ,કપાત પત્રકો વિગેરે દર માસે નિયમિત સમયમર્યાદામાં પ્રિન્ટ કરી તે વિભાગના કર્મચારીઓને ઇસ્યુ કરેલ છે.

★ કોમ્પ્યુટર વિભાગ દ્વારા કોર્પોરેશનના અન્ય વિભાગોને સહકાર આપવામાં આવે છે.

(૧૭) આ ઉપરાંત નોન શીડયુલ રોજિંદા કર્મચારીઓના પગારબીલો હાથથી બનતા હતા જે હવે હાથે ન બનાવતા કોમ્પ્યુટર ખાતા ધ્વારા તૈયાર કરવામાં આવે છે.

(૧૮) રીટાયરમેન્ટ બેનીફીટ સિસ્ટમ ને એકાઉન્ટસ વિભાગમાં સર્વર તથા નેટવર્કીંગની મદદથી પેન્શન, પી.એફ., ગ્રેજયુઇટી, હક્ક રજાના હિસાબો તથા જી.આઇ.એસના મોડયુલને આવરી લઇ ગુજરાતી ભાષામાં રીપોર્ટ તૈયાર કરી શકાય તેવી સુવીધા ઉપલબ્ધ કરી અમલીકૃત કરેલ છે.

(૧૯) ઓડીટ વિભાગને સંપૂર્ણપણે કોમ્પુટરાઇઝેશન હેઠળ આવરી લઇ વાંધાઓ,તેના નિકાલ તથા વાર્ષિક અહેવાલ કોમ્પ્યુટર ઉપર નેટવર્કીંગ દ્વારા તૈયાર કરી શકાય તેવી વ્યવસ્થા કરેલ છે.

(૨૦) લીગલ ખાતાના હાઇકોર્ટ,સીટી સીવીલ કોર્ટના તમામ રેકર્ડનુ કોમ્પ્યુટરાઇઝેશન હાથ ધરી પૂર્ણ કરાયેલ છે.

(૨૧) નાણાં વિભાગના માસિક અહેવાલો, બજેટ તથા કમિટીમાં મુકાતા અહેવાલોના પત્રકોને ગુજરાતી ભાષામાં નાણાં વિભાગની જરૂરીયાત મુજબ કોમ્પ્યુટરાઇઝ કરી પ્રિન્ટ કરી શકાય તેવી વ્યવસ્થા પ્રોગ્રામમાં જરૂરી ડેવેલોપમેન્ટ કરી ઉપલબ્ધ કરી આપેલ છે.

(૨૨) ફાઇનાન્સીયલ એકાઉન્ટીંગ સીસ્ટમમાં નાણાકીય વર્ષ દરમ્યાન માસીક રીકન્સીલેસન, રીપોર્ટ મોડીફીકેશન એબસ્ટ્રેક લોડીંગ અને અપડેશન તથા ફાઇનલ પ્રોસેસીંગ નિયમિત રીતે કરી આપવામાં આવ્યું.ગુજરાતી ભાષામાં બજેટની કામગીરી નાણા વિભાગની માંગણી મુજબ તૈયાર કરી આપવામાં આવી માસીક હિસાબો ગુજરાતીમાં અને ત્રીમાસિક બજેટ સુધારા અને તેના અપડેશનની કામગીરી પણ સમયસર કરી આપવામાં આવેલ છે.એકાઉન્ટ વિભાગ દ્વારા પ્રોપર્ટી ટેક્ષ તેમજ અન્ય સિસ્ટમથી થયેલા રીટર્ન ચેકની અસર જે તે સિસ્ટમમાં ઓન લાઇન પધ્ધતિથી કરી શકાય તેવી વ્યવસ્થા કરેલ છે.

(૨૩) શહેરના સંસદ અને વિધાનસભાના પ્રતિનિધિઓ એવા સંસદ સદસ્યશ્રીઓ તેમજ વિધાનસભા સદસ્યશ્રીઓ ને તેમના વિસ્તારના વિકાસ કામો માટે મળી ગ્રાંટ સામે દરખાસ્ત થયેલ વિકાસ કામો અને આ કામોની પ્રગતિની ભૌતિક અને નાણાકીય માહિતી દર્શાવતી વિગતો વેબસાઇટ ઉપર એમ.પી./એમ.એલ.એ. ગ્રાંટના ફોલ્ડરમાં તૈયાર કરી મુકેલ છે.

(૨૪) અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની વહીવટી કામગીરી ને વધુ પારદર્શક બનાવવા સારૂ કર્મચારીઓ ને સંબંધિત વહીવટી આદેશો,વેબસાઇટ ઉપર એમ્પલોઇ ઓર્ડરના ફોલ્ડરમાં મુકવાની કાર્યવાહી કરેલ છે.આ હુકમો કોઇ પણ વ્યકિત ઇન્ટરનેટના માધ્યમ ધ્વારા પણ જોઇ શકે તેવી વ્યવસ્થા કરેલ છે.

(૨૫) અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશનના જુદાજુદા વિભાગો ધ્વારા ટેન્ડર જાહેરાતો સમાચારપત્રોમાં અપાતી હતી .આ ટેન્ડર જાહેરાતોને વૈશ્વિક સ્તરે પ્રસારણ મળે અને કોર્પોરેશનને વધુ સારી ઓફરો મળી રહે તે સારૂ તમામ વિભાગના ટેન્ડર્સ અત્રેની વેબસાઇટ ઉપર લોડ કરી મુકવામાં આવેલ છે.જેથી ઇન્ટરનેટ ધ્વારા કોઇપણ વ્યકિત ટેન્ડર જાહેરાત,ટેન્ડર ફોર્મ વાંચી શકે નકલ ડાઉનલોડ કરી શકે, અને અ.મ્યુ.કો.ને વધુ સારી ઓફર મળી શકે.

(૨૬) અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન ધ્વારા નિકાલ કરાતા ઘન કચરાની વિગતવાર માહિતી અ.મ્યુ.કો.ની વેબસાઇટ ઉપર અલગથી ફોલ્ડર સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ ધ્વારા દર્શાવેલ છે.અ.મ્યુ.કો.ના સીટી પ્લાનીગ ડીપાર્ટમેન્ટ ધ્વારા હાથ ધરાયેલ તમામ ટી.પી.સ્કીમ (પ્રપોઝડ)ની વિગતવાર માહિતી નકશા સ્વરૂપે નાગરીકોને ઉપલબ્ધ કરવા સારૂ વેબસાઇટ ઉપર સીટી પ્લાનીગ ડીપાર્ટમેન્ટ નામના ફોલ્ડર સ્વરૂપે લોડ કરેલ છે.

(૨૭) પ્રોપર્ટી ટેક્ષની સંપુર્ણ સમજ મેળવવા ઇચ્છતા નાગરીકોને સવલત મળી રહે તે સારૂ ટેક્ષશન રૂલ્સ એમેન્ડમેન્ટ-૨૦૦૧ નામના ફોલ્ડર ધ્વારા આખો રૂલ મુળ સ્વરૂપે જ લોડ કરી આપેલ છે.પ્રોપર્ટી ટેક્ષની ગણતરી માટે જંત્રી પણ "પ્રોપર્ટી ટેક્ષ રેડી રેકનર " દ્વારા વેબસાઇટ ઉપર મુકેલ છે.

(૨૮) અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના તમામ વિભાગો ધ્વારા જાહેર કરાતી ટેન્ડર નોટીસોની ગ્લોબલ કક્ષાએ પ્રસિધ્ધિ કરવા સારૂ આ ટેન્ડર નોટીસ અત્રેની વેબસાઇટ ઉપર નિયમિત રીતે લોડ કરવામાં આવે છે.

(૨૯) વ્હીકલ ટેક્ષ સીસ્ટમમાં સીટી સીવેક સેન્ટરો ઉપર વ્હીકલ ટેક્ષ પેટે કુલ ૪૦૧ વાહનો પાસેથી રૂા.૨૫૯૦૫૬=૦૦નો ટેક્ષ રીકવર કરેલ છે.

| વિગત | ટ્રાન્જેકશનની સંખ્યા | રકમ (રૂા.લાખમાં) |
|---|---:|---:|
| ગુમાસ્તાધારા | ૨૫૫૬૭ | ૨૯.૯૮ |
| જન્મ મરણ પ્રમાણપત્ર | ૭૩૯૨૮ | ૩૦.૧૬ |
| પ્રોપર્ટી ટેક્ષ | ૮,૪૩,૦૫૭ | ૨૬૯,૨૩.૦૨ |
| વ્હીકલ ટેક્ષ | ૩૦૧૦૯ | ૨૦૫.૭૯ |
| રાઇટ ટુ ઇન્ફર્મેશન | ૪૦૮૧ | ૦.૬૬ |
| ટી.ડી.ઓ.ફી | ૨૯૩૩ | ૧૩૪૮.૪૨ |
| બિલ્ડીગ પ્લાન | ૨૪૭૪ | ૩૬૨૪.૮૬ |
| હેલ્થ લાયસન્સ | ૩૫૯ | ૪.૪૦ |
| હોકર્સ લાયસન્સ | ૨૫૨ | ૧.૨૦ |

## સને ૨૦૦૭-૦૮ માં સીટી સીવીક સેન્ટરમાં થયેલ કામગીરી

## સીટી સીવીક સેન્ટર તથા કલેકશન સેન્ટરની માહિતી દર્શાવતુ
## પત્રક ૨.૪.૧

| અ. નં. | ઝોન | સેન્ટર | સરનામું |
|---|---|---|---|
| ૧ | પશ્ચિમ | લો ગાર્ડન | એલીસબ્રીજ |
| ૨ | મધ્ય | સરદારબાગ | લાલ દરવાજા |
| ૩ | મધ્ય | ગિરધરનગર | ગિરધરનગર વોર્ડ ઓફિસ |
| ૪ | મધ્ય | રીલીફ રોડ | રૂપમ સિનેમા સામે |
| ૫ | મધ્ય | દાણાપીઠ | મ્યુનિ.કોર્પો.કમ્પાઉન્ડ |
| ૬ | પશ્ચિમ | ઉસ્માનપુરા | ડો.રમણભાઇ પટેલભવન,ઉસ્માનપુરા |
| ૭ | પશ્ચિમ | વાસણા | ગોદાવરી ફલેટની પાસે ,વાસણા |
| ૮ | પશ્ચિમ | નવા વાડજ | નવા વાડજ મસ્ટર ઓફિસ |
| ૯ | દક્ષિણ | રામબાગ | દક્ષિણઝોન ઝોનલ ઓફિસ,રામબાગ |
| ૧૦ | દક્ષિણ | ઈસનપુર | ઈસનપુર વોર્ડ ઓફિસ |
| ૧૧ | દક્ષિણ | બાગેફિરદોશ | બાગેફિરદોશ વોર્ડ ઓફિસ |
| ૧૨ | ઉત્તર | મેમ્કો | રાજીવગાંધી ભવન,નરોડા રોડ |
| ૧૩ | ઉત્તર | નરોડા મુઠીયા | નરોડા મુઠીયા વોર્ડ ઓફિસ |
| ૧૪ | ઉત્તર | સરદારનગર | સરદારનગર લાયબ્રેરીભવન |
| ૧૫ | ઉત્તર | સરસપુર | સરસપુર બાલભવન |
| ૧૬ | પૂર્વ | રખિયાલ | મ્યુ.વિમળભાઇ લાયબ્રેરી |
| ૧૭ | પૂર્વ | વિરાટનગર | વિરાટનગર ઝોનલ ઓફિસ |
| ૧૮ | બેંક | (કલે.સેન્ટર) | કાલુપુર કો.ઓ.બેંક તથા આઇસીઆઇસીઆઇ બેંક ની જુદી જુદી બ્રાન્ચ |
| ૧૯ | નવા પશ્ચિમઝોન | બોડકદેવ | બોડકદેવ વોર્ડ ઓફીસ |
| ૨૦ | નવા પશ્ચિમઝોન | વેજલપુર | વેજલપુર વોર્ડ ઓફીસ |
| ૨૧ | નવા પશ્ચિમઝોન | મેમનગર | મેમનગર વોર્ડ ઓફીસ |
| ૨૨ | નવા પશ્ચિમઝોન | રાણીપ | રાણીપ વોર્ડ ઓફીસ |
| ૨૩ | નવા પશ્ચિમઝોન | વસ્ત્રાપુર | વસ્ત્રાપુર વોર્ડ ઓફીસ |
| ૨૪ | નવા પશ્ચિમઝોન | ચાંદલોડીયા | ચાંદલોડીયા વોર્ડ ઓફીસ |
| ૨૫ | મધ્ય | કાલુપુર ઓફીસ | જુની ઓકટ્રોય ઓફીસ બિલ્ડીગ,કાલુપુર |

## પ્રોપટી ટેક્ષ ની માહિતી દર્શાવતુ પત્રક ૨.૪.૨

| અ.નં | સીવીક સેન્ટર | ટ્રાન્સેકશન | રકમ |
|---|---|---|---|
| ૧ | લોગાર્ડન | ૬૦૦૬૫ | ૩૪૨૩૯૯૬૭૦ |
| ૨ | મેમ્કો | ૯૦૮૨૩ | ૨૩૯૯૬૪૬૭૩ |
| ૩ | મણિનગર | ૬૪૩૧૪ | ૨૪૦૦૬૪૧૨૧ |
| ૪ | રખિયાલ | ૮૫૩૫૭ | ૧૦૮૪૪૯૩૫૫ |
| ૫ | ઉસ્માનપુરા | ૧૦૬૭૦૦ | ૫૪૪૦૪૪૦૧૩ |
| ૬ | સરદારબાગ | ૩૪૭૩૮ | ૧૧૩૮૩૦૮૧૩ |
| ૭ | દાણાપીઠ | ૬૧૨૫૮ | ૨૦૨૨૬૯૨૭૦ |
| ૮ | રીલીફરોડ | ૪૫૬૧૦ | ૧૭૯૨૮૮૨૫૫ |
| ૯ | નવાવાડજ | ૧૮૯૬૯ | ૨૫૭૦૦૪૦૧ |
| ૧૦ | સરદારનગર | ૭૭૫૮ | ૧૬૬૧૭૫૨૬ |
| ૧૧ | વાસણા | ૨૫૮૦૩ | ૫૨૮૬૪૮૧ |
| ૧૨ | બાગેફિરદોષ | ૩૩૦૫૨ | ૭૦૬૫૮૩૬૬ |
| ૧૩ | ગિરધરનગર | ૧૭૯૯૩ | ૫૩૦૩૩૬૬૬ |
| ૧૪ | સરસપુર | ૧૨૯૬૭ | ૨૬૨૩૭૫૮૧ |
| ૧૫ | નરોડા મુઠીયા | ૧૫૪૬૪ | ૩૫૪૮૪૦૨૩ |
| ૧૬ | ઈસનપુર | ૩૫૪૫૨ | ૮૯૩૫૧૮૦૨ |
| ૧૭ | વિરાટનગર | ૪૦૨૮૯ | ૧૫૪૮૯૨૮૭૬ |
| ૧૮ | બોડક્દેવ | ૧૯૫૯૮ | ૩૪૧૫૨૯૭૬ |
| ૧૯ | વેજલપુર | ૨૬૨૨૩ | ૩૩૧૭૪૬૫૪ |
| ૨૦ | મેમનગર | ૧૩૮૭૯ | ૧૬૦૨૭૯૭૪ |
| ૨૧ | રાણીપ | ૨૩૦૧૭ | ૨૧૫૫૩૪૪૪ |
| ૨૨ | વસ્ત્રાપુર | ૧૧૦૧૭ | ૧૮૮૩૨૦૪૪ |
| ૨૩ | ચાંદલોડીયા | ૭૬૮૩ | ૧૦૭૪૧૭૭૩ |
| ૨૪ | કાલુપુર ઓફીસ | ૨૪૨૮ | ૩૭૫૬૩૫૩૨ |
| ૨૫ | બેંક | ૯૫૮૮ | ૨૫૧૧૯૯૦૬ |
| | કુલ | ૮૪૩૦૪૫ | ૨૬૯૨૨૭૯૧૯૫ |

# ૨.૫ ઈલેકશન ખાતુ
## ૦૭-૦૮

૧. અમદાવાદ મહાનગરપાલિકા હદ વિસ્તારમાં ઉમેરવામાં આવેલ ૧૭-નગરપાલિકાઓ તથા ૩૦-ગ્રામ પંચાયતોના વિસ્તારોના ૭-નવરચિત ઈલેકશન વોર્ડની દરખાસ્ત તૈયાર કરી કલેક્ટર અને જીલ્લા ચુંટણી અધિકારી શ્રી, અમદાવાદ દ્વારા ચકાસણી કરાવી રાજ્ય ચુંટણી પંચ, ગાંધીનગરની કચેરીને મોકલી અપાતા રાજ્ય ચુંટણી પંચ, ગાંધીનગર દ્વારા આદેશ ક્રમાંકઃ રાચપ/ચટણ/સમક/મનપા/અમદાવાદ/૨૦૦૭ તા.૧૯/૫/૦૭ થી સદર વિસ્તારોના સિમાંકન અંગેના આખરી આદેશો જારી કરવામાં આવેલ તેની પ્રસિધ્ધિ કરવામાં આવેલ.

૨. ત્યારબાદ તુરત જ રાજ્ય ચુંટણી પંચ, ગાંધીનગરની કચેરીના પરિપત્ર ક્રમાંકઃ ચટણ/મનપા/પીડીઇ/મતય/૧/૮૨૦૦૭/ક તા.૭/૮/૨૦૦૭ તથા આદેશ ક્રમાંકઃ ચટણ/મનપા/મતય/૭(૧)/૯૨૦૦૭/ક તા.૧૪/૯/૨૦૦૭ ની માર્ગદર્શક સુચનાઓ અને સમયબધ્ધ કાર્યક્રમ અનુસાર, સંબંધિત વિધાનસભા મતવિભાગોની તા.૧/૧/૨૦૦૭ની સ્થિતીએ આખરી પ્રસિધ્ધ થયેલ અને છેલ્લે અમલમાં હોય તેવી મુળ તથા પુરવણી મતદારયાદીઓ ઉપરથી અમદાવાદ મહાનગરપાલિકાના ઈલે.વોર્ડ નં. ૧ થી ૪૩ તેમજ નવરચિત ઈલે.વોર્ડ નં. ૪૬ થી ૫૨ ની તા.૧/૧/૨૦૦૭ ની સ્થિતીની વોર્ડવાર/ભાગવાર મતદારયાદીઓ તૈયાર કરવાની વિશિષ્ટ અને વિશાળ પ્રકારની કામગીરીઓ હાથ ધરવામાં આવેલ અને રાજ્ય ચુંટણી પંચ, ગાંધીનગરની કચેરી દ્વારા નિયત કરવામાં આવેલ કાર્યક્રમ અનુસાર જ તેની પ્રાથમિક પ્રસિધ્ધિ તા.૨૪/૯/૨૦૦૭ અને આખરી પ્રસિધ્ધિ તા.૨૦/૧૧/૨૦૦૭ ના રોજ કરવામાં આવેલ છે.

૩. મતદારયાદીઓની પ્રાથમિક પ્રસિધ્ધિ થયા બાદ તુરત જ તા.૧૦/૧૦/૨૦૦૭ ના રોજ ગુજરાત વિધાનસભા સામાન્ય ચુંટણી-૨૦૦૭ ની જાહેરાત થતા જ મહાનગરપાલિકા હદ વિસ્તારમાં જાહેર તેમજ ખાનગી જગ્યાઓ ઉપર ધજા-પતાકા, તોરણ, બેનર્સ, પોસ્ટર, હોર્ડીંગ્સ, દિવાલ પરના લખાણો વિગેરે જેવી આચારસંહિતા ભંગને લગતી બાબતો જણાય તો તેને તાત્કાલીક ઉતારી લેવા મિટીગનું આયોજન કરી ઝોનવાઇઝ ડે.એસ્ટેટ ઓફિસર શ્રીઓની રાહબરી હેઠળ રાઉન્ડ ધ કલોક દબાણની ગાડી, સ્ટાફ વિગેરે રાખી આચારસંહિતા અમલીરકણની કામગીરી સચોટ અને અસરકારક રીતે થાય તે માટે એક ઝુંબેશ ચલાવવામાં આવેલ તેમજ અમલીકરણની આ કામગીરીના ભાગરૂપે તા.૧૬/૧૦/૦૭ થી તા.૧૬/૧૨/૦૭ સુધીના સમયગાળા દરમ્યાન ઈલેકશન કંટ્રોલ રૂમ સંસ્કાર કેન્દ્ર, પાલડી ખાતે કાર્યરત કરી એસ્ટેટ અને ઈલેકશન વિભાગના કર્મચારીઓને તેમાં ૨૪-કલાક માટે શીફ્ટ ડ્યુટી ફાળવી આચારસંહિતા ભંગને લગતી ફરીયાદો નોંધી સંબંધિત ઝોનમાં તે ફરીયાદનો નીકાલ કરવાની કામગીરીનો મેસેજ/સુચના આપવાની કાર્યવાહી કરવા જણાવેલ તેમજ આ ઈલેકશન કંટ્રોલ રૂમ ખાતે વિધાનસભા સામાન્ય ચુંટણી-૨૦૦૭ સંદર્ભેની કોઇ પણ કામગીરી કોઇ પણ વિભાગને લગતી ફરીયાદો પણ નોંધી સંબંધિત વિભાગોને આ બાબત પરત્વે ઘટતી કાર્યવાહી કરવા નોંધ કરાવવાની કામગીરી આપવામાં આવેલ તથા આચારસંહિતા અમલીકરણ કામગીરીમાં થયેલ ખર્ચ જે તે રાજકીય પક્ષ/ઉમેદવારના ચુંટણી ખર્ચના હિસાબોમાં દર્શાવવા સારૂ નિર્દીષ્ટ ૧૪-ચુંટણી અધિકારી શ્રીઓ તરફ મોકલવામાં આવેલ અને સાથે-સાથે તે વસુલાત કરવા બાબતે વિધાનસભાવાર આ બાબત અંગે થયેલ ખર્ચની વિગતો તૈયાર કરી જે તે રાજકીય પક્ષ/ઉમેદવારોને આ અંગે નાણાં ભરપાઇ કરવા બાબતે નોટીસ પાઠવવાની કામગીરી જે તે ઝોનના એસ્ટેટ વિભાગ તરફથી હાથ ધરવા સુચના/આદેશ

કરવામાં આવેલ.

૪. મુખ્ય ચુંટણી અધિકારી શ્રી, ગુજરાત રાજ્યની સુચના અનુસાર વિધાનસભા સામાન્ય ચુંટણી-૨૦૦૭ સંદર્ભે શારીરીક રીતે અશકત મતદારો સરળતાથી મતદાન મથકમાં પ્રવેશ મેળવી પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે સારૂ અમદાવાદ મહાનગરપાલિકા હદ વિસ્તારમાં સમાવિષ્ટ તમામ મતદાન મથકો (મહાનગરપાલિકા હસ્તકના તેમજ મહાનગરપાલિકા હસ્તક સિવાયના) ઉપર રેમ્પની સુવિધા મહાનગરપાલિકા તરફથી ઉપલબ્ધ કરવા સારૂ તમામ ઝોનના એડીશનલ સીટી એન્જીનીયર શ્રીઓને આ બાબતે વખતો-વખત મિટીગનું આયોજન કરી સુચનાઓ આપી સંકલન ગોઠવી આ તમામ મતદાન મથકો ઉપર રેમ્પની સુવિધા મહાનગરપાલિકા તરફથી પુરી પાડવામાં આવેલ અને આ કામગીરી બાબતનો વિધાનસભા વાર/મતદાન મથક વાર રીપોર્ટ (મહાનગરપાલિકા હસ્તકના મકાનોમાં રેમ્પની સુવિધા પુરી પાડવામાં આવેલ અને તેમાં થયેલ ખર્ચ) તૈયાર કરી નિર્દીષ્ટ ૧૪- ચુંટણી અધિકારી શ્રીઓને મોકલી આપવામાં આવેલ તથા કલેક્ટર અને જીલ્લા ચુંટણી અધિકારી શ્રી, અમદાવાદ દ્વારા આપવામાં આવેલ સુચના અનુસાર મહાનગરપાલિકા હસ્તક સિવાયના મતદાન મથકો ઉપર પણ મહાનગરપાલિકા દ્વારા રેમ્પની સુવિધા પુરી પાડવામાં આવેલ આથી તેમાં મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવેલ ખર્ચ મેળવવા માટે વિધાનસભા વાર પત્રકો તૈયાર કરી નિર્દીષ્ટ ચુંટણી અધિકારી શ્રીઓને મોકલી આપવામાં આવેલ અને તેની જાણ કલેક્ટર અને જીલ્લા ચુંટણી અધિકારી શ્રી, અમદાવાદને કરવામાં આવેલ.

૫. વિધાનસભા સામાન્ય ચુંટણી-૨૦૦૭ સંદર્ભે મહાનગરપાલિકા હસ્તકની મ્યુનિ.શાળાઓ, બિલ્ડીગો કે જ્યાં મતદાન મથકો રાખવામાં આવેલ છે તે તમામ જગ્યાઓ ઉપર સફાઇ, પાણી, લાઇટ અંગેની વ્યવસ્થા કરવા મહાનગરપાલિકામાં આ કામગીરી સંભાળતા હેલ્થ, ઇજનેર અને લાઇટ વિભાગ સાથે વખતો-વખત મિટીગો ગોઠવી નિર્દીષ્ટ ૧૪- ચુંટણી અધિકારી શ્રીઓ સાથે આ કામગીરીઓ કરવા બાબતે સંયોજન કરી આ કામગીરી પરિપુર્ણ કરવા આયોજન ગોઠવવામાં આવેલ અને આ અંગે સતત સંપર્કમાં રહી કામગીરીઓ પુર્ણ કરવાની વ્યવસ્થા કરવામાં આવી.

વધુમાં, તમામ મતદાન મથક તરફ જતા રસ્તાઓ ઉપરથી રોડા,પુરણી, કાટમાળ, માટી, રેતી વિગેરે જણાય તો તે ઉપાડી લઇ રોજે-રોજ દવાનો છંટકાવ કરી સફાઇ કામગીરી સઘન બનાવવા તમામ ઝોનના ડે.હેલ્થ ઓફિસર શ્રીઓને મિટીગનું આયોજન કરી સુચના આપવામાં આવી.

ઉક્ત વિગતમાં દર્શાવ્યા પ્રમાણેની વિધાનસભા સામાન્ય ચૂંટણીઓ-૨૦૦૭ની વિશાળ કામગીરીઓ પૂર્ણ થયા બાદ તુર્ત જ, રાજ્ય ચુંટણી પંચ, ગાંધીનગરની કચેરીના પત્ર ક્રમાંકઃ રાચપ/ચટણ/નપા/નપં/મતય/૬/પાર્ટ(૨)/ ૧૨૦૦૮/ક તા.૪/૧/૨૦૦૮ની માર્ગદર્શક ચૂચનાઓને આધિન, વિધાનસભા મતદાર વિભાગોની તા.૧/૧/૨૦૦૭ ની સ્થિતીએ તા.૨૩/૭/૨૦૦૭ના રોજ આખરી પ્રસિધ્ધ થયેલ મતદારયાદીઓ પછી તેમાં સુધારણા કરી પુરવણી મતદારયાદીઓ પ્રસિધ્ધ કરવામાં આવેલ. આ પુરવણી મતદારયાદીઓના મતદારોની અસર મહાનગરપાલિકાની મતદારયાદીઓમાં આપવા અને પુરવણી મતદારયાદી નં.૧ સને-૨૦૦૭ તૈયાર કરવા આદેશ કરવામાં આવેલ. તદ્અનુસંધાને સદર કામગીરી ઇલેક્શન ખાતા દ્વારા હાથધરી અમદાવાદ મહાનગરપાલિકાના ઇલેક્શન વોર્ડ નં.૧ થી ૪૩ તથા ૪૬ થે ૫૨ ની પુરવણી મતદારયાદી નં.૧ સને-૨૦૦૭ તૈયાર કરવામાં આવેલ.

ઉક્ત કામગીરી પૂર્ણ થયા બાદ તુર્ત જ મહાનગરપાલિકા વિસ્તારમાં ઉમેરવામાં આવેલ વિસ્તારોના ઇલે.વોર્ડ નં.૪૬ થી ૫૨ ની કામગીરી હાથ ધરવામાં આવેલ પરંતુ શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાકઃ KV/3/2008AMN/902008/157/P તા.૧૭/૧/૨૦૦૮ અનુસંધાને, અગાઉ મહાનગરપાલિકા વિસ્તારોમાં ઉમેરવામાં આવેલ વિસ્તારનું સિમાંકન મુલતવી રાખી, ચાંદખેડા અને મોટેરા નગરપાલિકાઓનો વિસ્તાર અમદાવાદ મહાનગરપાલિકામાં સમાવવામાં આવેલ આથી આ (ઇલે.વોર્ડ નં.૪૬ થી ૫૨) વોર્ડોની ચૂંટણીઓ યોજાએલ નહી.

# ૨.૬ વેલ્ફેર ખાતુ

## ૦૭-૦૮

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના વ્યાપક હિતોને લગતી કલ્યાણકારી પ્રવૃતિ દ્વારા સંસ્થા અને તેના કર્મચારીઓ વચ્ચે કડીરૂપ ભૂમિકા ભજવતા વેલ્ફેર ખાતાની કામગીરીની રૂપરેખા અહેવાલી વર્ષમાં નીચે મુજબ રહેવા પામેલ છે.

**(૧) નોકરી દરમ્યાન અવસાન પામેલ કર્મચારીનાં કુટુંબ માટેઃ-**

નોકરી દરમ્યાન અવસાન પામેલ કર્મચારીઓના નિરાધાર થતા કુટુંબને સહાયરૂપ થવા તેઓને આશ્રિતને અગ્રિમતાના ધોરણે નોકરી આપવાના એડમી. ઠ.નં ૧૩૭૫ તા.૦૨.૧૨.૭૫ મુજબ આશ્રિતોને વર્ગ ૩ તથા વર્ગ-૪માં નોકરી આપવામાં આવે છે.સદર વર્ષ દરમ્યાન આવેલી દરખાસ્તો અંગેની વિગતો નીચે મજબ છે.

| | |
|---|---|
| ગત વર્ષની બાકી અરજીઓ | ૪૨ |
| ચાલુ વર્ષમાં નવી આવેલ અરજીઓ | ૭૪ |
| વર્ષ ૨૦૦૭/૨૦૦૮ ની કુલ અરજીઓ | ૧૧૬ |
| વર્ષ ૨૦૦૭/૨૦૦૮ માં નિકાલ કરેલ અરજીઓ | ૬૭ |
| વર્ષના અંતે બાકી અરજીઓ | ૪૯ |

આમ વર્ષ ૨૦૦૭/૨૦૦૮ માં કુલ ૪૧ આશ્રિતોને રહેમરાહે નોકરી આપવામાં આવેલ છે.૨૬ અરજીઓ દફતરે કરવામાં આવેલ છે.કુલ ૬૭ અરજીઓનો નિકાલ કરવામાં આવેલ છે.બાકી કેસો રહેવાનુ કારણ એ છે કે જુદા જુદા ખાતાઓ તરફથી અધૂરી દરખાસ્તો આવે છે.તથા અરજદારો તરફથી પૂરતાં પૂરાવા રજુ કરવામાં આવતા નથી.

**(૨) મૃત્યુ રાહત યોજનાઃ-**

મૃત્યુ જેવી અણધારી આપતિમાં સહાય**રૂપ** થવા મૃત્યુ રાહત યોજના હેઠળ અવસાન પામેલ મ્યુનિ.કર્મચારીઓના વારસદારોને તા.૩૦.૦૬.૯૭ના ઠરાવ નં ૧૧૭૧ થી રૂ.૨૫૦૦/-ની સહાય વેલ્ફેર ફંડમાંથી આપવામાં આવે છે.સદર વર્ષ દરમ્યાન રાહત યોજનાનો લાભ મૃત્યુ પામેલ ૧૬૧ કર્મચારીઓના વારસદારોને જે તે સંબંધિત ખાતા ધ્વારા આપવામાં આવેલ છે.

**(૩)ઘોડિયાઘરની વ્યવસ્થાઃ-**

મ્યુ. કમ્પાઉન્ડમાં ફરજ બજાવતી મહિલા કર્મચારીઓના નાના બાળકોની સંભાળ માટે ઘોડિયાઘરની પ્રવૃતિ ચલાવવામાં આવે છે. જેમાં બાળકોની સારસંભાળ રાખવા માટ એક આયા તથા એક સફાઇ કામદાર રાખવામાં આવેલ છે. અહેવાલી વર્ષમાં એવરેજ ૭ બાળકો માટે આ વ્યવસ્થાનો લાભ લેવામાં આવેલ હતો.

**(૪) લેડીઝ રૂમઃ-**

મ્યુ. કમ્પાઉન્ડમાં ફરજ બજાવતી મહિલા કર્મચારીઓ માટે લેડીઝ રૂમ ચલાવવામાં આવે છે અને તે લેડીઝરૂમની જરૂરીયાત મુજબ જરૂરી ચીજ વસ્તુઓ વેલ્ફેર ખાતા ધ્વારા પૂરી પાડવામાં આવે છે.

**(૫) ગ્રુપ વીમા યોજના :-**

સ્ટે.ક.ઠ. નં ૧૫૨૨/ તા. ૨૬-૩-૯૮ મુજબ તા.૧-૪-૯૮ થી રાજય સરકારનાં ધોરણે ગ્રુપ વીમા યોજનાની સ્કીમ અમલમાં આવેલ છે. જેમાં ગ્રેડ વાઇઝ કપાત રિસ્ક પ્રિમીયમ તથા વેલ્ફેર ખાતા ધ્વારા વર્ષ દરમ્યાન આપવામાં આવેલ રિબેટની રકમ નીચે મુજબ છે.

| કેટેગરી | કર્મચારીનીસંખ્યા | કુલ જી.આઇ.એસ | રિસ્ક પ્રિમીયમ | રિબેટની કુલ રકમ |
|---|---|---|---|---|
| એ | ૪૪૩ | ૧૭૭૨૦૦ | ૫૩૧૬૦ | ૧૩૨૯૦ |
| બી | ૫૫૩ | ૧૧૦૬૦૦ | ૩૩૧૮૦ | ૮૨૯૫ |
| સી | ૪૪૫૯ | ૪૪૫૯૦૦ | ૧૩૩૭૭૦ | ૩૫૬૭૨ |
| ડી | ૧૨૮૧૪ | ૬૪૦૭૦૦ | ૧૯૨૨૧૦ | ૫૧૨૫૬ |
| કુલ | ૧૮૨૬૯ | ૧૩૭૪૪૦૦ | ૪૧૨૩૨૦ | ૧૦૮૫૧૩ |

આમ વેલ્ફેર ખાતા ધ્વારા આશરે એક લાખ આઠ હજાર પાંચસો તેર રૂપિયા જેટલી રકમ ભોગવવાની થાય છે.વેલ્ફેર ખાતા ધ્વારા ઉપર મુજબ કર્મચારી કલ્યાણ પ્રવૃતિઓ કરવામાં આવે છે.

(૬) ઇજનેર મેનહોલ ખાતામાં અવસાન પામેલ તેમજ અનફીટ થયેલ કર્મચારીના કુટુંબ માટે
અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ઇજનેર મેનહોલ ખતામાં નોકરી દરમ્યાન અવસાન પામેલ તેમજ અનફીટ થયેલ કર્મચારીઓના આશ્રીત વારસદારોને સ્ટે.કમિટે ઠ નં ૧૨૯૬ તા.૧૯.૧.૦૬ તથા મ્યુનિ. કોર્પો.ઠ.ને.૧૦૯૩ તા. ૨૭.૦૨.૦૬ થી મળેલ મંજુરી અનુસાર નોકરી આપવામાં આવે છે.સદર વર્ષ દરમ્યાન આવેલી દરખાસ્તો અંગેની વિગતો નીચે મુજબ છે.

| | |
|---|---|
| ગત વર્ષની બાકી અરજીઓ | ૨૯ |
| ચાલુ વર્ષમાં નવી આવેલ અરજીઓ | ૨૩ |
| વર્ષ ૨૦૦૭-૨૦૦૮ ની કુલ અરજીઓ | ૫૨ |
| વર્ષ ૨૦૦૭- ૨૦૦૮માં નિકાલ કરેલ અરજીઓ | ૨૫ |
| વર્ષના અંતે બાકી અરજીઓ | ૨૭ |

આમ વર્ષ ૨૦૦૭-૦૮માં કલિ ૨૪ આશ્રિતોને રહેમરાહે નોકરી આપવામાં આવેલ છે.૧ અરજી દરફતે કરવામાં આવેલ છે.કુલ ૨૫ અરજીઓ નો નિકાલ કરવામાં આવેલ છે. જુદા જુદા ખાતાઓ તરફથી અધુરી દરખાસ્તો આવે છે.તથા અરજદારો તરફથી પૂરતા પૂરાવા રજુ કરવામાં આવતા ન હોવાને કારણે વર્ષાતે ૨૭ અરજીઓ પેન્ડીગ રહેલ છે.

## પત્રક ૨.૬.૧
## અવસાન પામેલ કર્મચારીઓનાં આશ્રિતને નોકરી આપવા માટેની આવેલ અરજીઓની માહિતી દર્શાવતું પત્રક

| વર્ષ | ગત વર્ષ સુધીની બાકી અરજીઓ | ચાલુ વર્ષે નવી આવેલ અરજીઓ | કુલ અરજીઓ | નિકાલ કરેલ અરજીઓ | | | વર્ષાન્તે બાકી અરજીઓ |
|---|---|---|---|---|---|---|---|
| | | | | નોકરી માટે ભલામણ કરેલ અરજી | ફાઈલ કરેલ અરજીઓ | નિકાલ થયેલ કુલ અરજીઓ | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| | | | | | | | |
| ૦૫/૦૬ | ૧૭૭ | ૯૩ | ૨૭૦ | ૧૩૨ | ૩૨ | ૧૬૪ | ૧૦૬ |
| | | | | | | | |
| ૦૬/૦૭ | ૧૦૬ | ૬૦ | ૧૬૬ | ૮૬ | ૩૮ | ૧૨૪ | ૪૨ |
| | | | | | | | |
| ૦૭/૦૮ | ૨૯ | ૨૩ | ૫૨ | ૨૪ | ૧ | ૨૫ | ૨૭ |

## ૨.૭ ગુમાસ્તાધારા ખાતુ
## ૦૭-૦૮

ફેક્ટરી એક્ટ લાગુ પડતો ન હોય તેવી સંસ્થાઓને જેમકે દુકાનો, વેપારી પેઢીઓ, હોટલો અને થિયેટરોને સને ૧૯૪૮નો બોમ્બે શોપ્સ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટ એકટ લાગુ પડે છે. આ એકટનો તથા પેમેન્ટ ઓફ વેજીસ એક્ટનો અમલ કરાવવાનું તથા તેના કેસો કોર્ટમાં દાખલ કરી કસુરદારને યોગ્ય નશ્યત કરાવવાનું કામ ગુમાસ્તાધારા ખાતા દ્વારા કરવામાં આવે છે. આ એક્ટ તમામ દુકાનો, વેપારી પેઢીઓ, રેસીડેન્શીયલ હોટલો, રેસ્ટોરન્ટ, ખાનપાનની જગ્યાઓ, સિનેમા, નાટકો, થીયેટરો અને જાહેર આનંદપ્રમોદની તમામ સંસ્થાઓને લાગુ પડે છે.અહેવાલી વર્ષ સુધીમાં આવી સંસ્થાઓની કુલ સંખ્યા ૪૫૬૯૯૫ જેટલી છે. ગત વર્ષેમાં આવી સંસ્થાઓની સંખ્યા ૪૩૮૬૬૦ હતી. અહેવાલી વર્ષે આ સંસ્થાઓમાં કામ કરતા ગુમાસ્તાઓની સંખ્યા ૩૭૧૧૩૩ તથા સંસ્થાના માલિકોની સંખ્યા ૩૩૧૬૧ હતી.

સને ૧૯૪૮ ધી બોમ્બે શોપ્સ એન્ડ એસ્ટા.એક્ટનાં કાનુન ભંગ અંગે પગારમાં કાપકૂપ, કાયદા મુજબની નોટીસ વગર નોકરીમાંથી છૂટા કરવા તથા હક્કરજાનો પગાર અને નોટીસ પગાર ન મળવાને કારણે નોકરો તરફથી લેખિત ફરિયાદો વધુ આવે છે. જે ગુમાસ્તાઓની તેમના હક્ક પ્રત્યેની જાગૃતિ દર્શાવે છે. પેમેન્ટ ઓફ વેજીસ એક્ટના ભંગ અંગેની ફરિયાદોનો નિકાલ કોર્ટનાં આશ્રય વગર પણ કરવામાં આવે છે. જે સંસ્થાઓમાં બાળ કામદાર માલુમ પડે તેની સામે એક્ટની કલમ ૩૨ મુજબ પગલાં ભરવામાં આવે છે.

અમદાવાદ મ્યુનિ.કોર્પોનાં હદવિસ્તાર સાથે એકટના અમલ નીચે નોંધાયેલ સંસ્થાઓની સંખ્યા પ્રતિવર્ષ વધતી જાય છે. સરકારે પ્રસિધ્ધ કરેલ રજીસ્ટ્રેશન રીન્યુઅલ અંગેના રૂલ અનુસાર અહેવાલી વર્ષ દરમ્યાન રીન્યુઅલ ફી ની આવક રૂા ૧૬.૩૦ લાખ થઈ છે.

બોમ્બે પ્રોવિન્સિયલ મ્યુ.કોર્પો. એકટ ૧૯૪૯ હેઠળ મ્યુ.કોર્પો.નાં વિસ્તારની દુકાનો, વેપારીગૃહો, હોટલો, નાસ્તાગૃહો, સિનેમાગૃહો, અને જાહેર મનોરંજનની સંસ્થાઓ જેવા નાના વેપારીગૃહોના કર્મચારીઓને ગુજરાત શોપ્સ એન્ડ એસ્ટા. એકટ ૧૯૮૦ જે સંસ્થાઓને લાગુ પડે છે. તેમાં આ યોજના હેઠળ ૧ લી જાન્યુ. ૧૯૮૧થી ગુમાસ્તાઓ માટેની "ફરજીયાત ગ્રુપ વીમા યોજના" દાખલ કરાવવામાં આવેલ છે. આ યોજના અન્વયે જે કર્મચારીઓ પૂર્ણ સમયનાં હોય, ૧૮ વર્ષથી ઉપર અને ૬૦ વર્ષથી નીચેની ઉંમરના હોય તેઓને લેવામાં આવે છે. સંસ્થાનાં માલિકે પ્રત્યેક કર્મચારી દીઠ રૂા.૬/- તથા કર્મચારીએ પ્રિમિયમ ફાળા પેટે દર વર્ષે રૂા.૬/- મળી કુલ રૂા.૧૨/- દર વર્ષે ૧૫મી જાન્યુ. અગાઉ ભરવાના હોય છે. વીમાની રકમ મૃત્યુ પામેલ કર્મચારીનાં વારસદારોને વધુમાં વધુ રૂા.૧૦,૦૦૦/- સુધી જીવનવીમા કોર્પો. ચૂકવે છે.

અહેવાલી વર્ષમાં રીન્યુઅલ ફીની આવક કલમ ૭ અને ૮ એટલે કે નવી સંસ્થાઓનાં રજીસ્ટ્રેશન અંગેના 'એ' ફોર્મની આવક તથા નોંધણીમાં ફેરફાર અંગેની 'ઈ' ફોર્મની આવક અને રજીસ્ટ્રેશનના ડુપ્લીકેટ ફોર્મની આવક મળી એકંદર કુલ આવક રૂા. ૧૬.૬૩ લાખની થઇ છે જે ગત વર્ષે રૂા.૧૬.૧૫ લાખની થયેલ હતી.

એક્ટ નીચેની સંસ્થાઓમાં કામ કરતાં નોકરો તથા પ્રજાના સહકાર વિના આ એક્ટનો અમલ કરવો મુશ્કેલ છે. આવા નોકરો, નોકરી ગુમાવવાના ભયથી સહકાર આપતા નથી. પરંતુ હાલમાં નોકરોના યુનિયનો અસ્તિત્વમાં આવતા જાય છે. જે એક નવી આશાનું શુભચિન્હ ગણી શકાય.

સને ૧૯૪૮ના બોમ્બે શોપ્સ એન્ડ એસ્ટા.ની કલમ ૭૧ મુજબ ગુમાસ્તાધારા ખાતા તરફથી પ્રતિવર્ષ રીપોર્ટ મ્યુ.કમિશનરશ્રી દ્વારા સરકારશ્રીને મોકલવામાં આવે છે.

**પત્રક ૨.૭.૧**

**નોંધાયેલ સંસ્થાઓનું વર્ગીકરણ અને કામદારોની સંખ્યા દર્શાવતુ પત્રક**

| ક્રમ | સંસ્થાઓની વિગત | કુલ સંખ્યા | સંસ્થામાં કામ કરતાં માલીકના કુટુંબના સભ્યોની સંખ્યા | | | સંસ્થામાં કામ કરતાં મેનેજર તથા ખાસ હોદ્દેદાર માણસોની સંખ્યા | નોકરીયાતોની સંખ્યાકોલમ-૩ સિવાયના | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | પુરુષ ૨-અ | સ્ત્રી ૨-બ | નાની વયના ૨-ક | | પુરુષ ૪-અ | સ્ત્રી ૪-બ | નાની વયના ૪-ક |
| ૧ | દુકાનો | ૩૩૦૧૬૧ | ૪૩૦૦૭ | ૨૬૬૬ | ૪૦૭ | ૨૨૮૦ | ૧૨૦૬૧૪ | ૫૧૯૭ | ૪૫૦ |
| ૨ | વેપારી સંસ્થાઓ | ૧૨૦૦૬૧ | ૧૯૫૯૫ | ૧૭૫૦ | ૪૩૧ | ૨૯૩૮ | ૨૧૩૨૫૩ | ૧૫૬૪૬ | ૨૨૫૬ |
| ૩ | રહેવાની સગવડ ધરાવતી હોટલો | ૬૯૫ | ૨૩૦૨ | ૧ | ૩૯ | ૨૨ | ૪૨૫૮ | ૯૭ | ૫૧ |
| ૪ | રેસ્ટોરન્ટ અને ભોજનાલયો | ૫૯૦૧ | ૭૧૮ | ૧૬૦ | ૧૫ | ૩૨૯ | ૧૯૫૭૬ | ૯૪ | ૨૧૧ |
| ૫ | થિયેટરો અને આનંદ પ્રમોદની જગ્યા | ૧૭૭ | ૨૩ | ૪ | ૧૩ | ૪૯ | ૧૨૨૧ | ૪ | - |
| કુલ | | ૪૫૬૯૯૫ | ૬૫૬૪૫ | ૪૫૮૧ | ૯૦૫ | ૫૬૧૮ | ૩૫૮૮૯૨ | ૨૧૦૩૮ | ૨૯૬૮ |

**પત્રકઃ૨ઃ૭ઃ૨**

**જાહેર વિભાગની સંસ્થાઓની માહિતી**

| માલિક દ્વારા સવતંત્ર રીતે ચાલતી સંસ્થાઓ | બીજી | કુલ | સંસ્થાઓના માલિકોની સંખ્યા કોલમ-૩ જેટલી | દુકાનમાં કામ કરતા ગુમાસ્તાઓ મેનેજર તથા નોકરીયાતો સાથે |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૨૨૦૩૪૪ | ૧૦૯૮૧૭ | ૩૩૦૧૬૧ | ૩૩૦૧૬૧ | ૩૭૧૧૩૩ |

**પત્રકઃ૨ઃ૭ઃ૩**

| | | |
|---|---|---|
| **ઈન્સપેકશન-૨૦ મુજબની માહિતી** | | |
| ૧ | એકટ મુજબ કામ કરતા ઈન્સપેકટરોની સંખ્યા | ૧ |
| ૨ | વર્ષ દરમ્યાન એકસ ઓફીસરોની સંખ્યા | - |
| ૩ | વર્ષ દરમ્યાન ઈન્સપેકટરે કરેલ નિરીક્ષણોની સંખ્યા | ૧૪૦ |
| ૪ | વર્ષ દરમ્યાન અનિયમિતતાઓ ધ્યાન પર આવેલ હોય તો તેની સંખ્યા | |

**પત્રક ૨ઃ૭ઃ૪**

| | | |
|---|---|---|
| **વર્ષ દરમ્યાન કરેલ કેસનું વર્ગીકરણ** | | |
| ૧ | વર્ષ ની શરૂઆતમાં બાકી રહેલ કેસ | ૮૨ |
| ૨ | વર્ષ દરમ્યાન કોર્ટમાં દાખલ કરેલ કેસ | - |
| ૩ | કુલ સરવાળો | ૮૨ |
| ૪ | સફળ પૂરવાર થયેલ કેસ | - |
| ૫ | નિસફળ થયેલ કેસ | - |
| ૬ | પાછા ખેચેલ કેસ | - |
| ૭ | વર્ષ આખરે બાકી રહેલ કેસ | ૮૨ |
| ૮ | વર્ષ દરમ્યાન થયેલ દંડની રકમ રૂા. | - |

**પત્રકર૨ઃ૭ઃ૫**

| | | |
|---|---|---|
| **વર્ષ દરમ્યાન કલમ-૭ અને કલમ-૮ હેઠળ વસુલ કરેલ ફી ની વિગત** | | |
| ૧ | **કલમ-૭ મુજબ નોંધણી તથા રીન્યુઅલ ફી ની રકમ** | **રૂા.૧૬,૩૦,૪૫૫/-** |
| ૨ | **કલમ-૮ મુજબ ફેરફારની રકમ** | **રૂા.૬,૧૮૮/-** |
| ૩ | **અન્ય ફી ની રકમ** | **રૂા.૨૬,૨૯૫/-** |
| ૪ | **કુલ સરવાળો** | **રૂા.૧૬,૬૨,૯૩૮** |
| | | |

**અન્ય વિગતઃ**

| | | |
|---|---|---|
| ગ્રુપ વીમો | ઈન્સ્યુરન્સ ફી | ૭૭૫૨ |
| સાઈન બોર્ડ | | ૧૩૨૮૨૫૭ |
| | | --------------- |
| કુલ | | ૧૩૩૬૦૦૯ |

# ૨.૮ લીગલ ખાતુ

## ૦૮-૦૯

લીગલ ખાતા ધ્વારા મ્યુનિ.કોર્પો.ની તમામ પ્રકારની કાનુની કામગીરી હાથ ધરવામાં આવે છે. આ ખાતા ધ્વારા ડે.મ્યુનિ.કમિ.શ્રીઓને અને ખાતાના અધિકારીશ્રીઓને પાવર્સ ડેલીગેશન કરવાની મ્યુનિ.કોર્પો.ના સ્ટેન્ડીંગ ઓર્ડર, બાયલોઝ, રેગ્યુલેશન તથા અન્ય નીતિ નિયમોમાં સુધારા-વધારા કરવાની તથા નિયમો બનાવવાની કામગીરી કરવામાં આવે છે. આ ઉપરાંત જુદી જુદી કોર્ટોમાં મ્યુનિ.કોર્પો. વિરૂધ્ધ દાખલ થતા દાવાઓમાં તથા મ્યુનિ.કોર્પો.તરફથી કરવામાં આવતા દાવાઓમાં વકીલો રોકવાની, વકીલોને ફી ચુકવવાની કોર્ટના ચુકાદાઓનો અમલ કે ચુકાદા વિરૂધ્ધ અપીલ કરવાની બી.પી.એમ.સી. એકટ તથા પી.એફ. એ. એકટ હેઠળની ફરિયાદો દાવાની કામગીરી તમામ ખાતાઓને કાનુની માર્ગદર્શન તથા સલાહ સુચનો આપવાની કામગીરી કરવામાં આવે છે.

અહેવાલવાળા વર્ષ દરમ્યાન નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ છે.

૧) મ્યુનિ.કમિ.શ્રીને પોતાની સત્તા બી.પી.એમ.સી. એકટ ૧૯૪૯ની કલમ મુજબ ૪૯(૧) હેઠળ ડે.મ્યુનિ.કમિ.શ્રીઓને અને કલમ-૬૯(૧) નીચે મ્યુનિ.અધિકારીઓને સોંપવાની સત્તા મળેલ છે. અહેવાલવાળા વર્ષમાં ઉપરોકત જોગવાઇ હેઠળ કુલ ૦૪ ડેલીગેશન ડેપ્યુટેશન ઓર્ડર કરવામાં આવેલા છે.

૨) મ્યુનિ.કોર્પો.ના બાયલોઝ રેગ્યુલેશન, સ્ટેન્ડીંગ ઓર્ડરોમાં સુધારા કરાવવા તથા નવા નિયમો બનાવવા અને જુદા જુદા ખાતાઓમાંથી આવતી દરખાસ્તો સબંધમાં તજવીજ કરવાની નવા નિયમો કે ચાલુ નિયમોમાં સુધારા વધારા સામે જાહેર વાંધાઓ મંગાવવા, વર્તમાનપત્રો તથા ગેઝેટમાં નોટીસે પ્રસિધ્ધ કરાવવાની તથા મંજુર થયેલ દરખાસ્તોને રાજય સરકારની મંજુરી માટે મોકલવાની કામગીરી કરવામાં આવે છે. અહેવાલવાળા વર્ષ દરમ્યાન વિનીયમો તથા કર્મચારીઓની ભરતી અને બઢતી, લાયકાતો અંગેના નિયમો અંગે કુલ ૦૪ આર.જી.એન. ઠરાવોથી સુધારા કરવામાં આવેલા છે અને આર.એલ.એસ. ના ૩ ઓર્ડર કરવામાં આવેલ છે.

૩) સુપ્રિમકોર્ટ, હાઇકોર્ટ, સીટી સીવીલ કોર્ટ, સ્મોલકોઝ કોર્ટ, સેસન્સ કોર્ટ, મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટમાં મ્યુનિ.કોર્પો. વિરૂધ્ધ થતા અને અ.મ્યુ.કો. ધ્વારા દાખલ કરવામાં આવતા કેસોમાં મ્યુનિ.કોર્પો. તરફથી રજુઆત (બચાવ) કરવા માટે કોર્ટવાઇઝ એડવોકેટોની પેનલ રોકવામાં આવે છે. ઉપરોકત કોર્ટ ધ્વારા આપવામાં આવતા ચુકાદા હુકમો કે એવોર્ડને જે તે ખાતામાં મોકલી આપી અમલ કરવાની તથા જરૂર જણાય તો જુદા જુદા ચુકાદા વિરૂધ્ધ અપીલ કરાવવાની તજવીજ કરવામાં આવે છે. અહેવાલી વર્ષમાં ઉપરોકત કોર્ટોમાં નીચે મુજબની કામગીરી થયેલ છે.

(અ) મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટ નં. ૬ તથા કોર્ટ નં. ૮માં ઓકટ્રોય સ્ટેન્ડીંગ ઓર્ડરનો ભંગ પી.એફ.એ. હેઠળની ફરીયાદ બી.પી.એમ.સી. એકટ હેઠળની ફરીયાદો દાવાઓ દાખલ થાય છે. સને ૨૦૦૮ના વર્ષ દરમ્યાન વર્ષની શરૂઆતમાં કોર્ટોમાં કેસો ૨૨૧૪ બાકી હતા. વર્ષ દરમ્યાન નવા ૨૦૮ કેસો દાખલ થયેલ છે. જે પૈકી કોર્પો.ની તરફેણમાં ૬૦ કેસો અને મ્યુનિ.કોર્પો.ની વિરૂધ્ધ ૦૩ કેસોનો નિકાલ થયેલ છે. તેમજ વર્ષના અંતે કુલ ૨૩૫૯ કેસો બાકી રહેલા હતા. તેમજ કુલ ૬૩ કેસનો નિકાલ થયેલ હતો.

(બ ) સીટી સીવીલ કોર્ટમાં વર્ષની શરૂઆતમાં ૮૫૧૭ દાવા પેન્ડીંગ હતા. વર્ષ દરમ્યાન ૫૫૮ દાવા નવા દાખલ થયેલ. ૩૯૮ દાવાઓનો નિકાલ થયેલ હતો. વર્ષના અંતે ૮૬૭૭ દાવાઓ બાકી રહેલ હતા. મ્યુનિ. તરફેણમાં ૩૮ દાવાઓ હતા અને મ્યુનિ. વિરૂધ્ધમાં ૦૮ દાવાઓ અને મ્યુનિ.કોર્પો. સામે થયેલ અને પાછા ખેંચેલ કુલ ૩૩૬ દાવાઓ હતા. ડીસમીસ થયેલ કેસ ૧૬ હતા. આમ કુલ ૩૯૮ દાવાઓ ઉપરોકત કોર્ટોમાં નિકાલ થયેલ હતા.

(ક) હાઈકોર્ટમા ચાલતા કેસોમાં જુદા જુદા એડવોકેટોની પેનલો રોકવામાં આવે છે. જે તે કેસોની અગત્યના અને કેસની વિગત (વિષયો)ને લક્ષમાં લઈને પેનલ ઉપરના એડવોકેટોને બ્રીફ આપવામાં આવે છે. વર્ષની શરૂઆતમાં હાઈકોર્ટમાં ૩૧૫૯ કેસો પેન્ડીંગ હતા. વર્ષ દરમ્યાન ૩૮૭ દાવાઓ નવા દાખલ થયેલ હતા. વર્ષ દરમ્યાન ૧૯૦ કેસોનો નિકાલ થયેલ હતો. તે પૈકી ૧૨૭ કેસો મ્યુનિ. તરફેણમાં જજમેન્ટ આવેલ તથા ૬૩ મ્યુનિ.કોર્પો. વિરૂધ્ધ જજમેન્ટ આવેલ હતા. આમ વર્ષના અંતે ૩૩૫૬ કેસો બાકી રહેલા હતા.

(ડ) સ્મોલ કોઝ કોર્ટ વર્ષની શરૂઆતમાં પ્રોપર્ટી ટેક્ષ સિવાયના કુલ ૨૦૯ કેસો પેન્ડીંગ હતા. વર્ષ દરમ્યાન ૦૩ કેસોનો નિકાલ થયેલ છે, તે પૈકી ૦૩ કેસો મ્યુનિ.કોર્પો.ની તરફેણમાં અને ૦ કેસો મ્યુનિ.કોર્પો. વિરૂધ્ધમાં નિકાલ થયેલ છે. વર્ષ દરમ્યાન ૨૧ કેસો નવા દાખલ થયેલા હતા. વર્ષના અંતે કુલ કેસ ૨૨૭ બાકી રહેલા હતા.

(ઇ ) પ્રોપર્ટી ટેક્ષ અંગે મ્યુનિ. વેલ્યુએશન અપીલો વર્ષની શરૂઆતમાં બાકી ૫૮૩૭ હતી. વર્ષ દરમ્યાન ૫૮૨ કેસોનો નિકાલ થયેલ છે. તે પૈકી ૫૧૦ કેસો મ્યુનિ.કોર્પો.ની તરફેણમાં અને ૭૨ કેસો મ્યુનિ.કોર્પો.ની વિરૂધ્ધમાં નિકાલ થયેલ છે. વર્ષ દરમ્યાન ૧૬૦ કેસો નવા દાખલ થયેલા હતા. વર્ષાંતે કુલ કેસો ૫૪૧૫ બાકી રહેલા હતા.

(એફ) સુપ્રિમ કોર્ટમાં વર્ષની શરૂઆતમાં ૪૫ કેસો પેન્ડીંગ હતા. વર્ષ દરમ્યાન કુલ ૧૨ કેસો નવા દાખલ થયેલા છે. તે પૈકી ૦૪ કેસોનો નિકાલ થયેલ છે. કેસોના નિકાલ પૈકી મ્યુનિ. કોર્પો. તરફેણમાં ૦૩ જજમેન્ટ વિરૂધ્ધમાં ૦૧ જજમેન્ટ તેમજ અન્ય રીતે ૦ કેસોનો નિકાલ થયેલ છે. વર્ષના અંતે કુલ ૫૩ કેસ બાકી રહેલ છે.

ઉપરોકત કોર્ટોમાં મ્યુનિ.કોર્પો.ના પેનલ ઉપરના એડવોકેટોને નિયત કરેલ ફી ચુકવવામાં આવે છે. કેસની અગત્યના ધ્યાનમાં લઈ સ્પે.ફી થી પણ સીની.કાઉન્સીલરો રોકવામાં આવે છે. વર્ષ દરમ્યાન મ્યુનિ. એડવોકેટોને રૂા. ૮૯,૮૭,૯૪૧/- પ્રોફેશનલ ફી ચુકવવામાં આવેલ છે.

કોર્ટોની કામગીરી ઉપરાંત લીગલ ખાતા ધ્વારા તમામ ખાતાઓને કાયદાકીય સલાહ સુચનો માર્ગદર્શન, કાનુની અભિપ્રાયો આપવાની કામગીરી સીની. લીગલ આસીસ્ટંટ ધ્વારા કરવામાં આવે છે. આ ઉપરાંત પેનલ ઉપર મ્યુનિ. એડવોકેટ તરીકે રોકેલા શ્રી જે. એમ. વાસુ એડવોકેટ્સ પણ અભિપ્રાય આપવાની કામગીરી

સોંપવામાં આવેલ છે અને તેઓએ કાનુની સલાહ/અભિપ્રાય આપેલ છે. તા. ૩૦.૦૯.૦૬ થી પેનલ એડવોકેટ શ્રી જે. એમ. વાસુની નિમણુંક કરવામાં આવેલ છે.

લીગલ ખાતાની કામગીરી સીનીયર લીગલ આસી.શ્રીની સીધી દેખરેખ હેઠળ એક આસી. મેનેજરશ્રી, ઓ. સુપ્રિ.શ્રી, જુની. લીગલ આસી.શ્રી, હેડ કલાર્કશ્રી, સીની. કલાર્ક, જુની. કલાર્ક તથા પટાવાળાઓ સહિત કુલ ૩૧ કર્મચારીઓ ધ્વારા કરવામાં આવે છે. અહેવાલવાળા વર્ષ દરમ્યાન રૂા. ૪૩,૫૭,૧૫૭/- જેટલું એસ્ટાબ્લીશમેન્ટ ખર્ચ થયેલ છે.

# ૨.૯ હીલગાર્ડન, પ્રાણીસંગ્રહાલય અને બાલવાટિકા

## ૦૭-૦૮

અમદાવાદ શહેરમાં આવેલ કાંકરિયા તળાવની ફરતે, ઉંચીનીચી ટેકરીઓનો વિકાસ કરી, હીલ ગાર્ડનના વિકાસની સાથે સને ૧૯૫૧માં કમલાનેહરુ  ઝૂઓલોજીકલ ગાર્ડનની સ્થાપના કરવામાં આવી હતી. સ્થાપના સમયે ઝૂ માં જુદા જુદા પ્રાણીઓ, પક્ષીઓ અને સરિસૃપોનુ પ્રદર્શન કરવામાં આવતુ હતું. પ્રાણીસંગ્રહાલયને ઝૂ ઓથોરીટી નવી દિલ્હીની માન્યતા મળતા તેનાં નીતિનીયમો ને  આધારે ઝૂ નો મુખ્ય ઉદ્દેશ નાશપ્રાય વન્ય જીવોનું સંરક્ષણ ,શિક્ષણ અને સંશોધન હોઇ તે મુજબની કામગીરી થાય છે.દર વર્ષે ઝૂની સમીક્ષા સુચનો સેન્ટ્રલ ઝૂ ઓથોરીટી તરફથી થાય તેમુજબ પણ તેનો અમલ કરવામાં આવે છે.નવા પ્રોજેકટ માટે સેન્ટ્રલ ઝૂ ઓથોરીટી નાણાકીય સહાય ગ્રાંટ ધ્વારા કરે છે.

**<u>પ્રાણીસંગ્રહાલયઃ-</u>**

વિશ્વનાં વિવિધ દેશોનાં વિવિધ પશુ પક્ષીઓ અને સરીસૃપો આ પ્રાણીસંગ્રહાલયમાં છે. જેની સંખ્યા  ૨૫૦૦ જેટલી અને જાતિઓ ૨૦૦ જેટલી છે.આ જાનવરોની વૈજ્ઞાનિક ઢબે સારસંભાળ રાખવામાં આવે છે. જાનવરોને કુદરતી વાતાવરણ મળી રહે તે રીતે પિંજરામાં માળા અને જરૂરી સગવડો પૂરી પાડવામાં આવતી હોવાથી પશુ-પક્ષીઓનું સરળતાથી પ્રજનન થાય છે. જેથી તેમની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થવા પામ્યો છે. અત્રેના ઝૂ માં કિંમતી પક્ષીઓ જેવા કે ક્રાઉન્ડપીજીયન, રોઝીપેલીકન, નીકોબારપીજીયન, ગ્રેપ રોટ,ચેટરીંગ લોરી,હીલ મેના ,સ્પૂન બીલ ,વ્હાઇટ-ઇબીશ,કાળીયાર,હાથી,હોગડીયર,સ્પોટેડ ડીયર,સાબરનાં બચ્ચાં,થવાથી તેમની સંખ્યામાં નોંધપાત્ર વધારો થવા પામેલ છે.અહેવાલી વર્ષ દરમ્યાન સ્લોથીબીયર ૨ જોડી વાઇલ્ડ લાઇફ ટ્રસ્ટ ઓફ ઇન્ડીયા,બિસાલપુર ઝૂ રેસ્કયુ સેન્ટરથી અને ૨ દીપડા વન ખાતા તરફથી લાવવામાં આવેલ છે.તથા ૨ જોડી નીકોબાર કબૂતર અત્રેથી સી.સી.એમ.બી(લેકોન્સ)ને વધુ ઉચ્ચ સંશોધન અભ્યાસ માટે આપવામાં આવેલ છે.

**<u>વેટરીનરી સર્વીસીસઃ-</u>**

ઝૂ માં રાઉન્ડ ધ કલોક વેટરીનરી ડોકટર્સ, જાનવરોનું બારીકાઇથી નીરીક્ષણ કરી, તાત્કાલીક સારવાર આપે છે. જરૂરીયાત મુજબ  જાનવરોને ઝૂ હોસ્પિટલ ખાતે ઇન્ડોર પેશન્ટ તરીકે વૈજ્ઞાનિક  સારવાર આપવામાં આવે છે. જાનવરોને જરૂરી રસીઓ ડી-વર્મીન, ડીસઇન્ફેકશન તથા સીઝન પ્રમાણે એન્ટીસ્ટ્રેસની સારવાર આપવામાં આવે છે. તે માટે આધુનિક ઓપરેશન થીયેટર, લેબોરેટરી તથા ઇમરજન્સી મેસેજ માટે વાયરલેસ સીસ્ટમનો ઉપયોગ કરવામાં આવે છે. જાનવરોમાં માલુમ પડતા વિવિધ રોગનાં નિદાન માટે જરૂરી નમૂના  મેળવી, રોગસંશોધન કચેરી, પશુપાલન ખાતુ અમદાવાદ વેટરીનરી કોલેજ આણંદ તથા જરૂરીયાત મુજબ પ્રાઇવેટ લેબોરેટરીમાં મોકલી તેમના અહેવાલ મુજબ ઘનિષ્ઠ સારવાર આપવામાં આવે છે.અને દરેક કિંમતી જાનવરોની ટ્રીટમેન્ટ તેમજ હીસ્ટ્રી કાર્ડમાં નોંધ કરવામાં આવે છે.

**<u>ઝૂ એજ્યુકેશનઃ-</u>**

ઝૂની મુલાકતે આવતાં સ્કુલના બાળકોને તથા અન્ય શૈક્ષણિક સંસ્થાઓ જેવી કે વેટરીનરી કોલેજ, ઝુલોજી સ્ટુડન્ટ,સેપ્ટ,આઇ.આઇ.એમ.,એન.આઇ.ડી.,ફાઇન આર્ટસના સ્ટુડન્ટસ ઝૂમાં માર્ગદર્શન માટે આવે છે.તથા રીસર્ચ પણ કરે છે અને ઝૂ અધિકારીશ્રી તરફથી માર્ગદર્શન આપવામાં આવે છે.ઉપરાંત વન્ય પ્રાણી સપ્તાહ,એનીમલ વેલ્ફેર પખવાડિયાની પણ ઉજવણી કરવામાં આવે છે.તથા

એજયુ.રૂમમાં ટી.વી.,વી.સી.આર.,ઓવરહેડ પ્રોજેકટર દ્વારા ફિલ્મ શો,સ્લાઇડ શો બતાવવામાં આવે છે.વેટરીનરી કોલેજ સ્ટુડન્ટ દાંતીવાડા અને આણંદથી ઈન્ટર્નશીપ માટે આવે છે.ઉપરાંત ઝૂ ખાતે ઝૂઆઉટરીચ ઓર્ગેનાઇઝેશન,કોઇમ્બાતુરના સહકારથી આઠમી સાઝાર્ક કોન્ફરન્સ તાઃ૩૦/૦૧/૦૮ થી તાઃ૦૩/૦૨/૦૮ દરમ્યાન કરવામાં આવેલ હતી.જેનો વિષય ઝૂ સ્ટાન્ડર્ડ અને ઝૂલેજીસ્લેન હતો.તથા તેમાં બાંગ્લાદેશ,પાકિસ્તાન,નેપાળ,શ્રીલંકા,યુ.એ.ઇ.,આફ્રીકા,અમેરીકા,યુ.કે.તથા ભારતના ડેલીગેટ્સ એ ભાગ લીધેલ હતો.તથા વાઇલ્ડ લાઇફ ઈન્સ્ટીટયુટ ઓફ ઈન્ડીયા,દેહરાદુન દ્વારા અમદાવાદ ઝૂ ખાતે સેન્ટ્રલ ઝૂ ઓથોરીટી,નવી દિલ્હી ની ૧૦૦ ટકા ગ્રાન્ટથી ઝૂઓફીસર્સમાટે ઝૂ મેનેજમેન્ટ કોર્સ તાઃ૦૯/૦૧/૦૮ થી તાઃ૧૮/૦૧/૦૮ દરમ્યાન યોજાયેલ હતો.જમાં ભારતના ઝૂ ના ૨૫ અધિકારીશ્રી ઓ એ ભાગ લીધેલ હતો.

**એનીમલ રેસ્કયુ પ્રોગ્રામઃ-**

મ્યુનિસિપલ હદમાં શહેરીજનો તથા મહાનુભાવોની ફરીયાદને આધારે શહેરમાં ઉત્પાત મચાવતાં વાંદરા,માંકડા,હાથી તથા સર્પોને પકડવાની કામગીરી ઝૂની ટીમ દ્વારા કરવામાં આવે છે.

**રસાલા ગાર્ડનઃ-**

એલીસબ્રીજ વિસ્તારમાં ૧૯૯૨માં આ ગાર્ડનની શરૂઆત થઇ હતી.જેમાં જાત જાતના પશુ-પક્ષીઓને રાખી મીની ઝૂ વિકસાવવામાં આવેલ.જેમાં હરણ,કાચબા,સસલાં,ગીનીપીગ,મગર.વાંદરા, લવબર્ડ, બજરીગર,કબૂતરો વિગેરેનો સમાવેશ થાય છે. આ પાર્ક બાળકોમાં ખુબ જ પ્રિય છે.જિરાફનું સ્ટ્રકચર લપસણી સાથે છે.ઉપરાંત ઝૂલા - હીંચકાઓની બાળકો ખુબ જ મજા માણે છે.

**બગીચાઓઃ-**

કાંકરીયા તળાવની ફરતે આવેલ બગીચાઓ,વનટ્રી હીલ ગાર્ડન,નગીનાવાડી,કાંકરીયા પાર્ટીપ્લોટ,ઓપનએર થીયેટર,વિ.ઝૂ ખાતા ધ્વારા વિકસાવી તેમાં કિંમતી ફુલ છોડ લોન પ્લોટ વિ.ઉછેરી સુંદર બગીચા બનાષ્વવામાં આવ્યા છે.નગીનાવાડીમાં અલ્ટ્રાફાસ્ટ મ્યુઝીકલ ફાઉન્ડેશન વીથ લેસર શો બનાવવામાં આવેલ છે.જેનો અનેરો આનંદ મુલાકાતીઓ ઉઠાવે છે.કાંકરીયા તળાવમાં બોટીંગ ચાલુ કરવામાં આવેલ છે.વન ટ્રી હીલ ગાર્ડનમાં ગ્લાઇડર રાઇડસ પ્રોજેક્ટ બનાવવામાં અવેલ છે.જેનો મુલાકાતીઓ અનેરો આનંદ ઉઠાવે છે.

**ચાચા નહેરૂ બાલવાટિકાઃ-**

બાળકોના બૌધ્ધિક વિકાસ અને જ્ઞાન સાથે ગમ્મત મળે તે માટે ચાચા નેહરૂ બાલવાટિકા બનાવવામાં આવ્યું છે.જેને શહેરમાં મનોરંજનનું ટોચનું સ્થાન પ્રાપ્ત થયેલુ છે.અહીં ૩૦૦ વર્ષ જુનો કલાત્મક હિંડોળો,સતત પાણી રેલાવતી પનિહારી તથા આધુનિક રમકડા ઉપલબ્ધ છે.ઉપરાંત કાચ ઘર મુલાકાતીઓ માટેનું મુખ્ય આકર્ષણ છે.બાલવાટિકામાં નીચે મુજબ જુદા જુદા સેકશનો આવેલા છે.

**નાવડી ઘરઃ-**

લાકડાની કોતરણીવાળા પશુ-પક્ષીઓનાં રમકડાં, ફોટોગ્રાફ્સ તથા આઝાદી અગાઉના રજવાડાની આશરે ૨૦૦૦ વર્ષ જૂની ચલણી નોટો તથા સિકકાઓ ગોઠવવામાં આવ્યા છે.

**બાળ પુસ્તકાલય :-**

બાળકોને મનગમતાં ચિત્રો તથા પુસ્તકો ઉપરાંત રજવાડી લડાઈના સાધનો તથા રંગબેરંગી પતંગીયા ગોઠવવામાં આવ્યા છે.

**ઢીંગલીઘર :-**

વિશ્વની વિવિધ દેશોની ઢીંગલીઓ, મહાપુરૂષોના ફોટોગ્રાફ્સ મુકી આ ઢીંગલીઘરની આજુબાજુ ગામડાનુ તથા ખેતરનું વાતાવરણ ઉભું કરવામાં આવ્યુ છે.

**નભોદર્શન :-**

અહી આકાશીગ્રહો, નક્ષત્રો, અને તારાઓની ઓળખ તેમજ રાશિઓની માહીતી મળે છે.

**મોડલ રેલ્વે પ્રદર્શન :-**

મે-૯ર માં આ પ્રદર્શન ખુલ્લુ મુકવામાં આવ્યુ. જેમાં વિજળીથી ચાલતી ઓટોમેટીક મોડલ રેલ્વે ટ્રેન દ્વારા બ્રીજ, લોકો શેડ, ક્રોસિંગ વિગેરે બનાવવામાં આવ્યા છે. એક સાથે પાંચ ટ્રેનો દોડતી દર્શાવાય છે.

**બકરાગાડી :-**

ઘોડાગાડી, ઘોડેસ્વારી અને બકરાગાડી દ્વારા બાળકોને મનોરંજન મળે છે. જેની સવારીમાં બાળકોને અનેરો આનંદ મળે છે.

**નૌકાવિહાર:-**

નભોદર્શનની આજુબાજુ નાનું તળાવ બનાવી ચારે બાજુથી પાણીનો ધોધ પાડી તળાવમાં હલેસા વાળી બોટ મુકવામાં આવી છે.

**પાણીનું ઝરણું:-**

જંગલનું કુદરતી દ્રશ્ય ઉભું કરવા ઢીંગલીઘરની પાછળના ભાગમાં એક પાણીનું ઝરણું તથા વાઘની ગુફા બનાવવામાં આવેલ છે.

**ચિલ્ડ્રન ટ્રાફિક સેન્ટર:-**

બાળકોને ટ્રાફિક નિયમોની સમજ આપવા, તથા જ્ઞાન સાથે ગમ્મતના હેતુથી અગાઉના સાયકલ ગ્રાઉન્ડમાં લાયોનેસ કલબ ઓફ કર્ણાવતી એ ચિલ્ડ્રન ટ્રાફિક સેન્ટર ઉભું કર્યુ છે. અહી નાનો પેટ્રોલપંપ, પાર્કીગ, બસસ્ટેન્ડ, ક્રોસીગ, ઓવરબ્રીજ, પોસ્ટનો ડબો તથા જાનવરો દ્વારાં ટ્રાફિકના નિયમો સમજાવતાં બોર્ડ મુકવામાં આવેલ છે.

**ઓપનએર થીયેટર :-**

અહી સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરી બાળકોમાં સર્જન શકિતનો વિકાસ થાય તેવા પ્રયત્ન કરવામાં આવે છે.હાલ અહી નાના મોટા સૌને આનંદ સાથે જ્ઞાન મળે તે હેતુથી વિડીયો પ્રોજેકટ ધ્વારા ડીસ્કવરી તથા નેશનલ જીયોગ્રાફીક અને કાર્ટુન પીકચર રાત્રે ૮ થી ૧૦ સુધી બતાવવામાં આવે છે.

**પ્રાકૃતિક સંગ્રહસ્થાન :-**

ઇ.સ. ૧૯૭૫માં અસ્તિત્વમાં આવેલ છે. જે પ્રાણીસંગ્રહાલય અને બાલવાટિકાનો જ ભાગ છે.આ મ્યુઝીયમમાં ગુજરાતના દુર્લભ પક્ષીઓને તથા પ્રાણીઓને ૧૫ આકર્ષક ડાયોરમામાં રજૂ કરવામાં આવ્યા છે. જેનાથી મુલાકાતીઓના માનસપટ ઉપર તે પક્ષીઓનું તથા પ્રાણીઓનું આબેહુબ સ્વરૂપ ખડુ થાય છે. તે માટે તેઓને જુદી જુદી સ્થિતિમાં કુદરતી વાતાવરણમાં અંગભંગ સ્થિતિમાં પ્રદર્શીત કરેલ છે. અહીં માર્ગદર્શનસેવા આપવામાં આવે છે. અને ફોટોગ્રાફી પણ કરવા દેવામાં આવે છે.

**એમ્યુઝમેન્ટ પાર્ક:-**

બાલવાટિકાના પાણીના પંપીગ સ્ટેશનની અવાવરુ પડેલ જગ્યામાં તા.ર૦.૫.૯૫થી એમ્યુઝમેન્ટ પાર્ક ચાલુ કરવામાં આવેલ છે.આ એમ્યુઝમેન્ટ પાર્કમાં નાના બાળકો તથા મોટાઓ માટે ખુબ જ આકર્ષણ ઉભું કરેલ છે.તેમાં અનેક પ્રકારની રાઈડસ મુકવામાં આવેલ છે.જેવી કે કોલંબસ કપરકાબી,ટાયગર ટ્રેન,

ઉલ્ટા પુલ્ટા,મુન વોકર,જેટ પ્લેન બેબી કાર,નૌકૈવહાર,દેડકાગાડી,એકવા બોલ તથા ૩ થી ૪ નાના બાળકો માટેની કોઇનરાઇટસ મુકવામાં આવેલ છે.

**વોટરપાર્ક :-**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તથા પ્રાયવેટ પાર્ટી સાથે પબ્લીક પાર્ટનરશીપના ભાગરૂપે એક સુંદર વોટરપાર્ક બાલવાટિકામાં બનાવવામાં આવેલ છે.જે તા.૧૮/૨/૦૨ના રોજ પબ્લીક માટે ખુલ્લું મુકવામાં આવેલ હતુ..આ વોટરપાર્કમાં જુદા જુદા પ્રકારની સ્લાઇડો નાના બાળકો માટે અલગથી નાની સ્લાઇડ જેવીકે કાઇંગ ટ્રી,શાવર ઝુલા,કન્વેયર બેલ્ટ,રીવોલ્વીંગ રેન્ટોરંટ સાથેનો અદ્યતન સગવડવાળો વોટરપાર્ક બનાવવામાં આવેલો છે.વોટરપાર્કમાં વોટર સ્લાઇડ ઉપરાંત સોનાબાથ,સ્ટીમબાથ તથા જીમ્નેશીયમ સાથે સાથે બર્થડે પાર્ટી હોલ તથા કોન્ફરન્સની પણ સુંદર વ્યવસ્થા કરવામાં આવેલ છે.આ ઉપરાંત ટ્રેન દ્વારા વાનગીઓ પીરસતો ડાઈનીગ હોલ છે.

**પત્રક ૨.૯.૧**

**ઝૂ કોમ્પલેક્ષમાં છેલ્લા પાંચ વર્ષ દરમ્યાન આવેલ મુલાકાતીઓની સંખ્યા**

| ક્રમ | વર્ષ | ઝૂ | બાલવાટિકા | ને.હી.મ્યુઝિયમ | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨૦૦૩-૨૦૦૪ | ૧૩૭૬૪૭૭ | ૧૩૯૧૨૭૯ | ૧૨૩૩૭ | ૨૭૮૦૦૯૩ |
| ૨ | ૨૦૦૪-૨૦૦૫ | ૧૩૮૫૩૧૩ | ૧૨૭૩૧૪૩ | | ૨૬૫૮૪૫૬ |
| ૩ | ૨૦૦૫-૨૦૦૬ | ૧૪૩૨૨૫૦ | ૧૩૧૭૭૮૦ | | ૨૭૫૦૦૩૦ |
| ૪ | ૨૦૦૬-૨૦૦૭ | ૧૪૭૦૬૦૦ | ૧૧૩૦૩૯૪ | - | ૨૬૦૦૯૯૪ |
| ૫ | ૨૦૦૭-૨૦૦૮ | ૧૩૯૮૪૦૦ | ૧૨૪૩૩૯૬ | - | ૨૬૪૧૭૯૬ |

**પત્રક ૨.૯.૨**

**ઝૂ કોમ્પલેક્ષમાં છેલ્લા પાંચ વર્ષ દરમ્યાન થયેલ આવકની માહિતી**

| ક્રમ | વર્ષ | ઝૂ | બાલવાટિકા | ને.હી. મ્યુઝિયમ | એમ્યુઝમેન્ટ પાર્ક (૫૬% મુજબ) | વોટરપાર્ક (૩૦% મુજબ) | કુલ આવક |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨૦૦૩-૨૦૦૪ | ૦૮૯૫૧૬૪૧ | ૩૧૨૬૩૫૧ | ૨૨૬૫૮ | ૩૯૩૬૫૪૯ | ૧૬૮૦૬૯૩ | ૧૭૭૧૭૮૯૨ |
| ૨ | ૨૦૦૪-૨૦૦૫ | ૧૧૬૦૭૬૬૦ | ૩૫૦૯૭૯૩ | - | ૪૨૨૬૮૧૩ | ૧૬૮૨૧૦૦ | ૨૧૦૨૬૩૬૬ |
| ૩ | ૨૦૦૫-૨૦૦૬ | ૧૨૦૮૮૪૦૬ | ૩૬૨૨૫૦૪ | - | ૪૨૬૭૪૧૩ | ૧૭૨૪૧૬૦ | ૨૧૭૦૨૪૮૩ |
| ૪ | ૨૦૦૬-૨૦૦૭ | ૧૨૩૫૩૪૫૫ | ૩૬૩૭૩૦૫ | - | ૪૨૯૧૭૨૪ | ૧૭૬૭૨૬૪ | ૨૨૦૪૯૭૪૮ |
| ૫ | ૨૦૦૭-૨૦૦૮ | ૧૧૯૯૩૪૫૦ | ૩૪૪૭૨૧૧ | - | ૪૫૯૭૫૧૭ | ૧૮૧૧૪૪૮ | ૨૧૮૪૯૬૨૬ |

# ૨.૧૦ નાણાં ખાતુ

## ૦૭-૦૮

અમદાવાદ મ્યુ.કોર્પો.ના સમગ્ર નાણાંકીય વ્યવહારો તથા નાણાં સંબંધિત વ્યવહારોની કામગીરી નીચે જણાવેલ અલગ-અલગ વિભાગો દ્વારા કરવામાં આવે છે. નાણાં ખાતુ ચીફ એકાઉન્ટન્ટશ્રીની દેખરેખ નીચે, ડે.મ્યુ.કમિ.શ્રીની ( ફાયનાન્સ)શ્રી ના અંકુશ નીચે કાર્ય કરે છે.

| અ.નં | વિભાગનું નામ | અ.નં. | વિભાગનું નામ |
|---|---|---|---|
| ૧. | તિજોરી વિભાગ | ૧૧. | તસલમાત વિભાગ |
| ૨. | એ.એ.જી.વિભાગ | ૧૨. | લોન વિભાગ |
| ૩. | નોકર એડવાન્સ વિભાગ | ૧૩. | સ્ટોર વેરીફીકેશન વિભાગ |
| ૪. | પી.એફ.વિભાગ | ૧૪. | ખાતાવહી વિભાગ |
| ૫. | જી.આઇ.એસ. | ૧૫. | બજેટ વિભાગ |
| ૬. | એવોર્ડ સેલ | ૧૬. | એલ.આઇ.સી.વિભાગ |
| ૭. | નિવૃત્તિના લાભ વિભાગ | ૧૭. | ઈન્કમટેક્ષ વિભાગ |
| ૮. | પેન્શન વિભાગ | ૧૮. | એલ.ટી.સી. વિભાગ |
| ૯. | પેમેન્ટ વિભાગ | ૧૯. | વેલ્ફેર વિભાગ |
| ૧૦. | ગ્રાન્ટ વિભાગ | ૨૦. | મે.રી.ઈમ્બર્સમેન્ટ વિભાગ |

અહેવાલી વર્ષમાં નાણાંખાતાના જુદા જુદા વિભાગની કામગીરી નીચે મુજબ છે.

વર્ષ ૨૦૦૭-૦૮ માં વર્ગ-૪ના રોજીંદા કામદારો કે જેઓ એ તા.૧૫/૮/૦૪ ના રોજ ૫ વર્ષ ૯૦૦ દિવસ પુર્ણ થયેલ હોય તેવા કામદારોને કાયમ કરવાની સ્ટે.ક.ઠ.નં- ૪૪૭ તા.૧૩/૮/૦૪ થી નકકી થયેલ નીતિ મુજબ આવેલ અરજીઓ પૈકી લાઇટ એન્ડ પાવર પ્લાન્ટ વિભાગના ૫૧ રોજીંદા કામદારોએ નામાદાર હાઇકોર્ટમાં કરેલ કેસના અનુસંધાને નામદાર હાઇકોર્ટ ના ચુકાદા અનુસાર તેઓની હાજરીની પગારબીલ સાથે ચકાસણી કરી યોગ્ય જણાંતા કાયમ કરવા  રજુઆત કરી મ્યુ.કમિશ્રીનો નિર્ણય મેળવવામાં આવે છે. આ કામગીરી આ ખાતાને સોંપેલ હોઈ તા.૩૧/૩/૦૮ સુધીમાં ૫૧ કામદાર કાયમ કરવામાં આવેલ.આમ આ ખાતુ કોર્પોરેશનમાં કાર્યદક્ષ નાણાંકીય આયોજનને પાર પાડવાની એક અગત્યની ફરજ અદા  કરી વહીવટી તંત્રનું  અગત્યનું અંગપૂરવાર થતું રહયું છે.ઉપરોક્ત કાર્ય ઉપરાંત મ્યુ.કોર્પો.દ્વારા પ્રગટ અને વિતરીત થતી ડાયરીઓ પૈકી કોમ્લીમેન્ટરી ડાયરીઓના વિતરણ બાબતમાં પણ અગત્યતા, અગ્રીમતા અને જરૂરીયાત મુજબ નિયમન કરે છે.જેમાં બચતનો અભિગમ કેન્દ્રસ્થાને હોય છે.

તદ્ઉપરાંત આ ખાતા  દ્વારા પશુધન ગણત્રીની કામગીરીનું સંકલન,માહિતી પત્રકનં.૨ઃ૧૨ઃ૬ સામેલ છે. જાહેરહિતની યોજનાઓની માસવાર માહિતી મોકલવા સંકલન સહિતની કામગીરી,સરકારી પત્રો અન્વયે માન.મુખ્યમંત્રી,માન.ધારા સભ્યશ્રીઓ,માન.મંત્રીશ્રીઓ તથા શહેરી વિકાસ અન શહેરે ગૃહનિર્માણવિભાગ તરફથી આવતા પત્રો જે તે સંલગ્ન વિભાગને મોકલી તેના જવાબ થવા અંગેના ફોલોઅપની કામગીરી તથા તેની એકત્રીત માહિતી રાખવાની કામગીરી તથા જે તે સમયે સેન્સસ,ઇકોનોમીક સેન્સસ,૨૦૦૭ના વાઇબ્રન્ટ ગુજરાત અન્વયે થયેલ એમ.ઓ.યુ.સંબંધિત કામગીરી તથા જીલ્લા સંકલન સમિતિની બેઠક અંગેનું આયોજન ઉપરાંત માન.મુખ્યમંત્રીશ્રીના પ્રજાકિય પ્રશ્નોના ઓનલાઇન નિકાલ માટેના કાર્યક્રમ સ્વાગત અંતર્ગત આવતા પ્રશ્નોના જવાબ સાથે જે તે સંલગ્ન જવાબદાર ધિકારીશ્રીને ઉપસ્થિત રાખવા સહિત સ્વાગત કાર્યક્રમ અંગેના સંકલનની કામગીરી વિગેરે વિશેષ જવાબદારી વાળી કામગીરીઓ પણ આ ખાતા દ્વારા નિભાવવામાં આવે છે.

## પત્રક - ૨.૧૨.૧

તા.૩૧.૧૨.૨૦૦૭ ના રોજ અ.મ્યુ.કોર્પો.માં ફરજ બજાવતાં કર્મચારીઓની વર્ગવાર,જાતિવાર માહિતી દર્શાવતુ પત્રક

| અનુ.નં | જાતિ | વર્ગ-૧ | વર્ગ-૨ | વર્ગ-૩ | વર્ગ-૪ | કુલ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | અનુસુચિત જાતિ | ૨૩ | ૫૮ | ૭૨૧ | ૧૦૫૫૭ | ૧૧૩૫૯ |
| ૨ | અનુસુચિત જનજાતિ | ૧૬ | ૯૦ | ૩૮૩ | ૧૯૧ | ૬૮૦ |
| ૩ | સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત | ૧૬ | ૧૦૫ | ૫૮૦ | ૫૭૯ | ૧૨૮૦ |
| ૪ | શારિરીક ખોડખાંપણવાળા | ૧ | ૮ | ૮૦ | ૨૬ | ૧૧૫ |
| ૫ | અન્ય | ૧૫૮ | ૩૯૩ | ૩૧૦૨ | ૩૩૦૯ | ૬૯૬૨ |
| | **કુલ** | **૨૧૪** | **૬૫૪** | **૪૮૬૬** | **૧૪૬૬૨** | **૨૦૩૯૬** |

૧. ઉપરોકત કર્મચારીઓમાં અ.મ્યુ.ટ્રા.સ., વી.એસ.હોસ્પિટલ, મ્યુ.સ્કુલ બોર્ડ અને એમ.જે. લાયબ્રેરીના કર્મચારી તથા અ.મ્યુ.કોર્પો.ના ફીક્સ પગારવાળા અને રોજીંદા કર્મચારીઓનો સમાવેશ થતો નથી.

૨. સદર પત્રકમાં કાયમી એકટીંગ અને પ્રોબેશન ઉપરના કર્મચારીઓનો સમાવેશ થાય છે.

૩. પત્રકના વર્ગ ૧,૨,૩ અને ૪ માં નીચે દર્શાવ્યા મુજબના કર્મચારીઓનો સમાવેશ કરેલ છે.

અ. વર્ગ-૧ રૂા.૧૦૦૦૦-૧૫૨૦૦ અને તેથી વધુ ગ્રેડનાં અધિકારીઓ.

બ. વર્ગ-૨ રૂા.૬૫૦૦-૧૦૫૦૦ થી રૂા.૮૦૦૦-૧૪૧૦૦ સુધીની ગ્રેડના અધિકારીઓ.

ક. વર્ગ-૩ રૂા.૩૦૫૦-૪૫૯૦ થી ૫૫૦૦-૯૦૦૦ સુધીની ગ્રેડના કર્મચારીઓ.

ડ. વર્ગ-૪ રૂા.૩૦૫૦-૪૫૯૦થી નીચેની ગ્રેડના તમામ કર્મચારીઓ

નોંધઃ- ૯-૧૮-૨૭ના અમલના કારણે કર્મચારીઓને મળેલ હાયર ગ્રેડને કારણે વર્ગમાં ફેફાર થતો હોય તો મૂળ ગ્રેડ મુજબ જ વર્ગ ગણેલ છે.

**પ્રાપ્તિસ્થાન :-**

મ્યુનિ.કોર્પો.ના કર્મચારીઓની પેરોલ સીસ્ટમના આધારે કોમ્પ્યુટર ડીપાર્ટમેન્ટમાંથી મેળવેલ માહિતીના સંકલનથી

## પત્રક ૨.૧૨.૨

## માન.ધારાસભ્યશ્રીની સને ૨૦૦૬-૦૭ ની ગ્રાંટ હેઠળ મંજૂર થયેલ કામોની તા.૩૧.૩.૦૮અંતિત પ્રગતિ દર્શાવતુ પત્રક

| અનુ. નં | માન.ધારાસભ્યશ્રીનું નામ | અંદાજી રકમ રૂા. લાખમાં | મંજૂર થયેલ રકમ રૂા. લાખમાં | ૩૧.૩.૦૮અંતિત પડેલ ખર્ચ રૂા. લાખમાં | કામોની ભૌતિક પ્રગતિ | | | | | | કુલ કામની સંખ્યા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | પૂર્ણ કામો | | | પ્રગતિમાં રહેલ કામો | શરૂ ન થયેલ કામો | પેન્ડીગ કામો | |
| | | | | | પૂ.પ્ર. મળેલ | પૂ.પ્ર. ન મળેલ | કુલ | | | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| ૧ | શ્રી અશોકભાઇ ભટ્ટ | ૫૪.૬૫ | ૪૯.૭૨ | ૧૬.૨૧ | ૨૭ | ૧૬ | ૪૩ | ૭ | ૧૧ | ૫ | ૬૬ |
| ૨ | શ્રી અમિતભાઇ શાહ | ૧૫.૩૮ | ૫.૧૦ | ૦ | ૦ | ૪ | ૪ | ૧ | ૦ | ૧ | ૬ |
| ૩ | શ્રી ભરતભાઇ બારોટ | ૪૪.૧૬ | ૪૪.૧૬ | ૪.૪૨ | ૩ | ૩ | ૬ | ૪ | ૧૮ | ૦ | ૨૮ |
| ૪ | શ્રી ભાવિનભાઇ શેઠ | ૪૬.૮૯ | ૪૬.૮૩ | ૪૨.૭૧ | ૪૯ | ૨ | ૫૧ | ૩ | ૦ | ૦ | ૫૪ |
| ૫ | શ્રી ફારૂખભાઇ શેખ | ૪૯.૮૧ | ૪૯.૮૧ | ૩૬.૮૭ | ૩૫ | ૯ | ૪૪ | ૨ | ૭ | ૦ | ૫૩ |
| ૬ | શ્રી ગોરધનભાઇ ઝડફીયા | ૬૧.૮૪ | ૪૯.૮૯ | ૩૮.૩૬ | ૪૯ | ૧૬ | ૬૫ | ૧ | ૧ | ૦ | ૬૭ |
| ૭ | શ્રી જિતેન્દ્રભાઇ પટેલ | ૫૦.૨૫ | ૪૯.૮૪ | ૪૪.૪૮ | ૭૪ | ૧૦ | ૮૪ | ૨ | ૦ | ૧ | ૮૭ |
| ૮ | શ્રી જીતેન્દ્રકુમાર વાઘેલા | ૫૦.૬૩ | ૫૦.૬૩ | ૪૧.૪૫ | ૫૨ | ૨ | ૫૪ | ૦ | ૧ | ૦ | ૫૫ |
| ૯ | શ્રી કૌશિક ભાઇ પટેલ | ૪૯.૪૩ | ૪૯.૪૨ | ૪૪.૪૭ | ૫૧ | ૧૦ | ૬૧ | ૩ | ૧ | ૦ | ૬૫ |
| ૧૦ | શ્રી ડૉ.માયાબેન કોડનાની | ૩૮.૨૯ | ૩૮.૦૫ | ૭.૮૪ | ૭ | ૧૧ | ૧૮ | ૨૧ | ૦ | ૧ | ૪૦ |
| ૧૧ | શ્રી નરેન્દ્રભાઇ મોદી | ૪૭.૦૨ | ૪૭.૦૧ | ૩૩.૬૯ | ૧૮ | ૪ | ૨૨ | ૦ | ૧ | ૦ | ૨૩ |
| ૧૨ | પ્રદીપસિંહ જાડેજા | ૪૭.૨૫ | ૪૬.૫૬ | ૩૨.૧૪ | ૨૯ | ૩૫ | ૬૪ | ૨ | ૧ | ૧ | ૬૮ |
| ૧૩ | શ્રીસાબીરભાઇ કાબલી | ૪૫.૨૮ | ૪૫.૨૮ | ૩૪.૩૧ | ૩૯ | ૧૪ | ૫૩ | ૩ | ૧ | ૧ | ૫૮ |
| | કુલ | ૬૦૦.૮૮ | ૫૭૨.૩૦ | ૩૭૬.૯૫ | ૪૩૩ | ૧૩૬ | ૫૬૯ | ૪૯ | ૪૨ | ૧૦ | ૬૭૦ |

## પત્રક ૨.૧૨.૩

## માન.ધારાસભ્યશ્રીની સને ૨૦૦૭-૨૦૦૮ ની ગ્રાંટ હેઠળ મંજૂર થયેલ કામોની તા.૩૧.૩.૦૮ સુધીની પ્રગતિ દર્શાવતું પત્રક

| અ.નં | માન.ધારાસભ્યશ્રીનું નામ | અંદાજી રકમ રૂા. લાખમાં | મંજૂર થયેલ રકમ રૂા. લાખમાં | ૩૧.૩.૦૮ અંતિત પડેલ ખર્ચ રૂા. લાખમાં | કામોની ભૌતિક પ્રગતિ | | | | | | કુલ કામની સંખ્યા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | પૂર્ણ કામો | | | પ્રગતિમાં રહેલ કામો | શરૂ ન થયેલ કામો | પેન્ડીગ કામો | |
| | | | | | પૂ.પ્ર. મળેલ | પૂ.પ્ર. ન મળેલ | કુલ | | | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| ૧ | શ્રી અશોકભાઇ ભટ્ટ | ૪૨.૯૮ | ૨૧.૫૬ | ૦ | ૦ | ૦ | ૦ | ૩ | ૯ | ૨૨ | ૩૪ |
| ૨ | શ્રી અમિતભાઇ શાહ | ૩૮.૯૯ | ૧૩.૩૯ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૬ | ૧૩ | ૧૯ |
| ૩ | શ્રી ભરતભાઇ  બારોટ | ૩૯.૩૪ | ૩૭.૩૩ | ૭.૪૮ | ૪ | ૨ | ૬ | ૪ | ૧૦ | ૨ | ૨૨ |
| ૪ | શ્રી ભાવિનભાઇ શેઠ | ૪૮.૨૬ | ૪૮.૨૬ | ૮.૭૧ | ૮ | ૧૯ | ૨૭ | ૫ | ૧ | ૦ | ૩૩ |
| ૫ | શ્રી બાબુભાઇ પટેલ | ૧૩.૭૮ | ૩.૭૫ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૨ | ૨૩ | ૨૫ |
| ૬ | શ્રી ફારૂખભાઇ શેખ | ૧૮.૯૮ | ૧૮.૯૮ | ૬.૦૨ | ૭ | ૧૪ | ૨૧ | ૭ | ૫ | ૧૦ | ૪૩ |
| ૭ | શ્રી ગોરધનભાઇ ઝડફીયા | ૩૮.૯૨ | ૩૦.૩૭ | ૧૨.૩૩ | ૧૬ | ૧૦ | ૨૬ | ૫ | ૨ | ૭ | ૪૦ |
| ૮ | શ્રી જિતેન્દ્ભાઇ પટેલ | ૪૮.૪૦ | ૪૮.૩૯ | ૧૪.૫૯ | ૨૫ | ૧૪ | ૩૯ | ૮ | ૭ | ૦ | ૫૪ |
| ૯ | શ્રી જીતેન્દ્કુમાર વાઘેલા | ૬૯.૩૦ | ૪૯.૯૩ | ૨૮.૫૪ | ૩૩ | ૧૧ | ૪૪ | ૬ | ૦ | ૧૬ | ૬૬ |
| ૧૦ | શ્રી કૌશિક ભાઇ પટેલ | ૯૬.૦૬ | ૫૦.૦૦ | ૨૦.૬૩ | ૨૨ | ૯ | ૩૧ | ૧૫ | ૮ | ૬૯ | ૧૨૩ |
| ૧૧ | શ્રી ર્ડા.માયાબેન કોડનાની | ૪૯.૭૦ | ૩૯.૩૮ | ૪.૨૩ | ૧૨ | ૧૩ | ૨૫ | ૧૫ | ૩ | ૭ | ૫૦ |
| ૧૨ | શ્રી નરેન્દ્ભાઇ મોદી | ૬૦.૧૦ | ૪૯.૦૩ | ૧૫.૦૬ | ૧૨ | ૨૦ | ૩૨ | ૮ | ૧ | ૬ | ૪૭ |
| ૧૩ | પ્રદીપસિંહ જાડેજા | ૫૪.૪૭ | ૪૭.૫૧ | ૧૬.૪૧ | ૧૨ | ૧૮ | ૩૦ | ૧૮ | ૪ | ૫ | ૫૭ |
| ૧૪ | શ્રીસાબીરભાઇ કાબલી | ૮૭.૮૭ | ૪૯.૮૫ | ૨૮.૨૯ | ૨૮ | ૧૦ | ૩૮ | ૪ | ૧ | ૨૬ | ૬૯ |
| | કુલ | ૭૦૭.૧૫ | ૫૦૭.૭૩ | ૧૬૨.૨૯ | ૧૭૯ | ૧૪૦ | ૩૧૯ | ૯૮ | ૫૯ | ૨૦૬ | ૬૮૨ |

## પત્રક ૨.૧૨.૪

### માન.સંસદસભ્યશ્રીની સને૨૦૦૬-૨૦૦૭ ની ગ્રાંટ હેઠળ મંજૂર થયેલ કામોની તા.૩૧.૩.૦૮ અંતિત પ્રગતિ દર્શાવતુ પત્રક

| અ.નં | માન.સંસદસભ્યશ્રીનું નામ | અંદાજી રકમ રૂા. લાખમાં | મંજૂર થયેલ ગ્રાન્ટ રૂા. લાખમાં | ૩૧.૩.૦૭ અંતિત કુલ ખર્ચ રૂા. લાખમાં | કામોની ભૌતિક પ્રગતિ | | | | | | કુલ કામની સંખ્યા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | પૂર્ણ કામો | | | પ્રગતિમાં રહેલકામો | શરૂ ન થયેલ કામો | પેન્ડીગ કામ | |
| | | | | | પૂ.પ્ર. મળેલ | પૂ.પ્ર ન મળેલ | કુલ | | | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| ૧ | શ્રી અરૂણભાઇ જેટલી | ૧૦૯.૪૬ | ૧૦૭.૧૫ | ૩૦.૦૦ | ૧ | ૦ | ૧ | ૨ | ૩ | ૦ | ૬ |
| ૨ | શ્રી હરિનભાઇ પાઠક | ૨૬૮.૪૧ | ૨૧૫.૨૩ | ૧૩૪.૭૬ | ૧૦૧ | ૮ | ૧૦૯ | ૧૨ | ૪ | ૦ | ૧૨૫ |
| ૩ | શ્રી એલ.કે.અડવાણી | ૧૪૩.૬૬ | ૧૩૩.૬૫ | ૨૨.૩૨ | ૧૩ | ૭ | ૨૦ | ૧૬ | ૧૬ | ૧ | ૫૩ |
| ૪ | શ્રી પ્રવિણભાઇ રાષ્ટ્રપાલ | ૫.૦૦ | ૪.૯૮ | ૦.૦૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૧ |
| ૫ | શ્રી શંકરસિંહ વાઘેલા | ૪.૦૭ | ૪.૦૭ | ૧.૩૧ | ૩ | ૦ | ૩ | ૧ | ૦ | ૦ | ૪ |
| | કુલ | ૫૩૦.૬૦ | ૪૬૫.૦૮ | ૧૮૮.૩૯ | ૧૧૮ | ૧૫ | ૧૩૩ | ૩૧ | ૨૪ | ૧ | ૧૮૯ |

## પત્રક ૨.૧૨.૫

## સંસદસભ્યશ્રીની સને ૨૦૦૭ –૦૮ની ગ્રાંટ હેઠળ મંજૂર થયેલ કામોની તા.૩૧.૩.૦૮ અંતિત પ્રગતિ દર્શાવતુ પત્રક

| અ.નં. | માન.સંસદસભ્યશ્રીનું નામ | અંદાજી રકમ રૂા. લાખમાં | મંજૂર થયેલ ગ્રાન્ટ રૂા. લાખમાં | ૩૧.૩.૦૮ અંતિત કુલ ખર્ચ રૂા. લાખમાં | કામોની ભૌતિક પ્રગતિ | | | | | | કુલ કામની સંખ્યા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | પૂર્ણ કામો | | | પ્રગતિમાં રહેલ કામો | શરૂ ન થયેલ કામો | પેન્ડીંગ કામો | |
| | | | | | પૂ.પ્ર. મળેલ | પૂ.પ્ર. ન મળેલ | કુલ | | | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| ૧ | શ્રી અરૂણભાઈ જેટલી | ૮૮.૩૬ | ૭૮.૩૬ | ૦.૦૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૨ | ૨ | ૫ |
| ૨ | શ્રી હરિનભાઈ પાઠક | ૨૪૮.૫૯ | ૨૦૩.૩૫ | ૬૨.૦૩ | ૫૧ | ૩૪ | ૮૫ | ૩૦ | ૨૩ | ૨૫ | ૧૬૩ |
| ૩ | શ્રી પ્રવિણભાઈ રાષ્ટ્રપાલ | ૩.૧૫ | ૦૦.૦૦ | ૦.૦૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ |
| ૪ | શ્રી.શંકરસિંહ વાઘેલા | ૪.૭૩ | ૩.૯૭ | ૦.૦૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૭ | ૧ | ૮ |
| | કુલ | ૩૪૪.૮૩ | ૨૮૫.૬૮ | ૬૨.૦૩ | ૫૧ | ૩૪ | ૮૫ | ૩૧ | ૩૨ | ૨૯ | ૧૭૭ |

## પત્રક ૨:૧૨:૬
## અ.મ્યુ.કો.પશુધન ગણત્રી અંગેની ઝોન વાઈઝ સમરી ૨૦૦૭

| અ. નં. | ઝોનનું નામ | પશુધન વસતી ગણતરી મુજબ કુટુંબની સંખ્યા | પશુધન રાખતા કુટુંબની સંખ્યા | પશુધન પત્રક-૩ | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | ભાગ - ૧ પશુધન | | | | | | | | | | | | | ભાગ - ૨ મરઘાં બતકાં | | |
| | | | | ગાય | ભેંસ | ઘેટાં | બકરા | ઘોડા | ટટ્ટુ | ખચ્ચર | ગધેડા | ઉંટ | ભૂંડ | કુતરાં | સસલા | કુલ | મરઘા | બતકાં | કુલ |
| | | | | પત્રક ૩ નાં કોલમ નંબર | | | | | | | | | | | | | | | |
| | | | | ૧૩૪ | ૧૬૫ | ૨૧૦ | ૨૨૯ | ૨૪૬ | ૨૬૩ | ૨૬૬ | ૨૭૩ સી | ૨૮૧ | ૩૦૬ | ૩૦૯ | ૩૧૬ | | ૧૫ | ૨૭ એ | ૩૩ |
| ૧ | મધ્ય | ૧૧૬૯૩૩ | ૪૮૭૨ | ૧૨૬૬ | ૩૨૧ | ૨૧૮ | ૮૬૭૨ | ૮૩ | ૦ | ૦ | ૭૫ | ૪ | ૦ | ૨૧૫ | ૧૦ | ૧૦૮૬૪ | ૩૪૭૫ | ૧૨ | ૩૪૮૭ |
| ૨ | ઉત્તર | ૨૦૬૪૧૧ | ૪૪૩૮ | ૭૭૪૦ | ૭૨૭૬ | ૯૪૮ | ૬૫૭૫ | ૧૧ | ૦ | ૦ | ૨૪૨ | ૪ | ૦ | ૧૭૫ | ૪ | ૨૨૯૭૫ | ૬૭૧ | ૦ | ૬૭૧ |
| ૩ | દક્ષિણ | ૨૨૭૬૪૨ | ૮૫૭૨ | ૬૧૩૪ | ૮૫૩૮ | ૬૫૫ | ૯૨૯૧ | ૦૯ | ૦ | ૦ | ૨૫૬ | ૩૭ | ૦ | ૩૪૭ | ૪૬ | ૨૫૩૧૩ | ૧૪૦૧૫ | ૪૦ | ૧૫૯૮૪ |
| ૪ | પૂર્વ | ૧૬૩૬૨૩ | ૬૭૮૦ | ૫૮૬૦ | ૭૬૫૦ | ૫૬૦ | ૧૩૦૨૪ | ૮ | ૦ | ૦ | ૨૪૦ | ૧૯ | ૦ | ૧૧૬ | ૦ | ૨૭૪૭૭ | ૬૪૧૮ | ૦ | ૬૪૧૮ |
| ૫ | પશ્ચિમ | ૧૪૭૧૪૧ | ૨૩૬૮ | ૩૭૭૫ | ૨૦૧૭ | ૫૧ | ૩૧૪૦ | ૭ | ૦ | ૦ | ૫૨૦ | ૧૭ | ૫ | ૪૪૮ | ૪ | ૯૯૮૪ | ૩૫૭ | ૫ | ૩૮૩ |
| ૬ | નવા પશ્ચિમ | ૨૪૩૦૮૩ | ૭૯૫૭ | ૬૬૪૦ | ૧૧૬૬૬ | ૯૨૨ | ૬૦૭૨ | ૧૦૨ | ૦ | ૨ | ૭૫ | ૧૬૬ | ૦ | ૯૨૬ | ૧૬ | ૨૬૫૮૭ | ૪૮૨૦ | ૦ | ૪૯૮૮ |
| ૭ | કુલ | | ૩૪૯૮૭ | ૩૧૪૨૫ | ૩૭૪૬૮ | ૩૩૫૪ | ૪૬૭૭૪ | ૨૨૦ | ૦ | ૨ | ૧૪૦૮ | ૨૪૭ | ૫ | ૨૨૨૭ | ૮૦ | ૧૨૩૨૧૦ | ૨૯૭૫૬ | ૫૭ | ૨૯૮૧૩ |

## પત્રક ૨:૧૨:૭
## વર્ષ ૦૭-૦૮ ના સરકારી પત્રોની માહિતી

| અ.ન. | નામ | સંખ્યા |
|---|---|---|
| ૧ | માન.ધારાસભ્યશ્રીના પત્રો | ૪૦ |
| ૨ | માન.સંસદભ્યશ્રીના પત્રો | ૨ |
| ૩ | માન.મુખ્યમંત્રીશ્રીના કાર્યાલયના પત્રો | ૪૫ |
| ૪ | માન.મંત્રીશ્રીના પત્રો | ૨૦ |
| ૫ | શહેરી વિકાસ શહેરી ગૃહનિર્માણના પત્રો | ૪૯ |
| ૬ | સરકારી તથા અન્ય પત્રો | ૩૩ |

# ૨.૧૩ ઓક્ટ્રોય વિભાગ

## ૨૦૦૭-૦૮

**(૧)સામાન્યઃ-**

મુંબઈ પ્રાંતીય મહાનગરપાલિકા અધિનિયમ ૧૯૪૯ની કલમ ૧૨૭/૨/અ મુજબ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની હદમાં જે માલ ઉપયોગ ,ઉપભોગ કે વેચાણ માટે આયાત કરવામાં આવે છે.તેના ઉપર ઓકટ્રોય ડયુટી વસુલ કરવામાં આવે છે.

શહેરમાં આયાત થતા માલસામાન અંગેની રેલ્વે રસીદ ઉપરથી ઈમ્પોર્ટ બીલો બનાવી આપવામાં આવે છે.વેસ્ટર્ન રેલ્વે અને મ્યુનિસિપલ કોર્પોરેશન વચ્ચે થયેલ કરાર અનુસાર ઈમ્પોર્ટ બીલોમાં જણાવેલ રકમ રેલ્વે સ્ટાફ માલની ડીલીવરી આપતી વખતે વસુલ કરે છે.રેલ્વે નાકાઓની એકત્રિત કરેલ વસુલાતની રકમ થયેલા કરાર મુજબ કમિશનની રકમ કાપી લઈને બાકીની ઓકટ્રોયની રકમનો ચેક પ્રતિ માસે મ્યુનિ.કોર્પોરેશનને રેલ્વે મોકલી આપે છે.જયારે રસ્તાઓ મારફતે આયાત થતા માલસામાનની ઓકટ્રોય સ્થળ ઉપર આયાત સમયે ઓકટ્રોય નાકા ઉપર નિયમ મુજબ રોકડમાં અગર ચેકની સવલત આપી હોય તે ચેકથી વસુલ કરવામાં આવે છે.

**(૨)ઓકટ્રોય વસુલાત અંગે વ્યવસ્થાઃ-**

રેલ્વેમાં આવતા મુસાફરો પોતાની સાથે ઓકટ્રોય પાત્ર જે માલ સામાન લાવે તેના ઓકટ્રોય વસુલ લેવા માટે ખાસ પેસેન્જર ટ્રેઈન ચેકીગ સ્ટાફ નીમવામાં આવેલ છે.તદઉપરાંત આંગડીયા મારફતે આયાત થતા માલ ઉપર ઓકટ્રોય ડયુટી વસુલ કરવા માટે સ્વતંત્ર વ્યવસ્થા કરવામાં આવી છે.રોડ નાકા મારફતે,રેલ્વનાકામારફતે એરપોર્ટ ,એસ.ટી.બસો મારફતે તથા પોસ્ટ પાર્સલ મારફતે આવતા માલસામાન પર ઓકટ્રોય કરની અન્ય પરચુરણ આવક તથા સુપરવીઝન ફી સાથેની કુલ વસુલાત ૨૦૦૭-૦૮ની સાલમાં તાઃ૧૫/૧૧/૦૭ સુધીની રૂા.૫૦૮.૩૧ કરોડની થઈ છે.એકાઉન્ટ ખાતાના બજેટ વિભાગમાંથી મેળવેલ માહિતી મુજબ સને ૨૦૦૭-૦૮ ના વર્ષની ગ્રોસ ઓક્ટ્રોય આવક રૂા.૮૨૯.૨૧ કરોડ થયેલ છે.

**(૩) આવક અને અંદાજઃ-**

સને ૨૦૦૭-૦૮ના વર્ષમાં ગ્રોસ ઓકટ્રોય આવકનો અંદાજ રૂ.૮૪૯.૫૦ કરોડ અને રીફંડખર્ચનો અંદાજ રૂ.૪.૦૦ કરોડ નકકી કરવામાં આવેલ છે.જે સને ૨૦૦૬-૨૦૦૭ના વર્ષમાં મેળવેલ કુલ આવક રૂ.૭૦૩.૧૭ કરોડની તુલનામાં રૂ.૧૪૬.૩૩ કરોડની વધારાની આવક મેળવવાની થાય તે ૨૦.૮૧% જેટલી વધારાની આવક મેળવવાનો ટારગેટ આપવામાં આવેલ હતો.રાજય સરકારશ્રી દ્વારા સમગ્ર ગુજરાતમાંથી ઓકટ્રોય નાબુદ કરવાનો સૈધ્ધાંતિક સ્વીકાર કરવામાં આવેલ.તદ્નાનુસાર મ્યુનિસપિલ કમિશ્નરશ્રી દ્વારા દરખાસ્ત તૈયાર કરી ઓકટ્રોય ખાતાના વર્ગીકરણ નં.૭ તાઃ૨૨/૦૬/૦૭ ની દરખાસ્ત ઉપર સ્ટેન્ડીગ કમીટી ઠરાવનં. ૪૩૫ તાઃ૨૩/૦૬/૦૭ મ્યુ.કો.ઠ.નં.૩૬૯ તાઃ૨૬/૦૬/૦૭ અનુસાર અમદાવાદ મહાનગર પાલિકાના વિસ્તારમાંથી લાભપાંચમના દિવસથી જકાતના દરો શુન્ય કરવા અને નિયમોમા સુધારા વધારા કરવાની કાર્યવાહી કરવા મ્યુનિ.કમિશ્નરશ્રીને સત્તા આપવામાં આવેલ તદ્નાનુસાર ગુજરાત સરકારના શહેરી ષ્વિકાસ ખાતાના તાઃ૧૨/૦૯/૦૭ ના નં.KV-245 Of 2007 JKT-802007/1963P જાહેરનામાથી તાઃ૧૫/૧૧/૦૭ શુન્ય કલાકથી ઓકટ્રોય નાબુદ કરવામાં આવેલ છે.

આથી ૨૦૦૭-૦૮ ના વર્ષના ઓકટ્રોય ખાતાની આવકનો અંદાજ ઘટાડવાનો થાય.સને ૨૦૦૭-૦૮ ના વર્ષનો રીવાઈઝડ ગ્રોસ ઓકટ્રોય આવકનો અંદાજ રૂા.૫૧૫.૫૦ કરોડ તથા રીફંડ ખર્ચ રૂા.૦.૫૦ કરોડ નક્કી કરવામાં આવેલ.આથી તાઃ૧૫/૧૧/૦૭ સુધીની ગ્રોસ ઓકટ્રોય આવક રૂા.૫૦૮.૩૧ કરોડ

મેળવેલ છે. જે રીવાઇઝડ અંદાજ કરતા રૂા.૭.૧૯ કરોડનો ઘટાડો દર્શાવે છે.જે રીવાઇઝડ અંદાજ કરતા ૧.૩૯%નો ઘટાડો દર્શાવે છે.

આવક ઘટવામાં મુખ્ય કારણોમાં તાઃ૧૫/૧૧/૦૭ થી ઓકટ્રોય નાબુદ કરવાનું જાહેરનામું બહાર પાડવામાં આવતા,વેપારીઓ,ટ્રાન્સપોટરો અને આયાતકારો દ્વારા જરૂરીયાત પુરતો જ માલ આયાત કરવામાં આવતો હતો.જેથી આયાતકારોને વધારાની ઓકટ્રોય ભરવાની થાય નહી.

રાજય સરકારશ્રી દ્વારા નક્કી થયા મુજબ ઓકટ્રોય આવક સામે નક્કી કરેલ રકમ દર માસે ચેક દ્વારા મ્યુનિ.કોર્પોરેશનને ચુકવવામાં આવે છે.સદરહુ ચેકો એકાઉન્ટ ખાતામાં ઓકટ્રોય ખાતાના આવકના બજેટહેડમાં જમા થાય છે.આથી સને ૨૦૦૭-૦૮ ના વર્ષના બજેટ વિભાગ દ્વારા આપવામાં આવેલ માહિતી મુજબ સને ૨૦૦૭-૦૮ ની કુલ ઓકટ્રોય આવક રૂા.૮૨૯.૨૧ કરોડ મેળવેલ છે.તથા ઓકટ્રોય ખાતાના ખર્ચનો સને ૨૦૦૭-૦૮ વર્ષનો કુલ ખર્ચ રૂા.૧૯.૧૯ કરોડ અને એસ્ટા.ખર્ચ રૂા.૯.૪૩ કરોડ થયેલ છે.

ઓકટ્રોય ખાતામાં ફરજ બજાવતા શીડયુલ કર્મચારીઓનો વહીવટી ખર્ચ રૂા.૯.૪૩ કરોડ થાય છે.જે સને ૨૦૦૭-૦૮ ના વર્ષનો ગ્રોસ ઓકટ્રોય આવક રૂા.૫૦૮.૩૧ કરોડના ૧.૮૬% જેટલો થાય છે.જે પ્રમાણમાં નજીવો ગણી શકાય.

**(૪)કરચોરી અંગે લીધેલ પગલા અને વસુલ કરેલ રકમોઃ-**

નિયત કરેલ નાકાઓ સિવાય ઓકટ્રોય ભર્યા સિવાય અન્ય આડરસ્તા કે નેળીયાઓથી આવતા વાહનો અંગે સઘન ચેકીગ ઝુંબેશ હાથ ધરવામાં આવેલ છે.તે સાથે ટ્રાન્સપોર્ટ કંપનીઓના ગોડાઉનો,વેપારી સંસ્થાઓ અને ખાનગી વેરહાઉસમાં વગર જકાતે આયાત કરેલ માલ પકડી પાડી તેવા વેપારીઓની સામે જકાત વસુલાત કરી તેની તપાસ અર્થે "આઇ" ફોર્મ આપવાની કાર્યવાહી કરવામાં આવેલ છે.

ઇન્ટેલીજન્સ બ્રાચની શરૂઆત તાઃ૦૫/૦૨/૯૮ થી કરવામાં આવેલ છે.આ વિભાગમાં ફરજ બજાવતાં સિલેકટેડ -૧૦ કર્મચારી-૨૪ કલાકની ફરજ બજાવે છે.મ્યુનિ.નાકાઓ બહાર આડ રસ્તાઓ નાકાઓ પરથી ભાગેડુઓ દ્વારા થતી ચોરી માટે ઉપયોગમાં લેવાતા પોઇન્ટો મ્યુનિ.હદમાં પોતાના અંગત વાહનો (સ્કુટરો/મોટરસાયકલ) અથવા તો ભાડે કરીને પ્રાઇવેટ વાહનો ધ્વારા રોડ ચેકીગ ધ્વારા કે સ્થળ તપાસ કરીને ઇન્ફોર્મર ધ્વારા કે સદરહુ સ્ટાફ ધ્વારા વોકીટોકી,રેડીયોસેટ,પેજર,વાયરલેસ સેટ કે ટેલીફોન દ્વારા માહીતી પહોચાડીને ઓકટ્રોય ચોરી કરનાર તત્ત્વોને અકુંશમાં રાખવામાં આવે છે.વારંવાર ચોરી કરનાર શખ્સ/ પાર્ટી પકડાય તો તેની જાણ ઇન્કમટેક્ષ ,સેલ્સટેક્ષ,એકસાઇઝ,કસ્ટમ વિભાગને કરવામાં આવે છે.આ કામગીરીનો રીપોર્ટ ખાતાના વડાને કરી કેસોનો નિકાલ કરવામાં આવે છે.સને ૨૦૦૭-૦૮ માં ઇન્ટેલીજન્સ બ્રાન્ચ ધ્વારા રૂા.૪૪.૩૩ લાખની રીકવરી થયેલ છે.

ચાલુ વર્ષ દરમ્યાન કરચોરીના ૨૩૨ કિસ્સાઓ પકડી પાડી રૂા.૧૦.૭૬ લાખની જકાત ની રકમ વસુલ કરવામાં આવેલ છે.

**(૫)રીફંડ વિભાગની કામગીરીઃ-**

ઓકટ્રોય નિયમ-૧૨ ની જોગવાઇ અન્વયે આયાત થતો માલ છ માસની સમયમર્યાદામાં સ્થિતિ,દેખાવ કે સ્વરૂપમાં ફેરફાર કર્યા સિવાય નિકાસ કરવામાં આવે. માફીપાત્ર માલની જકાત વસુલ થઇ હોય અથવા ખરેખર માલની કીમત કે વજનના આધારે વસુલ થયેલ જકાત વધુ વસુલ થઇ હોય તેવા કેસોમાં રીફંડ આપવા તજવીજ કરવામાં આવે છે.

**છેલ્લા પાંચ વર્ષની રીફંડ અંગેની માહિતી પત્રક ૨.૧૩.૪માં  દર્શાવેલ છે.**

| અ.નં. | વર્ષ | રીફંડ માટે આવેલ નવી અરજીઓ | રીફંડ બીલોની સંખ્યા | ચૂકવેલ રકમ રૂ. લાખમાં |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | ૨૦૦૩-૨૦૦૪ | ૨,૧૧૮ | ૨,૬૩૮ | ૯૨.૬૦ |
| ૨ | ૨૦૦૪-૨૦૦૫ | ૪૨૧ | ૨૧૬૨ | ૩૨.૫૪ |
| ૩ | ૨૦૦૫-૨૦૦૬ | ૪૧૬ | ૧૯૪૬ | ૨૦.૯૫ |
| ૪ | ૨૦૦૬-૨૦૦૭ | ૨૪૧૩ | ૧૫૧૫ | ૨૨.૯૪ |
| ૫ | ૨૦૦૭-૨૦૦૮ | ૨૮૨૧ | ૩૨૯ | ૧૦૧.૯૦ |

આમ,ઓકટ્રોય ખાતાએ તમામ કર્મચારીઓના સાથ અને વખતોવખત  મ્યુનિસિપલ કમિશ્નર સાહેબ તથા ડે.મ્યુનિ.કમિશ્નરશ્રી(રેવન્યુ અને યુ.ડી.)તરફથી ઓકટ્રોય ખાતાને મળેલ માર્ગદર્શનને પરીણામે સને ૨૦૦૭-૦૮ ના વર્ષમાં તાઃ૧૫/૧૧/૦૭ સુધીમાં રૂા.૫૦૮.૩૧ કરોડની આવક મેળવેલ છે.

# ૨.૧૪ કન્ટ્રોલ રૂમ

## ૦૭-૦૮

અ.મ્યુ.કોર્પો.દ્વારા જનતાની પ્રાથમિક જરૂરીયાતો અંગે સંતોષકારક કામગીરી કરવામાં આવી રહેલ છે.આ જરૂરીયાતોમાં  શુધ્ધ પાણી પુરૂ પાડવું, ગંદા પાણીનો નિકાલ કરવો,ડ્રેનેજના કામ સારા અને સુઘડ રસ્તા આપવા તેમજ ડામર પેચ કરવું તેમજ ફુટપાથના પથ્થરનું લેવલ સરખુ કરવું,દીવાબત્તીની સારી સગવડ આપવી તથા પ્રાથમિક આરોગ્ય અને તબીબી સેવાઓ તેમજ પ્રાથમિક શિક્ષણની સુવિધા પુરી પાડવી વગેરેનો સમાવેશ થાય છે.

ઉપરોકત બધીજ સેવાઓ જાહેર હિતને લાગતી હોવાથી તે અંગે જનતાની રોજ ફરીયાદો આવતી રહે છે.આ ફરિયાદોનો ઝડપી અને સમયસર નિકાલ કરવા કંટ્રોલરૂમ ધ્વારા પગલા લેવામાં આવે છે. જનતાની ફરીયાદોને જે તે ઝોનમાં કંટ્રોલરૂમ મારફતે જે તે અધિકારીઓ ને પહોંચાડવામાં આવે છે.ખુબજ અગત્યની ફરીયાદોનો ૨૪ કલાકમાં અને બાકીની તમામ ફરીયાદો નો ૭ દિવસમાં નિકાલ કરવાનો પ્રયત્ન કરવામાં આવે છે.

અહેવાલી વર્ષમાં  ૬૨૦૪ નવી ફરીયાદો તથા અગાઉની ફરીયાદો ૧૩૫ કુલ મળીને વર્ષમાં કુલ ૬૩૩૯ ફરિયાદો હતી.જેમાં પુર્વઝોનને લગતી ૫૬૩ ફરિયાદ,પશ્ચિમઝોનને લગતી ૫૬૮ ફરિયાદ,ઉતરઝોનને લગતી ૬૩૧ ફરિયાદ,દક્ષિણઝોનને લગતી ૬૨૨ ફરિયાદ અને મધ્યઝોનને લગતી ૧૬૩૦ ફરિયાદો તેમજ લાઇટખાતાને લગતી ૧૮૪૦ ફરિયાદો અને બગીચાને લગતી ૩૫૦ કુલ ફરિયાદો, હતી આમ બધા  ઝોનની ફરિયાદો ૬૨૦૪ અને અગાઉની બાકી ૧૩૫ મળી કુલ ૬૩૩૯ ફરિયાદો આવેલ. તેમાંથી ઝોનવાઇઝ ફરિયાદોનો નિકાલ ૬૩૦૦ થયેલ છે.તેથી વર્ષના અંતે કુલ બાકી ફરિયાદો ૩૯ છે.ઝોનવાઇઝ માહિતી આ સાથે ૨:૧૪:૧માં સમાવેલ છે

**પત્રક ૨.૧૪.૧**

**ઝોનવાઈઝ નોંધાયેલ અને નિકાલ થયેલ ફરિયાદોની માહિતી દર્શાવતું પત્રક**

| અ.નં | ઝોનનું નામ | અગાઉની બાકી ફરિયાદો | વર્ષ દરમ્યાન આવેલ ફરિયાદો | વર્ષ દરમ્યાન કુલ ફરિયાદો | નિકાલ કુલ ફરિયાદ | વર્ષના અંતે બાકી ફરિયાદ |
|---|---|---|---|---|---|---|
| ૧ | પૂર્વ | ૧૦ | ૫૬૩ | ૫૭૩ | ૫૭૦ | ૩ |
| ૨ | પશ્ચિમ | ૭ | ૫૬૮ | ૫૭૫ | ૫૭૪ | ૧ |
| ૩ | ઉત્તર | ૧૩ | ૬૩૧ | ૬૪૪ | ૬૪૧ | ૩ |
| ૪ | દક્ષિણ | ૧૩ | ૬૨૨ | ૬૩૫ | ૬૩૪ | ૧ |
| ૫ | મધ્ય | ૩ | ૧૬૩૦ | ૧૬૩૩ | ૧૬૩૧ | ૨ |
| ૬ | લાઇટ | ૬૦ | ૧૮૪૦ | ૧૯૦૦ | ૧૮૮૦ | ૨૦ |
| ૭ | બગીચા | ૨૯ | ૩૫૦ | ૩૭૯ | ૩૭૦ | ૯ |
| | **કુલ** | **૧૩૫** | **૬૨૦૪** | **૬૩૩૯** | **૬૩૦૦** | **૩૯** |

### પત્રક ૨.૧૪.૨
### ફરિયાદોના પ્રકારવાર અને ઝોનવાર માહિતી દર્શાવતું પત્રક સને ૨૦૦૭-૦૮

| વિગત | હેલ્થ | રેફ્યુઝ | મેલેરીયા | પાણી | ડ્રેનેજ | રોડ | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૯ |
| **૧. પૂર્વઝોન** | | | | | | | |
| શરૂઆતની બાકી ફરિયાદ | | | | - | ૫ | ૫ | ૧૦ |
| વર્ષદરમ્યાન આવેલી નવી ફરિયાદ | ૫૮ | - | ૧૦૨ | ૧૦૦ | ૨૦૩ | ૧૦૦ | ૫૬૩ |
| કુલ ફરિયાદ | ૫૮ | - | ૧૦૨ | ૧૦૦ | ૨૦૮ | ૧૦૫ | ૫૭૩ |
| વર્ષદરમ્યાન નિકાલ કરેલ ફરિયાદ | ૫૮ | - | ૧૦૨ | ૧૦૦ | ૨૦૫ | ૧૦૫ | ૫૭૦ |
| વર્ષના અંતે બાકી ફરિયાદ | - | - | - | - | ૩ | - | ૦૦૩ |
| **૨. પશ્ચિમઝોન** | | | | | | | |
| શરૂઆતની બાકી ફરિયાદ | | | | ૩ | ૨ | ૨ | ૭ |
| વર્ષદરમ્યાન આવેલી નવી ફરિયાદ | ૬૦ | - | ૧૦૮ | ૧૦૦ | ૨૦૦ | ૧૦૦ | ૫૬૮ |
| કુલ ફરિયાદ | ૬૦ | - | ૧૦૮ | ૧૦૩ | ૨૦૨ | ૧૦૩ | ૫૭૫ |
| વર્ષદરમ્યાન નિકાલ કરેલ ફરિયાદ | ૬૦ | - | ૧૦૭ | ૧૦૩ | ૨૦૨ | ૧૦૨ | ૫૭૪ |
| વર્ષના અંતે બાકી ફરિયાદ | - | - | ૧ | - | - | - | ૦૦૧ |
| **૩. ઉતરઝોન** | | | | | | | |
| શરૂઆતની બાકી ફરિયાદ | - | - | ૦૩ | - | ૦૫ | ૦૫ | ૧૩ |
| વર્ષદરમ્યાન આવેલી નવી ફરિયાદ | ૭૩ | - | ૧૦૮ | ૧૫૦ | ૨૦૦ | ૧૦૦ | ૬૩૧ |
| કુલ ફરિયાદ | ૭૩ | - | ૧૧૧ | ૧૫૦ | ૨૦૫ | ૧૦૫ | ૬૪૪ |
| વર્ષદરમ્યાન નિકાલ કરેલ ફરિયાદ | ૮૪ | - | ૧૦૦ | ૧૫૦ | ૨૦૪ | ૧૦૪ | ૬૪૧ |
| વર્ષના અંતે બાકી ફરિયાદ | - | - | ૧ | - | ૧ | ૧ | ૦૦૩ |
| **૪. દક્ષિણઝોન** | | | | | | | |
| શરૂઆતની બાકી ફરિયાદ | - | - | ૩ | - | ૫ | ૫ | ૧૩ |
| વર્ષદરમ્યાન આવેલી નવી ફરિયાદ | ૧૦૦ | - | ૧૨૨ | ૧૦૦ | ૨૦૦ | ૧૦૦ | ૬૨૨ |
| કુલ ફરિયાદ | ૧૦૦ | - | ૧૨૫ | ૧૦૦ | ૨૦૫ | ૧૦૫ | ૬૩૫ |
| વર્ષદરમ્યાન નિકાલ કરેલ ફરિયાદ | ૧૦૦ | - | ૧૨૫ | ૧૦૦ | ૨૦૪ | ૧૦૫ | ૬૩૪ |
| વર્ષના અંતે બાકી ફરિયાદ | - | - | - | - | ૧ | - | ૦૦૧ |
| **૫. મધ્યઝોન** | | | | | | | |
| શરૂઆતની બાકી ફરિયાદ | - | - | - | ૧ | ૧ | ૧ | ૦૩ |
| વર્ષદરમ્યાન આવેલી નવી ફરિયાદ | ૨૦૦ | - | ૩૦૦ | ૪૦૦ | ૪૦૦ | ૩૩૦ | ૧૬૩૦ |
| કુલ ફરિયાદ | ૨૦૦ | - | ૩૦૦ | ૪૦૧ | ૪૦૧ | ૩૩૧ | ૧૬૩૩ |
| વર્ષદરમ્યાન નિકાલ કરેલ ફરિયાદ | ૨૦૦ | - | ૩૦૦ | ૪૦૦ | ૪૦૦ | ૩૩૧ | ૧૬૩૧ |
| વર્ષના અંતે બાકી ફરિયાદ | | - | | ૧ | ૧ | - | ૦૨ |

# <u>૨.૧૫ સ્નાનાગાર ખાતુ</u>

૦૭-૦૮

શારીરિક તંદુરસ્તી માટે મનુષ્યને કસરત કરવી જરૂરી છે. આપણાં શહેરનાં નાગરિકો શારીરિક રીતે તંદુરસ્ત રહે તે જરૂરી છે. સ્વીમીંગ કરવાથી શરીરનાં તમામ અંગોને કસરત મળે છે. જે "Swimming is a Best Excercise" સૂત્ર જોતાં ચરિતાર્થ થાય છે.

અમદાવાદ શહેરમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન હસ્તકનાં નવ મોટા તેમજ સાત નાના (બાળ) સ્નાનાગાર સહિત કુલ સોળ સ્નાનાગાર આવેલાં છે. આ સ્નાનાગારોનો વહીવટ તેમજ સંચાલન સ્નાનાગાર ખાતા દ્વારા મે. ડે. મ્યુ.કમિશ્નર (જનરલ)શ્રીનાં સીધા માર્ગદર્શન હેઠળ સ્નાનાગાર સુપ્રિન્ટેન્ડેન્ટ દ્વારા કરવામાં આવે છે.

શહેરનાં નાગરિકો શારીરિક તંદુરસ્તી પ્રત્ય સભાનતા કેળવાય તે હેતુથી શહેરમાં નવા સ્વીમીંગ પુલ બનાવવાનું તેમજ જુના સ્વીમીંગ પુલોનું નવીનીકરણ કરવાની કામગીરી હાલમાં ચાલુ છે.

- વાસણા વિસ્તારમાં ઓલિમ્પિક કક્ષાનો એક મોટો સ્નાનાગાર તથા એક બાળ સ્નાનાગાર અંદાજે દોઢ કરોડનાં ખર્ચે બનાવીને શહેરનાં નાગરિકો માટે ખુલ્લો મૂકવામાં આવેલ છે.
- પશ્ચિમ ઝોનમાં સરદાર પટેલ સ્ટેડિયમની બાજુમાં આવેલ સ.પ. સ્ટેડિયમ સ્નાનાગારમાં મોટો સ્વીમીંગ પુલ, બાળ સ્નાનાગાર તેમજ જેમ્નેશીયમ, સ્ટીમબાથ, સોનાબાથ, ચીલ્ડબાથ વિગેરેની સુવિધાઓ સાથેનું કોમ્પલેક્ષ બનાવવાનું તેમજ હયાત સ્નાનાગારનું નવીનીકરણનું કામ હાલમાં ચાલુ છે.
- નવા વાડજ વિસ્તારમાં ઓલિમ્પિક કક્ષાનો નવો મોટો તેમજ બાળ સ્નાનાગાર બનાવવાની કામગીરી હાલમાં ચાલુ છે.
- કાંકરીયા વિસ્તારમાં આવેલ મ્યુ. સ્નાનાગારમાં ઓલિમ્પિક કક્ષાનો એક મોટો સ્નાનાગાર તથા એક બાળ સ્નાનાગાર, સ્કેટીંગ રીંગ, જીમ્નેશીયમ, સ્ટીમબાથ, સોનાબાથ, ચીલ્ડ બાથ વિગેરેની સુવિધાઓ સાથે સ્નાનાગારની નવીનીકરણની પ્રક્રિયા હાલમાં ચાલુ છે.
- દક્ષિણઝોનમાં બાગે-ફિરદોશ ખાતે ઓલિમ્પિક કક્ષાનો મોટો તથા બાળ સ્નાનાગાર બનાવવાની કામગીરી હાલમાં ચાલુ છે.

- મધ્યઝોનમાં હાજીપુરા ગાર્ડનની અંદર લાખાજી કુંવરજી હોલની બાજુમાં મોટો સ્નાનાગાર તથા બાળ સ્નાનાગાર બનાવવા માટેનું જરૂરી આયોજન ચાલુ છે. જે પૂર્ણ થતાં સ્નાનાગાર બનાવવાની કામગીરી ચાલુ કરવામાં આવશે.

- ઉત્તરઝોનમાં મેમ્કો ખાતે સ્પોર્ટસ કોમ્પલેક્ષ બનાવવાનું નક્કી કરવામાં આવેલ છે. જયાં એક સ્નાનાગાર બનાવવા માટેની જરૂરી પ્રક્રિયા ચાલુ છે.
- પૂર્વઝોનનાં ઓઢવ વોર્ડમાં અંબિકાનગર પાસે ૫૯૮૭.૨૬ ચો.મી. પ્લોટ એરીયામાં રૂા. ૨.૬૧ કરોડનાં ખર્ચે સ્વીમીંગ પુલ બનાવવામાં આવશે. જેમાં સ્વીમીંગ પુલ, જીમ્નેશીયમ, શાવર એરીયા, ચેન્જીંગ રૂમ, કીડઝ શાવર, પાર્કિંગ વિગેરે સવલતો પૂરી પાડવામાં આવશે.

સને ૨૦૦૮-૦૯નાં વર્ષમાં બાગેફિરદોશ તથા દાણીલીમડા વોર્ડમાં વ્યાયામ શાળા, કુબેરનગર વોર્ડમાં નહેરૂ ચિલ્ડ્રન પાર્કમાં, પાલડી વોર્ડમાં રંગસાગર ફલેટની બાજુમાં, નારણપુરા વોર્ડમાં અને ખોખરા વોર્ડમાં જીમ્નેશીયમ તેમજ સ્વીમીંગ પુલ તથા કાંકરીયા આબાદ ડેરીમાં ઈન્ડોર સ્ટેડીયમ બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે.

સને ૨૦૦૭-૦૮નાં વર્ષમાં જાણકાર, મોટા શીખાઉ તેમજ બાળ શિખાઉ સહિત કુલ ૧૫૬૫૭ સભ્યોએ સ્નાનાગાર ખાતે સ્વીમીંગનો લાભ લીધેલ છે. તેમજ સભ્ય ફી, ફોર્મ ફી, ડુપ્લીકેટ કાર્ડ ફી, અન્ય આવક વિગેરેની કુલ ૬૨,૫૮,૫૦૬.૦૦ આવક થયેલ છે.પત્રક ૨:૧૫:૧ માં મ્યુ.સ્નાનાગારોની સંખ્યા તથા આવક અંગેની માહીતી તથા પત્રક ૨:૧૫:૨માં મ્યુ.સ્નાનાગારોની ફી ના સામાન્ય તથા કન્સેશન દરની માહીતી આપવામાં આવેલ છે.

શહેરનાં નાગરિકોને સ્વીમીંગની સારામાં સારી સગવડો મળી રહે તે અંગેનાં સઘન પ્રયત્નો કરવામાં આવે છે.

## સને ૨૦૦૭-૨૦૦૮ના વર્ષમાં મ્યુ.સ્નાનાગારોની સભ્ય સંખ્યા તથા આવક અંગેની માહિતી દર્શાવતુ પત્રક ૨:૧૫:૧

| અ. નં. | સ્નાનાગારનુ નામ અને સરનામુ | જાણકાર સભ્યો | | મોટા શિખાઉ સભ્યો | | બાળ શિખાઉ સભ્યો | | જાણકાર સભ્ય ફી (રૂા.લાખમાં) | | મોટા શિખાઉ સભ્ય ફી(રૂા.લાખમાં) | | બાળ શિખાઉ સભ્ય ફી(રૂા.લાખમાં) | | કુલ સભ્ય ફી (રૂા.લાખમાં) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | સામાન્ય | કન્સેસન | સામાન્ય | કન્સેસન | સામાન્ય | કન્સેસન | સામાન્ય ફી | કન્સેસન ફી | સામાન્યફી | કન્સેસન ફી | સામાન્ય ફી | કન્સેસન ફી | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ |
| ૧ | શ્રી વીર સાવરકર મ્યુનિ.સ્નાનાગાર ,વાસણા. | ૧૦૬૩ | ૧૦૭૩ | ૧૧૪૩ | ૯૧૭ | ૧૯૨ | ૧૧૫૦ | ૭૭૭૭૦૦ | ૪૭૮૬૦૦ | ૩૬૦૦૪૫ | ૨૪૩૦૦૫ | ૬૦૪૮૦ | ૩૦૪૭૫૦ | ૨૪૦૮૬૪૦ |
| ૨ | સરદાર પટેલ સ્ટેડિયમ સ્નાનાગાર,નવરંગપુરા | ૩૭ | ૩૭ | ૦ | ૦ | ૦ | ૦ | ૩૭૦૦૦ | ૧૯૪૦૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૫૮૯૭૫ |
| ૩ | શ્રી.ર.લ. સ્નાનાગાર, લાલદરવાજા | ૨૮૫ | ૩૨૯ | ૪૨૧ | ૩૫૧ | ૬૩ | ૨૩૦ | ૧૮૦૦૦૦ | ૧૨૬૪૨૫ | ૧૧૧૫૬૫ | ૭૮૭૯૫ | ૧૬૬૯૫ | ૫૧૭૫૦ | ૬૨૩૪૩૦ |
| ૪ | શ્રી હિરાલાલ મ્યુ. સ્નાનાગાર, કાંકરીયા | ૩૮૫ | ૪૬૬ | ૧૭૦ | ૨૬૩ | ૬૮ | ૩૮૧ | ૨૫૦૨૫૦ | ૧૮૩૨૭૫ | ૪૫૦૫૦ | ૯૫૨૪૦ | ૧૫૩૦૦ | ૧૨૧૨૭૦ | ૭૭૫૩૧૦ |
| ૫ | શ્રી કાંતિલાલ ફૂલચંદ ઘીયા મ્યુ.સ્નાનાગાર, સાબરમતી. | ૧૩૫ | ૧૧૦ | ૧૧૧ | ૩૩ | ૩૩ | ૬૦ | ૬૬૭૦૦ | ૩૧૧૨૫ | ૨૬૦૮૫ | ૬૯૩૦ | ૭૭૫૫ | ૧૨૬૦૦ | ૧૬૮૬૨૫ |
| ૬ | લાલભાઈ છબાભાઈ મ્યુ. સ્નાનાગાર,ખોખરા. | ૫૩૧ | ૫૨૩ | ૪૧૨ | ૧૯૭ | ૧૦૬ | ૩૪૩ | ૨૫૨૨૫૦ | ૧૫૫૭૭૫ | ૧૦૬૯૨૫ | ૪૨૮૪૦ | ૩૦૫૫૦ | ૯૨૬૧૦ | ૭૫૩૭૨૫ |
| ૭ | અસારવા મ્યુ.સ્નાનાગાર, અસારવા. | ૩૬૪ | ૩૯૦ | ૩૯૧ | ૧૬૧ | ૧૨૯ | ૨૮૮ | ૧૭૮૬૦૦ | ૧૧૨૨૭૫ | ૯૧૮૮૫ | ૩૩૮૧૦ | ૩૦૩૧૫ | ૬૦૪૮૦ | ૫૫૮૦૪૫ |
| ૮ | શ્રી.વસંત ગજેન્દ્ર ગડકર સ્નાનાગાર સારંગપુર | ૧૯૯ | ૧૫૮ | ૩૦૧ | ૧૪૮ | ૭૦ | ૧૪૨ | ૯૯૫૦૦ | ૭૮૬૬૦ | ૭૦૭૩૫ | ૬૪૫૪૦ | ૧૬૪૫૦ | ૬૩૨૮૫ | ૪૨૯૮૪૫ |
| ૯ | શ્રી.સોમેન્દ્ર પ્રભાશંકર દવે મ્યું સ્નાનાગાર સરસપુર | ૪૭૯ | ૨૯૩ | ૩૭૩ | ૧૫૩ | બાળ સ્નાનાગાર નથી | | ૨૩૪૫૦૦ | ૮૩૬૦૧ | ૮૭૬૫૫ | ૩૨૧૩૦ | બાળ સ્નાનાગાર નથી | | ૪૮૧૯૧૧ |
| | કુલ રકમ | ૩૪૭૮ | ૩૩૭૯ | ૩૩૨૨ | ૨૨૨૩ | | | ૨૦૭૬૫૦૦ | ૧૨૬૯૧૩૬ | ૮૯૯૯૪૫ | ૫૯૭૨૯૦ | ૧૭૭૫૪૫ | ૭૦૬૭૪૫ | ૬૨૫૮૫૦૬ |

**કુલ તારીજો= ૧.સભ્ય ફી ની કુલ આવક-૫૮૦૮૦૦૫ ૨.ફોર્મ ફી ની કુલ આવક- ૫૩૯૩૬૦ ૩.અન્ય આવક-૧૬૯૦ કુલ રકમ ૬૩૪૯૦૫૫**

## મ્યુ. સ્નાનાગારોની ફીનાં સામાન્ય તથા કન્સેશન દરની વિગત દર્શાવતુ પત્રક ૨:૧૫:૨

| અનુ. નં. | વિગત | અ-વર્ગ<br>વાસણા સ્નાનાગાર<br>સ્ટેડિયમ સ્નાનાગાર | | બ-વર્ગ<br>કાંકરીયા સ્નાનાગાર<br>લાલદરવાજા સ્નાનાગાર | | ક-વર્ગ<br>સાબરમતી સ્નાનાગાર<br>ખોખરા સ્નાનાગાર<br>અસારવા સ્નાનાગાર<br>સારંગપુર સ્નાનાગાર<br>સરસપુર સ્નાનાગાર | |
|---|---|---|---|---|---|---|---|
| | | સામાન્ય દર | કન્સેશન દર | સામાન્ય દર | કન્સેશન દર | સામાન્ય દર | કન્સેશન દર |
| (અ) | **જાણકાર સભ્યો માટે** | | | | | | |
| | સભ્ય ફી | | | | | | |
| | (ક) માસિક | ૨૫૦.૦૦ | ૨૦૦.૦૦ | ૨૫૦.૦૦ | ૧૭૦.૦૦ | ૧૮૦.૦૦ | ૧૩૦.૦૦ |
| | (ખ) ત્રિ માસિક | ૪૦૦.૦૦ | ૩૦૦.૦૦ | ૪૦૦.૦૦ | ૨૫૦.૦૦ | ૩૦૦.૦૦ | ૧૭૫.૦૦ |
| | (ગ) વાર્ષિક | ૧૦૦૦.૦૦ | ૮૦૦.૦૦ | ૬૫૦.૦૦ | ૪૦૦.૦૦ | ૫૦૦.૦૦ | ૩૦૦.૦૦ |
| (બ) | **શીખાઉ સભ્યો માટે** | | | | | | |
| ૧ | પ્રવેશ ફી | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |
| ૨ | એક માસની સત્ર ફી | ૨૧૫.૦૦ | ૧૬૫.૦૦ | ૧૬૫.૦૦ | ૧૨૫.૦૦ | ૧૩૫.૦૦ | ૧૧૦.૦૦ |
| (ક) | **જનરલ** | | | | | | |
| ૧ | ડુપ્લીકેટ કાર્ડ ફી | ૬૫.૦૦ | ૬૫.૦૦ | ૬૫.૦૦ | ૬૫.૦૦ | ૬૫.૦૦ | ૬૫.૦૦ |
| ૨ | ફોર્મ ફી | ૨૫.૦૦ | ૨૫.૦૦ | ૨૫.૦૦ | ૨૫.૦૦ | ૨૫.૦૦ | ૨૫.૦૦ |
| ૩ | ગેસ્ટ ફી (ફકત જાણકાર સભ્યો માટે) | ૫૦.૦૦ | ૫૦.૦૦ | ૫૦.૦૦ | ૫૦.૦૦ | ૫૦.૦૦ | ૫૦.૦૦ |
| ૪ | સ્નાનાગાર ભાડે રાખવાની ડીપોઝીટ | ૧૮૯૦.૦૦ | ૧૮૯૦.૦૦ | ૧૮૯૦.૦૦ | ૧૮૯૦.૦૦ | ૧૮૯૦.૦૦ | ૧૮૯૦.૦૦ |
| ૫ | સ્નાનાગારનું એક દિવસનું ભાડુ | ૧૮૯૦.૦૦ | ૧૮૯૦.૦૦ | ૧૮૯૦.૦૦ | ૧૮૯૦.૦૦ | ૧૮૯૦.૦૦ | ૧૮૯૦.૦૦ |

## ૨.૧૬ સંસ્કાર કેન્દ્ર (મ્યુઝીયમ)

### ૦૭-૦૮

સને ૨૦૦૭-૦૮ના વર્ષ દરમ્યાન સંસ્કાર કેન્દ્રમાં હસ્તકલાને લોકો સુધી પહોંચાડવા હસ્તશિલ્પ વિકાસ સમિતિ દ્વારા મોટા પાયે યોજવામાં આવેલ પ્રદર્શનમાં નાના મોટા હસ્તકલાના કારીગરોએ ભાગ લઈ રોજી રોટી મેળવી કલા પારખુ અમદાવાદની પ્રજાએ મન મુકીને ખરીદીઓ કરી પ્રદર્શનને પ્રોત્સાહન આપ્યું. તેમજ મીર્ચિ રેડિયો દ્વારા નવી જુની કારોનો કારમેળો યોજીને કાર શોખીનોને આશ્ચર્ય ચક્તિ અને આનંદ વિભોર કરી દીધા હતા. આ ઉપરાંત પુસ્તક મેળો, કોમર્શીયલ પ્રદર્શનો, અધિવેશનો, સાંસ્કૃતિક પ્રોગ્રામો તથા જુદીજુદી જ્ઞાતિઓના લગ્ન મેળાવડા તથા સમુહ લગ્નોના આયોજન કરવામાં આવ્યા હતા.

આમ સને ૨૦૦૭-૦૮ના વર્ષ દરમ્યાન યોજાયેલ પ્રદર્શનોના અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સંસ્કાર કેન્દ્રને રૂ.૪,૭૭,૬૧૧/- ની આવક થવા પામી છે.

## સને ૨૦૦૭-૦૮ દરમ્યાન યોજેલ પ્રદર્શનોની માહિતી દર્શાવતું પત્રક :-

| અ નું. | તારીખ | પ્રદર્શનનો પ્રકાર | પ્રદર્શન યોજનાર સંસ્થાનું નામ/સરનામું | મુલાકાતીઓની સંખ્યા | ભાડાની રકમ (રૂ.માં) |
|---|---|---|---|---|---|
| ૧ | ૧૪/૪/૦૭ થી ૨૩/૪/૦૭ | હસ્તકલા | હસ્તકલા હસ્તશિલ્પ વિકાસ સમિતિ, દિલ્હી | ૧,૦૦,૦૦૦ | ૧,૭૦,૦૦૦/- |
| ૨ | ૧૧/૫/૦૭ થી ૧૩/૫/૦૭ | | પ્રાશ કોમ્યુનિકેશન | ૨,૫૦૦ | ૧,૦૦૧/- |
| ૩ | ૫/૪/૦૭ થી ૧૭/૪/૦૭ | | કમળાબેન શાંતિલાલ ચુનીલાલ કપાસી પ્રેરીત શ્રી ઝાલાવાડ સર્વ કલ્યાણ સાર્વજનિક ટ્રસ્ટ | ૩,૦૦૦ | ૧,૦૦૧/- |
| ૪ | ૨૦/૧/૦૮ થી ૨૮/૧/૦૮ | સમુહ લગ્નોત્સવ | શ્રી સોળગામ લેઉવા પટેલ સમુહ લગ્નોત્સવ સમિતિ, ટ્રસ્ટ, અમ. | ૫,૦૦૦ | ૧,૦૦૧/- |
| ૫ | ૯/૬/૦૭ થી ૧૦/૬/૦૭ | | આકાર એક્સપોકોમ પ્રા. લિ. | ૭૦,૦૦૦ | ૪૫,૦૦૦/- |
| ૬ | ૧૩/૫/૦૭ | શ્રીરવિશંકર ની વર્ષગાંઠ અંગેનોકાર્યક્રમ | વ્યક્તિ વિકાસ કેન્દ્ર, ઈન્ડિયા | ૧૦,૦૦૦ | ૧,૦૦૧/- |
| ૭ | ૧૯/૫/૦૭થી ૨૦/૫/૦૭ | | સી. એયર મેનેજમેન્ટ | ૪૦,૦૦૦ | ૩૫,૦૦૦/- |
| ૮ | ૨૦/૫/૦૭થી ૨૨/૫/૦૭ | મહિલાઓને મફત તાલીમ શિબિર | પી. ડી. લાઈટ ઈન્ડસ્ટ્રીલ લી. | ૩૫,૦૦૦ | ૫૦૧/- |
| ૯ | ૧૭/૧૧/૦૭ | સમુહ લગ્નોત્સવ | શહેર અમદાવાદ સમસ્ત મનસુરી જમાત | ૩,૦૦૦ | ૫૦૧/- |
| ૧૦ | ૧૧/૧/૦૮ થી ૧૩/૧/૦૮ | સમુહ લગ્નોત્સવ | શ્રી સત્તર તાલુકા ઔદિચ્ય સહસ્ત્ર મંડળ, અમદાવાદ. | ૪,૦૦૦ | ૫૦૧/- |
| ૧૧ | ૩/૧૨/૦૭ થી ૪/૧૨/૦૭ | સમુહ લગ્નોત્સવ | શ્રી ચોપન આંકડા યુવા સમાજ | ૫,૦૦૦ | ૫૦૧/- |
| ૧૨ | ૪/૧/૦૮ થી ૬/૧/૦૮ | ટેક્ષટાઈલ્સ પ્રદર્શન | ધી ટેક્સટાઈલ્સ એસોસીએશન (ઈન્ડિયા) | ૮૦,૦૦૦ | ૧,૩૦,૦૦૦/- |
| ૧૩ | ૨૩/૨/૦૮ થી ૨૪/૨/૦૮ | સમુહ લગ્નોત્સવ | શ્રી દશકોશી સરદાર પટેલ વિદ્યા સભા, અમ.કોઠાવાલા ફ્લેટની બાજુમાં, પ્રિતમનગર, અમદાવાદ. | ૫,૦૦૦ | ૧,૦૦૧/- |
| ૧૪ | ૧૮/૧/૦૮ થી ૨૦/૧/૦૮ | કારમેળો | મીર્ચી રેડિયો માર્કેટીંગ લી., ઈ/૯૦૪, સર્જન ટાવર, ગુરુકુળ, અમદાવાદ. | ૯૦,૦૦૦ | ૫૦,૦૦૦/- |
| ૧૫ | ૨૬/૧/૦૮ | સાંસ્કૃતિક કાર્યક્રમ | શ્રી જયપ્રકાશનભાઈ દેસાઈ, અમદાવાદ. | ૫,૦૦૦ | ૧૦૧/- |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૬ | ૧૭/૨/૦૮ | અધિવેશન | ગુજરાત એસ્ટેટ કો.ઓ. બેન્કર્સ એમ્પ્લોઈઝ ફેડરેશન, કેપીટલ કો. સેન્ટર, આશ્રમ રોડ. | ૨૦,૦૦૦ | ૫૦૧/- |
| ૧૭ | ૫/૪/૦૮ થી ૬/૪/૦૮ | બુક્સ સેલર્સ પ્રદર્શન | ગુજરાત બુક્સ સેલર્સ એન્ડ સ્ટેશનર્સ હીતરક્ષક સમિતિ, રામવિજય ઢીંકવાની વાડી, મહાજન બુક ડેપોની ગલીમાં, અમદાવાદ. | ૮૦,૦૦૦ | ૪૦,૦૦૦/- |
| | | | કુલ ..... | ૯,૬૮,૫૦૦ | ૪,૭૭,૬૧૧/- |

# ૨.૧૭ વિજિલન્સ ખાતુ

**૦૭-૦૮**

અમદાવાદ મ્યુનિ.કોર્પો.ના વહીવટી વિભાગનાં તમામ ખાતાઓની નિયમિતતા બાબતની દેખરેખ વિજિલન્સ ખાતા દ્વારા રાખવામાં આવે છે.વહીવટી વિભાગના વહીવટી તથા ટેકનીકલ ખાતાના અધિકારી/કર્મચારીઓ વિરૂદ્ધ આવેલ ફરીયાદોની તપાસ કરી યોગ્ય નિકાલ કરવાની તથા મ્યુ.કોર્પો.ના વિવિધ ખાતાઓનું ચેકીંગ તેમજ કર્મચારીઓની હાજરી ચેકીંગ કરી ખાતાઓને કાર્યક્ષમ રાખવાની કામગીરી વિજીલન્સ ખાતા મારફતે કરવામાં આવે છે.વિજીલન્સ ખાતાની કામગીરી બે વિભાગમાં વહેંચવામાં આવે છે. (અ )જનરલ (બ) ટેકનીકલ

**(અ) જનરલ :-**

મ્યુ.કોર્પોરેશનનાં તમામ ખાતાની વહીવટી કામગીરી ઉપર દેખરેખ જનરલ વિભાગ દ્વારા રાખવામાં આવે છે.વિજિલન્સ ખાતાની જનરલ કામગીરી ત્રણ આસી. મેનેજર દ્વારા કરવામાં આવે છે.

**(૧) આસી.મેનેજર જનરલ - ૧ :-**

વિજિલન્સ ખાતાની વહીવટી કામગીરી ઉપરાંત ટેકસ ખાતાને લગતી વિજીલન્સ તપાસની કામગીરી કરવામાં આવે છે.ઉપરાંત વહીવટી ક્ષતિઓ જણાય ત્યાં સરકયુલરો કરાવી વહીવટી પધ્ધતિ સુધારવા માટે કામગીરી કરાય છે.

ટેકસઃ- વિજી.ખાતાના ટેકસ વિભાગના અધિકારીશ્રીઓ ધ્વારા શહેરમાં આવેલ પ્રોપર્ટી ટેકસને લગતી કોમર્સીયલ તથા રહેઠણની એન્ટ્રીઓની આવતી ફરીયાદોમાં તપાસ કરી જે કિસ્સાઓમાં મિલ્કતની આકારણી કરવામાં આવેલ ન હોય અગર આકારણી કરવા પાત્ર હોય તેના કરતા ઓછી કરી હોય તેવા કિસ્સાઓ શોધી કાયદેસરની આકારણી કરવા ટેક્ષ ખાતાને રીપોર્ટ મારફતે જાણ કરવામાં આવે છે તથા વર્ષ દરમ્યાન ખાતા ધ્વારા કરેલ રીપોર્ટ અંગે જરૂરી કાર્યવાહી થઇ છે કે કેમ તેની પણ તપાસ રાખવાનું કામ કરે છે.

**(૨) આસી.મેનેજર જનરલ ૨ :-**

આસી.મેનેજર(જન-૨) ધ્વારા હેલ્થ ખાતાના રેફયુઝ, મેલેરીયા, સેનીટેશન, દવાખાના, મેટરનીટી હોમ, લેબોરેટરી, ફુડ વગેરે વિભાગ તથા લાયબ્રેરી, સ્વીમીંગ પુલ, બાલભવન તથા ફાયર બ્રિગેડ વિ.ખાતાની વહીવટી તથા અધિકારી/કર્મચારી વિરૂધ્ધ આવેલ ફરિયાદોના નિકાલની તેમજ તે ઉપરાંત સ્ટાફની હાજરી ચેંકીગની કામગીરી કરવામાં આવે છે.

**(૩) આસી.મેનેજર જનરલ ૩ :-**

**આસી.મેનેજર જનરલ ૩ ધ્વારા** એકાઉન્ટ, એસ્ટેટ તથા ટી.ડી.ઓ.ની નોન ટેકનીકલ ફરિયાદો તેમજ તે વિભાગના અધિકારી/કર્મચારીઓ વિરૂધ્ધ આવેલ ફરીયાદોના નિકાલની કામગીરીની તથા સ્ટાફ હાજરી ચેકિંગ વિગેરેને લગતી કામગીરી કરવામાં આવે છે.

**(બ) ટેકનીકલ :-**

મ્યુનિ.કોર્પોરેશનના ટેકનીકલ કામગીરી સાથે સંકળાયેલ ખાતાઓની વિજિલન્સ તપાસને લગતી કામગીરી વિજિલન્સ ખાતાના ટેકનીકલ વિભાગ ધ્વારા કરવામાં આવે છે.

મ્યુનિ.કોર્પો.ના ટેકનીકલ ખાતાઓને લગતી ફરિયાદોનો નિકાલ આ વિભાગમાં થાય છે.ઇજનેર ખાતાની ટેકનીકલ કામગીરી માટે મ્યુનિ.કોર્પો.ના છ ઝોન તથા પ્રોજેકટ માટે બે વિજીલન્સ ઓફીસર ટેક.ની નિમણૂંક

કરવામાં આવેલ છે.તેઓશ્રી દ્વારા મ્યુનિ.કોર્પો.દ્વારા ટેન્ડરો મંગાવી કરાવવાના થતા કામોનું સુપરવીઝન,ફરીયાદોના નિકાલ તથા સ્ટાફની હાજરી ચેકીગની કામગીરી કરવામાં આવે છે.

એસ્ટેટ/ ટી.ડી.ઓ. ખાતાની કામગીરી માટે વિજિલન્સ ખાતે વિજિલન્સ ઓફીસર તથા સબ ઈન્સ્પેક્ટરની નિમણૂંક કરવામાં આવેલ છે. જેઓ સમગ્ર અમદાવાદ મ્યુનિ.કોર્પો.ની હદમાં થતાં ગેરકાયદેસર દબાણો તથા બાંધકામોને લગતી ફરીયાદોનો નિકાલ સ્ટાફની હાજરી ચેકીગની કામગીરી તેમજ કોઇ ગેરરીતિ અંગે આવેલ ફરીયાદોની તપાસ કરવામાં આવે છે.

લાઇટ,સેન્ટ્રલ વર્કશોપ,એસ.ટી.પી.,દૂધેશ્વર વોટર વર્કસ,ટયુબવેલ સ્ટેશનો તથા ફ્રેંચવેલોને લગતી કામગીરી માટે વિજિલન્સ ઓફીસર(ઇલે.એન્ડ મીકે.)ની નિમણૂંક કરવામાં આવેલ છે.જેઓ દ્વારા ઉપરોક્ત ખાતાઓને લગતી ફરીયાદોનો નિકાલ,સ્ટાફની હાજરી ચેકીગ તથા ગેરરીતિ અંગે આવેલ ફરીયાદોના નિકાલની કામગીરી ઉપરાંત વર્કશોપ તેમજ એ.એમ.ટી.એસ.ખાતા દ્વારા કરવામાં આવતી સ્ક્રેપ માલની હરાજી તથા માલની ડીલીવરી સમયે હાજર રહી સુપરવીઝનની કામગીરી કરવામાં આવે છે. વિજિલન્સ જનરલ અને ટેકનીકલ વિભાગની છેલ્લા બે વર્ષ દરમ્યાનની કામગીરી પત્રક ૨.૧૭.૧અને ૨.૧૭.૨માંદર્શાવેલછે

અહેવાલી વર્ષ ૨૦૦૭-૦૮ માં વિજીલન્સ ખાતાએ કરેલ વિશિષ્ટ કામગીરીની વિગત :-

**જનરલ**

- મ્યુનિ.મેડીકલ કોલેજ અને શા.ચી.લા.જનરલ હોસ્પીટલ ખાતે ફૂલ ટાઇમ આસી.પ્રોફેસર દ્વારા પ્રાઈવેટ પ્રેકટીસ કરવા અંગેની ફરીયાદ બાબતે ચેકીંગ કરી કેસ સાબિત થતાં તેઓની સામે યોગ્ય કાર્યવાહી કરાવામાં આવેલ છે.
  આંગણવાડી કેન્દ્રોના સંચલનમાં ગેર વહીવટ બાબતે મે.ડે.મ્યુનિ.કમિશ્નરશ્રી(વિજીલન્સ) સાહેબના હુકમ મુજબ તપાસ કરી ગેર રીતી માલુમ પડતાં સદરહુ કોન્ટ્રાકટરનો કોન્ટ્રાકટ રદ થયેલ છે અને સરકારશ્રીને ક્રિમી. કેશ દાખલ કરવા ભલામણ કરવા હુકમ થયેલ છે.
- શા.ચી.લા. જનરલ હોસ્પીટલમાં.મે.ડે.મ્યુનિ કમિશ્નરશ્રી(વિજીલન્સ) સાહેબની સુચના મુજબ ચેકીંગ કરી કર્મચારીઓ રજા ભોગવતાં હોવા છતાં તમામ પ્રકારની રજાઓ મંજુરી કર્યા વિનાના રીપોર્ટ રાખીને મંજુરીની પ્રોસીજર નહી કરવાથી બેલેન્સમાં રજા ઓછીનહી થતી હોવાની ગેરરીતી પકડી પાડેલ અને આવી રીતે સ્ટાફની કુત્રીમ અછત ઉભી કરાતી હોવાથી ચોથા વર્ગની સ્ટાફની અછતા દૂર થઇ શકે તેમ હોઇ અને ૨૫% સ્ટાફ વિના પણ હોસ્પીટલ વ્યવસ્થિત ચાલી શકે તેવી વ્યવસ્થા કરવાની કાર્યવાહી કરવા હોસ્પીટલને જાણ કરેલ છે.

**ટેકનીકલ**

- ગેર કાયદેસર આવેલ બાંધકામની ફરીયાદ અનુસંધાને ફરીયાદ મળવા છતાં ફર્સ્ટ ફલોર સુધીનું બાંધકામ પ્લાન પાસ કર્યા વગર થયેલ હોવા છતાં કોઇ કાર્યવાહી ટી.ડી.ઓ.ખાતા દ્વારા નહી થતાં ગેરકાયદેસર બાંધકામ થતુ અટકાવી જવાબદાર કર્મચારી સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવેલ છે.

- મધ્યઝોન ખાડીયા વોર્ડમાં મે.મ્યુનિ.કમિશ્નર સાહેબની મંજુરી મજુબ થયેલ પથ્થર પેવીગ કામમાં પથ્થરનું કામ સંતોષકારક ન જણાંતા ફરીથી સક્ષમ સત્તા દ્વારા કામ કરી આપવા હુકમ કરી કોર્પો.ને થતુ નુકશાન અટકાવેલ છે.
- રસ્તા રીસરફેઈસ ના કામમાં હોટમીક્ષ પ્લાન્ટના સેમ્પ્લ ટેસ્ટીગ કરાવી બહાર આવેલ ક્ષતિઓમાં (VIP-04-07-08) સક્ષમ સત્તા દ્વારા યોગ્ય કાર્યવાહી કરાવી ક્વોલીટી ઈમ્પ્રુવમેન્ટ માટે કાર્યવાહી કરેલ.
- સને.૨૦૦૭-૦૮માં કુલ ૩૬ કેસમાં વિજીલન્સ ચેકીગ કરી ફરીયાદનો નિકાલ કરી શિક્ષાત્મક પગલાં લેવા માટે કાર્યવાહી કરવામાં આવેલ છે.

## પત્રક ૨.૧૭.૧

## વિજિલન્સ જનરલ વિભાગની છેલ્લા બે વર્ષની કામગીરી દર્શાવતું પત્રક

| અ.નં. | વિગત | ૨૦૦૬-૦૭ | ૨૦૦૭-૦૮ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | વર્ષની શરૂઆતની બાકી ફરિયાદો | ૧૨૭ | ૧૫૮ |
| ૨ | વર્ષ દરમ્યાન નવી આવેલ ફરિયાદો | ૦૯૨ | ૧૨૨ |
| | **કુલ ફરિયાદો** | **૨૧૯** | **૨૮૦** |
| ૩ | વર્ષ દરમ્યાન તપાસેલ ફરિયાદો | ૦૬૧ | ૬૩ |
| ૪ | વર્ષાન્તે બાકી ફરિયાદો | ૧૫૮ | ૨૧૭ |

## પત્રક ૨.૧૭.૨

## વિજિલન્સ ટેકનીકલ વિભાગની છેલ્લા બે વર્ષની કામગીરી દર્શાવતું પત્રક

| અ.નં. | વિગત | ૨૦૦૬-૦૭ | ૨૦૦૭-૦૮ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | વર્ષની શરૂઆતની બાકી ફરિયાદો | ૬૧૫ | ૬૪૨ |
| ૨ | વર્ષ દરમ્યાન નવી આવેલ ફરિયાદો | ૦૬૩ | ૧૦૯ |
| | **કુલ ફરિયાદો** | **૬૭૮** | **૭૫૧** |
| ૩ | વર્ષ દરમ્યાન તપાસેલ ફરિયાદો | ૦૩૬ | ૧૪ |
| ૪ | વર્ષાન્તે બાકી ફરિયાદો | ૬૪૨ | ૭૩૭ |

## ૨.૧૮ પબ્લિસિટી ખાતુ.

**૦૭-૦૮**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી યોજાનાર જાહેર સમારંભો, સન્માન સમારંભ, ઉદ્‌ઘાટન સમારંભ, જાહેર રસ્તા અને ચોકના નામાભિધાન સમારંભ, લોકાર્પણવિધિ, શિલારોપણ વિધિ તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમોના આયોજન અંગેની કામગીરી  તેમજ પ્રેસનોટ પ્રસિધ્ધી અને મ્યુ. કોર્પોના વિવિધ ખાતાઓના કામોને લગતી જાહેર ખબરો દૈનિકોમાં છપાવવા સંબંધી કામગીરી પબ્લિસિટી ખાતા દ્વારા થાય છે. ઉપરાંત મ્યુનિસિપલ કોર્પોરેશનના કામો સંબંધી દૈનિકોમાં પ્રસિધ્ધ થતા સમાચારોના પ્રેસકટીગ મ્યુનિસીપલ કમિશ્નરશ્રી, મેયરશ્રી અને સ્ટેન્ડીગ કમિટીના ચેરમેનશ્રી સમક્ષ રજૂ કરી જે તે ખાતાને જરૂરી કાર્યવાહી માટે પબ્લિસિટી ખાતા દ્વારા જણાવવામાં આવે છે.

ખાતા ધ્વારા સંગીતક્ષેત્રે અને નાટયક્ષેત્રે નિવૃત થયેલા અશકત અને અર્થિક રીતે નબળા  કલાકારોને આર્થિક સહાય અને વૈદકીય સારવારની મ્યુનિ કોર્પો.ની મંજુરીની અપેક્ષાએ આર્થિક સહાય કરવામાં આવે છે.

અહેવાલી વર્ષમાં મ્યુનિ.કોર્પોરેશનના જુદા જુદા ખાતાઓ ધ્વારા વિકાસના કામોને લગતી જાહેર ખબરો,ટેન્ડર નોટીસો પ્રસિધ્ધ કરવામાં આવી હતી.વર્ષ દરમ્યાન પ્રેસ કોન્ફરન્સના આયોજન,બજેટની પ્રેસ કોન્ફરન્સ તેમજ નાગરિકોને જાણ થાય તેવા સુચનો માહિતી રાખવા સંબંધી ખાસ પ્રેસનોટ પ્રસિધ્ધ  કરાવવાની વ્યવસ્થા ખાતા ધ્વારા કરવામાં આવી હતી.નિરોગી બાળવર્ષ ૨૦૦૮ સ્વર્ણિમ ગુજરાત અભિયાનના પ્રચાર-પ્રસાર પબ્લિસીટી વિભાગ દ્વારા કરવામાં આવે છે. રાજય સરકાર ધ્વારા યોજાતા વિવિધ કાર્યક્રમો અને ઝુંબેશની પ્રચાર પ્રસારની કામગીરી પણ આ વિભાગ ધ્વારા કરવામાં આવે છે.

અહેવાલી વર્ષમાં શહેરના જુદા જુદા વોર્ડોમાં  વિવિધ કામોના ઉદઘાટન સમારંભો,પ્રતિમા અનાવરણ વિધિ  ,નામાભિધાનવિધિ,ખાતમુહુર્તવિધિ,પ્રદર્શન સાંસ્કૃતિક કાર્યક્રમ,સત્કાર સમારંભને લગતા વિવિધ કાર્યક્રમોના આયોજનો ખાતા  ધ્વારા થયા હતા.આ ફંકશનોના પ્રીન્ટીગ,ફોટોગ્રાફીના કામો મહોત્સવ ઉજવણીના તથા સ્વચ્છતા અને સ્વાસ્થ્ય સંબંધી જુદા જુદા સ્થળે પોસ્ટર,બેનરો હોર્ડીગ્સ વગેરે મુકવાની વ્યવસ્થા ખાતા ધ્વારા કરવામાં આવી હતી.

# ૨.૧૯ સેન્ટ્રલ સ્ટોર્સ ખાતુ

## ૦૭-૦૮

અમદાવાદ શહેરની જનતાની સુખસગવડો અને પ્રાથમિક જરૂરિયાતો પૂરી પાડવા અને શહેરના વિકાસ માટે અ.મ્યુ.કો.દ્વારા કરવામાં આવતા કામો માટે મ્યુ.સેન્ટ્રલ સ્ટોર્સ દ્વારા જરૂરી માલસામાન ખરીદવામાં આવે છે. મ્યુ.કોર્પો.નાં તમામ ખાતાઓને તેમનાં ઈન્ડેન્ટો મુજબ માલસામાન ઈશ્યુ કરવામાં આવે છે.જેથી ખાતાઓ દ્વારા વિકાસના તેમજ મરામત નિભાવના કામો કરવામાં સાનૂકૂળતા રહે છે.

અહેવાલી વર્ષમાં સેન્ટ્રલ સ્ટોર્સ ખાતા દ્વારા કુલ રૂા. ૧૫૭૨.૨૪ લાખનો માલસામાન ઈશ્યુ કરવામાં આવ્યો હતો. વર્ષે દરમ્યાન રૂા.૧૮૨૬.૬૩ લાખનો માલસામાન ખરીદ કરવામાં આવ્યો હતો.વર્ષની શરૂઆતમાં રૂા.૭૯૩.૯૧ લાખનો માલસામાન સ્ટોકમાં હતો. આમ વર્ષાંતે રૂા.૧૦૪૮.૨૯ લાખનો માલસામાન બાકી રહયો હતો. આ અંગેની છેલ્લા ત્રણ વર્ષની માહિતી પત્રક ૨.૧૯.૧ માં દર્શાવવામાં આવી છે.

મ્યુ.કોર્પો.નાં જુદા જુદા ખાતાઓની જરૂરિયાત મુજબ ઈન્ડેન્ટ દ્વારા સેન્ટ્રલ સ્ટોર્સમાંથી માલસામાન ઈશ્યુ કરવામાં આવે છે.અહેવાલી વર્ષમાં માસવાર કરેલ ખરીદી તથા ઈશ્યુની વિગતવાર માહિતી તથા ગતવર્ષની માહિતી સામેલ પત્રક ૨.૧૯.૨ માં દર્શાવવામાં આવી છે.

સેન્ટ્રલ સ્ટોર્સ મારફતે ઈજનેર ખાતા માટે બ્લેક ટેપ,મેટલ,ગ્રીટ,લીકવીડ કલોરીન ગેસ,ઈંટો.સ્ટોનવેર પાઈપ વિગેરેની ખરીદીની મંજુરી મેળવી રેઈટ કોન્ટ્રાકટ કરેલ છે અને માલ બારોબાર ઈજનેર ખાતામાં મોકલવામાં આવે છે.અને તેનું પેમેન્ટ ઈજનેર ખાતા દ્વારા કરવામાં આવે છે.,બ્લીચીંગ પાવડર,ટેક્ષ ખાતાની કોમ્પ્યુટર સ્ટેશનરી,કોપર સલ્ફેટ,ફટકડી વિગેરેની ખરીદી મંજુરીથી જે તે ખાતાના બજેટ હેડમાં ખર્ચ પાડી માલસામાન મેળવવામાં આવે છે.અહેવાલી વર્ષમાં આમ કુલ ૧૯૯૦.૫૫ લાખની ખરીદી કરવામાં આવી છે.

દુધેશ્વર વોટર વર્કસ ખાતાએ ફટકડીની રૂા.૪૩.૯૨ લાખની ખરીદ કરી અને રાસ્કા વિયર પ્રોજેકટ હેઠળ કલોરીન ગેસની રૂા.૧૨૦.૦૦ લાખની ખરીદી સાથે ખર્ચ પાડેલ છે.

અત્રેના આવકજાવકના રજીસ્ટરો પ્રમાણે જુદા જુદા વિભાગ માટે છેલ્લા બે વર્ષમાં થયેલ ખરીદી તથા ઈશ્યુની માહિતી પત્રક ૨.૧૯.૩ માં દર્શાવેલ છે.

સેન્ટ્રલ સ્ટોર્સની ખરીદી મુખ્યત્વે ટેન્ડરો મંગાવીને કરવામાં આવે છે. અહેવાલી વર્ષમાં આ ખાતાએ કુલ રૂા.૧૮૨૬.૬૩ લાખની ખરીદ કરી છે.છેલ્લા ત્રણ વર્ષની ખરીદી કરવા અંગે ટેન્ડરો,ઈન્કવાયરીઓ,ભાવમાંગની બજાર પરચેઝ કરવાની વિવિધ ખાતાઓની માંગણી સામેલ પત્રક ૨.૧૯.૪ માં દર્શાવી છે.

સમાચાર પત્રોમાં જાહેરખબર આપી ટેન્ડરો દ્વારા અને ભાવમાંગ દ્વારા ખરીદી કરવામાં આવે છે.કેટલીક આઈટમો વાર્ષિક રેઈટ કોન્ટ્રાક્ટથી અને કેટલીક આઈટમોની ખરીદી વસ્તુઓનાં ઉત્પાદકો પાસેથી સીધી ખરીદવાનુ જરૂરી બને છે .જે મુજબ આર્થિક ફાયદા ઉપરાંત સારી ગુણવત્તાવાળો માલ મેળવી શકાય છે.મ્યુ.કોર્પો.ના જુદા જુદા ખાતાઓ દ્વારા પ્રિન્ટીગ કરાવવા અંગે આવતાં ઈન્ડેન્ટોના આધારે પ્રિન્ટીગ વિભાગ દ્વારા બહાર પાડવામા આવેલ પ્રિન્ટીગ કામ કરાવવા અંગેની ઈન્કવાયરીની સંખ્યાની છેલ્લા ત્રણ વર્ષની માહિતી પત્રક ૨.૧૯.૪ માં દર્શાવી છે.

સેન્ટ્રલ સ્ટોર્સનાં પ્રિન્ટીગ વિભાગ દ્વારા રૂ.૫૦૦૦/- ઉપરાંતના લેબરકામ માટે ટેન્ડરો કાઢવામાં આવે છે. અહેવાલી વર્ષમાં આ અંગેના કુલ ૪૧૨ ટેન્ડરો હતા. સેન્ટ્રલ સ્ટોર્સના જુદા જુદા વિભાગો દ્વારા મ્યુનિ.ખાતાઓમાં માલ ઈશ્યુ કરવામાં આવે છે તેની છેલ્લા ૩ વર્ષની ઈન્ડેન્ટોની સંખ્યાની વિભાગવાર માહિતી પત્રક ૨.૧૯.૫ માં દર્શાવી છે.

આમ, અહેવાલી વર્ષમાં  સેન્ટ્રલ સ્ટોર્સ ખાતા દ્વારા સેન્ટ્રલ સ્ટોર્સની અને બીજા ખાતાઓ માટેની કુલ રૂા.૧૯૯૦.૫૫ લાખની ખરીદી કરવામાં આવી છે.જેના દ્વારા અમદાવાદ શહેરની જનતાની સુખાકારી અને પ્રાથમિક જરૂરિયાતોની સગવડો પુરી પાડવામાં મ્યુ.કોપો.ના સઘળા ખાતાઓને માલ ઇશ્યુ કરી ખાતાના કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક કામગીરી બજાવેલ છે.

**પત્રક ૨.૧૯.૧**

**સેન્ટ્રલ સ્ટોર્સ ખાતાની છેલ્લા ત્રણ વર્ષની ખરીદી અને ઈશ્યુની માહિતી દર્શાવતુ પત્રક (રૂ. લાખમાં)**

| અ.નં. | વર્ષ | ઉઘડતી સિલક | ખરીદી | ઈશ્યુ | બંધ સિલક |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | ૨૦૦૪-૨૦૦૫ | ૫૧૨.૬૧ | ૧૮૭૫.૫૮ | ૧૩૪૪.૯૫ | ૧૦૪૩.૨૪ |
| ૨ | ૨૦૦૫-૨૦૦૬ | ૧૦૪૩.૨૪ | ૮૨૨.૭૮ | ૧૨૩૩.૬૧ | ૬૩૨.૪૧ |
| ૩ | ૨૦૦૬-૨૦૦૭ | ૬૩૨.૪૧ | ૧૪૧૧.૬૦ | ૧૨૫૦.૧૦ | ૭૯૩.૯૧ |
| ૪ | ૨૦૦૭-૨૦૦૮ | ૭૯૩.૯૧ | ૧૮૨૬.૬૩ | ૧૫૭૨.૨૪ | ૧૦૪૮.૨૯ |

**પત્રક ૨.૧૯.૨**

**છેલ્લા બે વર્ષમાં માસવાર ખરીદી અને ઈશ્યુની માહિતી દર્શાવતુ પત્રક (રૂા. લાખમાં)**

| માસ | ૨૦૦૬-૨૦૦૭ | | ૨૦૦૭-૨૦૦૮ | |
|---|---|---|---|---|
| | ખરીદીની રકમ | ખરીદીની રકમ | ઈસ્યુની રકમ | ઈસ્યુની રકમ |
| ૧ | ૪ | ૪ | ૫ | ૬ |
| એપ્રિલ | ૩.૫૯ | ૩.૫૯ | ૮૭.૬૮ | ૯૨.૮૯ |
| મે | ૨૨.૧૯ | ૨૨.૧૯ | ૧૪૧.૬૫ | ૧૭૭.૦૮ |
| જૂન | ૩૬૮.૫૫ | ૩૬૮.૫૫ | ૧૦૫.૪૨ | ૭૬.૪૮ |
| જુલાઈ | ૧૦૪.૯૪ | ૧૦૪.૯૪ | ૧૬૫.૫૭ | ૨૦૧.૫૮ |
| ઓગષ્ટ | ૨૧૫.૧૮ | ૨૧૫.૧૮ | ૬૫.૮૬ | ૨૬.૬૫ |
| સપ્ટેમ્બર | ૮૯.૫૪ | ૮૯.૫૪ | ૩૧૦.૫૫ | ૧૫૧.૬૦ |
| ઓક્ટોબર | ૮૬.૯૫ | ૮૬.૯૫ | ૫૩૯.૭૬ | ૨૯૦.૦૦ |
| નવેમ્બર | ૬૮.૭૬ | ૬૮.૭૬ | ૭૬.૩૮ | ૪૪.૪૪ |
| ડીસેમ્બર | ૯૪.૯૦ | ૯૪.૯૦ | ૮૫.૫૦ | ૧૫૧.૨૨ |
| જાન્યુઆરી | ૨૩૬.૩૨ | ૨૩૬.૩૨ | ૧૦૬.૦૪ | ૧૧૦.૮૬ |
| ફેબ્રુઆરી | ૯૫.૧૩ | ૯૫.૧૩ | ૬૩.૭૨ | ૫૦.૩૫ |
| માર્ચ | ૨૫.૫૫ | ૨૫.૫૫ | ૭૮.૫૦ | ૧૯૯.૦૯ |
| એમ.જે.પુસ્તકાલય | - | - | - | - |
| સ્કુલ બોર્ડને સીધો ઈશ્યુ | - | - | - | - |
| **કુલ** | **૧૪૧૧.૬૦** | **૧૪૧૧.૬૦** | **૧૮૨૬.૬૩** | **૧૫૭૨.૨૪** |

**પત્રક ૨.૧૯.૩**
**જુદા જુદા વિભાગ પ્રમાણે છેલ્લા બે વર્ષમાં થયેલ ખરીદી તથા ઈશ્યુની માહિતી દર્શાવતુ પત્રક ( રૂ. લાખમાં)**

| અ.નં. | વિષય | ખરીદી | | ઈશ્યુ | |
|---|---|---|---|---|---|
| | | ૨૦૦૬-૦૭ | ૨૦૦૭-૦૮ | ૨૦૦૬-૦૭ | ૨૦૦૭-૦૮ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧. | કન્ટીજન્સી-૧-૨ | ૭૧.૨૧ | ૫૪૩.૧૨ | ૫૫.૩૨ | ૧૧૩.૨૪ |
| ૨. | પ્રિન્ટીગ | ૨૦.૪૬ | ૩૩.૦૯ | ૨૨.૫૧ | ૩૪.૩૨ |
| ૩. | હાર્ડવેર | ૩૧.૭૦ | ૪૧.૦૩ | ૪૨.૭૨ | ૪૪.૧૩ |
| ૪. | સીમેન્ટ | ૧૭.૩૯ | ૧૨.૯૦ | ૧૫.૫૪ | ૧૫.૫૭ |
| ૫. | ડ્રેસ | ૧૪.૩૪ | ૩.૨૦ | ૧૭.૧૨ | ૫.૦૭ |
| ૬. | સ્ટીલ | ૯.૯૭ | ૭.૯૧ | ૧૦.૫૪ | ૮.૫૫ |
| ૭. | સી.પી.સી. | ૧૨૪૬.૫૩ | ૧૧૮૫.૩૮ | ૧૦૮૬.૩૫ | ૧૩૫૧.૩૬ |
| | **કુલ** | **૧૪૧૧.૬૦** | **૧૮૨૬.૬૩** | **૧૨૫૦.૧૦** | **૧૫૭૨.૨૪** |

**પત્રક ૨.૧૯.૪**
**સેન્ટ્રલ સ્ટોર્સમાં છેલ્લા ૩ વર્ષ દરમ્યાન જુદા જુદા માધ્યમો દ્વારા કરેલ ખરીદીની સંખ્યાની માહિતી દર્શાવતુ પત્રક**

| અ.નં. | ખરીદીનું માધ્યમ | ૨૦૦૫-૦૬ | ૨૦૦૬-૦૭ | ૨૦૦૭-૦૮ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૫ | ૫ |
| ૧ | ટેન્ડર<br>અ.જનરલ<br>બ.ડ્રેસ | <br>૨૦૫<br>- | <br>૧૫૬<br>- | <br>૨૮૯<br>- |
| ૨ | ભાવ માંગ | - | - | - |
| ૩ | ઈન્ક્વાયરી<br>અ.પ્રિન્ટીગ<br>બ.ડ્રેસ | <br>૩૩૯<br>- | <br>૩૩૨<br>- | <br>૩૩૨<br>- |
| ૪ | બજારમાંથી રૂબરૂ ખરીદી | ૪ | ૩૨ | ૬૯ |

**પત્રક ૨.૧૯.૫**

**સેન્ટ્રલ સ્ટોર્સ દ્વારા જુદી જુદી આઈટમોનાં ઈશ્યુ થયેલ માલનાં ઈન્ડેન્ટની સંખ્યા ( છેલ્લા ૩ વર્ષની ) દર્શાવતુ પત્રક**

| અ.નં. | વિષય | ૨૦૦૫-૦૬ | ૨૦૦૬-૦૭ | ૨૦૦૭-૦૮ |
|---|---|---|---|---|
| **૧** | **૨** | **૪** | **૫** | **૬** |
| ૧. | કન્ટીજન્સી | ૩૩૯૭ | ૨૯૮૦ | ૨૭૬૫ |
| ૨. | પ્રિન્ટીગ | ૯૨૧ | ૪૮૦ | ૫૧૯ |
| ૩. | હાર્ડવેર | ૬૫૭ | ૭૭૦ | ૬૬૪ |
| ૪. | સીમેન્ટ | ૪૨૫ | ૩૮૨ | ૩૧૪ |
| ૫. | ડ્રેસ | ૪૨૭ | ૨૦૭ | ૧૪૬ |
| ૬. | સ્ટીલ | ૧૫૯ | ૧૫૪ | ૧૨૬ |
| ૭. | સી.પી.સી. શીટ | ૯૪૫૧ | ૨૯૭૭ | ૩૮૯૫ |
| ૮. | એબ્સ્ટ્રેક્ટ | ૮૪૩૭ | ૫૪૭૮ | ૬૩૫૩ |
| | **કુલ** | **૨૩૮૭૪** | **૧૩૪૨૮** | **૧૪૭૮૨** |

## ૨.૨૦ ઈન્ડસ્ટ્રીયલ રીલેશન વિભાગ

### ૦૭-૦૮

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તથા તેના કર્મચારીઓ વચ્ચે ઉભા થતાં ઔધોગિક વિવાદો અંગેની કામગીરીનું વ્યવસ્થિત સંકલન તથા લેબર કોર્ટ તથા ઈન્ડસ્ટ્રીયલ ટ્રિબ્યુનલમાં આવતા કેસોની કામગીરી તેમજ મ્યુ. કર્મચારીઓ વિરુધ્ધની ખાતાકીય તપાસ અંગેની કામગીરી આ ખાતા ધ્વારા કરવામાં આવે છે.

ઈન્ડસ્ટ્રીયલ રીલેશન ખાતાની કામગીરી મુખ્યત્વે લેબર સેલ તથા ઈન્કવાયરી સેલ એમ બે વિભાગમાં વહેંચાયેલી છે.

**(૧) લેબર સેલ**

આ વિભાગમાં લેબર ઓફિસર, આસી.મેનેજર (આઈ.આર.) વેલ્ફેર કમ લેબર ઓફિસરો તેમજ ખાતાની વહીવટી પાંખના કલેરીકલ સ્ટાફનો સમાવેશ થાય છે. આ વિભાગ ધ્વારા નીચે મુજબની કામગીરી હાથ ધરવામાં આવે છે.

(અ) અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં મ્યુનિસિપલ કર્મચારીઓના ૫૮ જેટલા યુનીયનો છે. આ યુનીયનો ધ્વારા કર્મચારીઓને લગતા અનેકવિધ પ્રશ્નો રજૂ કરવામાં આવે છે. આ વિભાગ યુનીયનોના આવા પત્રો સ્વીકારી સંબંધીત ખાતાની રીમાર્કસ મંગાવી યોગ્ય રીતે નિર્ણય લેવડાવવા બાબતે કાર્યવાહી હાથ ધરે છે, વધુમાં યુનિયનો ધ્વારા આપવામાં આવતી હડતાળની નોટિસ સંબંધની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે.

(બ) જુદા જુદા યુનિયનો ધ્વારા મ્યુનિસિપલ કર્મચારીઓની માંગણીઓના સંબંધમાં ઈન્ડસ્ટ્રીયલ ડીસ્પ્યુટ એકટ-૧૯૪૭ની જોગવાઈ હેઠળ લેબર કમિશનરશ્રીની કચેરીમાં સમાધાન કાર્યવાહી જે ઔધોગિક વિવાદ ઉપસ્થિત કરવામાં આવે છે તે વિવાદો સંબંધમાં ખાતાની રીમાર્કસ મેળવી, સક્ષમ સત્તા પાસે નિર્ણય લેવડાવી સમાધાન અધિકારીને જવાબ પાઠવવામાં આવે છે. અહેવાલી વર્ષમાં આવા ૯૯ જેટલા કન્સીલીએશન કેસો યુનિયનો ધ્વારા મુકવામાં આવ્યા હતા અને તમામના જવાબો પાઠવવામાં આવ્યા હતા અને અસરકારક રજૂઆતોને કારણે ૮૬ જેટલા કેસોનો નિકાલ થયેલ હતો.

(ક) ઈન્ડસ્ટ્રીયલ ટ્રિબ્યુનલ, લેબર કોર્ટ, કંન્ટ્રોલીંગ ઓથોરીટી વિગેરેને રેફરન્સ થયેલ કેસો અંગેની કામગીર આ વિભાગ ધ્વારા હાથ ધરવામાં આવે છે. ઈન્ડસ્ટ્રીયલ ટ્રિબ્યુનલ, લેબર કોર્ટ તથા અન્ય ઓથોરીટી સમક્ષના કેસોમાં જે તે ખાતાઓમાંથી વિગતો મંગાવી, મ્યુ.લેબર એડવોકેટશ્રીના સંપર્કમાં રહી તેઓની પાસે લેખીત નિવેદનો તૈયાર કરાવવામાં આવે છે અને ઈન્ડસ્ટ્રીયલ કોર્ટ તથા લેબર કોર્ટમાં ફાઈલ કરાવવામાં આવે છે. આ કોર્ટોમાં મુદ્દતના દિવસોએ આ ખાતાના વેલ્ફેર-કમ-લેબર ઓફિસરો કોર્ટમાં હાજર રહી મ્યુ.લેબર એડવોકેટોને મદદ કરે છે, વધુમાં કોઈ કેસમાં કોર્પો.ના કોઈ કર્મચારી અગર અધિકારીને મ્યુનિ.કોર્પો.ના સાક્ષી આપવા હાજર રાખવાના હોય તો તે અંગેની વ્યવસ્થા પણ કરવામાં આવે છે તેમજ હાઈકોર્ટમાં ચાલતી સર્વિસ મેટરોની કામગીરી તથા લેબર કોર્ટ તથા ટ્રિબ્યુનલના એવોર્ડ વિરુધ્ધ્ અપીલ કરવાનું યોગ્ય જણાય તો તે અંગેની કામગીરી આ ખાતા ધ્વારા કરવામાં આવે છે. અહેવાલી વર્ષમાં શરુઆતમાં લેબર કોર્ટમાં ૩૮૮ કેસો પેન્ડીંગ હતા. વર્ષ દરમ્યાન ૧૯ નવા દાખલ થયેલ. આમ કુલ ૪૦૭ કેસો પૈકી વર્ષ દરમ્યાન ૫૦ કેસોનો નિકાલ થયેલ છે. વર્ષ આખરે ૩૫૭ કેસો પેન્ડીંગ છે. અહેવાલી વર્ષની શરુઆતમાં ઈન્ડસ્ટ્રીયલ ટ્રિબ્યુનલમાં કુલ ૩૦૨ કેસો પેન્ડીંગ હતા. વર્ષ દરમ્યાન નવા ૩૧ કેસો દાખલ થયેલ. આમ કુલ૩૩૩ કેસો પૈકી વર્ષ દરમ્યાન૧૬૯ કેસોની નિકાલ થયેલ છે અને વર્ષ અંતે૧૬૪ કેસો બાકી રહેલ છે.

(ડ) ઈન્ડસ્ટ્રીયલ ડીસ્પ્યુટ એકટ-૧૯૪૭ની કલમ-૨ (પી) અન્વયે સમાધાન કરાવવાની કલમ-૩૩(૨) (બી) અન્વયે એપ્રુવલ એપ્લીકેશન કામગીરી તથા કલમ-૩૩(૩) અન્વયે યુનિયનોના હોદેદારોને રક્ષીત કામદાર તરીકે જાહેર કરવા બાબતની કાર્યવાહી આ ખાતા ધ્વારા હાથ ધરવામાં આવે છે. અહેવાલી વર્ષમાં ઈન્ડસ્ટ્રીયલ ડીસ્પ્યુટ કલમ-૩૩ (૨) (બી) અન્વયે ખાતાકીય તપાસના અંતે બરતરફ કે દૂર કરવામાં આવતા કર્મચારીઓના સંબંધમાં

૩૪ એપ્લીકેશનો ઈન્ડસ્ટ્રીયલ ટ્રિબ્યુનલ સમક્ષ ફાઈલ કરવામાં આવી હતી. રક્ષીત કામદારો અંગે કોઈ કાર્યવાહી કરવામાં આવી ન હતી.

(ઈ) કોન્ઝરવન્સી ખાતામાં સફાઈ કામદાર નોકરી દરમ્યાન મૃત્યુ પામે અગર અનફીટ થાય તો તેવા કેસોમાંમ્યુનિ.કોર્પો.ની નીતિ મુજબ તેમના આશ્રીતોને નોકરી આપવાની કામગીરી આ વિભાગના વેલ્ફેર-કમ-લેબર ઓફિસર મારફતે હાથ ધરવામાં આવે છે. પાછલી બાકી ૧૪૧ ઉપરાંત ચાલુ અહેવાલી વર્ષમાં અન્ય૪૩૬ અરજી આવેલ. આમ કુલ૫૭૭ અરજીઓ પૈકી ૩૨૪ અરજીઓનો નિકાલ કરવામાં આવેલ છે અને બાકી ૨૫૩ અરજીઓ તપાસ ઉપર બાકી હતી.

**(૨) ઈન્કવાયરી સેલઃ-**

ઈન્કવાયરી સેલમાં છ ઈન્કવાયરી ઓફિસરો, સંકલન અધિકારી (આઈ.આર.) તથા અન્ય
કલેરીકલ સ્ટાફ કામગીરી બજાવે છે. મ્યુનિસિપલ કર્મચારીઓની ફરજ પ્રત્યેની બેદરકારી, નાણાંની ઉચાપત તથા અન્ય ગેરવર્તણૂંક બાબતમાં ખાતાકીય તપાસની કામગીરી આ વિભાગ ધ્વારા હાથ ધરવામાં આવે છે. અહેવાલી વર્ષમાં સક્ષમ સત્તાના આદેશ અનુસાર ૨૨૦ કેસોમાં ચાર્જશીટ,૪૮૯ કેસોમાં શો-કોઝ નોટિસ આપવામાં આવેલ છે. ૫૩ કેસોમાં કર્મચારીઓને સસ્પેન્ડ કરવામાં આવેલા છે. ૨૧૭ કેસોમાં ઈન્કવાયરી ઓફિસરોએ ઈન્કવાયરી પુરી કરી તેમનો રિપોર્ટ સક્ષમ સત્તાને સુપ્રત કરેલ છે. જેમાં ઈન્કવાયરી ઓફિસરના રિપોર્ટના અનુસંધાનમાં સક્ષમ સત્તા ધ્વારા ગુનાની ગંભીરતા ધ્યાનમાં લઈ સજા કરવામાં આવી છે.૧૬ કેસોમાં એક ઈન્ક્રીમેન્ટ ૩ માસ માટે, ૨૧ કેસોમાં ૧ ઇન્ક્રીમેન્ટ ૬ માસમાટે, ૭૮ કેસોમાં ૧ ઈન્ક્રીમેન્ટ ૧ વર્ષ માટે, ૩ કેસોમાં ૧ ઈન્ક્રીમેન્ટ ૨ વર્ષ માટે, ૪૪ કેસોમાં ૧ ઈન્ક્રીમેન્ટ કાયમી ધોરણે, ૧૦ કેસમાં બે ઈન્ક્રીમેન્ટ ૧ વર્ષ માટે, ૩૬ કેસોમાં ૨ ઈન્ક્રીમેન્ટ કાયમી ધોરણે, ૧ કેસમાં ૩ ઈન્ક્રીમેન્ટ ૧ વર્ષ માટે, ૩૧ કેસમાં ૩ ઈન્ક્રીમેન્ટ કાયમી ધોરણે, ૭ કેસમાં ૪ ઈન્ક્રીમેન્ટ કાયમી ધોરણે, ૪ કેસોમાં ૫ ઇન્ક્રીમેન્ટ કાયમી ધોરણે તથા ૧૪ કેસોમાં લઘુત્તમ સ્તરે ઉતારવા, ૩૪ ક્સોમાં રીમુવલ /ડીસમીસ ના ૪૦ કેસોમાં દંડ કરવામાં આવેલા છે. આ ઉપરાંત પોલિસ કેસ તથા લાંચ રૂશ્વત વિરોધી ખાતા ધ્વારા માંગવામાં આવતી જરુરી માહિતી પુરી પાડવાની કામગીરી પણ કરવામાં આવે છે. સસ્પેન્ડ થયેલા કર્મચારીઓના સંબંધમાં તેમના સબસીસ્ટન્સ એલાઉન્સ અંગે મ્યુનિ.કોર્પો.ના નિયમ અનુસાર સક્ષમ સત્તા પાસે નિર્ણય લેવડાવવાની કામગીરી પણ કરવામાં આવે છે.

વધુમાં વિજિલન્સ ખાતા ધ્વારા તથા સેન્ટ્રલ ઓફિસ ધ્વારા મ્યુનિ. સ્ટાફનું અવારનવાર હાજરી ચેકીંગ કરવામાં આવે છે. હાજરી ચેકીંગમાં ગેરહાજર માલુમ પડતા કર્મચારીઓને શો-કોઝ નોટિસ આપી ખુલાસો મેળવી કસુરદાર કર્મચારીને શિક્ષા કરવાની કામગીરી પણ કરવામાં આવે છે. અહેવાલી વર્ષમાં હાજરી ચેકીંગમાં ગેરહાજર માલુમ પડેલા ૭૭ કર્મચારીઓને નોટિસ આપેલ. ૩૧ કર્મચારીઓને એક દિવસના પગાર જેટલી દંડની શિક્ષા, ૨૪ કર્મચારીઓને ૧/૨ દિવસના પગારની રકમ જેટલી દંડની શિક્ષા કરવામાં આવી છે તેમજ ૧ કર્મચારીને ઠપકો, ૧ કર્મચારીઓને ચાર્જશીટ આપી, ૫૩ કર્મચારીઓને શો કોઝ નોટિસો દફતરે કરવામાં આવી.

ઈન્ડસ્ટ્રીયલ રીલેશન ખાતાની સને ૨૦૦૭-૨૦૦૮ વર્ષની વહીવટી કામગીરી ઉપર મુજબ છે. આ સાથે વ્યકિતગત મ્યુનિસિપલ કર્મચારી કે કર્મચારી સમુહના પ્રશ્નોના યોગ્ય નિકાલ થાય અને તે રીતે મ્યુનિસિપલ કોર્પોરેશન અને કર્મચારીઓ વચ્ચેના ઔધોગિક સંબંધો જળવાઈ રહે તેવા પ્રયત્નો કરવામાં તથા વહીવટી તંત્રને મજૂર પ્રશ્નોના યોગ્ય માર્ગદર્શન અને સલાહ સૂચના આપવાનું ખાતાનું મુખ્ય ધ્યેય છે.

## પત્રક ૨.૨૦.૧
## ઈન્ડસ્ટ્રીયલ ડીસ્પ્યુટ એક્ટ ૧૯૪૭ અન્વયે જુદા જુદા યુનિયનો દ્વારા કન્સીલીએશન ઓથોરીટી સમક્ષ મુકવામાં આવેલ કેસોની છેલ્લા ત્રણ વર્ષની વિગત દર્શાવતુ પત્રક

| વર્ષ | વર્ષની શરૂઆતમાં બાકી કેસો | વર્ષ દરમ્યાન નવા દાખલ થયેલ કેસો | કુલ કેસો | વર્ષ દરમ્યાન નિકાલ થયેલ કેસો | વર્ષાંતે બાકી રહેલ કેસો |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૨૦૦૫-૨૦૦૬ | ૨૮૧ | ૩૯૩ | ૬૭૪ | ૩૫૮ | ૩૧૬ |
| | | | | | |
| ૨૦૦૬-૨૦૦૭ | ૩૧૬ | ૦૭૩ | ૩૮૯ | ૦૫૯ | ૩૩૦ |
| | | | | | |
| | | | | | |
| ૨૦૦૭-૨૦૦૮ | ૩૩૦ | ૦૯૯ | ૪૨૯ | ૦૮૬ | ૩૪૩ |

## પત્રક ૨.૨૦.૨
## ઈન્ડસ્ટ્રીયલ ડીસ્પ્યુટ એક્ટ ૧૯૪૭ અન્વયે જુદા જુદા યુનિયનો દ્વારા લેબરકોર્ટ સમક્ષ મુકવામાં આવેલ કેસોની ત્રણ વર્ષની વિગત દર્શાવતુ પત્રક

| વર્ષ | વર્ષની શરૂઆતમાં બાકી કેસો | વર્ષ દરમ્યાન નવા દાખલ થયેલ કેસો | કુલ કેસો | વર્ષ દરમ્યાન નિકાલ થયેલ કેસો | વર્ષાન્તે બાકી રહેલ કેસો |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૨૦૦૪-૨૦૦૫ | ૫૧૪ | ૦૨૪ | ૫૩૮ | ૦૪૩ | ૪૯૫ |
| | | | | | |
| ૨૦૦૫-૨૦૦૬ | ૪૯૫ | ૧૮ | ૫૧૩ | ૨૦ | ૪૯૩ |
| | | | | | |
| ૨૦૦૬-૨૦૦૭ | ૪૯૩ | ૦૦૪ | ૪૯૭ | ૧૦૯ | ૩૮૮ |
| | | | | | |
| ૨૦૦૭-૨૦૦૮ | ૩૮૮ | ૦૧૯ | ૪૦૭ | ૦૫૦ | ૩૫૭ |
| ૨૧ | લાયન શરદ મહેતા ગા.પા.પ્લોટ મેમનગર | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૨૨ | શ્રી જયેન્દ્ર પંડીત પીકનીક હાઉસ -કાંકરીયા | | |
| | (જમણવાર માટે) | ૧૦૦૦ | ૧૦૦૦ |
| | (રીશેપ્સન માટે) | ૫૦૦ | ૫૦૦ |
| | (ગરબા માટે) | ૧૫૦૦ | ૧૫૦૦ |
| ૨૩ | ભવાનસીહ બાપુ પાર્ટી પ્લોટ | | |
| | શાહપુર દરવાજા બહાર | ૧૦૦૦ | ૧૦૦૦ |
| | | ૫૦૦ | ૫૦૦ |
| | | ૧૫૦૦ | ૧૫૦૦ |
| ૨૪ | પ્રહલાદજી બુધ્ધસિંહ પાર્ટી પ્લોટ | | |
| | અમરાઈવાડી | ૧૦૦૦ | ૧૦૦૦ |
| | | ૧૦૦૦ | ૫૦૦ |
| | | ૧૫૦૦ | ૧૫૦૦ |
| ૨૫ | સાબરમતી બેંક પાર્ટી પ્લોટ સાબરમતી | ૨૦૦૦ | ૨૫૦૦ |
| ૨૬ | ડો.બાબાસાહેબ આંબેડકર મેમો.હોલ-સરસપુર | | |
| | ૧.સંગીત,નાટક,જલ્સા.સાંસ્કૃતિક પ્રોગામ માટે શીફટ દીઠ ભાડુ | | |
| | (અર્થ પ્રાપ્તિ સિવાયનાં પ્રોગામ માટે) | ૧૫૦૦ | ૧૫૦૦ |
| | ૨.હાલનું કંમ્પાઉન્ડ (ફકત લગ્ન માટે) | ૧૦૦૦ | ૧૦૦૦ |
| | (સવારે ૬.૦૦ થી રાત્રીના ૧૦.૦૦ સુધી) | | |
| | ૩.નવા બંધાયેલ ઓપન પેવેલિયન સાથે કંમ્પાઉન્ડ | ૨૫૦૦ | ૨૫૦૦ |

| | | | |
|---|---|---|---|
| | ૪. સંગીત,નાટક,જલ્સા.સાંસ્કૃતિક પ્રગામ માટે શીફ્ટ દીઠ ભાડુ (સવારે ૬.૦૦ થી રાત્રીના ૧૦.૦૦ સુધી) | ૨૫૦૦ | ૨૫૦૦ |
| | ૫.ફક્ત ઓપન પેવેલિયન  ગૃપ મીટીંગ,ઇનામી સમારંભ.ભજન વ્યાખ્યાન માટે (સવારે ૬.૦૦ થી રાત્રીના ૧૦.૦૦ સુધી) | ૫૦૦ | ૧૦૦૦ |
| ૨૭ | સરદાર પટેલ સ્ટેડીયમ મેચ માટે | ૫૦૦ | ૧૦૦૦ |

**પત્રક-૩.૧.૧૦**

**ટાઉનહોલ, ટાગોર હોલ,આંબેડકર હોલની છેલ્લાં ૨ વર્ષની શીફ્ટવાઇઝ વપરાશની માહિતી દર્શાવતું પત્રક**

| **અ.ન.** | **હોલનું નામ** | **શીફ્ટની વિગત** | **વર્ષ દરમ્યાન થયેલ વપરાશના દિવસો** | | **વર્ષના ૩૬૫ દિવસ ધ્યાને લેતા હોલનો શીફ્ટવાઇઝ ટકાવારી વપરાશ** | |
|---|---|---|---|---|---|---|
| | | | ૦૬-૦૭ | ૦૭-૦૮ | ૦૬-૦૭ | ૦૭-૦૮ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | ટાઉન હોલ | પ્રથમ | ૧૦૩ | ૯૩ | ૨૮.૨૨ | ૨૫.૪૮ |
| | | બીજી | ૧૬૮ | ૧૬૩ | ૪૬.૦૨ | ૪૪.૬૬ |
| | | ત્રીજી | ૨૧૮ | ૨૧૦ | ૫૯.૭૩ | ૫૭.૫૩ |
| ૨ | ટાગોર હોલ | પ્રથમ | ૪૨ | ૧૯૦ | ૧૧.૫૦ | ૫૨.૦૫ |
| | | બીજી | ૧૯૦ | ૨૨૨ | ૫૨.૦૫ | ૬૦.૮૨ |
| | | ત્રીજી | ૨૮૬ | ૩૧૯ | ૭૮.૩૬ | ૮૭.૪૦ |
| | | કમ્પા. | ૪૨ | ૪૦ | ૧૧.૫૦ | ૧૦.૯૬ |
| | | સેલર | ૭૮ | ૭૮ | ૨૧.૩૭ | ૨૧.૩૭ |
| ૩ | ડો.આંબેડકર હોલ | પ્રથમ | ૫૮ | ૩૧ | ૧૫.૮૯ | ૦૮.૪૯ |
| | | બીજી | ૪૭ | ૪૬ | ૧૨.૮૮ | ૧૨.૬૦ |
| | | ત્રીજી | ૧૭ | ૦૮ | ૦૪.૬૬ | ૦૨.૧૯ |
| | | કમ્પા. | ૨૧ | ૨૪ | ૦૫.૭૫ | ૦૬.૫૮ |

**પત્રક-૩.૧.૧૧**

**કોમ્યુનીટીહોલ તથા પીકનીક હાઉસની છેલ્લાં ૨ વર્ષની થયેલ ખરેખર વપરાશની માહિતી દર્શાવતું પત્રક.**

| અ. ન. | કોમ્યુનીટી હોલનું નામ | વર્ષ દરમ્યાન કરેલ વપરાશના ખરેખર દિવસ | |
|---|---|---|---|
| | | ૦૬-૦૭ | ૦૭-૦૮ |
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | શ્રી લાલાકાકા કોમ્યુ. હોલ -શાહપુર દરવાજા બહાર | ૧૬૭ | ૬૮ |
| ૨ | શ્રી શ્યામપ્રસાદ વસાવડા કોમ્યુ.હોલ ખોખરા | ૭૬ | ૧૦૫ |
| ૩ | શ્રી ખંડુભાઇ દેસાઇ કોમ્યુ.હોલ અસારવા | ૭૩ | ૮૦ |
| ૪ | શ્રી ઈન્દુલાલ યાજ્ઞિક કોમ્યુ.હોલ બાપુનગર | ૧૧૦ | ૯૪ |
| ૫ | ડો.ઓચ્છવલાલ તલાટી હોલ રાયપુર | ૧૭ | ૧૭ |
| ૬ | શ્રી નરોત્તમ ઝવેરી કોમ્યુ.હોલ પાલડી | ૭૦ | ૯૮ |
| ૭ | શ્રી વિરભગતસિંહ કોમ્યુ.હોલ ગોમતીપુર | ૭૩ | ૬૨ |
| ૮ | શ્રી લીલાધરભટ્ટ કોમ્યુ.હોલ બહેરામપુરા | ૧૧૦ | ૬૭ |
| ૯ | શ્રી વસંતરજબ કોમ્યુ.હોલ જમાલપુર | ૭૩ | ૩૩ |
| ૧૨ | શ્રી બળવંતરાય ઠાકોર કોમ્યુ.હોલ પુષ્પકુંજ સર્કલ કાંકરીયા | ૧૫૮ | ૨૦૦ |
| ૧૩ | શ્રી વાસુદેવ ત્રિપાઠી કોમ્યુ.હોલ હલીમની ખડકી | | ૬૮ |
| ૧૪ | શ્રી ડી.કે પટેલ કોમ્યુ.હોલ નારાણપુરા | ૧૫૮ | ૧૩૭ |
| ૧૫ | શ્રી લાખાજી કુંવરજી કોમ્યુ.હોલ બારડોલપુરા | ૪૧ | ૩૮ |
| ૧૬ | શ્રી રૂક્ષ્મણીબેન ભાવસાર કોમ્યુ.હોલ સાબરમતી | ૧૨૬ | ૮૮ |
| ૧૭ | શ્રી જયેન્દ્ર પંડિત કાંકરીયા પી. હાઉસ-નગીનાવાડી સામે કાંકરિયા | | ૧૩૫ |
| ૧૯ | શ્રી રતિલાલ સોમનાથ ચકુડીયા મહાદેવ પીકનીક હાઉસ રખીયાલ | ૪૩ | - |
| ૨૦ | કાંકરીયા પાર્ટી પ્લોટ -કાંકરીયા | ૧૬૫ | ૭૪ |
| ૨૧ | લાયન શરદ મહેતા ગા.પા.પ્લોટ મેમનગર | ૩૫ | ૩૪ |
| ૨૨ | હિતેન્દ્રભાઇ દેસાઇ ગા.પા.પ્લોટ પ્રભુનગર અસારવા | ૧૬૨ | ૩૭ |
| ૨૩ | ભવાનસિંહ બાપુ પાર્ટી પ્લોટ શાહપુર દરવાજા બહાર | | ૩૨ |
| ૨૪ | પ્રહલાદજી બુધ્ધસિંહ પાર્ટી પ્લોટ-અમરાઈવાડી | ૬૫૫ | ૬૧ |
| ૨૫ | સાબરમતી બેંક પાર્ટી પ્લોટ-સાબરમતી | ૧૦૨ | ૩૩ |
| ૨૬ | ડો.બાબાસાહેબ આંબેડકર મેમો.હોલ-સરસપુર<br>૧.શો માટે(શીફટ વાઇઝ અર્થ પ્રાપ્તિ સિવાય)<br><br>૨.શો માટે(શીફટ અર્થ પ્રાપ્તિ)<br>૩.હોલનું કંમ્પાઉન્ડ(લગ્ન માટે)<br>૪.નવા બંધાયેલ ઓપન પેવેલિયન સાથે કંમ્પાઉન્ડ<br>૫.ફકત ઓપન પેવેલિયન (ઇનામી સમારંભ,ભજન,વ્યાખ્યાન,અને ગૃપ મીટીગ) | ૮૫ | પ્રથમ પાળી કુલ બુકીગ ૩૧<br>બીજી પાળી કુલ બુકીગ ૪૬<br><br>૪૬<br>ત્રીજી પાળી કુલ બુકીગ ૮ |

| | | | |
|---|---|---|---|
| | | | કંમ્પાઉન્ડ કુલ બુકીગ<br><br>૨૪ |
| ૨૭ | સરદાર પટેલ સ્ટેડીયમ મેચ માટે | | ૪૦ મેચ<br>૨૭ ધાર્મિક<br>૧ જાહેર સભા<br>૧ શપથવિધિ<br>તાઃ૦૧/૦૧/૦૮ થી<br>તાઃ૧૨/૦૨/૦૮ સુધી<br>વિવેકાનંદ યુવા ટ્રોફી<br>ને ટોકન ભાડે થી મેચ<br>માટે ફાળવેલ છે |
| ૨૮ | સ્વ.મંગળદાસ એસ.પટેલ હોલ | ૧૬૫ | ૩૪ |
| ૨૯ | ઝુલેલાલ કાંકરીયા ઓપન એર થિયેટર | | ૯૫ |

**પત્રક-૩.૧.૧૨**

**છેલ્લાં ૨ વર્ષની પબ્લીક હોલનાં ભાડાની આવક (રૂ.લાખમાં)**

| અ.ન. | હોલનું નામ | વર્ષ ૦૬-૦૭ | વર્ષ ૦૭-૦૮ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | શેઠ મંગળદાસ ટાઉન હોલ | ૪૦.૯૬ | ૪૦.૦૧ |
| ૨ | ટાગોર મેમોરીયલ હોલ | ૩૨.૧૮ | ૬૫.૩૮ |
| ૩ | ડો.આંબેડકર હોલ | ૦.૫૨ | ૦.૫૧ |
| ૪ | મ્યુ. કોમ્યુનીટી હોલ | ૮૭.૬૧ | ૬૨.૮૪ |
| ૫ | ઓપેનએર થિએટર | ૨.૦૦ | ૨.૦૦ |
| ૬ | પીકનીક હાઉસ | ૬.૮૬ | ૫.૨૦ |
| ૭ | સરદાર પટેલ સ્ટેડીયમ | ૦.૪૬ | ૦.૦૩ |
| ૮ | પરચુરણ આવક ટેન્ડર ફોર્મની આવક | ૦.૪૭ | |
| ૯ | વિશ્રાંતિગૃહ | -- | ૦.૦૧ |
| | કુલ | ૧૭૧.૦૬ | ૧૭૫.૯૮ |

## ૩.૨ નગર વિકાસ ખાતુ

### ૦૭-૦૮

શહેરના વિકાસને ધ્યાનમાં રાખી શહેરનો વિકાસ નકશો અને વિકાસ યોજનાઓ તૈયાર કરવી,નગર રચના યોજનાઓ તૈયાર કરવી અને નામદાર સરકારશ્રી પાસે મંજુર કરાવવી,મકાનો બાંધવાની પરવાનગી આપવી,મકાનમાં ફેરફાર કરવા અંગે તથા જમીનોના લે-આઉટ પ્લાનો મંજુર કરવાનું,ઇન્ડસ્ટ્રીયલ પરમીટ મેળવવા અંગે આકીટેક્ટ, એન્જીનીયર, સર્વેયર, ક્લાર્ક ઓફ વર્કસ, અને સ્ટ્રકચરલ ડીઝાઈનરનાં રજીસ્ટ્રેશન કરવા અંગે, રોડ લાઈનમાં સંપાદિત થતી જગાનું વળતર ઠરાવવા અંગે, ગેરકાયદેસર બાંધકામો તથા ઉપયોગો અંગે નોટીસો આપવી તથા આ ગેરકાયદેસર બાંધકામ તોડાવવું તથા ઉપયોગ બંધ કરાવવો, ધારાકીય જોગવાઈ હેઠળ ફરિયાદો કરવી, ગરીબ અને આર્થિક રીતે પછાતવર્ગ તેમજ ઝૂંપડાવાસીઓ માટે વસવાટ અંગે આયોજન કરવું. આ તમામ કામગીરી નગર વિકાસ ખાતા દ્વારા થાય છે.અહેવાલી વર્ષમાં ગુજરાત રેગ્યુલેશન ઓફ અનઓથોરાઇઝડ ડેવલપમેન્ટ એક્ટ(ગૃડા) ૨૦૦૩ અંતર્ગત બિનપરવાનગીના બાંધકામોને નિયમીત કરવા અંગેની કામગીરી સુવ્યવસ્થિત રીતે હાથ ધરવામાં આવેલ છે.

અ.મ્યુ.કોર્પો.ની હદમાં બાંધકામની પ્રવૃતિના નિયંત્રણ અને નિયમન માટે ત્રણ પ્રકારની પ્રવૃતિ હાથ ધરાય છે.

૧. ધી બી.પી.એમ.સી.એક્ટ ૧૯૪૯ ની જોગવાઈઓ હેઠળની જોગવાઇઓનો અમલ કરાવવાનું કામ.

૨. ધી ટાઉન પ્લાનીગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એક્ટ ૧૯૭૬ ની જોગવાઈઓ હેઠળ નગરરચના યોજનાઓ તૈયાર કરવાનું અને અમલી નગરરચના યોજના ધ્યાને લઇ વિકાસ પરવાનગીઓ આપવાનું કામ વિકાસ ખાતા દ્વારા કરવામાં આવે છે.પ્રજા તરફથી આવતી બાંધકામની અરજીઓનો નિકાલ, મકાન વપરાશની અરજીઓનો નિકાલ, ગેરકાયદેસર બાંધકામ માટે નોટીસો આપવી, અનધિકૃત ઉપયોગ બંધ કરવાની નોટીસો આપવી, કોર્ટ કામગીરી વિગેરે નગર વિકાસ ખાતા દ્વારા કરવામાં આવે છે.

૩. ધી ટાઉન પ્લાનીગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એક્ટ ૧૯૭૬ હેઠળ તૈયાર કરવામાં આવેલ રીવાઇઝડ ડેવલપમેન્ટ કન્ટ્રોલ રેગ્યુલેશન બનાવવામાં આવેલ છે તેનો અમલ કરવાનું કામ.

**સીટી પ્લાનીંગ ખાતાની કામગીરી**

અહેવાલી વર્ષ ૨૦૦૭-૦૮ દરમ્યાન અમદાવાદ મ્યુનિસિપલ કોર્પો.ધ્વારા હાથ ધરવામાં આવેલ નવી ૪૧ ટાઉન પ્લાનીગ સ્કીમોની કાર્યવાહી ની વિગતો નીચે મુજબ છે.

૧. ડ્રાફટ ટાઉન પ્લાનીગ સ્કીમો રાજય સરકારશ્રીમાં સાદર કરવામાં આવી તથા રાજય સરકાર ધ્વારા ૬ સ્કીમોને ડ્રાફટ સ્કીમ તરીકે મંજુર કરવામાં આવી.

૨. સ્કીમોના ડ્રાફટ સરકારી ગેઝેટમાં પ્રસિધ્ધ કરવામાં આવી

૩. સ્કીમોમાં ડ્રાફટ ટાઉન પ્લાનીગ સ્કીમ બનાવવા માટે નો મુખ્યનગર નિયોજકનો પરામર્શ મેળવવામાં આવ્યો.

૪. ડ્રાફટ સ્કીમ બનાવવાનો ઈરાદો જાહેર કરવામાં આવ્યો.

૫.વેરીડ સ્કીમને પ્રસિધ્ધ કરવામાં આવી.

૬.રાજય સરકારશ્રીની મંજુરી અર્થે વેરીડ કરવા રાજય સરકારશ્રીમાં સાદર કરી.

૭.નગર રચના અધિકારીશ્રી દ્વારા પાઠવેલ કામચલાઉ પુર્ન.નગર રચના યોજનાની દરખાસ્ત અન્વયે ટા.પ્લાનીગ સ્કીમનો પરામર્શ પાઠવવામાં આવ્યો.

આ ઉપરાંત સરકારશ્રી દ્વારા અંદાજે ૨૦ જેટલી ડ્રટફ મંજુર થયેલ ટાઉન પ્લાનીગ સ્કીમોમાં સ્થળે ડ્રફટ સ્કીમ મુજબ ટી.પી.રસ્તાનું ડીમાર્કેશન કરવામાં આવ્યુ.જેના કારણે સ્કીમ વિસ્તારમાં બી.આર.ટી.એસ,સ્ટ્રોમ વોટર ડ્રેનેજ,બ્રીજ પ્રોજેકટ,રોડ પ્રોજેકટ,ડ્રેનેજ પ્રોજેકટ વિગેરે પ્રોજેકટ શકય બન્યા.

અતિંમ મંજુર થયેલ ટા.પ્લાનીગ સ્કીમોમાં ફેરફાર કરવા વેરીડ સ્કીમો કરાવ અંગે મુખ્ય નગર નિયોજકશ્રીનો પરામર્શમાંગવામાં આવ્યો.તથા ઓનર્શ મીટીંગ યોજવામાં આવી.ઔડાના નોન ટી.પી. વિસ્તારમાં વિકાસ પરવાનગી અંતર્ગત અભિપ્રાય પાઠવતા અગાઉ નેટ ડીમાન્ડ ડીપોઝીટ પેટે અંદાજીત રૂા ,૩૦,૦૦,૦૦૦/- જમા લેવા કાર્યવાહી કરવામાં આવી.ડ્રાફટ મંજુર થયેલ ટા.પ્લાનીગ સ્કીમોમાં અંદાજીત ૧૪ કરોડ બેટરમેન્ટ ટેક્ષ ડીપોઝીટ દીઠ પેટે જમા લેવા કાર્યવાહી કરવામાં આવી.

જુનાણ ગ્રીન બેલ્ટ તરીકે પ્રચલિત વિસ્તારમાં અરજદાર/માલિક દ્વારા પ્રવર્તમાન અમલી નીતિ અનુસાર સ્વેચ્છાએ અમ.મ્યુનિ.કોર્પોને પોતાની માલિકીની જમીનના ૫૦% લેખે કુલ ૪૩૦૦ ચો.મી.જમીન ડેકલેરેશન થકી ચીંપાવામાં આવી.જેની અંદાજીત કિંમત રૂા.૪,૩૦,૦૦,૦૦૦/-થવા જાય છે.

**મકાન બાંધકામની અરજીઓ-**

અહેવાલી વર્ષમાં જુદા જુદા ઝોનમાં મકાન બાંધકામની ગત વર્ષની કુલ ૧૦૭ અરજીઓ પેન્ડીગ હતી.અને વર્ષ દરમ્યાન નવી કુલ ૧૫૨૪ અરજીઓ આવવાથી કુલ ૧૬૩૧ અરજીઓ થયેલ. જેમાંથી વર્ષ દરમ્યાન ૧૪૧૧ અરજીઆનો નિકાલ થતાં વર્ષાન્તે ૨૨૦ અરજીઓ બાકી રહેલ.જેની વિગતવાર માહિતી પત્રક ૩.૨.૧.માં અને છેલ્લા ૨ વર્ષ દરમ્યાન મકાન બાંધકામનાં પ્લાનની ઝોન વાઈઝ માહિતી સામેલ પત્રક ૩.૨.૨ માં દર્શાવવામાં આવી છે.

અહેવાલી વર્ષમાં મકાન બાંધકામની નિકાલ થયેલ ૧૪૧૧ અરજીઓમાં સૌથી વધુ ઉત્તરઝોનમાં ૪૮૩ અરજીઓનો તથા સૌથી ઓછો નિકાલ મધ્યઝોનમાં ૯૮ અરજીઓનો કરવામાં આવેલ છે.મકાન વપરાશની નિકાલ થયેલ ૯૨૯ અરજીઓમાં સૌથી વધુ ૩૮૯ દક્ષિણઝોનમાં થયેલ છે. જયારે મદયઝોનમાં ૧૪ અરજીનો નિકાલ થયેલ છે.ગેરકાયદેસર બાંધકામ, મકાન વપરાશ વિ.સંદર્ભમાં થયેલ કોર્ટ લીટીગેશન અન્વયે સીટી મેજીસ્ટ્રેટની કોર્ટમાં ૨૫ ફરિયાદો કરવામાં આવેલ છે. સીટી સીવીલ કોર્ટમાં ૧૧૫ અને હાઈકોર્ટમાં ૨૯ દાવાઓ ચાલુ છે. બીલ્ડીગ પરમીશનની અરજીઓ અને કોર્ટ લીટીગેશનની માહિતી દર્શાવતુ પત્રક ૩.૩.૩ માં દર્શાવેલ છે બાંધકામની પરવાનગી માટે ઝોનવાઇઝ કેટેગરીવાઇઝ મળેલ પ્લાનની સંખ્યા દર્શાવતુ પત્રક ૩.૩.૪ માં દર્શાવેલ છે મંજુર થયેલ પ્લાનની સમય મર્યાદા ની ઝોન વાઇઝ માહિતી દર્શાવતુ પત્રક ૩.૩.૫ માં દર્શાવેલ છે રહેઠાણ એકમ સાથે રૂમની સંખ્યા દર્શાવતુ પત્રક ૩.૩.૬ માં દર્શાવેલ છે અને મકાન બાંધકામ વાપરવાની રજા આપ્યાની સંખ્યા દર્શાવતુ પત્રક ૩.૩.૭માં દર્શાવેલ છે.

**લાયસન્સ ફી વિભાગ :-**

મ્યુ.કોર્પો.ની હદના વિસ્તારમાં બાંધકામની પરવાનગી માંગનાર વ્યક્તિ/માલીકે નિયત ફોર્મમાં જરૂરી વિગતો ભરી, જરૂરી દસ્તાવેજો સાથે કરવા ધારેલ બાંધકામનાં પ્લાન મ્યુ.કોર્પો.નો પરવાનો ધરાવનાર એન્જીનીયર, આર્કીટેક્ટ, એન્જિનીયર,સ્ટ્રકચરલ ડીઝાઇનર તથા ક્લાર્કસ ઓફ વર્કસની જરૂરી સહીઓ સાથે રજુ કરવાના હોયછે. સર્વેયર મારફતે તૈયાર કરાવવાના હોય છે.સદર પરવાનો એન્જીનીયર ,આર્કીટેક્ટ,સ્ટ્રકચરલ ડીઝાઇનર તથા ક્લાર્કસ ઓફ વર્કસ જી.ડી.સી.આર.વિનિમય-૯.૩માંદર્શાવેલ લાયકાત તથા અનુભવના આધારે આપવામાં આવે છે.

તેઓએ જી.ડી.એસ.આર. વિનિમય નં.૯.૩માં દર્શાવ્યા મુજબ ફરજો તથા જવાબદારીઓ નિભાવવાની રહેછે. આપવામાં આવનાર પરવાનો (લાયસન્સ) દરેક કેટેગરી માટેલાયસન્સ દીઠ લાયસન્સ ફીના રૂા.૧૦૦૦(નોન રીફંડેબલ) ડીપોઝીટ રૂા.૧૦૦૦ તથા લાયસન્સ સર્ટીફીકેટ તથા કન્ટીજન્સી ચાર્જ રૂા.૧૦૦ લેવામાં આવે છે. સદર પરવાનો પાંચ વર્ષની મુદત માટે આપવામાં આવે છે. અને દર પાંચ વર્ષે રીન્યુઅલ લાયસન્સ ફી લઇને રીન્યુ કરવામાં આવે છે.

અહેવાલી વર્ષ ૨૦૦૭-૦૮ના વર્ષ માટે નીચે મુજબ ના લાયસન્સ આપવામાં આવેલ છે.તથા આ અંગે પત્રક માં જણાવ્યા મુજબની ફી વસુલ લેવામાં આવે છે.એન્જીનીયર,આર્કીટેકટ,સ્ટ્રકચરલ ડીઝાઇનર,કલાર્ક ઓફ વર્કસના લાયસન્સ કુલ્લે મળી ૯૧ લાયસન્સ આપવામાં આવેલ છે.અને રૂા.૧.૯૧ લાખની આવક થવા પામેલ છે.

**ડ્રોઈંગ વિભાગની કામગીરી :-**

આ વિભાગની કામગીરીમાં મુખ્યત્વે વિકાસ યોજનાના નકશા બનાવવા, નગર આયોજન યોજનાના નકશા બનાવવા, યોજનાના મુસદ્દા તૈયાર કરવા, વિવિધ નકશાઓની નકલ તૈયાર કરી વેચાણ આપવી, બાંધકામની અરજીઓ કે પ્રજા તરફથી આપતી અરજીઓના પ્લાન તપાસી વિકાસ યોજના તથા નગર આયોજન યોજનાની દરખાસ્તો મુજબ અભિપ્રાય આપવા, નકશાઓનું રેકર્ડ રાખવું, જાહેર જનતાને નકશા જોવાની સવલતો આપવી વિગેરે કાર્યવાહી થાય છે.તદ્ ઉપરાંત ઈલેકશન ખાતેથી સોંપવામાં આવતી નકશાઓ અંગેની કામગીરી કરવામાં આવે છે.

**અમલીકરણ વિભાગ (ડી.એસ.ઓ.) :-**

વગર રજાએ થતા ગેરકાયદેસર બાંધકામો કે વગર રજાએ થતો ઉપયોગ અટકાવવાની મહત્વની કામગીરી આ વિભાગ દ્વારા થાય છે. આવા બાંધકામો અટકાવવા તથા તેને દૂર કરવા અનધિકૃત ઉપયોગ થતો રોકવા કે બંધ કરાવવા કાયદેસરની કામગીરીની જોગવાઈઓ ધી બોમ્બે પ્રોવીન્શીયલ મ્યુનિસીપલ કોર્પોરેશન એક્ટ ૧૯૪૯ની કલમ ૨૬૦, ૨૬૭, ૨૬૮ તથા ૪૭૮ અને ધી ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એક્ટની કલમ ૨૯,૩૭ અને કલમ ૪૯ અન્વયે જે તે ઝોનના વોર્ડ ઈન્સ્પેકટરો નોટીસ સહિત અન્ય પગલાં અંગેની જરૂરી કાર્યવાહી કરે છે.આ અંગેની કાયદેસરની કાર્યવાહી પૂરી થયેથી વોર્ડ ઈન્સ્પેકટર તથા આસી.ટી.ડી.ઓ. દ્વારા આપેલ નોટીસ મુજબનો અમલ કરવામાં આવે છે.ખાતા દ્વારા કરાવેલ અમલ અંગેના ખર્ચની રકમ વસુલ લેવામાં આવે છે.

| ઝોન | કલમ ૨૬૦ | કલમ ૨૬૮ | કલમ ૪૭૮ | રહેઠાણનાં યુનીટ | બિન રહેઠાણનાં યુનીટ | કુલ યુનીટ | ડીપાર્ટ.ખર્ચની વસુલ આવેલ રકમ રૂા.માં |
|---|---|---|---|---|---|---|---|
| **ન્યુ પશ્ચિમ** | **૫૩** | ----- | **૦૨** | **૩૧** | **૨૮** | **૫૯** | ------ |
| પશ્ચિમ | ૧૪ | ૯ | ૩ | ૧૩ | ૧૫ | ૨૮ | ૧૬૨૮૦૦ |
| મધ્ય | ૧૭૪ | ૦૧ | ૦૩ | ૬૩ | ૧૦૮ | ૧૭૧ | ૮૦૦૦૦ |
| ઉત્તર | ૧૬૨ | ૩૦ | - | ૧૯ | ૨૭૧ | ૨૯૦ | ૨૯૯૬૦૦૦ |
| પૂર્વ | ૦૩ | -- | - | ૦૧ | ૦૨ | ૦૩ | -- |
| દક્ષિણ | ૨૪ | ૦૪ | - | ૭૭ | ૧૧ | ૮૮ | ૭૦૦૩૦૮ |
| **કુલ** | **૪૩૦** | **૪૪** | **૮** | **૨૦૪** | **૪૩૫** | **૬૩૯** | **૩૯૩૯૧૦૮** |

અહેવાલી વર્ષમાં બિનપરવાનગીના બાંધકામો અંગે લીધેલ પગલાંના કેસોની સંખ્યા અને આપેલ નોટીસોની સંખ્યાની ઝોનવાઇઝ માહિતી નીચે મુજબ છે.

| અ.નં | વિગત | ન્યુ.પશ્ચિમ ઝોન | પશ્ચિમ ઝોન | મધ્ય ઝોન | ઉત્તરઝોન | પૂર્વ ઝોન | દક્ષિણ ઝોન | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| ૧ | બિન પરવાનગીના બાંધકામો અંગે લીધેલ(૨૬૦ના કેસો) | | | | | | | - |
| એ | પગલાંના કેસોની સંખ્યા | ૧૩૨ | ૧૯૯ | ૩૧૧ | ૪૮૧ | ૨૪૮ | ૨૭૬ | ૧૬૪૭ |
| બી | આપેલ નોટીસોની સંખ્યા | ૩૦૩ | ૫૦૭ | ૪૫૬ | ૧૧૧૬ | ૩૨૮ | ૪૮૦ | ૩૧૯૦ |
| ૨ | બિન પરવાનગીનો વપરાશ થતો અટકાવવા લીધેલ(૨૬૮ના કેસો) | - | - | - | ૨ | - | - | ૨ |
| એ | પગલાંના કેસોની સંખ્યા | - | ૧૪ | ૦૯ | ૩૦ | - | ૩૨ | ૮૫ |
| બી | આપેલ નોટીસોની સંખ્યા | - | ૭૬ | ૧૪ | ૪૧૨ | - | ૬૧ | ૫૬૩ |
| ૩ | બિન પરવાનગીએ કરેલ ચેઈન્ઝ ઓફ યુઝ અંગે લીધેલ(૪૭૮ના કેસો) | - | - | - | - | - | - | - |
| એ | પગલાંના કેસોની સંખ્યા | ૦૪ | ૦૮ | ૦૬ | - | - | - | ૧૮ |
| બી | આપેલ નોટીસોની સંખ્યા | ૩૩ | ૧૫ | ૦૬ | - | - | - | ૫૪ |
| કુલ | | ૪૭૨ | ૮૧૯ | ૮૦૨ | ૨૦૪૧ | ૫૭૬ | ૮૪૯ | ૫૫૫૯ |

**પત્રક ૩.૨.૧**

**મકાન બાંધકામને લગતી અરજીની માહિતી દર્શાવતુ પત્રક**

| અ.નં. | વર્ષ | અગાઉના બાકી પ્લાન | નવા આવેલ પ્લાન | કુલ | નિકાલ થયેલ પ્લાન | વર્ષાંતે બાકી પ્લાન |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧. | ૨૦૦૩-૦૪ | ૦૯ | ૧૦૯૨ | ૧૧૦૧ | ૧૦૩૦ | ૭૧ |
| ૨. | ૨૦૦૪-૦૫ | ૭૧ | ૧૮૩૦ | ૧૯૦૧ | ૧૮૭૧ | ૩૦ |
| ૩. | ૨૦૦૫-૦૬ | ૩૦ | ૧૬૪૬ | ૧૬૭૬ | ૧૫૬૯ | ૧૦૭ |
| ૪. | ૨૦૦૬-૦૭ | ૧૦૭ | ૧૬૧૮ | ૧૭૨૫ | ૧૫૯૨ | ૧૩૩ |
| ૫. | ૨૦૦૭-૦૮ | ૧૩૩ | ૧૧૯૭ | ૧૩૩૦ | ૧૨૦૧ | ૧૪૩ |

**પત્રક ૩.૨.૨**

**સને ૨૦૦૬-૦૭ અને ૨૦૦૭-૦૮ દરમ્યાન મકાન બાંધકામનાં પ્લાનની ઝોનવાઈઝ માહિતી દર્શાવતુ પત્રક**

| અ.નં. | ઝોન | વર્ષ | અગાઉના બાકી પ્લાન | વર્ષ દરમ્યાન આવેલ પ્લાન | કુલ પ્લાન | નિકાલ થયેલ પ્લાન | વર્ષાંતે બાકી પ્લાન | નિકાલ થયેલ પ્લાની ટકાવારી |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| ૧. | મધ્યઝોન | ૦૬-૦૭ | ૦૩ | ૧૦૪ | ૧૦૭ | ૧૦૧ | ૦૬ | ૯૪ |
| | | ૦૭-૦૮ | ૦૬ | ૬૪ | ૭૦ | ૫૭ | ૧૩ | ૮૧ |
| ૨. | પશ્ચિમ ઝોન | ૦૬-૦૭ | ૪૦ | ૫૧૮ | ૫૫૮ | ૫૦૦ | ૫૮ | ૯૦ |
| | | ૦૭-૦૮ | ૫૮ | ૩૭૨ | ૪૩૦ | ૩૯૭ | ૩૩ | ૯૨ |
| ૩. | પૂર્વ ઝોન | ૦૬-૦૭ | ૧૭ | ૧૯૧ | ૨૦૮ | ૨૦૧ | ૦૭ | ૯૭ |
| | | ૦૭-૦૮ | ૦૪ | ૭૬ | ૮૦ | ૫૭ | ૨૩ | ૭૧ |
| ૪. | ઉત્તર ઝોન | ૦૬-૦૭ | ૨૨ | ૫૪૧ | ૫૬૩ | ૫૩૨ | ૩૧ | ૯૪ |
| | | ૦૭-૦૮ | ૩૫ | ૨૫૦ | ૨૮૫ | ૨૪૦ | ૪૫ | ૮૪ |
| ૫. | દક્ષિણ ઝોન | ૦૬-૦૭ | ૨૫ | ૨૦૪ | ૨૨૯ | ૨૧૩ | ૧૬ | ૯૩ |
| | | ૦૭-૦૮ | ૧૬ | ૨૪૦ | ૨૫૬ | ૨૪૪ | ૧૨ | ૯૫ |
| ૬ | ન.પ.ઝોન | ૦૬-૦૭ | - | ૬૦ | ૬૦ | ૪૫ | ૧૫ | ૭૫ |
| | | ૦૭-૦૮ | ૧૪ | ૨૦૯ | ૨૨૩ | ૨૦૬ | ૧૭ | ૯૨ |
| | કુલ | ૦૬-૦૭ | ૧૦૭ | ૧૬૧૮ | ૧૭૨૫ | ૧૫૯૨ | ૧૩૩ | ૯૨ |
| | | ૦૭-૦૮ | ૧૩૩ | ૧૨૧૧ | ૧૩૪૪ | ૧૨૦૧ | ૧૪૩ | ૮૯ |

**પત્રક ૩.૨.૩**

**છેલ્લા ત્રણ વર્ષની બિલ્ડીંગ પરમીશનની અરજીઓ અને કોર્ટ લીટીગેશનને લગતી માહિતી દર્શાવતુ પત્રક**

| અ.નં. | વિગત | ૨૦૦૬-૦૭ | ૨૦૦૭-૦૮ | ૨૦૦૮-૦૯ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧. | મકાન બાંધકામની અરજીઓનો નિકાલ | ૧૬૧૮ | ૧૨૦૧ | ૧૫૫ |
| ૨. | મકાન વપરાશની પરવાનગીની સંખ્યા | ૯૨૯ | ૯૦૮ | ૬૧૦ |
| ૩. | સીટી મેજીસ્ટ્રેટ કોર્ટમાં થયેલ ફરીયાદો | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૪. | મેટ્રોપોલીન કોર્ટમાં થયેલ ફરિયાદો | ૨૫ | ૩૬ | ૦૨ |
| ૫. | સીટી સિવીલ કોર્ટનાં દાવા | ૧૧૫ | ૧૭૨ | ૨૦૯ |
| ૬. | હાઈકોર્ટમાં ચાલુ દાવા | ૨૯ | ૮૭ | ૯૨ |
| ૭. | સુપ્રિમ કોર્ટમાં ચાલુ દાવા | - | ૧૦ | ૪ |

**પત્રક ૩.૨.૪**

**બાંધકામની પરવાનગી માટે છેલ્લા ૨ વર્ષ દરમ્યાન ઝોન વાઈઝ,કેટેગરી વાઈઝ મળેલ પ્લાનની સંખ્યા દર્શાવતુ પત્રક**

| અ.નં. | ઝોન | વર્ષ | નવા બાંધકામ (બી.એન.બી.) | સુધારા/વધારા (સી.આર.) | ભાગલા (બી.એન.એસ.) | કુલ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧. | મધ્ય | ૦૬-૦૭ | ૯૩ | ૦૫ | ૦૫ | ૧૦૩ |
| | | ૦૭-૦૮ | ૫૪ | ૦૭ | ૦૩ | ૬૪ |
| ૨. | પશ્ચિમ | ૦૬-૦૭ | ૪૦૮ | ૫૭ | ૪૯ | ૫૧૪ |
| | | ૦૭-૦૮ | ૩૦૩ | ૩૭ | ૨૭ | ૩૬૭ |
| ૩. | પૂર્વ | ૦૬-૦૭ | ૧૭૧ | ૧૦ | ૦૮ | ૧૮૯ |
| | | ૦૭-૦૮ | ૬૨ | ૦૫ | ૦૮ | ૭૫ |
| ૪. | ઉત્તર | ૦૬-૦૭ | ૫૧૬ | ૦૬ | ૧૭ | ૫૩૯ |
| | | ૦૭-૦૮ | ૨૩૯ | ૦૦ | ૦૯ | ૨૪૮ |
| ૫. | દક્ષિણ | ૦૬-૦૭ | ૧૮૮ | ૧૧ | ૦૪ | ૨૦૩ |
| | | ૦૭-૦૮ | ૨૧૬ | ૦૯ | ૧૧ | ૨૩૬ |
| ૬ | ન.પ.ઝોન | ૦૬-૦૭ | ૫૬ | ૦૦ | ૦૪ | ૬૦ |
| | | ૦૭-૦૮ | ૧૮૭ | ૦૯ | ૧૧ | ૨૦૭ |
| | કુલ | ૦૬-૦૭ | ૧૪૩૨ | ૮૯ | ૮૭ | ૧૬૦૮ |
| | | ૦૭-૦૮ | ૧૦૬૧ | ૬૭ | ૬૯ | ૧૧૯૭ |

**પત્રક ૩.૨.૫**

**મંજુર થયેલ પ્લાનની સમયમર્યાદાની ઝોનવાઈઝ માહિતી દર્શાવતુ પત્રક**

| અ.નં. | ઝોન | એક માસની અંદર | બે માસની અંદર | ત્રણ માસની અંદર | ચાર માસથી વધુ | કુલ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧. | મધ્યઝોન | ૨૦ | ૧૯ | ૦૯ | ૦૨ | ૫૦ |
| ૨. | પશ્ચિમ ઝોન | ૧૫૯ | ૧૧૦ | ૪૩ | ૧૧ | ૩૨૩ |
| ૩. | પૂર્વ ઝોન | ૨૯ | ૧૭ | ૦૩ | ૦૨ | ૫૧ |
| ૪. | ઉત્તર ઝોન | ૧૨૭ | ૫૪ | ૧૮ | ૦૪ | ૨૦૩ |
| ૫. | દક્ષિણ ઝોન | ૧૪૨ | ૪૭ | ૨૯ | ૦૩ | ૨૨૧ |
| ૬. | ન.પ.ઝોન | ૧૦૧ | ૫૮ | ૨૩ | ૦૫ | ૧૮૭ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | કુલ | ૫૭૮ | ૩૦૫ | ૧૨૫ | ૨૭ | ૧૦૩૫ |

**પત્રક ૩.૨.૬**

**મકાન બાધકામ વાપરવાની રજા આપ્યાની સંખ્યા દર્શાવતુ પત્રક (બી.યુ.પરમીશન)**

| ઝોન | વાપરવાની રજાની સંખ્યા | | | | | |
|---|---|---|---|---|---|---|
| | બી.એન.બી. | | સી.આર. | | કુલ | |
| | રહેઠાણ | બિન રહેઠાણ | રહેઠાણ | બિન રહેઠાણ | રહેઠાણ | બિન રહેઠાણ |
| નવા પશ્ચિમઝોન | ૨૫ | ૦૩ | ૦ | ૦ | ૨૫ | ૦૩ |
| પશ્ચિમઝોન | ૨૦૩ | ૬૦ | ૧૭ | ૦૨ | ૨૨૦ | ૬૨ |
| મધ્યઝોન | ૨૩ | ૦૪ | ૦૩ | ૦ | ૨૬ | ૦૪ |
| ઉતરઝોન | ૭૦ | ૧૧ | ૦ | ૦ | ૭૦ | ૧૧ |
| પુર્વઝોન | ૯૩ | ૬૭ | ૦૧ | ૦૩ | ૯૪ | ૭૦ |
| દક્ષિણઝોન | ૨૮૦ | ૪૩ | ૦ | ૦ | ૨૮૦ | ૪૩ |
| કુલ | ૬૯૪ | ૧૮૮ | ૨૧ | ૫ | ૭૧૫ | ૧૯૩ |

# ૪.૦ ઈજનેર ખાતુ

## ૦૭-૦૮

અમદાવાદ મ્યુ. કોર્પો.ના ઈજનેર વિભાગ દ્વારા, શહેરના રસ્તા, પાણી, ગંદાપાણીનો તથા વરસાદી પાણીનો નિકાલ, પુલો, વિ.ને લગતાં મરામત નિભાવના કામો કરવામાં આવે છે. આ ખાતુ સીટી ઈજનેરશ્રીની સીધી દેખરેખ નીચે ચાલે છે. શહેરીજનોને પાયાની જરૂરિયાત, એવું પાણી એકત્ર કરી શુધ્ધ કરી પુરૂ પાડવું તેમજ તે મેળવવા માટેનાં નવા સાધનો ઉભા કરવા, ટ્રાફિક નિયંત્રણ માટેનાં ટ્રાફિક આયલેન્ડ તથા સિગ્નલો બનાવવા રોડ પર પટ્ટા દોરવા, ફ્લાય ઓવરબ્રીજ તથા અન્ડરપાસ તથા બમ્પ બનાવવા વિ. કામો પણ કરવામાં આવે છે. શહેરમાં જરૂર જણાય ત્યાં નવા પુલો બનાવવા, જુના પુલો પહોળા કરવા તથા તેનાં મરામત નિભાવ કામો કરવા, ગંદાપાણીને એકત્ર કરી, શુધ્ધ કરી યોગ્ય નિકાલ કરવો, નવી ગટરલાઈનો નાંખવી તથા શુધ્ધિકરણનાં જરૂરી પ્લાન્ટ તૈયાર કરવા વિ. કામગીરી કરવામાં આવે છે. સાઈટ એન્ડ સર્વિસીસ તથા મકાનોનાં પ્રોજેક્ટનાં બાંધકામની કાર્યવાહી કરવી. ફુવારા બનાવી શહેરને સુશોભિત કરવાની કામગીરી આ વિભાગ દ્વારા કરવામાં આવે છે. નદીના ઈન્ફીલ્ટ્રેશન કુવા, ફ્રેન્ચવેલ બોરીગોમાં પંપ મુકી અન્ડરગ્રાઉન્ડ ટાંકી દ્વારા શહેરને પાણી પુરૂ પાડવું, નવા કુવા બોરીગો બનાવવા તથા તેના મરામત નિભાવ કરવા. રોડ પ્રોજેક્ટમાં નવા રોડ બનાવવા, રીસરફેસ કરવા, પહોળા કરવા, ફૂટપાથ બનાવવી તથા તેનાં મરામત નિભાવ જેવી કામગીરીઓ કરવામાં આવે છે. સીટી ઈજનેરશ્રી આ સઘળા કામો એડી.સી.ઈ.શ્રી તથા અન્ય અધિકારીઓ ખાતાના સ્ટાફનાં સહકારથી કરે છે. ઓફિસ સુપ્રિ. પ.વ.એકા., ઈ.શી. તથા અન્ય સંલગ્ન ખાતાની કામગીરી સંભાળે છે. તે સિવાયનાં કાર્યો એડી.સી.ઈ.શ્રી સંભાળે છે.

શહેરની વધતી જતી વસ્તી માટે જરૂરી વધારાનો પાણી પૂરવઠો મેળવવાની યોજનાને આનુષાંગિક કામો તથા પૂર્વ અમદાવાદની વો.પ્રો.ની કામગીરી એડી.સી.ઈ.(વો.પ્રો.) શ્રી સંભાળે છે. પાણીનાં પ્રશ્નોના કાયમી નિકાલ લાવવાની કામગીરી  આ વિભાગમાં થાય છે. ટયુબવેલ સ્ટેશનો બાંધવા, દૂધેશ્વર વો.વર્કસની ભૂગર્ભ સંગ્રહશક્તિમાં વધારો કરવા ઉપરાંત તેનાં કમ્પાઉન્ડમાં આવેલ બોરીગો પર પંપો મુકી, પાણી અન્ડરગ્રાઉન્ડ ટાંકીમાં લાવ્યા બાદ જનતાને પૂરૂ પાડવામાં આવે છે. બોરીગોમાં બગડેલાં પંપોમાં જરૂરી સુધારો કરી શક્ય હોય તેટલો પાણી પૂરવઠો મેળવી કુવા બોરીગોના મરામત નિભાવ ઉપરાંત પાણીની ટેન્કરોનાં ફેરા કરવામાં આવે છે.

ડ્રેનેજ પ્રોજેક્ટ ૧૬૪૩, આઈ.એન.જે. ઈસ્ટ અમદાવાદ પ્રોજેકટ, લો કોસ્ટ સેનીટેશન, સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ પ્રોજેકટ ૧૬૪૩, આઈ.એન.જે. વર્લ્ડ બેંક સહાય નીચેનાં ડ્રેનેજ પ્રોજેક્ટનાં કામો ઉપરાંત શહેરની ઉભરાતી ગટરોનાં પ્રશ્નો હલ કરવાનું કામ એડી.સી.ઈ.(ડ્રે.પ્રો.) શ્રી સંભાળે છે. પૂર્વ વિસ્તારમાં ડ્રેનેજ વોટર સપ્લાયની સગવડ પૂરી પાડવા, ઈસ્ટ અમદાવાદ સુઅરેઝ પ્રોજેકટની કામગીરી ઉપરાંત જી.આઈ.ડી.સી. એફ્લ્યુઅન્ટ  ટી.ડી.એસ.નું પ્રમાણ ઘટાડવામાં આવે છે. ક્રેડીટ ૧૨૮૦ આઈ.એન.સ્કીમમાં ડ્રેનેજનાં વિવિધ કામોનો સમાવેશ થાય છે. નદીની પૂર્વ - પશ્ચિમ વિસ્તારના ડ્રેનેજ લાઈનના કામો, સુધારણાનાં કામો,  ડ્રેનેજ પંપીગ સ્ટેશન બાંધવા, તથા તેની મરામત નિભાવનાં કામો, આ વિભાગ દ્વારા કરવામાં આવે છે.

શહેરમાં મુખ્ય માર્ગો બનાવવા, રીસરફેસ કરવા ઝોનનાં રસ્તાઓ રીસરફેસ કરવા માર્ગો પહોળા કરવા, ફૂટપાથ બનાવવી, રોડનાં મરામત- નિભાવના કામો એડી.સી.ઈ.( રો.પ્રો.)શ્રી સંભાળે છે. બ્રીજ ટ્રાફિક વિભાગની સંપૂર્ણ કામગીરી પણ સંભાળે છે. શહેરના નદી ઉપરના, રેલ્વેબ્રીજનાં તથા ફ્લાય ઓવરબ્રીજના, ભૂગર્ભ ક્રોસિંગ વિ. કામો ઉપરાંત ટ્રાફિકને લગતી કામગીરી તથા તેનાં મરામત નિભાવની કામગીરી એડી.સી.ઈ.(રો.પ્રો.)શ્રી સંભાળે છે.

જવાહરલાલ નહેરૂ અર્બન રીન્યુઅલ મશીન (જે.એન.યુ.આર.એમ) અંતર્ગત બી.આર.ટી.એસ. પ્રોજેકટ રેલ્વે ઓવરબ્રીજનું બાંધકામ વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ ,સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ,સ્ટોર્મ વોટર ડ્રનેજ તથા ઇ.ડબલ્યુ.એસ. હાઉસીગ વિગેરે પ્રોજેકટ અંતર્ગત જુદા જુદા પ્રોજેકટ હેઠળ રૂ.૧૩૧૨.૧૨ કરોડના કુલ ૧૩ પ્રોજેકટની કેન્દ્ર સરકારની મંજુરી મેળવવામાં આવેલ છે. આ પ્રોજેકટ અંતર્ગત નકકી થયેલ નીતી મુજબ ૩૫% અંદાજીત ખર્ચના કેન્દ્ર સરકારની ગ્રાંટ ૧૫% રાજય સરકારની ગ્રાંટ બાકીનો ૫૦% ફાળો કોર્પો.ને આ પ્રોજેકટ પેટે આપવાનો રહે છે. અમદાવાદ શહેરને મેગાસીટીનો દરજજો મળતા વર્ષ ૦૬-૦૭ માં એકી સાથે મહત્વના પ્રોજેકટ મંજુર કરાવી તેને કાર્યાન્વીત કરાવવાની કામગીરી યુધ્ધના ધોરણે હાથ ધરવામાં આવેલ છે.૩૧/૦૩/૦૮ અંતિત કુલ રૂા. ૨૮૦.૫૩ કરોડનો ખર્ચ ઉપરોકત મંજુર થયેલ પ્રોજેકટો હેઠળ પડેલ છે.

# ૪.૦૧ વોટર પ્રોજેકટ વિભાગ

## ૨૦૦૭-૨૦૦૮

અમદાવાદ શહેર ગુજરાતનું સૌથી મોટું શહેર ગણાય છે. તાજેતરમાં અમદાવાદ સીટીને મેગા સીટીનો દરજજો મળેલ છે. સને ૨૦૦૧ની વસ્તી ગણતરી મુજબ અમદાવાદની વસ્તી ૩૫.૨૦ લાખની છે. અમદાવાદ શહેરનો હાલનો વિસ્તાર ૪૬૫ ચો.કી.મી. છે તથા હાલની વસ્તી આશરે ૫૨ લાખ જેટલી છે. અમદાવાદ શહેરમાં પાણી પુરુ પાડતાં સ્ત્રોત નીચે મુજબ છે.

(અ) **<u>સરફેસ વોટર સોર્સ</u>**

| | **હાલનાં કુલ સોર્સની ક્ષમતા** | **હાલમાં વપરાશમાં લેવામાં આવતા સોર્સ** |
|---|---|---|
| (૧) નર્મદા મેઈન કેનાલ | -૩૨૭ એમ.એલ.ડી. | -૩૨૭ એમ.એલ.ડી. |
| (૨)કોતરપુર ઈન્ટેક-૧ તથા ઈન્ટેક-૨ | | |
| ઈન્ટેક-૧ | -૧૬૪ એમ.એલ.ડી. | - ૬૮ એમ.એલ.ડી. |
| ઈન્ટેક-૨ | -૩૨૭ એમ.એલ.ડી. | -૧૩૬ એમ.એલ.ડી. |
| (૩) નર્મદા કેનાલ જાસપુર વો.ટ્રીટમેન્ટ પ્લાન્ટ | -૨૭૩ એમ.એલ.ડી. | - ૧૫૦ એમ.એલ.ડી. |
| (૪) રાસ્કા વો.સપ્લાય (શેઢી કેનાલ દ્વારા) | -૨૯૫ એમ.એલ.ડી. | - |
| (૫) દુધેશ્વર વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ | - ૭૭ એમ.એલ.ડી. | - ૩૨ એમ.એલ.ડી. |
| | **-૧૪૬૩ એમ.એલ.ડી.** | **- ૭૧૩ એમ.એલ.ડી.** |

(બ) **<u>સબ સરફેસ વોટર સોર્સ</u>**

| | | |
|---|---|---|
| (૧) સાત ફ્રેન્ચવેલ | -૧૮૨ એમ.એલ.ડી. | - ૧૩૬ એમ.એલ.ડી. |
| (૨) બોર વેલ | ૨૭૩ | ૭૩ |
| સબ સરફેસ નું કુલ | **૪૫૫** એમ.એલ.ડી. | **૨૦૯** એમ.એલ.ડી. |

**કુલ વોટર સોર્સ :**

| | | |
|---|---|---|
| (અ+બ નું કુલ ) | ૧૯૧૮ એમ.એલ.ડી | ૯૨૨ એમ.એલ.ડી. |

**અમદાવાદ શહેરમાં હાલ પાણી શુધ્ધીકરણના ત્રણ પ્લાન્ટ કાર્યરત છે. જેની વિગત નીચે મુજબ છે.**

| | **સોર્સની ક્ષમતા** | **વપરાશમાં આવતા સોર્સની ક્ષમતા** |
|---|---|---|
| (૧) કોતરપુર ખાતેનો વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ | ૬૫૦ એમ.એલ.ડી | ૬૫૦ એમ.એલ.ડી. |
| (૨) દુધેશ્વર વોટર વર્કસ ખાતેનો વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ | ૭૭ એમ.એલ.ડી. | ૨૦ એમ.એલ.ડી. |
| (૩)જાસપુર ખાતેનો વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ | ૨૭૫ એમ.એલ.ડી. | ૧૫૦ એમ.એલ.ડી. |
| | ૧૦૦૨ એમ.એલ.ડી. | ૮૨૦ એમ.એલ.ડી. |

**ટાંકીઓની કેપેસીટી (MLD માં )**

| ઝોન | UGT | | OHT | | Total | |
|---|---|---|---|---|---|---|
| | નંગ | ક્ષમતા | નંગ | ક્ષમતા | નંગ | ક્ષમતા |
| પૂર્વ ઝોન | ૨૧ | ૧૨૬.૬૪ | ૪ | ૪.૨૭ | ૨૫ | ૧૩૦.૯૧ |
| પશ્ચિમ ઝોન | ૧૯ | ૧૪૯.૭૮ | ૧૨ | ૧૨.૫૦ | ૩૧ | ૧૬૨.૨૮ |
| નવા પશ્ચિમ ઝોન | ૩૨ | ૧૦૯.૦૮ | ૮૩ | ૧૮.૧૮ | ૧૧૫ | ૧૨૭.૨૬ |
| ઉત્તર ઝોન | ૧૮ | ૯૯.૯૯ | ૫ | ૪.૦૦ | ૨૩ | ૧૦૩.૯૯ |
| દક્ષિણ ઝોન | ૨૨ | ૧૨૪.૫૩ | ૩ | ૨.૭૭ | ૨૫ | ૧૨૭.૩૦ |
| મધ્ય ઝોન | ૮ | ૧૪૭.૨૬ | ૫ | ૧૧.૮૨ | ૧૩ | ૧૫૯.૦૮ |
| **ટોટલ** | **૧૨૦** | **૭૫૭.૨૯** | **૧૧૨** | **૫૩.૫૪** | **૨૩૨** | **૮૧૦.૮૩** |

કોતરપુર ટ્રીટમેન્ટ પ્લાન્ટ ખાતેથી ૧૮૦ લાખ ગેલનની કલીયર વોટર ટાંકીમાંથી પંપીગ કરીને અમદાવાદ શહેરમાં આવેલ ૮૮ ટયૂબવેલ સ્ટેશનમાં પાણી પુરુ પાડવામાં આવે છે અને જાસપુર ખાતે આવેલ વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટમાંથી નવા પશ્ચિમ ઝોનમાં સમાવિષ્ટ થયેલ નવ નગરપાલિકાને પાણી પુરુ પાડવામાં આવે છે.

**વર્ષ ૨૦૦૭-૨૦૦૮ દરમ્યાન નીચે જણાવેલ કામો વોટર પ્રોજેકટ ખાતા દ્વારા ચાલુ કરવામાં આવેલ છે.**

(૧) જેએનયુઆરએમ અંતર્ગત રાસ્કા પંપીગ સ્ટેશન પાસે ૨૦૦ એમ.એલ.ડી.ની ક્ષમતાનો નવો વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવી શહેરનાં દક્ષિણ તેમજ પૂર્વ વિસ્તારોમાં પાણી પહોંચાડવાનું આયોજન કરવામાં આવેલ છે. સદરહુ યોજના માટે અંદાજી રકમ ૩૫.૫૦ કરોડ ફાળવવામાં આવેલ છે અને આ કામ શરૂ કરવામાં આવેલ છે.

(૨) પાણીનાં પ્રેસરની આવતી ફરીયાદોને ધ્યાનમાં લઇ ઇજનેર વોટર પ્રોજેકટ ખાતા દ્વારા જુદા જુદા ઝોનમાં નવા વોટર ડીસ્ટ્રી. સ્ટેશનો બનાવવાનું આયોજન વોટર પ્રોજેકટ ખાતા દ્વારા કરવામાં આવેલ છે. જેમાંથી મોટાભાગનાં કામો સ્થળ ઉપર ચાલુ છે અને કામો પુરા થયેલ પણ છે.

(અ) **પૂર્વ ઝોનઃ-**

(૧) બાપુનગર આનંદ ફલેટ પાસે -૧૧ લાખ ગેલન કામ પુરુ
(૨) ભાઇપુરા કાશીબાનગર પાસે -૧૧ લાખ ગેલન
(૩) નિકોલ મુકિતધામ પાસે -૧૦ લાખ ગેલન
(૪) ગોમતીપુર રાજપુર શાળા નં.૩-૪ -૧૧ લાખ ગેલન
(૫) ઓઢવ અર્બુદાનગર પાસે -૧૨.૬ લાખ ગેલન
(૬) ખોખરા લક્ષ્મીનારાયણ ખાતે - ૧૧ લાખ ગેલન

(બ) **ઉત્તર ઝોનઃ-**

(૧) કુબેરનગર ગુરુકૃપાનગર પાસે -૧૪ લાખ ગેલન
(૨) કોતરપુર નોબલ નગર પાસે -૧૧ લાખ ગેલન
(૩) નરોડા ટી.પી.૨ ફા.પ્લોટ નં.૫૦માં -૧૦ લાખ ગેલન

(ક) **દક્ષિણ ઝોનઃ-**

(૧) વટવા નવાપુરા ખાતે -૧૦ લાખ ગેલન
(૨) કાંકરીયા ફૂટબોલ ગ્રાઉન્ડ સામે - ૯ લાખ ગેલન

(ડ) **પશ્ચિમ ઝોનઃ-**

(૧) સોલા હાઉસીગ પાસે વો.ડી.સ્ટેશન -૧૨ લાખ ગેલન કામ પુરુ
(૨) કીરણ પાર્ક વો.ડી.સ્ટે.માં જર્જરીત ટાંકી તોડી નવી બનાવવા. -૪.૭૦ લાખ ગેલન કામ પુરુ

(૩) શારદાનગર પાલડી ખાતે વો.ડી.સ્ટેશન - ૪ લાખ ગેલન

(૪) નવરંગપુરા વો.ડી.સ્ટેશન - ૧૦ લાખ ગેલન

(ઇ) **મધ્ય ઝોનઃ-**

(૧) શાહીબાગ વિરામ સોસાયટી પાસે -૭ લાખ ગેલન કામ પુરુ

(૨) દુધેશ્વર વોટર વર્કસ ખાતે કમ્પાઉન્ડ વોલની કામગીરી કામ પુરુ

ઉપરોકત ટયૂબવેલ સ્ટેશનો સાથે નેટવર્ક તથા ઇલેકટ્રીકલ મીકેનીકલ કામોનો સમાવેશ કરવામાં આવેલ છે.આ ઉપરાંત જે વિસ્તારોમાં પાણીનાં નેટવર્કમાં સુધારો કરવાની જરૂર છે તેમાં સુધારા વધારા કરવાનું આયોજન કરેલ છે.

આ ઉપરાંત વર્ષ ૨૦૦૮-૦૯માં દુધેશ્વર વોટર વર્કસ ખાતે અન્ડરગ્રાઉન્ડ ટાંકી તથા બુસ્ટર્સ રીપેરીગ કામનું આયોજન કરવામાં આવેલ છે. કોતરપુર ટ્રીટમેન્ટ પ્લાન્ટ ખાતે આવેલ જુદા જુદા સ્ટ્રકચર્સને તેમજ નદીમાં આવેલ ફ્રેન્ચવેલને પેઇન્ટ કરવાનાં કામનું આયોજન કરવામાં આવેલ છે. અમદાવાદ શહેરમાં આવેલ દરેક વો.ડી.સ્ટેશનોમાં લેન્ડ સ્કેપીગ તેમજ જરૂરી રીપેરીગ કરવાનાં કામોનું પણ નવા વર્ષમાં આયોજન કરવામાં આવેલ છે.

આ સાથે પત્રક-૧ તેમજ પત્રક-૨ સામેલ કરેલ છે. જેમાં પત્રક-૧ માં ચાલુ તથા પુરાં થતાં કામો તેમજ પત્રક-૨માં હવે પછી કરવાનાં કામોની વિગત સામેલ કરેલ છે.

## પત્રક -૧

## ૨૦૦૭-૨૦૦૮

વો. પ્રો.ખાતા દ્વારા ૨૦૦૭-૨૦૦૮માં નીચે જણાવેલ કામો ચાલુ કરવામાં આવેલ છે.

| અ.નં. | કામનું નામ | અંદાજની રકમ (લાખમાં) | રીમાર્કસ |
|---|---|---|---|
| ૧ | કેમ્પ સદર ફ્રેન્ચવેલ ખાતે રીપેરીગ કરવાનાં કામ બાબત.(સીવીલ કામ + ઇલે. મીકે. કામ) | ૯૧.૦૭ | કામ પુરુ |
| ૨ | શાહીબાગ વીરામ સોસાયટી પાસે નવું વોટર ડીસ્ટ્રી.સ્ટેશન બાંધવાના કામ અંગે | ૧૦૬.૯૯ | કામ પુરુ |
| ૩ | ગાંધીગ્રામ વોર્ડમાં આઝાદ સોસાયટી પાસે અન્ડર ગ્રાઉન્ડ ટાંકી તથા પંપ હાઉસ બનાવવાનું કામ (નેટવર્ક સાથે) | ૩૦૭.૬૧ | કામ પુરુ |
| ૪ | નારણપુરા વોર્ડમાં સોલા ખાતે અન્ડર ગ્રાઉન્ડ ટાંકી તથા પંપ હાઉસ બનાવવાનું કામ (સીવીલ કામ +નેટવર્ક) | ૩૯૫.૩૨ | કામ પુરુ |
| ૫ | નિકોલ વિરાટનગાર કેનાલ જગદીશ પાર્કથી નિકોલ ગામ ક્રોસ રોડ સુધી ૩૦૦ મીમી વ્યાસની પાઇપ લાઇન નાંખવા | ૦૨૭.૦૦ | કામ પુરુ |
| ૬ | દુધેશ્વર વોટર વર્કસની કમ્પાઉન્ડ વોલ કરવાનું કામ | ૩૫.૭૪ | કામ પુરુ |
| ૭ | દુ.વો.વર્કસ ખાતે નવી ઓવર હેડ ટાંકીઓ (૨ નંગ) બનાવવાનાં કામ બાબત. | ૨૯૦.૨૪ | કામ ચાલુ |
| ૮ | ગુરુકૃપાનગર ખાતે નવી ભૂગર્ભ ટાંકી તથા પંપ હાઉસ બનાવવાનાં કામ બાબત.(સીવીલ કામ +નેટવર્ક + ઇલે. મીકે. કામ) | ૪૬૪.૮૪ | કામ ચાલુ |
| ૯ | પૂર્વ ઝોનનાં બાપુનગર આનંદ ફલેટ ખાતે નવી ભૂગર્ભ ટાંકી બનાવવા તથા નેટવર્કનું કામ | ૨૯૮.૨૮ | કામ પુરુ |
| ૧૦ | પૂર્વ ઝોનનાં ભાઇપુરા કાશીબાનગર ખાતે નવી ભૂગર્ભ ટાંકી બનાવવા (સીવીલ કામ +નેટવર્ક + ઇલે. મીકે. કામ) | ૪૫૪.૬૫ | કામ ચાલુ |
| ૧૧ | દ.ઝોનનાં વટવા વિસ્તારમાં નવાપુરા ખાતે પાણીની ભૂગર્ભ ટાંકી બનાવવાનું કામ | ૧૪૬.૬૭ | કામ ચાલુ |
| ૧૨ | દ.ઝોનનાં કાંકરીયા વોર્ડમાં ફૂટબોલ ગ્રાઉન્ડ સામેનાં પ્લોટમાં નવી ભૂગર્ભ ટાંકી બનાવવા. | ૧૩૬.૧૯ | કામ ચાલુ |
| ૧૩ | રાસ્કા પંપ હાઉસ ખાતે ૨૦૦ એમ.એલ.ડી.નો ટ્રીટમેન્ટ પ્લાન્ટ કરવા | ૩૫.૫૦ | કામ ચાલુ |
| ૧૪ | ઓઢવ મહેશ્વરીનગર ખાતે નવી ટાંકી તથા પંપ હાઉસ બનાવવા તથા નેટવર્ક કરવા (૧૦ લાખ ગેલન) | ૪૫૫.૦૦ | કામ ચાલુ |
| ૧૫ | કોતરપુર નોબલનગર પાસે નવું વોટર ડીસ્ટ્રી. સ્ટેશન તથા નેટવર્કના કામ અંગે | ૪૫૫ .૦૦ | કામ ચાલુ |
| ૧૬ | રાજપુર શાળા નં.૩-૪ નવી ટાંકી બનાવવાનું કામ (૧૨ લાખ ગેલન) | ૧૪૬.૭૬ | કામ ચાલુ |
| ૧૭ | પાલડી શારદાનગર નવી ટાંકી તથા નેટવર્ક નાંખવાનું કામ (૪ લાખ ગેલન) (સીવીલ કામ) | ૧૧૦.૯૮ | કામ ચાલુ |
| ૧૮ | લક્ષ્મીનારાયણ ટાંકી ખાતે નવી ટાંકી તથા પંપ હાઉસ બનાવવા (૯ લાખ ગેલન) | ૪૭૭.૦૦ | કામ ચાલુ |
| ૧૯ | નિકોલ મુકિતધામ ખાતે નવું વો.ડી.સ્ટેશન બનાવવાના કામ બાબત. | ૧૨૦.૦૦ | કામ ચાલુ |
| ૨૦ | નવરંગપુરા ખાતે નવું ડીસ્ટ્રી.સ્ટેશન તથા નેટવર્ક સુધારાની કામગીરી ( સીવીલ + ઇલે/મીકે. + નેટવર્ક) | ૬૦૫.૬૫ | કામ ચાલુ |
| ૨૧ | નવા વાડજ કિરણ પાર્ક ખાતે જુની ટાંકી તોડી નવી આર.સી.સી. ટાંકી બનાવવાનું કામ | ૬૮.૯૨ | કામ પુરુ |
| ૨૨ | કોતરપુર ખાતે ઇન્ટેકવેલ-૧ના પંપના રીપેરીગ બાબતે | ૧૦.૦૦ | કામ પુરુ |
| ૨૩ | દુધેશ્વર વોટર વર્કસ તથા કોતરપુર વોટર વર્કસ ખાતે આવેલ જુદી જુદી કેપેસીટીના ટ્રાન્સફોર્મર રીપેરીગ | ૧૦.૦૦ | કામ ચાલુ |
| ૨૪ | દુધેશ્વર વોટર વર્કસ તથા કોતરપુર વોટર વર્કસ ખાતેના બોરવેલ રીપેરીગ બાબતે | ૩.૦૦ | વર્ક ઓર્ડર આપેલ |
| | **કુલ ટોટલ (અ)** | **૪૭૯૭.૪૧** | |

પત્રક -૨

## વો. પ્રો.ખાતા દ્વારા ૨૦૦૮-૨૦૦૯માં નીચે જણાવેલ કામોનું આયોજન કરવામાં આવેલ છે.

| ક્રમ | કામનું નામ (અંદાજ) | અંદાજીત રકમ (લાખમાં) | રીમાર્કસ |
|---|---|---|---|
| ૧ | નરોડા ટી.પી.૨ ફા.પ્લોટ નં. ૫૦માં નવુ વો.ડી.સ્ટેશન બનાવવાનું કામ | ૫૩૧.૮૨ | ટેન્ડર મંજુરી |
| ૨ | ચમનપુરા ખાતે નવું વોટર ડીસ્ટ્રી.બનાવવાનું કામ | ૧૪૧.૦૦ | ક્વોટેશન ઇન્વાઇટેડ |
| ૩ | રખિયાલ હાઉસીંગ ડીસ્ટી.સ્ટેશન પાસે નવી ટાંકી તથા પંપ હાઉસની કામગીરી | ૧૫૦ | ટેન્ડર ઇન્વાઇટેડ |
| ૪ | દુ.વો.વર્કસના બુસ્ટર ૧,૨,૩ અને એડમીનીસ્ટ્રેટીવ બ્લોકમાં રીપેરીંગ કામ બાબત. | ૧૦૦ | અંદાજ વિધીમાં |
| ૫ | જુદા જુદા ફ્રેન્ચવેલો તથા બ્રીજને પેઇન્ટ કરવાની કામગીરી | ૭૦ | અંદાજ મંજુરીમાં |
| ૬ | કોતરપુર ટ્રીટમેન્ટ પ્લાન્ટના સ્ટ્રકચરને પેઇન્ટીગની કામગીરી | ૫૦ | અંદાજ મંજુરીમાં |
| ૭ | ઉસ્માનપુરા વોટર ડીસ્ટ્રી.સ્ટેશનની રીનોવેશનની કામગીરી | ૪૨૪.૨૬ | વર્ક ઓર્ડર આપેલ |
| ૮ | પશ્ચિમ ઝોનમાં વી.એસ. હોસ્પિટલ વોટર ડીસ્ટ્રીબ્યુશનનું અપગ્રેડેશન કરવાની કામગીરી | ૬૨૧ | અંદાજ મજુરીમાં |
| ૯ | અમરાઇવાડી સુભાષ માર્કેટ પાસે નવું વો.ડીસ્ટ્રી.સ્ટેશન બનાવવા | ૧૭૦ | ટેન્ડર ઇન્વાઇટેડ |
| ૧૦ | ખોખરા અન્ડર ગ્રાઉન્ડ ટાંકીના એક્ટેન્શનની કામગીરી | ૧૩૦ | ટેન્ડર ઇન્વાઇટેડ |
| ૧૧ | નરોડા ફાયર વો.ડીસ્ટ્રી.સ્ટેશનના રીનોવેશનની કામગીરી | ૩૩૯ | અંદાજ મંજુરીમાં |
| ૧૨ | ઠકકરબાપાનગર ખાતે નવી ટાંકી , પંપ હાઉસ તથા નેટવર્કની કામગીરી | ૫૪૦ | અંદાજ મંજુર |
| ૧૩ | અમદાવાદ વોટર સપ્લાય પ્રોજેકટ માટે રાસ્કા લાઇન સાથે હયાત મેઇન ટ્રંક લાઇનના જોડાણ કરવા | ૨૧૦૦ | અંદાજ વિધીમાં |
| ૧૪ | પાણીના ઇન્ફલો તથા આઉટફલો માપવા માટે ફલો મીટર ખરીદવા બાબત. | ૭૦૦ | અંદાજ વિધીમાં |
| ૧૫ | ઇર્સ્ટન તથા વેર્સ્ટન ટ્રંક મેઇન તથા રાસ્કા ખાતે નવો એર વાલ્વ/બટર ફલાય વાલ્વ ખરીદવા તથા ઓવરઓઇલીગના કામ બાબત. | ૧૦૦ | અંદાજ વિધીમાં |
| ૧૬ | યુટીલીટી મેપીગના ખર્ચા | ૨૦૦ | અંદાજ વિધીમાં |
| ૧૭ | વોટર કવોલીટી ઇન્સ્ટ્રુમેન્ટના ખર્ચા | ૨૦ | ટેન્ડર મંજુરીમાં |
| ૧૮ | રાસ્કા, કોતરપુર, દુધેશ્વર, ફેન્ચવેલ તથા વો.ડીસ્ટ્રી.સ્ટેશનોમાં લેન્ડ સ્કેપ વર્ક ની કામગીરી | ૫૦ | અંદાજ મંજુરીમાં |
| ૧૯ | માધુબાગ વો.ડીસ્ટ્રી.સ્ટેશન ખાતે નવી ઓવર હેડ ટાંકી બનાવવાનું કામ | ૧૫૪.૨૦ | અંદાજ મંજુરીમાં |
| ૨૦ | ૫. ઝોનમાં શ્રીનાથ વોટર ડીસ્ટ્રી.સ્ટેશન ખાતે વધારાની ટાંકી બનાવવાનું કામ | ૫૭૦.૯૧ | ટેન્ડર મંજુરીમાં |
| ૨૧ | જમાલપુર વોટર ડીસ્ટ્રી.સ્ટેશન ખાતે ઓલ્ટરેશનની કામગીરી | ૭૦ | ટેન્ડર ઇન્વાઇટેડ |
| ૨૨ | દુ.વો.વર્કસના ફીલ્ટરેશન પ્લાન્ટના બેક વોશ પંપ ઇન્સ્ટોલેશનની કામગીરી | ૨૦ | ટેન્ડર ઇન્વાઇટેડ |
| ૨૩ | જેકવેલ નં.૧ -૨ના પંપની ખરીદી / રીપેરીંગ બાબતે | ૧૫ | ટેન્ડર ઇન્વાઇટેડ |
| ૨૪ | બુસ્ટર સ્ટેશન ૩ માટે૪૨૫ એચ.પી.નો પંપ સેટ ખરીદવા | ૧૫ | ટેન્ડરમાં |
| ૨૫ | કેમ્પ સદર બજાર ફ્રેન્ચ્વેલના ઇલે.મીકે. કામોનું રીનોવેશન કરવા | ૩૦ | ટેન્ડર માં |
| ૨૬ | કોતરપુર ફ્રેન્ચવેલ ના ઇલે.મીકે. કામોનું રીનોવેશન કરવા | ૬૦ | ટેન્ડરમાં |
| ૨૭ | સૈજપુર બંગલા એરીયા ખાતે ટાંકી બનાવવાની કામગીરી | ૫૨૨.૩૦ | ટેન્ડર મંજુરીમા |
| ૨૮ | મધ્ય ઝોનમાં લાખા પટેલ પોળમાં ઓવર હેડ ટાંકી બનાવવાનું કામ | ૩૧.૨૦ | ટેન્ડર ઇન્વાઇટેડ |
| ૨૯ | અમ.મ્યુ.કોર્પો.થી આસ્ટોડીયા સુધી ૨૫૦ મી.મી. વ્યાસની રાસ્કાની લાઇન નાંખવાનું કામ | ૧૪.૯૨ | ટેન્ડર મંજુરીમાં |
| ૩૦ | જુની ક્રૃષ્ણ સિનેમા પાસે આવેલ મ્યુનિ સ્કુલન- ૫ માં પાણીની ટાંકી બનાવવા | ૩૫૦ | ટેન્ડર મંજુરીમાં |
| ૩૧ | દ.ઝોનમાં જશોદાનગર ખાતે ૧૨ લાખ ગેલનનું વો.ડીસ્ટ્રી.સ્ટેસન બનાવવાનું કામ | ૪૭૫ | કામ ચાલુ |
| ૩૨ | પૂર્વ ઝોન ખોખરા વોર્ડમાં દક્ષિણી સોસાયટી પાસે વોલીબોલ ગ્રાઉન્ડમાં ૧.૫૦ લાખ ગેલનની ભૂગર્ભ ટાંકી તથા પંપ હાઉસ કરવા | ૧૩૦ | ટેન્ડર મંજુરીમા |
| ૩૩ | વટવા ખાતે નવું વો.ડી.સ્ટેશન બનાવવાના કામ બાબત | ૫૦૦ | અંદાજ વિધીમાં |
| ૩૪ | પાયલોટ ડેરી ટાંકી ખાતે નવું સેમી લેવલનું પંપ હાઉસ બનાવવાનું કામ | ૧૫૫.૮૨ | અંદાજ વિધીમાં |
| ૩૫ | કો.વો.વર્કસમાં ઇન્ટેકવેલ -૧માં ઓગમેન્ટેશન કરવા | ૫ | ટેન્ડર મંજુરીમાં |
| ૩૬ | કોતરપુર વોટર વર્કસમાં ભદ્રેશ્વર તથા કોતરપુર ફ્રેન્ચવેલની લાઇન જુદી કરવા | ૮ | અંદાજ વિધીમાં |
| ૩૭ | નિકોલ લીલાનગર ટયુબવેલ સ્ટેશનની ક્ષમતા વધારવાનું કામ તથા ઓવર હેડ ટાંકી | ૨૫૦ | અંદાજ વિધીમાં |
| ૩૮ | કેશવનગર ડ્રેનેજ પંપીગ સ્ટેશન પાસે નવી ભૂગર્ભ ટાંકી તથા ઓવર હેડ ટાંકી બનાવવાનું કામ | ૪૫૦ | અંદાજ વિધીમાં |
| ૩૯ | નવા નરોડામાં જલ્પા સોસાયટી પાસે નવું વો.ડી.સ્ટેશન બનાવવા | ૫૦૦ | અંદાજ વિધીમાં |
| ૪૦ | વાસણા વોર્ડમાં શાહવાડી વિસ્તારમાં નવું વો.ડી. સ્ટેશન બનાવવા | ૪૦૦ | અંદાજ વિધીમાં |
| ૪૧ | શાહીબાગ પોલીસ પરેડ ગ્રાઉન્ડથી પ્રેમ દરવાજા સુધી ૪૫૦ મી.મી. વ્યાસની રાસ્કાની લાઇન નાખવા | ૨૯૧ | અંદાજ વિધીમાં |
| ૪૨ | હાથીજણ ગામમાં નવી ભૂગર્ભ ટાંકી તથા ઓવર હેડ ટાંકી બનાવવાનું કામ | ૫૫૦ | અંદાજ વિધીમાં |
| ૪૩ | વિંઝોલ ગામમાં નવી ભૂગર્ભ ટાંકી તથા ઓવર હેડ ટાંકી બનાવવાનું કામ | ૫૫૦ | અંદાજ વિધીમાં |
| ૪૪ | લાંભા ગામમાં નવી ભૂગર્ભ ટાંકી તથા ઓવર હેડ ટાંકી બનાવવાનું કામ | ૬૫૦ | અંદાજ વિધીમાં |

| | | | |
|---|---|---|---|
| ૪૫ | પશ્ચિમ ઝોન ટ્રંક મેઇન લાઇનનું ઔડા ટ્રંક મેઇન્સ લાઇન તથા મોટેરા ટ્રંક મેઇન લાઇન સાથે ઇન્ટર કનેકશન કામ | ૨૦૦ | અંદાજ વિધીમાં |
| ૪૬ | ઓગમેન્ટેશન ઓફ વેસ્ટ ઔડા એરીયા વો.ડી.સ્ટેશન | ૧૦૦૦ | અંદાજ વિધીમાં |
| ૪૭ | પશ્ચિમ ઝોનના પાણીની લાઇનના  નેટવર્ક નું વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન મુજબ આઇસોલેશન કરવા અંગેનું કામ | ૫૦ | અંદાજ વિધીમાં |
| ૪૮ | દુ.વો.વર્કસ બુસ્ટર સેટ - ૧ નં. ૧,૨ ની રીપલેસમેન્ટની કામગીરી | ૫૦ | અંદાજ વિધીમાં |
| ૪૯ | દુ.વો.વર્કસ બુસ્ટર સેટ - ૨ નં. ૧,૬,૭ ની રીપલેસમેન્ટની કામગીરી | ૭૫ | અંદાજ વિધીમાં |
| ૫૦ | દુ.વો.વર્કસ બુસ્ટર સેટ - ૩ નં. ૧ થી ૭ ની રીપલેસમેન્ટની કામગીરી | ૧૭૫ | અંદાજ વિધીમાં |
| ૫૧ | પંપ સેટ નં.૭ ના ફેન્ચવેલના કેબલ સાથેની ખરીદી બાબત | ૨૧ | અંદાજ વિધીમાં |
| ૫૨ | રીલીફ રોડ. દક્ષિણી સોસા, ધર્મનગર, ઇસનપુર, અસારવા ખાતે નવા વો.ડીસ્ટ્રી.સ્ટેશન બનાવવાની કામગીરી | ૫૦૦ | અંદાજ વિધીમાં |
| ૫૩ | નવા નરોડા પાર્શ્વનાથ ટાઉનશીપ, નિકોલ જુનો પંચાયત વિસ્તાર, નવા ઓઢવ આદિનાથ અરીયા, વસ્ત્રાલ ખાતે નવા વો.ડીસ્ટ્રી.ની કામગીરી | ૫૦૦ | અંદાજ વિધીમાં |
| | **ટોટલ** | **૧૫૭૭૬.૪૩** | |

# ૪.૨ બ્રીજ વિભાગ

## ૦૭-૦૮

અમદાવાદ શહેરની વસ્તી દિન પ્રતિદિન વધતી જાય છે. તે સાથે અમદાવાદ શહેરમાં ટ્રાફિકના પ્રશ્નો પણ એટલાજ વિકટ બનતા જાય છે.અમદાવાદ શહેર ઔધોગિક દૃષ્ટિએ ખૂબજ મહત્વનું હોઇ, બહારથી પણ ઘણા લોકો અવરજવર કરતા હોય છે.આ કારણે રાહદારીઓનો તથા વાહનોનો ટ્રાફીક ઘણો જ વધી ગયો છે.અમદાવાદ શહેરના વધતા જતાં ટ્રાફીકના પ્રશ્નોનાં ઉકેલ માટે શહેરનાં ખૂબજ ગીચ અને અગત્યના જંકશન,ટ્રાફીક જંકશન આગળ રાહદારીઓની સુવિધા, સગવડ અને સલામત ખાતર તેમજ યાંત્રિક વાહનોની સુગમતા ખાતર અ.મ્યુ.કોર્પો.તરફથી સાબરમતી નદી પર રીવર બ્રીજ બનાવવા,શહેરની જુદી જુદી જગ્યાઓએ ફ્લાયઓવર તથા અંડરપાસ કરવાના આયોજન અંગેની કામગીરી બ્રીજ ડીવીઝન તરફથી કરવામાં આવે છે.હાલમાં ચાલી રહેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

૧.વટવા અંબિકા ટયુબ પાસે રેલ્વે ઓવર બ્રીજ
૨.દક્ષિણી રેલ્વે ઓવર બ્રીજ
૩.પરિમલ ક્રોસીંગ અન્ડરબ્રીજ
૪.આઇ.ટી.આઇ.અન્ડરબ્રીજ
૫.શાહીબાગ લાડલાપીર પાસે રેલ્વે ઓવરબ્રીજ(આર.ઓ.બી.)
૬.સોલા રેલ્વે ઓવર બ્રીજ

૧૩૨ ફુટ રીંગ રોડ પર અમદાવાદ મુંબઇ બ્રોડગેજ રેલ્વે લાઇન ઉપર દક્ષિણી સોસાયટી નજીક ફલાય ઓવરબ્રીજનું કામ તાઃ૧૮/૧૨/૦૪ થી ચાલુ કરવામાં આવેલ છે.કુલ પ્રોજેકટ કોષ્ટ રૂા.૨૪૭૩.૦૦ લાખ છે.અત્યાર સુધીમાં કુલ રૂા.૧૩૫૦.૦૦ લાખનો ખર્ચ થયેલ છે.સમગ્ર કામ નવેમ્બર ૨૦૦૮ સુધીમાં પૂર્ણ કરાવવામાં આવશે.

અમદાવાદ હિમંતનગર મીટરગેજ રેલ્વે લાઇન ઉપર કુબેરનગર-આઇ ટી આઇ નજીક અન્ડરબ્રીજ નું કામ તાઃ૧૧/૧૦/૦૬ થી ચાલુ કરવામાં આવેલ છે.કુલ પ્રોજેકટ કોષ્ટ રૂા.૭૦૨.૩૨ લાખ છે.અત્યાર સુધીમાં કુલ રૂા.૫૦.૭૯ લાખનો ખર્ચ થયેલ છે.અત્યારે યુટીલીટી શીફટીંગ નું કામ ચાલુ છે.

અમદાવાદ દિલ્હી બ્રોડગેજ લાઇન ઉપર શાહીબાગ લાડલાપીર-નજીક રેલ્વે ઓવરબ્રીજ નું કામ તાઃ૨૫/૦૪/૦૭ થી ચાલુ કરવામાં આવેલ છે.કુલ પ્રોજેકટ કોષ્ટ ૨૧૫૫.૩૦ લાખ છે.અત્યાર સુધીમાં કુલ રૂા.૫૫૯.૦૦ લાખનો ખર્ચ થયેલ છે સમગ્ર કામ ઓકટો-૨૦૦૮ સુધીમાં પુર્ણ કરવામાં આવશે.

અમદાવાદ મુંબઇ બ્રોડગેજ રેલ્વેલાઇન ઉપર વટવા અંબિકા ટયુબ નજીક રેલ્વે ઓવરબ્રીજ નું કામ તાઃ૧૬/૦૭/૦૭ થી ચાલુ કરવામાં આવેલ છે.કુલ પ્રોજેકટ કોષ્ટ રૂા.૩૧૩૧.૬૩ લાખ છે.અત્યાર સુધીમાં કુલ રૂા.૬૯૦.૦૦ લાખનો ખર્ચ થયેલ છે.સમગ્ર કામ જાન્યુ૨૦૦૯ સુધીમાં પૂર્ણ કરવામાં આવશે.

અમદાવાદ વિરમગામ બ્રોડગેજ રેલ્વે લાઇન ઉપર સોલા ક્રોસીંગ ઉપર રેલ્વે ઓવર બ્રીજનું કામ તાઃ૧૫/૦૯/૦૭ થી ચાલુ કરવામાં આવેલ છે.કુલ પ્રોજેકટ કોષ્ટ રૂા.૧૮૧૨.૨૫ લાખ છે.અત્યાર સુધીમાં કુલ રૂા.૨૪૯.૦૦ લાખનો ખર્ચ થયેલ છે.સમગ્ર કામ ડીસે-૨૦૦૮ સુધીમાં પૂર્ણ કરવામાં આવશે.

અમદાવાદ બોટાદ મીટરગેજ રેલ્વે લાઇન ઉપર પરિમલ ગાર્ડન નજીક અન્ડર બ્રીજનું કામ તાઃ૧૮/૦૪/૦૮ થી ચાલુ કરવામાં આવેલ છે.કુલ પ્રોજેકટ કોષ્ટ રૂા.૧૪૪૪.૫૮ લાખ છે.સમગ્ર કામ ૧૨ માસના સમયગાળામાં પુર્ણ કરવામાં આવશે.

નવા કામોઃ-

શહેરની ટ્રાફીક સમસ્યા હલ કરવા માટે નીચેના જણાવેલ રેલ્વે ઓવરબ્રીજનું આયોજન કરવામાં આવેલ છે.

૧.ખારી નદી ઉપર હાથીજણથી વિવેકાનંદ નગર જવાના રસ્તા ઉપર બ્રીજ બનાવવા.

૨.જમાલપુર જંકશન ઉપર ફલાય ઓવરબ્રીજ બનાવવા.

૩.સાબરમતી નદી ઉપર હાંસોલ સાબરમતી ને જોડતો બ્રીજ બનાવવા.

૪.હિંમતનગર નેશનલ હાઈવે નં-૮ ઉપર રેલ્વે ક્રોસીગ નં-૯ ઉપર રેલ્વે ઉપર ઓવરબ્રીજ.

ઉપરોકત પ્લાનીગમા લીધેલ કામો પૈકી અં.નં.૧ થી ૩ ના કામોની ફીઝીબીલીટી ચકાસણી તથા પ્રીલીમનરી સર્વેની કામગીરી ચાલુ કરવામાં આવેલ છે.તેમજ અં.નં.૪ માં દર્શાવેલ કામ અંગે નેશનલ હાઈવે તથા રેલ્વે ઓથોરીટીની પ્રીલીમીનરી મંજુરી હેઠળ છે.આ પ્રોજેકટ પૈકી પ્રાયોરીટી મળ્યેથી તેમજ આ માટે જરૂરી બજેટ પ્રોવિઝન તથા કેશકલોની ફાળવણી થયેથી ટેન્ડર મંગાવવા અંગેની આગળની કાર્યવાહી હાથ ધરી શકાશે.

# ૪.૩ રોડ પ્રોજેકટ

## ૦૭-૦૮

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન ઈજનેર રોડ પ્રોજેકટ વિભાગ મારફતે શહેરના ૬૦ ફૂટ, ૮૦ ફૂટ, ૧૦૦ ફૂટ , ૧૨૦ ફૂટ તથા ૧૩૨ ફૂટના હયાત રસ્તાને રીસરફેસીંગ તથા રીગ્રેડ કરવાના કામો કરવામાં આવે છે. છેલ્લા પાંચ વર્ષ દરમ્યાન અમદાવાદ શહેરના જે મુખ્ય રસ્તાઓની સપાટી ખરાબ થઇ ગયેલ છે તેને રીગ્રેડ કરી રીસરફેસ કરવાની સઘન કામગીરી આ વિભાગ મારફતે કરવામાં આવે છે. આ અંગે કાંકરીયા મેટલ ડેપો ખાતે આવેલ ૪૦-૬૦ મે.ટન પ્રતિ કલાકની ક્ષમતા ધરાવતા ડ્રમ મીક્ષ હોટમીક્ષ પ્લાન્ટ દ્વારા વાર્ષિક રેઇટથી લેબર કામના ટેન્ડર દ્વારા કામગીરી કરાવવામાં આવે છે.

૧૦ મું નાંણાપંચ, ૧૧ મું નાંણા પંચ, જી.એમ.એફ.બી., સંસદસભ્યશ્રી, ધારાસભ્યશ્રી તથા મ્યુનિ. કાઉન્સીલરશ્રી નાબજેટમાં મંજૂર થયેલ રોડ રીસરફેસીંગ / રીગ્રેડના કામો હાથ ધરવામાં આવે છે.

સને **૨૦૦૭-૦૮** ના નાણાકીય વર્ષ દરમ્યાન અમદાવાદ શહેરમાં રોડ પ્રોજેકટ દ્વારા જુદા જુદા ઝોન તથા પ્રોજેકટમાં કરવામાં આવેલ રસ્તાઓની કામગીરીની વિગત નીચે મુજબ છે.

**<u>(૧) રસ્તા રીસરફેસની કામગીરી :-</u>**

| અનું નં. | ઝોનનું નામ | રીસરફેસ કરેલા રસ્તાની સંખ્યા | લંબાઇ (કિ.મી.) | ખર્ચ રૂા. લાખમાં | વપરાયેલ હોટમીક્ષ માલ (મે.ટન) |
|---|---|---|---|---|---|
| ૧ | ઉત્તર ઝોન | ૨ | ૧.૦ | ૩.૯૫ | ૨૫૯.૬૦૫ |
| ૨ | દક્ષિણ ઝોન | ૨૭ | ૧૦.૦ | ૧૪૫.૮૧ | ૯૯૨૭.૪૦૦ |
| ૩ | પૂર્વ ઝોન | ૭ | ૨.૫ | ૩૬.૬૧ | ૨૬૬૩.૬૫૫ |
| ૪ | પશ્ચિમ ઝોન | ૪૩ | ૧૦.૮૦ | ૧૬૪.૨૯ | ૧૧૫૭૮.૬૯૫ |
| ૫ | મધ્ય ઝોન | ૮ | ૨.૫ | ૧૮.૬૭ | ૧૨૩૮.૭૮૦ |
| ૬ | રોડ / બ્રીજ પ્રોજેકટ | ૧૩ | ૭.૨ | ૯૬.૩૫ | ૬૫૪૭.૯૪૫ |
| **કુલ** | | **૧૦૦** | **૩૪.૦૦** | **૪૬૫.૬૮** | **૨૨૨૧૬.૦૮૦** |

ઉત્તર ઝોનમાં કુલ ૨(બે) રસ્તા રીસરફેસ કર્યા.

દક્ષિણ ઝોનમાં કુલ ૨૭ (સતાવીસ) રસ્તા રીસરફેસ કર્યા. જેમાં ૫ (પાંચ) રસ્તા રીગ્રેડ કર્યા.

પૂર્વ ઝોનમાં કુલ ૭ (સાત) રસ્તા રીસરફેસ કર્યા. જેમાં ૨ (બે) રસ્તા રીગ્રેડ કર્યા.

પ્રશ્ચિમ ઝોનમાં કુલ ૪૩ (તેતાળીસ) રસ્તા રીસરફેસ કર્યા. જેમાં ૩ (ત્રણ) રસ્તા રીગ્રેડ કરી રીસરફેસ કર્યા.

મધ્ય ઝોનના કુલ ૮ રસ્તા રીસરફેસ કર્યા. જેમાં ૧ (એક) રસ્તો રીગ્રેડ કર્યો.

આમ, પાંચેય ઝોન તથા રોડ પ્રોજેકાના કુલ ૧૦૦ રસ્તાઓ રીસરફેસ કર્યા. ૧૧ રસ્તા રીગ્રેડ કરી રીસરફેસ કર્યા. તેની કુલ લંબાઇ ૩૪.૦૦ કિલો મીટર જેટલી થાય છે. તથા ખર્ચ રૂા. ૪૬૫.૬૮ લાખ જેટલો થાય છે. તદ્ ઉપરાંત ડીપાર્ટમેન્ટ પેવર દ્વારા શેહરની અંદરના નાના સાંકડા રસ્તા રીસરફેસ કરવામાં આવેલ છે.

વર્ષ ૨૦૦૭-૦૮ ના વર્ષ દરમ્યાન કાંકરીયા મેટલ ડેપો ખાતેના હોટમીક્ષ પ્લાન્ટ પરથી દરેક ઝોનમાં પેચ વર્ક કરવા માટે કુલ -૧૯૩૮૬.૯૧૫ મે.ટન હોટમીક્ષ માલ ઈસ્યુ કરેલ છે. સમગ્ર વર્ષ દરમ્યાન રૂા. ૨૮૩.૦૫ લાખનો ખર્ચ થયેલ છે.

ઉપરાંત પશ્ચિમ ઝોનમાં રોડ પ્રોજેકટ દ્વારા આશ્રમરોડ (ડીલાઇટ થી નહેરુબ્રીજ ) સુધીનો રસ્તો ધણા લાબાં સમયથી રીસરફેસ કરેલ ન હોઇ, સદર રસ્તો રીસરફેસ કરેલ છે.

સને ૨૦૦૭-૦૮ ના વર્ષ દરમ્યાન એરપોર્ટ સર્કલથી ડફનાળા સુધીનો રસ્તોનું વાઇડનીગ કરી રીસરફેસ કરેલ છે.

❖ **ભક્તિ પથ (જશોદાનગર ચાર રસ્તા થી ૨૦૦ ફૂટ રીંગ રોડ સુધી) :-**

સને ૨૦૦૭-૦૮ ના વર્ષ દરમ્યાન જશોદાનગર ચાર રસ્તા થી ૨૦૦ ફૂટ રીંગ રોડ સુધીનો રસ્તાનું વાઇડનીગ કરી ફૂટપાથ બનાવવાનું કામ મે, રામકી ઈન્ફ્રાસ્ટ્રકચરને સોપેલ છે. સદર કામની જમણી તરફનો પાર્ટ સંપૂર્ણ પૂર્ણ કરેલ છે, જયારે ડાબી તરફના જે ભાગમાં સ્ટ્રો. વોટર ડ્રેનેજ લાઇન નાખવાની બાકી હોઇ કામ કરેલ નથી, જયારે બાકીના ભાગમાં કામ પૂર્ણ કરેલ છે.

❖ **કાંકરિયા લેઇક ફ્રન્ટ ડેવલોપમેન્ટ પ્રોજેકટ :-**

સને ૨૦૦૭-૦૮ ના વર્ષ દરમ્યાન અમદાવાદ શહેરના હાર્ટ સમા કાંકરીયા તળાવને ફરતે અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન દ્વારા કાંકરિયા લેઇક ફ્રન્ટ ડેવલોપમેન્ટ પ્રોજેકટનું અમલી કરણ કરવામાં આવેલ. જેમાં સાયકલ ટ્રેક, ટ્રેન ટ્રેક, વોક-વે, લીનીયર પાર્કસ, લારી કલસ્ટર્સ, પે એન્ડ યુઝ ટોઇલેટસ બ્લોકસ, ઈન્કોર્મલ માર્કેટ, પેડેસ્ટ્રીયન પ્લાઝા વિગેરે બનાવવામાં આવી રહેલ છે. તળાવને ફરતે લો લેવલ લાઇટીગ તેમજ સ્ટ્રીટ લાઇટીગ તથા મ્યુઝીકલ ઓડીયો સીસ્ટમની કામગીરી પણ ચાલી રહેલ છે.

સને ૨૦૦૭-૦૮ ના વર્ષ દરમ્યાન કાંકરિયા લેઇક ફ્રન્ટ ડેવલોપમેન્ટ પ્રોજેકટના ભાગ રૂપે કાંકરીયા તળાવને ફરતે ૮૦ ફૂટની પહોળાઇમાં રસ્તો બનાવવાનું કામ મોટા ભાગમાં પૂર્ણ કરેલ છે, જયારે બાકીના ભાગમાં પઝેશન મેળ્યા બાદ કામ કરવામાં આવશે.

❖ **<u>ઇન્ટીગ્રેટેડ સ્ટ્રીટ ડેવલોપમેન્ટ પ્રોજેકટ :-</u>**

સને ૨૦૦૭-૦૮ ના વર્ષ દરમ્યાન ઇન્ટ્રીગ્રેટેડ સ્ટ્રીટ ડેવલોપમેન્ટ પ્રોજેકટ અન્વયે રસ્તાના ડેવલપમેન્ટના કામો હાથ ધરવામાં આવ્યા. સદર પ્રોજેકટ અંતર્ગત એરપોર્ટ સર્કલ થી ડફનાળા સુધીનો રસ્તો, દીલ્લી દરવાજા થી પોલીસ કમિશ્નરશ્રીની કચેરી થઇ સુભાષ બ્રીજ થઇ ચીમન ભાઇ બ્રીજ સુધીનો રસ્તો, ભીમજીપુરા થી વાડજ જંકશન સુધીનો રસ્તો, પીરાણા થી ચંદ્નગર સુધીનો રસ્તો, આઇ.આઇ.એમ. થી પાંજરા પોળ સુધીનો રસ્તો, પોલીટેકનીક થી પાંજરાપોળ સુધીનો રસ્તો, એલ.ડી. કોલેજ થી સોમ લલીત કોલેજ સુધીનો રસ્તો, દીપ એપાર્ટમેન્ટ થી કૃષ્ણબાગ સુધીનો રસ્તો, જવાહર ચોક થી ભૈરવનાથ ચોકઠા સુધીનો રસ્તો, કામા હોટેલ થી બાપુ સ્મુતિ સુધીનો રસ્તો, પંચવટી થી એટલાન્ટા સુધીનો રસ્તો, જમાલ પુર થી એસ.ટી સ્ટેન્ડ સુધીનો રસ્તોઓ રીસરફેસ કરેલ છે.

❖ **<u>એલ.જી. હોસ્પીટલઃ-</u>**

સને ૨૦૦૭-૦૮ ના વર્ષ દરમ્યાન કાંકરીયા મણિનગર વિસ્તારમાં આવેલ હયાત શેઠ લ.ગો.હોસ્પીટલનું આધુનિકરણ એમ.સી.આઇ.નાં ધારા ધોરણ હેઠળ દર્દીઓની જરૂરીયાતના અનુસંધાને આ હોસ્પીટલ સાથે સેલ્ફ ફાઇનાન્સ નર્સીંગ કોલેજ તથા સેલ્ફ ફાઇનાન્સ ડેન્ટલ કોલેજ ની શૈક્ષણિક સુવિધા ઉભી કરવાનું નકકી થયેલ. જે મુજબ એલ.જી.ઝોસ્પીટલનાં સંકુલમાં નવું મલ્ટી સ્ટોરીડ બિલ્ડીગ બનાવવાનાં કામ શરૂ કરવામાં આવેલ. સદર બિલ્ડીગમાં ગ્રાઉન્ડ ફલોર + દસ ફલોર + ડબલ બેઝમેન્ટ બનાવવામાં આવશે. જેમાંથી ડબલ બેઝમેન્ટનું કામ ચાલુ છે.

# ૪.૪ ડ્રેનેજ પ્રોજેકટ
## ૦૭-૦૮

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન હસ્તક ડ્રેનેજ પ્રોજેકટ વિભાગમાં સને ૨૦૦૭-૨૦૦૮માં નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ છે. તેમજ થયેલ કામોના ખર્ચની વિગત આ સાથે સામેલ કરવામાં આવેલ છે.

(૧) નરોડા,નિકોલ,ઓઢવ,વટવા ખાતે સુએજ પંપીગ સ્ટેશન બનાવવાનું આયોજન કરેલ. આ કામ અંતર્ગત રાઈઝીગ મેઈન પાઈપ નાંખવા સાથેના કામનો ખર્ચ રૂા.૮.૨૫ કરોડ થયેલ છે.

(૨) સૈજપુર ખાતે ડ્રેનેજ પંપીગ સ્ટેશન બનાવવવાનું કામ પૂર્ણ કરાયેલ છે. આ કામ અંતર્ગત રાઈઝીંગ મેઈન પાઈપ લાઈન નાંખવા સાથેના કામનો ખર્ચ રૂા.૩.૯૦ કરોડ થયેલ છે.

(૩) કુબેરનગર ખાતે ડ્રેનેજ પંપીગ સ્ટેશન બનાવવાનું કામ પૂર્ણ કરાયેલ છે. આ કામ અને સંલગ્ન કુબેરનગર રાઈઝીંગ મેઈન પાઈપ લાઈન નાંખવા સાથેના કામનો ખર્ચ રૂા.૨.૮૬ કરોડ થયેલ છે.

(૪) મણીનગર ખાતે નવું ડ્રેનેજ પંપીગ સ્ટેશન બનાવવાનું કામ પૂર્ણ કરાયેલ છે. આ કામ અને તેને સંલગ્ન મણીનગર રાઈઝીંગ મેઈન પાઈપ લાઈન નાંખવાના સાથેના કામો ખર્ચ ૧૦.૧૮ કરોડ થયેલ છે.

(૫) પીરાણા સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ આગળ આર.સી.સી. ડકટ બનાવી લગૂનના એરેટર માટે પ્લેટફોર્મ તેમજ વોક વે બનાવવાનું કામ પુર્ણ કરાયેલ છે. આ કામનો ખર્ચ ૩.૩૬ કરોડ થયેલ છે. અને લગૂનના એરેટર ચાલુ કરાયેલ છે.

(૬) નવાણા ખાતે નવું ડ્રેનેજ પંપીગ સ્ટેશન બનાવવાનું આયોજન કરેલ.જેનો અંદાજીત ખર્ચ ૮.૯૧ કરોડ નકકી કરાયેલ છે. અત્યારે ૬૦% કામ પૂર્ણ થયેલ છે.

(૭) પીરાણા ખાતે નવું ડ્રેનેજ પંપીગ સ્ટેશન બનાવવાનું આયોજન કરેલ જેનો અંદાજીત ખર્ચ ૯.૩૯ કરોડ નકકી કરાયેલ છે. અત્યારે ૯૫% કામ પૂર્ણ કરાયેલ છે.અને ટુંક સમયમાં જ ચાલુ કરવામાં આવનાર છે.

(૮) સરદારનગર અને સરદારનગરના આંબાવાડી ખાતે બે નવા સુએજ પંપીગ સ્ટેશન બનાવીને રાઈઝીગ મેઈન લાઈન નાંખવાના કામનું આયોજન કરાયેલ છે જેનો અંદાજીત ખર્ચ ૫.૯૮ કરોડ નકકી થયેલ છે.

આ કામમાંથી સરદારનગરનું પંપીગ સ્ટેશન અને તેને સંલગ્ન રાઈઝીંગ મેઈન લાઈનનું કામ પૂર્ણ થયેલ છે. પરંતુ આંબાવાડી ખાતે ગુ.હા.બોર્ડની પાસેથી પ્લોટ મેળવીને બાંધવાનું થતું હોઈ કામ બાકી છે.

(૯) ઈ.ડબલ્યુ.એસ. કવાર્ટસથી સૂર્યરથ એપાર્ટમેન્ટ સુધી ૪૫૦ મીમી. વ્યાસની આર.સી.સી.પાઈપ લાઈન નાંખવાનું આયોજન કરવામાં આવેલ છે. આ કામ પૂર્ણ કરાયેલ છે. આ કામનો ખર્ચ રુ.૧૪.૨૫ લાખ થયેલ છે.

(૧૦) નહેરૂનગરથી શ્રેયસ બ્રીજ સુધી બી.આર.ટી.એસ. રુટ ઉપર ૧૬૦૦ મી.મી. વ્યાસની આર.સી.સી. પાઈપ લાઈન નાંખવાનું આયોજન કરવામાં આવેલ. આ કામ હાલમાં ચાલુ છે.જેનો ખર્ચ ૧.૯૫ કરોડ થનાર છે.

(૧૧) કુબેરનગર આઈ.ટી.આઈ.રેલ્વે લાઈનને સમાંતરે આવેલ ડ્રેનેજ પાઈપ લાઈન શીફટીંગ કરવાના કામનું આયોજન કરેલ છે. આ કામનો અંદાજીત ખર્ચ ૬૧.૫૪ લાખ થનાર છે.

(૧૨) પીરાણા ખાતે આવેલ સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટના લગૂન નં.૧નું ડીશીલ્ટીંગ કરવાનું આયોજન કરેલ. આ કામનો અંદાજીત ખર્ચ ૫૭.૦૦ લાખ થનાર છે.

**પત્રક-૧ નાણાંકીય સિધ્ધી**

| અ.નં. | કામનુંનામ | અંદાજીત ખર્ચ રૂા. લાખમાં | ૩૧.૦૩.૦૮ અંતિત કુલ ખર્ચ રૂા. લાખમાં | ટકાવારી આર્થિક % |
|---|---|---|---|---|
| ૧. | નરોડા,નિકોલ,ઓઢવ,વટવા ખાતે સુએજ પંપીગ સ્ટેશન બનાવવાનું કામ તથા તેને અંતર્ગત રાઈઝીંગ મેઈન નાંખવાની કામગીરી | ૯૭૩.૭૦ | ૮૨૪.૩૮ | ૮૫ |
| ૨ | સૈજપુર ખાતે ડ્રેનેજ પંપીગ સ્ટેશન બનાવવાનું કામ તથા તેને અંતર્ગત રાઈઝીંગ મેઈન નાંખવાની કામગીરી | ૫૩૯.૫૦ | ૩૮૯.૯૪ | ૭૨ |
| ૩. | કુબેરનગર ખાતે ડ્રેનેજ પંપીગ સ્ટેશન બનાવવાનું કામ તથા તેને અંતર્ગત રાઈઝીંગ મેઈન નાંખવાની કામગીરી | ૩૯૧.૪૦ | ૨૮૫.૬૯ | ૯૯ |
| ૪. | મણીનગર ખાતે ડ્રેનેજ પંપીગ સ્ટેશન બનાવવાનું કામ તથા તેને અંતર્ગત રાઈઝીંગ મેઈન નાંખવાની કામગીરી | ૧૧૧૪.૮૩ | ૧૦૧૮.૫૩ | ૯૧ |
| ૫. | પીરાણા ખાતે સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ આગળ આર.સી.સી. ડકટ બનાવી લગૂનના આર.સી.સી.પ્લોટ ફોર્મ તથા એરેટર્સ ફીકસીંગ કરવાની કામગીરી. | ૩૭૬.૩૭ | ૩૩૬.૦૦ | ૮૯ |
| ૬. | વટવા(નવાણા) ડ્રેનેજ પંપીગ સ્ટેશન બનાવવાની કામગીરી. | ૮૯૧.૦૫ | ૪૧૫.૯૮ | ૪૭ |
| ૭. | પીરાણા ટર્મીનલ સુએઝ પંપીગ સ્ટેશન બનાવવાની કામગીરી. | ૧૩૮૫.૨૩ | ૭૭૧.૬૧ | ૫૬ |
| ૮. | સરદારનગર અને આંબાવાડી ડ્રેનેજ પંપીગ સ્ટેશન બાંધવા અને રાઈઝીંગ લાઈન નાંખવા. | ૫૯૮.૦૦ | ૩૦૬.૮૫ | ૫૧ |
| ૯. | ઈ.ડબલ્યુ.એસ.કવાર્ટસથી સૂર્યરથ એપાર્ટમેન્ટ સુધી પાઈપ લાઈન નાંખવાની કામગીરી. | ૧૫.૩૪ | ૧૪.૨૫ | ૯૩ |
| ૧૦. | શ્રેયસ બ્રીજ એપ્રોચથી નહેરૂનગર ચાર રસ્તા સુધી બીઆરટીએસના રૂટ ઉપર ૧૬૦૦ મી.મી. વ્યાસની નવી આર.સી.સી.પાઈપ લાઈન નાંખવા. | ૧૯૫.૨૩ | ૧૦૪.૯૮ | ૫૪ |
| ૧૧. | કુબેરનગર આઈ.ટી.આઈ. રેઈવે લાઈનને સમાંતર ડ્રેનેજ લાઈનને શીફટીંગ કરવાની કામગીરી. | ૬૧.૫૪ | | |
| ૧૨. | પીરાણા ખાતે લગૂન નં. ૧માં ડીસીલ્ટીંગ કરવાની કામગીરી | ૫૭.૦૦ | ૨૩.૦૦ | ૪૦ |

## પત્રક-૨ ભૌતિક સિધ્ધી

| અ.નં. | કામનુંનામ | ૨૦૦૭-૨૦૦૮ માં થયેલ પ્રગતિ % | નોંધ |
|---|---|---|---|
| ૧. | નરોડા,નિકોલ,ઓઢવ,વટવા ખાતે સુએજ પંપીગ સ્ટેશન બનાવવાનું કામ તથા તેને અંતર્ગત રાઈઝીંગ મેઈન નાંખવાની કામગીરી | ૧૦૦ | કામ પૂર્ણ કરવામાં આવેલ છે. |
| ૨ | સૈજપુર ખાતે ડ્રેનેજ પંપીગ સ્ટેશન બનાવવાનું કામ તથા તેને અંતર્ગત રાઈઝીંગ મેઈન નાંખવાની કામગીરી | ૧૦૦ | કામ પૂર્ણ કરવામાં આવેલ છે. |
| ૩. | કુબેરનગર ખાતે ડ્રેનેજ પંપીગ સ્ટેશન બનાવવાનું કામ તથા તેને અંતર્ગત રાઈઝીંગ મેઈન નાંખવાની કામગીરી | ૧૦૦ | કામ પૂર્ણ કરવામાં આવેલ છે. |
| ૪. | મણીનગર ખાતે ડ્રેનેજ પંપીગ સ્ટેશન બનાવવાનું કામ તથા તેને અંતર્ગત રાઈઝીંગ મેઈન નાંખવાની કામગીરી | ૧૦૦ | કામ પૂર્ણ કરવામાં આવેલ છે. |
| ૫. | પીરાણા ખાતે સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ આગળ આર.સી.સી. ડકટ બનાવી લગૂનના આર.સી.સી.પ્લોટ ફોર્મ તથા એરેટર્સ ફીકસીંગ કરવાની કામગીરી. | ૧૦૦ | કામ પૂર્ણ કરવામાં આવેલ છે. |
| ૬. | વટવા(નવાણા) ડ્રેનેજ પંપીગ સ્ટેશન બનાવવાની કામગીરી. | ૬૦ | હાલમાં કામગીરી ચાલુ છે. |
| ૭. | પીરાણા ટર્મીનલ સુએઝ પંપીગ સ્ટેશન બનાવવાની કામગીરી. | ૮૫ | હાલમાં કામગીરી ચાલુ છે. |
| ૮. | સરદારનગર અને આંબાવાડી ડ્રેનેજ પંપીગ સ્ટેશન બાંધવા અને રાઈઝીંગ લાઈન નાંખવા. | ૫૮ | કામગીરી હાલમાં ચાલુ છે. |
| ૯. | ઈ.ડબલ્યુ.એસ.કવાર્ટસથી સૂર્યરથ એપાર્ટમેન્ટ સુધી પાઈપ લાઈન નાંખવાની કામગીરી. | ૧૦૦ | કામ પૂર્ણ કરવામાં આવેલ છે. |
| ૧૦. | શ્રેયસ બ્રીજ એપ્રોચથી નહેરૂનગર ચાર રસ્તા સુધી બીઆરટીએસના રૂટ ઉપર ૧૬૦૦ મી.મી. વ્યાસની નવી આર.સી.સી.પાઈપ લાઈન નાંખવા. | ૧૦૦ | કામ પૂર્ણ કરવામાં આવેલ છે. |
| ૧૧. | કુબેરનગર આઈ.ટી.આઈ. રેઈવે લાઈનને સમાંતર ડ્રેનેજ લાઈનને શીફટીંગ કરવાની કામગીરી. | | ટેન્ડર મંજુરીની પ્રક્રિયામાં છે. |
| ૧૨. | પીરાણા ખાતે લગૂન નં.૧માં ડીસીલ્ટીંગ કરવાની કામગીરી | ૫૦ | કામગીરી હાલમાં ચાલુ છે. |

# ૪.૫ સાબરમતી રીવરફ્રન્ટ ડેવ.કો.લી

## ૦૭-૦૮

સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડ (SRFDCL)

ઓફીસ પશ્ચિમ ઝોન કચેરી,ડો.રમણભાઇ પટેલ ભવન,ઉસ્માનપુરા,અમદાવાદ-૩૮૦૦૧૩

સાબરમતી નદીના બંને કાંઠાનો વિકાસ કરી અમદાવાદ શહેરના નાગરીકો માટે આનંદપ્રમોદ અને મનોરંજનના સાધનો ઉભા કરવા ઉપરાંત અનેકવિધ ઉદ્દેશો ધરાવતી સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટની યોજનાની કામગીરી ઝડપથી,સરળતાથી તથા અસરકારક રીતે હાથ ઉપર લેવામાં આવેલ છે. સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશનની કામગીરી ડફનાળા થી વાસણા બેરેજ સુધી નદીના પૂર્વ તથા પશ્ચિમ કિનારાના વિસ્તારમાં હાથ ધરવામાં આવેલ છે.

આ સમગ્ર વિસ્તાર પૈકી રેલ્વે બ્રીજ થી વાસણા બેરેજ સુધીના નદીના બંને કાઠા ઉપર વોક-વે લેવલ સુધીનું કામકાજ પૂર્ણતાના આરે છે.

વોક-વે લેવલ થી ઉપરના લેવલના વિકાસ માટે રીટેનીગ વોલનું કામકાજ તથા તેની પાછળનું સ્પેશીયલ અર્થ ફીલ (૭ થી ૧૦ મી. પહોળાઇમાં) રેલ્વે બ્રીજ થી સરદાર બ્રીજ સુધી નદીના બંને કાંઠા ઉપર પુર ઝડપે ચાલુ છે.તથા સ્પેશીયલ ફીલના પાછળના ભાગે જનરલ અર્થ ફીલીગ નુ કામ નદીના પશ્ચિમ કાંઠે રેલ્વે બ્રીજ થી ગાંધી બ્રીજ સુધીના ભાગમાં હાથ ધરવામાં આવેલ છે.અને ગાંધીબ્રીજ થી એલીસબ્રીજ સુધીના વિસ્તારમાં ટુંક સમયમાં શરૂ થનાર છે.

નદીમાં ગંદુ પાણી નાઆવે તે માટે સુઅર ડાયવર્ઝનની કામગીરી પણ ચાલુ છે.અને ડફનાળા થી સરદારબ્રીજ સુધીના વિસ્તારમાં પાઇપ લાઇન નાંખવાનું કામ પૂર્ણતાના આરે છે.આ ડાયવર્ટ કરવામાં આવેલ સુએજને ટ્રીટમેન્ટ પ્લાન્ટ સુધી પહોચાડવા નદીના બંને કાંઠા ઉપર ઇન્ટરમીડીયેટ પંપીગ સ્ટેશન તથા ટર્મીનલ સુએજ પંપેગ સ્ટેશન અને તેની રાઇઝીગ મેઇન પાઇપ લાઇના કામો તાજેતરમાં શરૂ થનાર છે.

સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન દ્વારા હાલની કામગીરી ના વિસ્તારમાં આવતા સુભાષબ્રીજ,ગાંધીબ્રીજ,નહેરૂબ્રીજ તથા એલીસબ્રીજ ના પીઅર પ્રોટેકશનની કામગીરી પણ હાલમાં પુર ઝડપે ચાલી રહી છે.

ડફનાળાની ઉપર વાસમાં બહુ ઉદેશીય હેતુ માટે બરાજ બાંધવાનું આયોજન હાથ ધરવામાં આવેલ છે.જેની ડીટેઇલ ડીઝાઇનની કામગીરી હાલમાં હાથ ધરવામાં આવેલ છે.સદરહુ પ્રોજેકટ નો ખર્ચ સને માર્ચ ૨૦૦૮ સુધીમાં રૂા.૩૦૦/- કરોડનો થયેલ છે.

## ૪.૬ દુધેશ્વર વોટર વર્કસ અને પાવર પ્લાન્ટ

### ૦૭-૦૮

અમદાવાદ શહેરમાં અલગ અલગ વિસ્તારમાં આવેલા જુદા જુદા ટયુબવેલ સ્ટેશનો તેમજ  છુટા છવાયા બોરીંગો પરથી તા.૧-૪-૨૦૦૭ થી ૩૧-૩-૨૦૦૮ સુધીના વર્ષ દરમ્યાન પાણીનો પુરવઠો પૂરતા પ્રેશરથી અને પુરતા જથ્થામાં કલોરીનેશન કરીને આપવામાં આવેલ છે.જેની વિગતવાર માહિતી નીચે દર્શાવેલ પત્રકમાં (ક) થી (લ) માં આપવામાં આવેલ છે.

**(ક)ટયુબવેલ સ્ટેશનો મારફતે પાણી પુરવઠાની વિગત.**

| ૪ | **કેપીટલ એકાઉન્ટ બજેટમાં ખર્ચ પાડી કરેલ કામો (ધારા સભ્ય શ્રીઓની ગ્રાટ સિવાયના)** | | |
| ક | રોડ | ૭૯ | ૫૭૫.૦૩ |
| ખ | પાણી | ૧૬ | ૧૨૪.૭૩ |
| ગ | ડ્રેનેજ | ૩૩ | ૧૧૫.૯૮ |
| ઘ | જાહેર જાજરૂ તથા પેશાબખાના | ૯ | ૫૨.૯૧ |
| ચ | બીલ્ડીગ | ૩૨ | ૧૬૧.૦૩ |
| છ | સ્ટ્રોમ વોટર ડ્રેઈન | ૧૪ | ૧૮૩.૦૩ |

| | | | |
|---|---|---|---|
| **૫** | **રેવન્યુ એકાઉન્ટબજેટમાં ખર્ચ પાડી કરેલ કામો (કાઉન્સીલર શ્રીઓના બજેટ સિવાયના)** | | |
| ક | રોડ | ૧૦૯ | ૨૮.૭૯ |
| | પાણી | ૧૧૭ | ૩૩.૬ |
| ગ | ડ્રેનેજ | ૨૫૭ | ૭૪.૩૧ |
| ઘ | જાહેર જાજરૂ તથા પેશાબખાના | ૨૩ | ૧૧.૩૧ |
| ચ | બીલ્ડીગ | ૧૪૭ | ૩૪.૨૩ |
| છ | સ્ટ્રોમ વોટર ડ્રેઇન | ૪૮ | ૧૪.૫૯ |
| | કુલ | ૭૦૧ | ૧૯૬.૮૩ |

**પત્રક ૪.૮.૨**

૨૦૦૭-૦૮

| પુર્વઝોન સને ૨૦૦૭-૨૦૦૮ વર્ષ દરમ્યાન ઝોન વિસ્તારમાં આવેલ કામોની આંકડાકીય માહિતી દશાવતું પત્રક | | | |
|---|---|---|---|
| અ.નં. | વિગત | કુલ | |
| ૧ | નવા રસ્તા બનાવ્યા (કિ.મી.)પાકા | ૨૯.૨૪ | કિ.મી. |
| ૨. | રસ્તા વાઇડનીગ કર્યા(કિ.મી.) | ૫૦.૪૧ | કિ.મી. |
| ૩ | રસ્તા રીસરફેઇસ કર્યા (ચો.મી.) | ૩૧૯૧૫૧.૫૭ | ચો.મી. |
| ૪ | નવી ડ્રેનેજ લાઇન નાંખી (કિ.મી.) | ૪૭.૪૫ | કિ.મી. |
| ૫ | નવી પાણીની  પાઇપ લાઇન નાંખી (કિ.મી) | ૨૯.૭૪ | કિ.મી. |
| ૬ | નવી સ્ટ્રોમ વોટર ડ્રેઇન નાંખી (કિ.મી.) | ૨૨.૮૭ | કિ.મી. |
| ૭ | નવા ડ્રેનેજ કનેકશન આપ્યા (સંખ્યા) | ૯૨૧.૦૦ | નંગ |
| ૮ | નવા વોટર કનેકશન આપ્યા (સંખ્યા) | ૧૫૩૧.૦૦ | |
| | (અ) ઘરવપરાશ (મીટર વગર) | ૧૫૧૧.૦૦ | નંગ |
| | (બ) ઘરવપરાશ  (પી.આર.સી.) | ૨૦.૦૦ | નંગ |
| ૯ | જુની પાણીની લાઇન બદલવાના કામ (સંખ્યા) | ૧૯૪.૦૦ | નંગ |
| ૧૦ | ઘરવપરાશના પાણીની પાઇપ લાઇનમાં સડેલા કનેકશનની ગેલ્વેનાઇઝડ નળીઓ બદલી (સંખ્યા) | ૭૦૭.૦૦ | નંગ |
| ૧૧ | પાણીના નવા સ્ટેન્ડ પોસ્ટ કર્યા  (સંખ્યા) | ૫૧.૦૦ | નંગ |
| ૧૨ | પાણીના હયાત સ્ટેન્ડ પોસ્ટ રીપેરીંગ કર્યા  (સંખ્યા) | ૧૧૯.૦૦ | નંગ |
| ૧૩ | તુટેલી લાઇનોના સમારકામ કર્યા (સંખ્યા) | ૧૩૬૨.૦૦ | નંગ |
| ૧૪ | પાણીના લીકેજ બંધ કર્યા  (સંખ્યા) | ૭૫૬૨.૦૦ | નંગ |
| ૧૫ | પાણીની મુખ્ય પાઇપોના છેડાઓ ઉપર વોશ આઉટ કર્યા | ૧૬૧૯.૦૦ | નંગ |
| ૧૬ | હાઇડ્રન્ટ રીપેરીંગના કામો  (સંખ્યા) | ૨૪૧.૦૦ | નંગ |
| ૧૭ | ૯૦/૧૦ની યોજના અન્વયે નવા જાજરૂ મંજુર કર્યા (સંખ્યા) | ૧૪૩૧.૦૦ | નંગ |
| ૧૮ | ૯૦/૧૦ની યોજના અન્વયે નવા જાજરૂ તૈયાર થયા (સંખ્યા) | ૧૩૧૫.૦૦ | નંગ |

# ૪.૯ ઈજનેર પશ્ચિમઝોન

## ૦૭-૦૮

નાગરિકોને સેવા મેળવવા માટે ઉચ્ચ અધિકારી સુધી જવુ ન પડે અને તેમની રોજીંદી ફરીયાદોનો ઝડપી નિકાલ થાય તે માટે મ્યુનિ.કોપો.દ્વારા વહીવટોનું વિકેન્દ્રીકરણ કરીને શહેરમાં ઝોનલ કચેરીઓ સ્થાપવાનો નિર્ણય કરી શહેરને પાંચ ઝોનમાં વિભાજન કરી ઝોન પાડેલ છે.જેમાં શહેરનો નદીની પશ્ચિમ તરફનો વિસ્તારને આવરી લીધેલ છે. જેમાં ઈલેકશન વોર્ડનં. ૭ થી ૧૫ નો સમાવેશ કરવામાં આવેલ છે. એટલે કે પાલડી, વાસણા, ગાંધીગ્રામ, નવરંગપુરા, સ્ટેડીયમ, નારણપુરા, જુના વાડજ, નવા વાડજ તથા સાબરમતીનો સમાવેશ કરવામાં આવેલ છે.

પશ્ચિમ ઝોન દ્વારા દરેક વોર્ડમાં નાગરિકોને મ્યુનિ.કોર્પો.ની તમામ ઈજનેર ખાતાને લગતી તમામ સેવાઓ જેવી કે પાણી,ગટર,રસ્તા, જાહેર શૌચાલયો., બગીચા તથા રમત -ગમતના મેદાનો વિગરે સેવાઓ સરળતાથી મળે તે માટે સબ ઝોનલ ઓફીસોમાં વ્યવસ્થા કરવામાં આવેલ છે. તેમજ શહેરમાં જુદી જુદી જગ્યાએ નાગરિક સુવિધા કેન્દ્રો બનાવવામાં આવેલ છે. આ સુવિધા કેન્દ્રોમાં જઈ નાગરિકો શહેરના કોઈપણ સ્થળની તેમની ઉપરોક્ત સેવાઓને લગતી ફરિયાદો કોમ્પ્યુટર ઉપર રજીસ્ટર કરાવી શકે છે, અને તે રીતે ફરિયાદોનો ઝડપી નિકાલ કરવામાં આવેલ છે.

### રોડ વિભાગ :

આ વિભાગ મારફતે મ્યુનિસિપલ કોર્પોરેશનની હદમાં પશ્ચિમઝોનમાં આવતા ૯ વોર્ડની જુદી જુદી ટાઉન પ્લાનીંગ સ્કીમમાં રસ્તાઓ પાકા કરવા, પહોળા કરવા, રીસરફેસ કરવા તથા પાકા કરવા અંગે નકશાઓ તૈયાર કરી લેવલ્સ લઈ, અંદાજો તૈયાર કરવા, જે તે યોગ્ય સત્તાની મંજુરી મેળવી સ્થળ પર કામ ચાલુ કરાવવાનું થાય છે. આ ઉપરાંત વરસાદી પાણીના નિકાલ અંગે કેચપીટો તૈયાર કરવી, સ્ટ્રોમ વોટર ડ્રેનેજ લાઈન નાંખવી તેમજ રસ્તા, કેચપીટ તેમજ સ્ટ્રોમ વોટર ડ્રેનેજ વિગેરેનું મારમત નિભાવનું કામ આ વિભાગ મારફતે કરાવવામાં આવે છે.

પશ્ચિમ ઝોનમાં જુદાજુદા વોર્ડમાં આવેલા ટી.પી. રસ્તાઓને સ્ટોર્સ મારફતે મરામત નિભાવની કામગીરી નિયમિત અને વ્યવસ્થિત રીતે કરવામાં આવે છે.

ટેલીફોન તથા ઈલેક્ટ્રીસીટી કંપની તથા સેલ્યુલર કંપનીઓ દ્વારા રોડ ઓપનીંગની (૧૬૬ પરમિટ) કામગીરી પેટે રૂા. **૫૦૯ લાખ** જેટલી રકમ આ વર્ષે જમા લઈ તેમના દ્વારા થયેલ ખોદાણ તદ્દપરાંત કોર્પોરેશનના ડ્રેનેજ,પાણી, લાઈટ ખાતા દ્વારા જુદા જુદા કારણોસર કરેલ ખોદાણ તેમજ ઘસારાને રીપેર કરવા માટે રસ્તા ઉપર પેચ વર્ક કરવા, ફુટપાથના વોટર ટેબલ કર્બ તથા પથ્થરો ફરી બેસાડવાનું કામ, કેચપીટો તથા સ્ટ્રો.વો.ડ્રે. લાઈન રીપેરીંગ તેમજ સફાઈનું કામ, કેચપીટ ઉપરના ઢાંકણા બેસાડવાનું કામ તેમજ જાહેર જનતા, સામાજીક કાર્યકરો, કન્ટ્રોલ રૂમ માંથી તેમજ નાગરિક સુવિધા કેન્દ્રો માંથી આવેલ ફરીયાદોનો નિકાલ કરવાનું કામ કરવામાં આવેલ છે.

ચાલુ વર્ષે રસ્તાની કામગીરીમાં મુખ્યત્વે કાચા રસ્તાઓ પાકા કરવાની કામગીરી **૭.૨** કિ.મી. લંબાઈ જેટલી કરવામાં આવેલ છે. તથા **૨૩.૭૯** કિ.મી. ના રસ્તાઓની પહોળાઈ વધારવામાં આવેલ છે.**૨૩.૫૫** કિ.મી. લંબાઈના રસ્તાઓ રીસરફેસ કરવામાં આવેલ છે. જેના કારણે ટ્રાફીકની અવર-જવરમાં સરળતા થયેલ છે.

આ ઉપરાંત સંસદસભ્યના સુચન અનુસાર તેમણે ફાળવેલ બજેટમાં ચાલુ સાલે રૂા. **૫.૫૮** લાખના રસ્તાના કામો પુરા કરાવવામાં આવેલ છે. માન. ધારાસભ્યશ્રીએ ફાળવેલ બજેટ માંથી રૂા. **૨૪.૭૨** લાખના રસ્તાના કામો પુરા કરવામાં આવેલ છે. ૧૦માં નાણાપંચની ગ્રાન્ટમાંથી રૂા. **૧૯.૧૬** લાખના રસ્તાના કામો કરેલ છે. તેમજ ૧૧ માં નાણાંપંચની ગ્રાન્ટમાંથી રૂા. **૮.૪૦** લાખના રસ્તાના કામો કરવામાં આવેલ છે. તેમજ કાઉન્સીલીરશ્રીના બજેટ માંથી રૂા. **૨૬.૬૨** લાખના, કેપીટલ વર્કસ માં રૂા. **૭૨૦.૧૨** લાખના અને રેવન્યુ બજેટ માંથી રૂા. **૪૩.૮૯** લાખના રસ્તાના કામો કરાવવામાં આવેલ છે.

## ઈજનેર પાણી વહેંચણી વિભાગની કામગીરી:-

અમદાવાદ શહેરના  પશ્રિમ ઝોન વિસ્તારની આશરે ૭  લાખવસ્તીને ૧૬ ટયુબવેલ સ્ટેશનોના ૬૧ બોર તેમજ અચેર તેમજ સાબરમતી ફેંચવેલ દ્વારા ભુગૅભમાંથી પાણી મેળવીને અને રાસ્કા જળ યોજના માંથી મળતા પાણીને જુદા-જુદા વોટર ડીસ્ટ્રીબ્યુશન ટયુબવલ સ્ટેશનોની ભૂગૅભં ટાંકીઓમાં સંગ્રહીત કરવામાં આવે છે.  આ પાણીને કલોરીનેશન કર્યો બાદ પપીંગ સ્ટેશનની મદદથી પાણીની વહેંચણી મેઈન વોટર પાઈપ લાઈનો દ્વારા જુદી જુદી ડાયામીટરની નાની લાઈનોમાં વિભાજીત કરાવી નાગરિકો સુધી પહોંચાડવામાં આવે છે.

## <u>વોટર પાઈપ લાઈનના કામો :-</u>

પશ્રિમ ઝોનના નાગરિકોની વધતી જતી પાણીની જરૂરિયાત મુજબ નવી વધારાની વોટર પાઈપ લાઈનો નાંખવામાં આવે છે. વર્ષો જુની એ.સી,પી.વી.સી. તેમજ એચ.ડી.પી.ઈ. વોટર પાઈપ લાઈન કાઢીને નવી લાઈનો નાંખવાના કામો કરવામાં આવે છે.

પશ્રિમ ઝોનમાં જુદી-જુદી જગ્યાઓએ જુદા-જુદા વ્યાસની ૨૩.૮૯ કિ.મી. વોટર પાઈપ લાઈન નંખાવવામાં આવેલ છે.

## <u>વોટર કનેકશન :-</u>

વર્ષ દરમ્યાન વેસ્ટ ઝોનના નવ વોર્ડમાં કુલ **૬૪૪+૧૦૧ કનેકશનો** આપવામાં આવેલ છે.

## <u>પબ્લીક ટેપો :-</u>

બી.પી. એમ.સી. એકટની તેમજ અમુક કારણોસર પાણીની મુખ્ય વોટર પાઈપ લાઈન નાંખીને સ્વત્રંત પાણીની સવલત જે સ્લમ વિસ્તારના નાગરિકોને આપી શકાય તેમ ન હોય તેમને પાણીની સવલત પણ પબ્લીક ટેપો દ્વારા આપવામાં આવેલ છે. વર્ષે દરમ્યાન નવી **૧૬** ટેપો મુકવામાં આવેલ છે.

વોટર પોલ્યુશન અટકાવવા માટે લીકેજ પાણીની નળીઓ,માલિક માલસામાન આપે તો અને ખાસ કેસમાં મ્યુનિ. કોર્પો. ના ખર્ચે મ્યુનિ.કોપોરેશન તરફથી બદલી આપવામાં આવે છે.

કાઉન્સીલરશ્રીના બજેટમાંથી વોટર પાઈપ લાઈનના **૮.૫૫** લાખના કામો કરેલ છે, સંસદસભ્યશ્રીની ગ્રાંટમાંથી ૦.૧૯ લાખના કામો કરેલ  છે, ધારાસભ્યશ્રીની ગ્રાન્ટમાંથી **૧.૨૨** લાખના કામો કરેલ છે, રેવન્યુ ગ્રાન્ટમાંથી **૨૧.૩૭** લાખના કામો કરેલ છે.તેમજ કેપીટલ વર્ક એકાઉન્ટમાંથી ૩૮૮.૦૦ લાખના કામો કરેલ છે.

## <u>બિલ્ડીંગ વિભાગ :-</u>

આ વિભાગ મારફતે મ્યુનિ.કોપો.ની હદમાં પશ્રિમ ઝોનમાં આવતા નવ વોર્ડ પાલડી, વાસણા, ગાંધીગ્રામ,નવરંગપુરા, સ્ટેડિયમ,નારણપુરા,નવાવાડજ,જુનાવાડજ સાબરમતીમાં આવતી મ્યુનિસિપલ મિલ્કતો જેવી કે કોમ્યુનીટી હોલો, ગ્રંથાલયો, વાંચનાલયો, બાલભવનો, રમત ગમતના મેદાનો, હોસ્પીટલો, મેટરનીટી હોમ, સ્નાનાગારો, સ્મશાનગૃહો, બગીચાઓ, શાળાના મકાનો, મધ્યાહન ભોજન રસોઈ કેન્દ્રો, માર્કેટો, મીની સ્ટોલો,

મ્યુનિ.હોસ્પીટલો માટેના મકાનો, મહુંમ પુરુષોની પ્રતિમાઓ, ઓકટ્રોનાકા, સંસ્કાર કેન્દ્રો, સ્ટાફ કવાટર્સ, મ્યુઝીયમ, મસ્ટર સ્ટેશનો, ફાયરબ્રિગેડ સ્ટેશનો, ટાગોરહોલ, ટાઉન હોલ, સ્લમ કવાટર્સ વિગેરે ના મકાનોમાં સુધારા વધારા કરવા, કેપીટલ તથા મરામત નિભાવના કામો જરૂરી જણાય તેવા કામોનું આયોજન કરી સુચીત કામોના અંદાજો વિગેરે તૈયાર કરી, જે તે સત્તાની મંજુરી મેળવી સ્થળ ઉપર કામો ચાલુ કરાવા, પુરા કરાવવાની કામગીરી આ ખાતેથી હાથ ધરવામાં આવે છે. આ ઉપરાંત જુદા-જુદા મહાનુભાવો-નેતાઓની જન્મ-પુણ્યતિથી પ્રસંગો ઉજવવા માટે તથા નવા મકાનોમં ખાતમુહુંત ઉદઘાટન વિધી વિગેરે  પ્રસંગોની ઉજવણીમાં કરવામાં આવતી સ્ટેજ,મંડપ વિગેરે બાંધવાની વ્યવસ્થા બિલ્ડીંગ ખાતેથી કરવામાં આવે છે.

પશ્ચિમ ઝોન બિલ્ડીંગ ખાતા દ્વારા જુદા-જુદા સ્થળોએ કામ હાથ ધરવાનું થતુ હોઈ, જુદી-જુદી અનુકુળ આવેલ કુલ ૬ બિલ્ડીંગ મેન્ટેનન્સ સ્ટોર્સ દ્વારા રોજબરોજની ફરીયાદોનો નિકાલ કરવા મેન્ટેનન્સ સ્ટાફને કામગીરી સોંપવામાં આવે છે તેમજ કામો હાથ ધરવા માટે જરૂરી માલસામાન પણ જે તે સ્ટોર્સમાંથી ઈસ્યુ કરવામાં આવે છે. જે કામો ડીપાર્ટમેન્ટલ કરાવી શકાય તેમ ન હોય તેવા કામોના અંદાજ બનાવી જે તે સત્તાની વહીવટી મંજુરી મેળવી આગળની ઘટતી કાર્યવાહી કરી એજન્સીને કામો સોંપી ખાતાના જવાબદાર સ્ટાફના સુપરવીઝન હેઠળ બહારની એજન્સી પાસેથી કામો કરાવવામા આવે છે.

મરામત નિભાવના કામો જનતા, સામાજીક કાર્યકરો તેમજ કન્ટ્રોલ રૂમ તેમજ સિવીક સેન્ટર તરફથી મળતી ફરીયાદોને આધારે પણ હાથ ધરવામાં આવે છે.

આ ઉપરાંત મ્યુ. કાઉન્સીલરશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ તથા સંસદસભ્યશ્રીઓના સુચનો મુજબ તેઓશ્રીએ ફાળવેલ બજેટમાંથી કામો કરવામાં આવે છે. તદઉપરાંત ખાતાની વહીવટી કામગીરી જેવી કે સ્ટોર્સમાં ઈન્ડેન્ટ ભરવા, માલસામાન વિગેરે લેવા અને એકાઉન્ટને લગતી ખર્ચની વિગત આપવી, જમાખર્ચી વિગેરે કરાવવાની કાર્યવાહીનો સમાવેશ થાય છે.

સ્વીમીંગ પુલ, સ્મશાનગૃહો તથા હોસ્પીટલો, દવાખાના વિ. નું રીપેરીંગ કામ કરાવવામાં આવે છે.

હાલમાં વી.એસ. હોસ્પીટલ કમ્પાઉન્ડ ખાતે આવેલ મ્યુનિ.મેડીકલ કોલેજના ત્રીજા માળના એકસટેન્શનની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે.

માનનીય કાઉન્સીલરશ્રીના બજેટમાંથી રૂા. ૬.૯૮ લાખના કામો થયેલા છે. કેપીટલ વર્કસ માંથી ૮૩૦.૦૦ લાખનું કામ થયેલ છે.  રેવન્યુ એકાઉન્ટ માંથી રૂા. ૨૦.૮૮ લાખનું કામ થયેલ છે.

## ડ્રેનેજ -ખોદાણ-મેનહોલ તથા ૯૦/ ૧૦ જાજરૂ બાંધવાની સ્કીમઃ-

ડ્રેનેજ વિભાગ દ્વારા ગટરની નવી લાઈનો નાંખવા, બદલવા, પ.જાજરુ તથા પેશાબખાના બનાવવા તથા જાજરૂ અને પેશાબખાનાના રીપેર કરવા સ્ટ્રોમ વોટર ડ્રેઈન તથા ગટરની લાઈનોનું ડીસીલ્ટીંગ કરવું તથા આ વિસ્તારમાં આવતી ડ્રેનેજ લાઈનોના ચોકીંગની સફાઈની કામગીરી પણ આ વિભાગ દ્વારા કરવામાં આવે છે.પશ્ચિમ ઝોનના સમગ્ર વિસ્તારમાં લો-કોસ્ટ સેનીટેશનના પ્રોજેકટ અન્વયે ૯૦ ટ ૧૦ ના ૭૬ ના કામ પૂર્ણ કરવામાં આવેલ છે. ૨૪૭૬ બંધાયેલ નવા મકાનોને વધારાના ડ્રેનેજ કનેકશન આપવાની કામગીરી પણ આ ખાતા મારફતે કરવામાં આવે છે.

## ગલી ટ્રેપ સફાઈ :-

પ.ઝોનમાં આવેલ રહેઠાણની ગલીટેપની સફાઈની રોજીંદી કામગીરી કરાવવામાં આવે છે તથા ગામતળના મકાનોના ગલી ટ્રેપના ઢાંકણા ફરીયાદો આવે પુરા પાડવામાં આવે છે તેમજ ખાસ પ્રસંગોએ ગલી ટ્રેપની સામુહિક સફાઈ પણ કરાવવામાં આવે છે.

## ગલી ટ્રેપ ખોદાણ :-

આ વિભાગ દ્વારા ખાચ કરીને ગલીટેપના ચોક અપ થઈ ગયેલા પાઈપો પંકચર કરી લાઈન ચાલુ કરાવવામાં આવે છે અને જો લાઈન ઉપર જુના ટી કનેકશનો હોય તો જરૂર પડે ફરીયાદોનો નિકાલ અર્થે મેનહોલ બનાવી ફરીયાદોનો કાયમી નિકાલ કરવામાં આવે છે.તદ્ઉપરાંત આ વિભાગ દ્વારા મેનહોલ ચેમ્બરને લગતું રીપેરીંગ કામો તથા તેની ઉપરનો તુટેલ તથા ચોરાયેલાં ઢાંકણા બદલવામાં આવે છે.આ ઉપરાંત જે તે વોર્ડમાં આવતા જાહેર શૌચાલયો તથા પે.ખાનાના પરચુરણ રીપેરીગ કામોની કામગીરી જેવી કે ડ્રેનેજ લાઈન બદલવા,ટવીન ચેમ્બર,સાયફન ટેંક, જાજરૂનું અંદરનું રીપેરીંગ, પાણીની લાઈન બદલવી વિગરે કામગીરી કરવામાં આવે છે.

## મેનહોલ વિભાગઃ-

ડ્રેનેજ લાઈનોની ચોકીંગની આવતી રોજબરોજની ફરીયાદોનો નિકાલ આ વિભાગ મારફતે થાય છે. જરૂર પડે તો જે તે જગ્યાએ મેનહોલની સફાઈ પણ કરવામા આવે છે જો લાઈનોમાં બેકીંગ તથા ચોકીંગ તથા ટ્રાફીકનું નડતર હોય તેવી જગ્યાએ રાત્રી સમય દરમ્યાન  ફરીયાદોનો નિકાલ કરવામાં આવે છે. તથા ટોળાવર્ક, ગ્રેબ બકેટ, જેટીંગ/કમ્બાઈન્ડ મશીનોનો ઉપયોગ કરી લાઈન ચોકીંગની ફરીયાદોનો નિકાલ કરવામાં આવે છે.

- જાહેર શૌચાલયો તથા પેશાબખાના તથા એકટની કલમ ૧૮૮ મુજબ બનાવેલ જાજરૂના ડ્રેનેજ લાઈન તથા તુટેલા શીટ, ચેનલનો જરૂરી રીપેરીંગ કામો, તુટેલા બારણા વિગેરે  બદલવા વિગેરે કામગીરી કરાવવામાં આવે છે.
- લો કોસ્ટ સેનીટેશન પ્રોજેકટ અન્વયે ૯૦ / ૧૦ ના સબસીડીના જાજરૂ નાંખવાની અરજીઓનો નિકાલ અત્રે થી કરવામાં આવે છે.મધ્યમવર્ગના ઓછી આવકવાળા નાગરિકો માટે સબસીડીથી જાજરૂ બનાવવાની મંજુરી અત્રેથી આપવામાં આવે  છે.
- ડ્રેનેજ કનેકશન માટે નવા મકાનો તથા હયાત મકાનોને વધારાના ડ્રેનેજ કનેકશનની સવલત નીતી નિયમ પ્રમાણે ડ્રેનેજ લાઈનો નંખાવવાનો ચાર્જ તથા ડ્રેનેજ કનેકશન નો ચાર્જ ભરાવી ડ્રેનેજ કનેકશનો આપવામાં આવે છે.
- મા.સંસદ સભ્યશ્રીઓ,ધારાસભ્યશ્રીઓની ગ્રાન્ટ હેઠળ, ડ્રેનેજ અને જાજરૂને લગતા કામો યોગ્ય સત્તાની મંજુરી મેળવી કામો કરાવવામાં આવે છે.
- રોગચાળા તેમજ ચોમાસા દરમ્યાન ખાતા મારફતે વધારાની કામગીરી યુધ્ધના ધોરણે કરાવવામાં આવે છે જેવી કે ડ્રેનેજ લાઈન તથા મેનહોલ સફાઈ જાજરૂના રીપેર વિગેરે કરાવવામાં આવે છે.
- આ ઉપરાંત ધારાસભ્યશ્રીઓના તથા કોપોરેટરશ્રીઓના તેમના ફાળવેલ બજેટ, રેવન્યુ તથા કેપીટલ બજેટમાં ખર્ચે પાડી જાજરૂ તથા ડ્રેનેજના કામો કરાવવામાં આવે છે.નાની-મોટી કુલ્લે **૭.૫૭** કી.મી.લંબાઇમાં ડ્રેનેજ લાઈન નાંખવામાં આવેલ છે.
- ડીપાર્ટમેન્ટ તથા કોન્ટ્રાકટર દ્વારા જુદા-જુદા વોર્ડમાં ડ્રેનેજ લાઈન અને  મેનહોલ ડીસીલ્ટીંગના કામો કરાવવામાં આવેલ છે.

આ  ઉપરાંત વર્ષે દરમ્યાન મેનહોલ ખાતામાં રોજીદાં મજુરો રાખી જિલ્લા સફાઈની કામગીરી પણ કરાવવામાં આવેલ છે.

## કેપીટલ વર્કસ :

**(અ) કેપીટલ વર્કસ પેટે ઝોનલ પ્રાયોરીટીના કામો :-**

ઝોનવાઈઝ પ્રાયોરીટી મુજબના કામો કેપીટલ બજેટમાંથી કરવાનું નકકી થયેલ, તે મુજબ જુદા જુદા વોર્ડના મુખ્ય ટી.પી. રસ્તાઓને પહોળા કરવા, રીસરફેસ કરવા, ફુટપાથ પેવીંગ કરવા, સેન્ટ્રલ વર્જ (સેન્ટ્રલ લાઈટીંગ સાથે)તથા અછત વાળા વિસ્તારોમાં પાણીની લાઈનના કામો કરવા તથા સીસ્ટમેટીક ડ્રેનેજ લાઈન નાંખવાના કામોના અંદાજ તૈયાર કરવામાં આવેલ છે. તે પૈકી મોટા ભાગના કામના ટેન્ડરો તૈયાર કરવામાં આવેલ છે. તથા તે મુજબ મંજુરી થયેલ કામોની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. જે મુજબ રોડ વિભાગમાં રૂા.૭૨૦.૦૦ લાખના, પાણી વિભાગમાં રૂા.૩૮૮.૦૦ લાખના તથા ડ્રેનેજ વિભાગમાં રૂા.૧૬૧.૦૦ લાખના, બિલ્ડીંગ વિભાગમાં **રૂા.**૮૩૦.૦૦ લાખના કામો, હાથ ધરવામાં આવેલ છે.જેનું કામવાર પત્રક સામેલ છે.

પત્રક ૪.૯.૧

વર્ષ ૨૦૦૭ - ૨૦૦૮

## અહેવાલી વર્ષ દરમ્યાન પશ્ચિમઝોનમાં વોર્ડવાઈઝ થયેલ મુખ્ય કામોની વિગત દર્શાવતુ પત્રક

| અનં | વોર્ડ | નવા રસ્તા બનાવ્યા કી.મી. | | રસ્તા રીસરફેસ કર્યા કી.મી | નવી ડ્રેનેજ લાઈન બનાવી કી.મી. | નવી પાણીની પાઈપ લાઈન નાંખી કી.મી | નવી સ્ટ્રો.વો.ડ્રે નાંખી કી.મી. | નવા ડ્રેનેજ કનેક્શન આપ્યા સંખ્યા | નવા પાણીના કનેક્શન આપ્યા | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | ઘર વપરાશ | | બીન વસવાટ | કુલ |
| | | કાચા રસ્તા પાકા કર્યા | પહોળા કરેલ રસ્તા | | | | | | મીટર વગર | મીટર વાળા | મીટર વાળા | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ |
| ૧ | પાલડી | ૦.૮૧ | ૨.૬૪ | ૧.૫૯ | ૦.૭૯ | ૨.૬૬ | ૦.૮૭ | ૦ | ૭૧ | | ૧૧ | ૮૨ |
| ૨ | વાસણા | ૧.૮૦ | ૨.૨૦ | ૬.૩૦ | ૦.૬૦ | ૩.૮૬ | ૨.૪૪ | ૦ | ૮૧ | | ૩ | ૮૪ |
| ૩ | ગાંધીગ્રામ | ૦.૫૦ | ૨.૩૦ | ૦.૮૦ | ૧.૦૦ | ૨.૪૫ | ૦.૦૦ | ૦ | ૪૩ | | ૧૧ | ૫૪ |
| ૪ | નવરંગપુરા | ૦.૨૫ | ૨.૫૦ | ૦.૮૦ | ૦.૪૦ | ૧.૦૦ | ૦.૦૦ | ૦ | ૬૦ | | ૧૮ | ૭૮ |
| ૫ | સ્ટેડિયમ | ૦.૦૦ | ૨.૧૦ | ૦.૦૦ | ૧.૭૦ | ૪.૫૦ | ૦.૩૦ | ૦ | ૪૫ | | ૨૨ | ૬૭ |
| ૬ | નારણપુરા | ૦.૯૫ | ૦.૩૫ | ૧.૮૦ | ૦.૧૫ | ૩.૮૦ | ૦.૦૦ | ૦ | ૨૧ | | ૩ | ૨૪ |
| ૭ | જુના વાડજ | ૨.૨૦ | ૩.૨૦ | ૦.૮૦ | ૧.૧૦ | ૧.૮૪ | ૧.૦૨ | ૦ | ૮૬ | | ૯ | ૯૫ |
| ૮ | નવાવાડજ | ૦.૨૫ | ૨.૫૦ | ૦.૮૦ | ૦.૪૦ | ૧.૦૦ | ૦.૦૦ | ૦ | ૬૦ | | ૧૮ | ૭૮ |
| ૯ | સાબરમતી | ૦.૫૦ | ૬.૦૦ | ૧.૪૩ | ૦.૯૫ | ૨.૮૦ | ૩.૨૦ | ૦ | ૧૭૭ | | ૬ | ૧૮૩ |
| | **કુલ** | **૭.૨૬** | **૨૩.૭૯** | **૧૪.૩૨** | **૭.૦૮** | **૨૩.૯૦** | **૭.૮૩** | **૦** | **૬૪૪** | | **૧૦૧** | **૭૪૫** |

## પત્રક ૪:૯:૨

## કેપીટલ બજેટ (પ્રોજેકટ) વિકાસના કામોની વિગત (૨૦૦૭-૦૮ )

| અ.નં. | વોર્ડ | કામનુ નામ | અંદાજીત રકમ રૂા. લાખમાં | કામની પ્રગતિ | ભૌતિક પ્રગતિ | કામ પૂર્ણ થવાની સંભવિત તારીખ |
|---|---|---|---|---|---|---|
| ૧ | પાલડી | સ્કેટીગ રીંગ | ૧૫.૦૮ | કામ પુર્ણ | ૧૦૦% | |
| ૨ | પાલડી | ટાઉન હોલ થી વાસણા ઓકટ્રોયનાકા સુધી આશ્રમરોડ ઉપર ઈન્ટરલોકીગ ફુટપાથ.(ફેઝ-૩) | ૧૧૫.૦૦ | ટેન્ડર મંજુરીમાં | | ૩૦-૬-૦૯ |
| ૩ | વાસણા | પાલડી ઈન્ફોર્મેશન સેન્ટર | ૫૨.૫૦ | કામ ચાલુ | ૧૫% | ૩૧-૧૨-૦૮ |
| ૪ | વાસણા | લાયબ્રેરી બિલ્ડીગ | ૫૦.૧૬ | કામ પુર્ણ | ૧૦૦% | |
| ૫ | વાસણા | કોમ્યુનીટી હોલ | ૫૦.૦૦ | ટેન્ડર મંજુરીમાં | | ૩૦-૧૦-૦૯ |
| ૬ | વાસણા | સ્મશાનગૃહ | ૧૭૩.૦૦ | કામ ચાલુ | | ૩૦-૬-૦૯ |
| ૯ | ગાંધીગ્રામ | લાયબ્રેરી બિલ્ડીગ ત્રીજો માળ એક્ષ્ટેન્શન | ૯.૦૦ | કામ પુર્ણ | ૧૦૦% | |
| ૧૦ | ગાંધીગ્રામ | સ્કુલબિલ્ડીગ /સ્પોર્ટસ કોમ્પલેક્ષ | ૬૨.૦૦ | કામ ચાલુ | ૫૫% | ૩૦-૧૦-૦૮ |
| ૧૧ | સ્ટેડીયમ | સ્વીમીગ પુલ ડેવલપમેન્ટ | ૫૭૫.૦૦ | કામ ચાલુ | ૩૦% | ૩૧-૧૨-૦૮ |
| ૧૨ | નવા વાડજ | સ્વીમીગ પુલ | ૨૫૦.૪૦ | કામ ચાલુ | ૬૦% | ૩૦-૮-૦૮ |
| ૧૩ | નવા વાડજ | ગૌરવ પથ - પાર્થ સર્કલ થી રાણીપ ઓકટ્રોયનાકા સુધી | ૧૫૦.૦૦ | કામ ચાલુ | ૮૫% | ૩૧-૫-૦૮ |
| ૧૪ | જુના વાડજ | સ્મશાનગૃહ રીનોવેશન | ૧૨૫.૦૦ | કામ ચાલુ | ૧૦% | ૩૧-૧૨-૦૮ |
| ૧૫ | સાબરમતી | જીમ્નેશીયમ ડેવલપમેન્ટ | ૨૦.૦૦ | કામ ચાલુ | | ૩૦-૮-૦૮ |
| ૧૬ | સાબરમતી | પાવર હાઉસ થી કલોલ કોબા ઓકટ્રોયનાકા ૨૦૦ ફુટ રોડ ડેવલપમેન્ટ | ૭૦૦.૪૦ | કામ ચાલુ | ૩૦% | ૩૧-૧૨-૦૯ |

# ૪.૧૦ ઈજનેર ઉતરઝોન

## ૦૭-૦૮

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ઝોન પ્રથા અમલી બનતા ઉત્તર ઝોન અલગ અસ્તીત્વમાં આવેલ છે. આશરે ૫૦ ચો.કી.મી.માં પથરાયેલ છે.અને તે સાથે ૧૦ ઇલેકશન વોર્ડમાં વહેંચાયેલા ખૂબજ દુરનો અને વિકસતો વિસ્તાર છે.આ ઝોનલ કચેરી મારફતે આ વિસ્તારમાં સઘન વિકાસ કરવા તથા પ્રજાને પાયાની સુવિધા જેવી કે પાકા રસ્તા, પીવાનું પાણી, ડ્રેનેજ લાઈન, મ્યુ.દવાખાના અને શાળાઓને સુવિધા પુરી પાડવા તેમજ રોજ બરોજની પ્રજાકીય ફરિયાદો ના નિકાલ અર્થે કામગીરી કરવામાં આવે છે.સને ૨૦૦૭-૦૮ના વર્ષમાં નીચે જણાવ્યા પ્રમાણેની કામગીરી કરવામાં આવેલ છે.

**(૧) રસ્તા નાં કામો :-**

રસ્તા પાકા કરવા:જુદા જુદા ૧૦ વોર્ડમાં વસતા નાગરિકોની સુવિધા માટે વર્ષ દરમ્યાન ૪૦.૭૧ કિ.મીટરલંબાઇના રૂા.૧૯૦.૮૮ લાખના ખર્ચે રસ્તા પહોળા કરી પાકા કરવામાં આવેલ છે.

રસ્તા રીસરફેસ:જયાં જયાં પાકા રસ્તાઓની સપાટી બિસ્માર હાલતમાં તેમજ ખરાબ થઇ ગયેલહોય તેવા વિસ્તારોમાં જરૂરીયાત મુજબ રસ્તા રીગ્રેડ કરી કુલ રૂ.૨૮૯.૮૨ લાખના ખર્ચે ૨૨.૭૧ કિ.મીટર લંબાઇના રસ્તા રીસફેસ કરવામાં આવેલ છે.

**વરસાદી પાણી નો નિકાલ**: દર વર્ષની જેમ ચોમાસાની ઋતુ દરમ્યાન નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જતાં વરસાદી પાણીના નિકાલ અર્થે જુદાજુદા સ્થળોએ ફાઇટર પંપો મૂકી પાણીનો નિકાલ કરવામાં આવેલ છે.વરસાદી પાણીના સહેલાઈથી અને ઝડપથી નિકાલ થાય અને પાણી ભરાઈ ના રહે તે માટે રૂા. ૭.૦૫ લાખનાં ખર્ચે ૧૯૮ નંગ કેચપીટો બનાવેલ છે. તથા નાળાઓની સફાઈ કરાવેલ છે.તથા ચોમાસા પૂર્વે પ્રિ. મોન્સુન એકશન પ્લાન હેઠળ વર્ષ દરમ્યાન ૧૬૫૧ જેટલી કેચપીટો સાફ કરાવેલ છે.તથા જરૂરીયાત મુજબ પાઈપ લાઇનો નાંખવામાં આવેલ છે. ૧૩૨ ફુટ રોડ પર મલેકસાબાન તળાવથી મેમ્કો સુધી વરસાદી પાણીના નિકાલ માટે સ્ટ્રોમ.વો.ડ્રેનેજ નાંખવાનું અંદાજીત રૂા.૪ કરોડ નું કામ ચાલુ છે.

**મરામત ના કામ:-** વર્ષ દરમ્યાન પાકા રસ્તાઓ ઉપર પડેલા ખાડા પુરાવવા રસ્તા લેવલ કરવા,નાના તથા હેવી કુલ ૫૨૫૭ ચોરસ મીટર પેચવર્કના કામો રૂ.૧૨.૭ લાખના ખર્ચે કરાવેલ તથા પ્રજાની ફરિયાદ અનુસાર જુદા જુદા સ્થળોએ રસ્તાના મરામત કામો કરવામાં આવેલ છે.વળી રાહદારીઓને ચાલવા માટે ફૂટપાથના પથ્થરો લેવલ કરવામાં આવેલ છે.

**વિશિષ્ટ કામગીરી:-** સંસદસભ્યશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ અને મ્યુ. કાઉન્સીલરશ્રીઓની ભલામણ અનુસાર ફાળવેલ વર્ષ દરમ્યાન ચાલીઓમાં રૂા.૭૩.૦૭ લાખના ખર્ચે ૩૭૬૩૩ ચોરસમીટર પથ્થર પેવીંગના કામો કરાવવામાં આવેલ છે.અને ગંદા વસવાટ સુધારણા કાર્યક્રમ હેઠળ પથ્થર પેવીંગની સુવિધા આપવામાં આવેલ છે.

**(૨)ડ્રેનેજ વિભાગના કામો :-**

અહેવાલી વર્ષ ૨૦૦૭-૦૮ દરમ્યાન ઉત્તર ઝોનના ૧૦ વોર્ડમાં ટી.પી.રસ્તાઓ, ચાલીઓ તથા સોસાયટીઓમાં ગંદા પાણીના પ્રશ્નો અને નિકાલાર્થે જુદા જુદા ડાયામીટરની કુલ ૮૮૮૫ મીટરની લંબાઈમાં રૂા.૫૪.૭૫ લાખનાં ખર્ચે ડ્રેનેજ લાઈનો નાંખવામાં આવેલ છે. ગંદા પાણી ના નિકાલ માટે ની સુવિધા આપેલ છે. **લો કોસ્ટ સેનીટેશન** :- ૯૦-૧૦ સ્કીમ :વર્ષ દરમ્યાન ઉત્તર

ઝોનમાં જુદા જુદા વિસ્તારોમાં વસ્તા ઓછી આવક ધરાવતા કુટુંબોની ચાલી, ઝૂંપડા તથા સ્લમ જેવી જગાઓમાં લો કોસ્ટ સેનીટેશન ૯૦/૧૦સ્કીમ હેઠળ આવેલ કુલ માંગણીઓ પૈકી ૬૭૪ જેટલાં જાજરૂ બાંધવાની સુવિધા આપવામાં આવેલ છે.અને રૂા.૧૪.૩૭ લાખ સબસીડી પેટે ચુકવવામાં આવેલ છે.

**<u>શૌચલય અને ડ્રેનેજ કનેકશનઃ</u>** વર્ષ ૨૦૦૭-૦૮ દરમ્યાન જુદા જુદા વિસ્તારોમાં રૂ.૬૩.૨૨ લાખના ખર્ચે ૧૧ નંગ પે એન્ડ યુઝ ટોઇલેટ બાંધવામાં આવેલ છે. તથા ૧૨ નંગ શૌચાલય ૩.૨૨ લાખના ખર્ચે નવા બનાવેલ છે.હયાત ૨૦૭ પે. ખાના -સંડાશ રૂ. ૮.૪૧ લાખના ખર્ચે રીપેરીંગ કરેલ છે. . તથા માંગણી મુજબ ડ્રેનેજ લાઇનના ૩૮૨ કનેકશનો આપવામાં અવેલ છે.

**<u>મરામતના કામોઃ- ૧૦</u>** વોર્ડના જુદા જદુા વિસ્તારોમાં આવેલ ૯ જેટલા પંપીંગ સ્ટેશનો મારફતે ગંદા પાણીનો નિકાલ કરવામાં આવેલ છે. વર્ષ ૦૭-૦૮ દરમ્યાન ૭૧૪૦૬ નંગ મેનહોલની સફાઇ કરાવેલ છે. આશરે ૨૦૬૯૪ મીટર જેટલી લંબાઇની ડ્રેનેજ લાઇનોમાંથી શિલ્ટ કઢાવેલ છે. ૨૨૮૬૪ થળો એ ડ્રેનેજ લાઇનોમાં ઓવરફલો તથા ચોકીંગ દૂર કરવામાં આવેલ છે. વળી યંત્રો મારફતે લાઇનો સાફ કરાવવામાં આવેલ છે. ગંદા પાણીના નિકાલાર્થે જરૂરીયાતવાળા સ્થળોએ રૂા.૩૮.૩૮ લાખના ખર્ચે ૩૦૭ મેનહોલ અને ચેમ્બર બનાવવામાં આવેલ છે. ૮૨૯ મેનહોલ ચેમ્બરો રીપેર કરવામાં આવેલ છે. ૫૧ નંગ ડ્રેનેજ લાઇનોના બ્રેક ડાઉન રૂ.૭.૮૫ લાખના ખર્ચે રીપેર કરવામાં આવેલ છે.

**<u>(૩)પાણી વિભાગનાં કામો :-</u>**

ઉત્તર ઝોનના વિવિધ વિસ્તારોમાં પીવાનાં પાણીનો પ્રશ્ન હલ કરવા, પાણીનું પ્રેશર સુધારવા તથા પાણીની મૂળભૂત જરૂરિયાત સંતોષવા જુદા જુદા ડાયામીટરની કુલ ૧૩.૫૨ કી. મીટરની લંબાઈની પાણીની પાઇપલાઇનો રૂા.૧૪૬.૪૧ લાખના ખર્ચે ટી.પી.રોડ ઉપર નાંખવામાં આવેલ છે. સમગ્ર ઝોન વિસ્તારમાં ૧૮ ટયુબવેલ સ્ટેશનો મારફતે દૈનિક ૧૬૮ લાખ ગેલન જેટલો પાણી પૂરવઠો પૂરો પાડવા ઉપરાંત પીવાના પાણીનું પ્રેસર અને લેવલ જાળવી રાખવામાં આવે છે. ટયુબવેલ સ્ટેશનોમાં જરૂરી સાફ-સફાઇ તથા સારસંભાળ રાખવામાં આવે છે. એક ખાસ ટુકડી દ્વારા સમયાંતરે ટયુબવેલ સ્ટેશનોના કમ્પાઉન્ડમાં ઉગેલા નકામા છોડ તથા ઘાસ કાઢી લઇ સાફ કરવામાં આવે છે. ભૂગર્ભ ટાંકીઓમાંથી રેતી, શીલ્ટ વિગેરે કાઢી સાફ કરી શુધ્ધ પીવાલાયક પાણી ઉતરઝોનમાં વસતા નાગરીકોને આપવામાં આવે છે.

**<u>વોટર કનેક્શનઃ-</u>**

આ ઝોનમાં રહીશોની માંગણી મુજબ જુદા જુદા ડાયામીટરના કુલ ૧૨૪૨ જેટલા ઘરવપરાશ માટે અને ૧૬ જેટલાં ધંધાર્થે મીટરથી પાણીના કનેક્શનો આપવામાં આવેલ છે. પાણી ઓછા પ્રેશરથી મળતું હોય અથવા જૂના વખતની લાઇનો કાઢી નવી લાઇનો નાંખવામાં આવેલ હોય તેવા આશરે ૨૪૭ જેટલા કનેકશનો ટ્રાન્સફર કરી આપવામાં આવેલ છે. અહેવાલી વર્ષમાં ૧૦૮ જેટલા અનધિકૃત રીતે લીધેલ વોટર કનેકશનો કાઢી નાંખવામાં આવેલ છે.તથા ડાયરેક્ટ ઇલેક્ટ્રીક મોટર દ્વારા પાણી ખેંચતા રહીશોની મોટરો પકડી જપ્ત કરવામાં આવેલ છે. જેથી પ્રેસરનો પ્રશ્ન હળવો થવા પામેલ છે.

**<u>પબ્લીક ટેપઃ-</u>**

ઉત્તર ઝોનમાં રૂા.૦.૭૮ લાખના ખર્ચે ૧૩ નવી પબ્લીક ટેપો મૂકવામાં આવેલ છે. વર્ષ દરમ્યાન કુલ ૩૮૬ જેટલા પોલ્યુશનનો નિકાલ કરવામાં આવેલ છે.૯૮૬ જેટલા મેઈન લાઈનના અને ૧૭૬૧ જેટલા નાની લાઇનોના લીકેજો રીપેર કરવામાં આવેલ છે.તેમજ ૫૧ જેટલા ડ્રેનેજ લાઇનનાં બ્રેકડાઉન ૭.૮૫ લાખના ખર્ચે રીપેર કરવામાં આવેલ છે.

**<u>(૪)બિલ્ડીંગ વિભાગના કામો :-</u>**

ઉત્તર ઝોનમાં આવેલ મ્યુનિ. મિલકતો જેવી કે મ્યુ.દવાખાના, પ્રસુતિગૃહો, તથા શાળાઓમાં સુધારા વધારા અને મરામતના કામો બિલ્ડીગ ખાતા તરફથી કરવામાં આવે છે. અહીંના નાગરિકોને માંદગીમાં યોગ્ય સારવાર મળી શકે તે માટે નાગરિકોને માંદગી સમયે સારવાર પુરી પાડતી શ્રીમતી શા.ચી.લા. જન. હોસ્પિટલમાં અહેવાલી વર્ષ દરમ્યાન નવું ઓ.પી.ડી.સંકુલ બનાવવાનું કામ પુરૂં કરેલ છે.અહેવાલી વર્ષ દરમ્યાન ઝોનમાં પ્રજાકીય કામો કરવા માટે જનરલ બજેટમાં રોડ, પાણી, ડ્રેનેજ અને બિલ્ડીગના રૂા.૧૮૧ લાખના મરામત નિભાવના કામો કરાવવામાં આવેલ છે.

ઉત્તર ઝોનમાં વસતા નાગરિકોને વધુમાં વધુ પાયાની સુવિધા પ્રાપ્ત બને અને તેઓની સુખાકારી શિક્ષણ અને સ્વાસ્થ્યમાં વધારો થાય તેવા તમામ પ્રયત્નો કરવામાં આવે છે.ઉત્તરઝોનમાં વિકાસના કામોમાં સૈજપુર વોર્ડ, નરોડા મુઠીયા વોર્ડ તથા અસારવા વોર્ડમાં તળાવ ડેવલોપ કરવાનું કામ તથા મેમ્કો ટયુબવેલ સ્ટેશન ચાલુ કરેલ છે.સરદારનગર વોર્ડમાં તથા નરોડા મુઠીયા વોર્ડમાં મ્યુનિ.કોમ્યુનીટી હોલ બનાવવાનું કામ ચાલુ છે તથા અસારવા વોર્ડમાં સ્કેટીંગ રીકનું બાંધકામ ચાલુ છે મેઘાણી નગરમાં કોમ્યુનીટી હોલ બનાવવાનું કામ પુરૂ કરેલ છે પોટલીયા વોર્ડમાં સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ બનાવવાનું કામ ચાલુ છે.નાગરિકોની ફરિયાદોના સમયસર નિકાલ થાય તે ખાસ જોવામાં આવે છે.ફરિયાદોના સમયસર નિકાલ માટે સમયાંતરે ચકાસણી કરવામાં આવે છે. વોર્ડમાંથી ઉપસ્થિત થતા પ્રશ્નો નું નિરકરણ લાવવા ચર્ચા અને છણાવટ કરવા ઝોન કક્ષાએ ડે.મ્યુ. કમિશનરશ્રી (ઉ.ઝોન)ના અધ્યક્ષસ્થાને એક મીટીંગનું આયોજન કરવામાં આવે છે જેમાં વોર્ડના ધારાસભ્યશ્રીઓ તથા મ્યુનિ.કાઉન્સીલરશ્રીઓને પણ આમંત્રણ આપીને પ્રશ્નો નો ઉકેલ કરાય છે.અહેવાલી વર્ષ ૦૭-૦૮ દરમ્યાન વોર્ડ વાઇઝ થયેલ મુખ્ય કામોની વિગત દર્શાવતુ પત્રક ૪;૧૦:૧ માં દર્શાવેલ છે તથા ખર્ચ સહિતની વિગતો દર્શાવતુ પત્રક ૪:૧૦:૨માં દર્શાવેલ છે.

આમ ઉત્તર ઝોન ઈજનેર ખાતા દ્વારા સરળ પારદર્શક અને લોકભિમુખ વહીવટ દ્વારા નાગરિકોના પ્રશ્નોના નિકાલ માટે કામગીરી કરવામાં આવે છે.

## પત્રક ૪.૧૦.૧

## અહેવાલી વર્ષ સને ૨૦૦૭-૦૮ દરમ્યાન ઉતરઝોનમાં વોર્ડવાઈઝ થયેલ મુખ્ય કામોની વિગત દર્શાવતુ પત્રક

| અ.નં | વોર્ડનું નામ | નવા રસ્તા બનાવ્યા કી.મી. | રસ્તા રીસરફેસ કર્યા કી.મી | નવી ડ્રેનેજ લાઈન બનાવી કી.મી. | નવી પાણીની પાઈપ લાઈન નાંખી કી.મી | નવી સ્ટ્રો.વો.ડ્રે. નાંખી કી.મી. | નવા ડ્રેનેજ કનેક્શન આપ્યા સંખ્યા | નવા પાણીના કનેક્શન આપ્યા | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | મીટર વગર વસવાટ માટે | મીટરથી બીન વસવાટ માટે | કુલ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| ૧ | સૈજપુર બોઘા | ૫.૨૨ | ૩.૫ | ૧.૨ | ૧.૧૫ | ૧.૧ | ૨૪૦ | ૨૪૦ | ૦ | ૨૪૦ |
| ૨ | સરસપુર | ૨.૯૭ | ૩.૪ | ૦.૮ | ૧.૧ | ૦.૫૮ | ૨ | ૮૩ | ૦ | ૮૩ |
| ૩ | પોટલીયા | ૦.૪૭ | ૩.૨ | ૦.૭૫ | ૦.૩૩ | ૪ | ૧ | ૫૯ | ૦ | ૫૯ |
| ૪ | ઠક્કરબાપાનગર | ૧ | ૨.૬ | ૦.૯ | ૦.૭ | ૦ | ૧૩ | ૯ | ૦ | ૯ |
| ૫ | નરોડા મુઠિયા | ૪.૬ | ૨.૩ | ૦.૨૫ | ૦.૫ | ૦.૨૫ | ૫ | ૧૮ | ૯ | ૨૭ |
| ૬ | નરોડા રોડ | ૧ | ૧.૨૬ | ૧.૧ | ૦.૫ | ૧ | ૧ | ૨૦૦ | ૦ | ૨૦૦ |
| ૭ | સરદારનગર | ૪.૪૫ | ૨.૨૫ | ૧.૩૮ | ૨.૫ | ૧.૨૫ | ૯૭ | ૨૮૦ | ૩ | ૨૮૩ |
| ૮ | કુબેરનગર | ૧૨ | ૨.૨ | ૧.૨ | ૧.૨ | ૦.૪ | ૧૨ | ૩૨ | ૦ | ૩૨ |
| ૯ | અસારવા | ૦ | ૧ | ૧.૧ | ૨.૧ | ૦ | ૫ | ૩૨૦ | ૨ | ૩૨૨ |
| ૧૦ | નવા નરોડા | ૯ | ૧ | ૦.૨ | ૩.૪૪ | ૧.૪ | ૬ | ૧ | ૨ | ૩ |
| | કુલ | ૪૦.૭૧ | ૨૨.૭૧ | ૮.૮૮ | ૧૩.૫૨ | ૯.૯૮ | ૩૮૨ | ૧૨૪૨ | ૧૬ | ૧૨૫૮ |

## પત્રક- ૪:૧૦:૨
### ખર્ચ સહિતની વિગતો દર્શાવતુ પત્રક

| અ.નં | વિગત | જથ્થો | ખર્ચ(લાખમાં) |
|---|---|---|---|
| ૧ | રસ્તા પાકા કર્યા | ૪૦.૭૧ (કિ.મી) | ૧૯૦.૮૮ |
| ૨ | રસ્તા રીસરફેસ કર્યા | ૨૨.૭૧ (કિ.મી) | ૨૮૯.૮૨ |
| ૩ | નવી કેચપીટ બનાવવી | ૧૯૮ (નંગ) | ૭.૦૫ |
| ૪ | કેચપીટ સફાઇ | ૧૫૮૩૭ (નંગ) | ૦ |
| ૫ | પથ્થર પેવીંગ | ૩૭૬૩૩ (ચો.મી) | ૭૩.૦૭ |
| ૬ | ડ્રેનેજ લાઇન નાખી | ૮૮૮૫ (મીટર) | ૫૪.૭૫ |
| ૭ | પાણીની લાઇનો નાખી | ૧૩.૫૨ (કિ.મી) | ૧૪૬.૪૧ |
| ૮ | ૯૦/૧૦ ની સ્કીમ હેઠળ જાજરૂ બાંધ્યા | ૬૭૪ (નંગ) | ૧૪.૩૭ |
| ૯ | પાણીના નવા કનેકશનો આપ્યા | ૧૨૪૨ (ઘર વપરાશ)<br>૧૬ ( ધંધાથે) | ૦ |
| ૧૦ | ડ્રેનેજ કનેકશનો આપ્યા | ૩૮૨ (નંગ) | ૦ |
| ૧૧ | પબ્લીક ટેપ બનાવી | ૧૩ (નંગ) | ૦.૭૮ |
| ૧૨ | પે એન્ડ યુઝ જાજરૂ બાંધ્યા | ૧૧ (નંગ) | ૬૩.૨૨ |
| ૧૩ | પબ્લીક ટોયલેટ રીપેર અધતન કર્યા | ૧૨ (નંગ) | ૩.૨૨ |
| ૧૪ | મેનહોલ સફાઇ | ૭૧૪૦૬ (નંગ) | ૪૪ |
| ૧૫ | ડ્રેનેજ લાઇન ડીશીલ્ટીંગ | ૨૦૬૯૪ (મીટર) | ૨૫.૨૦ |
| ૧૬ | મેનહોલ ચેમ્બર બનાવ્યા | ૩૦૭ (નંગ) | ૩૮.૩૮ |
| ૧૭ | મેનહોલ ચેમ્બર રીપેરીંગ કર્યા | ૮૨૯ (નંગ) | ૭.૧૭ |
| ૧૮ | ડ્રેનેજ લાઇનના બ્રેક ડાઉન રીપેરીંગ કર્યા | ૫૧ (નંગ) | ૭.૮૫ |
|  | કુલ |  | ૯૬૬.૧૭ |

# ૪.૧૧ ઈજનેર દક્ષિણઝોન

## ૦૭-૦૮

ઈજનેર દક્ષિણ ઝોનની કામગીરી એડી.સી.ઈ.શ્રી, ડે. મ્યુ.કમિ.શ્રી ની સીધી દેખરેખ હેઠળ સંભાળે છે. આ વિભાગમાં કુલ ૮ વોર્ડ આવેલા છે. મણિનગર, કાંકરિયા, બહેરામપુરા, દાણીલીમડા, વટવા, ઈસનપુર, બાગેફિરદોસ,લાંભા અહીં રોજબરોજનાં પ્રજાકીય કામો કરવામાં આવે છે. અહેવાલી વર્ષ દરમ્યાન આ ઝોન દ્વારા નીચે મુજબ કામગીરી કરવામાં આવેલ છે.

**(૧) રસ્તા વિભાગના કામો :-**

દક્ષિણઝોનમાં જુદા જુદા વોર્ડમાં વર્ષ દરમ્યાન રૂા.૨૨૪.૩૦ લાખના ખર્ચે ૧૨.૩૦ કિ.મી. લંબાઇના રસ્તા પહોળા કરવામાં આવ્યા છે. અને રૂા.૪૫૭.૪૧ લાખના ખર્ચે ૧૭.૯૦ કી.મી.લંબાઇના રસ્તા નવા બનાવેલ છે તથા રૂા.૯૨૦.૦૦ લાખના ખર્ચે રૂા.૨૩.૦૦ કી.મી. લંબાઇના રસ્તા રીસરફેસ કરવામાં આવ્યા છે.વરસાદી પાણીના નિકાલ માટે આર.સી.સી.પાઇપ લાઇન નાખી ૨૫૮ કેચપીટ રૂા.૪.૧૫ લાખના ખર્ચે બનાવવામાં આવેલ છે.૨.૩૫ કી.મી.સ્ટ્રોમ વોટર ડ્રેઇન રૂા.૨૦.૦૦ લાખના ખર્ચે નાખવામાં આવી છે.જી.આઇ.ડી.સી. વિસ્તારમાં કાચી નીકો તૈયાર પાણીનો યોગ્ય નિકાલ કરવામાં આવેલ છે તથા નીકો સાફ કરવામાં આવી છે.

**(૨) ડ્રેનેજ વિભાગના કામો :-**

અહેવાલી વર્ષ દરમ્યાન ૧૧.૩૨ કી.મી ની નવી ડ્રેનેજ લાઈન રૂા.૬૮.૭૦ લાખના ખર્ચે નાખવામાં આવી છે.રૂા.૧૭.૯૫ લ;ાખના ખર્ચે ૨૬૧ નવા મેનહોલ બનાવવામાં આવેલ છે. તથા લો કાસ્ટ સેનીટેશનની ૯૦/૧૦ સ્કીમ હેઠળ ૨૫ જાજરૂ બાંધવાની મંજુરી આપવામાં આવી છે.

**(૩) પાણી વિભાગના કામો :-**

અહેવાલી વર્ષ દરમ્યાન ૨૮ નવી પબ્લીક ટેપો નાંખવામાં આવેલ છે. ૪૯ જુની પબ્લિક ટેપોની મરામત કરાવવામાં આવી છે. પાણીની નવી ૮.૫૫ કિ.મી.ની પાઇપ લાઇનો રૂા.૮૧.૩૦ લાખના ખર્ચે નાખેલ છે.અહેવાલી વર્ષ દરમ્યાન કુલ ૩૨૮ ઘર વપરાશના મીટર વગરના પાણીના કનેકશન આપવામાં આવ્યા છે.૧૩ નંગ બિન વસવાટ માટે કનેકશન આપવામાં આવ્યા છે.૨૧૧ જગ્યાએ પાણીની લાઇનોનું વોશ આઉટ કરી ઓછુ પ્રેશર જણાય ત્યાં તેને સુધારવાની કામગીરી કરવામાં આવી છે.નાની મોટી લાઇનોના કુલ ૪૩૭૪ લીકેજ દુર કરવામાં આવ્યા છે.૨૦૬ જેટલી જગ્યાએ ઘરવપરાશની સડેલી મીટર નળીઓ બદલી,પાણીની લાઇનના છેડાઓ વોશ આઉટ કરવામાં આવ્યા છે.

**(૪) બિલ્ડીંગ વિભાગના કામો :-**

મ્યુ.માલિકીનાં અગત્યનાં અને લોકોપયોગી મકાનોમાં જરૂરી સુધારા-વધારા કરવા, તથા કેપીટલ અને મરામત નિભાવનાં કામો કરવામાં આવ્યા છે. અહેવાલી વર્ષમાં કોર્પો.નાં રેવન્યુ એકાઉન્ટમાં ખર્ચ પાડી કુલ ૮૮૯ કામો રૂા.૨૬૯.૨૫ લાખના ખર્ચે તથા કેપીટલ એકાઉન્ટમાં ખર્ચ પાડી કુલ ૨૭૦ કામો રૂા.૧૨૪૨.૦૪ લાખના ખર્ચે કરવામાં આવ્યા છે.

અહેવાલી વર્ષ દરમ્યાન રોડ, પાણી, બિલ્ડીગ, ડ્રેનેજ, જાહેર જાજરૂ, પેશાબખાના અને સ્ટ્રોમ વોટર ડ્રેઇનને લગતા કુલ ૩૭ કામો રૂા.૩૯.૧૬ લાખના ખર્ચે માન. ધારાસભ્યશ્રીનાં બજેટમાંથી કરવામાં આવેલ છે.

રોડ, પાણી, બિલ્ડીગ, ડ્રેનેજ, જાહેર જાજરૂ, પેશાબખાના, સ્ટ્રોમ વોટર ડ્રેઇન તથા બીલ્ડીગને ને લગતાં ૧૪ કામો રૂા.૨૮.૫૬ લાખનાં ખર્ચે માન.સંસદ સભ્યશ્રીનાં બજેટમાંથી કરવામા આવ્યા છે. રોડ, પાણી, બિલ્ડીગ, ડ્રેનેજ, જાહેર જાજરૂ, પેશાબખાના અને સ્ટ્રોમ વોટર ડ્રેઇનને લગતા ૩૬૩ કામો રૂા.૧૪૧.૬૪ લાખના ખર્ચે મ્યુનિ.કાઉન્સીલર શ્રીના બજેટમાંથી કરવામાં આવ્યા છે.

ઈજનેર દક્ષિણ ઝોનનાં વોર્ડ વાઇઝ કરવામાં આવેલ કામોની માહિતી દર્શાવતુ પત્રક ૪.૧૧.૧ આ સાથે સામેલ છે.

**પત્રક ૪.૧૧.૧**

**અહેવાલી વર્ષ સને ૨૦૦૭-૦૮ દરમ્યાન દક્ષિણઝોનમાં વોર્ડવાઈઝ થયેલ મુખ્ય કામોની વિગત દર્શાવતુ પત્રક**

| અ.નં | વોર્ડ | નવા પહોળા કરેલ રસ્તા કી.મી. | નવા રસ્તા બનાવ્યા કી.મી. | રસ્તા રીસરફેસ કર્યા કી.મી | નવી ડ્રેનેજ લાઈન બનાવી નાંખી કી.મી. | નવી પાણીની લાઈન | નવી સ્ટ્રો.વો.ડ્રે. નાંખી કી.મી. | નવા ડ્રેનેજ કનેક્શન આપ્યા સંખ્યા | નવા પાણીના કનેકશન ઘરવપરાશ | બીન વસવાટ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| **૧** | **મણીનગર વોર્ડ** | **૨** | **૦.૫૪** | **૬.૫** | **૦.૨૨** | **૦** | **૦** | **૨૨** | **૫૫** | **૫** |
| ૨ | કાંકરીયા વોર્ડ | ૦.૩ | ૦ | ૩.૭૪ | ૪.૫ | ૪.૦૫ | ૦.૧ | ૧ | ૫ | ૬ |
| ૩ | બહેરામપુરા વોર્ડ | ૪ | ૦ | ૦ | ૧.૫ | ૧ | ૦.૨૫ | ૧ | ૦ | ૧ |
| ૪ | દાણીલીમડા | ૦ | ૨.૮૫ | ૨.૮૫ | ૧.૨ | ૦.૪ | ૦ | ૦ | ૫૮ | ૧ |
| ૫ | બાગે ફિરદોશ વોર્ડ | ૦ | ૧ | ૩ | ૧ | ૧.૫ | ૧ | ૫ | ૨૦ | ૦ |
| ૬ | ઈશનપુર વોર્ડ | ૩.૫ | ૨.૧૩ | ૫ | ૦.૯ | ૦.૬ | ૦ | ૪૨ | ૧૬૬ | ૦ |
| ૭ | વટવા વોર્ડ | ૧ | ૯.૧ | ૧.૫૫ | ૨ | ૧ | ૧ | ૬ | ૨૪ | ૦ |
| ૮ | લાંભા | ૧.૫ | ૨.૩ | ૧.૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | કુલ | ૧૨.૩ | ૧૭.૯ | ૨૩.૭ | ૧૧.૩૨ | ૮.૫૫ | ૨.૩૫ | ૭૭ | ૩૨૮ | ૧૩ |

# ૪.૧૨ ઈજનેર નવા પશ્ચિમ ઝોન.

## ૦૭-૦૮

નાગરિકોને સેવા મેળવવા માટે ઉચ્ચ અધિકારી સુધી જવુ ન પડે અને તેમની રોજીંદી ફરીયાદોનો ઝડપી નિકાલ થાય તે માટે મ્યુનિ.કોપો.દ્રારા વહીવટનું વિકેન્દ્રીકરણ કરીને શહેરમાં ઝોનલ કચેરીઓ સ્થાપવાનો નિર્ણય કરી શહેરને છ ઝોનમાં વિભાજન કરેલ છે. મ્યુનિસિપલ કોર્પોરેશનની હદમાં નવા સમાવિષ્ટ વિસ્તારો પૈકી પશ્ચિમ ઔડા વિસ્તારના ૧૨ ન.પા. અને ૧૮ ગ્રા.પં. વિસ્તારનો સમાવેશ નવા પશ્ચિમ ઝોનમાં કરવામાં આવેલ છે. જેમાં માત્ર વહીવટી વ્યવસ્થા માટે ૯ વોર્ડમાં વિભાજન કરવામાં આવેલ છે. એટલે કે સરખેજ, બોડકદેવ, વેજલપુર, થલતેજ, ચાંદલોડીયા, ઘાટલોડીયા, રાણીપ, કાળી, જોધપુર નો સમાવેશ કરવામાં આવેલ છે.

નવા પશ્ચિમ ઝોન દ્વારા દરેક વોર્ડમાં નાગરિકોને મ્યુનિ.કોપો.ની ઈજનેર ખાતાને લગતી સેવાઓ જેવી કે પાણી,ગટર,રસ્તા, જાહેર શૌચાલયો વિગરે સેવાઓ સરળતાથી મળે તે માટે સબ ઝોનલ ઓફીસોમાં વ્યવસ્થા કરવામાં આવેલ છે. આ સબ ઝોનલ ઓફીસોમાં જઈ નાગરિકો તે વોર્ડ માં આવતા વિસ્તારની તેમની ઉપરોક્ત સેવાઓને લગતી ફરિયાદો કોમ્પ્યુટર ઉપર રજીસ્ટર કરાવી શકે છે, અને તે રીતે ફરિયાદોનો ઝડપી નિકાલ કરવામાં આવે છે.

## -: ઈજનેર પાણી વહેંચણી વિભાગની કામગીરી :-

પશ્ચિમ ઔડા વિસ્તારમાં અવેલા ૩૫ ન.પા. ગ્રા.પં. વિસ્તારની આશરે ૧૨ લાખ વસ્તીને ભૂગર્ભ બોર આધારિત પાણી વિતરણ વ્યવસ્થા દ્વારા ગ્રા.પં. / ન.પા. અથવા પ્રાઈવેટ બોર દ્વારા પાણી મેળવવામાં આવતું હતું. આ ભૂગર્ભ બોરના પાણીમાં ક્ષારનું પ્રમાણ ઘણું વધારે હોઇ આ વિસ્તારમાં નર્મદાના શુધ્ધ કરેલા પાણી આપવા માટે ઔડા દ્વારા પશ્ચિમ ઔડા પાણી પુરવઠા યોજનાનું આયોજન કરવામાં આવેલ અને તે મુજબ ઔડા દ્વારા આ વિસ્તાર માટે નર્મદા કેનાલ માંથી સને ૨૦૧૬ સુધી આ વિસ્તાર માટે ૨૭૫ મી.લી. પ્રતિદિન તથા સને ૨૦૩૧ સુધી માટે ૪૦૦ મી.લી. પ્રતિદીન પાણી નર્મદા કેનાલમાંથી મેળવવા માટે સરદાર સરોવર નિગમ લી. માંથી રાજ્ય સરકાર શ્રી ની સહાય માથી જરૂરી મંજુરી મેળવેલ અને જાસપુર ગામ પાસે ધોળકા બ્રાન્ચ કેનાલ માંથી નર્મદાનું રો વોટર મેળવી તેને શુધ્ધ કરવા મટેનો વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ બાંધવામાં આવેલ છે આ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાંથી ૩૫ ગામોને શુધ્ધ કરેલ પાણી પહોંચાડવા માટેની આશરે ૯૪ કી.મી. લાંબી ટ્રંક મેઈન લાઈન નાંખવાની કામગીરી પણ ઔડા દ્વારા પુરી કરવામાં આવેલ છે. આ ૩૫ ગામો પૈકીના વધુ વસ્તી ઘનતા ધરાવતા ૧૬ ગ-ા.પં./ ન.પા. વિસ્તારના પાણી વિતરણ કરવા માટે જરૂરી નવી ભૂગર્ભ ટાંકીઓ તથા પંપહાઉસ સાથેના

કુલ ૩૨ હેડવર્ક્સ બનાવવાની કામગીરી કરવામાં આવેલ છે. તથા આશરે ૫૦૦ કીમી જેટલી પાણી વિતરણની પીવીસી પાઇપલાઇનો નાંખવાની કામગીરી કરવામાં આવેલ છે.

અ.મ્યુ.કો. દ્વારા પ્રથમ તબક્કા ના આ ૧૬ ગામો પૈકીના ૧૩ ગામોના જેવા કે કાળી, રાણીપ, ચાંદલોડીયા, ઘાટલોડીયા, મેમનગર, થલતેજ, સોલા, બોડકદેવ, આંબલી, જોધપુર, વસ્ત્રાપુર, વેજલપુર અને સરખેજ વિસ્તારોના નવા બનાવેલ આશરે ૨૯ હેડવર્ક્સ દ્વારા ૧૦૭૧૪૭૫ વસ્તીને પંચાયત સમયના જુના હયાત આશરે ૮૯૫૬૬ કનેક્શન ધારકોને નવા હેડવર્ક્સ તથા હયાત ઓવરહેડ ટાંકીઓની મદદથી નર્મદાના શુધ્ધ કરેલ પાણી વિતરણ કરવાની કામગીરી આ વર્ષે શરૂ કરવામાં આવેલ છે. આ ઉપરાંત આ વિસ્તારની પ્રાઇવેટ બોર આધારિત અન્ય પ્રાઇવેટ સોસા. પૈકી ૬૪૫ કનેક્શનો દ્વારા ૨૪૮૨૩ વધુ વસ્તીને નર્મદાના શુધ્ધ કરલા પાણી પહોંચાડવાની કામગીરી કરવામાં આવેલ છે.

મ્યુ.કોર્પોરેશનની હદમાં સમાવિષ્ટ થયા પહેલા આ ૧૩ ગામોમાં ચાલતા ૮૦ બોર ઉપરથી રોજ અપાતો પાણી પુરવઠો હવે બંધ કરી જાસપુર વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ દ્વારા માર્ચ - ૨૦૦૮ ના અંત સુધીમાં આશરે ૧૧૦ મિલિયન લીટર પાણી પુરવઠો પ્રતિદીન પુરો પાડવામાં આવે છે. મુળ યોજના મુજબ ૮૦ પૈકીના માત્ર ૫૦ બોર વિસ્તારોનો આ યોજનાની વિતરણ વ્યવસ્થામાં સામેલ કરવામાં આવેલ.આથી મ્યુ.કોર્પોરેશન દ્વારા બાકીના વધુ ૩૦ બોરોના આ યોજનાની લાઇનો સાથે જોડાણ કરવાની કામગીરી ચાલુ વર્ષે કરી તેઓને આ યોજનામાં સાંકળવામાં આવેલ છે.આમ આ વિસ્તારની વસ્તીને ઉચ્ચ ગુણવત્તા વાળા નર્મદાના શુધ્ધ કરેલા પાણી આપવાની સિધ્ધિ હાંસલ કરેલ છે અને સાથે સાથે ૮૦ બોરના વીજળીનાં બીલોની બચત કરેલ છે. આ બોરોને ચાલુ અવસ્થામાં રાખી જાસપુર થી મળતા પાણી પુરવઠામાં જી.ઇ.બી પાવરકટ કે અન્ય કારણસર ઘટ પડે ત્યારે તેમાંથી પાણી પુરવઠો પુરો પાડી પ્રજાની પાણીની જરૂરિયાતને પહોંચી વળવાનો પ્રયાસ કરવામાં આવે છે .

નવા.પ.ઝોનની હદમાં સમાવિષ્ટ ૩૦ ગ્રા.પં./ ન.પા. વિસ્તારો પૈકીના ઉપર દર્શાવેલ ૧૩ ગામ સિવાયના અન્ય ૧૭ ગામોના જે તે પંચાયત સમયે ચાલુ ૬૨ બોરો દ્વારા હયાત જુની વ્યવસ્થા મુજબની પાણી વ્યવસ્થા ચાલુ રાખવામાં આવેલ છે અને આ તમામ બોરો ની મશીનરીની તથા ઇલેક્ટ્રીક પાવરની મરામત નિભાવની કામગીરી પણ જાળવી રાખવામાં આવેલ છે.

હાલ ચાલુ બોર આધારિત પાણી વિતરણ વ્યવસ્થામાં ક્લોરીનેટેડ પાણી આપવા માટે મ્યુ.કોર્પોરેશન દ્વારા નવા ક્લોરીન ડોઝર લગાવવાની કામગીરી પણ ચાલુ વર્ષે પુરી કરવામાં આવેલ છે. આમ આ બોર ઉપરથી તથા નર્મદા યોજનાના હેડવર્ક્સ ઉપરથી અપાતો તમામ પાણી પુરવઠો આપવાની વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે.

મુળ નર્મદા યોજના માં પ્રતિવ્યક્તિ ૧૪૦ લિટર પાણી મુજબ ૧ ઘરમાં એવરેજ ૫ વ્યક્તિ મુજબ ઘર દીઠ આશરે ૭૦૦ લિટર કે તેથી વધુ પાણી ૮ કલાકમાં પ્રતિદીન આપવાનું આયોજન હતું. પરંતુ તે વ્યવહારુ અને લોક અપેક્ષા મુજબનું ન હોઇ મ્યુ.કોર્પોરેશન દ્વારા પંચાયતની જુની વ્યવસ્થા મુજબ હયાત કનેકશન ધારકોને પાણી આપવાનું ચાલુ રાખેલ છે તથા નવા કનેકશન ધારકોને ૮ કલાક ને બદલે ૨ કલાકમાં તેટલું જ પાણી આપવા માટેનું આયોજન કરવામાં આવેલ છે અને આ માટે નર્મદા યોજના અન્વયે નાખવામા આવેલ પાઇપલાઇનોના નેટવર્ક માં જરૂરી સુધારા વધારા કરવામં આવેલ છે. નર્મદા યોજનામાં નાંખવામાં આવેલ પાણીની લાઇનો પીવીસીની હોવાથી તથા પંચાયત સમયની જુની હયાત લાઇનો પીવીસી અથવા એસી અથવા આરસીસી પાઇપ હોવાથી તેમાં જોવા મળતા લીકેજ તથા પોલ્યુશનના વધારે પ્રમાણને ધ્યાનમાં રાખતા તબક્કા વાર આ વિસ્તારમાં નવી ડી.આઇ. પાઇપલાઇન નાખવાની કામગીરી પણ શરૂ કરવામાં આવેલ છે. ચાલુ વર્ષે ૮૦ થી ૨૦૦ મીમી સુધી આશરે ૧૫.૨૫ કીમી લંબાઇની તથા ૨૦૦મીમી થી વધુ મોટી આશરે૧.૮૯ કીમી ની નવી લાઇનો નાખવાની કામગીરી કરવામાં આવેલ છે.

નવા.૫.ઝોનના ચાલી તથા ઝૂપડા વિસ્તારોમાં રહેતા ઓછી આવક વાળા શ્રમજીવી વર્ગને પણ નર્મદાના શુધ્ધ કરેલ પાણી મળી રહે તે હેતુથી રાણીપ, બોડકદેવ, થલતેજ વિગેરે વિસ્તારોમાં થઇ કુલ ૩૦ સ્થળોએ નવી પબ્લીક ટેપ મુકવાની કામગીરી કરવામાં આવેલ છે.

## -: ઈજનેર રોડ વિભાગ ની કામગીરી :-

નવા.૫.ઝોનના આશરે ૧૯૨ કીમી વિસ્તારમાં આવેલા ૧૨ ન.પા. તથા ૧૮ ગ્રા.પં પૈકી ના ૧૩૨ ફૂટ રીંગ રોડ તથા એસ.જી.હાઇવે વચ્ચેના વિસ્તારના ૨૦ ટીપી વિસ્તારમાં રસ્તાઓના વિકાસ મરામત નિભાવની કામગીરી ન.પા. તથા ઔડા દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવતી હતી. આ સિવાયની અન્ય નવી ટીપી સ્કીમોના વિસ્તારોમાં ડ્રાફટ ટીપી સકીમ મુજબ નવા રસ્તા ખોલવાની તથા તેનો વિકાસ અને મરામત નિભાવની કામગીરી ઔડા દ્વારા કરવામાં આવતી હતી.

મ્યુ. કોર્પોરેશનની હદમાં સમાવેશ થયા બાદ નવેમ્બર - ૨૦૦૭ પછી આ રસ્તાઓ માં અન્ય સર્વિસિસ માટે થયેલા ખોદાણ કામો કે પાણીના ભરાવાને કારણે રસ્તા તુટવાના કીસ્સા ઘણા મોટા પ્રમાણમાં જોવા મળેલ છે. આવા રસ્તાઓના મરામત નિભાવની કામગીરી પેચવર્ક દ્વારા મ્યુ.કોર્પોરેશન દ્વારા શરૂ કરવામાં આવેલ અને ચાલુ વર્ષે મ્યુ.કોર્પોરેશનના મેટલ ડેપો ઉપરથી આશરે ૧૦૪૦ મે.ટન હોટમીક્ષ મટીરીયલ મેળવી પેચવર્કનાં કામો કરવામાં આવેલ છે. આ ઉપરાંત અગ્રતાના ધોરણે આશરે ૬.૪ કીમી રસ્તા પહોળા કરવાની તથા ૩.૪૫ કીમી રોડ નવા બનાવવાની કામગીરી કરવામાં આવેલ છે.

આશરે ૬કીમી લંબાઇના રોડ રીસરફેસ કરાવની કામગીરી કરાવમાં આવેલ છે. તથા હાલમાં બીજા આશરે ૧૪ કી.મી. રસ્તા બનાવવા તથા પહોળા કરવાનુ કામ ચાલુ છે.

વિકાસના તબક્કામાં હોવાથી ટેલીફોન, ઇલેક્ટ્રીક કેબલ તથા ગેસ જેવી પાઇપલાઇન નાંખવાના કામો પ્રગતિમાં હોઇ આ ચાલુ કામોના કારણે થનાર ખોદાણ ને ધ્યાનમાં રાખી વધુ વિસ્તારોમાં રોડ વાઇડનીંગ તથા રીસરફેસનાં કામો આ ખોદાણનાં કામો પુરા થયા બાદ હાથ ધરવાનું નક્કી કરવામાં આવેલ છે.

સને ૨૦૦૭-૦૮ માં કુલ રૂા. ૨૫૦ લાખ ના ખર્ચે રોડના કેપીટલના કામો તથા અંદાજે રૂા. ૨૫ લાખનાં ખર્ચે મરામત નિભાવના કામો રેવન્યુ બજેટ હેડ ખાતે ખર્ચો પાડી કરવામાં આવેલ છે.

## -: ઈજનેર બિલ્ડીંગ વિભાગ ની કામગીરી :-

મ્યુ.કોર્પોરેશનની હદમાં સમાવિષ્ટ થયા બાદ નવા.પ.ઝોનના વિસ્તારમાં આવતી તમામ ૧૧ ન.પા. દ્વારા તૈયાર કરવામાં આવેલ મુખ્ય કાર્યાલયોમાં કાળી, ચાંદલોડીયા, રાણીપ, ઘાટલોડીયા, થલતેજ, મેમનગર, વેજલપુર, સરખેજ, વસ્ત્રાપુર, જોધપુર, બોડકદેવ મ્યુ.કોર્પોરેશનની સબઝોનલ ઓફીસો તથા અન્ય ઓફીસો ની બેસવાની વ્યવસ્થા ગોઠવી આ વિસ્તારને પ્રજાની લોકસુખાકારીની પ્રાથમિક ફરજો તથા જવાબદારીઓ નિભાવવાની કામગીરી શરૂ કરવામાં આવેલ છે.

આ ઉપરાંત જગતપુર, ચેનપુર, ઓગણજ, ગોતા, ભાડજ, આંબલી, મકરબા, મક્તમપુરા, ની ગ્રા.પં. ઓફીસો દ્વારા પંચાયત સમયે અપાતી  માળખાકીય સેવાઓ ચાલુ રાખવામાં આવેલ છે.

નવી હદના વિસ્તારોમાં ટેક્ષની નવી આકારણી થાય ત્યાં સુધી પંચાયત સમયે આકારણી મુજબ લેવાતા કરની પ્રથા ચાલુ રાખી અને ઉપરોક્ત ઓફીસો દ્વારા કર ઉઘરાવવાની પ્રથા ચાલુ રાખવામાં આવેલ છે. આ ઉપરાંત જન્મ-મરણનાં દાખલા આપવાની સેવા પણ આ ઓફીસો ઉપરથી ચાલુ રાખવામાં આવેલ છે. આ ઉપરાંત સરખેજ, જોધપુર, બોડકદેવ, વસ્ત્રાપુર, મેમનગર, થલતેજ, ઘાટલોડીયા, ચાંદલોડીયા વિસ્તારોમાં અગાઉ જીલ્લા પંચાયત સમયના હેલ્થ સેન્ટરો ઉપરથી અપાતી સેવાઓ ચાલુ રાખવામાં આવેલ છે.

નવા.પ.ઝોનના મુખ્ય ઝોનલ ઓફીસ નું કામ રૂા.પ.૮૧ કરોડ ના ખર્ચે બોડકદેવ ખાતે શરૂ કરવામાં આવેલ છે. આ ઝોનલ ઓફીસનું કામ પુરુ થાય ત્યાં સુધી જુની મેમનગર ન.પા.ના મકાનમાં હંગામી વ્યવસથા રૂપે ઝોનલ ઓફીસ શરૂ કરવામાં આવેલ છે.

નવા પશ્ચિમ ઝોનની હદમાં વેજલપુર વોર્ડમાં શ્યામાપ્રસાદ ઓવરબ્રીજ નીચે પંચાયત સમયે શરૂ કરવામાં આવેલ માન. સંસદસભ્યશ્રી એલ.કે.અડવાણીજીની ગ્રાન્ટમાંથી ન.પા.સમયે શરૂ કરવામાં આવેલ વાંચનાલય, જીમ્નેશીયમ અને સીનીયર સીટીઝન પાર્કનાં અધુરા કામો પુરા કરી તેનું લોકાર્પણ કરવામાં આવેલ છે.

નવા પશ્ચિમ ઝોન ઇજનેર ખાતા દ્વારા ઉપરોક્ત ઓફીસોના મરામત નિભાવ માટેના રોજબરોજની ફરીયાદોનો નિકાલ કરવા મેન્ટેનન્સ સ્ટાફને કામગીરી સોંપવામાં આવે છે તેમજ કામો હાથ ધરવા માટે જરૂરી માલસામાન પણ જે તે સ્ટોરમાંથી મેળવી કરવામાં આવે છે. જે કામો ડીપાર્ટમેન્ટલ કરાવી શકાય તેમ ન હોય તેવા કામોના અંદાજ બનાવી જે તે સક્ષમ સત્તાની વહીવટી મંજુરી મેળવી આગળની ઘટતી કાર્યવાહી કરી એજન્સીને કામો સોંપી ખાતાના જવાબદાર સ્ટાફના સુપરવીઝન હેઠળ બહારની એજન્સી પાસેથી કામો કરાવવામા આવે છે.

મરામત નિભાવના કામો જનતા, સામાજીક કાર્યકરો તેમજ કન્ટ્રોલ રૂમ તેમજ સિવીક સેન્ટર તરફથી મળતી ફરીયાદોને આધારે પણ હાથ ધરવામાં આવે છે.

આ ઉપરાંત ન.પા. તથા પંચાયત સમયના પુર્વ હોદેદારો, ધારાસભ્યશ્રીઓ તથા સંસદસભ્યશ્રીઓના સુચનો મુજબ તેઓશ્રીએ ફાળવેલ / દર્શાવેલ બજેટમાંથી કામો કરવામાં આવે છે. તદઉપરાંત ખાતાની વહીવટી કામગીરી જેવી કે સ્ટોર્સ ઈન્ડેન્ટ ભરવા, માલસામાન વિગેરે લેવા અને એકાઉન્ટને લગતી ખર્ચની વિગત આપવી, જમાખર્ચી વિગેરે કરાવવાની કાર્યવાહીનો સમાવેશ થાય છે.

## -: ઈજનેર ડ્રેનેજ વિભાગ ની કામગીરી :-

અમદાવાદ મ્યુનિસિપલ  કોર્પોની હદમાં સમાવિષ્ટ નવા વિસ્તારો માં તૈયાર થયેલ ટી.પી.સ્કીમ વિસ્તારો માં ઔડા દ્વારા ડ્રેનેજ લાઇનો તથા વરસાદી પાણીની લાઇનો નાંખવાની કામગીરી જુદા જુદા તબક્કામાં કરવામાં આવે છે. આ લાઇનોની જાળવણી માટે ઔડા દ્વારા જેટીંગ મશીનતથા ગલી એમ્ટીયર મશીનો વસાવી ચોકીંગની આવતી ફરીયાદોના નિકાલ માટે આ મશીનરીઓથી જરૂરી કામગીરી હાથ ધરવામાં આવતી હતી. આ ઉપરાંત ઔડા દ્વારા આ લાઇનોનાં નિયમીત જાળવણી અને ડીસીલ્ટીંગ માટે ભાડાની ડીસીલ્ટીંગ રીક્ષાઓ તથા અન્ય સાધનો તથા મજુરો કોન્ટ્રાકટ પધ્ધતિ થી

રાખી કરાવવામાં આવેલ છે. તા. ૧.૪.૦૮ થી આ પ્રકારની સમગ્ર મરામત નિભાવની ની કામગીરી ઔડા દ્વારા મ્યુનિ. કોર્પોની સોંપવામાં આવનાર છે.

## -: કેપીટલ વર્કસ :-

સને ૨૦૦૭ -૦૮માં  નવા પશ્ચિમ ઝોનમાં જુદા જુદા કેપીટલના કામો કરવા માટે રૂા.૩૨.૭૫ કરોડનું બજેટ ફાળવવામાં આવેલ છે. નવા પશ્ચિમ ઝોનનાં ૯ વોર્ડમાં પ્રાથમિક તબકકે કરવાના થતા જરૂરી કામો નો સર્વે કરી તે મુજબ ૧૮૯ કામો ના અંદાજો બનાવી ટેન્ડરો મંગાવી તેના કામો હાથ ધરવામાં આવેલ છે.

આ કામોમાં જુદા જુદા વોર્ડના મુખ્ય ટી.પી. રસ્તાઓને પહોળા કરવા, રસ્તા રીસરફેસ કરવા, ફુટપાથ પેવીંગ કરવા, અછત વાળા વિસ્તારોમાં પાણીની લાઈનના કામો કરવા, શક્ય હોય તથા લેવલ મળતું હોય તેવી જગ્યાએ સ્ર્ટોમ વોટર ડ્રેઇન તથા સીસ્ટમેટીક ડ્રેનેજ લાઈન નાંખવાના કામોના અંદાજ તૈયાર કરવામાં આવેલ છે. તે પૈકી મોટા ભાગના કામના ટેન્ડરો તૈયાર કરવામાં આવેલ છે. તથા તે મુજબ મંજુર થયેલ કામોની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. જે મુજબ રોડ વિભાગનાં ૮૩ કામો માટે ૮૬૬.૪૭ લાખના, ડ્રેનેજ વિભાગનાં ૧૫ કામો માટે રૂા.૯૫.૯૩ લાખનાં, સ્ર્ટોમ વોટર ડ્રેઇન વિભાગનાં ૧૫ કામો માટે રૂા.૭૦.૩૦ લાખનાં, પાણી વિભાગનાં ૫૫ કામો માટે રૂા.૪૯૫.૪૬ લાખનાં, સ્મશાનગૃહ માટે ૬ કામોનાં રૂા.૧૩૦.૦૦ લાખ, ફૂટપાથનાં ૩ કામો માટેનાં રૂા.૧૭.૭૦ લાખ, વિવિધ રસ્તાઓ પર ડસ્ટબીન મુકવા માટેનાં ૪ કામોનાં રૂા.૧૫.૭૧ લાખ તથા પે એન્ડ યુઝ ટોયલેટ ૮ કામોનાં રૂા.૫૯.૨૫ લાખનાં કામો હાથ ધરવામાં આવેલ છે.

- વેજલપુર વોર્ડમાં લાયબ્રેરી તથા જીમ્નેશીયમનું ચાલુ બાંધકામ પુર્ણ કરી લોકાર્પણ કરવામાં આવેલ છે.
- રાણીપ વોર્ડમાં સ્લમ વિસ્તાર જેવા કે હનુમાનનગરનાં છાપરાં, ભરવાડવાસ, મગનપુરા ની ચાલી, બકરામંડી, સાંઇબાબા ની ચાલી, મદ્રાસી નાં છાપરા વગેરે વસાહતોને ડ્રેનેજ/ પાણી ની સગવડ આપવાનું કામ કરવામાં આવેલ છે.
- બોડકદેવ વોર્ડનાં મકરબા વિસ્તારમાં આવેલ વિવિધ સ્લમ વિસ્તાર જેવા કે નહેરૂનગર, ઈનદીરાઆવાસ, રાજીવનગર વગેરેમાં હયાત ઓપન ડ્રેનેજની કાચી નીકને પાકી બનાવવા માટેનું કામ હાથ ધરવામાં આવેલ છે.

નવા પશ્ચિમ ઝોનમાં વર્ષ ૨૦૦૭-૦૮ દરમ્યાન જુદા જુદા બજેટહેડ હેઠળ રોડ રીસરફેસ કરવા માટે જુદા જુદા વોર્ડમાં ૮૨૦૦મે.ટન D.B.M. તથા ૧૫૭૦૦મે.ટન A.C. એમ કુલ ૨૩૯૦૦મે.ટન કામગીરી હાથ પર ધરવામાં આવેલ / આવનાર છે. કામગિરીનું સંક્ષિપ્ત સમરી પત્રક ૪:૧૨:૧ સામેલ છે.

પત્રક નં.૪:૧૨:૧ નવા પશ્ચિમ ઝોનના જુદા જુદા વોર્ડમાં પ્રાથમિક ઇજનેર વિભાગને લગતા કરવામાં આવેલ કામોની સમરી

વર્ષ- ૦૭-૦૮

| અ.નં. | વસ્તુ | માહિતી | | વોર્ડ નું નામ | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | કુલ | થલતેજ | મેમનગર | ચાંદલોડીયા | રાણીપ | બોડકદેવ | જોધપુર | સરખેજ | કાલી | વેજલપુર | ઘાટલોડીયા |
| ૧ | હયાત રોડ પહોળા કરવા | લંબાઇ કિ.મી.માં | ૬.૪૦૦ | ૦.૨૦૦ | ૦.૦૦૦ | ૦.૦૦૦ | ૦.૦૦૦ | ૨.૦૦૦ | ૩.૪૦૦ | ૦.૦૦૦ | ૦.૦૦૦ | ૦.૨૦૦ | ૦.૩૦૦ |
| ૨ | નવા રોડ બનાવવા | લંબાઇ કિ.મી.માં | ૩.૪૫૭ | ૦.૨૫૦ | ૦.૦૦૦ | ૦.૯૦૦ | ૦.૦૦૦ | ૦.૦૦૦ | ૦.૦૦૦ | ૦.૦૦૦ | ૦.૧૨૫ | ૦.૨૫૦ | ૦.૦૮૨ |
| ૩ | હયાત રોડ રીસરફેસ/નવા રોડ | લંબાઇ કિ.મી.માં | ૬.૦૫૦ | ૦.૫૦૦ | ૦.૦૦૦ | ૦.૦૦૦ | ૦.૦૦૦ | ૦.૮૫૦ | ૧.૯૦૦ | ૦.૦૦૦ | ૦.૦૦૦ | ૦.૫૦૦ | ૦.૦૦૦ |
| ૪ | પાણીની પાઇપ લાઇન ૮૦ એમ.એમ.અને ૨૦૦ એમ.એમ. | લંબાઇ કિ.મી.માં | ૧૫.૨૫૨ | ૦.૨૧૫ | ૧.૭૨૦ | ૦.૬૩૩ | ૦.૪૦૦ | ૩.૪૦૦ | ૧.૨૦૦ | ૨.૦૦૦ | ૦.૦૦૦ | ૦.૨૧૫ | ૩.૮૦૪ |
| ૫ | પાણીની પાઇપ લાઇન ૨૦૦ એમ.એમ.અને ઉપર | લંબાઇ કિ.મી.માં | ૧.૮૯૦ | ૦.૦૭૦ | ૦.૦૦૦ | ૦.૦૦૦ | ૦.૦૦૦ | ૧.૩૨૦ | ૦.૦૦૦ | ૦.૨૦૦ | ૦.૦૦૦ | ૦.૦૭૦ | ૦.૩૦૦ |
| ૬ | વોટર કનેકશન રેસીડેન્સીયલ | નં. | ૫૦૨.૦૦૦ | ૩૯.૦૦૦ | ૪૦.૦૦૦ | ૩.૦૦૦ | ૬.૦૦૦ | ૬૧.૦૦૦ | ૧૬૦.૦૦૦ | ૦.૦૦૦ | ૦.૦૦૦ | ૩૯.૦૦૦ | ૧૨૫.૦૦૦ |
| ૭ | વોટર કનેકશન કોર્મશીયલ | નં. | ૧૮.૦૦૦ | ૪.૦૦૦ | ૦.૦૦૦ | ૦.૦૦૦ | ૦.૦૦૦ | ૧૩.૦૦૦ | ૦.૦૦૦ | ૦.૦૦૦ | ૦.૦૦૦ | ૪.૦૦૦ | ૧.૦૦૦ |
| ૮ | પબ્લીક ટેપ | નં. | ૩૦.૦૦૦ | ૦.૦૦૦ | ૦.૦૦૦ | ૦.૦૦૦ | ૨૫.૦૦૦ | ૪.૦૦૦ | ૦.૦૦૦ | ૦.૦૦૦ | ૦.૦૦૦ | ૦.૦૦૦ | ૦.૦૦૦ |
| ૯ | ૯૦ ૧૦ ટોઇલેટ સ્કીમ જી.એમ.એફ.બી | નં. | ૧૩૧૧.૦૦૦ | ૮૦.૦૦૦ | ૦.૦૦૦ | ૫૫.૦૦૦ | ૬૦.૦૦૦ | ૦.૦૦૦ | ૧૧.૦૦૦ | ૯૪૫.૦૦૦ | ૧૬૦.૦૦૦ | ૮૦.૦૦૦ | ૦.૦૦૦ |
| ૧૦ | ડ્રેનેજ લાઇન નવી | લંબાઇ કિ.મી.માં | ૨.૬૭૦ | ૦.૦૦૦ | ૦.૫૪૦ | ૦.૦૦૦ | ૦.૩૦૦ | ૦.૫૩૦ | ૦.૪૫૦ | ૦.૦૦૦ | ૦.૦૦૦ | ૦.૦૦૦ | ૦.૦૦૦ |
| ૧૧ | ડ્રેનેજે લાઇન વધારી | લંબાઇ કિ.મી.માં | ૦.૪૫૦ | ૦.૦૦૦ | ૦.૦૦૦ | ૦.૦૦૦ | ૦.૨૫૦ | ૦.૦૦૦ | ૦.૦૦૦ | ૦.૨૦૦ | ૦.૦૦૦ | ૦.૦૦૦ | ૦.૦૦૦ |
| ૧૨ | સ્ટ્રોમ વોટર ડ્રેનેજે લાઇન નવી | લંબાઇ કિ.મી.માં | ૧.૨૦૯ | ૦.૦૦૦ | ૦.૨૫૫ | ૦.૦૦૦ | ૦.૦૦૦ | ૦.૦૦૦ | ૦.૧૨૪ | ૦.૦૦૦ | ૦.૦૦૦ | ૦.૦૦૦ | ૦.૦૦૦ |
| ૧૩ | સ્ટ્રોમ વોટર ડ્રેનેજે લાઇન વધારી | લંબાઇ કિ.મી.માં | ૦.૦૫૦ | ૦.૦૦૦ | ૦.૦૦૦ | ૦.૦૦૦ | ૦.૦૦૦ | ૦.૦૦૦ | ૦.૦૦૦ | ૦.૦૦૦ | ૦.૦૫૦ | ૦.૦૦૦ | ૦.૦૦૦ |
| ૧૪ | રીસરફેસ(એસી.ડીબીએમ) | એમ.ટી. | ૪૩૯૮.૭૫૫ | ૨૦૧૬.૯૬૦ | ૫૬.૦૦૦ | ૬૦.૦૦૦ | ૨૦૦.૦૦૦ | ૯૭૧.૭૮૫ | ૪૬૩.૭૩૫ | ૦.૦૦૦ | ૬૦.૦૦૦ | ૧૨૫.૨૭૫ | ૪૪૫.૦૦૦ |
| ૧૫ | બીજા મહત્તવના કામો | મે.અલગ શીટ બીડો | ૦.૦૦૦ | ૦.૦૦૦ | ૦.૦૦૦ | ૦.૦૦૦ | ૦.૦૦૦ | ૦.૦૦૦ | ૦.૦૦૦ | ૦.૦૦૦ | ૦.૦૦૦ | ૦.૦૦૦ | ૦.૦૦૦ |

# ૪.૧૩ બગીચા ખાતું

૦૭-૦૮

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરને સ્વચ્છ, હરીયાળું અને સુંદર બનાવવાનાં ઘનિષ્ટ પ્રયત્નો કરવામાં આવી રહયા છે. શહેરની સુંદરતામાં વધારો થાય તેમજ આપણું શહેર પ્રદૂષણ મુકત શહેર બને અને શહેરીજનોની આરોગ્ય સુખાકારી જળવાઇ રહે તથા પર્યાવરણ સુરક્ષા હેતુસર મ્યુનિ.કોર્પો.નાં બગીચા વિભાગ દ્વારા વર્ષ-૨૦૦૭-૦૮માં કરવામાં આવેલ કામગીરીની વિગતો નીચે મુજબ છે.

(૧) નવા બગીચાઓ બનાવવા - Appendix-A

(૨) હયાત બગીચાઓનું રીનોવેશન કરવું - Appendix-B

(૩) ટ્રાફીક સર્કલો તથા સેન્ટ્રલ વર્જ બ્યુટીફીકેશન - Appendix- C

(૪) પ્લાન્ટેશન - Appendix-D

(૫) નર્સરી - Appendix-E

(૫) વિશિષ્ટ કામગીરી અને અસરો- Appendix-F

**Appendix-A**

## (૧) નવા બગીચાઓ:

| અ.ન. | બગીચાનું નામ | વિસ્તાર | ઝોન | અંદાજીત એરીયા (સ્કે.મી) | રીમાર્કસ |
|---|---|---|---|---|---|
| ૧ | પલીયર્ડનગર મ્યુનિ.પ્લોટ | પલીયર્ડનગર, નારણપુરા | પશ્ચિમ | ૨૦૨૩.૪૩૭ | કામ પૂર્ણ |
| ૨ | વાસણા સિનિયર સિટીઝન પાર્ક | લબ્ધી વિક્રમ સામેનો પ્લોટ | ” | ૨૦૨૩.૪૩૭ | કામ પૂર્ણ |
| ૩ | સિનિયર સિટીઝન પાર્ક | નવા વાડજ | ” | ૪૦૪૬.૮૭૩ | કામ ચાલૂ છે. |
| ૪ | બાગેફિરદોશ વોર્ડમાં આવેલ મ્યુનિ.પ્લોટ ટી.પી. નં.૫૦ એફ.પી.નં.૯૪ ક્ષેત્રફળ-૬૦૧૮ ચો.મી. | જામફળવાડી રોડ ઉપર શકરીબા પાર્ટીપ્લોટ સામે | દક્ષિણ | ૬૦૧૮.૦૦ | ” |
| ૫ | ઘોડાસર, મણીનગર માંથી પસાર થતી ચંડોળા ફીડર કેનાલ ઉપર અંદાજે ૧.૬ કિ.મી. વિસ્તાર | ચંડોળા તળાવ થી ઘોડાસર પોલીસ ચોકી સુધી | ” | ૧.૬ કી.મી.લંબાઇની ગાર્ડન સ્ટ્રીપ | ” |
| ૬ | ધનલક્ષ્મી મ્યુનિ.પ્લોટ | સોનીની ચાલી | પૂર્વ | ૨૦૨૩.૪૩૭ | પ્લોટ ભાડે આપેલ છે. |
| ૭ | હાટકેશ્વર સ્મશાનગૃહ ગાર્ડન | હાટકેશ્વર | ” | ૩૦૩૫.૧૫૫ | કામ પૂર્ણ |
| ૮ | સહયોગ ફ્લેટ પાસેનો પ્લોટ | નરોડા કેનાલ પાસે, નરોડા | ઉત્તર | ૨૦૨૩.૪૩૭ | કામ ચાલુ છે. |

**Appendix-B**

## (૧) <u>હયાત બગીચાઓનાં રીનોવેશન : -</u>

| અન. | બગીચાનું નામ | વિસ્તાર | ઝોન | રીમાર્કસ |
|---|---|---|---|---|
| ૧ | વંદે માતરમ ઉદ્યાન | સ્વસ્તિક સ્કૂલ પાસે, વાડજ | પશ્ચિમ | કામ પૂર્ણ |
| ૨ | ભારત માતા ઉદ્યાન | સોરાબજી કમ્પાઉન્ડ, વાડજ | ” | કામ પૂર્ણ |
| ૩ | મંજુલાલ એસ ઉદ્યાન | પાલડી | ” | કામ ચાલુ છે. |
| ૪ | ટાઇગર ફ્લેટ પાસેનો બગીચો | વાડજ | ” | ” |
| ૫ | નારણભાઇ દવે ઉદ્યાન | રાજીવનગર, બાપુનગર | પૂર્વ | કામ પૂર્ણ |
| ૬ | રામલાલ રૂપલાલ ઉદ્યાન | અમરાઇવાડી | ” | કામ પૂર્ણ |
| ૭ | તિર્થંકર ઉદ્યાન | રાજસ્થાન હોસ્પિ. સામે | મધ્ય | બગીચાની નામકરણને ધ્યાને લઇ જરૂરી કામગીરી પૂર્ણ કરાવેલ. |
| ૮ | મંછાની મસ્જીદ પાસેનો બગીચો | અંબર સિનેમા પાસે | ઉત્તર | કામ ચાલુ છે. |

**Appendix-C**

**ટ્રાફીક સર્કલ તથા સેન્ટ્રલ વર્જ પ્લાન્ટેશનઃ -**

બગીચા ખાતા દ્વારા શહેરનાં રસ્તાઓ ઉપર આવેલા ટ્રાફીક સર્કલો, ટ્રાઇ-એંગલોને બ્યુટીફાઇ કરી શહેરની સુંદરતામાં વધારો કરવાનું કામ કરવામાં આવે છે. મોટા ભાગે આ પ્રકારની કામગીરી પબ્લીક પ્રાઈવેટ પાર્ટનરશીપ દ્વારા કરાવવામાં આવે છે. પરંતુ જે સ્થળો માટે સ્પોન્સરર ન મળે તેવા ટ્રાફીક સર્કલો, ટ્રાઇ-એંગલોને બગીચા ખાતા દ્વારા સુંદર પ્લાન્ટેશન કરી બ્યુટીફાઇ કરવામાં આવેલ છે.

| અન | સ્થળ | રીમાર્કસ |
|---|---|---|
| ૧ | હાટકેશ્વર સર્કલ | |
| ૨ | ન્યુ કોટન સર્કલ | |
| ૩ | ગોમતિપુર સર્કલ | |
| ૪ | રબારી કોલોની સર્કલ, સુરેલીયા | |
| ૫ | સત્યમનગર સર્કલ | |
| ૬ | ડો.હરીભાઇ ગોદાણીનાં દવાખાના પાસેનું સર્કલ | |
| ૭ | ટોપી મીલ સર્કલ | |
| ૮ | બાપુનગર ૧૩૭ બસ સ્ટેન્ડ પાસેનું સર્કલ | |
| ૯ | પ્રતાપ નગર, મરીયમ બીબી ચાર રસ્તા પરનું સર્કલ | |

**સેન્ટ્રલ વર્જઃ -**

| અન | સ્થળ | રીમાર્કસ |
|---|---|---|
| ૧ | હાટકેશ્વર સ્મશાનગૃહ સામેની સેન્ટ્રલ વર્જ | |
| ૨ | નારણપુરા ચાર રસ્તાથી નારણપુરા ગામ | |
| ૩ | નારણપુરા ચાર રસ્તાથી અંકુર તરફ | |
| ૪ | કોમર્સ છ રસ્તાથી ૧૩૨ ફુટ રોડ સુધી | |
| ૫ | આશ્રમ રોડ, વાડજ બસ સ્ટેન્ડ થી સીટી ગોલ્ડ સુધી | |
| ૬ | બાગે ફિરદોશ રોડ | |

**Appendix-D**

**પ્લાન્ટેશનઃ -**

બગીચા ખાતા દ્વારા શહેરમાં દર વર્ષે ચોમાસામાં સ્થળની ઉપલબ્ધીને ધ્યાને લઈ રોડ સાઈડ, સેન્ટ્રલ વર્જ, ખુલ્લા મ્યુનિ.પ્લોટ, મ્યુનિ.બગીચા, પંપીગ સ્ટે., મસ્ટર સ્ટે., દવાખાના, હોસ્પિટલો, મ્યુનિ.સ્કૂલો વગેરે પ્રકારનાં વિવિધ સ્થળોએ વૃક્ષ વાવેતર કરાવવામાં આવે છે.

વર્ષ ૨૦૦૭-૦૮માં રાજય સરકાર શ્રીનાં હુકમ મુજબ ૯ ઓગષ્ટનાં દિવસે વિરાંજલી વન નિર્માણ કાર્યક્રમ અંતર્ગત અમદાવાદ શહેરમાં એક સાથે ૫ લાખ વૃક્ષોનું વાવેતર કરવાનો લક્ષ્યાંક આપવામાં આવેલ જે અનુસંધાને બગીચા ખાતાએ મ્યુનિ.કોર્પો.નાં અન્ય ખાતાઓનાં સહયોગથી નીચે મુજબ વૃક્ષારોપણનો લક્ષ્યાંક હાંસલ કરેલ છે.

| અન. | ઝોન | રોપેલ રોપાની સંખ્યા | મફત રોપ વિતરણ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | પશ્ચિમ | ૧૩૧૯૧૨ | ૧૧૭૩૦ | ૧૪૩૬૪૨ |
| ૨ | મધ્ય | ૧૪૪૪૭ | ૭૮૦૦ | ૨૨૨૪૭ |
| ૩ | દક્ષિણ | ૬૫૧૯૯ | ૧૪૭૭૦ | ૭૯૯૬૯ |
| ૪ | પૂર્વ | ૩૮૧૭૯ | ૨૧૪૭૫ | ૫૯૬૫૪ |
| ૫ | ઉત્તર | ૩૦૧૫૪ | ૪૫૪૬ | ૩૪૭૦૦ |
| ૬ | ન.પ.ઝોન | ૮૧૦૩૫ | ૦ | ૮૧૦૩૫ |
| | **કુલ** | **૩૬૦૯૨૬** | **૬૦૩૨૧** | **૪૨૧૨૪૭** |

**Appendix-E**

**નર્સરીઃ -**

બગીચા ખાતા ચોમાસામાં કરવામાં આવતાં વૃક્ષારોપણ માટે તેમજ જાહેર જનતામાં મફત રોપ વિતરણ કરવા માટેનાં જરૂરી રોપા મ્યુનિ.નર્સરીમાં ઉછેરી મેળવી શકાય તે હેતુથી વાસણા કેનાલ પાસે અને ડી કે પટેલ હોલ પાસેનાં મ્યુનિ.પ્લોટમાં નર્સરી ડેવલપ કરેલ છે. આ નર્સરીમાં પોલીથીન બેગમાં રોપા તૈયાર કરી તેનો ઉછેર કરવામાં આવે છે. વધુમાં ચાલુ વર્ષે મ્યુનિ. નર્સરીમાં સિઝનલ ફલાવરનાં ધરૂ તૈયાર કરી મ્યુનિ.બગીચાઓમાં સિઝનલ રોપેલા છે જેને કારણે બગીચાઓની સુંદરતામાં વધારો થયેલ છે.

## Appendix-F

**કામગીરી અને અસરોઃ -**

- વિરાંજલી વન નિર્માણ કાર્યક્રમ અંતર્ગત શહેરમાં ચાલેલ વૃક્ષારોપણ અભિયાનને કારણે શહેરમાં ગંદકીવાળા વિસ્તારોમાં સાફ-સફાઇ થઇ તે સ્થળે હાલમાં ગ્રીનરીનો ઉછેર થયેલ છે. અને આ અભિયાનમાં શહેરનાં નાગરિકો, એનજીઓ, પ્રાઇવેટ સેકટર તમામને સાંકળવામાં આવેલ છે.
- ઘોડાસર ખાતે ચંડોળા ફીડર કેનાલમાં કચરો નાંખી પુષ્કળ ગંદકી કરવામાં આવતી હતી તેવી જગ્યાએ ફીલીંગ કરેલી કેનાલ ઉપર બગીચા ખાતા દ્વારા અંદાજે ૧.૬ કી.મી. કેનાલ ઉપર સુંદર બગીચો બનાવી આ વિસ્તારની સીકલ બદલી નાંખેલ છે.
- નર્સરીમાં જાતે રોપ ઉછેર કરવાને કારણે મ્યુનિ.કોર્પો.ને જરૂરી પ્લાન્ટસ ઇનહાઉસ મળી રહે તે માટેનાં પ્રયત્નો કરેલ છે.
- શહેરમાં થતાં ગેર કાયદેસર ટ્રી-કટીંગ સામે લાલ આંખ કરી આ પ્રકારનું કૃત્ય કરનાર સામે સખત પગલાં ભરેલ છે તેમજ નુકશાનીનાં વળતર પેટે વર્ષ ૨૦૦૭-૦૮માં અંદાજીત ૨૦ લાખ જેટલી માતબર રકમ વસુલ કરેલ છે. જેને કારણે આવા પ્રકારનાં ગેરકાયદેસર કૃત્યોની સંખ્યામાં ઘટાડો થઇ ગયેલ છે.
- ચોમાસામાં કંટ્રોલરૂમ સમયગાળામાં બગીચા વિભાગને શહેરમાં પડી ગયેલ ઝાડો તેમજ જોખમી નમી ગયેલ ઝાડ/ ઝાડનાં ડાળા કાપવા માટે મળેલ તમામ ફરીયાદોને યોગ્ય આયોજન કરી સમયસર યુધ્ધનાં ધોરણે નિકાલ કરાવી ઉત્કૃષ્ટ કામગીરી કરેલ છે.

આમ બગીચા ખાતા દ્વારા શહેરને સુંદર, હરીયાળુ તેમજ સુશોભિત રાખવા માટે તેમજ શહેરનાં પ્રદૂષણમાં કાંઇક અંશે ઘટાડો થાય તે આશયથી શહેરમાં વધુને વધુ ગ્રીન-પેચનો વિકાસ થાય, શહેરમાં નવા બાગ-બગીચાઓનો વિકાસ થાય તેમજ હયાત બગીચાઓમાં આધુનિક સુવિધાઓ ઉભી કરી બગીચાઓ અપગ્રેડ થાય, શહેરમાં વધુને વધુ વૃક્ષવાવેતર થાય તેમજ હયાત વૃક્ષોની જાળવણી થાય, શહેરની જનતા તેમજ બાળકોમાં વૃક્ષારોપણ અંગે જાગૃતિ કેળવાય તે માટે બગીચા ખાતા દ્વારા ઘનિષ્ટ પ્રયત્નો કરવામાં આવે છે. ઉપરાંત સદર કાર્યોમાં શહેરની પાઇવેટ કંપનીઓ / સંસ્થાઓનો સહયોગ મળી રહે તે માટે સઘન પ્રયત્નો કરવામાં આવે છે.

# ૪.૧૪ દિવાબત્તી ( લાઈટ)

## ૦૭-૦૮

અમદાવાદ શહેરનાં ઝડપી વિકાસને કારણે શહેરના રસ્તાઓ ઉપરનાં ટ્રાફિકની ગીચતામાં તથા વાહનોની અવરજવરમાં સતત વધારો થતો જાય છે. ટ્રાફિકથી ધમધમતા માર્ગો ઉપરના પ્રકાશમાં સુધારો-વધારો કરવો જરૂરી હોવાથી તે અંગેની સઘળી કામગીરીનું આયોજન લાઇટ ખાતા દ્વારા કરવામાં આવે છે.

શહેરના ગીચ ટ્રાફિકવાળા મોટા માર્ગો પર ૨૫૦ વોટ, ૧૫૦ વોટ, ૧૦૦ વોટ, તથા ૭૦ વોટના સોડિયમ ફીટીગ્સ લગાવી લાઈટીગમાં સુધારો કરવામાં આવેલ છે. ચાલી અને ઝૂંપડામાં ગોળાઓની જગાએ ૧૧ વોટ સી.એફ.એલ.માં રૂપાંતર કરવામાં આવેલ તથા ૪૦ વોટ ટયુબલાઈટનાં પોલ, ટી.પી.રોડ તથા સોસાયટીઓનાં અંદરના રસ્તાઓ ઉપર મુકવામાં આવેલ છે. અહેવાલી વર્ષમાં જનરલ બજેટ,સંસદસભ્યશ્રીનું બજેટ તથા ધારાસભ્યશ્રીઓનું બજેટ તથા મ્યુનિ.કાઉન્સીલરશ્રીઓના બજેટમાંથી સ્ટ્રીટ લાઈટની સુવિધામાં વધારો કરવામાં આવેલ છે. અહેવાલી વર્ષમાં શહેરમાં નાખેલ ટયુબલાઇટની સંખ્યા,મરકયુરી તથા સોડીયમની લાઇટ સંખ્યા ૧૧ વોટ સી.એફ.એલ. ટયુબલાઇટની સંખ્યા સામાન્ય લાઇટની સંખ્યા તથા કુલ થાંભલાની સંખ્યા આ સાથે સામેલ પત્રક ૪.૧૪.૧ માં દર્શાવી છે.

અહેવાલી વર્ષમાં શહેરમાં કુલ ૩૪૫૬૮ કીલો વોટ યુનિટ વીજળીનો વપરાશ થયો છે. જે અંગેનો કુલ ખર્ચ રૂા.૧૩૧૯.૬૬ લાખ જેટલો થયો છે. તથા યુનિટ દીઠ વપરાશ ખર્ચ રૂા. ૩.૮૧ થાય છે. આ અંગેની છેલ્લા ચાર વર્ષની માહિતી પત્રક ૪.૧૪.૨ માં દર્શાવવામાં આવેલ છે.

અહેવાલી વર્ષમાં શહેરમાં નવા ૩૨૮૦ લાઇટનાં થાંભલા નાંખવામાં આવ્યાં છે.આમ કુલ થાંભલાની સંખ્યા ૮૦૦૫૮ જેટલી થાય છે. જ્યારે શહેરમાં કુલ બત્તીની સંખ્યા ૮૬૭૦૭ થાય છે. બત્તીનાં પોઈન્ટ દીઠ સરેરાશ ઇલેકટ્રીક લોડ (વોટ) તથા બત્તી દીઠ સરેરાશ વીજળી વપરાશ અને ખર્ચની માહિતી પત્રક ૪.૧૪.૩ માં વિગતવાર દર્શાવેલ છે.

અહેવાલી વર્ષ દરમ્યાન સ્ટ્રીટ લાઇટની અંગેની આવેલ ફરિયાદો તથા થયેલ નિકાલ અંગેની માહિતી પત્રક ૪:૧૪:૪ માં વિગતવાર દર્શાવેલ છે.

શહેરની લાઇટની સંખ્યામાં થયેલ વધારાને કારણે તેમજ સ્ટ્રીટ લાઈટીગ સુધારાને કારણે લોડ વધવાથી લોડ ડીસ્ટ્રીબ્યુશન કરવા માટે વધારાના ૧૦૮ સ્વીચીંગ પોઇન્ટ શહેરના જુદા જુદા વિસ્તારોમાં સ્વીચીંગ પોઇન્ટ મૂકવામાં આવેલ જે સાથે કુલ સ્વીચીંગ પોઇન્ટની સંખ્યા-૯૨૪ થયેલ છે.

.સને ૨૦૦૭-૦૮ના વર્ષ દરમ્યાન રોશની મરામત નિભાવ લાઇટીગ સુધારણા તથા નવા પોલ મૂકવા અંગેના બજેટમાં ખર્ચ રૂા.૨૭૪.૭૯ લાખ તથા સ્ટ્રીટ લાઇટ જનરલ અંગેના લાઇટીગ સુધારવા તથા પોલ ખસેડવા અંગેના બજેટમાં રૂા.૭૬.૫૧ લાખના ખર્ચ થયા છે.

**પત્રક ૪.૧૪.૧**
**શહેરનાં રસ્તાઓ ઉપર જુદા જુદા પ્રકારની દિવાબત્તીની સંખ્યા દર્શાવતુ પત્રક**

| વર્ષ | વર્ષ દરમ્યાન નાંખેલ નવા પોલની સંખ્યા | ટયુબલાઈટ ની સંખ્યા | મરક્યુરી લાઈટની સંખ્યા | સોડિયમ લાઈટની સંખ્યા | ૧૧ વોટ સી.એફ.એલ. ટયુબલાઈટની સંખ્યા | સામાન્ય લાઈટની સંખ્યા | કુલ સંખ્યા |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૨૦૦૩-૦૪ | ૧૮૭૪ | ૨૩,૦૬૦ | ૭,૭૨૨ | ૩૦૮૭૫ | ૧૨,૭૦૦ +૭૪૧ ફલડ લાઈટ | ૪૦૩૦ | ૭૮,૩૦૮ |
| ૨૦૦૪-૦૫ | ૧૦૭૩ | ૨૩,૪૫૩ | ૨,૨૯૨ | ૩૯૮૬૧ | ૧૩૪૨૯ | ૩૧૨ | ૭૯૩૪૭ |
| ૨૦૦૫-૦૬ | ૧૨૯૨ | ૨૫,૭૩૪ | ૨,૬૫૭ | ૩૭૦૩૬ | ૧૩૮૪૮ +૨૯૬ | ૨૭૮ | ૭૯૮૪૯ |
| ૨૦૦૬-૦૭ | ૩૫૭૮ | ૨૪૪૬૦ | ૨૮૮૯ | ૩૮૧૩૫ | ૧૭૧૨૨+ ૪૨૩ ફલ્ડ લાઈટ | ૩૯૮ | ૮૩૪૨૭ |
| ૨૦૦૭-૦૮ | ૩૨૮૦ | ૨૫૬૫૪ | ૨૯૫૭ | ૩૮૯૪૯ | ૧૮૧૯૪+ ૫૭૬ ફલ્ડ લાઈટ | ૩૭૭ | ૮૬૭૦૭ |

**પત્રક ૪.૧૪.૨**
**વીજળી વપરાશ અને ખર્ચની માહિતી દર્શાવતુ પત્રક**

| વર્ષ | વીજળી વપરાશ ૧૦૦૦ કિલોવોટ | ખર્ચ રૂા.લાખમાં | યુનિટ દીઠ સરેરાશ ખર્ચ (રૂા.) |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૨૦૦૩-૦૪ | ૨૩,૭૬૬ | ૮૮૩.૩૮ | ૩.૭૨ |
| ૨૦૦૪-૦૫ | ૨૪,૫૬૮ | ૯૦૮.૦૩ | ૩.૭૦ |
| ૨૦૦૫-૦૬ | ૨૭,૩૩૯ | ૧૦૧૪.૮૭ | ૩.૭૧ |
| ૨૦૦૬-૦૭ | ૩૦૯૪૩ | ૧૧૪૩.૧૭ | ૩.૬૯ |
| ૨૦૦૭-૦૮ | ૩૪૫૬૮ | ૧૩૧૯.૬૬ | ૩.૮૧ |

**પત્રક ૪.૧૪.૩**

**શહેરમાં આવેલ લાઈટનાં કુલ થાંભલા,બત્તીની સંખ્યા તેમજ બત્તી દીઠ સરેરાશ વિજળી વપરાશ દર્શાવતુ પત્રક**

| વર્ષ | થાંભલા ની સંખ્યા | | બત્તીની કુલ સંખ્યા | બત્તીના પોઈન્ટ દીઠ સરેરાશ ઈલે. લોડ (વોટ) | બત્તીદીઠ સરેરાશ વિજળી વપરાશ (યુનિટ) | બત્તીદીઠ સરેરાશ વીજળી વપરાશનો ખર્ચ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | ૪ | ૫ | ૬ |
| | વર્ષ દરમ્યાન નવા | કુલ | | | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૨૦૦૩-૦૪ | ૧,૮૭૪ | ૭૨,૯૦૦ | ૭૮,૩૦૮ | ૯૫.૬૪ | ૩૦૩.૪૯ | ૧૧૨૮.૦૮ |
| ૨૦૦૪-૦૫ | ૧,૦૭૩ | ૭૩,૦૦૦ | ૭૯,૩૪૭ | ૯૪.૬૮ | ૩૦૯.૬૩ | ૧૧૪૪.૩૭ |
| ૨૦૦૫-૦૬ | ૧,૨૯૨ | ૭૩,૨૦૦ | ૭૯,૮૪૯ | ૯૪.૬૯ | ૩૪૨.૩૮ | ૧૨૭૦.૯૮ |
| ૨૦૦૬-૦૭ | ૩૫૭૮ | ૭૬૭૭૮ | ૮૩૪૨૭ | ૯૦.૭૪ | ૩૭૦.૮૯ | ૧૩૭૦.૨૭ |
| ૨૦૦૭-૦૮ | ૩૨૮૦ | ૮૦૦૫૮ | ૮૬૭૦૭ | ૮૭.૩૪ | ૩૯૮.૬૮ | ૧૫૨૧.૯૮ |

**પત્રક ૪:૧૪:૪**

**વર્ષ ૨૦૦૭-૦૮ દરમ્યાન સ્ટ્રીટ લાઈટ અંગેની આવેલ ફરિયાદો તથા થયેલ નિકાલ અગેની માહિતી દર્શાવતું પત્રક**

| અ.નં. | ઝોનનું નામ | વર્ષ ૨૦૦૭-૦૮ દરમ્યાન આવેલ ફરિયાદોની સંખ્યા | વર્ષ ૨૦૦૭-૦૮ દરમ્યાન થયેલ ફરિયાદોની નિકાલની સંખ્યા | તાઃ૩૧/૦૩/૦૮ ના અંતે બાકી રહેલ ફરિયાદોની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | મધ્ય ઝોન | ૬૦૮૫ | ૬૦૬૯ | ૧૬ |
| ૨ | દક્ષિણ ઝોન | ૬૬૪૮ | ૬૬૨૭ | ૨૧ |
| ૩ | ઉત્તર ઝોન | ૬૫૮૨ | ૬૫૬૦ | ૨૨ |
| ૪ | પૂર્વ ઝોન | ૭૧૬૮ | ૭૧૪૫ | ૨૩ |
| ૫ | પશ્ચિમ ઝોન | ૬૩૫૬ | ૬૩૩૮ | ૧૮ |
| ૬ | નવા પશ્ચિમ ઝોન | ૯૯૦૮ | ૯૮૬૪ | ૪૪ |
| કુલ | | ૪૨૭૪૭ | ૪૨૬૦૩ | ૧૪૪ |

# ૪.૧૫ સેન્ટ્રલ વર્કશોપ

## ૦૭-૦૮

મ્યુનિસિપલ સેન્ટ્રલ વર્કશોપ ખાતાનો વહીવટ ડે.મ્યુ.કમિશ્નર (જનરલ)શ્રી અને જે.ડી.એમ.શ્રી સેન્ટ્રલ વર્કશોપશ્રીની સીધી દેખરેખ હેઠળ થાય છે. આ ખાતામાં મુખ્યત્વે ત્રણ વિભાગ નીચે મુજબના છે.

૧. રોલર વિભાગ :- આ વિભાગમાં કાયમી તથા હંગામી સ્ટાફની સંખ્યા ૧૦૪ છે.

૨. મોટર વિભાગ :- આ વિભાગમાં કાયમી તથા હંગામી સ્ટાફની સંખ્યા ૩૨૩ છે.

૩. ટ્રાન્સપોર્ટ વિભાગઃ- કાયમી તથા હંગામી ડ્રાયવરો કુલ ૪૩૩ છે અન્ય મળી ને કુલ ૮૬૦ કર્મચારીઓ ફરજ બજાવે છે.

૧. **રોલર વિભાગ :-** રોલર વિભાગ દ્વારા સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ તથા હેલ્થ વિભાગની શહેરની સફાઇની મહત્વની કામગીરી માટે તેમજ ઈજનેર વિભાગ તથા પાણી ખાતાની કામગીરી માટે વપરાતા જુદાજુદા પ્રકારના મશીનોની મરામત અને નિભાવનું કામ કરવામાં આવે છે. જે મુખ્યત્વે ઇજનેર રોડ ખાતાના કામ,રેફયુઝ ખાતાના કામ હેલ્થ ખાતાના કામો તથા રોડ રીસરફેસીંગના કામો માટે વપરાય છે રેડ રીસરફેસીંગના કામ માટે હોટ મીક્ષ પ્લાન્ટ અને પેવર ફીનીશર મશીનો રોડ રોલરની મરામત તથા જાળવણીનું કામ પણ આ વિભાગ ધ્વારા કરવામાં આવે છે રેફયુઝ હેલ્થ તથા દબાણ ખાતાની કામગીરી માટે ની હેવી ડયુટી મશીનરી જેવા કે વ્હીલ ડોઝર,બુલ ડોઝર,ફ્રન્ટ એન્ડ લોડર મશીનોની મરામત તથા નિભાવની કામગીરી પણ આ વિભાગ ધ્વારા કરવામાં આવે છે.ખાળ કુવાની ગાડીઓ ના તથા ન્યુસન્સ વોટરીંગ ગાડીઓના પંપસેટ ઉપરાંત અન્ય ખાતાઓના ડેડ સ્ટોક રજીસ્ટર પર ચાલતા મશીનો જેવા કે સુએઝ કલીનીંગ મશીનો પોર્ટેબલ વાન ફોગ મશીનો હોન્ડા મશીન પણ આપવામાં આવે છે.

**૨.મોટર વિભાગ :-** શહેરમાં જુદા જુદા ધાર્મિક પ્રસંગો મેળવડા સમારોહ જાહેર સભા વિગેરે પ્રસંગોએ તથા ઘણી વખત એન્જી./હેલ્થ વિભાગની જરૂરીયાત અન્વયે મોબાઇલ ટોયલેટ યુનીટો વર્કશોપ ધ્વારા ફાળવવામાં આવે છે. અહેવાલી વર્ષમં બાર નંગ નવા મોબાઇલ ટોયલેટ યુનીટ ખરીદવામં આવેલ છે. તાજેતરમાં કોર્પો.ના અધિકારી શ્રી ઓ તથા પદાધિકારીશ્રી ઓ ને અગાઉ ફાળવવામાં આવેલ વાહનો જુના થવાથી તેને બદલે નવા વાહનો ફાળવવામાં આવેલ છે.ઉપરાંત કોર્પોના હેલ્થ,એન્જી.,વિગેરે જેવા અગત્યના ખાતાઓના અધિકારીશ્રી ઓને પણ તેઓના અગાઉના વાહનો વધુ જુના /કન્ડમ થયેલ હોવાથી તેને બદલે નવા વાહનો તેમની ક્ષેત્રિય કામગીરી ને વધુ અસરકારક બનાવવા ખરીદ કરી ફાળવવામાં આવે છે.મ્યુનિસિપલ કોર્પોરેશનનાં જુદા જુદા વિભાગોની કામગીરીઓ અનુસંધાને જરૂરીયાતના વાહનો/સાધનો જેવાકે ટ્રીપર ટ્રક,ડમ્પર પ્લેસર વાહનો,વોટર ટેંકર ન્યુસન્સ ટેન્કર સહિતના તમામ જરૂરી વાહનો કે જે સેન્ટ્રલ વર્કશોપ દ્વારા ફાળવવામાં આવે છે.તેનાં રીપેર-નીભાવની કામગીરી મોટર વિભાગ દ્વારા કરવામાં આવે છે.મોટર વિભાગ હસ્તક હાલમાં ૭૯૩ વાહનો ઉપલબ્ધ થયેલ છે.આ અંગેની માહિતી પત્રકનં.૪:૧૫:૧ માં દર્શાવેલ છે.

વધુમાં શહેરના વિકાસ અર્થે ચાલતી જુદી જુદી કમિટી ઓના સભ્યશ્રી ઓ તથા અધિકારીશ્રી ઓના સંયુકત રાઉન્ડ સારૂ એક નંગ નવી કમિટી બસની ખરીદ કરાયેલ છે.

**૩.ટ્રાન્સપોર્ટ વિભાગઃ-** આ વિભાગ ધ્વારા જુદા જુદા ખાતાઓની ક્ષેત્રિય કામગીરી માટે વાહનો ત્રણ શીફટમાં પુરા પાડવામાં આવે છે તેમજ વર્ષાન્તે ૪૫૫ જેટલા ડ્રાઇવર્સની શીફટ અનુસાર દૈનિક ધોરણે વાહન તથા ખાતાની માંગણીઓ અનુસાર ફાળવણી પણ કરવામાં આવે છે.વધુમાં ગુજરાત રાજયનાં વેરાવળ,પાટણ વિગેરે વિસ્તારોમાં અતિવૃષ્ટિને કારણે ઉભી થયેલ પરિસ્થિતિને પહોંચી વળવા તથા ત્વરીત સફાઇની કામગીરી હાથ ધરવા અત્રેથી પણ

જુદા જુદા વાહનો સ્ટાફ સહિત મોકલી કામગીરી કરાયેલ.સારા નરસા પ્રસંગોએ જાહેર જનતાને વોટર ટેન્કર ધ્વારા પાણી વેચાણથી નીચે જણાવેલ દરથી આપવામાં આવે છે.

૧. લગ્ન/મરણ જેવા સારા નરસા પ્રસંગોએ ૨૫૦૦ લીટર કેપેસીટીની પીવાના પાણીના ટેન્કરના ૧ ફેરા ના રૂા.૭૫ ચાર્જ લેવામાં આવે છે.

૨.છાંટવા માટે ૨૫૦૦ લીટર કેપેસીટીના પાણીની ટેન્કરના એક ફેરાના ૧૫૦/- રૂપિયા લેવામાં આવે છે.

૩.વ્યકિતગત કે જાહેર સંસ્થાને પાણીના ટેન્કરના એક ફેરાના ૧૦૦/- રૂપિયા લેવામાં આવે છે.

૪.ઈન્ડસ્ટ્રીને પાણીની જરૂર પડે તો ૨૫૦૦ લીટર કેપેસીટીની પાણીના ટેન્કરના એક ફેરાના રૂા.૧૫૦ લેવામાં આવે છે.

૫.બાંધકામ માટે સામાન્ય રીતે પાણી આપવામાં આવતુ નથી પરંતુ ખાસ સંજોગોમાં પાણી આપવાની જરૂરીયાત જણાયતો ૨૫૦૦ લીટર કેપેસીટીની પાણીની ટેન્કર ૧ ફેરાના રૂા.૩૦૦ લેવામાં આવે છે.

૬ ધાર્મિક પ્રસંગે જાહેર સંસ્થાઓ ને ટેન્કર મારફતે પાણી પુરૂ પાડવાનુ હોય ત્યારે રૂા.૧૦૦૦૦/- ની મર્યાદામાં ૫૦% ના દરે પાણીનો ચાર્જ લેવામાં આવે છે.

૭.મ્યુનિસિપલ કોર્પોરેશન હદ બહાર ટેન્કર મારફતે પાણી પુરૂ પાડવાનું હોયતો મ્યુનિસિપલ કોર્પોરેશનના હદ બહાર વધારાના પ્રત્યેક કી.મી.દીઠ રૂા.૧૦/- ચાર્જ કરવામાં આવે છે.વર્કશોપથી પુરી પાડેલ પાણીની ટેન્કરો અને તેની આવકની માહિતી ૪ઃ૧૫ઃ૩ માં દર્શાવેલ છે.

મ્યુનિસિપલ સેન્ટ્રલ વર્કશોપ ખાતે જુદા-જુદા વાહનો/સાધનો પર ફરજ બજાવતાં ડ્રાયવરો સાથે ડે.મ્યુનિસિપલ કમિશનર (જનરલ) શ્રી દ્વારા દૈનિક ૨૫ થી ૩૦ ડ્રાયવરના જુથની સાથે મીટીંગ આયોજીત કરાયેલ. જેમાં ડ્રાયવર કર્મચારીઓના પ્રશ્નો અંગે ચર્ચા કરી તેનું નિરાકરણ કરવા પ્રયત્નો કરાયેલ. તથા વર્ષોથી અમુક ચોકકસ ગાડીઓ પર ફરજ બજાવતાં ડ્રાયવરોને બદલીને સીનીયોરીટીને ધ્યાનમાં રાખીને વધુ ઉંમરવાળા/નિવૃત્તિને આરે આવેલ ડ્રાયવરોને કચરાની ગાડીઓ પરથી હટાવી તેઓની ઈચ્છા મુજબ ઓછી મહેનતવાળી નાની ગાડીઓ કે અન્ય વાહનો ફાળવવામાં આવ્યા. વધુમાં તમામ મીટીંગો દરમ્યાન ડ્રાયવર કર્મચારીઓને તેઓની ફરજ દરમ્યાન રસ્તા પર પુરતી તકેદારી રાખી વાહનો ચલાવવા અંગે કડક સુચના પણ અપાયેલ તથા આ માટે તેઓની માંગણી મુજબ તમામ વાહનોમાં સાઈડ ગ્લાસ, હોર્ન, સુવ્યવસ્થિત બેઠક વ્યવસ્થા વિગેરે તૈયાર કરાવાયેલ તથા કોઈપણ સંજોગોમાં ડ્રાયવર કર્મચારીઓ વાહનો બીન-જરૂરી ઉતાવળ કે બેદરકારીથી વાહન ન ચલાવે અને કોઈ અકસ્માત ઉભા ન કરે તે બાબતે તાકીદ કરાયેલ. જેના કારણે અકસ્માતોની સંખ્યા વિગેરેમાં ઘટાડો થવા પામેલ છે. તથા સારા પરિણામો મળેલ છે.

મ્યુનિસિપલ સેન્ટ્રલ વર્કશોપ દ્વારા કોર્પોરેશનના તમામ વિભાગોને ફાળવવામાં આવતાં વાહનો/ સાધનોમાં જે પેટ્રોલ / ડીઝલ વિગેરે ઈસ્યુ કરવામાં આવે છે. તેનાં સંભવિત દુરઉપયોગ કે ગેરરીતિ અટકાવવા સારૂ કડક પગલાં લેવાયેલ તથા આ કામગીરીનું સીધું સંચાલન જવાબદાર ટ્રાન્સપોર્ટ ઈન્સ્પેકટર હસ્તક મુકી સમગ્ર કામગીરી ઉપર કડક નિયંત્રણ અને સુપરવિઝન રખાયેલ જેનાં પણ સારા પરિણામો પ્રાપ્ત થયેલ છે. વાહનોદીઠ પેટ્રોલ અને ડીઝલ વપરાશની છેલ્લા પાંચ વર્ષની માહિતી દર્શાવતું પત્રક ૪ઃ૧૫ઃ૨ સામેલ છે.

કોર્પોરેશન દ્વારા દૈનિક ધોરણે જે સફાઈની કામગીરી હાથ ધરવામાં આવે છે તેમાં સેન્ટ્રલ વર્કશોપ દ્વારા પુરા પાડવામાં આવતાં વાહનોનો મોટો ફાળો હોય છે. આ વાહનો દ્વારા કોર્પોરેશનનાં જુદા-જુદા ઝોનમાંથી કચરો એકત્ર કરી નિયત ડમ્પીગ સાઈટ પર તેનો નિકાલ કરવામાં આવે છે. આવા વાહનો અસરકારક રીતે કાર્યરત કરી શકાય તે સારૂ તથા કોઈપણ સંજોગોમાં અધુરી કામગીરી મુકી વાહન/ ડ્રાયવર ફરજનું સ્થળ છોડે નહીં તે સારૂ તથા વાહનોમાં ડ્રાયવરની બેદરકારીને કારણે કોઈ ફોલ્ટ ન ઉદ્‌ભવે તે મુજબની જરૂરી નોંધ સાથે નવી લોગ ડાયરીઓ તૈયાર કરાવવામાં આવેલ. તથા કામગીરી પૂરી થયા બાદ ઝોનમાં કામગીરી લેનાર હેલ્થ સ્ટાફની સહી પણ ફરજીયાત બનાવાયેલ જેનાં કારણે વાહનોની ઉપયોગીતામાં વધારો થવા પામેલ છે. તથા સારા પરિણામો પ્રાપ્ત થયેલ છે. ઉપરાંત વર્કશોપ ખાતે શિસ્તપાલનને પણ પુરી અગ્રીમતા અપાયેલ છે.

## પત્રક ૪.૧૫.૧

### મ્યુ.સેન્ટ્રલ વર્કશોપમાં ઉપયોગમાં લેવાતા જુદા જુદા પ્રકારનાં વાહનોનું આયુષ્ય પ્રમાણે વર્ગીકરણ દર્શાવતુ પત્રક

| અ.ન. | વર્ષ | ટ્રક્સ એચ. એમ. વી | મીડીયમ પ્રકારનાં ગુડઝ વ્હીકલ એચ.એમ .વી | જીપ અને તે પ્રકારના વ્હીકલ એલ.એમ. એલ | ટ્રેક્ટર વાહનો | ટ્રેક્ટર ટેઈલર અને જીપ ટ્રેલર | રીક્ષા | અન્ય વાહનો | કુલ વાહનો | ટકાવારી |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨૦૦૭-૦૮ (૦૦-૦૪૦ | - | ૯ | ૬૧ | ૯ | ૨૪ | ૧૩ | ૧૩ | ૧૨૯ | ૨૩.૨૪ |
| ૨ | ૨૦૦૦-૦૪ (૦૫-૦૯) | ૪૯ | ૫ | ૧૪ | ૬ | ૧૫ | ૧૫ | ૧૧ | ૧૧૫ | ૨૦.૭૨ |
| ૩ | ૧૯૯૫-૯૯ (૧૦-૧૪) | ૭૩ | ૩૬ | ૪૬ | ૪ | ૧૬ | ૫ | - | ૧૮૦ | ૩૨.૪૩ |
| ૪ | ૧૯૯૦-૯૪ (૧૫-૧૯) | ૨૮ | ૧૭ | ૪ | ૧ | ૨ | - | - | ૫૨ | ૯.૩૭ |
| ૫ | ૧૯૮૫-૮૯ (૨૦-૨૪) | ૯ | ૧૨ | - | - | - | - | - | ૨૧ | ૩.૭૮ |
| ૬ | ૧૯૮૦-૮૪ (૨૫-૨૯) | ૨૬ | - | - | - | ૯ | - | - | ૩૫ | ૬.૩૧ |
| ૭ | ૧૯૭૫-૭૯ (૩૦-૩૪) | ૪ | ૧ | - | - | ૪ | - | - | ૯ | ૧.૬૨ |
| ૮ | ૧૯૭૦-૭૪ (૩૫-૩૯) | ૧૨ | - | - | - | ૨ | - | - | ૧૪ | ૨.૫૨ |
| કુલ | | ૨૦૧ | ૮૦ | ૧૨૫ | ૨૦ | ૭૨ | ૩૩ | ૨૪ | ૫૫૫ | ૧૦૦.૦૦ |

૯.એ.એમ.ટી.એસ ખાતેથી આવેલ જુના લેલેન્ડ વાહનો

૧૦.ગર્વમેન્ટ ખાતેથી આવેલ જુના લેલેન્ડ/ટાટાવાહનો ૨૧

૧૧.૨૦૦૬-૦૭,૨૦૦૭-૦૮માં નગરપાલિકા /ગ્રામ પંચાયતો વિગેરેના સમાવેશ થયેલાં જુનાં વાહનો ૧૮૬

કુલ વાહનો ૭૯૩

## પત્રક ૪.૧૫.૨

## વર્કશોપનાં વાહનો દીઠ સરેરાશ પેટ્રોલ અને ડીઝલ વપરાશની છેલ્લા પાંચ વર્ષની માહિતી દર્શાવતુ પત્રક

## સને ૨૦૦૭-૦૮

| અ.નં. | વર્ષ | પેટ્રોલથી ચાલતા વાહનોની સંખ્યા | પેટ્રોલ વપરાશ હજાર લીટરમાં | વાહન દીઠ સરેરાશ પેટ્રોલ વપરાશ (લીટરમાં) | ડીઝલથી ચાલતાં વાહનોની સંખ્યા | ડીઝલનો વપરાશ હજાર લીટર | વાહન દીઠ સરેરાશ ડીઝલ વપરાશ (લીટર માં) |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧. | ૨૦૦૨-૦૩ | ૮૭ | ૭૩ | ૮૩૯ | ૫૭૩ | ૨૪૯૦ | ૨૩૦૯ |
| ૨. | ૨૦૦૩-૦૪ | ૮૪ | ૪૮ | ૫૭૬ | ૪૪૮ | ૧૫૪૮ | ૩૪૫૫ |
| ૩. | ૨૦૦૪-૦૫ | ૫૦ | ૪૧ | ૮૨૬ | ૩૩૯ | ૧૪૧૬ | ૪૧૯૯ |
| ૪. | ૨૦૦૫-૦૬ | ૫૦ | ૪૨ | ૮૩૫ | ૪૧૫ | ૧૧૫૧ | ૨૭૭૫ |
| ૫. | ૨૦૦૬-૦૭ | ૫૪ | ૪૪ | ૮૦૬ | ૪૨૬ | ૧૩૭૩ | ૩૨૨૩ |
| ૬. | ૨૦૦૭-૦૮ | ૬૭ | ૫૨ | ૭૮૨ | ૪૯૬ | ૧૪૧૭ | ૨૮૫૬ |

## પત્રક ૪.૧૫.૩

**છેલ્લા બે વર્ષ દરમ્યાન જુદા જુદા ઉપયોગ માટે વર્કશોપથી પુરી પાડેલ પાણીની ટેન્કરો અને તેની આવકની માહિતી દર્શાવતુ પત્રક**

| અ.નં. | વિગત | ૨૦૦૬-૨૦૦૭ | | ૨૦૦૭-૨૦૦૮ | |
|---|---|---|---|---|---|
| | | ફેરાની સંખ્યા | થયેલ આવક(રૂા.) | ફેરાની સંખ્યા | થયેલ આવક(રૂા.) |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧. | લગ્ન/મરણ જેવાં સારા નરસા પ્રસંગે આપેલ પાણીની ટેન્કરો | ૧૮૨૬ | ૧૩૬૯૫૦ | ૨૦૧૧ | ૧૫૧૦૫૦ |
| ૨. | છાંટવા માટે આપેલ પાણીની ટેન્કરો | - | - | ૦૦ | ૦૦ |
| ૩. | વ્યકિતગત કે જાહેર સંસ્થાને આપેલ પાણીની ટેન્કરો | ૫૯૯ | ૫૯૯૦૦ | ૮૬૬ | ૮૬૬૦૦ |
| ૪. | ઈન્ડસ્ટ્રીઝને આપવામાં આપેલ પાણીની ટેન્કરો | ૨૭ | ૪૦૫૦ | ૨૨ | ૩૩૦૦ |
| ૫. | બાંધકામ માટે ખાસ કેસમાં આપેલ પાણીની ટેન્કરો | - | - | ૦૦ | ૦૦ |
| ૬. | જાહેર સંસ્થાઓને ધાર્મિક પ્રસંગે પૂરૂ પાડેલ પાણી | ૫૧ | ૨૫૫૦ | ૫૯ | ૩૪૫૦ |
| ૭. | મ્યુનિ.હદ બહાર આપવામાં આવેલ પાણીની ટેન્કરો | - | - | ૦૦ | ૦૦ |
| | **કુલ** | **૨૫૦૩** | **૨૦૩૪૫૦** | **૨૯૫૮** | **૨૪૪૪૦૦** |

# ૪.૧૬ સેન્ટ્રલ લેબોરેટરી

૦૭-૦૮

સેન્ટ્રલ લેબોરેટરી દ્રારા વેસ્ટવોટર તથા સુએજના સેમ્પલ કલેકશન તથા એનાલીસીસ ની કામગીરી રોજબરોજ કરવામાં આવે છે. આ ઉપરાંત કાંકરીયા તથા નદીના પાણીના તથા અન્ય કોઈ પ્રોજેકટ અંગેના કામોના પણ સેમ્પલ એનાલીસીસ અંગેની કામગીરી સેન્ટ્રલ લેબોરેટરી દ્રારા કરવામાં આવે છે. લેબોરેટરી વોટર તેમજ વેસ્ટવોટર , ઈનડસ્ટ્રીયલ એફલ્યુઅન્ટસ, તેમજ વલ્ડ બેન્કની સહાયથી કરવામાં આવતા પ્રોજેકટ કામો માટે જરૂરી ટેસ્ટીંગ કરે છે. પીવાના પાણીના સેમ્પલોનું બેકટેરીયોલોજીકલ અને કેમીકલ ટેસ્ટીંગ કરવામાં આવે છે.

## સેન્ટ્રલ લેબોરેટરીમાં ત્રણ અલગ અગલ વિભાગ માં કામગીરી કરવામાં આવે છે.

### ૧. ટ્રેડ વેસ્ટ :-

- ઉધોગોમાંથી નીકળતા ટ્રેડવેસ્ટ મ્યુનિસિપલ સુએજ(સ્ટાન્ડર્ડ ) ધારા-ધોરણ પ્રમાણે ન હોય તો તેની સામે બી.પી.એમ.સી.એકટ પ્રમાણે નોટીસ તેમજ કેસની કાર્યવાહી  કરવામાં આવે છે. મ્યુનિસિપલ કોર્પોરેશનની  જરૂરીયાત મુજબ વેસ્ટવોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવા ફરજ પાડવામાં આવે છે. જે જે યુનિટોમાં ટ્રીટમેન્ટ પ્લાન્ટની સગવડ ન હોય તેવા યુનિટોને ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવાની ફરજ પાડવામાં આવે છે. આ બધાજ યુનિટો ટ્રીટમેન્ટ કર્યાબાદ જ વેસ્ટવોટરને જે તે રીતે નિકાલ કરે તેની ખાસ પ્રકારની કામગીરી કરવામાં આવે છે. હાલ માં કોર્ટ કેસ કરવાની કાર્યવાહી ના બદલે યુનિટોનું ડ્રેનેજ ડીસ-કનેકશનની કાર્યવાહી કરવમાં આવે છે. ઐધોગીક એકમોનું વેસ્ટવોટર ટ્રીટમેન્ટ કોર્પોરેશનના નીતિ નિયમ મુજબ ન હોય તો નોટીસ બાદ તેમનેં ડ્રેનેજ , પાવર, પાણી, જે તે હુકમ અનુસાર કનેકશન ડિસકનેકટ કરવાની ની કાર્યવાહી કરી બંધ કરવામાં આવે છે. જે  બંધ કરવામાં આવેલ યુનિટો પાસેથી ડ્રેનેજ રિકનેકશન, વહીવટીય ચાર્જ કરવાની કાર્યવાહી કરવામાં આવે છે. જે નોન રિફંડેબલ  છે. ચાલુ વર્ષે આવી કામગીરી રૂપે કુલ **રૂા. ૨,૫૦,૦૦૦ /- એડમીનીસ્ટ્રેટીવ ચાર્જીસ** વસુલ કરવામાં આવેલ છે.

### ૨. પીવાનું પાણી :-

- પીવાના પાણીની ગુણવત્તા ચેક કરવાનું સને ૧૯૮૦માં નાનાપાયા ઉપર સે.લેબોરેટરીમાં શરૂ કરવમાં આવ્યુ હતું અને હાલમાં સમગ્ર શહેરમાં અમદાવાદ મ્યુનિ.કોર્પો.ધ્વારા સપ્લાય કરવામાં આવતા પાણીના દર મહિને આશરે ૨૦૦૦ જેટલા નમુનાઓ લેવામાં આવે છે. જેવા કે સોર્સ દુધેશ્વર વોટર વર્કસ, કોતરપુર વોટર વર્કસ,  ફ્રેન્ચવેલ, જેકવેલ, ટયુબવેલ , કલોરીન ચેકીંગ એટ ડીસ્ટ્રીબ્યુશન સીસ્ટમ (સપ્લાય લાઈન) પબ્લીક ટેપ, સોર્સ, પ્રાઈવેટ ટેપ, ફરીયાદો, મ્યુનિ.હોસ્પિટલસ, પબ્લીક ઈટીંગ પ્લેસ, નું પૃથ્થકરણ કરવામાં આવે છે. હેલ્થ ડીપાર્ટમેન્ટ દ્રારા લેવામાં આવેલા પાણીના નમુનાઓનું પણ પૃથ્થકરણ કરવામાં આવે છે. સેન્ટ્રલ લેબોરેટરીમાં દર માસે આશરે ૩૫૦૦ જેટલા પાણીના સેમ્પલોનું એનાલીસીસ કરવામાં આવે છ. પ્રિમોન્સુન તેમજ રોગચાળો ફાટી નીકળે  ત્યારે તકેદારીના પગલા રૂપે પાણીની ગુણવત્તા સચવાઈ રહે તે માટે સધન પ્રયત્નો કરી મોનીટરીંગ કામગીરી કરવામાં આવે છે.
- વિશ્વ આરોગ્ય સંસ્થા ધ્વારા સુચવેલી સેમ્પલીંગ પધ્ધતિને સુધારી આપણા શહેરની પરિસ્થિતીને અનુલક્ષીને ગોઠવવામાં આવેલ પધ્ધતિથી સપ્લાય થતાં પાણીની ગુણવત્તામાં ધણો સુધારો થયેલ છે, અને

તરત જ અસરકારક પગલા લેવાય છે. લેબોરેટરીના રીપોર્ટસના આધારે જે તે ખાતા ને તાકીદે જાણ કરી ખાતા ધ્વારા ધટતી કાર્યવાહી કરાવવામાં આવે છે અને પોલ્યુશનની ફરીયાદોનો તુરત જ નીકાલ થાય છે. લેબોરેટરી ધ્વારા કાંકરીયા તળાવ અને રીવરના પાણીના પણ નિયમિત ચેકીંગ કરવામાં આવે છે તેનું પણ એનાલીસીસ આ લેબોરેટરી ધ્વારા થાય છે. જેના સેમ્પલો પણ નિયમિત ધોરણે લેવમાં આવે છે.

- કોતરપુર ખાતેના રાસ્કાવીયર સરફેસ વોટરનું બેકટોરીયોલોજીકલ તથા કેમીકલ ટેસ્ટીંગ કરવામાં આવે છે.

## ૩. <u>સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ</u> :-

- પિરાણા તથા વાસણા ખાતેના બે કન્વેન્શનલ પ્લાન્ટમાં દરેક યુનિટો નિયમિત ચેક કરી , પ્લાન્ટની એફીસીયન્સી ચકાસવામાં આવે છે.
- અમદાવાદ મ્યુનિ.કોર્પો.એ વલ્ડ બેન્કની સહાયથી વિશાળ કદનો સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ વાસણા અને પિરાણા ખાતે ઉભો કરેલ છે. આ નવા પ્લાન્ટ તદ્દન અલગ પ્રકારની ટ્રીટમેન્ટવાળા છે. સે.લેબોરેટરી ધ્વારા પ્લાન્ટના રોજબરોજ સેમ્પલ કલેકશન તથા એનાલીસીસ કરવામાં આવે છે. અને પ્લાન્ટ પરફોરમન્સનો નિયમિત ડેટા કલેકશન કરવામાં આવે છે. તેનો અભ્યાસ કરવામાં આવે છે. આ ડેટા પ્લાન્ટ પરફોરમન્સ માટે ખુબજ ઉપયોગી હોય છે.
- કાંકરીયાના પાણીની તથા સાબરમતી નદીમાં લેવામાં આવતાપાણીની ગુણવત્તા જળવાઈ રહે તે માટે તેના પાણીનું નિયમિત પૃથ્થકરણ કરવામાં આવે છે. તથા ડ્રેનેજ પંપીગ સ્ટેશન તેમજ મેનહોલમાંથી વખતો વખત સેમ્પલો એકત્ર કરી એનાલીસીસ કરવામાં આવે છે અને ડ્રેનેજની મેઈન લાઈનો નું પણ મેનહોલ ડ્રેનેજ ખાતાની મદદથી ચેક કરવામાં આવે છે.

અમદાવાદ મ્યુનિ.કોર્પો નાં નવા સામેલ વિસ્તારમાં નરોડા, ઓઢવ અને વટવા એમ ત્રણ જી.આઈ.ડી.સી. ઈનડસ્ટ્રીયલ એસ્ટેટસ આવેલા છે. જેમાં ઐધોગીક એકમો નાં ટ્રેડ વેસ્ટ સી.ઈ.ટી.પી માં લેવામાં આવે છે. અને જે ટ્રીટમેન્ટ કરી મેગા પાઈપ લાઈનમાં નાંખે છે ત્રણ પ્લાન્ટના આઉટલેટનું મોનીટરીંગ સેન્ટ્રલ લેબોરેટરી દ્રારા કરવામાં આવે છે.

આ ઉપરાંત અમદાવાદ મ્યુનિ.કોર્પો. ધ્વારા ખરીદવામાં આવતા કેટલાક કેમીકલ્સ જેવા કે હાઈપોકલોરાઈડસ તેમજ બ્લીચીંગ પાવડર ની સેન્ટ્રલ લેબોરેટરી દ્રારા તેમજ વાટરવર્ક ખાતા દ્રારા કામ કરી તેના રીપોર્ટ અંગે અત્રે જાણ કરવામાં આવે છે, અને સેમ્પલ લઈ એનાલીસીસ કરી આપવામાં આવે છે. તેમજ પ્રાઈવેટ સોસાયટી, ટયુબવેલ કે અન્ય પ્રાઈવેટ એકમોના પીવાના પાણીના સેમ્પલીંગ કરી એનાલીસીસ કામગીરી પણ આ ખાતા ધ્વારા નજીવી ફી લઈ કરવામાં આવે છે. જેથી લોકો પણ આનો સારો લાભ પોતાના વપરાશ અંગેના પાણીની ચકાસણી કરાવવા કરી શકે છે.

તેજ રીતે ઐધોગીક એકમો પણ તેમના ઔધોગિક ટ્રડ વેસ્ટના સેમ્પલો માટે પણ આ કામગીરી લેબોરેટરી દ્રારા સેમ્પલ એનાલીસીસ કામગીરી નકકી કરેલ ફી લઈ કરી આપવામાં આવે છે.

સને.૨૦૦૭-૨૦૦૮ વર્ષ દરમ્યાન **<u>પેઈડ સેમ્પલ ફીની આવક</u>** રૂપિયા<u>.૨,૩૭,૧૦૦/-</u> થઈ હતી.

## ૨.વિશિષ્ટ કામગીરી :

જયારે જયારે રોગચાળાના આઉટ બ્રેક જેવી પરિસ્થિતિ ઉભી થાય છે ત્યારે અસર પામેલ વિસ્તારમાં પીવાના પાણીના સેમ્પલો લેવા તથા સતત મોનીટરીંગ સેન્ટ્રલ લેબોરેટરી દ્રારા કરવામાં આવે છે. અને તપાસ કરી હેલ્થ તથા એન્જીનીયરીંગ ખાતા સાથે કો-ઓર્ડીનેશન કરી ફિલ્ડ રિપોર્ટસ તૈયાર કરી, પોલ્યુશન

સોર્સ શોધવા અંગે તપાસથી પોલ્યુશન નિકાલ કરવાની કાર્યવાહી હાથ ધરી તેનો સત્વરે નિકાલ થાય તેઅંગે ખાસ તકેદારી રાખવામાં આવે છે.

આ કામ પબ્લીક હેલ્થ તથા સુખાકારીનું હોઈ પ્રાયોરીટી ધોરણે તેનો નિકાલ કરવામાં આવે છે. દરેક ઝોનના ઓફીસરો સ્થળ પર સાથે હાજર રહી પોતાનું માર્ગદર્શન આપી પોતાનો ખૂબ મોટો ફાળો આપે છે. જેમાં મ્યુનિ.કમિશ્નર સાહેબશ્રીનો ખૂબજ સહકાર મળે છે.

ચાલુ વર્ષ ૨૦૦૭-૨૦૦૮ દરમ્યાન સેમપલોની વિગત દર્શાવતું પત્રક આ સાથે સામેલ છે.

**પત્રક૪.૧૬.૧**

**સને ૨૦૦૭-૦૮માં લેવાયેલ સેમ્પલોની વિગત દર્શાવતું પત્રક**

| | વિગત | વિગત |
|---|---|---|
| ૧ | ઔધોગીક એકમોના સેમ્પલો | ૬૮૩ |
| ૨ | ઔધોગીક એકમોના વેસ્ટવોટરના પી.એચ.ચેકીંગ | ૨૩૨ |
| ૩ | ન્યુવાસણા તથા પિરાણા લગુન પ્લાન્ટનો સેમ્પલો | ૪૫૭ |
| ૪ | કાંકરીયા તળાવ અને નદીના સેમ્પલો | ૨૬૫ |
| ૫ | પંપીગ સ્ટેશન તથા મેન-હોલના સેમ્પલો | ૮૦૩ |
| ૬ | અમદાવાદ ઈલેકટ્રીક સીટી કુ. તથા અન્ય | ૧૯ |
| ૭ | પીવાના પાણીના બેકટોરીયોલોજીકલ સેમ્પલો | ૩૫૭૭૬ |
| ૮ | પીવાના પાણીના કલોરીન ચેકીંગના સેમ્પલો | ૨૧૨૬૮ |
| ૯ | પીવાના પાણીના કેમીકલ ચેકીંગના સેમ્પલો | ૬૨૦ |
| ૧૦ | ફી લઈને ટેસ્ટ કરેલ સેમ્પલો | ૪૧૬ |
| ૧૧ | સેમ્પલ ટેસ્ટીંગની કુલ આવક રૂપિયા | ૨,૩૭,૧૦૦ |
| ૧૨ | વહીવટીય રીકનેકશન ચાર્જ પેટે વસુલ કરવામાં આવેલ રકમ | ૨,૫૦,૦૦૦ |
| ૧૩ | ખારીકટ કેનાલના સેમ્પલો | ૭૫ |
| ૧૪ | યુ.એ.એસ.બી. લગુન | ૫૮૪ |
| ૧૫ | સી.ઈ.ટી.પી.ના સેમ્પલો | ૧૬ |

# ૪.૧૭ સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ
## ૦૭-૦૮

અમદાવાદ શહેરની વસ્તીમાં દર વર્ષે ખુબજ ઝડપીથી વધારો થતો જાય છે. વસ્તી વધારાને કારણે ગંદા પાણીના જથ્થાનું પ્રમાણ પણ ખૂબજ વધવા પામેલ છે. અને તેને કારણે ગંદા પાણીને પંપીંગ કરી નિકાલ કરવાનું તથા તેને ટ્રીટમેન્ટ આપવાનું કામ પણ ઘણુંજ વધવા પામેલ છે.

સાબરમતી નદીને કારણે અમદાવાદ શહેર બે ભાગમાં વહેચાયેલ છે. પૂર્વ તરફના ભાગમાં ૩૨ જેટલા સુએજ પંપીંગ સ્ટેશનો આવેલા છે. જેનું પંપીંગ થયેલ સુએજ પિરાણા ટર્મિનલ સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં લઈ જવામાં આવે છે. અને જરૂરી ટ્રીટમેન્ટ આપવામાં આવે છે.

નદીના પશ્ચિમ તરફના વિસ્તારો તથા ઔડા વિસ્તારનું ગંદુ પાણી પશ્ચિમ વિસ્તારમાં આવેલા ૦૫ જુદા જુદા સુએજ પંપીંગ સ્ટેશનોથી પંપીંગ કરી વાસણા ટર્મિનલ સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં લાવવામાં આવે છે. જ્યાં આ પાણીને ટ્રીટમેન્ટ આપવામાં આવે છે.

અમદાવાદ શહેર તેમજ ઔડા વિસ્તારોમાંથી આવતા ગંદા પાણીનું પ્રમાણ ખૂબ વધી જવાથી હાલના પિરાણા તથા વાસણા ખાતે આવેલા બે ટ્રીટમેન્ટ પ્લાન્ટસ બનાવવામાં આવેલ છે. જે પૈકી પિરાણા ટ્રીટમેન્ટ પ્લાન્ટ ૧૦૬ એમ.એલ.ડી. તેમજ વાસણા ટ્રીટમેન્ટ પ્લાન્ટ ૯૦ એમ.એલ.ડી. ચાલુ કરવામાં આવેલ છે.

શહેરના પૂર્વ વિસ્તારમાં આવેલી જુદી જુદી ઔધોગિક વસાહતોના ગંદા પાણીના નિકાલ માટે પણ અલગ પંપીંગ સ્ટેશન "પિરાણા જી.આઈ.ડી.સી. સુએજ પંપીંગ સ્ટેશન" બનાવવામાં આવેલ છે. જે કાર્યરત છે.

(૧) <u>વાસણા ટર્મિનલ સુએજ પંપીંગ સ્ટેશન અને સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ :-</u>

સને. ૧૯૮૯ માં વર્લ્ડ બેન્કની સહાયથી આ પંપીંગ સ્ટેશન શરૂ કરવામાં આવેલ છે. અને હાલમાં સંપૂર્ણ રીતે કાર્યરત છે. અહેવાલી વર્ષમાં આ પંપીંગ સ્ટેશનની તમામ મિકેનીકલ તથા ઈલેક્ટ્રીકલ મશીનરીઝનું નિયમિત રીતે મરામત તથા નિભાવનું કામ કરવામાં આવેલ છે. આ પંપીંગ સ્ટેશનથી દરરોજનું સરેરાશ ૫૧૦ લાખ ગેલન (૨૨૯૫ લાખ લીટર) ગંદુ પાણી પંપ કરવામાં આવેલ છે. સને. ૨૦૦૭ - ૨૦૦૮ ના વર્ષ દરમ્યાન કુલ કલાકોની વિગત આ સાથેના પત્રકમાં દર્શાવવામાં આવેલા છે.

પંપીંગ સ્ટેશનની ઈલેક્ટ્રીકલ ઈક્વીપમેન્ટસનું ઈન્ડીયન ઈલેક્ટ્રીસીટી એક્ટ અનુસાર ઈલેક્ટ્રીકલ ઈન્સ્પેકટરશ્રી પાસે ઈન્સ્પેકશન કરાવવામાં આવેલ છે.

આ પંપીંગ સ્ટેશનની પાસે ૭૫ એમ.એલ.ડી.ની ક્ષમતાનો એરેટેડ લગુન્સ પદ્ધતિનો સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ આવેલો છે. જે કાર્યરત છે. આ પ્લાન્ટમાં ટ્રીટમેન્ટ કરવામાં આવતા ગંદા પાણીનું સેન્ટ્રલ લેબોરેટરી દ્વારા નિયમિત રીતે સેમ્પલ લઈ પરિક્ષણ કરવામાં આવે છે.

(૨) <u>પિરાણા ટર્મિનલ સુએજ પંપીંગ સ્ટેશન અને સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ :-</u>

વર્લ્ડ બેન્કની સહાયથી આ પંપીંગ સ્ટેશન સને. ૧૯૯૦ માં શરૂ કરવામાં આવેલ છે. અને હાલમાં કાર્યરત છે. પંપીંગ સ્ટેશનમાં આવેલી તમામ મિકેનીકલ તેમજ ઈલેક્ટ્રીકલ મશીનરીનું નિયમિત રીતે મરામત અને નિભાવનું કામ કરવામાં આવે છે. આ પંપીંગ સ્ટેશન વડે દરરોજનું સરેરાશ ૫૮૫ લાખ ગેલન (૨૬૩૨ લાખ લીટર) ગંદું પાણી પંપ કરવામાં આવેલ છે. પંપીંગ સ્ટેશનની બાજુમાં એરેટેડ લગુન્સ પદ્ધતિનો ૧૮૦ એમ.એલ.ડી.ની ક્ષમતાનો ટ્રીટમેન્ટ પ્લાન્ટ આવેલો છે. જેમાં ગંદા પાણીને ટ્રીટમેન્ટ આપવામાં આવે છે. ટ્રીટમેન્ટ આપેલ પાણીને નદીમાં ડીસ્ચાર્જ કરવામાં આવે છે. અહેવાલી વર્ષમાં કુલ પંપીંગ કરવામાં આવેલ ગંદાપાણીનો જથ્થો, વર્ષ દરમ્યાન પંપોના વપરાશના કલાકો તેમજ વપરાયેલ વિજળીના યુનિટસની વિગત આ સાથેના પત્રકમાં દર્શાવવામાં આવેલી છે.

આ પંપીંગ સ્ટેશનની તમામ ઈલેક્ટ્રીકલ મશીનરીનું એક્ટ મુજબ ઈલેક્ટ્રીકલ ઈન્સ્પેક્ટરશ્રી પાસે ઈન્સ્પેકશન કરાવવામાં આવેલ છે. ટ્રીટમેન્ટ પ્લાન્ટના ગંદાપાણીના સેન્ટ્રલ લેબોરેટરી દ્વારા નિયમિત રીતે સેમ્પલો લઈ પરીક્ષણ કરવામાં આવેલ છે.

| અં. નં. | પંપીંગ સ્ટેશનનું નામ | કામગીરીનો પ્રકાર | એકમ | સને ૨૦૦૭-૦૮ ની કામગીરી |
|---|---|---|---|---|
| ૧ | વાસણા ટર્મિનલ સુ.પં.સ્ટેશન | પંપીંગ | લાખ ગેલન | ૧,૦૭,૪૨૦.૦૦ |
| | | યુનિટ | કે.ડબલ્યુ.એચ. | ૨૩,૭૩,૯૯૦.૦૦ |
| | | સમય | કલાક | ૧૬,૭૭૮.૦૦ |
| ૨ | પિરાણા ટર્મિનલ સુ.પં.સ્ટેશન | પંપીંગ | લાખ ગેલન | ૨,૩૩,૨૯૦.૦૦ |
| | | યુનિટ | કે.ડબલ્યુ.એચ. | ૪૬,૩૧,૦૦૩.૦૦ |
| | | સમય | કલાક | ૩૪,૨૯૦.૦૦ |

(૩) <u>મુખ્ય સુએજ પંપીંગ સ્ટેશનો :-</u>

અમદાવાદ શહેરમાં મુખ્ય ત્રણ સુએજ પંપીંગ સ્ટેશનો આવેલા છે. આ મુખ્ય સુએજ પંપીંગ સ્ટેશનોથી સુએજ વોટરનું પંપીંગ કરી ટ્રીટમેન્ટ માટે ૧૦૬ એમ.એલ.ડી. પ્લાન્ટ ખાતે મોકલવામાં આવે છે. આ પંપીંગ સ્ટેશનોના નામ તથા દરેકની પંપીંગ કેપેસીટીની વિગત નીચેના ટેબલમાં સામેલ છે.

મુખ્ય સુએજ પંપીંગ સ્ટેશન

| અ. નં. | મુખ્ય સુએજ પંપીંગ સ્ટેશનોના નામ | ઝોન | કેપેસીટી લાખ લીટર/કલાક |
|---|---|---|---|
| ૧ | ન્યુ સબર્બન સુએજ પંપીંગ સ્ટેશન | દક્ષિણ | ૯૮.૮૦ |
| ૨ | જમાલપુર સુએજ પંપીંગ સ્ટેશન | મધ્ય | ૧૫૭.૫૦ |
| ૩ | મણિનગર સુએજ પંપીંગ સ્ટેશન | દક્ષિણ | ૧૮૧.૬૦ |

(૪) <u>બ્રાન્ચ સુએજ પંપીંગ સ્ટેશનો :-</u>

અમદાવાદ શહેરના નદીના પૂર્વ તરફના તથા પશ્ચિમ તરફના વિસ્તારો અને ગુજરાત સરકાર પાસેથી મ્યુનિ.કોર્પોરેશને લીધેલ પૂર્વ અમદાવાદની નવી હદ સહીતના વિસ્તારમાં નાના-મોટા થઈને ૦૨ ટર્મિનલ સુએજ પંપીંગ સ્ટેશન, ૦૧ જી.આઈ.ડી.સી.એફ.પં.સ્ટે, ૦૧ વાસણા (ઔડા) પંપીંગ સ્ટેશન તથા ૦૩ મુખ્ય સુએજ પંપીંગ સ્ટેશનો ઉપરાંત કુલ-૩૪ જેટલા બ્રાન્ચ સુએજ પંપીંગ સ્ટેશનો દ્વારા મધ્યઝોન,ઉત્તરઝોન,પૂર્વઝોન અને પશ્ચિમઝોન તથા દક્ષિણઝોનના વિસ્તારોનું સુએજ વોટરનું પંપીંગ કરી મુખ્ય ત્રણ પંપીંગ સ્ટેશનો ઉપર પંપીંગ કરી ત્યાંથી જે તે પૂર્વ તથા પશ્ચિમ વિસ્તારના ટ્રીટમેન્ટ પ્લાન્ટો ઉપર ટ્રીટમેન્ટ આપી ડીસ્પોઝલ નદીમાં કરવામાં આવે છે. આ તમામ ૪૧ સુએજ પંપીંગ સ્ટેશનો પર ત્રણ શીફટમાં કર્મચારીઓ ફરજ બજાવી સતત ચોવીસ કલાક સુએજ પંપો ચલાવવામાં આવે છે. પંપીંગ સ્ટેશનોમાં થતાં ઈલેક્ટ્રીકલ તથા મિકેનીકલ ફોલ્ટસને તાકીદે ઈમરજન્સીમાં એટેન્ડ કરી ફોલ્ટથી તાકીદે દુરસ્ત કરી ડ્રેનેજ પંપીંગની કામગીરી કાર્યક્ષમ રીતે જાળવી રાખવામાં આવેલ છે. ચોમાસાની ઋતુમાં આ પંપીંગ સ્ટેશનોમાં ડ્રેનેજ લાઈનના પાણી ઉપરાંત વરસાદી પાણી પણ પુષ્કળ પ્રમાણમાં આવે છે. જે તે પંપીંગ કરવાની કપરી કામગીરી પણ આ પંપીંગ સ્ટેશનો દ્વારા કરવામાં આવેલ છે. આ સુએજ પંપીંગ સ્ટેશનોની પંપીંગ કેપેસીટીની વિગતો આ સાથે પત્રકમાં સામેલ છે. તદઉપરાંત વિજળીનો પુરવઠો બંધ થાય કે ઉપલબ્ધ ન હોય તેવા સંજોગોમાં પંપીંગની કામગીરી માટે ૬૩ કે.વી.એ.ની ક્ષમતાના ડીઝલ જનરેટર સેટનો ઉપયોગ કરી સુએજ પંપીંગ સ્ટેશન ચાલુ રાખવામાં આવે છે. અને ગંદા પાણીનો નિકાલ કરવામાં આવે છે.

(૫) <u>સુઅર કલીનીંગ ઈક્વીપમેન્ટસ :-</u>

શહેરના જુદા જુદા પંપીંગની પાંચેય ઝોનમાંથી આવતી માંગણી અનુસાર ખાતાના હસ્તકના ૩-નંગ જેટીંગ મશીનો, ૪-નંગ ગલીએમ્પ્ટીયર મશીનો, ૮-નંગ જેટીંગ-કમ-ગલી એમ્પ્ટીયર કમ્બાઈન્ડ મશીનો જરૂરીયાત મુજબ મોકલી ડ્રેનેજ લાઈનો ચોક-અપ થઈ જવાની ફરિયાદો તથા જરૂરી ૧-નંગ ડીપ સકશન મશીન તથા એમ.એમ.ચેમ્પીયન મશીનો જરૂરીયાત મુજબ મોકલી ડ્રેનેજ લાઈનો ચોક-અપ થવાની ફરિયાદો તથા જરૂરી ડીશીલ્ટીંગ કરી ડ્રેનેજ લાઈનો કાર્યરત કરી ફરિયાદોનો નિકાલ કરવામાં આવે છે. સને.૨૦૦૭-૨૦૦૮ દરમ્યાન આવી કુલ ૪૨૨૦.૦૦ જેટલી ફરિયાદોનો નિકાલ કરવામાં આવેલ છે. તે ઉપરાંત ડીપ સકશન મશીન તથા વેટવેલની રીક્ષા માઉન્ટેડ ડીશીલ્ટીંગ મશીન-૧, ટ્રક માઉન્ટેડ ડીશીલ્ટીંગ મશીન નંગ-૩ વડે જુદા જુદા ડ્રેનેજ પંપીંગ સ્ટેશનોની ઈનકમીંગ ચેમ્બરોમાં ડીશીલ્ટીંગ કરવાની તેમજ સ્ક્રીન ચેમ્બરો સાફ કરી આપવાની કામગીરી પણ કરવામાં આવેલ છે. તેમજ પિરાણા ટર્મિનલ,વાસણા ટર્મિનલ તથા ન્યુ સબર્બન જેવા મોટા ડ્રેનેજ પંપીંગ સ્ટેશનોના ઈનકમીંગ ચેમ્બરમાંથી સ્પેશીયલ હેવી પ્રકારની હાઈડ્રા-૧૨, ક્રેઈન માઉન્ટેડ ડીશીલ્ટીંગ મશીન વડે નિયમિત ડીશીલ્ટીંગ કરવામાં આવે છે. ઉપરોક્ત આ મશીનોને ઔડા, ગુજરાત સ્લમ ક્લીયરન્સ બોર્ડ, ગ્રીન એન્વાયરમેન્ટ સર્વિસીઝ, જામનગર, મહાનગર પાલીકા તથા કેન્ટોનમેન્ટ જેવી અન્ય સંસ્થાઓમાં ભાડે મોકલી તેઓની ડ્રેનેજ ચોક-અપ લાઈનોની મુશ્કેલી દુર કરી રેવન્યુ આવક મેળવવામાં આવેલ છે. તેમજ આશીમાં ડાયકેમ ખાતેના ઈનફ્યુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં ડ્રેનેજ લાઈનમાંથી ખેંચેલ ગંદું પાણી આપીને રેવેન્યુ આવક મેળવવામાં આવે છે. વેટવેલની

રીક્ષા માઉન્ટેડ ડીશીલ્ટીંગ મશીન નંગ-૧ તથા ટ્રક માઉન્ટેડ ડીશીલ્ટીંગ મશીન નંગ-૩ તેમજ પિરાણા ટર્મિનલ, વાસણા ટર્મિનલ તથા ન્યુ સબર્બન જેવા મોટા ડ્રેનેજ પંપીંગ સ્ટેશનોના ઈનકમીંગ ચેમ્બરમાંથી સ્પેશ્યલ હેવી પ્રકારની હાઈડ્રા-૧૨ ક્રેઈન માઉન્ટેડ ડીશીલ્ટીંગ મશીન વડે નિયમિત ડીશીલ્ટીંગ કરવામાં આવે છે.

(૬) <u>ડ્રેનેજ પ્રોજેક્ટના કામો :-</u>

સને.૨૦૦૭-૨૦૦૮ દરમ્યાન એસ.ટી.પી. ખાતા દ્વારા નીચે મુજબ પ્રોજેક્ટના કામો કરવામાં આવેલ છે.

(અ) <u>ડ્રેનેજ પ્રોજેક્ટ :-</u>

(૧) પૂર્વ અમદાવાદના ઉત્તર-દક્ષિણઝોનના નરોડા,નિકોલ,ઓઢવ,વટવા તથા સૈજપુર એમ પાંચ સુએજ પંપીંગ સ્ટેશનોના મિકેનીકલ - ઈલેક્ટ્રીક કામો પુરા કરવામાં આવેલ છે અને ઓપરેશન-મેન્ટેનન્સની કામગીરી કોન્ટ્રાક્ટર દ્વારા હાલમાં ચાલુ છે.

(બ) <u>એન.આર.સી.પી. પ્રોજેક્ટ</u> :- જમાલપુર, કેશવનગર, પાલડી તથા ન્યુ સબર્બન ડ્રેનેજ પંપીંગ સ્ટેશનો ખાતે રીનોવેશનના કામો પુરા થયેલ છે. જમાલપુર સુએઝ પંપીંગ સ્ટેશન ખાતે ગ્રીટ રીમુવલ માટે “ગ્રીટ રીમુવલ બકેટ મશીન“ કમીશનીંગ કરવામાં આવે છે. તેની કામગીરી સતત ચાલુ છે.

એન.આર.સી.પી. પ્રોજેક્ટ :-

(૧) <u>યુ.એ.એસ.બી. બેઝડ-પિરાણા ટ્રીટમેન્ટ પ્લાન્ટ(૧૦૬ એમ.એલ.ડી.) એન.આર.સી.પી.-૧</u> :-
એન.આર.સી.પી. પ્રોજેક્ટ હેઠળ યુ.એ.એસ.બી.(અન એરોબીક સ્લજ બ્લેન્કેટ) બેઝડ-૧૦૬ એમ.એલ.ડી.પિરાણા ટ્રીટમેન્ટ પ્લાન્ટ સને. ૨૦૦૧ માં ચાલુ કરવામાં આવેલ છે. સને. ૨૦૦૩ માં તમામ મિકેનીકલ અને ઈલેક્ટ્રીકલ મશીનરીઝ તથા એરેટર્સનું ઈન્સ્ટોલેશન કરી ટેસ્ટીંગ કરી તૈયાર કરેલ છે. પ્લાન્ટ કમીશન થઈ ગયેલ છે. અને અત્યારે ઓપરેશનમાં છે. સદરહું પ્લાન્ટના ઓપરેશન-મેન્ટેનન્સની કામગીરી પ્લાન્ટના ઈરેકશન-કમીશનીંગના કોન્ટ્રાક્ટર દ્વારા કરવામાં આવે છે. આ પ્લાન્ટની એવરેજ કેપેસીટી ૧૦૬ એમ.એલ.ડી. તથા પીક કેપેસીટી ૨૧૨ એમ.એલ.ડી. છે. પિરાણા ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં મણિનગર,દાણીલીમડા,જમાલપુર તેમજ ન્યુ સબર્બન ડ્રેનેજ પંપીંગ સ્ટેશનોનું સુએજ વોટર લેવામાં આવે છે. આ પ્લાન્ટની ડીઝાઈન વર્ષ ૨૦૦૧ માં કુલ પોલ્યુશન ૯.૦૬ લાખના આધારે તૈયાર કરવામાં આવેલ છે. તેમજ ડીઝાઈન સુએજ જનરેશન ૧૩૦ એલ.પી.સી.ડી. (લિટર/કેપીટા/દિવસ) છે. તેના રોજ બરોજનું રિજલ્ટ સેન્ટ્રલ લેબોરેટરી દ્વારા ચેક કરવામાં આવે છે. આ પ્લાન્ટ યુ.એ.એસ.બી. બેઝડ હોવાથી તેનાથી બનતો મીથેન ગેસથી ડ્યુલ ફયુલ એન્જીન દ્વારા વિજળી ઉત્પન્ન કરવામાં આવે છે. અને આ વિજળી દ્વારા પ્લાન્ટ ચલાવવામાં આવે છે. પ્લાન્ટ દ્વારા શુદ્ધિકરણ થઈ સુએજ વોટર કેનાલ દ્વારા નદીમાં છોડવામાં આવે છે. તેમજ ઉત્પાદન થતાં ડ્રાયસ્લજનું વેચાણ કરી આવક મેળવવામાં આવે છે.

(૨) <u>યુ.એ.એસ.બી.બેઝડ-વાસણા ટ્રીટમેન્ટ પ્લાન્ટ(૧૨૬ એમ.એલ.ડી.) એન.આર.સી.પી.- ૨</u> :-

એન.આર.સી.પી. પ્રોજેક્ટ હેઠળ યુ.એ.એસ.બી. બેઝડ વાસણા ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવાનું કામ સને. ૨૦૦૩ માં ચાલુ કરવામાં આવેલ છે. જે મીકેનીકલ ઈલેકટ્રીકલ ઈક્વીપમેન્ટસની સપ્લાય,ઈરેકશન,ટેસ્ટીંગ તથા કમીશનીંગની કામગીરી પૂર્ણ કરી પ્લાન્ટ જુન-૨૦૦૫ માં કમીશનીંગ કરેલ છે. તેના રોજબરોજનું રિજલ્ટ સેન્ટ્રલ લેબોરેટરી દ્વારા ચેક કરવામાં આવે છે. આ પ્લાન્ટની એવરેજ કેપેસીટી ૧૨૬ એમ.એલ.ડી. તથા પીક કેપેસીટી ૨૫૨ એમ.એલ.ડી.છે. વાસણા ટ્રીટમેન્ટ પ્લાન્ટ મ્યુનિ.કોર્પો.ના પશ્ચિમ વિસ્તારનું ૩૬ એમ.એલ.ડી. તથા ઔડા વિસ્તારનું ૯૦ એમ.એલ.ડી. લેવામાં આવે છે. રીએક્ટરનું ઈરેકશન પૂર્ણ થયેલ છે. જુન-૨૦૦૫ થી આ પ્લાન્ટ આ કામના કોન્ટ્રાક્ટર ઓપરેશન-મેઈન્ટેનન્સ કોન્ટ્રેકટ હેઠળ ચાલુ કરતાં વાસણા પ્લાન્ટ યુ.એ.એસ.બી.બેઝડ હોવાથી ભવિષ્યમાં યુ.એ.એસ.બી.થી બનતો મીથેન ગેસથી વિજળી ઉત્પન્ન કરવામાં આવશે જેનાથી પ્લાન્ટ ચલાવવામાં આવશે. સુએજ વોટર પ્લાન્ટના શુદ્ધિકરણ કરી ખેતી માટે ઉપયોગમાં લેવા માટે ફતેહવાડી કેનાલમાં છોડવામાં આવશે.

(૩) <u>એન.આર.સી.પી.પ્રોજેક્ટ હેઠળ ત્રણ ડ્રેનેજ પંપીંગ સ્ટેશનનું રીનોવેશન કામ (એન.આર.સી.પી.-૩)</u> :-

એન.આર.સી.પી.પ્રોજેક્ટ હેઢળ મ્યુનિ.કોર્પો.ના મધ્યઝોનમાં નવા શાહીબાગ અને દરિયાપુર પંપીંગ સ્ટેશનો અને દક્ષિણઝોનનું મણીનગર પંપીંગ સ્ટેશન ખાતે પંપ-મોટર જુના બદલી નવા ઈન્સટોલેશન કરવા માટે જરૂરી ઈલેક્ટ્રીકલ અને મિકેનીકલ ઈક્વીપમેન્ટસ આવી ગયેલ છે. ત્રણ પંપીંગ સ્ટેશનોના બે-બે પંપ સેટસનું કમીશનીંગ કરી ચાલુ કરવામાં આવેલ છે. મણીનગર પંપીંગ સ્ટેશનનું કામ પૂર્ણ થઈ ગયેલ છે. દરિયાપુર સુએજ પંપીંગ સ્ટેશન ખાતે બાકી રહેલ એક અગત્યનું કમીશનીંગ ફેબ્રુઆરી-૨૦૦૬ માં કરી દેવામાં આવેલ છે.

(૪) <u>પિરાણા ટર્મિનલ સુએજ પંપીંગ સ્ટેશન ખાતે લગુનના ૩ માં ફિકસ્ડ એરેટર્સ મુકવાની કામગીરી</u>:-

પિરાણા ટર્મિનલ સુએજ પંપીંગ સ્ટેશન ખાતે નવું પી.ટી.યુ તેમજ આર.સી.સી.ડક્ટ બનાવવાની કામગીરી હાલમાં ચાલુ છે. તેમજ લગુન નં.-૩ માં ફિકસ્ડ ટાઈપ એરેટર્સ લગાવવા માટે પ્લેટફોર્મ બનાવવાની સિવિલ કામગીરી ચાલુ છે તેમજ સાથે સાથે મીકેનીકલ ઈક્વીપમેન્ટસ પૈકી એરેટર્સ,સક્રીન હોઈસ્ટ પેનલ, કેબલ વિગેરે મુખ્ય ઈક્વીપમેન્ટસ સપ્લાય કરી ઈરેકશન કામગીરી ચાલુ કરી દેવામાં આવેલ છે.

## સુએજ પંપીંગ સ્ટેશન

| અં. નં. | પંપીંગ સ્ટેશનનું નામ | ઈન્સટોલ કેપેસીટી (સ્ત્ઘ) |
|---|---|---|
| | મેઈન સુએજ પંપીંગ સ્ટેશન | |
| ૧ | પિરાણા ટર્મિનલ | ૧૯૨.૦૦ |
| ૨ | વાસણા ટર્મિનલ | ૧૪૪.૦૦ |
| ૩ | જી.આઈ.ડી.સી. એફ. | ૫૦.૦૦ |
| ૪ | વાસણા (ઔડા) | ૮૯.૩૦ |
| ૫ | જમાલપુર | ૭૫.૯૦ |
| ૬ | ન્યુ સબર્બન | ૭૭.૩૦ |
| ૭ | મણિનગર | ૯૩.૬૦ |
| | દક્ષિણઝોન | |
| ૮ | દાણીલીમડા | ૮.૪૦ |
| ૯ | બહેરામપુરા | ૨.૮૦ |
| ૧૦ | બાગેફિરદોશ | ૧૨.૭૦ |
| ૧૧ | ઈસનપુર-૧ | ૩.૪૦ |
| ૧૨ | ઈસનપુર-૨ (મોની) | ૪.૮૦ |
| ૧૩ | વીરાટનગર | ૨.૭૦ |
| | મધ્યઝોન | |
| ૧૪ | દરિયાપુર | ૪૩.૨૦ |
| ૧૫ | શાહીબાગ | ૫.૮૦ |
| ૧૬ | નવા ગિરધરનગર | ૪.૮૦ |
| ૧૭ | જુના ગિરધરનગર | ૫.૮૦ |
| ૧૮ | મહેંદિકુવા | ૪.૩૦ |
| ૧૯ | ડફનાળા | ૮.૬૦ |
| | પૂર્વઝોન | |
| ૨૦ | નવા ગોમતીપુર | ૪૨.૩૦ |
| ૨૧ | રખિયાલ | ૩.૧૦ |
| ૨૨ | અમરાઈવાડી | ૪.૩૦ |
| ૨૩ | વિરાટનગર | ૬.૩૦ |
| ૨૪ | અર્બુદાનગર | ૩.૯૦ |
| ૨૫ | અંબિકાનગર | ૩.૯૦ |
| ૨૬ | છોટાલાલની ચાલી | ૬.૩૦ |

| | | |
|---|---|---|
| ૨૭ | રબારી વસાહત | ૨.૫૦ |
| ૨૮ | નવા ઓઢવ | ૩.૧૦ |
| ૨૯ | નવા નિકોલ | ૪.૬૦ |
| | ઉત્તરઝોન | |
| ૩૦ | સરદારનગર | ૬.૭૨ |
| ૩૧ | આંબાવાડી | ૧.૯૨ |
| ૩૨ | નવા કુબેરનગર | ૮.૬૪ |
| ૩૩ | નરોડા ગાયત્રી | ૫.૧૮ |
| ૩૪ | નરોડા જી.આઈ.ડી.સી. | ૧.૭૨ |
| ૩૫ | નરોડા સત્યમ | ૧.૪૦ |
| ૩૬ | સૈજપુર બોઘા | ૧૧.૫૨ |
| ૩૭ | ન્યુ ચમનપુરા | ૨૭.૦૦ |
| | પશ્ચિમઝોન | |
| ૩૮ | કેશવનગર | ૩.૮૦ |
| ૩૯ | પાલડી | ૬.૪૦ |
| ૪૦ | શારદા સોસાયટી | ૩.૮૦ |
| ૪૧ | જુહાપુરા | ૧.૨૦ |

# ૪.૧૮ સ્લમ નેટવર્કીંગં પ્રોજેકટ

**૦૭-૦૮**

અમદાવાદ શહેરમાં નવી નગરપાલિકાઓ અને ગ્રામ પંચાયતોના સમાવેશ પછી શહેરની કુલ વસ્તી આશરે ૫.૫ મીલીયન થાય છે.અને કુલ વિસ્તાર આશરે ૪૪૯.૩૪ ચો.મી.જેટલો થાય છે.

અમદાવાદ શહેર વિસ્તારમાં કુલ ૭૧૦ જગાઓએ ઝૂંપડપટ્ટી તેમજ ૯૫૮ જગ્યાએ ચાલીઓ સહિત કુલ ૧૬૬૮ જગ્યાઓ એ સ્લમ વિસ્તાર આવેલ છે.જેમાં આવેલ મકાનોની સંખ્યા આશરે ૩,૨૫,૭૭૬ જેટલી છે.તેમજ તેમાં વસતા લોકોની સંખ્યા આશરે ૧૬,૨૮,૮૮૦ જેટલી છે.જે જોતાં અમદાવાદ શહેરની વસ્તીના લગભગ ૨૯ ટકા લોકો સ્લમ વિસ્તારમાં વસવાટ કરે છે.

શહેરમાં આવેલ ઝૂંપડપટ્ટી તેમજ ચાલીઓના ગંદા વિસ્તારમાં વસતા નાગરિકોના જીવનની ગુણવત્તાનું ધોરણ ઉંચું લાવવાના શુભ આશયથી આવા સ્લમ વિસ્તારના સ્થાનિક રહીશો, શહેરના ઔદ્યોગિક ગૃહો, પ્રાઈવેટ સેકટર તેમજ બીનસરકારી સ્વૈચ્છિક સેવાભાવી સંસ્થાઓના આર્થિક સહયોગથી અ.મ્યુ.કોર્પો.એ સ્લમ નેટવર્કીંગ પ્રોજેકટ અંતર્ગત ''પંડિત દિનદયાલ ઉપાધ્યાય અંત્યોદય યોજના'' નો અમલ ઓકટોબર-૯૫ થી શરૂ કરેલ છે.

આ યોજના અંતર્ગત સ્લમ વિસ્તારમાં ઘેર- ઘેર ગટર કનેક્શન,તથા પાણીના કનેક્શન, ઘર દીઠ જાજરૂ ઉપરાંત સ્ટ્રીટલાઈટ,પાકા રસ્તા,વરસાદી પાણી, તથા કચરાનાં નિકાલની વ્યવસ્થા તેમજ વૃક્ષારોપણ જેવી પાયાની ભૌતિક સુવિધાઓ એક સાથે પૂરી પાડવામાં આવે છે. આવી આંતરિક સુવિધાઓને બાહય શહેરી સુવિધાઓ સાથે સાંકળી લેવામાં આવે છે.આ ઉપરાંત આ યોજનામાં જોડાનાર સ્લમ વિસ્તારોમાં આરોગ્ય , શિક્ષણ તેમજ આવકનાં સાધનો ઉભા કરવા વગેરે જેવા સામુદાયિક વિકાસના કામો પણ હાથ ધરવામાં આવે છે.

આ તમામ સુવિધાઓ પૂરી પાડી, યોજનાનો અમલ કરવા માટે હાલમાં મ્યુ.કોર્પો. ને આશરે અંદાજે ઘર દીઠ રૂા. ૧૫,૮૦૦/- જેટલો ખર્ચ થાય છે.જેમાં નાણાકીય ફાળો નીચે મુજબ વહેંચાયેલ છે.

| | | |
|---|---|---|
| (૧) આતરિક ભૌતિક સુવિધાઓઃ- | | |
| અંદાજી સરેરાશ ઘરદીઠ ખર્ચઃ | | રૂ.૬૦૦૦/- |
| (અ) જે પૈકી સ્લમ વિસ્તારના રહીશોને ઘરદીઠ ફાળો | રૂ.૨૦૦૦/- | |
| (બ) ઓધોગિક ગૃહ પ્રાઈવેટ સેકટરનો ઘરદીઠ ફાળો ( સહાય મળે તો) | રૂ.૨૦૦૦/- | |
| (ક) મ્યુનિ.કોર્પોરેશનનો ઘરદીઠ ફાળો | રૂ.૨૦૦૦/- | |
| (૨) ઘર દીઠ જાજરૂ બાંધવાનો અંદાજી ખર્ચ મ્યુ. કોર્પોરેશન ભોગવે છે. | | રૂ.૫૮૦૦/- |
| (૩) સામુદાયિક વિકાસના કામોઃ | | |
| અંદાજી સરેરાશ ઘરદીઠ ખર્ચઃ | | રૂ.૧૦૦૦/- |
| (અ) જે પૈકી બીન સરકારી સ્વૈચ્છિક સંસ્થાનો ઘર દીઠ ફાળો | | રૂ. ૩૦૦/- |
| (બ) મ્યુ.કોર્પોરેશનનો ઘરદીઠ ફાળો | | રૂ. ૭૦૦/- |

(૪) સ્લમ વિસ્તારોને બાહય સેવાઓ સાથે સાંકળી
લેવાનો અંદાજી ઘર દીઠ ખર્ચ જે મ્યુ.કોર્પો.ભોગવે છે. રૂ. ૩૦૦૦/-

**કુલ ખર્ચ રૂ. ૧૫,૮૦૦/-**

આમ આ યોજના એ એક ભાગીદારી યોજના છે.જેમાં સ્લમ નાં રહીશોને લાભાર્થી નહી પણ ભાગીદાર ગણવામાં આવે છે. આ યોજનામાં જોડાવા માટે સ્લમ વિસ્તારના રહીશોએ મ્યુ.કોર્પો.ના નીતિનિયમો મુજબ નાણાંકીય ફાળો આપવાની સંમતિ સાથે યોજનામાં જોડાવા માટે અરજી કરવાની હોય છે. ઉપરાંત જે તે વિસ્તારનાં રહીશોએ એક મંડળ બનાવી ચેરમેન/ સેક્રેટરી/ તથા પ્રમુખ નક્કી કરી રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.

આમ આ યોજનાના અમલ માટે મ્યુ.કોર્પો.ને થનાર ઘરદીઠ અંદાજી ખર્ચ રૂ.૧૫,૮૦૦/-ની સામે સ્લમ વિસ્તારના રહીશો ઘરદીઠ માત્ર રૂ.૨૦૦૦/- નો આંશિક નાણાંકીય ફાળો આપી,ઉપર જણાવ્યા મુજબની બધી જ સુવિધાઓ એકી સાથે મેળવી શકે છે.તેમજ સામાન્ય સંજોગોમાં કોર્પોરેશન ૧૦ વર્ષ સુધી ઝુંપડપટ્ટી હટાવશે નહી તેવી હૈયાધારણ આપવામાં આવે છે. જે સ્લમ વિસ્તારમાં ગટર, પાણી, જાજરૂ જેવી સુવિધાઓ હયાત હશે અને નવા આયોજનમાં તેને બદલવાની જરૂર જણાય નહી તો આવી ઉપલબ્ધ સેવાઓને અનુલક્ષીને હયાત સુવિધા માટે ઘરદીઠ ભરવાની રકમ પૈકી અનુક્રમે રૂા.૫૦૦/- તથા રૂા.૩૦૦/- ની રાહત આપવામાં આવે છે.અને રહીશોએ માત્ર બાકીની રકમ ઘરદીઠ ભરવાની રહે છે.

આ યોજનામાં જોડાનાર સ્લમ વિસ્તારના રહીશોએ મંડળ બનાવવાની સાથે સાથે આ મંડળ રહીશો પાસેથી ઘરદીઠ રૂા.૧૦૦/- નો ફાળો એકત્ર કરે છે.જે રકમ મંડળ પાસે જ રહે છે.અને સ્લમ વિસ્તારમાં ઉપલબ્ધ થનાર સેવાઓની જાળવણી માટે મંડળ પોતે જ આ રકમનો ઉપયોગ જે તે સમયની જરૂર મુજબ કરે છે.

આ યોજનામાં જોડાવા માટે ઘરદીઠ ફાળોઉઘરાવી મંડળે પોતાની પાસે તેનો વ્યવસ્થિત રેકર્ડ રાખી, જે તેના ખાતામાં જમા કરવાનો હોય છે, અથવા કોઇ બેંકમાં ખાતુ ખોલાવી જમા કરવાનો હોય છે. જો કોઇ સ્લમમાં કોઇ રહીશ રૂા.૨૦૦૦/- નો ફાળો એક સાથે ન ભરી શકે તેમ ન હોય તો શહેરની સેવા બેંકમાં ખાતું ખોલાવી રૂા.૫૦૦/- જમા કરાવાથી આ યોજનામાં જોડાવા માટેની બાકીની રકમ માટે બેંકના નીતિનિયમો મુજબ લોન મેળવી શકે છે. જે તે સ્લમ વિસ્તારમાં યોજનાનો અમલ શરૂ થતાં કામના પ્રોગ્રેસ મુજબ કોન્ટ્રાકટરને બીલ ચૂકવવાના સમયે સ્લમના રહીશોનો નિયત ફાળો મંડળ દ્વારા મ્યુ.કોર્પો.માં જમા કરાવવાનો રહે છે.

આમ આ યોજનામાં જોડાવા માંગતા સ્લમ વિસ્તારના રહીશોની અરજી આવેથી,ખાતાના ટી.ડી.ઓ.વિભાગ દ્વારા જમીન માલિકી,ટી.પી.સ્કીમ નં.,ફાયનલ પ્લોટ નં. હેતુ, કોર્ટ લીટીગેશન વગેરે બાબતો ચકાસી આ સ્કીમના અમલ માટે મ્યુ. કમિ.શ્રીની એન.ઓ.સી.મેળવવામાં આવે છે. ત્યારબાદ ઇજનેર વિભાગ દ્વારા સ્થળનો સર્વે કરાવી ભૌતિક સુવિધાઓ આપવા માટે પ્લાનીગ, ડીઝાઇન તૈયાર કરી અંદાજ બનાવવામાં આવે છે. અંદાજ મંજૂર થતાં ટેન્ડર મંગાવી,મંજૂર કરાવી

કોન્ટ્રાકટર દ્વારા સ્થળ ઉપર કામ શરૂ કરવાની તજવીજ કરવામાં આવે છે.સાથે સાથે જે તે સ્લમ માટે એન.જી.ઓ. તેમજ ઈન્ડસ્ટ્રીયલ પ્રાયવેટ/ સેકટર પાર્ટનર તરીકે નકકી કરવામાં આવે છે.

અમદાવાદ શહેર વિસ્તારમાં અલગ અલગ જગ્યાઓએ આવેલ સ્લમ/ચાલીઓ અંગે વર્ષ ૨૦૦૧ દરમ્યાન છેલ્લામાં છેલ્લી પરિસ્થિતિની વિગતો સ્વૈચ્છિક સંસ્થા(એન.જી.ઓ.)સેવા તથા સાથ તથા ટીડીઓ અને એન્જીનીયરીંગ ખાતાના સ્ટાફ મારફતે મોજણી કરાવી માહિતી તૈયાર કરવામાં આવી છે.આ અહેવાલ સ્લમ નેટવર્કીંગ પ્રોજેક્ટ મારફત કોમ્પ્યુટરાઇઝ્ડ ફોર્મેટમાં તૈયાર કરવામાં આવેલ છે.અહેવાલમાં સ્લમ/ચાલી અંગેની જુદી જુદી વિગતો જેવી કે ઝૂંપડાની સંખ્યા,ઝૂંપડાનો પ્રકાર,ઉપયોગ,પાણી-ગટર કનેક્શન,સ્ટ્રોમ વોટર ડ્રેઈન, ટોઈલેટ ફેસીલીટી, સ્ટ્રીટલાઇટ, પેવિંગ, સફાઈની સગવડ,હોસ્પિટલ-આંગણવાડી ની સગવડ, જમીનની માલીકી, સર્વે નં./ફાઈનલ પ્લોટ નં.અંદાજીત ક્ષેત્રફળ, રીઝર્વેશન,રોડ કપાતની વિગત,હયાત પાણી-ગટરલાઈનની સાઈઝ,પાણી ગટરની મેઈન લાઈનું અંતર,પાણીનુ પ્રેશર વિગેરે આવશ્યક માહિતી એકત્રિત કરવામાં આવેલ છે.

સને ૨૦૦૭-૨૦૦૮ માં થયેલ કામની વિગત

| અ.નં. | વિગત | વોર્ડ/ઝોન | ઝુંપડાની સંખ્યા | થયેલ ખર્ચ |
|---|---|---|---|---|
| ૧ | ભીખાદેવાનો વાડો તથા તલાવડીના છાપરા | અમરાઈવાડી | ૭૦૦ | ૩૩,૮૯,૩૯૫.૦૦ |
| ૨ | લક્ષ્મણ ઝાડુવાળાની ચાલી | ભાઈપુરા | ૧૪૦ | ૭,૭૭,૨૫૩.૦૦ |
| ૩ | સદગુરૂકૃપા નગર | ઓઢવ | ૧૬૫ | ૪,૬૫,૧૬૪.૦૦ |
| ૪ | મહમંદ કસાઈની ચાલી | ઓઢવ | ૬૭ | ૫,૪૫,૫૯૪.૦૦ |
| ૫ | વિશ્વાસનગર | સ્ટેડીયમ | ૧૬૫ | ૬,૩૭,૮૫૭.૦૦ |
| ૬ | કામદારનગર | ભાઈપુરા | ૧૫૪ | ૮૭,૨૮૭.૦૦ |
| ૭ | નરસિંહનગર | વાસણા | ૨૧૫ | ૮,૬૫,૪૧૯.૦૦ |
| ૮ | પ્રવિણનગર ગુપ્તાનગર વિ-૨ | | ૮૦૦ | ૭,૨૧,૬૨૬.૦૦ |
| | કુલ | | ૨૪૦૬ | ૭૪,૮૯,૫૯૫.૦૦ |

**આયોજનઃ-**

અમદાવાદ મ્યુનિ.કોર્પો.માં સ્લમ નેટવર્કીંગ પ્રોજેકટ અન્વયે વધુ ૧૨૦ સ્લમમાં ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટની કામગીરી કરવાનું આયોજન જે.એન.એન.યુ.આર.એમ.પ્રોજેકટ હેઠળ કરેલ છે.

# ૪.૧૯ ટી.સી.આઈ.ડી.એસ. પ્રોજેકટ

## ૦૭-૦૮

કેન્દ્ર સરકારની ટેક્ષટાઈલ ઈન્ડસ્ટ્રીઝ નું એક્ષપોર્ટ વધારવા માટે ઘડવામાં આવેલ નિતી અનુસાર નારોલ-શાહવાડી વિસ્તાર માં સૂચિત ટી.પી. સ્કીમ નં.-૫૯, ૬૦, ૬૧ અને ૬૨ માં આવેલ ટેક્ષટાઈલ સેન્ટરો ને પાયાની સુવિધાઓ જેવીકે ગટર, પાણી, વરસાદી પાણીનો નિકાલ, રોડ તથા સ્ટ્રીટ લાઈટ વિ. ની સગવડો આપવા અથવા તેમા સુધારો કરી અપગ્રેડ કરવા રૂા. ૨૮.૫૦ કરોડ નો પ્રોજેકટ રીપોર્ટ મંજૂર થયેલ જે પૈકી રૂા. ૨૦.૦૦ કરોડ ની ગ્રાન્ટ મંજૂર કરવામાં આવેલ છે. વિસ્તૃત વિગત નીચે મુજબ છે.

(૧) **વોટર પાઈપ લાઈન :-** ટી.પી.સ્કીમ નં. ૫૯, ૬૦, ૬૧ અને ૬૨ માં આવેલ ટી.પી.રસ્તાઓ ઉપર ૨૯૦૦૦ મી. લંબાઈ માટે ૧૦૦ એમ. એમ. વ્યાસ થી ૬૦૦ એમ.એમ. વ્યાસ સુધીના ડી.આઈ.પાઈપો પ્રોકયોર કરવામાં આવેલ જે પૈકી ૧૭૫૭૦ મીટર લંબાઈમાં લાઈનો નાંખવામાં આવેલ છે.

(૨) **વોટર ડ્રીસ્ટ્રીબ્યુશન સ્ટેશન :-** સદર વિસ્તારમાં નવુ ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન ટી.પી. સ્કીમ નં. ૬૧, ફા. પ્લોટ નંબર- ૭૮ માં બનાવેલ છે. જેની વિગત નીચે મુજબ છે.

| | |
|---|---|
| અન્ડર ગ્રાઉન્ડ ટાંકી ની ક્ષમતા | ૮.૫૦ લાખ ગેલન (૩૮ લાખ લીટર) |
| ઓવર હેડ ટાંકી ની ક્ષમતા | ૧.૭૮ લાખ ગેલન ( ૮ લાખ લીટર) |
| પંપ હાઉસ | ૬ પંપ |
| ટેન્ડરની રકમ | રૂા.૨,૨૫,૮૦૮.૬૩ પૈ. |

(૩) **ડ્રેનેજ પાઈપ લાઈનઃ-** :- ટી.પી.સ્કીમ નં. ૫૯, ૬૦, ૬૧ અને ૬૨ માં આવેલ ટી.પી.રસ્તાઓ ઉપર ૨૯૦૦૦ મી. લંબાઈ પૈકી ૧૮૩૫૦ મી. લંબાઈમાં ૩૦૦ એમ. એમ. વ્યાસ થી ૭૦૦ એમ.એમ. વ્યાસ સુધીની આર.સી.સી. એન.પી. ૪ કલાસ ડ્રેનેજ પાઈપ લાઈન નાંખવામાં આવેલ છે.

(૪) **ડ્રેનેજ પંપીગ સ્ટેશનઃ-**સદર વિસ્તારમાં નવુ ડ્રેનેજ પંપીગ સ્ટેશન ટી.પી. સ્કીમ નં.-૬૧, ફા. પ્લોટ નંબર- ૧૧૦ માં બનાવવાનું કામ ચાલુ છે. જેની વિગત નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| એવરેજ ફલો | - | ૧૩ એમ.એલ.ડી. |
| પીક ફલો | - | ૨૭ એમ. એલ.ડી. |
| પંપ હાઉસ | - | ૪ પંપો સાથે |
| રાઈઝીગ મેઈન લાઈન | - | ૬૦૦ એમ. એમ. વ્યાસની ડી.આઈ. લાઈન -કુલ લંબાઈ ૧૯૦૦ મી. |
| ટેન્ડરની રકમ | | રૂા.૨,૭૦,૫૩,૪૧૧.૭૭ પૈ. |

(૫) **આસ્ફાલટ ના પાકા રોડ અને સ્ટ્રીટ લાઈટ :-** ટી.પી.સ્કીમ નં. ૫૯, ૬૦, ૬૧ અને ૬૨ માં આવેલ ટી.પી.રસ્તાઓ કુલ ૧૬૦૦૦ મી. લંબાઈ પૈકી ૧૧૦૦૦ મીટર લંબાઈમાં ગ્રાઉટીંગ લેવલ સુધી

તેમજ ૧૪૦૦૦ મીટર લંબાઈમાં સીલકોટ સાથે આસફાલ્ટ ના પાકા રસ્તા બનાવવામાં આવેલ છે. સદર ટી.પી. રસ્તાઓ ઉપર સ્ટ્રીટ લાઈટ નાંખવાનું કામ પણ કરવામાં આવેલ છે.

**ટી.સી.આઈ.ડી.એસ.પ્રોજેકટ**

**નાંણાકીય સિધ્ધીની વિગત દર્શાવતુ પત્રક ૪.૧૯.૧**

| અ.નં. | કામનું નામ | ટેન્ડરની રકમ (લાખમાં) | ૩૧.૦૩.૦૭ સુધી પડેલ ખર્ચ (લાખમાં) | વર્ષ ૨૦૦૭-૦૮ માં થયેલ ખર્ચ (લાખમાં) | તા. ૩૧.૦૩.૦૮ સુધી પડેલ કુલ ખર્ચ (લાખમાં) | ટકાવારી આર્થિક |
|---|---|---|---|---|---|---|
| ૧ | પ્રોક્યોરમેન્ટ ઓફ ડી.આઈ./સી.આઈ. વોટર પાઈપ લાઈન | **૩૦૮.૩૨** | ૩૧૪.૩૧ | ----- | ૩૧૪.૩૧ | ૧૦૨% |
| ૨ | વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન બાંધવાનું કામ | **૨૫૨.૩૩** | ૧૬૫.૦૪ | ------ | ૧૬૫.૦૪ | ૬૫% |
| ૩ | વોટર પાઈપ લાઈન નેટવર્ક ( ફકત લેબર કામ) | **૩૨.૪૮** | ૨૦.૫૬ | ૦.૨૯ | ૨૦.૮૫ | ૬૫% |
| ૪ | ડ્રેનેજ પંપીગ સ્ટેશન બાંધવાનું કામ | **૨૭૦.૫૩** | ૧૪૧.૨૩ | ૩૮.૯૭ | ૧૮૦.૨૦ | ૬૭% |
| ૫ | આર.સી.સી. એન.પી. ૪ કલાસ ડ્રેનેજ પાઈપ લાઈન નાંખવાનું કામ | ૪૫૪.૯૭ | ૩૦૫.૯૭ | ૧૩.૩૧ | ૩૧૯.૨૮ | ૭૦% |
| ૬ | પાકો આસ્ફાલ્ટ નો રોડ બનાવવાનું કામ | | | | | |
| | (અ) ફકત ગ્રાઉટીંગ લેવલ સુધીનું કામ | **૧૯૨.૭૩** | ૧૧૧.૭૮ | ———— | ૧૧૧.૭૮ | ૫૮% |
| | (બ) ડીબીએમ/સીલ કોટ કરવાનું કામ | **૨૮૨.૩૪** | ૨૫૬.૪૨ | ૩૧.૬૨ | ૨૮૮.૦૪ | ૧૦૦% |
| ૭ | પ્રોકયોરમેન્ટ ઓફ ડીઆઈ/સીઆઈ પાઈપ લાઈન ફોર રાસ્કા મેઈન કનેકશન અને રાઈઝીગ મેઈન | **૧૩૨.૦૯** | ૧૦૩.૬૨ | -------- | ૧૦૩.૬૨ | ૭૮% |
| ૮ | રાસ્કા મેઈન કનેકશન લેબર કામ | **૩.૭૪** | ૩.૦૯ | -------- | ૩.૦૯ | ૮૩% |
| ૯ | સ્ટ્રીટ લાઈટ નું કામ | **૧૭૬.૦૦** | ૮૩.૧૮ | ૪૭.૮૩ | ૧૩૧.૦૧ | ૭૪% |
| ૧૦ | પાવર, કન્સ્લટન્સી ચાર્જીસ | | ૩૨.૫૧ | ૧.૫૯ | ૩૪.૧૦ | |
| | **કુલઃ-** | **૨૧૦૫.૫૦** | **૧૫૩૭.૭૧** | **૧૩૩.૬૧** | **૧૬૭૧.૩૨** | |

## ટી.સી.આઈ.ડી.એસ.પ્રોજેકટ
## ભૌતિક સિધ્ધીની વિગત દર્શાવતુ પત્રક ૪.૧૯.૨

| અ. નં. | કામનું નામ | એકમ | લક્ષ્યાંક | ૩૧.૦૩.૦૭ સુધી થયેલ પ્રગતિ | ૨૦૦૭-૦૮ માં થયેલ પ્રગતિ | વર્ષાન્તે થયેલ કુલ પ્રગતિ | સિધ્ધિની ટકા વારી | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | પ્રોક્યોરમેન્ટ ઓફ ડી.આઈ./સી.આઈ. વોટર પાઈપ લાઈન | નંગ | ૧ | ૧૦૦% | ---- | ૧ | ૧૦૦% | કામ પુર્ણ થઈ ગયેલ છે. |
| ૨ | વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન બાંધવાનું કામ | નંગ | ૧ | ૧૦૦% | ---- | ૧ | ૧૦૦% | કામ પુર્ણ થઈ ગયેલ છે. |
| ૩ | વોટર પાઈપ લાઈન નેટવર્ક ( ફકત લેબર કામ) | નંગ | ૧ | ૭૦% | ૩૦% | ૧ | ૧૦૦% | ૨૯ કી. મી.લાઈનો નંખાઈ ગયેલ છે. ક્રામ પુર્ણ થયેલ છે. |
| ૪ | ડ્રેનેજ પંપીગ સ્ટેશન બાંધવાનું કામ | નંગ | ૧ | ૮૦% | ૨૦% | ૧ | ૧૦૦% | કામ પૂર્ણ થયેલ છે. |
| ૫ | આર.સી.સી. એન.પી. ૪ કલાસ ડ્રેનેજ પાઈપ લાઈન નાંખવાનું કામ | નંગ | ૧ | ૮૦% | ૨૦% | ૧ | ૧૦૦% | ૨૯ કી. મી. લાઈનો નંખાઈ ગેયલ છે. ક્રામ પુર્ણ થયેલ છે. |
| ૬ | પાકો આસ્ફાલ્ટ નો રોડ બનાવવાનું કામ<br>(અ) ફકત ગ્રાઉટીંગ લેવલ સુધીનું કામ<br>(બ) ડીબીએમ/સીલ કોટ કરવાનું કામ | નંગ<br>નંગ | ૧<br>૧ | ૭૦%<br>૮૦% | ૩૦%<br>૨૦% | ૧<br>૧ | ૧૦૦%<br>૧૦૦% | (અ) કુલ ૧૬ કી. મી. રોડનું કામ પુર્ણ થઈ ગયેલ છે.<br>(બ) કુલ ૧૬ કી. મી. રોડનું કામ પુર્ણ થઈ ગયેલ છે. |
| ૭ | પ્રોકયોરમેન્ટ ઓફ ડીઆઈ/સીઆઈ પાઈપ લાઈન ફોર રાસ્કા મેઈન કનેકશન અને રાઈઝીગ મેઈન | નંગ | ૧ | ૧૦૦% | ૧૦૦% | ૧ | ૧૦૦% | ખરીદી થયેલ છે. કામ પુરૂ. |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | રાસ્કા મેઈન કનેકશન લેબર કામ | નંગ | ૧ | ૧૦૦% | ૧૦૦% | ૧ | ૧૦૦% | કામ પુરૂ. |
| ૯ | સ્ટ્રીટ લાઈટ નું કામ | નંગ | ૧ | ૧૦૦% | ૧૦૦% | ૧ | ૧૦૦% | કામ પુરૂ. |
| ૧૦ | પાવર, કન્સ્લટન્સી ચાર્જીસ | નંગ | ૧ | ૧૦૦% | ૧૦૦% | ૧ | ૧૦૦% | |

# ૪.૨૦ હાઉસીંગ પ્રોજેકટ

## ૦૭-૦૮

અમદાવાદ શહેરમાં વસતા શહેર ગરીબો માટે મ્યુનિ.કોર્પો.મારફત શહેરી ગરીબોને રાહતદરે આવાસો મળી રહે તે માટે ઇ.ડબલ્યુ.અસ.કવાટર્સ બનાવવાનું આયોજન આ વિભાગેથી કરવામાં આવે છે.

સદરહુ વિભાગ મારફત અત્યાર સુધીમાં પ્રથમ તબકકાના ૪૮૪૮ મકાનો બનાવવાની કામગીરીનો પ્રારંભ કરવામાં આવેલ જે પૈકી ૪૪૯૬ આવાસોનું બાંધકામ પુર્ણ કરેલ છે અને કામગીરી ચાલુ છે વર્ષ ૨૦૦૭-૦૮ માં સદરહુ વિભાગ મારફતે ગુલબાઇ ટેકરાના વિસ્થાપિતો માટે ૪૪૮ આવાસો તેમજ શહેરી ગરીબો માટે ૧૧૨ આવાસોની કામગીરી વાસણા શાહવાડી પાસે પૂર્ણ કરવામાં આવેલ છ.જે પૈકી ૪૪૮ મકાનો ગુલબાઇ ટેકરાના વિસ્થાપિતોને પઝેશન આપેલ છે.

વર્ષ ૨૦૦૭-૦૮ દરમ્યાન આ વિભાગ મારફત અધતન મ્યુનિ.મેડીકલ કોલેજ હોસ્ટેલ રૂા.૨.૭૭ કરોડના ખર્ચે એન.એચ.એલ.મ્યુ.મેડીકલ કોલેજની રૂા.૨.૩૭ કરોડના ખર્ચે રેટ્રોફીટીંગની કામગીરી પુર્ણ કરેલ છે.તેમજ વાડીલાલ સારાભાઇ હોસ્પિ.ના રેટ્રોફીટીંગની રૂા.૨.૦૬ કરોડના ખર્ચની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે.વાડીલાલ સારાભાઇ હોસ્પિ.ના ખાતે રૂા.૭.૦૫ કરોડના ખર્ચે હયાત ઓ.પી.ડી.ની જગ્યાએ અઘતન ટ્રોમા સેન્ટર બનાવવાની કામગીરી ચાલુ છે.ઓઢવ ટી.પી.૧ ફા.પ્લોટ નં-૨૦૪ ખાતે રૂા ૧.૯૭ કરોડના ખર્ચે ૩૫૨ આવાસો બાંધવાની કામગીરી પુર્ણ કરવામાં આવેલ છે.તદ્ ઉપરાંત એન.એચ.એલ.મ્યુનિ.મેડી.કોલેજ ખાતે મલ્ટીમીડીઆ હોલમાં ૨૫.૦૦ લાખના ખર્ચે ફોલ્સ સીલીંગ તથા એસી.લગાવવાનું કામ પૂર્ણ થયેલ છે.

એન.એચ.એલ.મ્યુનિ.મેડીકલ કોલેજ માટે નવી બોઇઝ હોસ્ટેલ બનાવવાનું કામ પુર્ણ થયેલ છે.જેમાં કુલ ૧૧૪ રૂમો લાયબ્રેરી,વોર્ડન ઓફીસ,જીમ્નેશીયમ રૂમ,ડાઇનીંગ હોલ,કીચન વિગરે નો સમાવેશ કરવમાં આવેલ છે.અને રૂા.૭૫.૦૦ લાખના ખર્ચે દરેક રૂમમાં બે બેડ,બે વોલડ્રોપ,કોમ્પ્યુટર ટેબલ ખુરશી તથા કબાટ તેમજ લાયબ્રેરી હોલ તથા ડાઇનીંગ હોલમાં જરૂરી ફર્નિચર બનાવવાનું કામ પૂર્ણ કરવામાં આવેલ છે.

આયોજન-

હાઉસીંગ પ્રોજેકટ અન્વયે જે.એન.એન.યુ.આર.એમ હેઠળ પ્રોજેકટ ૧૮૯૭૬ મકાનો બનાવવાનું આયોજન કરેલ છે સદરહુ કામો માટે રૂા.૩૩૮.૭૬ કરોડના ડીટેઇલ પ્રોજેકટ રીપોર્ટ સી.એસ.એમ.સી દિલ્હી ખાતે મંજુર કરવામાં આવેલ છે અને અમદાવાદ શહેરમાં જુદી જુદી જગ્યાએ તમામ ઝોનમાં ૧૮૯૭૬ આવાસો બનાવવાના કામ ચાલુ છે.જેના ૫૦% ગ્રાંટ ગર્વમેન્ટ ઓફ ઇન્ડીયા તરફથી ૨૦% ગ્રાટ રાજય સરકાર તરફથી આપવામાં આવશે અને ૩૦% ફાળો લાભાર્થીઓ એ તેમજ મ્યુનિ.કોર્પો.ને ભોગવવાની રહેશે. સદર આવાસો માટે જમીન અમ.મ્યુનિ.કોર્પો.તેમજ રાજય સરકાર ધ્વારા વિના મુલ્યે ફાળવવામાં આવશે.

આ ઉપરાંત મ્યુનિ.કોર્પો.ના સફાઇ કામદારો માટે ૩૦૦૦ આવાસો બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે.જેમાં પ્રથમ તબકકામાં ૧૦૨૪ અને બીજા તબકકામાં બાકીના આવાસો બનાવવાનુ આયોજન છે.જે પૈકી ૧૦૨૪ ના ટેન્ડરો મંગાવવામાં આવેલ છે.

# ૪.૨૧ જે.એન.એન.યુ.આર.એમ. પ્રોજેકટ

## ૦૭-૦૮

જવાહરલાલ નહેરૂ અર્બન રીન્યુઅલ મીશન (જે.એન.એન.યુ.આર.એમ) અંતર્ગત બી.આર.ટી.એસ. પ્રોજેકટ રેલ્વે ઓવરબ્રીજનું બાંધકામ વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ ,સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ,સ્ટોર્મ વોટર ડ્રનેજ તથા ઇ.ડબલ્યુ.એસ. હાઉસીંગ વિગેરે પ્રોજેકટ અંતર્ગત જુદા જુદા પ્રોજેકટ હેઠળ રૂ.૧૩૧૨.૧૨ કરોડના કુલ ૧૩ પ્રોજેકટની કેન્દ્ર સરકારની મંજુરી મેળવવામાં આવેલ છે. આ પ્રોજેકટ અંતર્ગત નકકી થયેલ નીતી મુજબ ૩૫% અંદાજીત ખર્ચના કેન્દ્ર સરકારની ગ્રાંટ ૧૫% રાજય સરકારની ગ્રાંટ બાકીનો ૫૦% ફાળો કોર્પો.ને આ પ્રોજેકટ પેટે આપવાનો રહે છે. અમદાવાદ શહેરને મેગાસીટીનો દરજજો મળતા વર્ષ ૦૭-૦૮ માં એકી સાથે મહત્વના પ્રોજેકટ મંજુર કરાવી તેને કાર્યાન્વીત કરાવવાની કામગીરી યુધ્ધના ધોરણે હાથ ધરવામાં આવેલ છે.૩૧/૦૩/૦૮ અંતિત કુલ રૂા. ૨૮૦.૫૩ કરોડનો ખર્ચ ઉપરોકત મંજુર થયેલ પ્રોજેકટો હેઠળ પડેલ છે.મંજુર થયેલ પ્રોજેકટવાઇઝ યાદી આ સાથે સામેલ છે.

### જવાહરલાલ નહેરૂ નેશનલ અર્બન રીન્યુઅલ મીશન હેઠળ અમદાવાદ શહેરમાં તાઃ૩૧/૦૩/૦૮ સુધીમાં મંજુર થયેલ પ્રોજેકટની વિગત દર્શાવતું પત્રક

(રૂા.લાખમાં)

| અ.નં. | પ્રોજેકટ કોડ | પ્રોજેકટનું નામ | મંજુર થયેલ રકમ | | ભારત સરકાર દ્વારા છુટો કરવામાં આવેલ ફાળાની રકમ | | ગુજરાત સરકાર દ્વારા છુટો કરવામાં આવેલ ફાળાની રકમ | | ખરેખર ખર્ચ ૩૧-૦૩-૦૮ અંતિત |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | ૨૦૦૬-૦૭ | ૨૦૦૭-૦૮ | ૨૦૦૬-૦૭ | ૨૦૦૭-૦૮ | ૨૦૦૬-૦૭ | ૨૦૦૭-૦૮ | ---- |
| ૧ | એ.એમ.ડી.૦૧૭ | બી.આર.ટી.એસ. અંતર્ગત ૧૨ કિ.મી.લાંબા પ્રથમ ફેઝના બાકી રહેતા સ્ટ્રેચનું બાંધકામ | ૮૭૬૦.૦૦ | - | ૭૬૬.૫૦ | | ૩૨૮.૫૦ | | ૧૯૫૫.૯૫ |
| ૨ | એ.એમ.ડી.૦૨૮ | બી.આર.ટી.એસ.(૪૬ કિ.મી.નો સ્ટ્રેચ) | ૪૦૫૭૨.૦૦ | - | | ૩૫૫૦.૦૫ | | ૧૫૨૧.૪૫ | ૨૯૧૫.૧૪ |
| ૩ | એ.એમ.ડી.૦૦૪ | મણીનગર અને વટવા રેલ્વે સ્ટેશન વચ્ચેની રેલ્વે લાઈન પર ઓવર બ્રીજ દક્ષિણી સોસા.નજીકનું બાંધકામ | ૨૧૪૪.૦૦ | - | ૩૭૪.૦૦ | ૧૮૭.૬૦ | | ૧૬૦.૮૦ | ૧૩૫૫.૧૭ |
| ૪ | એ.એમ.ડી.૦૦૫ | અમદા.બોટાદ મીટરગેજ રેલ્વે લાઇન ઉપર શ્રેયસ ક્રોસીગ ઉપર ઓવરબ્રીજ | ૧૨૧૨.૦૦ | - | ૨૧૨.૦૦ | ૧૦૬.૦૫ | ૧૫.૯૦ | ૭૫.૦૦ | ૧૧૫૮.૫૧ |
| ૫ | એ.એમ.ડી.૦૦૬ | સાબરમતી નદી ઉપર વાસણા અને પીરાણાને જોડતો ફોરલેન બ્રીજ | ૨૯૫૫.૦૦ | - | ૫૧૭.૦૦ | ૨૫૮.૫૬ | ૩૮.૭૮ | ૧૮૨.૮૫ | ૨૮૭૬.૮૧ |
| ૬ | એ.એમ.ડી.૦૦૨ | અમદાવાદ હિંમતનગર મીટરગેજ રેલ્વે લાઈન ઉપર કાલુપુર અને નરોડા રેલ્વે સ્ટેશન વચ્ચે ઓમકાર ક્રોસીગ ઉપર ફોરલેન ઓવરબ્રીજ. | ૧૮૫૧.૦૦ | - | ૧૬૧.૯૬ | | | ૬૯.૪૧ | ૩૩૪.૨૮ |
| ૭ | એ.એમ.ડી.૦૦૯ | નર્મદા કેનાલથી કોતરપુર વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ.૩૩૦એમ.એલ.ડી.કેપેસીટીનું ઈન્ટેકવેલ સાબરમતી નદીમાં કોતરપુર વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ રાસકા પાસે બનાવવા બાબત.(વર્ષ-૦૫-૦૬ મંજુરીની રકમ-૫૩૮૩.૦૦) | - | - | ૧૧૧૩.૦૦ | - | ૪૫.૦૦ | ૩૫૮.૭૩ | ૨૨૮૪.૫૭ |
| ૭ | એ.એમ.ડી.૦૦૭ | અમદાવાદ મુંબઇ બ્રોડગેજ રેલ્વે લાઇન ઉપર વટવા અને મણીનગર સ્ટેશન વચ્ચે અંબિકા ટયુબ ક્રોસીગ | ૧૫૦૦.૦૦ | - | ૧૩૧.૦૦ | ૧૩૧.૦૦ | | ૫૬.૨૫ | ૬૨૫.૧૭ |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ઉપર ફોરલેન બ્રીજ. | | | | | | | |
| ૮ | એ.એમ.ડી.૦૧૪ | પીરાણા ખાતેના સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટનું રીનોવેશન. | ૬૯૨૨.૦૦ | - | ૬૦૫.૬૮ | ૬૦૫.૬૮ | ૪૫.૦૦ | ૧૬૮.૭૨ | ૩૧૦૦.૪૬ |
| ૯ | એ.એમ.ડી.૦૧૬ | વાસણા ખાતેના સુએઝ ટ્રીટમેનટ પ્લાન્ટનું રીનોવેશન | ૧૧૩૫.૦૦ | - | ૯૯.૩૧ | | ૯૦.૮૫ | ૨૭.૬૭ | ૧૪૯.૮૪ |
| ૧૦ | એ.એમ.ડી.૦૨૫ | સ્ટ્રોમ વોટર ડ્રેઇન સીસ્ટમ.શહેરના પશ્ચિમઝોન વિસ્તારમાં. | ૫૯૧૪.૦૦ | - | ૫૧૭.૪૭ | | ૧૪.૯૦ | | ૧૨૧૯.૭૦ |
| ૧૧ | એ.એમ.ડી.૦૨૬ | શહેરના સ્ટોર્મ વોટર ડ્રેઇનના શહેરના દક્ષિણ તથા મધ્યઝોન વિસ્તારમાં | ૧૨૦૮૮.૦૦ | - | ૧૦૫૭.૭૦ | | ૨૨૧.૭૮ | ૪૫૩.૩૦ | ૮૭૫.૯૭ |
| ૧૨ | એ.એમ.ડી.૦૨૭ | સ્ટોર્મ વોટર ડ્રેઇન શહેરના પુર્વ તથા ઉ.ઝોન વિસ્તારમાં | ૧૨૨૮૩.૦૦ | - | ૧૦૭૪.૭૬ | | | ૪૬૦.૬૧ | ૧૭૨૭.૪૦ |
| ૧૩ | એ.એમ.સી.વી.એસ.યુ.પી. | સમગ્ર શહેર વિસ્તારમાં ઇ.ડબલ્યુ.એસ હાઉસીગ યોજના અંતર્ગત ૧૮૯૭૬ યુનીટસનું બાંધકામ. | ૩૩૮૭૬.૦૦ | - | ૨૪૧૫.૪૫ | ૧૬૯૫.૭૨ | | ૧૬૪૪.૪૭ | ૦.૦૦ |
| ૧૪ | એ.એમ.ડી.૦૨૩ | ઔડા વિસ્તારમાં મોટુ અને નાનુ બાંધકામ રેડીયલ રોડ ફેસ-૧ | ૫૦૧૩.૦૦ | - | ૮૭૬.૦૦ | ૪૩૮.૬૪ | | ૩૭૫.૯૮ | ૩૧૮૨.૦૦ |
| ૧૫ | એ.એમ.ડી.૦૨૧ | અમદાવાદમાં શીવરંજની જંકશન ઉપર ૪ લેન ફલાય ઓવરબ્રીજનું બાંધકામ | ૧૬૭૦.૦૦ | - | ૨૯૨.૦૦ | ૧૪૬.૧૩ | | ૧૨૫.૨૬ | ૧૪૮૭.૪૭ |
| ૧૬ | એ.એમ.ડી.૦૨૦ | અમદાવાદ ચાણકયપુરીમાં બીજી રેલ્વેલાઇન વિરમગામ સાબરમતી ઉપર ૪ લેન બ્રીજનું બાંધકામ | ૨૦૧૧.૦૦ | - | ૩૫૦.૦૦ | ૧૭૫.૯૬ | | ૧૫૦.૮૨ | ૧૧૧૨.૩૬ |
| ૧૭ | એ.એમ.ડી.૦૧૯ | અમદાવાદમાં સોલા જંકશન (એ.ઇ.સી.)૬ લેન ફલાય ઓવરબ્રીજનું બાંધકામ | ૧૮૫૭.૦૦ | - | ૧૬૨.૦૦ | ૧૬૨.૦૦ | | ૬૯.૬૪ | ૮૧૭.૨૨ |
| ૧૮ | એ.એમ.ડી.૦૨૨ | અમદાવાદમાં મેમનગર જંકશન ૬ લેન ફલાય ઓવરબ્રીજનું બાંધકામ | ૧૫૧૩.૦૦ | - | ૧૩૭.૫૦ | ૧૨૭.૨૮ | | ૫૬.૭૪ | ૮૪૪.૨૪ |
| ૧૯ | એ.એમ.ડી.૦૩૧ | પૂર્વ ઔડા વિસ્તારમાં વિંઝોલ પાસે ટર્મીનલ સુએજ પંપીગ સ્ટેશન પંપીગ મેઇન એન્ડ સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ | ૩૬૮૧.૨૬ | - | ૧૨૮.૮૪ | ૧૯૩.૨૭ | | ૧૩૮.૦૪ | ૦.૦૦ |
| ૨૦ | એ.એમ.ડી.૦૩૨ | વાસણા પાસે પશ્ચિમઔડા વિસ્તારમાં ટર્મીનલ સુએજ પંપીગ સ્ટેશન પંપીગ મેઇન એન્ડ સુએજ ટ્રીટમેન્ટ | ૧૦૬૯૨.૦૧ | - | ૯૩૫.૫૫ | | | ૪૦૦.૯૫ | ૩૦.૫૩ |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | પ્લાન્ટ | | | | | | | |
| ૨૧ | ઔડા બી.એસ.યુ.પી-૧ | ઔડા પેરીફેરીલ વિસ્તારમા ં(ઇ.ડબ્લ્યુ.એસ.) હાઉસીગ (૮૦૦૦ યુનીટ) | ૯૮૧૩.૦૦ | - | ૧૧૯૦.૯૫ | ૨૩૮૧.૯૦ | | ૪૭૬.૩૮ | ૦.૦૦ |
છે.ન્યુમોથોરેક્સ,એમ્પાઇમા,લોબેક્ટોમી,ન્યુમોનેક્ટોમી,લંગ બાયોપ્સી વિગેરે ઓપરેશન કરવામાં આવે છે.નવા અભ્યાસક્રમ પ્રમાણે ઇંગ્લીશના વિષય માટે પ્રથમ વર્ષની વિદ્યાર્થીઓને ટ્રેનીંગ માટે ટીચર તેમજ કોમ્પ્યુટર ટ્રેનીંગ માટે કોમ્પ્યુટર લેબ શરૂ કરવામાં આવેલ છે.જે માટે નિષ્ણાત શિક્ષક રોકવામાં આવેલ છે આની વધારાની ૧૫ સીટો સેલ્ફ ફાયનાન્સ ધોરણે ચાલુ વર્ષથી ભરવામાં આવે છે વર્ષ ૨૦૦૭-૦૮માં મીનીસ્ટ્રી ઓફ ફેમીલી હેલ્થ વેલફેર તરફથી મળેલ રૂા.૧૦ લાખની ગ્રાંટમાંથી એલ.સી.ડી. પ્રોીકટ વીથ લેપટોપ,પાંચ કોમ્પ્યુટર મેડીકલ એજયુકેશન ચાર્ટ,એડવાન્સ અને એનેટોમીકલ મોડેલ સીડી લાયબ્રેરી બુક વિગેરે વસાવવામાં આવેલ છે.

**<u>ન્યુરો મેડીસીન વિભાગ :-</u>**

પાંચ નિષ્ણાત તબીબો દ્વારા બહારનાં તેમજ અંદરના દર્દીઓને સારવાર આપવામાં આવે છે. સ્ટ્રોક સ્પેશીયલીસ્ટની સેવાઓ ઉપલબ્ધ છે.મગજના રોગો, વાઈની બિમારી, મગજમાં સોજો આવવો, ગાંઠ હોવી વિગેરેના નિદાન માટે કેરોટીડ એન્જીયોગ્રાફી ઉપરાંત ઈ.ઈ.જી.- ઈ.સી.જી. ની જરૂરી છે. આ વિભાગમાં ૧૬ ચેનલ વાળો ઈ.ઈ.જી. મશીન છે.

**<u>રેડીયોલોજી વિભાગ :-</u>**

આ વિભાગ રેડીયો ડાયગ્નોસીસ માટેના અદ્યતન સાધનોથી સુસજ્જ કરવામાં આવેલ છે.આ વિભાગમાં બેરીયમ સ્ટડીઝ, ઈન્ટ્રાવીન સપાયલોગ્રાફી, પેરીક્રેરલ એન્જીયોગ્રાફી વિગેરે ઈન્વેસ્ટીગેશન દ્વારા શરીરનાં જુદાજુદા અવયવોના એક્સ-રે લેવામાં આવે છે. સર્જીકલ ઓ.પી.ડી. વિભાગમાં એક્સ - રે ફિલ્મ પ્રોસેસર મુકવામાં આવેલ છે. કલર ડોપ્લરથી લોહીની નળીઓમાં લોહીના પ્રવાહની માહીતી મેળવી શકાય છે અને વાસ્ક્યુલર સર્જરીમાં સરળતા રહે છે. અલ્ટ્રાસાઉન્ડ પધ્ધતિથી એન્જીયોગ્રાફીની કામગીરીમાં સરળતા રહે છે. યકૃત, બરોળ, સ્વાદુપિંડ, પિત્તાશયની કોથળી, કીડની, પ્રોસ્ટેટ ગ્રંથિ , ગર્ભાશય, અંડબીજ વિગેરેની અલ્ટ્રા સાઉન્ડ પધ્ધતિથી નિદાન કરવામાં આવે છે. આ વિભાગમાં રૂા. દોઢ કરોડના ખર્ચે અદ્યતન હોલ બોડી સ્કેનની વ્યવસ્થા કરવામાં આવી છે.ઉપરાંત તાજેતરમાં ડાહયાભાઇ છોટાભાઇ ચેરીટી ફાઉન્ડેશન ટ્રસ્ટના રૂા.૧૫લાખના દાનથી નવું આઇ.આઇ.ટી.વી.મશીન ખરીદવામાં આવેલ છે. વર્ષ ૨૦૦૬માં રૂા ૪ કરોડના ખર્ચે કોર્પો.ની લોનમાંથી નવું એમ.ડી.સીમેન્સ ૬૪ સીટી સ્કેન વસાવેલ છે અને નવું ઈમેજ ઇન્ટેશી ફાયર તેમજ એકસ રે મશીન વસાવેલ છે. અહીંયા ટેક્નીશીયન, રેસીડેન્ટ અને રેડિયોલોજીની સેવા ૨૪ કલાક મળી શકે છે. અહેવાલી વર્ષમાં આ વિભાગમાં કુલ ૧૪૧૯૩૨ એક્સ-રે કરવામાં આવ્યા છે.રૂા.૮૩ લાખના ખર્ચે અધતન ડીઝીટલ સી.આર.સી. સીસ્ટમ તેમજ રૂા. ૨૦ લાખના ખર્ચે નવું કલર ડોપ્લર મશીન વસાવેલ છે જે ધ્વારા રાહત દરે દર્દીઓ ને સારી કવોલીટી એકસરે ફીલ્મ આપી શકાય છે. જે અંગેની વિગતવાર માહિતી પત્રક ૮.૧.૪ માં દર્શાવી છે.

**<u>ન્યુક્લીયર મેડીસીન વિભાગ :-</u>**

આ વિભાગમાં થાઈરોઈડ અને અંતઃસ્ત્રાવને લગતાં લોહીનાં ટેસ્ટ જેવાં કે સીરમ ટી–૩, ટી-૪, ટી.સી.એચ., સીરમ એફ.એસ.એચ.,એલ.એચ.,પ્રોલેક્ટીન,બીટા એચ.સી.જી.,યુરીનરી માઈક્રો આલ્બ્યુમીન કરવામાં આવે છે. ઉપરાંત ટી.બી.ની તપાસ માટે ટયુબરકલ આઈ.જી.જી.આઈ.જી.એમ. ટેસ્ટ કરવામાં આવે છે.હાલમાં એઈડ્ઝના રોગ માટે અત્યંત સંવેદનશીલ ટેસ્ટ વેસ્ટર્ન બ્લોટ શરૂ કરવામાં આવ્યો છે. ભારત સરકાર સી.એસ.આઇ.આર. નવી દિલ્હીના નેજા હેઠળ ટેકનોલોજી નેટવર્ક અને બીઝનેસ ડેવલેપમેન્ટ વિભાગ શરૂ કરેલ છે તેના દ્વારા હાલમાં જુદી જુદી હર્બલ દવાઓ જેમકે હળદર,આમળાં તથા અન્ય દવાઓનાં ડાયાબીટીસના દર્દીઓમાં પ્રયોગ કેવામાં આવે છે.એન્ડોક્રાઇનને લગતું રીસર્ચ પણ અહિં કરવામાં આવે છે. અહેવાલી વર્ષમાં એઈડ્ઝના એચ.આઈ.વી.૧૩૭૪૭ ટેસ્ટ કરવામાં આવ્યા છે. ૯૯૧ વ્યક્તિઓને ઈ.સી.ટી. સારવાર તથા

૪૩૮૮૬ વ્યક્તિઓને ઈ.સી.જી. સારવાર, ૧૫૮૫ વ્યક્તિઓને ઈ.ઈ.જી. સારવાર આપવામાં આવી છે. હીમોડાયાલીસીસના ૧૭૧૨ દર્દીઓ તથા પેરી ટોનીયલ ડાયાલીસીસનાં ૫ દર્દીઓને સારવાર આપવામાં આવી છે. આ અંગેની વિસ્તૃત માહિતી પત્રક ૮.૧.૫ માં દર્શાવી છે.

**ફિઝીયોથેરાપી વિભાગ :-**

અહેવાલી વર્ષમાં ૨૮૮૪૨ દર્દીઓને ડાયાથર્મી, ૧૬૫૭૯ દર્દીઓને મેડીકલ કરંટ, ૬૦૦ દર્દીઓને અલ્ટ્રાવાયોલેટ કિરણ, ૩૭૬૨ દર્દીઓને હાઈડ્રો થેરેપી, ૨૬૧૯૨ દર્દીઓને અલ્ટ્રાસોનીક, ૭૬૪૮૫ દર્દીઓને કસરત થેરોપી તથા ૧૫૨૬૫ દર્દીઓને આઈ.એફ.ટી અને લેસરની સારવાર આપવામાં આવી છે. આ અંગેની વિસ્તૃત માહિતી પત્રક ૮.૧.૬ માં આપી છે.

**ઓર્થોપેડીક વિભાગ :-**

હાડકા અંગેની સારવારમાં આ હોસ્પિટલ ગુજરાતમાં આગવું સ્થાન ધરાવે છે. અકસ્માતોની સંખ્યામાં દિન પ્રતિદિન વધારો થવાથી દર્દીઓની સારવાર માટે ત્રણ વોર્ડ રાખવામાં આવેલ છે. આ વિભાગમાં આંગળાનાં સાંધાની માઈક્રો સર્જરી કરવામાં આવે છે. ઉપરાંત સાંધા બદલવાના , ઘૂંટણનો સાંધો , થાપાનો સાંધો બદલવાના ઓપરેશન કરવામાં આવે છે. આ વિભાગમાં બે ઈમેજ ઈન્ટેન્સીફાયર ટી.વી.યુનિટ દ્વારા ચોકસાઈપૂર્વક સફળ ઓપરેશન કરી શકાય છે.જેનાથી દર્દીઓને ખૂબજ રાહત થાય છે.

**વોલેન્ટરી બ્લડ બેંક :-**

ઓપરેશનના દર્દીઓને લોહીની જરૂર પડતાં યોગ્ય ગ્રુપનું લોહી પુરૂ પાડવાની જવાબદારી બ્લડ બેંક ઉપાડે છે. દર્દીઓના સગાએ દર્દીને અપાયેલ લોહી રીપ્લેસ કરવાનું હોય છે. છતાં જો દર્દીનાં સગા લોહી રીપ્લેસ ન આપે તો બ્લડ બેંકમાં લોહીનો પુરવઠો જાળવવાનું મુશ્કેલ બને છે. આ માટે વોલન્ટરી બ્લડ બેંક , ઈન્ડીયન રેડક્રોસ સોસાયટીની મદદથી, વિમા કંપની, મીલો, શાળા કોલેજ, બેંકો, સોસાયટીઓ તથા શહેરનાં વિસ્તારો તથા બહારગામથી આઉટડોર ટેપીંગ કરી લોહીની બોટલો પ્રાપ્ત કરી હોસ્પિટલ માટે લોહીનો જરૂરી પુરવઠો જાળવી રાખવામાં આવે છે. લોહીની બોટલો જાળવી રાખવા બ્લડ સ્ટોરેજ કેબીનેટની વ્યવસ્થા કરવામાં આવી છે.આ વિભાગમાં બ્લડ, કોમ્પોનન્ટ સેપરેશન યુનિટમાં નાકો તરફથી રૂા.૨૨લાખની સાધન સામગ્રી મળેલ છે.આ સુવિધાથી દર્દીને જરૂરિયાત પ્રમાણે રક્તના ઘટકો જેવાકે રક્તકણ,ત્રાકકણ,પ્લાઝમા વિ.વિના મૂલ્યે આપવામાં આવે છે. સ્વૈછિક રકતદાન વધુ મળી રહે તે માટે માનનીય સંસદ સભ્યશ્રી કે.જના.ક્રિષ્નામૂર્તિની એમ.પી.ની રૂા.૧૫ લાખની ગ્રાન્ટમાંથી મોબાઈલ બ્લડ કલેકશન વાન ઉપલબ્ધ કરવામાં આવી છે.તેમજ રૂા.૧૩ લાખની ગ્રાન્ટમાંથી ઓટો બ્લડ સેલ કાઉન્ટર હિમોમીક્ષચર ટયુબસીલર વસાવવામાં આવેલ છે. રક્તદાતાના લોહીનો ઓસ્ટ્રેલીયા એન્ટીજન , એચ.આઈ.વી., વી.ડી.આર.એલ. અને એમ.પી.માટે ટેસ્ટ કરવામાં આવે છે.પેથોલોજી વિભાગમાં બ્લડનાં જુદા જુદા ટેસ્ટ કરવામાં આવે છે. અહેવાલી વર્ષમાં રીપ્લેસમેન્ટ દ્વારા ૫૦૯૦ બોટલ્સ બ્લડ પ્રાપ્ત કરવામાં આવ્યુ. જયારે સ્વૈચ્છિક રક્તદાન દ્વારા ૭૭૧૬ બોટલ્સ બ્લડ મેળવવામાં આવેલ. કુલ ૧૮૭૫૯ બોટલ્સ લોહી દર્દીઓને આપવામાં આવ્યું હતું. આ અંગેની વિસ્તૃત માહિતીપત્રક ૮.૧.૭ માં દર્શાવી છે.

અહેવાલી વર્ષમાં પોસ્ટ પાર્ટમ યુનિટ (કુટુંબ કલ્યાણ કેન્દ્ર) દ્વારા વાઝેક્ટોમીના ૭ ઓપરેશન તથા ટયુબેકટોમીના ૭૧૩ ઓપરેશન કરવામાં આવ્યા છે. ૧૨૭૦ બહેનોએ આંકડી મુકાવી છે. તથા ૧૪૨૫ વ્યક્તિઓએ કોન્ટ્રાસેપ્ટીવનો ઉપયોગ કરેલ છે.૯૫૦૩ વ્યક્તિઓએ ઓરલ ગોળીઓ લીધી છે. અહેવાલી વર્ષમાં

આ કેન્દ્રને અનામત પથારી માટે ગુજરાત સરકારની રૂા. ૧.૦૦ લાખની તથા કુટુંબ કલ્યાણ ઈન્સેન્ટીવ ગ્રાંટ પેટે રૂા.૩.૫૦ લાખ મળેલ છે.

પથારી દીઠ દૈનિક ખર્ચ અહેવાલી વર્ષમાં રૂા.૧૦૬૪ થવા પામેલ છે. જે ગતવર્ષે રૂા. ૮૮૦ નું હતું. અહેવાલી વર્ષમાં વ્યક્તિ અગર સંસ્થા તરફથી મળેલ દાનઅને ભેટની વિગત પત્રક ૮.૧.૮ માં દર્શાવી છે તથા દર્દી દીઠ દૈનિક સરેરાશ ખર્ચ પત્રક ૮.૧.૯ માં દર્શાવેલ છે. અહેવાલી વર્ષમાં રૂા.૫૩૭.૯૭ લાખની આવક થઈ છે. જનરલ વોર્ડમાં ગરીબ દર્દીને સંપૂર્ણ માફી આપવામાં આવે છે જ્યારે અહેવાલી વર્ષમાં કુલ ખર્ચ રૂા. ૪૩૩૦.૯૦ લાખનો થયો છે. અહેવાલી વર્ષ દરમ્યાન અદ્યતન સાધનો વસાવવામાં આવેલ છે.તેની માહિતી પત્રક ૮.૧.૧૦ માં દર્શાવી છે.

ઉપરાંત આ હોસ્પિટલમાં સને ૫૬ - ૫૭ થી કૃત્રિમ અવયવો બનાવવા માટે એક વર્કશોપ વિભાગ શરૂ કરવામાં આવ્યો છે. આ વિભાગ મ્યુ.મેડિકલ કોલેજના ભોંયરામાં આવેલ છે.દર્દીને પીટીસી અને બનાવટી હાથ,પગ,સીએન્ડ ઇ હોલ બુટ,કેલીપર ફુટ,સર્વાઇકલ કોલર સ્પલીન્ટ,એન્ટી રીટર,પોસ્ટ રીટયર ગાર્ડ, કેલિપર્સ, લાકડાની ચાલવાની ઘોડી વગેરે વાજબી ભાવે બનાવી આપવામાં આવેછે.ઉપરાંત પી.ડી.બી. કેલિપર્સ શુઝ,બેલ્ટ વિગેરેનું રીપેરીંગ કામ પણ કરવામાં આવે છે.

સને ૭૦ થી ઈમરજન્સી વોર્ડ શરૂ કરવામાં આવ્યો છે. જ્યાં પોસ્ટ ગ્રેજ્યુએટ ડીગ્રી ધરાવતાં ડોક્ટર્સ સતત ૨૪ કલાક ફરજ પર હાજર રહે છે. સને ૭૨ થી શરૂ કરાયેલ આઈ.સી.સી.યુ. વિભાગને ૧૯૯૭ માં વાતાનુકુલિત બનાવી અદ્યતન સાધનોથી સજ્જ કરવામાં આવ્યો છે, અહી સેન્ટ્રલ કોન્સોલ સીસ્ટમ દ્વારા દર્દીને તુર્ત જ ૨૪ કલાક યોગ્ય સારવાર મળી શકે છે. અહીં દર્દીની આવક પ્રમાણે ચાર્જ લેવાય છે. ગેસ્ટ્રો એન્ટરોલોજી વિભાગમાં, ગાયનેક વિભાગ, ઓબસ્ટ્રેટીક્સ, મેડીસીન, પીડીયાટ્રીક્સ, ન્યુરોસર્જરી, ઈ .એન. ટી., પીડીયાસ્ટ્રીક સર્જરી જેવા અન્ય વિભાગ પણ આવેલ છે.મેડીસીન વિભાગમાં પલ્યોનરી ફંકશન સુવિધા ઉપલબ્ધ છે.એક નવો અદ્યતન વોર્ડ ઓ.એન.જી.સી.ની રૂા.૩૫ લાખની સહાયથી બનાવેલ છે.મેડીકલ વોર્ડ નં.-૨ નું મ્યુ.કોર્પો. દ્વારા રૂા.૩૦ લાખના ખર્ચે નવીનીકરણ કરવામાં આવેલ છે.

રાષ્ટ્રીય ભાવનાથી શરૂ કરવામાં આવેલ આ સંસ્થાના નિભાવ પેટે મ્યુ.કોર્પો.નો રેવન્યુ ખર્ચમાં મોટો ભાગ રહેલ છે. આ હોસ્પિટલ શહેર તથા ગુજરાતનું ગૌરવ છે. મ્યુ. કોર્પો. તેની સીમિત આવકના સાધનોથી હોસ્પિટલમાં જરૂરી અદ્યતન સાધનો વસાવવા તથા નિભાવવા , હોસ્પિટલની કામગીરી વધુ ને વધુ લોકોપયોગી બનાવવા શક્ય તમામ પ્રયત્નો કરી રહયું છે.

અહેવાલી વર્ષમાં નીચે દર્શાવ્યા મુજબની વિશેષ કરેલ કામગીરીની વિગતો

૧.સ્ટેટ ઓફ ધી આર્ટ ટેકનોલોજીના ઉચ્ચતમ ગુણવતા ધરાવતા લેબોરેટરી સાધનો રેન્ટલ બેઝ પર મેળવી નવી અધતન પેથોલોજી લેબ શરૂ કરવામાં આવેલ છે.

૨.રૂા.૨૨ લાખના ખર્ચે નવી અધતન બ્લડ બેંક બનાવવામાં આવેલ છે.

૩.વોર્ડ નં-૧,૩ તથા ૫ ની રીપેરીંગ રીટ્રોફીટીંગ રૂ.૯૦ લાખના ખર્ચે તથા એલ.ઓ.ટી.નું રીપેરીંગ રીનોવેશન રૂા. ૨૫ લાખના ખર્ચે નવા ઈલેકટ્રીફીકેશન સાથે કરવામાં આવ્યું.

૪.પોસ્ટમોટમ વિભાગને રૂા.૧૫.૬૬ લાખના ખર્ચે ૩ નવા કોલ્ડ મોર્ચ્યુરી ચેમ્બરની વ્યવસ્થા તથા બે રૂમોનું રીનોવેશન કરવામાં આવ્યું.

૫.નવા ઈલે.સબ સ્ટેશન માટે જરૂરી ઈલે.ઈકવીપમેન્ટસ ખરીદ કરવાની કાર્યવાહી ચાલુ છે.

૬.માન.મેયરશ્રી અમિતભાઇ શાહના બજેટમાંથી રૂા.૨ લાખના ખર્ચે ઇ.સી.જી.રૂમનું રીનોવેશન કરવામાં આવેલ છે.

૭. નિર્મળ ગુજરાત અંતર્ગત ગંદકી ફેલાવતા શખ્શોને દંડ કરી રૂા. ૧ લાખની રકમ મેળવવામાં આવી હતી.

૮.હોસ્પિટલના કર્મચારીઓના પગારની પે સ્લીપ અને પી.એફ સ્લીપની કામગીરી રૂા.૩.૫૦ લાખના ખર્ચે

વસાવેલ હાઇ સ્પીડ પ્રીન્ટર ધ્વારા ઇન હાઉસ શરૂ કરવામાં આવેલ છે.

૯.દર્દીઓની સુવિધા માટે અંદાજીત રૂા.૨૭૯ લાખના ઇકવીપમેન્ટ વસાવવાની કામગીરી ચાલુ છે.

૧૦.નર્સીંગ ડીપ્લોમાની ૪૫ બેઠકો વધારીને ક્ષમતા ૬૦ ની કરવામાં આવી વધારાની ૧૫ સીટો સેલ્ફ ફાયનાન્સ ધોરણે ભરતા આ વર્ષે ૬ લાખની અંદાજીત આવક થયેલ છે.

૧૧.એસ.બી.બી.કોલેજ ઓફ ફીઝીયોથેરાપીના સ્નાતક ફીઝીયોથેરાપીની ૩૦ સીટોની ઇન્ટેક કેપેસીટીમાં ૨૦ સીટો માટે સરકારશ્રી ની મંજુરી મેળવી ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાણ મેળવી ૨૦૦૭-૦૮ના અભ્યાસક્રમ માટે પ્રવેશ આપવામાં આવેલ છે.

૧૨.મ્યુનિ.કાઉન્સીલરશ્રી પુષ્પાબેન મીસ્ત્રીની રૂા.૧.૦૦ લાખની ગ્રાંટ માંથી લાયબ્રેરી માટે પુસ્તકો તથા સાધનો વસાવવામાં આવ્યા.

**પત્રક ૮.૧.૧**

**વિભાગવાર પથારીઓનું વર્ગીકરણ**

| અ.નં | વોર્ડનું નામ | પથારીની સંખ્યા | અ.નં. | વોર્ડનું નામ | પથારીની સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૧ | મંડિકલ વોર્ડ-૧ | ૩૮ | ૧૮ | સ્પે.રૂમ એ- | ૧૬ |
| ૨ | મેડિકલ વોર્ડ-૨ | ૩૮ | ૧૯ | સ્પે.રૂમ બી- | ૭ |
| ૩ | મેડિકલ વોર્ડ- ૧૦ અને ૧૦ એ | ૬૦ | ૨૦ | પિડિયાટ્રીક વોર્ડ નં.૧૩ | ૫૫ |
| ૪ | વોર્ડ-૭ (પુરૂષ) અને ૮ સ્ત્રી (જૈન) | ૨૬ | ૨૧ | ઈમરજન્સી વોર્ડ | ૧૨ |
| ૫ | મેડિકલ મેઇલ(એમ.એમ.એસ.) | ૧૨ | ૨૨ | ઓર્થો પોષ્ટ ઓપ વોર્ડ | ૨૪ |
| ૬ | સર્જીકલ વોર્ડ-૪ | ૩૮ | ૨૩ | બર્ન્સ વોર્ડ | ૧૨ |
| ૭ | સર્જીકલ વોર્ડ-૧૧ | ૬૦ | ૨૪ | સ્કીન વોર્ડ | ૧૬ |
| ૮ | સર્જીકલ વોર્ડ-૧૨ | ૬૦ | ૨૫ | સાયકયાટ્રી વોર્ડ | ૧૮ |
| ૯ | સર્જીકલ વોર્ડ-૧૫ | ૩૨ | | કુલ | ૭૩૬ |
| ૧૦ | ઓર્થો વોર્ડ -૫ | ૩૬ | | સી.એમ.એચ.બીલ્ડીગ | |
| ૧૧ | ઓર્થો વોર્ડ-૯ | ૩૬ | ૧ | લેબરરૂમ | ૨૪ |
| ૧૨ | હેન્ડ સર્જરી વોર્ડ | ૧૨ | ૨ | મેટરનીટી વોર્ડ નં.૧ થી ૪ | ૬૩ |
| ૧૩ | સર્જીકલ વોર્ડ-૩ | ૪૭ | ૩ | મેટરનીટી વોર્ડ નં ૫ થી ૬ | ૨૮ |
| ૧૪ | સર્જીકલ વોર્ડ-૬ | ૩૭ | ૪ | ફેમીલી પ્લાનીગ વોર્ડ | ૩૩ |
| ૧૫ | સીટી પોસ્ટ ઓપ (ઓ.એચ.ઓ.આઇ.સી.યુ. | ૨ | ૫ | ગાયનેક વોર્ડ | ૪૪ |
| ૧૬ | આઇ.સી.સી.યુ | ૧૦ | ૬ | નીયોનેટલ | ૩૫ |
| ૧૭ | વોર્ડ નં. -૧૪ | ૩૨ | ૭ | પીડીયાટ્રીક સર્જરી વોર્ડ | ૩૦ |
| | કાર્ડિયોલોજી ૯ | | ૮ | સી.એમ.એચ.સ્પે.રૂમ | ૧૩ |
| | ન્યુરોલોજી ૯ | | ૯ | સી.એમ.એચ.સ્પે વોર્ડ-૮ | ૪૩ |
| | એન્ડોક્રિનોલોજી ૭ | | ૧૦ | સ્પે.સેમી ફીમેલ | ૬ |
| | નેફરોલોજી ૭ | | | કુલ | ૩૧૯ |

| | | |
|---|---|---|
| ૧ | શેઠ.વા.સા.જનરલ હોસ્પિટલ | ૭૩૬ |
| ૨ | શેઠ ચિનાઇ પ્રસુતિ હોસ્પિટલ | ૩૧૯ |
| ૩ | આરોગ્ય ભુવન | ૩૦ |
| | કુલ- | ૧૦૮૫ |

## પત્રક ૮.૧.૨

### ઈન્ડોર અને આઉટડોર વિભાગમાં સારવાર આપેલ દર્દીઓની માહિતી

| અ.નં. | વિભાગ | ૨૦૦૬-૦૭ | ૨૦૦૭-૦૮ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧. | અંદરના દર્દી તરીકે સારવાર આપેલ દર્દીની સંખ્યા ( નવા જન્મેલા બાળક સાથે) | ૪૯૮૭૬ | ૪૮૭૩૬ |
| ૨. | નવા જન્મેલા બાળકોની સંખ્યા | ૪૭૯૯ | ૪૩૯૫ |
| ૩. | અંદરનાં દર્દીઓની દૈનિક સરેરાશ સંખ્યા | ૮૮૪ | ૭૪૪ |
| ૪. | બહારનાં દર્દીઓનો વિભાગ<br>અ. નવા કેસ<br>બ. જુના કેસ<br>**કુલ** | <br>૧૭૭૪૮૭<br>૩૪૫૮૪૩<br>----------------<br>**૫૨૩૩૩૦** | <br>**૧૬૧૮૪૨**<br>**૩૨૨૧૧૫**<br>---------------<br>**૪૮૩૯૫૭** |
| ૫. | બહારનાં નવા જુના સારવાર આપેલ દર્દીઓની દૈનિક સરેરાશ સંખ્યા | ૧૪૩૩ | ૧૩૨૫ |
| ૬. | એન્ટી રેબિક સારવાર<br>અ. નવા દર્દીની સંખ્યા<br>બ. જુના દર્દીની સંખ્યા<br>**કુલ** | <br>**૬૭૯૨**<br>**૨૮૦૦૩**<br>---------------<br>૩૪૭૯૫ | <br>**૮૦૦૩**<br>**૨૬૬૬૧**<br>-------------<br>**૩૪૬૬૪** |

**પત્રક ૮.૧.૩**

**<u>ઓપરેશનની વિગતો દર્શાવતુ પત્રક</u>**

| અ.નં. | ઓપરેશનની વિગત | ૨૦૦૬-૦૭ | | ૨૦૦૭-૦૮ | |
|---|---|---|---|---|---|
| | | મેજર | માઈનોર | મેજર | માઈનોર |
| ૧ | ૨ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧. | ઓબ્સ્ટ્રે. અને ગાયનેક | ૨૬૭૫ | ૫૬૧ | ૨૫૬૫ | ૪૧૬ |
| ૨. | જનરલ સર્જરી | ૨૪૫૧ | ૧૮૮૬ | ૨૩૭૨ | ૧૮૬૨ |
| ૩. | ઓથોપેડિક સર્જરી | ૧૬૧૪ | ૧૩૯૨ | ૧૮૦૨ | ૧૪૦૩ |
| ૪. | ઈ .એન.ટી. સર્જરી | ૨૫૪ | ૧૩૪૯ | ૩૧૧ | ૮૧૫ |
| ૫. | કાર્ડિયોથોરેસીક સર્જરી | ૧૯૬ | ૨૯૨ | ૪૦૦ | ૨૮૫ |
| ૬. | ન્યુરો સર્જરી | ૫૭૬ | ૫૪ | ૭૩૯ | ૬૪ |
| ૭. | પીડીયાટ્રીક સર્જરી | ૮૫૩ | ૬૨૮ | ૭૯૧ | ૫૮૩ |
| ૮. | ગેસ્ટ્રો એન્ટ્રોલોજી | ૧૫૯ | ૧૫૦૭ | ૧૫૩ | ૧૫૪૮ |
| ૯. | ડેન્ટલ સર્જરી | - | ૨૬૪૨ | - | ૧૬૮૫ |
| ૧૦. | કેજ્યુલીટી ઓપરેશન | - | ૧૧૪૩ | - | ૮૪૮ |
| ૧૧. | ઓપન હાર્ટ ઓપરેશન | ૫૬ | - | ૪૮ | - |
| ૧૨. | પ્લાસ્ટીક સર્જરી | ૫૭૯ | ૧૨૯૪ | ૭૩૮ | ૬૭૫ |
| | **કુલ** | **૯૪૧૩** | **૧૨૭૪૭** | **૯૯૧૯** | **૧૦૧૮૪** |

# પત્રક ૮.૧.૪

## કાર્ડિયોલોજી, હેમો ડાયાલીસીસ અને ન્યુરો મેડીસીન તથા ઈ.સી.ટી., ઈ.સી.જી. તેમજ રેડિયોલોજી વિભાગની કામગીરી દર્શાવતુ પત્રક

| અ.નં. | વિગત | ૨૦૦૬-૦૭ | ૨૦૦૭-૦૮ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| અ | કાર્ડિયોલોજી વિભાગ | | |
| | ૧. પેસમેકર ( ટેમ્પરરી) | ૨૮ | ૫૪ |
| | ૨. પેસમેકર ( પરમેન્ટ ) | ૧૮ | ૩૪ |
| | ૩. ઈકો રેકોર્ડસ | ૬૮૮૭ | ૮૪૨૧ |
| | ૪. કાર્ડિયોવર્ઝન | ૧૦૫૦ | ૧૨૫૦ |
| | ૫. ટ્રેડ મીલ એક્સરસાઈઝ ટેસ્ટ | ૭૩૫ | ૭૯૬ |
| | ૬. હોલ્ટર ટેસ્ટ | ૩૯ | ૩૩ |
| | ૭. લેઈટ પોટેશીયમ ટેસ્ટ | - | ૦ |
| | ૮. કાર્ડીયાક કેથેટર્સ | - | - |
| બ | હેમો ડાયાલીસીસની વિગત | | |
| | ૧. હેમોડાયાલીસીસ | ૧૭૧૨ | ૧૬૦૦ |
| | ૨. પેરી ટોનીયલ ડાયાલીસીસ | ૫ | - |
| ક | ન્યુરો મેડીસીન વિભાગ | | |
| | ૧. ઈ.ઈ.જી. | ૧૫૮૫ | ૧૫૯૦ |
| ડ | ઈ.સી.ટી. અને ઈ.સી.જી. વિભાગ | | |
| | ૧. ઈ.સી.ટી. સારવાર લેનાર દર્દીની સંખ્યા | ૯૯૧ | ૮૮૦ |
| | ૨. ઈ.સી.જી. લેવામાં આવ્યાં હોય તેવા દર્દીઓ | ૪૩૮૮૬ | ૪૩૨૩૮ |
| ઈ | રેડિયોલોજી વિભાગ | | |
| | ૧. દર્દીઓનાં લીધેલ એક્સ-રેની સંખ્યા | ૯૫૭૯૧ | ૧૪૧૯૩૨ |
| | ૨. સી.ટી. સ્કેન | ૭૪૪૩ | ૧૧૭૦૯ |
| | ૩. યુ.એસ.જી. (એકસરે વિભાગ) | ૧૮૧૩૫ | ૩૩૯૨૦ |

## પત્રક ૮.૧.૫

## ન્યુક્લીયર મેડીસીન વિભાગની આંકડાકીય માહિતીનું પૃથ્થકરણ

| અ.નં. | વિગત | ૨૦૦૬-૦૭ | ૨૦૦૭-૦૮ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧. | ટી-૩ અને ટી-૪ ( બાયઆર.આઈ.એ.ટેકનિક) | ૨૦૮૫ | ૧૭૦૮ |
| ૨. | ટી.એસ.એચ. | ૩૧૩૬ | ૪૦૬૧ |
| ૩. | એફ.એસ.એચ. | ૨૧૫ | ૨૧૦ |
| ૪. | એલ.એચ. | ૨૦૭ | ૧૮૧ |
| ૫. | પી.આર.એલ. | ૧૮૦ | ૧૫૭ |
| ૬. | બી.એચ.સી.જી. | ૧ | ૨ |
| ૭. | થાઈરોઈડ એન્ટી બોડીઝ | ૭૪ | ૯૬ |
| ૮. | ગ્રોથ હોરમોન્સ | ૮૨ | ૯૭ |
| ૯. | ટેસ્ટોસ ટેરોન | ૪૬ | ૪૭ |
| ૧૦. | સીરમ ટ્રીપોનીન ટી. | ૯૭ | ૪૨૨ |
| ૧૧. | યુરીનરી માઈક્રો એલ્બ્યુમીન | ૧૭૫ | ૧૩૯ |
| ૧૨. | કોર્ટીસોલ | ૧૦૯ | ૮૬ |
| ૧૩. | ફ્રી.ટી. ૪ | ૪૬૫ | ૭૦૩ |
| ૧૪. | ફ્રી.ટી.૩ | ૩૭૬ | ૫૩૩ |
| ૧૫. | વેસ્ટર્ન બ્લોટ ટેસ્ટ | - | - |
| ૧૬. | પ્રોજેસ્ટરોન | - | ૦ |
| ૧૭. | ઈસ્ટ્રેડીયોલ | ૧૯ | ૩૧ |
| ૧૮. | ડી.એચ.ઈ.એ.એસ. | ૧૮ | ૧૩ |
| ૧૯. | આઈ.જી.એફ.-૧ | ૮ | ૦૨ |
| ૨૦. | ટી.બી.એન્ટીબોડીઝ | - | - |
| ૨૧. | પી.એસ.એ. | ૨૦૧ | ૨૩૯ |
| ૨૨. | એ.એન.એ. | ૪૫૧ | ૫૯૪ |
| ૨૩. | એન્ટી ફોસ્કોલીપીડ એ.બી.એસ. | ૮૯ | ૧૨૪ |
| ૨૪. | એ.એન.એ.બ્લોટ | ૪૯ | ૫૮ |
| ૨૫. | સી.ઇ.એ. | ૧ | ૦૩ |

## પત્રક ૮.૧.૬

## ફિઝીયોથેરાપી વિભાગની આંકડાકીય માહિતી  દર્શાવતુ પત્રક

| અ.નં. | વિભાગ | ૨૦૦૬-૦૭ | ૨૦૦૭-૦૮ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧. | ડાયાથર્મી આપેલ દર્દીઓની સંખ્યા | ૨૮૫૯૩ | ૨૮૮૪૨ |
| ૨. | મેડીકલ કરંટ આપેલ દર્દીઓની સંખ્યા | ૧૭૦૦૮ | ૧૬૫૭૯ |
| ૩. | અલ્ટ્રાવાયોલેટ કિરણ આપેલ દર્દીઓની સંખ્યા | ૪૨૮ | ૬૦૦ |
| ૪. | હાઈડ્રોથેરેપી | ૧૮૯૭ | ૩૭૬૨ |
| ૫. | અલ્ટ્રા સોનીક | ૨૭૨૧૯ | ૨૬૧૯૨ |
| ૬. | કસરત થેરાપી | ૭૮૧૨૨ | ૭૬૪૮૫ |
| ૭. | આઈ.એફ.ટી.અને લેસર | ૧૫૨૦૧ | ૧૫૨૬૫ |

## પત્રક ૮.૧.૭

## વોલન્ટરી બ્લડ બેંકની માહિતી દર્શાવતુ પત્રક

| અ.નં. | વિભાગ | ૨૦૦૬-૦૭ | ૨૦૦૭-૦૮ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧. | રીપ્લેસમેન્ટ દ્વારા પ્રાપ્ત કરેલ બ્લડ બોટલ્સ/બેગ્સ | ૯૨૬૯ | ૫૦૯૦ |
| ૨. | સ્વૈચ્છિક રક્તદાન દ્વારા મેળવેલ બ્લડ બોટલ/બેગ્સ | ૪૪૭૮ | ૭૭૧૬ |
| ૩. | દર્દીઓને આપવામાં આવેલ બ્લડ અને કોમ્પોનેન્ટની બોટલ્સ/બેગ્સ | ૯૦૫૯ | ૧૮૭૫૯ |
| | | ૨૨૮૦૬ | ૩૧૫૬૫ |

**અહેવાલી વર્ષ દરમ્યાન ૫૦૦૦/- થી વધુ મળેલ દાનની રકમ દર્શાવતુ પત્રક (૮૦જી હેઠળ)**

| અ.ન. | વિગત | ૨૦૦૭-૦૮ |
|---|---|---|
| ૧ | સાવિત્રીબેન નવીનચંદ્ર ગુજરાણ | ૫૦૦૦.૦૦ |
| ૨ | સાવિત્રીબેન નવીનચંદ્ર ગુજરાણ | ૫૦૦૦.૦૦ |
| ૩ | શ્રેણીકભાઇ પ્રતાપભાઇ પરીખ | ૧૦૦૦.૦૦ |
| ૪ | **સાવિત્રીબેન નવીનચંદ્ર ગુજરાણ** | ૧૦૦૦૧.૦૦ |
| ૫ | નીતીનભાઇ ભટ્ટ | ૧૦૦૦૦.૦૦ |
| ૬ | સૈયદ રૂકનુદ્દીન દીસામુદ્દીન | ૫૦૦૦.૦૦ |
| ૭ | સૈયદ મહંમદ હારૂદ | ૨૦૦૦.૦૦ |
| ૮ | મહંમદ ઇકબાલ વોરા | ૧૦૦૦૦.૦૦ |
| ૯ | સાવિત્રીબેન નવીનચંદ્ર ગુજરાણ | ૧૦૦૦૨.૦૦ |
| ૧૦ | નિયોપ્લાસટર એન્જીનીયરીગ પ્રા.લી. | ૧૦૦૦.૦૦ |
| ૧૧ | અનનોન | ૨૫૨૦.૦૦ |
| ૧૨ | મોદી હેમલ બચુભાઇ | ૨૫૦૧.૦૦ |
| ૧૩ | મોદી હિરેન બચુભાઇ | ૨૫૦૧.૦૦ |
| ૧૪ | બાલ ક્રિશ્નભાઇ પંડીત | ૫૦૦૧.૦૦ |
| ૧૫ | હરિશભાઇ નટરવરભાઇ શાહ | ૧૫૦૦૦.૦૦ |
| ૧૬ | સમુબેન ભવાનસિંહ સોલંકી | ૧૧૦૦.૦૦ |
| ૧૭ | રૂા.૧૦૦૦ થી નીચેની રકમના આવેલ કુલ | ૮૦૨.૦૦ |
| | કુલ | ૮૮૪૨૮.૦૦ |

**પત્રક ૮.૧.૮**

**ભેટ (દાન) મળેલ ચીજ વસ્તુઓની વિગત દર્શાવતું પત્રક**

| અ.નં | દાતાનું નામ | વિભાગ | વસ્તુનુંનામ/જથ્થો |
|---|---|---|---|
| ૧ | ભુપેન્દ્રસીગ બી. રાજપુત | આર.એમ.ઇ | સીલીગ પંખો-૧ |
| ૨ | દર્દીઓ તરફથી | પીડીયાટ્રીક સર્જરી ઓ.ટી. | નીડલ હોલ્ડર-૧ ૨૦૬૨૧-૧૪ટી.સી |
| ૩ | દર્દીઓ તરફથી | પીડીયાટ્રીક સર્જરી ઓ.ટી. | નીડલ હોલ્ડર-૧ (સી.યુ.૩૦૭૫ ટી.સી) |
| ૪ | દર્દીઓ તરફથી | પીડીયાટ્રીક સર્જરી ઓ.ટી. | મેતા મેનબોજા કાતર નંગ-૧ (૧૦-૧૧૭૮-ટીસી) |
| ૫ | દર્દીઓ તરફથી | પીડીયાટ્રીક સર્જરી ઓ.ટી. | ડિબેકસી ફોરસેટા નંગ-૨ |
| ૬ | દર્દીઓ તરફથી | પીડીયાટ્રીક સર્જરી ઓ.ટી. | એડસન ફોરસેટા નંગ-૨ |
| ૭ | દર્દીઓ તરફથી | પીડીયાટ્રીક સર્જરી ઓ.ટી. | એટ્રીય ફોરસેટા નંગ-૨ |

| | | | |
|---|---|---|---|
| ૮ | દર્દીઓ તરફથી | પીડીયાટ્રીક સર્જરી ઓ.ટી. | સ્મોલ ફોરસેટા નંગ-૨ |
| ૯ | દર્દીઓ તરફથી | પીડીયાટ્રીક સર્જરી ઓ.ટી. | ૭ કાતર નંગ-૧ |
| ૧૦ | દર્દીઓ તરફથી | પીડીયાટ્રીક સર્જરી ઓ.ટી. | નીડલ હોલ્ડર નંગ-૧ |
| ૧૧ | દિપલબેન ધવલભાઇ શાહ | વોર્ડ નં.૧૩ | નેબ્યુલાઇઝર -૧ |
| ૧૨ | ચેતન ચંદ્રકાંતભાઇ શાહ | વોર્ડ નં.૧૩ | નેબ્યુલાઇઝર -૧ |
| ૧૩ | પૂર્વ સતીષભાઇ દલાલ ચેરીટેબલ ટ્રસ્ટ | મેડીકલ યુનીટ-૫ | વોટરબેડ નંગ-૨ પલ્સઓકસીમીટર-૧ |
| ૧૪ | જસવંતભાઇ અને સ્મીતાબેન શાહ ફેમીલી ચેરીટેબલ ટ્રસ્ટ | સી.ટી.પોષ્ટ વોર્ડ | નેગેટીવ સંકશન મશીન નંગ-૧ |
| ૧૫ | એ.આર.ગુપ્તા | લીનન વિભાગ | ગરમ ધાબડા નંગ-૫૦+૨૦ |
| ૧૬ | વાઘજી બી. વોરા | ઇ.સી.જી.ડીપા. | ઇ.સી.જી.મશીન નંગ-૧ |
| ૧૭ | ડાયમંડ બાર ભજન ગ્રુપ(યુ.એસ.એ.) | જન.સ્ટોર્સ | ફિકસ વ્હીલચર નંગ-૬ |
| ૧૮ | ઝ એર્ગ ગ્રીન | એન.આઇ.ડી.સી.વોર્ડ માટે | મનીકીન ફોર નીયોનેટ |
| ૧૯ | નીરજ ફાઉન્ડેશન ચેરીટેબલ ટ્રસ્ટ | મેડીકલ યુનીટ- ઇ | વોટરબેડ નંગ-૨ નેબ્યુલાઇઝર નંગ-૨ |

**૨૦૦૭-૦૮ દરમ્યાન ભેટ(દાન) મળેલ મેડીકલ ઇકવીપમેન્ટની વિગત દર્શાવતુ પત્રક**

| અ.નં. | દાતાનું નામ | વિભાગ | વસ્તુનું નામ મેડીકલ ઇકવીપમેન્ટનું નામ | જથ્થો |
|---|---|---|---|---|
| ૧ | પ્રહલાદ ચેરીટેબલ ટ્રસ્ટ તરફથી દાનના | ૧૦ વોર્ડ | પલ્સ ઓકસીમીટર | ૧ નંગ |
| ૨ | શ્રી હેમેન્દ્રભાઇ મોદી તરફથી દાનમાં | ઇ.સી.જી.રૂમ | ઇ.સી.જી.મશીન વીથ રીચાર્જબલ બેટરી સેટ | ૧ યુનીટ |
| ૩ | શ્રી વાઘજીભાઇ વોરા C/o.ડો.હસમુખભાઇ વોરા સાહેબ તરફથી દાનમાં | ઇ.સી.જી.રૂમ | ઇ.સી.જી.મશીન વીથ રીચાર્જબલ બેટરી સેટ | ૧ યુનીટ |

**પત્રક ૮.૧.૯**

**દર્દી દીઠ સરેરાશ દૈનિક ખર્ચની માહિતી દર્શાવતુ પત્રક (રૂ.માં)**

| અ.નં. | વિભાગ | ૨૦૦૬-૦૭ | ૨૦૦૭-૦૮ |
|---|---|---|---|

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| ૧. | એસ્ટાબ્લીશમેન્ટ ખર્ચ | ૭૨૨ | ૧૦૮૦ |
| ૨. | દવા, ઈન્જેક્શન એપ્લા. ખર્ચ | ૯૦ | ૧૮૬ |
| ૩. | ખોરાક ખર્ચ | ૧૨ | ૦૨૩ |
| ૪. | કાપડ અને ધોવરામણ ખર્ચ | ૩ | ૦૦૫ |
| ૫. | બીજા ખર્ચ | ૫૩ | ૧૧૧ |
| | કુલ | ૮૮૦ | ૧૪૦૫ |
| ૬. | અંદરના દર્દીઓની પથારીની સંખ્યા | ૧૦૮૫ | ૧૧૧૫ |
| ૭. | દૈનિક ઈન્ડોર દર્દીની સરેરાશ સંખ્યા | ૮૮૪ | ૭૪૪ |

**પત્રક ૮.૧.૧૦**

**અહેવાલી વર્ષ દરમ્યાન હોસ્પિટલમાં વસાવેલ મુખ્ય સાધનો અને કિંમત દર્શાવતુ પત્રક**

| અ.નં. | સાધનનું નામ | જથ્થો (નંગ) | કિમંત |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧. | પલ્સ ઓકસીમીટર | ૧૦ | ૪,૩૦,૦૦૦ |
| ૨. | બીપીઈએલ મેઈક ડેફીબ્રીલેટર | ૨ | ૨,૮૦,૦૦૦ |
| ૩. | નીપ્રો સીંગલ પેશન્ટન્ટ ડાયાલીસીસ મશીન | ૧ | ૪,૮૦,૦૦૦ |
| ૪. | એ.એમ.એસ.ગોમા એક્ષ-રે મશીન | ૨ | ૧,૮૮,૦૦૦ |
| ૫. | એક્ષ-રે મશીન ડાયાગ્નોક્ષ-૩૦૦ | ૧ | ૩,૧૦,૦૦૦ |
| ૬. | મોનીટર કેપનોગ્રાફ મોડેલ એસેસરીઝ | ૩ | ૮,૩૪,૬૮૬ |
| ૭ | VELA-પીડીયાટ્રીક એડલ્ટ વેન્ટીલેટર | ૩ | ૨૮,૨૨,૦૪૦ |
| ૮ | VELA-પીડીયાટ્રીક એડલ્ટ વેન્ટીલેટર | ૧ | ૯,૪૦,૬૮૦ |
| ૯ | VELA-પીડીયાટ્રીક એડલ્ટ વેન્ટીલેટર | ૧ | ૯,૪૦,૬૮૦ |
| | હોસ્પિટલ ખરીદી | | |
| ૧ | ઇ.સી.જી.મશીન અને રીચાર્જેબલ બેટરી | ૧ | ૧૫,૭૫૦ |
| ૨ | ૧૬ બેડેડ સેન્ટ્રલ નર્સીંગ સ્ટેશન | ૧ | ૯૦,૦૦૦ |
| ૩ | એચ.ડી.-૯૦૦ કેમેરા સીસ્ટમ ઓફ ડાયોનીકસ | ૧ | ૨,૯૦,૦૦૦ |
| ૪ | ઇ.સી.જી.મશીન વીથ બેટરી સેટ | ૧ | ૧૫,૪૨૫ |
| ૫ | ઇ.સી.જી.મશીન વીથ બેટરી સેટ | ૧ | ૧૫,૪૨૫ |
| ૬ | ઇ.સી.જી.મશીન વીથ બેટરી સેટ | ૧ | ૧૫,૪૨૫ |
| ૭ | ઇ.સી.જી.મશીન વીથ બેટરી સેટ | ૧ | ૧૫,૪૨૫ |
| ૮ | બીપીએલ મેઈક મલ્ટીપેરા મોનીટર | ૧ | ૧,૩૦,૦૦૦ |
| ૯ | તોશીબા કલર ડોપ્લર મશીન | ૧ | ૧૯,૨૫,૦૦૦ |
| | **એમ.એલ.એ./કાઉન્સીલરની ગ્રાન્ટ** | | |
| ૧ | જે એન્ડ ડીઝીટલ ૪૦૦ એલ એન્ડ ટી લી.મેઈક ઇલેકટ્રો સર્જીકલ કોટરી મશીન | ૧ | ૧,૦૫,૯૧૬ |
| ૨ | મેડીકલ કેમેરા મોડેલેકસ -૧૧૧ સીંગલ ચીપ ડીઝીટલ સીગલ પ્રોસેસર | ૧ | ૧,૪૩,૫૨૦ |
| ૩ | ઈનસફલેટર મોડલ પ્રફોલોય-૨૦ | ૧ | ૧,૫૩,૯૨૦ |
| ૪ | સીરીજ ઈનફયુસન પંપ | ૧ | ૩૯,૭૦૦ |
| ૫ | પીડીયાટ્રીક/એડલ્ટ વેન્ટીલેટર | ૧ | ૯,૪૦,૬૮૦ |

પત્રક ૮.૧.૧૦

**(૨૦૦૭-૦૮) દરમ્યાન હોસ્પિટલમાં વસાવેલ મેડીકલ-ઈકવીપમેન્ટસ અને કિંમત દર્શાવતું પત્રક**

| અ.નં. | મેડીકલ-ઇકવીપમેન્સ | જથ્થો (નંગ) | કિંમત |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | પલ્સ ઓકસીમીટર | ૧ | ૩૯,૦૦૦ |
| ૨ | પલ્સ ઓકસીમીટર | ૧ | ૩૯,૦૦૦ |
| ૩ | હેન્ડી પલ્સ- ઓકસીમીટર | ૩ | ૬૩,૭૬૮ |
| ૪ | હેમોડાયાલીસીસ મશીન વીથ સ્ટાન્ડર્ડ એસેસરીઝ ફ્રી પ્લુટો હેન્ડી પલ્સ ોકસીમીટર | ૦૨<br>૦૨ | ૧૧,૨૯,૪૯૮ |
| ૫ | સીરીંજ ઇન્ફ્યુઝન પમ્પ | ૧૦ | ૩,૯૦,૦૦૦ |
| ૬ | સીરીંજ ઇન્ફ્યુઝન પમ્પ | ૦૭ | ૨,૭૯,૩૦૦ |
| ૭ | ડીફીબ્રીલેટર | ૦૩ | ૯,૪૫,૦૦૦ |
| ૮ | માઇક્રો મોટર વીથ હેન્ડ પીસ | ૧સેટ | ૨૦,૦૦૦ |
| ૯ | એનેસથેસીયા ડીલીવરી સીસ્ટમ વીથ વેન્ટીલેટર વીથ કાર્ડીયાક આઉટપુટ | ૧સેટ પૈકી | ૫૮,૩૮,૦૦૦ |
| ૧૦ | સી.એ.બી.જી.ઇન્સ્ટ્રુમેન્ટ સેટ | ૧સેટ પૈકી | ૫,૦૬,૩૫૮ |
| ૧૧ | સી.એ.બી.જી.ઇન્સ્ટ્રુમેન્ટ સેટ | ૧સેટ પૈકી | ૧,૫૭,૨૪૦ |
| ૧૨ | સી.એ.બી.જી.ઇન્સ્ટ્રુમેન્ટ સેટ | ૧સેટ પૈકી | ૧,૪૯,૭૨૪ |
| ૧૩ | પરકયુટેનીયસ યુરોલોજી સેટ | ૧સેટ | ૧૦,૩૫,૨૦૦ |
| ૧૪ | માઇક્સર્જન ઇન્સ્ટ્રુમેન્ટ સેટ ફોર ન્યુરો સર્જરી | ૧સેટ | ૪,૬૦,૦૦૦ |
| ૧૫ | પી.એફ.ટી મશીન<br>બી.પી.એલ.સ્પાઇરોમીટર | ૧સેટ | ૯૦,૦૦૦ |
| ૧૬ | કલર ડોપ્લાર સોનોગ્રાફી | ૧ યુનીટ | ૧૪,૫૮,૨૫૯ |
| ૧૭ | નર્વ લોકેટર | ૫ નંગ | ૧,૨૨,૫૦૦ |
| ૧૮ | કેનીયોટોમ વીથ પરફોરેટર | ૧સેટ | ૧,૨૨,૫૦૦ |
| ૧૯ | ૦ ડીગ્રી લેપ્રોસ્કોપ એન્ડ ૩૦ ડીગ્રી લેપ્રોસ્કોપ વીથ એનસીલરી ઇન્સ્ટ્રુમેન્ટ | ૧સેટ | ૧૬,૨૧,૦૦૦ |
| ૨૦ | ઓપરેટીગ માઇક્રોસ્કોપ ફોર ન્યુરો સર્જરી | ૧સેટ | ૨૧,૫૦,૦૦૦ |
| ૨૧ | ઓપરેટીગ માઇક્રોસ્કોપ ફોર ગાયનેક | ૧સેટ | ૨,૫૦,૦૦૦ |
| ૨૨ | કાડીયો ટોકોગ્રાફી ફેટલ મોનીટર | ૧સેટ | ૨,૭૦,૦૦૦ |
| ૨૩ | એન.આઇ.બી.પી.વીથ સ્ટાન્ડર્ડ એસેસરીઝ વીથ કફ | ૧સેટ | ૭૯,૦૦૦ |
| ૨૪ | પરીફેરલ નર્વ સ્ટીમ્યુલેટર | ૬ નંગ | ૧,૭૧,૦૦૦ |
| ૨૫ | જે એન્ડ જે કોટરી મશીન વીથ સ્ટાન્ડર્ડ એસેસરીઝ | ૧સેટ | ૯૭,૦૦૦ |
| ૨૬ | ફાઇબર ઓપ્ટીક લેરીન્ગોસ્કોપ | ૧સેટ | ૧૦,૩૪,૭૫૦ |
| ૨૭ | વીડીયો લેરીન્ગોસ્કોપ વીથ ટેલીસ્કોપ એન્ડ ગેસલ ફોરસેપ | ૧ | ૧,૫૧,૦૦૦ |

| | | | |
|---|---|---|---|
| ૨૮ | પોટેબલ એકસરે મશીન | ૭ નંગ | ૭,૨૪,૦૪૧ |
| ૨૯ | ઈલેકટ્રોનીક લાઈટ વીથ ફાયબર કેબલ | ૧સેટ | ૨૪,૪૧૨ |
| ૩૦ | ઓરીજીનલ એ.ઓ. ઈન્સ્ટુમેન્ટ ફોર ફેકચર મેનેજમેન્ટ | ૧સેટ | ૧૭,૭૯,૬૮૦ |
| ૩૧ | મલ્ટીપેરો મીટર મોડલ પ્લેનેટ-૫૦ | ૧સેટ | ૧,૧૪,૪૧૫ |
| ૩૨ | ઓથ્રોસ્કાપીક સેવર સીસ્ટમ | ૧સેટ | ૪,૪૧,૦૦૦ |
| ૩૩ | આઈ.આઈ.ટી.વી. સર્જીકો ૬૦ ડીગ્રી એચ.આઈ.એન.બી. | ૧સેટ | ૧૪,૯૦,૦૦૦ |
| ૩૪ | પલ્સ ઓકસીમીટર | ૦૧ | ૫૦,૦૦૦ |
| ૩૫ | પલ્સ ઓકસીમીટર | ૦૨ | ૧,૦૦,૦૦૦ |
| ૩૬ | લેપ્રોસ્કોપ હેન્ડ ઈન્સ્ટુમેન્ટ સેટ | ૧સેટ | ૩૮,૦૦૦ |
| ૩૭ | લેરીગો ઈન્સ્ટુમેન્ટ સેટ | ૧સેટ | ૧,૦૦,૦૦૦ |
| ૩૮ | મેનકીન ફોર નીયોનેટલ | ૧ | ૧,૬૦,૦૦૦ |
| ૩૯ | એનેસ્થેટીક વેન્ટીલેટર | ૧ | ૨,૭૧,૯૩૭ |
| ૪૦ | ઈન્ફ્યુઝન પંપ | ૨ | ૬૧,૭૬૦ |
| ૪૧ | મલ્ટીપેરા મોનીટર | ૨ | ૨,૭૦,૦૦૦ |
| ૪૨ | ઈ.સી.જી.વીથ.એન.આઈ.બી.પી.એન્ડ પલ્સ ઓકસીમીટર મોડેલ પ્લેનેટ-૫૦ | ૧ | ૧,૧૪,૪૧૫ |
| ૪૩ | કલર ડોપ્લર મશીન મોડેલ નેમીઓ વીથ<br>યુ.પી.એસ.બેટરી બેકઅપ-૩૦ | ૨<br>૨ | ૪૨,૫૬,૭૦૦<br>૯૪,૫૦૦ |

## ૮.૨ શેઠ લ.ગો.જનરલ હોસ્પિટલ

**૦૭-૦૮**

શેઠ લલ્લુભાઈ ગોરધનદાસ મ્યુ. જનરલ હોસ્પિટલ સને ૧૯૫૪થી અમદાવાદ શહેરની મણિનગર અને તેની આસપાસના વિસ્તારના નાગરિકોને વૈદકિય સહાય પૂરી પાડે છે. અહેવાલી વર્ષમાં હોસ્પિટલની આવક રૂા.૨૬૦.૩૩ લાખ અને ખર્ચ રૂા.૧૩૦૨.૯૩ લાખ થયેલ છે. ગત વર્ષે આવક રૂા.૨૩૭.૯૭ લાખ અને ખર્ચ રૂા.૧૧૬૧.૩૩ લાખ થયો હતો.

આ હોસ્પિટલમાં અમેરિકન એસોસીએશન ઓફ ફીઝીશીયન ઓફ ઈન્ડિયન ઓરીજીનલના દ્વારા રૂા.૩ લાખ ડૉલરનું દાન રૂા.૧.૨૫ કરોડના અન્ય દાનમાંથી તેમજ સ્થાનિક ધારાસભ્યશ્રી અને સંસદસભ્યશ્રીના રૂા.૧૦ લાખના વોર્ડના વિકાસ માટેની ગ્રાંટમાંથી ૧૮ પથારીવાળું બર્ન્સ કેર યુનિટ બાંધવામાં આવેલ છે. આમ કુલ ૪૭૦ પથારીઓની સુવિધા કુલ-૩૦ યુનિટોમાં ઉપલબ્ધ છે. હોસ્પિટલના જુદા જુદા વિભાગોમાં દર્દીઓને સારવાર આપતાં યુનીટની માહિતી નીચે મુજબ છે. વિગતવાર પથારીનું પૃથક્કરણનું પત્રક નીચે મુજબ છે.

| અનં. | વિભાગ | યુનીટ | | અનં. | વિભાગ | યુનીટ |
|---|---|---|---|---|---|---|
| ૧ | મેડિકલ | ૩ | | ૧૭ | નીયોનેટલ | ૧ |
| ૨ | સર્જીકલ | ૩ | | ૧૮ | ટ્રોમા એન્ડ કેજયુલીટી | ૧ |
| ૩ | ગાયનેક | ૩ | | ૧૯ | પોસ્ટ પાર્ટમ | ૧ |
| ૪ | પીડીયાટ્રીક | ૨ | | ૨૦ | એકસ-રે | ૧ |
| ૫ | આંખ | ૧ | | ૨૧ | સોનોગ્રાફી | ૧ |
| ૬ | ડેન્ટલ | ૧ | | ૨૨ | લેબોરેટરી | ૧ |
| ૭ | ઈ.એન.ટી. | ૧ | | ૨૩ | બ્લડ બેન્ક | ૧ |
| ૮ | ઓર્થોપેડીક | ૧ | | ૨૪ | આઈસીસીયુ | ૧ |
| ૯ | ન્યુરો મેડિસીન | ૧ | | ૨૫ | આઈસીયુ | ૧ |
| ૧૦ | ન્યુરો સર્જીકલ | ૧ | | ૨૬ | સ્પેશ્યલ રૂમ | ૧ |
| ૧૧ | આર્યુવેદિક | ૧ | | ૨૭ | મેડીકલ સ્ટોર | ૧ |
| ૧૨ | ફીજીયોથેરાપી | ૧ | | ૨૮ | ધોબી કોન્ટ્રાકટ | ૧ |
| ૧૩ | સ્કીન એન્ડ વી.ડી. | ૧ | | ૨૯ | સાયકલ સ્ટેન્ડ કોન્ટ્રાકટ | ૧ |
| ૧૪ | બર્ન્સ એન્ડ પ્લાસ્ટીક | ૧ | | ૩૦ | સીકયુરીટી વિભાગ | ૧ |
| ૧૫ | સાઈકાટીકસ | ૧ | | | | |
| ૧૬ | એનેસ્થેસીયા | ૧ | | | | |

હોસ્પિટલમાં દાખલ થતાં દર્દીઓના ઓપરેશન માટે નીચે મુજબ જુદા જુદા ઓપરેશન થીયેટર્સની સગવડ ઉપલબ્ધ છે.

(૧) સર્જીકલ - ચાર ટેબલ
(૨) ગાયનેક - ત્રણ ટેબલ
(૩) ઈએનટી પ્લાસ્ટી સર્જરી અને ઓર્થોપેડીક - સાત ટેબલ
(૪) એન્ડોસ્કોપી - એક ટેબલ

(૫) ટ્રોમા થીયેટર - બે ટેબલ

અહેવાલી વર્ષમાં બહારના વિભાગમાં નવા ૧,૧૬,૬૨૩ દર્દીઓ, અને જૂના ૧,૭૧,૦૭૯ દર્દીઓ મળી કુલ ૨,૮૭,૭૦૨ દર્દીઓએ સારવાર લીધી હતી. જયારે અંદરના નવા દાખલ થયેલ દર્દીઓની સંખ્યા ૨૭,૦૩૩ હતી. આ અંગેની જુદા જુદા પ્રકારની આપવામાં આવતી સારવાર અંગેની છેલ્લા બે વર્ષની માહિતી સામેલ પત્રક ૮.૨.૨ માં દર્શાવી છે.

અહેવાલી વર્ષમાં કેટલીક નવી વધારાની સગવડો ઉભી કરવા માટે પ્રમાણમાં આધુનિક સાધન સામગ્રી ખરીદવામાં આવેલ છે. જે નીચે મુજબ છે.

**વર્ષ ૨૦૦૭-૦૮ માં ખરીદેલ સાધનોની વિગત :-**

| અનં. | સાધનોનું નામ | રકમ રૂા. |
|---|---|---|
| ૧ | સર્વો કન્ટ્રોલ રેડીયેન્ટ વોર્મર નંગ-૪ | ૧,૨૫,૭૫૩/- |
| ૨ | પલ્સ ઓકસી મીટર નંગ-૨ | ૭૫,૦૦૦/- |
| ૩ | સર્જીકલ ડાયાથર્મી (કોટ્રી મશીન) નંગ-૨ | ૬૭,૨૭૫/- |
| ૪ | બ્લડ ગેસ એનાલાઈઝર નંગ-૧ | ૪,૭૨,૯૯૦/- |
| ૫ | ઓટો ઈલેક્ટ્રો લાઈટ એનાલાઈઝર નંગ-૧ | ૧,૯૫,૩૬૪/- |
| ૬ | ઓટો હેમેટો એનાલાઈઝર નંગ-૧ | ૪,૨૭,૮૨૯/- |
| ૭ | બ્લડ બેન્ક રેફ્રીજરેટર નંગ-૧ | ૨,૨૩,૬૦૦/- |
| ૮ | મલ્ટીપેરા મોનીટર નંગ-૧ | ૩,૦૮,૫૫૯/- |
| ૯ | બાયો કેમેસ્ટ્રી એને લાઈઝર નંગ-૧ | ૯,૨૭,૬૧૨/- |
| ૧૦ | પીડીયાટ્રીક વેન્ટીલેટર | ૭,૦૫,૪૩૨/- |
| ૧૧ | વેન્ટીલેટર નંગ-૧ | ૪,૭૮,૪૬૮/- |
| ૧૨ | સર્જીકલ ઓપરેટીંગ માઈક્રોસ્કોપ નંગ-૧ | ૨૨,૫૬,૨૫૯/- |
| ૧૩ | ઈએનજી મશીન નંગ-૧ | ૩,૧૬,૨૫૦/- |
| ૧૪ | શેવર સીસ્ટમ નંગ-૧ | ૪,૯૯,૦૦૦/- |
| ૧૫ | બાયનોકયુલર માઈક્રોસ્કોપ + ડીઝીટલ કેમેરા | ૨,૧૭,૬૨૦/- |
| ૧૬ | સાદા પલંગ-૧૩૯, ફાઉલર બેડ-૪૪ | ૧૦,૧૭,૬૫૦/- |
| ૧૭ | એનઆઈસીયુ વેન્ટલીટેર નંગ-૧ | ૧૩,૮૨,૦૦૦/- |
| ૧૮ | ડીઝીટલ એક્સ-રે મશીન નંગ-૧ | ૩૯,૦૦,૦૦૦/- |
| | કુલ | ૧,૩૫,૯૬,૬૬૧/- |

આ ઉપરાંત ......

- અહેવાલી વર્ષ દરમ્યાન શેઠ લ.ગો.જન.હોસ્પિટલને આધુનિક ટર્શીયરી કેર હોસ્પિટલમાં પરિવર્તિત કરવા મલ્ટી સ્ટોરી બિલ્ડીંગના બાંધકામનું કામ શરૂ કરવામાં આવેલ છે.
- ડિઝાસ્ટર મેનેજમેન્ટના ભાગરૂપે આધુનિક સુવિધા ધરાવતું ઈમરજન્સી સારવાર કેન્દ્ર (કેજયુલીટી) કાર્યરત કરવામાં આવેલ છે. જેની સાથે સાથે ટ્રોમા વિભાગને પણ બે ઓપરેશન થિયેટર્સથી સુસજ્જ એવો આધુનિક બનાવવામાં આવેલ છે.
- પેથોલોજી વિભાગના હિમેટોલોજી વિભાગને આધુનિક સાધનોથી સુસજ્જ બનાવી દર્દીઓની સારવારના સ્તરમાં અભિવૃધ્ધિ કરવામાં આવેલ છે.

હોસ્પિટલની બ્લડ-બેન્કને ફુડ એન્ડ ડ્રગ કન્ટ્રોલ વિભાગ દ્વારા લાયસન્સ મળેલ છે. અહીં સરકારશ્રીના ધારાધોરણ મુજબ દરેક દર્દીને એચઆઈવી હીપેટાઈટસ વિગેરેની તપાસ કર્યા બાદ લોહી આપવામાં આવે છે. ઈન્ડીયન રેડક્રોસ સોસાયટીની ગ્રાંટ યોજના સાથે સંકળાયેલ આ બ્લડ બેન્કમાં અહેવાલી વર્ષ દરમ્યાન કુલ ૫,૬૯૪ બોટલ લોહી મેળવવામાં આવ્યું છે. હોસ્પિટલનો પેથોલોજી વિભાગ બ્લડ ગેસ અને લાઈઝર, બ્લડ કેમેસ્ટ્રી એનેલાઈઝર અને બ્લડ સેલ કાઉન્ટર જેવા કિંમતી અને અદ્યતન સાધનોથી સુસજ્જ થતાં દર્દીનું લોહી લઈ વ્યવસ્થિત પૃથક્કરણ કરી શકાય છે. અહેવાલી વર્ષમાં ૯,૦૫,૭૬૦ નમૂનાઓનું પૃથક્કરણ કરવામાં આવેલ છે. ગતવર્ષે આ સંખ્યા ૮,૫૫,૯૨૧ હતી. આ અંગેની માહિતી પત્રક ૮.૨.૪ માં દર્શાવવામાં આવી છે.

અહેવાલી વર્ષમાં કુલ ૮૯,૬૯૮ એકસ-રે, ૨૬,૪૦૩ સોનોગ્રાફી ૬૫૯ ઈ.ઈ.જી. લેવામાં આવ્યા હતાં. અહેવાલી વર્ષમાં ૪,૮૧૩ મેજર ઓપરેશન, ૫,૩૬૨ માઈનોર ઓપરેશન મળી કુલ ૧૦,૭૭૪ ઓપરેશન કરવામાં આવેલ છે. ગતવર્ષે આ સંખ્યા અનુક્રમે ૪,૮૬૬, ૪,૯૮૮ અને ૯,૮૫૪ હતી. આ અંગેનું તુલાત્મક પત્રક ૮.૨.૩ માં આપવામાં આવેલ છે.

અહેવાલી વર્ષમાં ઈન્ડોર વિભાગમાં સરેરાશ દૈનિક દર્દીઓની સંખ્યા ૩૦૦ છે. જે ગત વર્ષે ૨૯૨ ની હતી. અહેવાલી વર્ષમાં દર્દી દીઠ સરેરાશ દૈનિક ખર્ચ રૂા.૧૩૦૨.૯૩ થયેલ છે. જે ગત વર્ષે રૂા.૧૧૬૧.૩૩ હતું. આ અંગેની માહિતી પત્રક ૮.૨.૫ માં દર્શાવી છે.

વર્ષ દરમ્યાન દાતાઓનો સહકાર હોસ્પિટલને મળેલ છે. માનનીય સંસદસભ્યશ્રીઓ, કોર્પોરેટરશ્રીઓએ તેમને ફાળવેલ બજેટમાંથી સંસ્થાને ઉદાર હાથે મોટી રકમો ફાળવી સંસ્થાને અદ્યતન બનાવવામાં ખૂબ સહયોગ આપેલ છે. જેની આ તબક્કે નોંધ લેવી જરૂરી છે.

આમ હોસ્પિટલનો સઘળો વિકાસ વૃધ્ધિ અને સારી તબીબી સારવારનો યશ દાનવીર સદગૃહસ્થોની ઉદારતા તબીબોની ઉચ્ચ કુશળ ક્ષમતા અને નર્સીસ સ્ટાફની સૌજન્યતા અને માવજત તથા દરેક વર્ગના કર્મચારીઓને ફાળે જાય છે.

**પત્રક : ૮.૨.૧**

**વિભાગ વાઈઝ પથારીનું પૃથ્થકરણ - વર્ષ : ૨૦૦૭-૦૮**

| ક્રમ | યુનિટનું નામ | પુરૂષ | સ્ત્રી | બાળક | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | મેડિકલ યુનિટ-૧ | ૧૩ | ૧૩ | -- | ૨૬ |
| | મેડિકલ યુનિટ-૨ | ૧૩ | ૧૩ | -- | ૨૬ |
| | મેડિકલ યુનિટ-૩ | ૧૩ | ૧૩ | -- | ૨૬ |
| ૨ | સર્જીકલ યુનિટ-૧ | ૧૩ | ૧૨ | -- | ૨૫ |
| | સર્જીકલ યુનિટ-૨ | ૧૩ | ૧૨ | -- | ૨૫ |
| | સર્જીકલ યુનિટ-૩ | ૧૨ | ૧૨ | -- | ૨૪ |
| ૩ | ગાયનેક | -- | ૩૮ | -- | ૩૮ |
| ૪ | મેટરનીટી | -- | ૪૦ | -- | ૪૦ |
| ૫ | નિઓનેટલ | -- | -- | ૧૦ | ૧૦ |
| ૬ | સ્કીન અને વી.ડી. | ૫ | ૫ | -- | ૧૦ |
| ૭ | ઓર્થોપેડીક | ૨૪ | ૧૪ | -- | ૩૮ |
| ૮ | પ્લાસ્ટીક સર્જરી | ૧૫ | ૧૦ | -- | ૨૫ |
| ૯ | ઈ.એન.ટી. | ૧૦ | ૧૦ | -- | ૨૦ |
| ૧૦ | પીડીયાટ્રીક | -- | -- | ૪૨ | ૪૨ |
| ૧૧ | પી.પી.યુનિટ | -- | ૧૨ | -- | ૧૨ |
| ૧૨ | આઈ.સી.યુ. | ૪ | ૪ | -- | ૮ |
| ૧૩ | આઇ.સી.સી.યુ | ૨ | ૨ | -- | ૪ |
| ૧૪ | ટ્રોમા | ૫ | ૫ | -- | ૧૦ |
| ૧૫ | લેબર રૂમ | -- | ૧૩ | -- | ૧૩ |
| ૧૬ | બર્ન્સ | ૭ | ૯ | ૨ | ૧૮ |
| ૧૭ | સ્પે.રૂમ | ૧૫ | -- | -- | ૧૫ |
| ૧૮ | સેમી.સ્પે.રૂમ | ૪ | ૪ | -- | ૮ |
| ૧૯ | સ્ટાફ રૂમ | -- | ૩ | -- | ૩ |
| ૨૦ | આઇ | ૨ | ૨ | -- | ૪ |
| | **કુલ...** | **૧૭૦** | **૨૪૬** | **૫૪** | **૪૭૦** |

**વર્ષ : ૨૦૦૭-૦૮**

**ઈન્ડોર પેશન્ટ (અંદરના દર્દી)ની માહિતી નું પત્રક**

| ક્રમ | વિભાગનું નામ | નવા દાખલ | દરરોજ સરાસરી મુજબ માસિક સંખ્યા | મરણ |
|---|---|---|---|---|
| ૧. | મેડિકલ | ૪૦૪૦ | ૨૨૭૧૭ | ૨૦૮ |
| ૨. | સર્જીકલ | ૨૯૬૭ | ૧૮૨૮૫ | ૨૦ |
| ૩. | ગાયનેક | ૭૬૫૮ | ૨૩૬૬૫ | -- |
| ૪. | પીડીયાટ્રીક | ૨૬૭૭ | ૧૦૪૭૧ | ૯૪ |
| ૫. | ઓર્થોપેડીક | ૧૧૫૮ | ૯૧૭૫ | ૬ |
| ૬. | પ્લાસ્ટીક એન્ડ બર્ન્સ | ૮૭૧ | ૯૪૫૫ | ૧૨૨ |
| ૭. | ઈ.એન.ટી. | ૩૬૬ | ૧૦૮૮ | -- |
| ૮. | સ્કીન એન્ડ વી.ડી. | ૪૦ | ૧૦૯ | -- |
| ૯. | આઈ. | ૪૩ | ૨૪ | -- |
| ૧૦. | પોસ્ટ પાર્ટમ | -- | -- | -- |
| ૧૧. | ટ્રોમા | ૧૭૮૦ | ૨૨૯૪ | ૯૧ |
| ૧૨. | આઈ.સી.યુ. | ૩૭૭૩ | ૨૮૮૯ | ૫૧૪ |
| ૧૩. | આઈ.સી.સી.યુ. | ૮૧૯ | ૭૩૪ | ૭૦ |
| ૧૪. | સ્પે.રૂમ | ૯૦૯ | ૪૫૯૯ | ૧૮ |
| ૧૫. | નીઓનેટલ | ૮૩૨ | ૪૫૩૯ | ૨૮૧ |
| | **કુલ ...** | **૨૭૦૩૩** | **૧૧૦૦૨૬** | **૧૪૨૪** |

## વર્ષ ૨૦૦૭-૨૦૦૮

## આઉટ ડૉર (બહારના દર્દીઓ)

| ક્રમ | વિભાગનું નમ | નવા | જુના | કુલ |
|---|---|---|---|---|
| ૧. | મેડિકલ | ૨૦૨૧૩ | ૩૭૫૩૬ | ૫૭૭૪૯ |
| ૨. | સર્જીકલ | ૧૭૬૭૨ | ૧૭૨૧૩ | ૩૪૮૮૫ |
| ૩. | ગાયનેક | ૧૭૬૩૪ | ૨૧૯૩૯ | ૩૯૫૭૩ |
| ૪. | પીડીયાટ્રીક | ૯૦૦૨ | ૧૫૭૮૯ | ૨૪૭૯૧ |
| ૫. | ઓર્થોપેડીક | ૧૨૫૫૮ | ૧૭૧૬૭ | ૨૯૭૨૫ |
| ૬. | પ્લાસ્ટીક એન્ડ બર્ન્સ | ૩૯૨૦ | ૫૩૭૮ | ૯૨૯૮ |
| ૭. | ઈ.એન.ટી. | ૭૫૭૬ | ૬૩૧૫ | ૧૩૮૯૧ |
| ૮. | સ્કીન એન્ડ વી.ડી. | ૧૪૭૧૪ | ૧૫૪૫૪ | ૩૦૧૬૮ |
| ૯. | ડેન્ટલ | ૩૨૬૫ | ૩૮૦૯ | ૭૦૭૪ |
| ૧૦. | આઈ | ૪૨૯૯ | ૧૯૫૭ | ૬૨૫૬ |
| ૧૧. | સાયક્યાટ્રીક | ૧૭૫૮ | ૨૪૦૬ | ૪૧૬૪ |
| ૧૨. | ફીઝીયોથેરાપી | ૩૧૪૪ | ૨૫૪૩૩ | ૨૮૫૭૭ |
| ૧૩. | ન્યુરો ફીઝીશીયન | ૬૧૨ | ૨૫૫ | ૧૦૬૭ |
| ૧૪. | ન્યુરો સર્જરી | ૨૫૬ | ૨૨૮ | ૪૮૪ |
| | કુલ ... | ૧૧૬૬૨૩ | ૧૭૧૦૭૯ | ૨૮૭૭૦૨ |

| | | ઓ.પી.ડી. | ઈન્ડોર |
|---|---|---|---|
| ૧ | અમદાવાદ શહેરના નવા કેસો | ૧૧૩૦૬૮ | ૨૫૬૯૮ |
| ૨ | શહેર બહારના નવા કેસો | ૩૫૫૫ | ૧૩૩૫ |
| ૩ | કુલ નવા કેસો | ૧૧૬૬૨૩ | ૨૭૦૩૩ |

| | નવા | જુના | કુલ |
|---|---|---|---|
| એન્ટી રેબીક | ૭૩૭૧ | ૧૮૩૪૨ | ૨૫૭૧૩ |

**ફેમીલી પ્લાનીંગ**

| ટયુબેકટોમી | વાઝેકટોમી | એમ.ટી.પી. | કોપરટી |
|---|---|---|---|
| ૮૯૨ | ૦૪ | ૩૭૯ | ૮૨૬ |

**પત્રક : ૮.૨.૨**

**જુદા જુદા પ્રકારની આપવામાં આવતી સારવારની છેલ્લા બે વર્ષની માહીતી**

| અનં. | વિગત | ૨૦૦૬-૦૭ | ૨૦૦૭-૦૮ |
|---|---|---|---|
| ૧ | પથારીઓની સખ્યા | ૪૭૦ | ૪૭૦ |
| ૨ | ઓપીડી વિભાગની માહિતી :-<br>(અ) નવા દર્દીઓ<br>(બ) જુના દર્દીઓ<br>કુલ ..... | <br>૧૨૦૨૫૫<br>૧૭૫૮૫૦<br>૨૯૬૧૦૫ | <br>૧૧૬૬૨૩<br>૧૭૧૦૭૯<br>૨૮૭૭૦૨ |
| ૩ | અંદરના દર્દીઓની સંખ્યા | ૨૫૭૦૫ | ૨૭૦૩૩ |
| ૪ | દૈનિક સરેરાશ મુજબ વાર્ષિક સારવાર આપેલ દર્દીઓની સંખ્યા | ૧૦૬૬૭૮ | ૧૧૦૦૨૬ |
| ૫ | અંદરના દર્દીઓની દૈનિક સરેરાશ | ૨૯૨.૯ | ૩૦૦.૫ |
| ૬ | મરણ પામેલ દર્દીઓની સંખ્યા | ૧૫૦૯ | ૧૪૨૪ |
| ૭ | પ્રસુતિની સંખ્યા | ૪૬૦૧ | ૪૧૧૮ |
| ૮ | એકસ-રે તથા સોનોગ્રાફી :-<br>(અ) એકસ-રે<br>(બ) સોનોગ્રાફી<br>(ક) ઈઈજી ની સંખ્યા | <br>૭૩૪૨૯<br>૨૨૯૧૦<br>૫૬૮ | <br>૮૯૬૯૮<br>૨૬૪૦૩<br>૬૫૯ |
| ૯ | હડકવા વિરોધી રસી :-<br>(અ) નવા કેસ<br>(બ) જુના કેસ<br>કુલ .... | <br>૬૨૪૨<br>૧૪૪૪૧<br>૨૦૬૮૩ | <br>૭૩૭૧<br>૧૮૩૪૨<br>૨૫૭૧૩ |
| ૧૦ | કુટુંબ કલ્યાણ કેન્દ્રની માહિતી :-<br>(પોસ્ટ પાર્ટમ યુનિટ)<br>(૧) ફેમીલી પ્લાનીંગ ઓપરેશન<br>(અ) ટયુબેક ટોમી<br>(બ) વાકેઝ ટોમી<br>કુલ ....<br>(૨) કોપર ટી<br>(૩) એમટી એકટ મુજબ ગર્ભપાત | <br><br><br>૮૪૦<br>૪<br>૮૪૪<br>૭૯૬<br>૪૨૭ | <br><br><br>૮૯૨<br>૪<br>૮૯૬<br>૮૨૬<br>૩૭૯ |

**વર્ષ : ૨૦૦૭-૦૮**

**પત્રક :૮:૨:૩**

**ઓપરેશન :-**

| | | ૨૦૦૬-૦૭ | | | ૨૦૦૭-૦૮ | | |
|---|---|---|---|---|---|---|---|
| **ક્રમ** | **વિભાગ** | **મેજર** | **માયનોર** | **કુલ** | **મેજર** | **માયનોર** | **કુલ** |
| ૧. | સર્જીકલ | ૧૨૦૭ | ૧૪૬૩ | ૨૬૭૦ | ૧૦૩૦ | ૧૪૬૩ | ૨૪૯૩ |
| ૨. | ગાયનેક | ૧૯૯૬ | ૫૩૧ | ૨૫૨૭ | ૨૧૩૯ | ૫૪૫ | ૨૬૮૪ |
| ૩. | ઈ.એન.ટી. | ૨૦૩ | ૬૦૪ | ૮૦૭ | ૧૮૩ | ૫૨૭ | ૭૧૦ |
| ૪. | ઓર્થોપેડીક | ૬૫૧ | ૪૨૧ | ૧૦૭૨ | ૮૫૦ | ૪૯૧ | ૧૩૪૧ |
| ૫. | બર્ન્સ એન્ડ પ્લાસ્ટીક | ૪૯૦ | ૨૮૧ | ૭૭૧ | ૪૦૯ | ૪૪૩ | ૮૫૨ |
| ૬. | બર્ન્સ એન્ડ પ્લા.ઓપીડી. | -- | ૭૮૬ | ૭૮૬ | - | ૯૩૪ | ૯૩૪ |
| ૭. | ટ્રોમા | -- | ૧૨ | ૧૨ | - | - | --- |
| ૮. | એન્ડોસ્કોપી | ૨૩૬ | ૩૦૬ | ૫૪૨ | ૧૬૦ | ૧૫૯ | ૩૧૯ |
| ૯. | આઈ. | ૮૩ | ૨ | ૮૫ | ૪૨ | - | ૪૨ |
| ૧૦. | ડેન્ટલ ઓપીડી | -- | ૫૮૨ | ૫૮૨ | - | ૭૯૯ | ૭૯૯ |
| | **કુલ ...** | **૪૮૬૬** | **૪૯૮૮** | **૯૮૫૪** | **૪૮૧૩** | **૫૩૬૧** | **૧૦૧૭૪** |

**લેબોરેટરી તપાસ : -** **પત્રક : ૮.૨.૪**

| **ક્રમ** | **વિગત** | **સંખ્યા** |
|---|---|---|
| ૧. | ઝાડાની તપાસ | ૬૯૬૩ |
| ૨. | પેશાબની તપાસ | ૪૦૦૯૩ |
| ૩. | બ્લડ ટેપીંગ | ૫૦૮૯ |
| ૪. | બ્લડ ટ્રાન્સ્કયુઝન | ૫૪૦૮ |
| ૫. | સ્પુટમ | ૧૩૭૧ |
| ૬ | લોહી | ૫૨૫૩૦૫ |
| ૭. | બ્લડ ગૃપીંગ મેચીંગ | ૨૨૯૧૫ |
| ૮. | ઓસ્ટ્રેલીયા એન્ટીજન | ૬૩૩૯ |
| ૯. | બાયોકેમેસ્ટ્રી | ૨૬૪૦૭૬ |
| ૧૦. | વીડાલ, સીએસ. એફ વીડીઆરએલ, હીસ્ટો | ૨૮૨૦૧ |
| | **કુલ ...** | **૯૦૫૭૬૦** |

| **ક્રમ** | **વિગત** | **સંખ્યા** |
|---|---|---|
| ૧. | એકસરેની સંખ્યા | ૮૯૬૯૮ |
| ૨. | સોનોગ્રાફી સંખ્યા | ૨૬૪૦૬ |
| ૩. | ઈઈજી સંખ્યા | ૬૫૯ |
| ૪ | હોસ્પિટલની કુલ આવક | ૨૭૫૬૪૫૧૭ |

**પત્રક : ૮.૨.૫**

**છેલ્લા બે વર્ષની પથારીદીઠ દૈનિક સરેરાશ ખર્ચની તુલનાત્મક માહિતી દર્શાવતું**

| અનં. | વિગત | ૦૬-૦૭ | ૦૭-૦૮ |
|---|---|---|---|
| ૧ | એસ્ટાબ્લીશમેન્ટ ખર્ચ | ૭૫૬.૮૩ | ૮૯૦.૫૦ |
| ૨ | લીનન ખર્ચ | ૪.૫૦ | ૫.૦૦ |
| ૩ | દવા, ઈન્જેકશન ખર્ચ | ૬૮.૦૦ | ૭૧.૦૦ |
| ૪ | ખોરાકી ખર્ચ | ૪૪.૦૦ | ૪૮.૦૦ |
| ૫ | અન્ય ખર્ચ | ૨૮૮.૦૦ | ૨૮૮.૪૩ |
| | | **૧૧૬૧.૩૩** | **૧૩૦૨.૯૩** |

# ૮.૩ શ્રીમતી શા.ચી.લા.મ્યુનિસિપલ જનરલ હોસ્પિટલ

૦૭-૦૮

શેઠ શ્રી ચીમનલાલ લાલભાઈ તરફથી મળેલ રૂા. ૨૫૦૦૦૧/- દાનથી શરૂ કરવામાં આવેલ શ્રીમતી શા.ચી.લા.મ્યુનિસિપલ જનરલ હોસ્પિટલ અમદાવાદ શહેરનાં ઔદ્યોગિક તેમજ મજુર વિસ્તારવાળા રહીશો, ઉપરાંત ગુજરાત રાજ્ય અને તેની સંલગ્ન આવેલા રાજયો બહારનાં દર્દીઓ માટે આશીર્વાદરૂપ છે. તા.૨૮/૦૧/૧૯૫૯નાં રોજ ભારતનાં વડાપ્રધાન સ્વ.જવાહરલાલ નહેરુનાં વરદ હસ્તે ખુલ્લી મુકાયેલ આ હોસ્પિટલે ૪૯ વર્ષ પુરા કરી ૫૦માં વર્ષમાં પ્રવેશ કર્યો છે. ૧૯૬૩ સુધી આ હોસ્પિટલમાં ૮૦ પથારી હતી. જેમાં ઉત્તરોતર જરૂરીયાત પ્રમાણે વધારો કરી પ્રસુતિગૃહમાંથી વિકસેલ આજે ૪૯૦ પથારી ધરાવતી એક જનરલ સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ તબીબી શિક્ષણ આપતી જનરલ હોસ્પિટલ છે. હાલમાં હોસ્પિટલમાં નીચે મુજબની તબીબી સેવાઓ ઉપલબ્ધ છે.

| | | |
|---|---|---|
| ૧ | સર્જીકલ | ૩ યુનિટો |
| ૨ | મેડીકલ | ૩ યુનિટો |
| ૩ | ઓબ્સટ્રેટીક્સ એન્ડ ગાયનેકોલોજી | ૩ યુનિટો |
| ૪ | પીડીયાટ્રીક્સ | ૨ યુનિટો |

આ ઉપરાંત ઓર્થોપેડીક વિભાગ, બર્ન્સ એન્ડ પ્લાસ્ટિક સર્જરી, નાક-કાન-ગળાનાં દર્દી માટે ઇ.એન.ટી. વિભાગ, આંખ વિભાગ, માનસિક રોગોના દર્દીઓ માટે સાઇકીયાટ્રી વિભાગ, ચામડીના દર્દી માટે ડર્મેટોલોજી વિભાગ, ઇમરજન્સી વિભાગ, એક્સ-રે વિભાગ, પેથોલોજી લેબોરેટરી, બ્લડ બેન્ક, ડેન્ટલ, નર્સીંગ સ્કુલ, આર્યુવેદીક વિભાગ, એઇડઝ વિભાગ તથા ઓડિયોલોજી એન્ડ સ્પીચ થેરાપી વિભાગ, ની સેવાઓ હોસ્પિટલમાં ઉપલબ્ધ છે.

હોસ્પિટલમાં સને ૨૦૦૭-૦૮ ના વર્ષ દરમ્યાન નીચે મુજબની કામગીરી થયેલ છે.

(૧) રેડીયોલોજી , પેથોલોજી વિભાગ, લેબર રૂમ અને પી.પી.યુનિટ વિભાગનું ફલોરીંગ ઉંચુ લેવાનુ કામ ચાલુ કરવામાં આવેલ છે. તથા ઉપરોક્ત વિભાગમાં રીનોવેશનની કામગીરી ચાલુ છે.

(૨) હોસ્પિટલના રેડીયોલોજી વિભાગમાં કલર ડોપ્લર મશીન રૂા. ૨૨ લાખના ખર્ચે વસાવવામાં આવેલ છે.

(૩) હોસ્પિટલમાં રૂા.૩૯ લાખના ખર્ચે કોડાક કંપનીનું ડીજીટલ એક્સ-રે મશીન વસાવવામાં આવેલ છે. જે ટુંક સમયમા કાર્યરત થઇ જશે.

(૪) હોસ્પિટલમાં મૃત્યુ પામેલ દર્દીઓના શરીરને સાચવી રાખવા માટેના મોરચ્યુરી કેબીનેટ રૂા.૩,૬૦,૦૦૦/-ના ખર્ચે વસાવવામાં આવેલ છે. જેમાં એક સાથે ૦૪(ચાર) મૃતદેહ સાચવી શકાશે. જે ટુંક સમયમાં કાર્યરત થશે.

(૫) હોસ્પિટલમાં ગયા વર્ષે ૦૪ મેડીકલ વોર્ડ, ૦૪ સર્જીકલ વોર્ડ, બર્ન્સ એન્ડ પ્લાસ્ટીક સર્જરી વોર્ડ, ગાયનેક વોર્ડ, આંખનો વોર્ડ, ઓર્થોપેડીક વોર્ડ , નીયોનેટલ વોર્ડ ને રીનોવેશન કરી સમારકામ કરવામાં આવેલ છે. ઉપરાંત તમામ વોર્ડમાં જુનું વાયરીંગ બદલી નવું વાયરીંગ જોડવામાં આવેલ છે.

(૬) હોસ્પિટલનાં સર્જીકલ ઓપરેશન થીયેટર વિભાંગમાં રૂા.૧૬ લાખનાં ખર્ચે નવું એન્ડોસ્કોપી યુનિટ વસાવવામાં આવેલ છે. જેનાથી જઠરનાં અને આંતરડાનાં રોગનું નિદાન થઇ શકશે.

(૭) સંસદ સભ્યશ્રીના બજેટમાથી રૂા.૧૫ લાખના ખર્ચે નવજાતશીશુ વેન્ટીલેટર મશીન વસાવવામાં આવેલ છે.

(૮) નવજાત શીશુ વોર્ડમાં એક સાધનમાં આગ લાગવાથી રૂટીન વપરાતાં અન્ય તમામ સાધનો નવેસરથી ચકાસીને તેમાં જરૂરી નવીનીકરણ અને આધુનિકરણ કરવામાં આવેલ છે.

(૯) ડો.કલાવતીબેન એમ શાહ તરફથી મળેલ રૂા. ૧૦ લાખના દાનમાંથી હોસ્પિટલમાં કોમ્પ્યુટરાઇઝ્ડ લાઇબ્રેરી બની રહી છે.

(૧૦) નર્સીંગ સ્કુલ માટે રૂા. ૧ લાખના ખર્ચે કોમ્પ્યુટર એલ.સી.ડી. પ્રોજેક્ટર વસાવવામાં આવેલ છે

(૧૧) હોસ્પિટલમાં દર્દી રસોડા તથા ડોક્ટર રસોડામાં ગેસના સપ્લાય માટે ૨ નાની ઓરડીઓ પાઇપલાઇન સાથે બનાવામાં આવેલ છે. તથા ક્નેક્શન કરવામાં આવેલ છે. હાલમાં બાયોમેડીકલ વેસ્ટ નિકાલ માટે ૧૦‘ ૧૦‘ની બે રૂમો એક પીળો અને ભુરા કલરની (નિયમમુજબ) બનાવવામાં આવેલ છે.

આમ દિન પ્રતિદીન વધતા જતા શહેરીકરણ તથા વહેપારીકરણ ના માહોલમાં અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન સંચાલિત આ હોસ્પિટલ દ્વારા રાહતના દરે અપાતી તબીબી સેવાઓ આવિસ્તારની જનતા માટે ખુબ આર્શીવાદરૂપ છે. હોસ્પિટલ દ્વારા ગુજરાત નર્સીંગ કાઉન્સીલ માન્ય એવી નર્સીંગ સ્કુલ ચલાવવામાં આવે છે. જેની વાર્ષિક ક્ષમતા પ્રથમ વર્ષે ૨૦ વિદ્યાર્થીઓની છે. આ નર્સીંગ કોર્ષની અવધિ સાડા ત્રણ વર્ષની છે.આ વર્ષ દરમિયાન કુલ આવક રૂા.૧,૯૦,૨૫,૧૧૦/-(અંકે રૂપિયાએક કરોડ નેવું લાખ પચ્ચીસ હજાર એકસો દસ પૂરા ) થયેલ છે. જ્યારે ખર્ચ રૂા.૧૩,૫૪,૧૯,૬૬૪/- (અંકે રૂપિયા તેર કરોડ ચોપ્પન લાખ ઓગણીસ હજાર છસ્સો ચોસઠ પૂરા) થયેલ છે.
હોસ્પિટલનાં વિકાસ તથા તેની ઉચ્ચ કક્ષાની કાર્યક્ષમતા દાનવીરો અને સદગૃહસ્થોની દુરંદેશી, ચુંટાયેલ પાંખ તથા વહીવટી પાંખની સંનિષ્ઠ કુશળ કામગીરી, તબીબોની કાર્ય પરાયણતા,નર્સીંગ સ્ટાફની લાગણીસભર અને અન્ય કર્મચારી ભાઇ-બહેનોની સેવાના પ્રદાનને આભારી છે.

જુદી જુદી સેવાઓની વિગત પત્રક ૮ઃ૩ઃ૧ થી ૮ઃ૩ઃ૫ માં સામેલ છે.

## પત્રક ૮ઃ૩ઃ૧

## સને ૨૦૦૭-૦૮ દરમ્યાન હોસ્પિટલમાં વિભાગવાર પથારીઓનુ પૃથ્થકરણ

| અ.નં. | વિભાગનું નામ | યુનિટ-એ | યુનિટ-બી | યુનિટ-સી | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | મેડીકલ | ૩૦ | ૩૦ | ૩૦ | ૯૦ |
| ૨ | સર્જીકલ | ૩૦ | ૩૦ | ૩૦ | ૯૦ |
| ૩ | ઓબ.એન્ડ. ગાયનેક | ૩૦ | ૩૦ | ૩૦ | ૯૦ |
| ૪ | લેબરરૂમ/ વેઇટીગરૂમ | - | - | - | - |
| ૫ | પી.એન.સી. | - | - | - | - |
| ૬ | પીડીયાટ્રીકસ | ૩૦ | ૩૦ | - | ૬૦ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૭ | નીયોનેટલ | ૧૦ | - | - | ૧૦ |
| ૮ | બર્ન્સ વોર્ડ/પ્લાસ્ટીક સર્જરી | ૩૦ | - | - | ૩૦ |
| ૯ | ઓપ્થેલ્મોલોજી | ૩૦ | - | - | ૩૦ |
| ૧૦ | ઓર્થોપેડીક | ૩૦ | - | - | ૩૦ |
| ૧૧ | ઇ.એન.ટી. | ૩૦ | - | - | ૩૦ |
| ૧૨ | ડર્મેટોલોજી | ૩૦ | - | - | ૩૦ |
| કુલ | | ૨૮૦ | ૧૨૦ | ૯૦ | ૪૯૦ |

**નોંધઃ-નીચે દર્શાવેલ પથારીઓનો ઉપરોકત પથારીઓમાં સમાવેશ થયેલ છે.**

| | |
|---|---|
| આઇ.સી.સી.યુ | ૧૦ |
| સ્પેશીયલ રૂમ | ૧૨ |
| સેમી.સ્પેશીયલ રૂમ | ૦૭ |
| કેઝયુઅલ્ટી | ૦૧ |
| ઇમરજન્સી | ૧૦ |
| કુલ | ૪૦ |

## પત્રક ૮ઃ૩ઃ૨
## અહેવાલી વર્ષમાં હોપિટલની કામગીરીની વિસ્તૃત આંકડાકીય માહિતી

| અ.નં. | હોસિપટલના જુદા જુદા વિભાગો | ૨૦૦૭- ૨૦૦૮ |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | પથારીઓની સંખ્યા | ૪૮૮ |
| ૨ | ઓ.પી.ડી. વિભાગની માહિતી<br>(અ) નવા દર્દીઓ<br>(બ) જુના દર્દીઓ<br>**કુલ દર્દીઓઃ-** | <br>૯૩,૩૧૭<br>૨,૭૮,૯૬૫<br>૩,૭૨,૨૮૨ |
| | (ક) ઓ.પી.ડી. ના સરેરાશ દૈનિક દર્દીઓ | ૧૦૧૯.૯ |
| | (ડ) બહારના દર્દીઓના દવા આપી તેના દિવસો<br>(ઇ) બહારના દર્દીઓને સરેરાશ દિવસમાં આપવામાં આવેલ દવાઓ | ૧૧,૧૬,૩૧૫<br>૩૦૫૮.૩ |
| ૩ | અંદરના દર્દીઓ તરીકે દાખલ થયેલા દર્દીઓની સંખ્યા | ૨૧,૬૪૫ |
| ૪ | દૈનિક સરેરાશ મુજબ વાર્ષિક સારવાર આપેલ દર્દીઓની સંખ્યા | ૯૧૨૨૭ |
| ૫ | અંદરના દર્દીઓની દૈનિક સરેરાશ  સંખ્યા | ૨૪૯.૯ |
| ૬ | મરણ પામેલ દર્દીઓની સંખ્યા | ૭૯૬ |
| ૭ | પ્રસુતિની સંખ્યા | ૨,૭૪૯ |

| | | |
|---|---|---|
| ૮ | કુલ જન્મેલ બાળકોની સંખ્યા | ૨,૭૮૨ |
| ૯ | જન્મતાની સાથે મરણ | ૦૨ |
| ૧૦ | એક્સ-રે<br>- જનરલ -૩૯,૪૫૫<br>- એમ.એલ.સી. -૬૭૩૬<br>- ચારમુદ્દા -૨૭૭ | ૪૬,૪૬૮ |
| ૧૧ | સ્કીનીંગ - | બંધ કરેલ છે. |
| ૧૨ | સોનોગ્રાફી (યુ.એસ.જી.)<br>ઓ.પી.ડી. ૧૦૩૭૯ + ઈન્ડોર ૮૭૧૯ | ૧૯,૦૯૮ |
| ૧૩ | ઈકોકાર્ડીયાગ્રાફી<br>ઓ.પી.ડી. ૬૯ + ઈન્ડોર ૬૦૬ | ૬૭૫ |
| ૧૪ | ટ્રેડમીલ ટેસ્ટ | ૪૩ |
| ૧૫ | પી.એફ.ટી. - | બંધ કરેલ છે. |
| ૧૬ | ડોપ્લર<br>ઓ.પી.ડી. ૧૧૨ + ઈન્ડોર ૫૨ | ૧૬૪ |
| ૧૭ | મેજર ઓપરેશન<br>એબ્ડોમીનલ ૮૨૭ | ૩,૫૪૧ |
| ૧૮ | માઈનોર ઓપરેશન<br>- માઇનોર ૪૩૫૬<br>- વાઝેકટોમી ૦૫<br>- એમ.ટી.પી. ૨૯૦<br>- કોપર ટી. ૮૯૩<br>- કેજયુલીટી ૧,૬૯૮ | ૭,૨૪૨ |
| ૧૯ | હડકવા વિરોધી રસી<br>(અ) નવા કેસ ૫૭૮૪<br>(બ) જુના કેસ ૭૦૦૬<br>**કુલઃ- ૧૨,૭૯૦** | ૧૨,૭૯૦ |
| ૨૦ | રોગ પ્રતિકારક બી.સી.જી. રસીના લાભાર્થી બાળકો | ૨૮૭૮ |
| ૨૧ | ત્રિગુણી તથા બાળ લકવા વિરોધી રસીના લાભાર્થી બાળકો | ૩૫૨૩ |
| ૨૨ | બાળ લકવા પોલીયો સાથે | ૫૩૨૦ |

**નોંધઃ-** ઓ.પી.ડી. માટે કેજ્યુલીટી વોર્ડ જાહેર રજાના દિવસે પણ ચાલુ રહેતો હોઇ સરેરાશ માટે ૩૬૫ દિવસ ધ્યાનમાં લીધેલ છે.

## પત્રક ૮ઃ૩ઃ૩

## પેથોલોજી વિભાગની માહિતી દર્શાવતુ પત્રક

| ક્રમની સંખ્યા | લેબો.જુદા જુદા વિભાગ | તપાસ કરેલ નમુનાની સંખ્યા |
|---|---|---|
| ૧ | લોહી.સી.બી.સી.ઇ.એસ.આર તથા મેલેરીયાની તપાસ | ૭૬,૯૪૭ |
| ૨ | બાયોમેડીકલ ઇન્વેસ્ટીગેશન | ૬૮,૩૬૮ |
| ૩ | હીસ્ટોલોજી વિભાગઃ-<br>(૧)ટીસ્યુ | ૧,૬૭૪ |
| | (૨)સેકશન | ૧૦,૦૦૯ |
| | (૩)એફ.એન.એસી. | ૩૧૬ |
| | (૪)સાયટોલોજી | ૬૦ |
| ૪ | બેકટેરીયોલોજી | |
| | કલ્ચર/સેન્સીટીવીટી | ૩,૦૨૬ |
| | કોલેરા માટે | ૧,૩૦૭ |
| | પ્રેગનન્સી ટેસ્ટ | ૫૦૫ |
| ૫ | સીરમ વિડાલ | - |
| | સીરમ વી.ડી.આર.એલ. | ૧,૫૬૧ |
| | અન્ય સીરોલોજી (સી.આર.પી,એ.એસ.,આર.એ.) | ૫૮૯ |
| | ઓસ્ટ્રેલીયા એન્ટીજન ટેસ્ટ | ૧,૪૯૯ |
| | ડેન્ગ્યુની તપાસ | ૫,૭૧૭ |
| ૬ | બ્લડ બેંક વિભાગ | ૧૯૦ |
| | બ્લડ ગ્રુપીગ | ૨૧,૫૩૯ |
| | બ્લડ ટ્રાન્સફયુઝન | ૨,૩૩૫ |
| | સ્વૈચ્છીક રકતદાન સંખ્યા | ૫૬૬ |
| | રીપ્લેસમેન્ટ | ૧,૮૭૮ |
| | કુમ્બ્સ ટેસ્ટ | ૧૬૬ |
| ૭ | કલીનીકલ પેથોલોજી | |
| | પેશાબ | ૧૯,૮૬૫ |
| | ઝાડાની તપાસ | ૧,૯૧૭ |
| | સીમેન | ૯૮૯ |
| | સી.એસ.એફ. | ૧૬૮ |
| | બોડી ફલ્યુડ | ૨૬૩ |
| | સ્પુટમ | ૨૩૦ |
| ૮ | ઈમરનજસી લેબોરેટરી | ૬૧,૩૯૩ |
| ૧ | પેશાબની તપાસ | ૧૪,૮૬૫ |

| | | |
|---|---|---|
| ૨ | ઝાડાની તપાસ | ૧,૯૧૭ |
| ૩ | બ્લડ ટેપીગ | ૨,૪૪૪ |
| ૪ | બ્લડ ટ્રાન્સફયુજન | ૨,૩૩૫ |
| ૫ | સ્પુટમ | ૨૩૦ |
| ૬ | બ્લડ ગ્રુપીગ મેચીગ | ૨૫૨૪ |
| ૭ | ઓસ્ટ્રેલીયા એન્ટીજન ટેસ્ટ | ૫૭૧૯ |
| ૮ | સીરમ વિડાલ | ૧૫૬૧ |
| ૯ | સી.એસ.એફ. | ૧૬૮ |
| ૧૦ | વી.ડી.આર.એલ. | ૫૮૯ |
| ૧૧ | બાયોકેમેસ્ટ્રી | ૬૮૩૬૮ |
| ૧૨ | હીસ્ટોલોજી | ૮૮૦૧ |
| ૧૩ | એઈડસ ટેસ્ટ | ૬૨૮૦ |
| ૧૪ | સીમેન | ૮૮૯ |

**પત્રક ૮ઃ૩ઃ૪**
**બ્લડ બેંક વિભાગની માહિતી દર્શાવતું પત્રક**

| અ.નં. | વિગત | ૨૦૦૬-૦૭ | ૨૦૦૭-૦૮ |
|---|---|---|---|
| ૧ | બ્લડગ્રુપીગના કેસોની સંખ્યા | ૨૧૭૨૪ | ૨૧૫૩૯ |
| ૨ | દર્દીઓની આપવામાં આવેલ લોહીની બોટલની સંખ્યા | ૨૨૫૬ | ૨૩૩૫ |
| ૩ | સ્વૈચ્છીક રકતદાનની સંસ્થા તરફથી મળેલ લોહીની બોટલ | ૪૯૯ | ૫૬૬ |
| ૪ | રીપ્લેસમેન્ટ દ્વારા મળેલ લોહીની બોટલ | ૧૮૭૩ | ૧૮૭૮ |
| ૫ | કુમ્બ્સ ટેસ્ટ | ૮૯ | ૧૬૬ |

## પત્રક ૮ઃ૩ઃ૫
## દર્દીદીઠ દૈનિક સરેરાશ ખર્ચની માહિતી દર્શાવતુ પત્રક

| અ.નં. | વિગત | ૨૦૦૬-૦૭ | ૨૦૦૭-૦૮ |
|---|---|---|---|
| ૧ | એસ્ટાબલીસમેન્ટ | ૮૬૧.૩૬ | ૧૦૨૨.૦૦ |
| ૨ | ખોરાકી | ૪૧.૬૮ | ૩૯.૧૦ |
| ૩ | દવા-ઈન્જેક્શન | ૫૫.૯૭ | ૮૨.૧૧ |
| ૪ | લીનન | ૦.૧૮ | ૨.૪૬ |
| ૫ | અન્ય | ૧૫૭.૮૨ | ૨૦૮.૫૩ |
| કુલ | | ૧૧૧૭.૦૧ | ૧૩૫૪.૨૦ |

## ૮.૪ શ્રી ચી.હ.નગરી આંખની હોસ્પિટલ

૦૭-૦૮

અમદાવાદ શહેરની જનતાને આંખના રોગો સામે જુદાજુદા પ્રકારની સારવાર આપવા માટે શ્રી.ચી.હ.નગરી આંખની હોસ્પિટલનું સંચાલન મ્યુનિ.કોર્પો. તરફથી કરવામા આવે છે.આ હોસ્પિટલમાં આંખના રોગોની સારવાર માટે અદ્યતન સાધનો વિકસાવવામાં આવેલ છે. અને નિષ્ણાંત ડોક્ટરો દ્વારા દર્દીઓને સારામાં સારી સારવાર મળે છે.

❖ **<u>ઓ.પી.ડી. :</u>**

નગરી આંખની હોસ્પિટલમાં દરરોજ સવારે ૯-૦૦ થી ૧૧-૩૦ અને બપોરે ૨-૦૦ થી ૪-૦૦ ના સમય દરમ્યાન ઓ.પી.ડી. વિભાગ ચલાવવામાં આવે છે. જેમાં આંખને લગતા રોગોની તપાસ અને સારવાર કરવામાં આવે છે. જેનો લાભ અમદાવાદ ઉપરાંત ગુજરાત રાજયનાં તેમજ અન્ય રાજયોનાં શહેર તેમજ ગામડાઓમાંથી આવતા દર્દીઓ લે છે.

અહેવાલી વર્ષમા ઓ.પી.ડી. વિભાગમાં જુના નવા મળી <u>કુલ- ૭૪૨૧૫</u> દર્દીઓને તથા ઈન્ડોર વિભાગમાં <u>૪૭૬૬</u> દર્દીઓને વિવિધ આંખનાં રોગોની સારવાર આપવામાં આવી છે.

આ ઉપરાંત નગરી હોસ્પિટલ ખાતે સોમવાર થી શુક્રવાર દરમ્યાન બપોરે ૨-૩૦ થી ૫-૦૦ વાગ્યા સુધી નીચી જણાવેલ સ્પે.ક્લીનિક ચલાવવામા આવે છે.

❖ **<u>સ્પેશ્યાલીટી ક્લીનીક :</u>**

- ✓ ઝામરનું ક્લીનીક
- ✓ પડદાનુ ક્લીનીક
- ✓ કોર્નિયા ક્લીનીક
- ✓ કોન્ટેકલેન્સ ક્લીનીક
- ✓ ત્રાંસી આંખનું ક્લીનીક

- ✓ ઓકયુટોપ્લાસ્ટીક કલીનીક
- ✓ ડાયાબીટીસ નાં દર્દીઓ માટે આંખની ખાસ તપાસ

આ સ્પે. કલીનીકો માં જે દર્દીઓએ લાભ લીધેલ છે.જેની માહિતીનું પત્રક ૮ઃ૪ઃ૮ સામેલ છે.માહે-ફેબ્રુઆરી-૨૦૦૪ થી બપોરની ઓ.પી.ડી. વિભાગની સેવાઓ આપવાનુ ચાલુ કરેલ છે. જેનો લાભ જરૂરતમંદ નાગરીકો ને થયેલ છે. આથી હોસ્પિટલની સેવાનો વ્યાપ વધેલ છે.

❖ **<u>ડાયાબીટીસના દર્દીઓ માટે આંખની ખાસ તપાસ</u>**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન,નગરી આઇ રીસર્ચ ફાઉન્ડેશન અને સંવેદના ટ્રસ્ટ (અમેરીકા)અને વર્લ્ડ ડાયાબીટીક ફાઉન્ડેશન(ડેન્માર્ક) ના સહયોગથી નગરી હોસ્પિટલ ખાતે જાન્યુઆરી-૨૦૦૭ થી " સંવેદના આઇ કેર ફોર ડાયાબીટીસ પ્રોજેક્ટ શરૂ કરવામાં આવેલ છે. આ પ્રોજેક્ટમાં નગરી હોસ્પિટલથી પેરા-મેડીકલ સ્ટાફની ફાળવણી કરવામાં આવેલ છે. તેઓને

- ➢ સોમવાર અને શુક્રવાર... શારદાબેન જનરલ હોસ્પિટલ(આંખની ઓ.પી.ડી.)

  સમય.. સવારે ૯ થી ૧૨
- ➢ સોમવાર થી શુક્રવાર..... નગરી આંખની હોસ્પિટલ (પડદાનો વિભાગ-)

  સમય.. સવારે ૯ થી ૫
- ➢ બુધવાર અને શનિવાર... વી.એસ.જન. હોસ્પિટલ (ડાયાબીટીસ કલીનીક)

  સમય.. સવારે ૯ થી ૧૨
- ➢ મંગળવાર અને ગુરૂવાર.. એલ.જી.જનરલ હોસ્પિટલ (આંખની ઓ.પી.ડી)

સમય .. સવારે ૯ થી ૧૨ દરમ્યાન દર્દીઓની તપાસ કરવામાટે મોકલવામાં આવે છે.શહેરના તમામ ઝોનમાં ડાયાબીટીસના દર્દીઓની તપાસ માટે કેમ્પ રાખવાનું આયોજન કરવામા આવેલ છે.હાલમાં મધ્યઝોનથી શરૂઆત કરવામા આવેલ છે, જેમાં શાહપુર,રાણીપ, દૂધેશ્વર ,નિકોલ,ઓઢવ એમ અલગ અલગ જગ્યાએ <u>૨૧</u> કેમ્પ કરવામાં

આવેલ, જેમાં કુલ <u>૩૧૫૮</u> દર્દીઓએ લાભ લીધેલ છે.તેમજ જાન્યુ. ૦૭ થી માર્ચ-૦૮સુધી ઉપરોકત પ્રોજેક્ટ હેઠળ કુલ- <u>૨૯૧૩૫</u> જેટલા દર્દીઓની તપાસ કરવામાં આવેલ છે. જેની માહીતી દર્શાવતું પત્રક ૮:૪:૭ સામેલ કરેલ છે.

ઉપરોકત તપાસ દરમ્યાન જે કોઇ દર્દીને ડાયાબીટીસને કારણે પડદા ઉપર અસર થઇ હોય અને તેઓને લેસર સારવાર અથવા ઓપરેશનની જરૂર હોય તો નગરી હોસ્પિટલ ખાતે વિના મૂલ્યે નિદાન અને સારવાર કરવામાં આવે છે.

<u>હોસ્પિટલ ખાતે ઉપલબ્ધ સાધનો અને સગવડ :</u>

શ્રી.ચી.હ.નગરી મ્યુ.આંખની હોસ્પિટલ ખાતે આંખના તમામ પ્રકારના રોગોની નિદાન તથા સારવાર માટે ના અતિઆધુનિક એવા સાધનો ઉપલબ્ધ છે. જેનો લાભ ફક્ત અમદાવાદ ના નાગરીકો જ નહીં પરંતુ રાજયના તથા પાડોશી રાજ્યોના દર્દીઓ પણ લે છે.

શ્રી.ચી.હ.નગરી મ્યુ.આંખની હોસ્પિટલ ખાતે વર્ષ-૨૦૦૭-૦૮ દરમ્યાન આંખના જુદાજુદા પ્રકારના ૪૭૬૬ ઓપરેશન કરવામાં આવ્યા છે. જેમાં મોતિયો કાઢી કુત્રિમ નેત્રમણી બેસાડવાના, ઝામરના,પડદાના,ઢળેલા પોપચાને ઠીક કરવાના,કીકી પ્રત્યારોપણ કરવાના,ત્રાંસી આંખના જુદા જુદા ઓપરેશન સામેલ છે.નગરી હોસ્પિટલ ખાતે મોતિયાની આધુનિક સેવા Phacoemulsification ના ઓપરેશન સફળતાપૂર્વક કરવામા આવે છે.

નગરી હોસ્પિટલ ખાતે વસાવવામાં આવેલ આધુનિક સાધનો નીચે મુજબ છે.

- ઓપરેટીગ માઇક્રોસ્કોપ : આંખના નાજુક ભાગોનુ ઓપરેશન કરવા માટે જુદાજુદા માઇક્રોસ્કોપ વડે ત્રણ થીયેટર સજ્જ છે. ઉપરાંત એક સેપ્ટીક ઓપરેશન થીયેટર અલગ છે.
- એ'સ્કેન બાયોમેટ્રી મશીન : મોતિયાના ઓપરેશન પછી કુત્રિમ નેત્રમણી

બેસાડવામાં આવે છે જેના માપ માટે

મશીનનો ઉપયોગ થાય છે.

- યાગ લેસર : મોતિયાના ઓપરેશન પછી થતી છારી બાળવા માટે
- આરગન લેસર : પડદાના અને ઝામર ના દર્દીઓની સારવાર માટે.
- બીસ્કેન અલ્ટ્રાસાઉન્ડ મશીન : આંખની અંદરના ભાગના વિશ્લેષણ માટે.
- વીડીયો એન્જીયોગ્રાફી મશીન : પડદાના વિવિધ રોગો જેવા કે ડાયાબીટીક,રેટીનોપથી જેમા પડદાની લોહીની નળી ની તકલીફ હોય તેવા દર્દીઓની આંખની એન્જયોગ્રાફી કરવા માટે.
- ફેકો ઇમલ્સીફીકેશન મશીન : મોતિયાના અતિઆધુનીક એવા ઓપરેશન માટે, જેમાં મોતિયાને આંખની અંદર જ ઓગાળીને કાઢી લીધા બાદ નેત્રમણી પ્રત્યારોપણ કરવામા આવે છે.
- વીટ્રેકટ્રોમી મશીન : પડદાના જુદાજુદા પ્રકારના રોગો માટે
- ટોપોગ્રાફી મશીન : આંખના કીકી જેવા નાજુક ભાગનું માપ લેવા માટે
- સ્પેકયુલર માઇક્રોસ્કોપઃ કીકીના અંદરના નાજુક સુક્ષ્મ કોષોની સંખ્યા ગણવાનુ મશીન
- ઓપરેટીગ માઇક્રોસ્કોપ : આંખના બધા જ ઓપરેશનો માઇક્રોસ્કોપ મશીન દ્વારા કરવામા આવે છે. જેવા કે

મોતિયાના ફેકો ઓપરેશન
માટે,ઝામર,કીકીબદલવાના,ત્રાંસી
આંખના વીટ્રેકટોમી ની ઓપરેશન માટે

- ડાયોડ લેસર : આંખના પડદાને લગતી વિશીષ્ટ સારવાર માટે જેવા કે ડાયાબીટીસ,બી.પી. ના દર્દીઓની આંખના પડદા પર લોહી આવી જાય અથવા પડદામાં કાણા પડી જાય તથા પડદો ખસતો હોય તેવા કેસોમા તે અંગેની સારવાર કરવા માટે.
- O.C.T. (ઓ.સી.ટી) સીટી સ્કેન અને એમ.આર.આઇ ની મદદથી જેવી રીતે શરીરના જુદા જુદા ભાગોનું કટ સેક્શનમા જોઇને નિદાનકરીશકાય છે. તે રીતે આંખના પડદા અને નસનો જુદાજુદા કટ સેક્શનમાં જોઇ નિદાન કરી શકાય છે. તેથી પડદાના રોગોનો પ્રોગ્રેસ,સારવાર નીઅસર તથા ઝામરથી થતા નુકશાનની વિશેષ જાણકારી મેળવી શકાય છે.

નગરી હોસ્પિટલમાં મોતિયાના,ઝામરનાં,આંખની કીકી બેસાડવાના ,મોતિયા કાઢી તેની જગ્યાએ નેત્રમણી (ઇન્ટ્રાઓક્યુલર લેન્સ) મુકવાના,આંખના ખસી ગયેલા પડદા,ત્રાંસી આંખના,ઢળી ગયેલા પોપચાના તેમજ નાસુરનાં ઓપરેશન કરવામાં આવે છે. આ ઉપરાંત ચશ્માના નંબર કાઢી આપવામાં આવે છે.ઉપરાંત ફલોરેશીન ફન્ડસ કેમેરા વડે પડદાના રોગોનો અભ્યાસ કરી, નિદાન કરી લેસરની સારવાર આપવામાં આવે છે.એસ્કેન ફોર બાયોમેટ્રી નામના સાધન વડે ઇન્ટ્રાઓક્યુલર લેન્સનો પાવર માપવામાં આવે છે.ઉપરાંત યાગ આરગન મશીન વસાવવામાં આવેલ છે.જેનાથી ડાયાબીટીસના દર્દીઓની આંખના પડદાના રોગોનો ઈલાજ કરવામાં આવે છે.યાગ લેસરનાં ઉપયોગથી નેત્રમણીની પાછળ છારી બાળી નાંખવામા આવે છે.ઉપરાંત ઝામરની સારવાર માં પણ વપરાય છે.આંખના બધા જ ઓપરેશન માઇક્રોસ્કોપ દ્વારા કરવામાં આવતા

હોવાથી દર્દીઓ જલદીથી ઘરે પાછા જઇ શકે છે અને ઓપરેશનનાં સારા પરિણામોને કારણે હોસ્પિટલનો ખર્ચ ઘટયો છે. અહેવાલી વર્ષમાં નાના મોટા મળી કુલ ૪૭૬૬ ઓપરેશન કરવામાં આવેલ છે.

આઇ બેન્ક :

આ ઉપરાંત નગરી હોસ્પિટલ ખાતે આઇ બેન્કની સ્થાપના કરવામાં આવેલ છે. અને ઓલ ઇન્ડીયા આઇ બેન્ક એસોસીએશનની મેમ્બરશીપ મળેલ છે. જેમાં મરણ પામેલા વ્યકિતઓની દાનમાં મળેલ આંખો રાખવામા આવે છે. જરૂરીયાત મુજબની કોર્નીયા બદલવામા આ દાનમાં મળેલ આંખોનો ઉપયોગ કરવામા આવે છે. અહેવાલી વર્ષ દરમ્યાન ૨૭૪ આંખો દાનમાં મળેલ છે.

❖ ટીચીંગ :

ચી.હ.નગરી આંખની હોસ્પિટલ ,શ્રીમતી એન.એચ.એલ. મેડીકલ કોલેજ સાથે સંલગ્ન છે.હોસ્પિટલ ખાતે અન્ડર ગ્રેજ્યુએટ તથા પોષ્ટગ્રેજ્યુએટ ટીચીંગ સુવીધા ઉપલબ્ધ છે.નગરી આંખની હોસ્પિટલમાં આંખના વિભાગ તરીકે ગુજરાત યુનિવર્સીટી તથા મેડીકલ કાઉન્સીલ ઓફ ઇન્ડીયાનો માન્ય અનુસ્નાતક ડીગ્રીનાં અભ્યાસક્રમ ચલાવવામાં આવે છે.

❖ રીસર્ચ :

અહેવાલી વર્ષમાં આ હોસ્પિટલમાં વિવિધ પ્રવૃત્તિઓનો પણ સમાવેશ થયેલ છે. જેમાં જુદાજુદા ડોકટરોએ જરૂરી સંશોધન કરી પેપર્સ તૈયાર કરેલ છે. જેને ઓપ્થોલ્મોલોજી સોસાયટી ઓફ ઇન્ડીયા માં પણ સ્થાન મળેલ છે.

વધુમાં NERF દ્વારા યોજવામાં આવેલ આંખના રોગોનાં વિશેષજ્ઞો સાથેનાં પ્રોગ્રામમાં ભાગ લઇ આધુનિક સારવાર માટેની માહિતીઓ મેળવેલ છે.

❖ દૃષ્ટી પ્રોજેકટ :

શાળાઓમાં ભણતા વિધ્ધર્થીઓની શાળાઓમાં આંખોની તપાસ કરવા તેમજ આંખના રોગોની સમજ આપવા સને.૧૯૯૬ માં દૃષ્ટી પ્રોજેક્ટ ની સ્થાપના કરવામાં આવેલ. આ ઉપરાંત ગરીબી રેખા નીચે જીવતા અને સ્લમ વિસ્તારોમાં રહેતા લોકોની તપાસ અને સારવાર તેમના રહેઠાણ નજીક

મળી રહે તે હેતુથી પ્રોજેકટ ની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. અહેવાલી વર્ષ દરમ્યાન ૭૫ કેમ્પ યોજી ૫૪૦૨ દર્દીઓ ની આંખોની તપાસ કરી સારવાર આપવામા આવેલ છે.

❖ હોસ્પિટલ ખાતે ચશ્માની સગવડ :

જરૂરીયાતમંદ દર્દીઓને ચશ્મા " નહીં નફો નહી નુકશાન " નાં ધોરણે વ્યાજબી ભાવથી અત્રેથી મળી રહે તે માટે હોસ્પિટલમાં ચશ્મા વિતરણ કેન્દ્ર વિભાગ શરૂ કરવામાં આવેલ છે. જેનો લાભ મહત્તમ દર્દીઓ લઇ રહયા છે.

❖ નગર સ્કુલ ઓફ ઓપ્ટોમેટ્રી :

નગર સ્કુલ ઓફ ઓપ્ટોમેટ્રી કોલેજની ઓગષ્ટ-૦૪ માં સ્થાપના કરવા માં આવેલ છે. ગુજરાત રાજયમાં જે અભ્યાસક્રમ નથી, તેવો વિશિષ્ટ અને જરૂરી બેચલર ઓફ ઓપ્ટોમેટ્રીનો કુલ ચાર વર્ષનો ડિગ્રી અભ્યાસક્રમ ઓગષ્ટ -૦૪ થી શરૂ કરવામાં આવેલ છે.

કોલેજના સાધનો ખરીદ કરવા , જરૂરીયાત મુજબ ટીચીંગ સ્ટાફ તેમજ અન્ય સ્ટાફ માટેની જરૂરીયાતને અનુલક્ષીને અન્ય આનુસાંગીક કામગીરી માટે સ્ટે.ક.ઠ.નં.- ૧૪૪૮ તા.૨૭-૨-૨૦૦૪ અને મ્યુ.કોર્પો.ઠ.નં.૯૨૪ તા.૨૪-૩-૨૦૦૪ થી આપેલ મંજુરી અનુસાર સને ૦૭-૦૮ માં રૂ.૫૦-૦૦ લાખ ની સહાય (નોન રીફંડેબલ ) મ્યુનિસિપલ કોર્પોરેશને " નગરી આઇ રીસર્ચ ફાઉન્ડેશન " ને આપેલ છે.

ગુજરાત યુનિવર્સિટી દ્વારા ઓપ્ટોમેટ્રીના અભ્યાસક્રમને મંજુરી આપેલ છે. જેમાં પ્રથમ વર્ષમાં -૩૦, બીજા વર્ષમાં -૩૦, ત્રીજા વર્ષમાં -૩૦- વિધાર્થીઓ અને વિધાર્થીનિઓને પ્રવેશ આપવામાં આવેલ છે. સને ૦૭-૦૮માં ૨૨ વિધાર્થીઓ પાસ થયેલ છે.

વધુમાં નગરી આંખની હોસ્પિટલના વધુ વિકાસાર્થે સાધનો વિકસાવવામા આવી રહેલ છે. આ સાધનો માટે અને સંસ્થા પાસેથી દાન મળે તે હેતુથી સ્ટે.ક.ઠ.નં. ૨૨૩૮ તા. ૨૧-૩-૧૯૯૧

અનુસાર " નગરી આઇ રીસર્ચ ફાઉન્ડેશન " નામનુ ટ્રસ્ટ શરૂ કરવામાં આવેલ છે. આ ટ્રસ્ટને અવાર-નવાર નાના-મોટા દાનની રકમ રોકડમાં તેમજ સાધનના સ્વરૂપમાં મળેલ છે. આ ટ્રસ્ટને મળનાર દાન ને ભારત સરકારનાં ઇન્કમટેક્ષ ખાતા તરફથી ૧૦૦% કરમુક્તિ આપવામાં આવેલ છે. વધુમાં વધુ દાનની રકમ મેળવી અતિ આધુનિક સાધનો વસાવી તેમજ આંખના રોગો ની સારવાર માટે સંશોધન ની કાર્યવાહી પણ નગરી આઇ રીસર્ચ ફાઉન્ડેશન દ્વારા હાથ ધરવામાં આવેલ છે.

અહેવાલી વર્ષમાં ઓ.પી.ડી. પેશન્ટ તરીકે ૭૪૨૧૫ દર્દીઓએ સારવાર લીધેલ છે. જેમાં વર્ષ દરમ્યાન રૂ.૩૩,૯૫,૧૫૩/- ની આવક થયેલ જે પૈકી રૂ.૩,૧૨,૪૨૫/- સ્પે.વોર્ડની છે. તેમજ હોસ્પિટલનો કુલ ખર્ચ રૂ. ૨,૪૯,૯૫,૩૨૫/- જેટલો થયો છે.દર્દી દીઠ દૈનિક ખર્ચ રૂ.૧૯૫૯.૦૦/- થયેલ છે.નગરી હોસ્પિટલ ખાતે થયેલ કામગીરી અંગેની માહિતી નીચે મુજબના પત્રકમાં દર્શાવવામાં આવેલ છે.

(૧)પત્રક ૮:૪:૧ હોસ્પિટલની આવક અને ખર્ચનું પાંચ વર્ષની માહિતી દર્શાવતુ પત્રક

(૧)પત્રક ૮:૪:૨ ઓ.પી.ડી.તથા ઇન્ડોર કેસનું માસવાર પત્રક

(૨)પત્રક ૮:૪:૩ નાના મોટા ઓપરેશનની સંખ્યા દર્શાવતુ પત્રક

(૩) પત્રક ૮:૪:૪ આંખના દર્દીઓના ઓપરેશનનું છેલ્લા ત્રણ વર્ષનું તુલનાત્મક પત્રક

(૪) પત્રક ૮:૪:૫ હોસ્પિટલના દર્દીની સંખ્યા દર્શાવતુ પત્રક

(૫) પત્રક ૮:૪:૬ સંવેદના આઇ કેર ફોર ડાયાબીટીસ પ્રોજેકટ હેઠળ તપાસ કરેલ દર્દીઓની માહિતી દર્શાવતુ પત્રક

(૬)પત્રક ૮:૪:૭ સ્પે કલીનીકોમાં દર્દીઓએ લીધેલ લાભની માહિતી દર્શાવતું પત્રક

પત્રક ૮:૪:૧

હોસ્પિટલની છેલ્લા પાંચ વર્ષની આવક ખર્ચની માહિતી દર્શાવતુ પત્રક

| વર્ષ | હોસ્પિટલની આવક | હોસ્પિટલનો ખર્ચ |
|---|---|---|
| ૨૦૦૩-૦૪ | ૨૮,૩૭,૧૩૯/- | ૧,૨૧,૭૮,૦૭૫/- |
| ૨૦૦૪-૦૫ | ૨૫,૧૭,૭૧૭/- | ૭૩,૯૩,૩૨૬/- |
| ૨૦૦૫-૦૬ | ૪૮,૬૦,૭૧૨/- | ૧,૩૧,૬૫,૮૮૫/- |
| ૨૦૦૬-૦૭ | ૨૯,૫૬,૬૪૮/- | ૨,૧૨,૭૨,૩૬૪/- |
| ૨૦૦૭-૦૮ | ૩૩,૯૫,૧૫૩/- | ૨,૪૯,૯૫,૩૨૫/- |

## પત્રક- ૮:૪:૨

## શ્રી.ચી.હ.નગરી મ્યુ.આંખની હોસ્પિટલનાં સને.૨૦૦૭-૦૮ ના વર્ષમાં ઓ.પી.ડી.,નવા-જુના કેસ,સ્પે.રૂમ, મ્યુ.સ્કુલ ચિલ્ડ્રન કેસ તથા ઈન્ડોરકેસનું માસવાર પત્રક

| ઓ.પી.ડી.કેસની માહિતી | | | | | | | | | | ઈન્ડોર કેસની માહિતી | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અ.નં. | માસ | કેસ નવા | કેસ જુના | સ્પે.કેસ. | મ્યુ.કેસ નવા | મ્યુ.કેસ જુના | મ્યુ.સ્કુલ ચિલ્ડ્રન નવા | મ્યુ.સ્કુલ ચિલ્ડ્રન જુના | કુલ | જનરલ | સ્પે. | ડીસ્ચાર્જ | લેસર | કુલ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ |
| ૧ | એપ્રિલ-૦૭ | ૨૩૦૩ | ૨૪૮૬ | ૨૬ | ૨૨૬ | ૨૩૯ | ૩ | ૯ | ૫૨૯૨ | ૨૬૩ | ૧૦ | ૨૭૩ | ૧૬૬ | ૨૭૧ |
| ૨ | મે-૦૭ | ૨૫૭૮ | ૨૩૮૭ | ૧૭ | ૨૬૧ | ૧૮૩ | ૩ | ૮ | ૫૪૩૭ | ૨૬૦ | ૧૭ | ૨૭૭ | ૮૭ | ૩૦૦ |
| ૩ | જુન-૦૭ | ૨૬૦૧ | ૨૫૫૧ | ૧૦ | ૨૫૭ | ૨૨૨ | ૧ | ૭ | ૫૬૪૯ | ૩૨૩ | ૧૬ | ૩૩૯ | ૧૦૭ | ૩૩૩ |
| ૪ | જુલાઈ-૦૭ | ૨૪૨૮ | ૨૪૩૩ | ૩ | ૨૧૯ | ૨૨૭ | ૩ | ૮ | ૫૩૨૧ | ૩૧૦ | ૨ | ૩૧૨ | ૭૭ | ૩૩૯ |
| ૫ | ઓગષ્ટ-૦૭ | ૨૫૪૫ | ૨૬૭૪ | ૯ | ૨૨૭ | ૨૪૭ | ૧ | ૪ | ૫૭૦૭ | ૨૯૪ | ૯ | ૩૦૩ | ૧૬૦ | ૩૬૬ |
| ૬ | સપ્ટે.-૦૭ | ૨૫૯૯ | ૨૬૫૬ | ૫ | ૨૩૮ | ૨૫૫ | ૦ | ૧ | ૫૭૫૪ | ૩૭૧ | ૧૪ | ૩૮૫ | ૧૧૧ | ૩૫૬ |
| ૭ | ઓક્ટો-૦૭ | ૨૫૪૦ | ૨૮૫૯ | ૯ | ૨૧૯ | ૨૫૬ | ૨ | ૨ | ૫૮૮૭ | ૨૮૨ | ૧૩ | ૨૯૫ | ૧૮૦ | ૪૧૯ |
| ૮ | નવે.-૦૭ | ૨૮૧૪ | ૨૮૦૩ | ૯ | ૨૪૪ | ૨૩૦ | ૨ | ૦ | ૬૧૦૨ | ૨૪૩ | ૫ | ૨૪૮ | ૧૧૭ | ૩૮૦ |
| ૯ | ડીસે.૦૭ | ૨૯૬૩ | ૩૫૨૨ | ૧૮ | ૨૬૫ | ૩૬૪ | ૧૭ | ૫ | ૭૧૫૪ | ૩૭૮ | ૧૮ | ૩૯૬ | ૧૫૦ | ૫૦૮ |
| ૧૦ | જાન્યુ.-૦૮ | ૨૮૦૭ | ૩૬૩૮ | ૧૮ | ૨૪૬ | ૩૬૩ | ૮૨ | ૫૨ | ૭૨૦૬ | ૩૪૨ | ૨૨ | ૩૬૪ | ૧૭૮ | ૫૫૬ |
| ૧૧ | ફેબ્રુ-૦૮ | ૨૬૦૦ | ૩૪૭૮ | ૯ | ૨૪૩ | ૩૫૦ | ૧૧૨ | ૯૭ | ૬૮૮૯ | ૩૯૬ | ૧૮ | ૪૧૪ | ૧૨૨ | ૪૬૩ |
| ૧૨ | માર્ચ-૦૮ | ૩૧૩૦ | ૩૯૩૫ | ૨ | ૨૯૯ | ૩૮૪ | ૨૭ | ૪૦ | ૭૮૧૭ | ૪૩૦ | ૧૬ | ૪૪૬ | ૧૯૯ | ૪૭૫ |
| | **કુલ....** | **૩૧૯૦૮** | **૩૫૪૨૨** | **૧૩૫** | **૨૯૪૪** | **૩૩૨૦** | **૨૫૩** | **૨૩૩** | **૭૪૨૧૫** | **૩૮૯૨** | **૧૬૦** | **૪૦૫૨** | **૧૬૫૪** | **૪૭૬૬** |
| | | | | | | | | | | | | | | |

**કુલ નવા કેસઃ ૩૫૨૪૦ (કોલમઃ૩+૫+૬+૮)**

**કુલ જુના કેસઃ ૩૮૯૭૫ (કોલમ;૪+૭+૯)**

**કુલ કેસઃ.... ૭૪૨૧૫**

## પત્રક-૮:૪:૩
## નાન મોટા ઓપરેશનની સંખ્યા દર્શાવતું પત્રક
## સને-૨૦૦૭-૦૮

| માસ | સ્ત્રી દર્દી | પુરૂષ દર્દી | બાળક દર્દી | કુલ દર્દી | મેજર ઓપરેશન | માઈનોર ઓપરેશન |
|---|---|---|---|---|---|---|
| એપ્રિલ-૨૦૦૭ | ૧૦૭ | ૧૪૨ | ૨૨ | ૨૭૧ | ૨૧૮ | ૫૩ |
| મે-૨૦૦૭ | ૧૧૪ | ૧૪૯ | ૩૭ | ૩૦૦ | ૨૫૫ | ૪૫ |
| જુન-૨૦૦૭ | ૧૧૦ | ૧૯૦ | ૩૩ | ૩૩૩ | ૨૮૨ | ૫૧ |
| જુલાઈ-૨૦૦૭ | ૧૩૦ | ૧૯૧ | ૧૮ | ૩૩૯ | ૨૯૦ | ૪૯ |
| ઓગષ્ટ-૨૦૦૭ | ૧૫૫ | ૧૯૨ | ૧૯ | ૩૬૬ | ૩૦૧ | ૬૫ |
| સપ્ટે.-૨૦૦૭ | ૧૩૬ | ૨૦૯ | ૧૧ | ૩૫૬ | ૨૮૬ | ૭૦ |
| ઓક્ટો.-૨૦૦૭ | ૧૮૧ | ૨૨૨ | ૧૬ | ૪૧૯ | ૩૪૭ | ૭૨ |
| નવે.-૨૦૦૭ | ૧૬૮ | ૨૦૦ | ૧૨ | ૩૮૦ | ૩૨૯ | ૫૧ |
| ડીસે.-૨૦૦૭ | ૨૨૨ | ૨૬૬ | ૨૦ | ૫૦૮ | ૪૪૦ | ૬૮ |
| જાન્યુ.-૨૦૦૮ | ૨૬૩ | ૨૬૯ | ૨૪ | ૫૫૬ | ૪૫૦ | ૧૦૬ |
| ફેબ્રુઆરી-૨૦૦૮ | ૨૧૦ | ૨૩૯ | ૧૪ | ૪૬૩ | ૩૭૫ | ૮૮ |
| માર્ચ-૨૦૦૮ | ૨૦૨ | ૨૫૫ | ૧૮ | ૪૭૫ | ૩૭૭ | ૯૮ |
| કુલ........ | ૧૯૯૮ | ૨૫૨૪ | ૨૪૪ | ૪૭૬૬ | ૩૯૫૦ | ૮૧૬ |

## પત્રકઃ ૮:૪:૪

## શ્રી.ચી.હ.નગરી મ્યુ.આંખની હોસ્પિટલમાં આંખના જુદી જુદી કેટેગરી ના ઓપરેશન મુજબ દર્દીઓની સંખ્યાનું છેલ્લા ત્રણ વર્ષની વિગત દર્શાવતુ તુલનાત્મક પત્રક

| અ.નં. | ઓપરેશનનુ નામ | ૨૦૦૫-૦૬ | ૨૦૦૬-૦૭ | ૨૦૦૭-૦૮ |
|---|---|---|---|---|
| ૧ | મોતિયાનુ ઓપરેશન | ૬૨ | ૩૬ | ૩૭ |
| ૨ | કુત્રિમ નેત્રમણી | ૨૧૫૯ | ૨૧૫૧ | ૨૨૪૫ |
| ૩ | મોતિયા સાથે ફેકો સર્જરી | ૧૦ | ૪૭ | ૬૦ |
| ૪ | ફેકો આઇ.ઓ.એલ. | ૮૭ | ૨૦૭ | ૩૦૮ |
| ૫ | ઝામર | ૧૧૦ | ૧૫૯ | ૧૧૫ |
| ૬ | નવી કીકી બદલવી | ૯૯ | ૭૭ | ૮૧ |
| ૭ | ત્રાંસી આંખનુ ઓપરેશન | ૨૯ | ૨૪ | ૩૨ |
| ૮ | પડદાનુ ઓપરેશન | ૯૧ | ૮૬ | ૭૯ |
| ૯ | વિટ્રીયસનું ઓપરેશન | ૩૧૦ | ૩૧૨ | ૫૨૮ |
| ૧૦ | નાસુર ડી.સી.આર. | ૭૮ | ૧૧૨ | ૧૦૪ |
| ૧૧ | ૧ થી ૧૦ ની રીસર્જરી | ૩૦ | ૬૪ | ૧૬૭ |
| ૧૨ | પોપચાનુ ઓપરેશન | ૫૯ | ૪૭ | ૪૫ |
| ૧૩ | આંજણી વેલ ટાંકા લેવા | ૧૮૫ | ૭૮ | ૮૦ |
| ૧૪ | એફ.બી.રીમુવલ | ૭૩ | ૯૯ | ૧૭૪ |
| ૧૫ | પડદાના ઝામરની તપાસ કરવી,ડોળો ખોતરવો | ૨૬૫ | ૧૩૯ | ૧૨૧ |
| ૧૬ | ઠંડો શેક આપવો | ૧૪૫ | ૨૩૫ | ૩૭૭ |
| ૧૭ | અન્ય. આર.કે.ડાયોલેઝર | ૮૭ | ૬૫ | ૪૬ |
| ૧૮ | અન્ય | ૦ | ૧૧૯ | ૧૬૭ |
| | કુલ..... | ૩૮૮૨ | ૪૦૬૦ | ૪૭૬૬ |

## પત્રકઃ ૮:૪:૫
## શ્રી.ચી.હ.નગરી મ્યુ.આંખની હોસ્પિટલ
## સને.૨૦૦૭-૦૮ હોસ્પિટલની માસવાર ઈન્ડોર દર્દીઓને આપવામાં આવેલ સારવારની માહિતી

| માસ-વર્ષ | દર્દીને સારવાર આપેલ દિવસોની સંખ્યા |
|---|---|
| એપ્રિલ-૨૦૦૭ | ૫૫૪ |
| મે-૨૦૦૭ | ૫૫૪ |
| જુન-૨૦૦૭ | ૬૬૮ |
| જુલાઇ-૨૦૦૭ | ૭૩૧ |
| ઓગષ્ટ-૨૦૦૭ | ૭૦૩ |
| સપ્ટે.-૨૦૦૭ | ૬૭૨ |
| ઓક્ટો.-૨૦૦૭ | ૭૩૮ |
| નવે.-૨૦૦૭ | ૭૩૮ |
| ડીસે.-૨૦૦૭ | ૯૮૦ |
| જાન્યુ.-૨૦૦૮ | ૯૭૦ |
| ફેબ્રુઆરી-૨૦૦૮ | ૭૯૫ |
| માર્ચ-૨૦૦૮ | ૮૫૫ |
| | ===== |
| | ૮૯૫૮ |

| દૈનિક સારવાર આપેલ દર્દીઓની સંખ્યા | દિવસ | દૈનિક સારવાર આપેલ સરેરાશ દર્દીની સંખ્યા |
|---|---|---|
| ૮૯૫૮ | ૩૬૫ | ૨૪ |

| ખર્ચની વિગત | કુલ ખર્ચની રકમ | સરેરાશ દર્દીદીઠ દૈનિક ખર્ચ |
|---|---|---|
| ૧.એસ્ટાબ્લીશમેન્ટ ખર્ચ | ૧૫૫૬૩૫૪૦/- | ૧૭૩૭.૩૯ |
| ૨.દવા-ઈન્જેકશન | ૮૦૧૭૪૨/- | ૮૯.૫૦ |
| ૩.કાપડ ધોલાઇ | ૫૦૬૯૪/- | ૫.૬૫ |
| ૪.ખોરાકી | ૨૬૭૯૬૮/- | ૨૯.૯૧ |
| ૫.અન્ય ખર્ચ | ૮૬૬૭૬૯/- | ૯૬.૭૫ |
| | ------------- | ----------- |
| હોસ્પિટલનો દર્દીઓ પાછળ નો કુલ ખર્ચ. | ૧,૭૫,૫૦,૭૧૩/- | ૧૯૫૯.૨૨ |

# પત્રક- ૮:૪:૬

## સંવેદના આઇ કેર ફોર ડાયાબીટીસ પ્રોજેકટ હેઠળ તપાસ કરેલ દર્દીઓની માહીતી દર્શાવતું પત્રક

## જાન્યુ.- ૨૦૦૭ થી માર્ચ-૨૦૦૮

| ડાયાબીટીક રેટીનો પ્રોજેકટ જાન્યુ-૨૦૦૭ થી ડીસેમ્બર-૨૦૦૭ | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| હોસ્પિટલ નાં નામ | જાન્યુ-૦૭ | ફેબ્રુઆરી | માર્ચ | એપ્રિલ | મે | જુન | જુલાઇ | ઓગષ્ટ | સપ્ટેમ્બર | ઓકટોબર | નવેમ્બર | ડીસેમ્બર-૭ | કુલ |
| વી.એસ.હોસ્પિટલ | ૧૯૧ | ૧૩૬ | ૧૪૨ | ૧૧૦ | ૯૩ | ૧૦૧ | ૧૧૧ | ૧૪૧ | ૩૪૩ | ૬૧૭ | ૩૨૫ | ૩૨૫ | ૨૬૩૫ |
| શા.ચી.લાહોસ્પિટલ | ૮૦ | ૨૯ | ૧૦૫ | ૧૦૨ | ૭૩ | ૧૦૯ | ૧૦૧ | ૨૫૩ | ૩૧૫ | ૩૭૧ | ૨૦૦ | ૧૯૯ | ૧૯૩૭ |
| એલ.જી હોસ્પિટલ | ૫૭ | ૩૧ | ૬૩ | ૮૯ | ૧૧૪ | ૮૭ | ૧૦૩ | ૨૧૪ | ૩૩૭ | ૩૮૬ | ૨૯૭ | ૨૧૦ | ૧૯૮૮ |
| કેમ્પ | ૧૨૭ | ૭૭ | ૨૧૭ | ૪૦૪ | ૪૫ | ૩૦૩ | ૧૭૪ | ૧૧૫ | ૫૭૯ | ૨૧૦ | ૦ | ૫૧૩ | ૨૭૬૪ |
| નગરી હોસ્પિટલ | ૧૨૩ | ૧૧૨ | ૧૧૪ | ૧૦૭ | ૧૫૦ | ૭૭૬ | ૧૧૩૩ | ૧૪૧૭ | ૧૮૬૩ | ૧૬૬૮ | ૧૫૬૪ | ૧૮૧૨ | ૧૦૮૩૯ |
| પાલડી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૭૨ | ૪૦ | ૩ | ૦ | ૧૧૫ |
| **કુલ** | **૫૭૮** | **૩૮૫** | **૬૪૧** | **૮૧૨** | **૪૭૫** | **૧૩૭૬** | **૧૬૨૨** | **૨૧૪૦** | **૩૫૦૯** | **૩૨૯૨** | **૨૩૮૯** | **૩૦૫૯** | **૨૦૨૭૮** |

| હોસ્પિટલ નાં નામ | જાન્યુ-૮ | ફેબ્રુઆરી-૦૮ | માર્ચ-૮ | કુલ |
|---|---|---|---|---|
| વી.એસ.હોસ્પિટલ | ૩૭૫ | ૩૫૦ | ૨૮૨ | ૩૬૪૨ |
| શા.ચી.લા હોસ્પિટલ | ૨૫૭ | ૨૦૫ | ૧૪૭ | ૨૫૪૬ |
| એલ.જી હોસ્પિટલ | ૪૧૫ | ૨૯૨ | ૧૭૪ | ૨૮૬૯ |
| કેમ્પ | ૦ | ૭૨ | ૩૨૨ | ૩૧૫૮ |
| નગરી હોસ્પિટલ | ૧૮૦૫ | ૧૭૦૪ | ૧૯૫૯ | ૧૬૩૦૭ |
| પાલડી | ૦ | ૦ | ૦ | ૧૧૫ |
| અર્બન હેલ્થ સેન્ટર | ૦ | ૨૮૪ | ૩૨૯ | ૬૧૩ |
| **કુલ** | **૨૮૫૨** | **૨૯૦૭** | **૩૨૧૩** | **૨૯૧૩૫** |

## પત્રકઃ- ૮:૪:૭

### સ્પે.કલીનીકોમાં દર્દીઓએ લાભ લીધેલ તેની માહિતી દર્શાવતુ પત્રક

| અનુ.નં. | ક્લીનીક | કુલ કેસ |
|---|---|---|
| ૧ | ઝામરનું કલીનીક<br>➢ ઝામરની વિશિષ્ટ તપાસ<br>➢ ઝામરની સ્પેશ્યલ તપાસ<br>➢ લેસર દ્વારા સારવાર<br>➢ ઝામરનાં ઓપરેશન | ૧૦૪૬<br>૫૦૨<br>૧૨૮<br>૪૭<br>-----------<br>કુલ કેસઃ ૧૭૨૩ |
| ૨ | પડદાનુ ક્લીનીક<br>➢ આરગન લેસર.................<br>➢ ફલોરેસીન એન્જીયોગ્રાફી.....<br>➢ અલ્ટ્રા સોનોગ્રાફી..............<br>➢ સર્જીકલ રેટીના................<br>➢ ઓ.સી.ટી. ....................<br>➢ કુલ ઓ.પી.ડી.................. | ૫૬૨<br>૪૩૬<br>૧૨૯૦<br>.......<br>૮૪૫<br>૯૯૨૫ |
| ૩ | કોર્નીયા ક્લીનીક | ૧૬૭૪ |
| ૪ | કોન્ટેકલેન્સ કલીનીક | ૧૮૪ |
| ૫ | ત્રાંસી આંખનુ કલીનીક<br>➢ ત્રાંસી આંખના કેસ.........<br>➢ નબળી આંખના કેસ........<br>➢ લકવાના કેસ ...............<br>➢ પોપચુ ......................<br>➢ કસરત ......................<br>➢ ચશ્મા .......................<br>➢ કુલ કેસ..................... | ૯૫૫<br>૧૦૫<br>૨૦૧<br>૧૫<br>૧૦૦<br>૪૩<br>૧૪૧૯ |

# ૯.૧ સાર્વજનિક કેળવણી
## મ્યુનિ.સ્કૂલ બોર્ડ ૦૭-૦૮

ભારત સરકારના બંધારણ મુજબ ૧૪ વર્ષ સુધીના વયનાં પ્રત્યેક બાળકને પ્રાથમિક શિક્ષણ સરકારશ્રી તરફથી વિનામૂલ્યે આપવાનું નક્કી થયેલ છે. રાજ્યસરકાર વતી આ કામગીરી જે તે સ્થાનિક સંસ્થા સંભાળે છે. અ.મ્યુ.કોર્પોરેશને આ જવાબદારી મ્યુ.સ્કૂલ બોર્ડને સોંપી છે.

### ૯.૧ પ્રાથમિક શિક્ષણ

અમદાવાદ શહેર દેશનું સાતમા નંબરનું સ્થાન  ધરાવતું ગુજરાત રાજ્યનુ સૌથી મોટું ઔદ્યોગિક અને ઐતિહાસિક શહેર છે. સને ૧૯૨૦ થી શહેરમાં  પ્રાથમિક શિક્ષણ મેળવવાપાત્ર તમામ બાળકોની પ્રાથમિક શિક્ષણની જવાબદારી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ કરી રહી છે. શહેરની મ્યુ. પ્રાથમિક શાળાઓમાં લાખો બાળકો શિક્ષણ મેળવે છે. અહી શૈક્ષણિક વિષયો ઉપરાંત બાળકોના સંર્વાગી વિકાસની વિવિધ પ્રવૃતિઓ દ્વારા સુષુપ્ત શક્તિઓનો વિકાસ, સાંસ્કૃતિક કાર્યક્રમો, ઉત્સવ ઉજવણી, સ્કાઉટ ગાઈડ પ્રવૃતિ, રમતગમત પ્રવૃતિ તથા સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવે છે.

અહેવાલી વર્ષમાં શાળા દીઠ, શિક્ષક દીઠ, સરેરાશ વિદ્યાર્થીઓની માહિતી પત્રક ૯.૧.૧માં દર્શાવી છે. જ્યારે માધ્યમવાર શાળા, વર્ગ અને શિક્ષકની માહિતી પત્રક ૯.૧.૨માં દર્શાવી છે. સને ૮૧-૮૨ માં શાળાઓની સંખ્યા ૪૯૬ હતી તે વધીને ૨૦૦૭-૦૮ માં ૪૫૦ ની થઈ છે. જેમાં જુદી જુદી ૯ માધ્યમોની શાળાઓનો સમાવેશ થાય છે.

અહેવાલી વર્ષમાં માધ્યમવાર સૌથી વધુ વર્ગો ગુજરાતી માધ્યમનાં અને સૌથી ઓછાં વર્ગો મલયાલમ અને તેલુગુ માધ્યમનાં હતાં. વર્ગદીઠ સરેરાશ વિદ્યાર્થીઓનું પ્રમાણ   ૪૨.૦૦ અને શિક્ષકદીઠ સરેરાશ વિદ્યાર્થીનું પ્રમાણ ૩૭.૬૭ જેટલું રહયું હતું.

અહેવાલી વર્ષ૨૦૦૭-૦૮ માં તમામ માધ્યમોના કુલ શિક્ષકોની  સંખ્યા ૪૩૨૪  હતી. જેમાં સૌથી વધુ સંખ્યા ગુજરાતી માધ્યમમાં શિક્ષકો ૨૮૯૫ અને સૌથી ઓછી તેલુગુ માધ્યમમાં શિક્ષકોની સંખ્યા ૨ હતી. મલયાલમ માધ્યમમાં શિક્ષકોની સંખ્યા ૨ હતી.

અહેવાલી વર્ષ૨૦૦૭-૦૮ માં વિદ્યાર્થીઓની કુલ સંખ્યા ૧૬૨૮૮૬ ની હતી જેમાં સૌથી વધુ ગુજરાતી માધ્યમમાં ૧૧૩૪૮૦ ની અને સૌથી ઓછી  મલયાલમ માધ્યમમાં  ૧૦ જેટલી હતી .બાળકદીઠ સરેરાશ ખર્ચ સને ૨૦૦૭-૦૮ના વર્ષમાં રૂા.૧૦૪૩૩.૦૦ નો થયો છે. શાળાદીઠ સરેરાશ વાર્ષિક ખર્ચની માહિતી દર્શાવતુ પત્રક ૯:૧:૩માં દર્શાવેલ છે જયારે પ્રા. શાળાઓ અંગે થયેલ કુલ ખર્ચ અને મળેલ અનુદાનની માહિતી દર્શાવતુ પત્રક ૯:૧:૪ માં દર્શાવેલ છે.

**કન્યા કેળવણી મહોત્સવ - ૨૦૦૭ :-**

શૈક્ષણિક વર્ષ ૨૦૦૭-૦૮ ની શરૂઆતમાં જૂન માસની ૨૨ થી ૨૪ તારીખ દરમ્યાન ગુજરાત સરકાર અને શિક્ષણ વિભાગની પ્રેરણા તથા સહયોગથી અમદાવાદ મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડની તમામ ૪૫૦ શાળાઓ ખાતે કન્યા કેળવણી મહોત્સવ-૨૦૦૭ની ભવ્ય ઉજવણી કરવામાં આવી.

આ કાર્યક્રમની ભવ્ય ઉજવણી થાય તે હેતુસર તા.૩૧-૫-૦૭ ના રોજ મ્યુનિ. કોર્પો.ના સ્ટેન્ડિંગ કમિટી હૉલમાં તેમજ તા.૪-૬-૦૭ના રોજ વી.એસ.હૉસ્પિટલના ઑડિટોરિયમ ખાતે શહેર કક્ષાની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. તા.૧૪-૬-૦૭ના રોજ પણ સ્કાઉટભવન, પાલડી ખાતે સ્કૂલ બોર્ડના તમામ અધિકારીઓ તથા સી.આર.સી. કો.ઑર્ડિનેટર્સને કાર્યક્રમની વિસ્તૃત રૂપરેખા અંગે માર્ગદર્શન પૂરું પાડવા બેઠક યોજવામાં આવી હતી. રાજ્યના શિક્ષણમંત્રીશ્રી આનંદીબહેન પટેલે તા.૧૯-૬-૦૭ના રોજ ટાગોર હૉલ, પાલડી ખાતે ઉપસ્થિત રહી અમદાવાદ મહાનગરના શાળા-પ્રવેશ મેળવવાપાત્ર તમામ બાળકો પ્રવેશ મેળવે તેવા સંદેશ સાથે સ્કૂલ બોર્ડના તમામ આચાર્યશ્રીઓ, સી.આર.સી.સી. તેમજ અધિકારીઓ સાથે વાર્તાલાપ યોજી મહોત્સવને સફળ બનાવવા માહિતી તેમજ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

કન્યા કેળવણી મહોત્સવ કાર્યક્રમ પહેલાં દરેક શાળા-સંકુલ દીઠ નિયત કરવામાં આવેલ રૂટ પર શણગારેલી ઊંટગાડી, બળદગાડું, રથ કે ઉપલબ્ધ વાહનો સાથે પ્રભાતફેરીનું આયોજન કરવામાં આવ્યું હતું. કેળવણીનો પ્રચાર-પ્રસાર કરતાં સૂત્રો પોકારતા વિદ્યાર્થીઓ હાથમાં બેનરો સાથે સાથે પટ્ટી બાંધી રેલીમાં જોડાયા હતા.

નિયત કરવામાં આવેલ તારીખ અને સમયે તમામ ૨૧૯ શાળા-સંકુલમાં કન્યા કેળવણી મહોત્સવ કાર્યક્રમ યોજાયો હતો. દરેક સંકુલ ખાતે આયોજિત આ કાર્યક્રમનું સંચાલન શાળાના કુમાર-કન્યા દ્વારા કરવામાં આવ્યું હતું. મહેમાનોના સ્વાગત અને વક્તવ્ય બાદ શાળામાં નવા પ્રવેશ મેળવેલ બાળકોને આવકારી કીટ વિતરણ કરવામાં આવ્યું. કાર્યક્રમ દરમ્યાન વિદ્યાલક્ષ્મી બોન્ડનું વિતરણ, પ્રતિજ્ઞાવાચન અને નિર્મળ ગુજરાત સંકલ્પપત્રનું વાચન પણ કરવામાં આવ્યું. ધો. ૩ થી ૭ માં પ્રથમ ક્રમે ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓને પણ પુસ્તક ભેટ આપી જાહેરમાં તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. આંગણવાડીમાં પ્રવેશ મેળવનાર નાનાં ભૂલકાંઓને આવકારી તેમને ગેઈમ-કીટ તથા પ્રોટીનયુક્ત ચોકલેટ આપવામાં આવી. આ પ્રસંગે સગર્ભા સ્ત્રીઓને પોષણયુક્ત આટો આપી જનજાગૃતિનો સુંદર પ્રયત્ન હાથ ધરવામાં આવ્યો હતો. આ મહોત્સવ દરમ્યાન ત્રણ દિવસમાં ૨૬,૭૮૮ બાળકોએ મ્યુનિ. શાળાઓમાં પ્રવેશ મેળવ્યો અને તે દરમ્યાન રૂા. ૬,૨૪,૪૨૮/- ની સામગ્રી દાન, ભેટ અને લોકસહયોગ પેટે પ્રાપ્ત થયેલ છે.

કન્યા કેળવણી મહોત્સવ-૨૦૦૭ની ઉજવણીમાં માન. મુખ્યમંત્રીશ્રી, શિક્ષણમંત્રીશ્રી, ધારાસભ્યશ્રીઓ, મેયર, ડે. મેયર, આઈ.એ.એસ; આઈ.પી.એસ; આઈ.એફ.એસ. અધિકારીઓ, કોર્પોરેટરશ્રીઓ, સ્કૂલ બોર્ડ ચેરમેનશ્રી, સભ્યશ્રીઓએ તથા સ્થાનિક આગેવાનોએ ઉપસ્થિત રહી પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

**<u>વીરાંજલિ વનમહોત્સવ તથા મહાઆરતી :-</u>**

ઈ.સ. ૧૮૫૭ના ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામની ૧૫૦મી જયંતી પ્રસંગે અને ૯ મી ઑગસ્ટ, ૧૯૪૨ના રોજ શરૂ થયેલ હિંદ છોડો સ્વાતંત્ર્ય ચળવળની સ્મૃતિમાં ગુજરાત સરકાર દ્વારા વીરાંજલિ મહાઆરતી તેમજ વનમહોત્સવનું આયોજન રાજ્યના તમામ જિલ્લાઓમાં તા. ૯-૮-૦૭ના રોજ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના ભાગ સ્વરૂપે સ્કૂલ બોર્ડ સંચાલિત તમામ મ્યુનિ. શાળાઓમાં સવારે ૯.૦૦ કલાકે વૃક્ષારોપણ તથા રાત્રે ૮.૦૦ કલાકે વીરાંજલિ મહાઆરતીનો કાર્યક્રમ યોજાયો હતો.

૯ મી ઑગસ્ટના દિવસે સવારે ૯.૦૦ કલાકે વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. શાળાના મેદાનમાં બાળકો, શિક્ષકો તેમજ સ્થાનિક આગેવાનોએ આયોજનપૂર્વક વૃક્ષારોપણ કર્યું હતું. કુલ ૧૮,૫૭૦ વૃક્ષો વાવવામાં આવ્યાં. શૌર્યગીતો, વીરપુરુષોના જીવન આધારિત નાટકો, સંવાદ, વેશભુષા જેવા કાર્યક્રમો દ્વારા વિદ્યાર્થીઓ વૃક્ષનું મહત્ત્વ સમજે તેવા પ્રયત્ન કરવામાં આવ્યા.

આ બંને કાર્યક્રમમાં માન. સંસદસભ્યશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, કાઉન્સિલરશ્રીઓ, સ્કૂલ બોર્ડના ચેરમેનશ્રી, વાઈસ ચેરમેનશ્રી, સભ્યશ્રીઓ, સામાજિક આગેવાનો, સંતો-મહંતો, સ્વૈચ્છિક સંસ્થાના પ્રતિનિધિઓ અને સ્કૂલ બોર્ડના અધિકારીશ્રીઓએ ઉપસ્થિત રહી માર્ગદર્શન તેમજ પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

**<u>નોનફોર્મલ મેથેમેટિક એન્ડ મૉડલમેકીંગ વર્કશોપ :-</u>**

સ્કૂલ બોર્ડ, અમદાવાદ સંચાલિત મ્યુનિસિપલ શાળાના શિક્ષકો અનૌપચારિક ગણિત તેમજ વૈદિક ગણિતથી વાકેફ થાય તેમજ ગણિત વિષયના અધ્યાપનકાર્ય દરમ્યાન સ્વનિર્મિત મૉડલનું નિર્માણ કરી વિષયના શિક્ષણને વધુ રસપ્રદ, સરળ અને અસરકારક બનાવે તે માટે જરૂરી માર્ગદર્શન પૂરું પાડવા માટે ડૉ. વિક્રમ એ. સારાભાઈ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર, નવરંગપુરા દ્વારા તા.૩૦-૮-૦૭ થી તા. ૧-૯-૦૭ દરમ્યાન એક વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાઓમાં ગણિત વિષયનું અસરકારક અધ્યાપનકાર્ય કરતા ૩૦ શિક્ષકોને અનૌપચારિક ગણિત, ગુણાકારની ઝડપી રીતો, એકી-બેકી અને પૂર્ણાંક સંખ્યાઓ શીખવવાની સરળ રીત તેમજ ગાણિતીક નમૂના તૈયાર કરવાની તાલીમ આપવામાં આવી હતી.

**શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ અર્પણ સમારંભ :-**

તા. ૧૨-૯-૦૭ ના રોજ વ્યાયામ શાળા, મણિનગર ખાતે અમદાવાદ મ્યુ. કોર્પોરેશન, અમદાવાદ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અને જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, અમદાવાદ શહેરના સંયુક્ત ઉપક્રમે ગુજરાત રાજયના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના અધ્યક્ષસ્થાને 'શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ' અર્પણ સમારંભ યોજાઈ ગયો.

આ કાર્યક્રમના અધ્યક્ષસ્થાનેથી દીપ પ્રાગટય કરી પ્રવચન કરતાં મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ શ્રેષ્ઠ શિક્ષકોને અભિનંદન પાઠવી આચાર્ય ધર્મ બજાવવા સહુ સારસ્વતોને અનુરોધ કર્યો હતો. વધુમાં તેમણે જણાવ્યું કે શાળા માટે ભવનોનું નિર્માણ તો સરકાર કરી શકે પરંતુ સારી શાળા અને બાળકોની જિંદગી તો શિક્ષક જ બનાવી શકે.

આ પ્રસંગે અમદાવાદ મહાનગરના મેયરશ્રી અમિતભાઈ શાહ અને સ્કૂલ બોર્ડના ચેરમેનશ્રી જયપ્રકાશભાઈ દેસાઈએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યાં હતાં. વિવિધ કામગીરીમાં શ્રેષ્ઠ પ્રદાન કરવા બદલ કુલ ૫૬ શિક્ષકોને પ્રમાણપત્ર અને શાલ ઓઢાડી મુખ્યમંત્રીએ સન્માનિત કર્યા હતા. તદ્‌ઉપરાંત સર્વ શિક્ષા અભિયાન મિશન અંતર્ગત શ્રેષ્ઠ કામગીરી બજાવતા ૧૦ સી.આર.સી. કો-ઑર્ડિનેટર્સને પણ આ પ્રસંગે મુખ્યમંત્રીએ સન્માનિત કર્યા હતા.

**નવીન શાળા-મકાનનો લોકાર્પણ વિધિ :-**

સર્વ શિક્ષા અભિયાન મિશન, ગાંધીનગરના સહયોગથી બાપુનગર પ્રાથમિક શાળા સંકુલના તૈયાર થયેલ નવીન મકાનનો લોકાર્પણ વિધિ કાર્યક્રમ ગુજરાત રાજ્યના શિક્ષણમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના અધ્યક્ષસ્થાને તા. ૨૨-૯-૦૭ના રોજ બાપુનગર ઉર્દૂ શા.નં. ૧/૨, અમનચોક ખાતે યોજાઈ ગયો.

આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલાં શિક્ષણમંત્રીશ્રી આનંદીબહેન પટેલે પોતાના પ્રાસંગિક ઉદ્‌બોધનમાં રાજ્ય સરકારની વિવિધ યોજનાઓનો લાભ સાચા અર્થમાં વિદ્યાર્થીઓને મળે અને સમાજમાં શિક્ષણ પ્રત્યે જાગૃતિ કેળવાય તેવા પ્રયત્નો કરવા શિક્ષકોને અપીલ કરી હતી.

આ પ્રસંગે મહાનગરના મેયરશ્રી અમિતભાઈ શાહ તથા સ્કૂલ બોર્ડના ચેરમેનશ્રી જયપ્રકાશ દેસાઈએ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં શિક્ષણ સુધારણાના પ્રયત્નોમાં શિક્ષકો અને વાલીઓને પરસ્પર સહયોગ કેળવવા અપીલ કરી હતી. આ લોકાર્પણ સમારોહમાં સ્ટેન્ડિંગ કમિટીનાં ચેરપર્સનશ્રી મધુબહેન પટેલ, સ્કૂલ બોર્ડ સદસ્યશ્રીઓ, સ્થાનિક કોર્પોરેટરશ્રીઓ, ડે.મ્યુનિ.કમિશનરશ્રી, સ્કૂલ બોર્ડના અધિકારીશ્રીઓ, શિક્ષક-મંડળ તથા આચાર્યમંડળના પ્રતિનિધિશ્રીઓ તથા મોટી સંખ્યામાં વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

**<u>આંતરરાષ્ટ્રીય અહિંસા દિવસની ઉજવણી :-</u>**

રાષ્ટ્રપિતા પૂજ્ય મહાત્મા ગાંધીજીની જન્મજયંતી પ્રસંગે ૨જી ઓક્ટોબરના દિવસે યુનેસ્કો દ્વારા આંતરરાષ્ટ્રીય અહિંસા દિનની ઉજવણી નિમિત્તે તા. ૨૭-૯-૦૭ થી ૨-૧૦-૦૭ દરમ્યાન સ્કૂલ બોર્ડ સંચાલિત મ્યુનિ. શાળાઓમાં સ્વચ્છતા અને અહિંસા સંદર્ભે અનેક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મ્યુનિ. શાળાઓમાં વિદ્યાર્થીઓ તથા શિક્ષકો દ્વારા સમૂહસફાઈ અને સમૂહશ્રમના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાસંકુલની મહાસફાઈ ઉપરાંત શેરી, મહોલ્લા અને મંદિર-મસ્જિદ જેવાં સ્થળોની પણ સફાઈ કરવામાં આવી. આ સપ્તાહ દરમ્યાન દરરોજ પ્રભાતફેરીનું આયોજન પણ કરવામાં આવ્યું. વધુમાં સત્યાગ્રહ ચળવળ તથા આંતરરાષ્ટ્રીય અહિંસા દિવસના વિચારબિંદુને દર્શાવતા કાર્યક્રમો જેવા કે દેશભક્તિનાં ગીત, બાળગીત, બાળવાર્તા, સફાઈ-સ્વચ્છતાનાં ગીત, ગ્રામ્ય સંસ્કૃતિ અને રીતભાતનાં ગીત, સ્વાતંત્ર્ય સેનાનીઓ વિશેના પરિચય, એકપાત્રીય અભિનય, વેશભૂષા, શેરીનાટકો અને ગરબા જેવા કાર્યક્રમો યોજાયા હતા. આ કાર્યક્રમમાં સ્થાનિક કલાકારો, સાજંદાઓ, ભજનમંડળીઓ, રાસમંડળીઓએ સહભાગી બની કાર્યક્રમને દીપાવ્યો હતો.

મ્યુનિ. સ્કૂલ બોર્ડ સંચાલિત મહાત્માગાંધી આશ્રમશાળા નં.૧માં ગાંધીજયંતીની ઉજવણીના ભાગ સ્વરૂપે પ્રભાતફેરી તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉજવણી બાદ શાળાની નજીકમાં આવેલ ગાંધીઆશ્રમ ખાતે નામદાર રાજ્યપાલશ્રી નવલકિશોર શર્માની ઉપસ્થિતિમાં યોજાયેલ 'વિશ્વ અહિંસા દિવસ' કાર્યક્રમમાં શાળાનાં બાળકો અને શિક્ષકોએ ભાગ લીધો હતો.

આ દિવસે ભૂતપૂર્વ વડાપ્રધાન લાલબહાદુર શાસ્ત્રીને તેમની જન્મજયંતી પ્રસંગે યાદ કરી મ્યુનિ. શાળાનાં બાળકો અને શિક્ષકોએ શ્રધ્ધાંજલિ અર્પણ કરી હતી.

**<u>વકતૃત્વ સ્પર્ધા :-</u>**

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદના પશ્ચિમ ઝોનનાં ધો. ૫ થી ૭નાં બાળકો માટે તા. ૪-૧૦-૦૭ના રોજ ટાગોર હૉલ, પાલડી ખાતે એક વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્કૂલ બોર્ડ અને રોટરી કલબ મેટ્રો, અમદાવાદના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ આ સ્પર્ધા 'સોનાબા શાહ' વકતૃત્વ સ્પર્ધા (રોટેડ શિલ્ડ) તરીકે જાહેર કરવામાં આવી હતી. જેમાં કુલ ૧૨ બાળકોએ ભાગ લીધો હતો, જે પૈકી નારણપુરા શાળા નં.૪ ની એક બાળા પ્રથમ નંબરે વિજેતા થઈ હતી. પ્રથમ નંબરે વિજેતા બનનાર બાળાને રૂા. ૧૦૦૦/- નું રોકડ ઈનામ તથા સર્ટિફિકેટ આપવામાં આવેલ તથા તેની શાળાને રોટેડ શિલ્ડ પણ એનાયત કરવામાં આવ્યો હતો. સ્પર્ધામાં દ્વિતીય અને તૃતીય નંબરે આવનાર વિદ્યાર્થીઓને પણ ઈનામ તથા પ્રમાણપત્ર તેમજ સ્પર્ધામાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન સ્વરૂપે આશ્વાસન ઈનામ અને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતાં.

આ સમારંભના મુખ્ય મહેમાનપદે સ્કૂલ બોર્ડના ચેરમેનશ્રી તથા રોટરી કલબ, અમદાવાદ મેટ્રોના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

**<u>વિજ્ઞાન-ગણિત પ્રદર્શન :-</u>**

જીસીઈઆરટી, ગાંધીનગર; ડાયેટ અમદાવાદ તથા સ્કૂલ બોર્ડ અમદાવાદના સંયુક્ત ઉપક્રમે વર્ષ-૨૦૦૭નું વિજ્ઞાન-ગણિત પ્રદર્શન નવાવાડજ શા.નં.૯ ખાતે તા. ૧૭-૧૦-૦૭ તથા તા. ૧૮-૧૦-૦૭ ના રોજ યોજાઈ ગયું. આ પ્રદર્શનનું દીપપ્રાગટય કરી ઉદ્‌ઘાટન કરતાં ગૂજરાત વિદ્યાપીઠના નિયામકશ્રી અનિલભાઈ પટેલે પોતાના પ્રાસંગિક ઉદ્‌બોધનમાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકોને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે બાલ-વૈજ્ઞાનિકોને જાતે પ્રયોગ કરીને સમજવાનો અને સર્જનનો આનંદ મેળવવાની શીખ આપી હતી.

વિજ્ઞાન-ગણિત પ્રદર્શન-૨૦૦૭માં નિયત કરવામાં આવેલ જુદા જુદા પાંચ વિભાગમાં કુલ ૨૨૧ કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. જેમાં મ્યુનિ. શાળાઓમાંથી ૧૩૨ અને ખાનગી શાળાઓમાંથી ૮૯ કૃતિઓ રજૂ થઈ હતી. વિજ્ઞાન-ગણિત પ્રદર્શનના આ ઉદ્‌ઘાટન સમારોહમાં સ્કૂલ બોર્ડના શાસનાધિકારીશ્રી, ડાયેટના પ્રાચાર્યશ્રી, સ્કૂલ બોર્ડના અધિકારીશ્રીઓ, ડાયેટના અધ્યાપકો, શિક્ષકો, વિદ્યાર્થીઓ અને વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

તા. ૧૮-૧૦-૦૭ના રોજ આ કાર્યક્રમના સમાપન સમારોહ પ્રસંગે પધારેલા અમદાવાદ શહેર ડાયેટના પ્રાચાર્યશ્રીએ તેમના પ્રાસંગિક ઉદ્‌બોધનમાં વિદ્યાર્થીઓને જીવનમાં વૈજ્ઞાનિક અભિગમ કેળવવા પ્રેરણા આપી હતી. આ પ્રદર્શનમાં રજૂ થયેલ ૨૨૧ કૃતિઓ પૈકી વિભાગવાર બે-બે કૃતિઓને યાદચ્છિક રીતે પસંદ કરી ઈનામ એનાયત કરવામાં આવ્યા હતાં. પૂર્ણાહુતિના આ પ્રસંગે સ્કૂલ બોર્ડના અધિકારીશ્રીઓ, સી.આર.સી કો-ઑડિનેટર્સ, શિક્ષકો, વિદ્યાર્થીઓ અને વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

**અનુપમશાળા પ્રોજેક્ટ :-**

પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા સુધારવા અને શાળામાં શૈક્ષણિક માહોલ ઉભો કરવા શૈક્ષણિક વર્ષ ૨૦૦૭-૦૮ના શરૂઆતના તબકકે મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડ દ્વારા અનુપમશાળા પ્રોજેકટ હાથ ધરવામાં આવ્યો. પ્રાયોગિક ધોરણે

ઝોનવાર બે-બે શાળાઓને અનુપમ શાળાના દરજ્જા સુધી વિકસાવવામાં આવી. ત્યારબાદ સ્કૂલ બોર્ડની ૨૨૫ શાળાઓને આ પ્રોજેક્ટ અંતર્ગત આવરી લેવામાં આવેલ છે. પ્રોજેક્ટના તબક્કામાં સ્કૂલ બોર્ડની તમામ શાળાઓને અનુપમ શાળાના દરજ્જા સુધી વિકસાવવાની યોજના હાથ ધરવામાં આવી છે. આ પ્રોજેક્ટનો સમયગાળો બે વર્ષનો નિયત કરવામાં આવ્યો. પ્રોજેક્ટ અંગે વિસ્તૃત સમજ આપવા માટે ટાગોર હૉલ, પાલડી ખાતે એકત્રિત મ્યુનિ. શાળાના આચાર્યશ્રીઓને શિક્ષણમંત્રીશ્રી આનંદીબહેન પટેલે સંબોધન કર્યું હતું. આ પ્રસંગે સ્કૂલ બોર્ડના તમામ અધિકારીઓ અને સી.આર.સી. કો-ઑર્ડિનેટર્સને એક-એક શાળાની જવાબદારી સુપ્રત કરી જે-તે શાળાને અનુપમ શાળાની કક્ષાએ પહોંચાડવાની કામગીરી હાથ ધરવામાં આવી. નજીકના ભવિષ્યમાં તમામ મ્યુનિ. શાળાઓ અનુપમ શાળા બની રહે તે પ્રમાણેનું આયોજન કરવામાં આવેલ છે, જેનું અમલીકરણ હાલમાં થઈ રહ્યું છે.

**<u>બાળમેળો :-</u>**

સ્કૂલ બોર્ડ, અમદાવાદ અને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, અમદાવાદ શહેરના સંયુક્ત ઉપક્રમે જીસીઈઆરટી, ગાંધીનગરના માર્ગદર્શન હેઠળ તમામ મ્યુનિ. શાળાઓમાં 'બાળમેળા'નું આયોજન તા.૯-૦૧-૨૦૦૮ ના રોજ કરવામાં આવ્યું હતું. મ્યુનિ. શાળાઓમાં અભ્યાસ કરતાં બાળકોની સુષુપ્ત શકિતઓનો વિકાસ થાય તે માટે બાળગીત, અભિનયગીત, બાળરમતો, નાટક, માટીકામ, છાપકામ, ચિત્રકામ, ગડીકામ, કાગળકામ, ચીટકકામ, વિજ્ઞાન-પ્રયોગ જેવી પ્રવૃત્તિઓ કરાવવામાં આવી હતી.

**<u>રમતોત્સવ :-</u>**

મ્યુનિ. શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ જ્ઞાન-પ્રાપ્તિની સાથે સાથે ખેલકૂદ, વ્યાયામ અને શારીરિક કસરતના માધ્યમથી તંદુરસ્તી પ્રાપ્ત કરે તે હેતુથી તા. ૨૭-૧૨-૦૭ ના રોજ તમામ મ્યુનિ. શાળાઓ ખાતે ખેલકૂદ અને સાંઘિક હરીફાઈનું આયોજન કરવામાં આવ્યું હતું.

શાળાકક્ષાની રમતોમાં વિજેતા થનાર વિદ્યાર્થીઓ માટે બીટકક્ષાનો રમતોત્સવ તા. ૨૮-૧૨-૦૭ ના રોજ જુદી જુદી ૧૦ બીટ ખાતે યોજાઈ ગયો. બીટકક્ષામાં વિજેતા થનાર વિદ્યાર્થીઓ માટે ઝોનકક્ષાની રમત હરીફાઈનું આયોજન તા. ૨-૧-૦૮ ના રોજ ઝોનકક્ષાનાં પાંચ કેન્દ્રો ખાતે કરવામાં આવ્યું.

ઝોનકક્ષામાં વિજેતા થનાર પાંચેય ઝોનના રમતવીરો માટે આંતરઝોનકક્ષાના રમતોત્સવનું આયોજન સ્કાઉટભવન, પાલડી ખાતે તા.૦૭-૦૧-૦૮ ના રોજ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ આંતરઝોનમાં સર્વશ્રેષ્ઠ દેખાવ કરનાર ખેલાડીઓને વ્યવસ્થિત કોચ દ્વારા માર્ગદર્શન તથા પૌષ્ટિક આહાર આપી આંતર કોર્પોરેશન રમતોત્સવ માટે સજ્જ કરવામાં આવ્યા.

**<u>સેવાકાલીન શિક્ષક-તાલીમ :-</u>**

સર્વ શિક્ષા અભિયાન મિશન તેમજ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, અમદાવાદ શહેરના સંયુક્ત ઉપક્રમે તા. ૨૯-૧૦-૦૭ થી તા. ૩-૧૧-૦૭ દરમ્યાન ૦૬ દિવસની સેવાકાલીન શિક્ષક-તાલીમનું આયોજન સ્કૂલ બોર્ડની મ્યુનિ. શાળાઓ સંચાલિત તમામ ૪૩ સી.આર.સી. ખાતે કરવામાં આવ્યું હતું. શિક્ષકોની શૈક્ષણિક તેમજ

વ્યાવસાયિક સજ્જતા વધે તે હેતુસર દરેક શિક્ષકને પ્રથમ સત્ર માટે ધો-૧ થી ૭ ના મુખ્ય વિષયોના મોડયુલ્સ આપવામાં આવ્યાં હતાં.

**સાક્ષરતાદીપ કાર્યક્રમ :-**

સાક્ષરતા અને નિરંતર શિક્ષણ નિયામકની કચેરી દ્વારા આયોજિત સાક્ષરતાદીપ કાર્યક્રમનું આયોજન તા. ૧-૧-૦૮ થી તા. ૧૨-૧-૦૮ દરમ્યાન સ્કૂલ બોર્ડ, અમદાવાદ સંચાલિત વિવિધ મ્યુનિ. શાળાઓ ખાતે ચાલતાં નોડલ કેન્દ્રો તથા સ્થાનિક વિસ્તારમાં કરવામાં આવ્યું હતું. સ્કૂલ બોર્ડના અધિકારીઓએ તેમને ફળવાયેલ કેન્દ્રોની મુલાકાત લઈ સાક્ષરતાદીપ કાર્યક્રમ અંતર્ગત ચાલતી વિવિધ પ્રવૃત્તિઓનું નિરીક્ષણ અને ચકાસણી કરી પ્રેરકોને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

**હિન્દી જ્ઞાન પ્રથમા-પ્રવેશિકા પરીક્ષા**

મ્યુનિ. સ્કૂલ બોર્ડ, અમદાવાદ સંચાલિત મ્યુનિ. શાળાઓમાં ધો. ૪ થી ૭ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને પ્રાન્તીય રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિ, રાષ્ટ્રભાષા હિન્દીભવન, એલિસબ્રીજ, અમદાવાદ દ્વારા યોજાતી હિન્દી વર્ધાની પરીક્ષાઓ આપવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે. હિન્દી જ્ઞાન પ્રથમા અને પ્રવેશિકામાં શહેરમાં સર્વપ્રથમ આવનાર ત્રણ વિદ્યાર્થીઓ અને ઝોનમાં પ્રથમ આવનાર વિદ્યાર્થીઓને ઈનામ આપવામાં આવે છે. વધુ સંખ્યામાં વિદ્યર્થીઓને પરીક્ષામાં બેસાડનાર શાળાઓને વિજયપદ્મ એવોર્ડ આપવામાં આવે છે. ચાલુ વર્ષે મ્યુનિ. સ્કૂલ બોર્ડની શાળાઓના કુલ ૧૦૬૨૪ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. ગત પરીક્ષામાં વિજેતા બનનાર બાળકોને પુરસ્કૃત કરવાનો કાર્યક્રમ તા. ૮-૧-૦૮ ના રોજ સ્કાઉટ ભવન, પાલડી ખાતે આયોજિત કરવામાં આવ્યો હતો.

**પતંગ મહોત્સવ :-**

ગુજરાત સરકારના પ્રવાસન નિગમ દ્વારા આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ અને વાઈબ્રન્ટ ગુજરાત-૨૦૦૮ ની ભવ્ય ઉજવણીનો કાર્યક્રમ પોલીસ સ્ટેડિયમ, શાહીબાગ ખાતે તા. ૧૧ થી ૧૫ જાન્યુઆરી દરમ્યાન કરવામાં આવ્યો. ૧૩ મી જાન્યુઆરી-૨૦૦૮ ના રોજ સવારે ૯.૦૦ કલાકે યોગાચાર્યશ્રી બાબા રામદેવજીની ઉપસ્થિતિમાં મહામહિમ રાજ્યપાલશ્રી નવલકિશોર શર્મા તથા મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવને ખુલ્લો મૂક્યો હતો. સ્કૂલ બોર્ડનાં ૮૦૦૦ જેટલાં બાળકોએ સૂર્યનમસ્કાર અને કેલેસ્થેનિકસના દાવ રજૂ કરી ઉપસ્થિત મહાનુભાવોને પોતાની કલાનો પરિચય કરાવ્યો હતો. ૧૨ જાન્યુઆરી, ૨૦૦૮ ના રોજ શાહીબાગ પોલીસ સ્ટેડિયમ ખાતે ઊભા કરાયેલ એડવેન્ચર થીમ-પાર્કની મુલાકાત લઈ મ્યુનિ. શાળાનાં બાળકોએ રોમાંચ સાથે વિવિધ રમતોનો આનંદ મેળવ્યો હતો.

**‘નિર્મળ ગુજરાત’ અભિયાન સંદર્ભે ચિંતન બેઠક :-**

ગુજરાત સરકાર પ્રેરિત ‘નિર્મળ ગુજરાત’ અભિયાનના અમલીકરણને એક વર્ષ પૂર્ણ થતાં આ અભિયાનનો પ્રગતિ અહેવાલ મેળવવા તેમજ આ અભિયાન રોજિંદા જીવનનો એક ભાગ બની રહે તે અંગે સહચિંતન માટે તમામ

મ્યુનિ. શાળાના આચાર્યશ્રીઓની એક બેઠક તા. ૧૨-૩-૦૮ ના રોજ ટાગોર હૉલ, પાલડી ખાતે યોજવામાં આવી હતી.

અમદાવાદ મ્યુનિ. કોર્પો. ના ડે.મ્યુનિ. કમિશનરશ્રી ઝેડ.એ. સાચાએ 'નિર્મળ ગુજરાત' અભિયાન અંતર્ગત મ્યુનિ. શાળાઓમાં અને સ્થાનિક વિસ્તારમાં થયેલ સફાઈકાર્ય અને સ્વચ્છતા માટે સહુ સારસ્વતોને અભિનંદન પાઠવ્યા હતા. તદ્ઉપરાંત તેમણે એ વાત પર ખાસ ભાર મૂકતાં જણાવ્યું કે 'નિર્મળ ગુજરાત' ના અભિયાનનો સંદેશ સહુના જીવનમાં વણાઈ જાય અને ઘર, શેરી, મહોલ્લા, વર્ગખંડ અને શાળામાં સ્વચ્છતા આ અભિયાન પૂરતી મર્યાદિત ન રહેતાં કાયમ માટે રહે તેવી જીવનશૈલી અપનાવવા ઉપસ્થિત સૌને અપીલ કરી હતી.

સ્કૂલ બોર્ડના અધ્યક્ષશ્રી જયપ્રકાશ દેસાઈએ આ અભિયાન અંતર્ગત મ્યુનિ. શાળાઓએ કરેલી કામગીરીને બિરદાવી તેને વધુ વેગવંતુ બનાવવા આહ્‌વાન કર્યું હતું. ડે.મ્યુનિ. કમિશનરશ્રી સાચાએ મ્યુનિ. શાળાઓના વર્ગદીઠ બે-બે કચરાપેટી આપવાની ખાત્રી આપી હતી.

**વકતૃત્વ સ્પર્ધા :-**

અમદાવાદ મ્યુનિ. સ્કૂલ બોર્ડનાં બાળકોની વકતૃત્વ કલા વિકસે, જાહેરમાં કોઈ વિષય પર બાળકો પોતાના મૌલિક વિચારોની રજૂઆત કરી શકે તેવા હેતુસર ધો.૫ થી ૭ નાં બાળકો માટે વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાકક્ષાથી શરૂ થયેલ આ સ્પર્ધામાં જુદા જુદા ચાર વિષય નિયત કરવામાં આવ્યા હતા. શાળાકક્ષાએ પ્રથમ ક્રમે વિજેતા થનાર વિદ્યાર્થીઓએ બીટકક્ષાએ આયોજિત વકતૃત્વ સ્પર્ધામાં ભાગ લીધો હતો. બીટકક્ષાએ પ્રથમ પાંચ ક્રમે વિજેતા થનાર વિદ્યાર્થીઓને ઝોન-કક્ષાની સ્પર્ધામાં ભાગ લેવાની તક આપવામાં આવી હતી. ઝોનકક્ષાની વકતૃત્વ સ્પર્ધા તા. ૨૭-૨-૦૮ ના રોજ પાંચ ઝોનનાં જુદાં જુદાં કેન્દ્રો ખાતે યોજાઈ હતી.

ઝોનકક્ષાએ પ્રથમ ત્રણ ક્રમે વિજેતા થનાર તમામ વિદ્યાર્થીઓ માટે આંતરઝોનકક્ષાની વકતૃત્વ સ્પર્ધા તા. ૧૮-૩-૦૮ ના રોજ ટાગોર હૉલ, પાલડી ખાતે મ્યુનિ. કોર્પોરેશનના ડેપ્યુટી મેયરશ્રી દિનેશભાઈ મકવાણાના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી.

કુલ ૧૫ વિદ્યાર્થીઓએ સુંદર શૈલીમાં, હાવભાવ સાથે પોતાના મૌલિક વિચારો અભિવ્યક્ત કરી સહુ મહાનુભાવોને પોતાની વકતૃત્વ કલાનો પરિચય કરાવ્યો હતો. પ્રથમ ત્રણ ક્રમે વિજેતા થનાર વિદ્યાર્થીઓને ચાંદીના સિક્કા અને પ્રમાણપત્ર અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. તદ્ઉપરાંત બીટ અને ઝોન કક્ષાએ વિજેતા થનાર તમામનું પણ ચાંદીના સિક્કા તથા પ્રમાણપત્ર એનાયત કરી ડે.મેયરશ્રી દિનેશભાઈ મકવાણાએ, સ્કૂલ બોર્ડ અધ્યક્ષશ્રી જયપ્રકાશ દેસાઈએ તથા સ્કૂલ બોર્ડ સદસ્યશ્રીઓએ બહુમાન કર્યું હતું.

**જિલ્લા રેલી અને કબ-બુલબુલ ઉત્સવ :-**

અમદાવાદ મ્યુનિ. સ્કૂલ બોર્ડ જિલ્લા ભારત સ્કાઉટ-ગાઈડ સંઘ દ્વારા આયોજિત ૩૪ મી જિલ્લા સ્કાઉટ-ગાઈડ રેલીનો ઉદ્‌ઘાટન સમારોહ તા. ૨૭-૩-૦૮ ને ગુરુવારના રોજ સ્કાઉટ ભવન, પાલડી ખાતે યોજાઈ ગયો.

મ્યુનિ. કોર્પોરેશનના સ્ટેન્ડિંગ કમિટિનાં ચેર-પર્સનશ્રી મધુબહેન પટેલે રેલીનું ઉદ્‌ઘાટન કરી પોતાના પ્રાસંગિક ઉદ્‌બોધનમાં બાળકોને તેમનામાં રહેલી સુષુપ્ત શક્તિઓને સ્કાઉટીંગ પ્રવૃત્તિના માધ્યમથી ખીલવવા અને પુસ્તકિયા જ્ઞાનમાંથી બહાર નીકળી સાચી કેળવણી પ્રાપ્ત કરવાની શીખ આપી હતી. આ પ્રસંગે ગુજરાત રાજ્ય ભારત સ્કાઉટ-ગાઈડ સંઘના પ્રમુખશ્રી માનસિંગભાઈ પટેલ, સ્કૂલ બોર્ડના ઉપાધ્યક્ષશ્રી ધીરેન્દ્રસિંહ તોમરે પ્રાસંગિક પ્રવચન કરી પ્રેરણા તથા માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

તા. ૨૯-૩-૨૦૦૮ ના રોજ સાંજે ૪.૩૦ કલાકે કબ-બુલબુલ ઉત્સવનો ઉદ્‌ઘાટન સમારોહ મ્યુનિ. કોર્પો.ના હેલ્થ કમિટિના ચેરમેનશ્રી ભૂષણભાઈ ભટ્ટના અધ્યક્ષસ્થાને યોજાઈ ગયો. કાર્યક્રમનું ઉદ્‌ઘાટન કરી શ્રી ભૂષણભાઈએ સૌ સ્કાઉટ-ગાઈડ બાળકોને ભારતના મહાન નાગરિક બનવા માટેનો સંકલ્પ લેવડાવ્યો હતો. મુખ્ય મહેમાનપદે પધારેલ મ્યુનિ. કોંગ્રેસ પક્ષના નેતાશ્રી હિંમતસિંહ પટેલે સ્કાઉટીંગ પ્રવૃત્તિઓમાં ભાગ લીધેલ બાળકોને અભિનંદન પાઠવ્યા હતા.

પાંચ દિવસના રાત્રી રોકાણ સહિત યોજાયેલ આ જિલ્લા રેલી તથા કબ-બુલબુલ ઉત્સવમાં અંદાજે ૧૮૦૦ વિદ્યાર્થીઓ અને ૪૫૦ શિક્ષકોએ ભાગ લીધો હતો. પ્રભાતફેરી, છાવણી, નિરીક્ષણ, યોગ, ધ્વજવંદન, માર્ચપાસ્ટ, કુકીંગ, પાયોનિયરીંગ, પીજન્ટ, કેમ્પ-ફાયર, કલરવ જેવી પ્રવૃત્તિઓમાં ભાગ લઈ સ્કાઉટર્સ-ગાઈડર્સ બાળકોએ સાચા અર્થમાં સ્કાઉટીંગ પ્રવૃત્તિનો અનુભવ લીધો હતો. કેમ્પ-ફાયરની પ્રવૃત્તિનું ઉદ્‌ઘાટન તા. ૨૮-૩-૦૮ ના રોજ રાત્રે ૮.૦૦ કલાકે એલિસબ્રીજ વિસ્તારના ધારાસભ્યશ્રી રાકેશભાઈ શાહે કર્યું હતું. કેમ્પ-ફાયર કાર્યક્રમમાં નાટક, સમૂહગાન, શૌર્યગીત, નૃત્ય, ગરબો જેવી આઈટમો રજૂ કરી બાળકોએ સહુને પોતાની કલાથી પ્રભાવીત કર્યા હતા. કાર્યક્રમના અંતે વિવિધ પ્રવૃત્તિઓમાં પ્રથમ અને દ્વિતીય ક્રમે વિજેતા થનાર સ્કાઉટ-ગાઈડ બાળકોને મહાનુભાવોએ શિલ્ડ અર્પણ કરી સન્માનિત કર્યાં હતાં.

આ ઉત્સવનો સમાપન સમારોહ તા. ૩૦-૩-૦૮ ના રોજ સ્કૂલ બોર્ડના અધ્યક્ષશ્રી જયપ્રકાશ દેસાઈના અધ્યક્ષપદે યોજાયો હતો. સાંસ્કૃતિક કાર્યક્રમમાં પ્રથમ અને દ્વિતીય ક્રમે વિજેતા થનાર વિદ્યાર્થીઓને શિલ્ડ તેમજ પ્રમાણપત્ર અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે સ્કૂલ બોર્ડના શાસનાધિકારી ર્ડા.લગધીરભાઈ દેસાઈ, સ્કૂલ બોર્ડ સદસ્યશ્રીઓ, અધિકારીગણ તથા સ્કાઉટ-ગાઈડ અને કબ-બુલબુલ બાળકો ઉપસ્થિત રહ્યાં હતાં.

**<u>બાળ રમતવીરો અને કોચ-શિક્ષકોનો સન્માન કાર્યક્રમ :-</u>**

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સૂરત દ્વારા આયોજિત આંતર-કોર્પોરેશન બાળ-રમતોત્સવમાં અમદાવાદ મ્યુનિ. સ્કૂલ બોર્ડને રનર્સ-અપ તરીકે વિજય અપાવનાર બાળ રમતવીરો અને કોચ-શિક્ષકોના સન્માનનો કાર્યક્રમ એ.એમ.ટી.એસ.ના ચેરમેનશ્રી અસિતભાઈ વોરાના અધ્યક્ષપદે તા. ૩૧-૩-૦૮ ના રોજ ટાગોર હૉલ, પાલડી ખાતે યોજાઈ ગયો.

આ સન્માન કાર્યક્રમના અધ્યક્ષપદેથી બોલતાં એ.એમ.ટી.એસ ના ચેરમેનશ્રી અસિતભાઈ વોરાએ તમામ રમતવીરો અને તેમને તૈયાર કરનાર કોચ-શિક્ષકોને અભિનંદન પાઠવી ઉત્તરોત્તર વધુ પ્રગતિ કરવા અને રમતગમત

ક્ષેત્રે સ્કૂલ બોર્ડનું નામ રોશન કરવા અપીલ કરી હતી. સ્કૂલ બોર્ડના અધ્યક્ષશ્રી જયપ્રકાશ દેસાઈએ રમતવીરોની ક્ષમતા અને ખેલદીલી બિરદાવી આવનાર વર્ષોમાં ચેમ્પીયનશીપ હાંસલ કરવા વેળાસર સજ્જ થઈ જવાની હાકલ કરી હતી.

સ્કૂલ બોર્ડના ઉપાધ્યક્ષશ્રી ધીરેન્દ્રસિંહ તોમર તથા અન્ય સભ્યશ્રીઓએ પોતાના વકતવ્યમાં રમતવીરો તથા કોચ-શિક્ષકોને પ્રોત્સાહિત કરી ભવિષ્યમાં ઉજજવળ દેખાવ કરવા અપીલ કરી હતી.

તમામ રમતવીરો અને કોચ-શિક્ષકોને શિલ્ડ અને પ્રમાણપત્ર અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે સ્કૂલ બોર્ડ સદસ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ તથા મોટી સંખ્યામાં શિક્ષકો તથા વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

**પત્રક ૯.૧.૧**

**શાળાઓ,શિક્ષકો અને વિદ્યાર્થીઓની છેલ્લા પાંચ વર્ષની માહિતી દર્શાવતુ પત્રક**

| અ.નં. | વર્ષ | શાળા | શિક્ષકો | વિદ્યાર્થીઓ | વિદ્યાર્થીઓનું સરેરાશ પ્રમાણ | |
|---|---|---|---|---|---|---|
| | | | | | શાળા દીઠ | શિક્ષક દીઠ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | ૨૦૦૩-૦૪ | ૫૬૩ | ૫૦૦૦ | ૧૯૪૧૯૪ | ૩૪૫ | ૩૮.૮ |
| ૨ | ૨૦૦૪-૦૫ | ૫૩૪ | ૪૮૩૦ | ૧૮૯૦૪૫ | ૩૫૪ | ૩૯.૧ |
| ૩ | ૨૦૦૫-૦૬ | ૫૪૧ | ૪૭૮૫ | ૧૮૭૧૧૫ | ૩૪૬ | ૩૯.૧૦ |
| ૪ | ૨૦૦૬-૦૭ | ૪૪૩ | ૪૫૫૯ | ૧૬૪૦૫૮ | ૩૭૦ | ૩૫.૯૮ |
| ૫ | ૨૦૦૭-૦૮ | ૪૫૦ | ૪૩૨૪ | ૧૬૨૮૮૬ | ૩૬૨ | ૩૭.૬૭ |

**પત્રક ૯.૧.૨**

**માધ્યમવાર શાળાઓ,વર્ગો,શિક્ષકો અને વિદ્યાર્થીઆ ની માહિતી દર્શાવતુ પત્રક**

| અ.નં. | માધ્યમ | શાળાઓ | વર્ગો | શિક્ષકો | વિદ્યાર્થીઓ | સરેરાશ વિદ્યાર્થીઓ | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | | વર્ગ દીઠ | શિક્ષક દીઠ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧. | ગુજરાતી | ૨૮૦ | ૨૬૦૦ | ૨૮૯૫ | ૧૧૧૬૪૫ | ૪૨.૯૦ | ૩૮.૫૬ |
| ૨. | ઉર્દૂ | ૭૨ | ૫૪૯ | ૬૧૨ | ૨૩૬૦૩ | ૪૨.૯૯ | ૩૮.૫૭ |
| ૩. | હિન્દી | ૬૩ | ૫૯૬ | ૬૪૪ | ૨૩૧૬૬ | ૩૮.૮૭ | ૩૫.૯૭ |
| ૪. | મરાઠી | ૨૦ | ૯૦ | ૧૦૭ | ૨૬૨૦ | ૨૯.૧૧ | ૨૪.૪૮ |
| ૫. | સિંધી | ૦૫ | ૨૧ | ૨૫ | ૫૪૧ | ૨૫.૭૬ | ૨૧.૬૪ |
| ૬. | તામીલ | ૦૬ | ૩૦ | ૨૮ | ૭૫૫ | ૨૫.૧૭ | ૨૬.૯૬ |
| ૭. | તેલુગુ | ૦૦ | ૦૧ | ૦૨ | ૦૬ | ૬.૦૦ | ૩.૦૦ |
| ૮. | મલયાલમ | ૦૦ | ૦૧ | ૦૨ | ૧૦ | ૧૦.૦૦ | ૫.૦૦ |
| ૯. | અંગ્રેજી | ૦૪ | ૧૬ | ૦૮ | ૫૪૦ | ૩૩.૭૫ | ૬૭.૫૦ |
| | કુલ | ૪૫૦ | ૩૯૦૪ | ૪૩૨૪ | ૧૬૨૮૮૬ | ૪૧.૭૨ | ૩૭.૬૭ |

**પત્રક ૯.૧.૩**

**શાળાદીઠ / વિદ્યાર્થીદીઠ સરેરાશ વાર્ષિક ખર્ચની માહિતી દર્શાવતુ પત્રક**

| અ.નં. | વર્ષ | શાળાની સંખ્યા | વિદ્યાર્થીની સંખ્યા | કુલ ખર્ચ રૂા.લાખમાં | સરેરાશ ખર્ચ (રૂા.) | |
|---|---|---|---|---|---|---|
| | | | | | શાળા દીઠ | વિદ્યાર્થીદીઠ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | ૨૦૦૩-૦૪ | ૫૬૩ | ૧૯૪૧૯૪ | ૧૧૩૦૨.૩૯ | ૨૦૦૭૫૨૯ | ૫૮૨૦ |
| ૨ | ૨૦૦૪-૦૫ | ૫૩૪ | ૧૮૯૦૪૫ | ૧૧૩૭૩.૭૯ | ૨૧૨૯૯૨૩ | ૬૦૧૬ |
| ૩ | ૨૦૦૫-૦૬ | ૫૪૧ | ૧૮૭૧૧૫ | ૧૨૦૯૨.૦૦ | ૨૨૩૫૧૨૦ | ૬૪૬૨ |
| ૪ | ૨૦૦૬-૦૭ | ૪૪૩ | ૧૬૪૦૫૮ | ૧૩૫૬૧.૦૩ | ૩૦૬૧૧૮૦ | ૮૨૬૬ |
| ૫ | ૨૦૦૭-૦૮ | ૪૫૦ | ૧૬૨૮૮૬ | ૧૬૯૯૪.૦૦ | ૩૭૭૬૪૪૪ | ૧૦૪૩૩ |

**પત્રક ૯.૧.૪**

**પ્રાથમિક શાળાઓ અંગે થયેલ કુલ ખર્ચ અને મળેલ અનુદાનની માહિતી દર્શાવતુ પત્રક**

| અ.નં. | વર્ષ | શાળાઓની સંખ્યા | કુલ ખર્ચ રૂ. લાખમાં | મળેલ અનુદાન રૂા.લાખમાં | ખર્ચ સામે અનુદાનની ટકાવારી |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૨ | ૨૦૦૩-૦૪ | ૫૬૩ | ૧૧૩૦૨.૩૯ | ૮૨૭૩.૯૩ | ૭૩.૨ |
| ૩ | ૨૦૦૪-૦૫ | ૫૩૪ | ૧૧૩૭૩.૭૯ | ૮૩૦૫.૦૦ | ૭૩.૦ |
| ૪ | ૨૦૦૫-૦૬ | ૫૪૧ | ૧૨૦૯૨.૦૦ | ૯૧૬૦.૦૦ | ૭૫.૭૫ |
| ૫ | ૨૦૦૬-૦૭ | ૪૪૩ | ૧૩૫૬૧.૦૩ | ૯૮૦૦.૦૦ | ૭૨.૨૬ |
| ૬ | ૨૦૦૭-૦૮ | ૪૫૦ | ૧૬૯૯૪.૦૦ | ૧૧૭૬૪.૦૦ | ૬૯.૨૨ |

# ૯.૨ માધ્યામિક શાળાઓ

૦૭-૦૮

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અમદાવાદ શહેરમાં પાંચ માધ્યમિક શાળાઓ ચલાવે છે.

(૧) મ્યુનિ.ગર્લ્સ હાઈસ્કુલ-દાણાપીઠ,ગોળ લીમડા

(૨) અસારવા મ્યુનિ.ગુજરાતી માધ્યમિક શાળા-અસારવા મહાપ્રભુજીની બેઠક પાસે,અસારવા

(૩) મણીનગર મ્યુનિ.ગુજરાતી માધ્યમિક શાળા-એલ.જી.કોર્નર પાસે,મણીનગર

(૪) રખિયાલ મ્યુનિ.ઉર્દૂ માધ્યમિક શાળા-રખિયાલ ચાર રસ્તા.રખિયાલ

(૫) બાપુનગર મ્યુનિ.હિન્દી માધ્યમિક શાળા-રખિયાલ ગામ મ્યુ.શાળા નં.૨,અમદાવાદ

ઉપરોક્ત પાંચ માધ્યમિક શાળાઓમાં શહેરની મધ્યમાં કન્યાઓ માટે મ્યુનિ. ગર્લ્સ હાઈસ્કૂલ સને ૧૯૩૦થી ચલાવવામાં આવે છે. અહી ધો.૮ થી ૧૦ અને ધોરણ ૧૧ અને ધો.૧૨ સુધીના કોમર્સના વર્ગો ચલાવવામાં આવે છે.

જયારે અન્ય ૪ માધ્યમિક શાળાઓ સને ૧૯૮૫થી શરૂ કરવામાં આવેલ છે. આ શાળાઓમાં કુમાર અને કન્યાઓ સંયુકત અભ્યાસ કરે છે. જેમાં ધો. ૮ થી ૧૦ સુધીના વર્ગો ચલાવવામાં આવે છે. ઉપરોકત તમામ શાળામાં ઉતમ શિક્ષણ માટે સારી લાયકાત ધરાવતા શિક્ષકોને રાખવામાં આવે છે.આ શાળામાં શિક્ષણ ઉપરાંત શિક્ષણને લગતી ઈતર પ્રવૃતિઓનું આયોજન પણ કરવામાં આવે છે.શાળાઓમાં ચુંટણી યોજી મતદાન પધ્ધતિથી વર્ગ પ્રતિનિધિ નીમવામાં આવે છે.શાળાઓમાં વિદ્યાર્થીઓમાં રહેલી સુષુપ્ત શકિતઓને જાગૃત કરવા માટે વિવિધ હરીફાઈઓ ગોઠવવામાં આવે છે.શાળાઓમાં ગીત સ્પર્ધા વર્ગ,સુશોભન હરીફાઇ,એક પાત્રીય અભિનય,જ્ઞાન ગોષ્ટિ હરીફાઇ,જોકસ મીમીક્રી વગેરેનું આયોજન કરવામાં આવે છે.અને પ્રથમ,દ્વિતીય અને તૃતીય ક્રમે આવનાર વિદ્યાર્થીઓને ઇનામ તથા પ્રશંસનીય પત્રો આપવામાં આવે છે.

આ પાંચ માધ્યમિક શાળાઓમાં સને ૨૦૦૭-૦૮ના શૈક્ષણિક વર્ષમાં શિક્ષકોની સંખ્યા, વિદ્યાર્થીઓ,ની સંખ્યા દર્શાવતું પત્રક નીચે મુજબ છે.

| વર્ષ | શાળાની સંખ્યા | શિક્ષકોની સંખ્યા | વિદ્યાર્થીઓની સંખ્યા |
|---|---|---|---|
| ૨૦૦૭-૦૮ | ૫ | ૪૧ | ૧૪૦૯ |

આ પાંચ માધ્યામિક શાળાઓમાં સને ૨૦૦૭-૦૮માં ધોરણ અને વર્ગો,વર્ગમાં વાર્ષિક સરેરાશ સંખ્યા તેમજ વર્ગવાઇઝ સરાસરી હાજરી નીચે મુજબ છે.

| શાળાનું નામ | ધોરણ અને વર્ગો | વર્ષ દરમ્યાન સરેરાશ સંખ્યા | સરાસરી હાજરી |
|---|---|---|---|
| અસારવા મ્યુ.ગુજ.મા.શાળા | ૮/અ | ૫૧.૨૭ | ૪૨.૧૬ |
| | ૮/બ | ૪૫.૧૮ | ૩૭.૦૮ |
| | ૮/ક | ૪૧.૯૦ | ૩૭.૨૫ |
| | ૮/ડ | ૪૭.૦૦ | ૩૪.૬૬ |
| | ૯/અ | ૩૮.૪૫ | ૩૬.૦૮ |
| | ૯/બ | ૩૫.૪૫ | ૩૩.૩૩ |
| | ૯/ક | ૩૮.૩૬ | ૩૦.૫૦ |
| | ૧૦ | ૩૨.૩૬ | ૨૯.૦૮ |
| રખિયાલ મ્યુ.ઉર્દૂ મા.શાળા | ૮/અ | ૫૧.૦૦ | ૫૦.૦૦ |
| | ૮/બ | ૪૯.૦૦ | ૪૯.૦૦ |
| | ૮/ક | ૫૩.૦૦ | ૫૦.૦૦ |
| | ૮/ડ | ૫૧.૦૦ | ૪૭.૦૦ |
| | ૮/ઇ | ૪૯.૦૦ | ૪૮.૦૦ |
| | ૯/અ | ૪૪.૦૦ | ૪૪.૦૦ |
| | ૯/બ | ૪૮.૦૦ | ૪૪.૦૦ |
| | ૯/ક | ૪૮.૦૦ | ૪૭.૦૦ |
| | ૯/ડ | ૪૭.૦૦ | ૪૭.૦૦ |
| | ૧૦/અ | ૮૦.૦૦ | ૮૦.૦૦ |
| | ૧૦/બ | ૮૧.૦૦ | ૮૧.૦૦ |
| બાપુનગર મ્યુ.હિન્દી મા.શાળા | ૮/અ | ૪૧.૫૮ | ૩૭.૦૪ |
| | ૮/બ | ૪૧.૨૫ | ૩૫.૧૧ |
| | ૯/અ | ૩૭.૨૫ | ૩૫.૩૧ |
| | ૯/બ | ૩૦.૪૧ | ૨૪.૭૬ |
| | ૧૦/અ | ૩૩.૬૬ | ૨૯.૨૮ |
| | ૧૦/બ | ૩૫.૧૬ | ૩૦.૦૩ |
| મણીનગર મ્યુ.ગુજ.મા.શાળા | ૮ | ૪૪.૪૧ | ૩૯.૬૭ |
| | ૯ | ૨૧.૨૫ | ૧૭.૫૮ |
| | ૧૦ | ૨૧.૮૩ | ૧૪.૮૩ |
| મ્યુ.ગર્લ્સ હાઇસ્કુલ | ૮/અ | ૩૬.૦૦ | ૩૬.૦૦ |
| | ૮/બ | ૩૭.૦૦ | ૩૭.૦૦ |
| | ૯/અ | ૩૬.૦૦ | ૩૫.૦૦ |
| | ૯/બ | ૩૬.૦૦ | ૩૬.૦૦ |
| | ૧૦ | ૩૪.૦૦ | ૩૪.૦૦ |
| | ૧૨ | ૧૯.૦૦ | ૧૯.૦૦ |

પત્રક-૯.૨.૨.

આ પાંચ માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની સંખ્યા,વિદ્યાર્થીઓની સંખ્યા તેમજ પરિણામની વિગત નીચે મુજબ છે.
(સને ૨૦૦૭-૦૮)

| અ.નં | શાળાનું નામ | શિક્ષકોની સંખ્યા આચાર્ય સહિત | ધોરણ | વર્ગની સંખ્યા | વિદ્યાર્થીઓની સંખ્યા | | | પરીક્ષામાં બેઠેલ | પાસ | ટકા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | કુમાર | કન્યા | કુલ | | | |
| ૧. | અસારવા મ્યુ.ગુ.મા.શાળા | ૧૧ | ૮ | ૪ | ૧૦૩ | ૭૧ | ૧૭૪ | ૧૬૯ | ૧૨૩ | ૭૨.૭૮ |
| | | | ૯ | ૩ | ૭૩ | ૩૪ | ૧૦૭ | ૧૦૩ | ૨૯ | ૨૮.૧૬ |
| | | | ૧૦ | ૧ | ૧૫ | ૧૬ | ૩૧ | ૩૧ | ૩ | ૯.૬૮ |
| ૨ | રખીયાલ મ્યુ.ઉર્દૂ મા.શાળા | ૧૦ | ૮ | ૫ | ૭૫ | ૧૭૮ | ૨૫૩ | ૨૫૩ | ૧૯૯ | ૭૮.૬૬ |
| | | | ૯ | ૪ | ૬૨ | ૧૨૫ | ૧૮૭ | ૧૮૭ | ૧૫૨ | ૮૧.૨૮ |
| | | | ૧૦ | ૨ | ૬૧ | ૧૦૦ | ૧૬૧ | ૧૬૧ | ૧૪૯ | ૯૨.૫૫ |
| ૩ | બાપુનગર મ્યુ.હિન્દી મા.શાળા | ૮ | ૮ | ૨ | ૪૩ | ૩૮ | ૮૧ | ૭૮ | ૫૩ | ૬૭.૯૫ |
| | | | ૯ | ૨ | ૪૦ | ૨૭ | ૬૭ | ૬૬ | ૫૫ | ૮૩.૩૩ |
| | | | ૧૦ | ૨ | ૩૭ | ૨૯ | ૬૬ | ૬૩ | ૩૦ | ૪૭.૬૨ |
| ૪ | મણીનગર મ્યુ.ગુ.મા.શા | ૫ | ૮ | ૧ | ૩૩ | ૧૧ | ૪૪ | ૩૯ | ૩૯ | ૧૦૦.૦૦ |
| | | | ૯ | ૧ | ૧૭ | ૨ | ૧૯ | ૧૯ | ૧૮ | ૯૪.૭૪ |
| | | | ૧૦ | ૧ | ૧૪ | ૭ | ૨૧ | ૧૯ | ૦ | ૦.૦૦ |
| ૫ | મ્યુ.ગર્લ્સ હાઇ. | ૮ | ૮ | ૨ | ૦ | ૭૩ | ૭૩ | ૭૩ | ૫૧ | ૬૯.૮૬ |
| | | | ૯ | ૨ | ૦ | ૭૨ | ૭૨ | ૭૨ | ૪૩ | ૫૯.૭૨ |
| | | | ૧૦ | ૧ | ૦ | ૩૪ | ૩૪ | ૩૪ | ૧૧ | ૩૨.૩૫ |
| | | | ૧૨ | ૧ | ૦ | ૧૯ | ૧૯ | ૧૯ | ૧૧ | ૫૭.૮૯ |

આ ઉપરાંત અ.મ્યુ.કોર્પો.સંચાલિત માધ્યામિક શાળાઓની વર્ષ ૨૦૦૭-૦૮ દરમ્યાન થયેલ પ્રવૃતિઓ તથા આયોજનની રૂપરેખા નીચ મુજબ છે.

મ્યુ.ગર્લ્સ હાઇસ્કુલમાં સત્રના પ્રારંભે ધોરણ-૮ માં પ્રવેશોત્સવ નું આયોજન કરેલ.વર્ગ પ્રતિનિધિની લોકશાહી ઢબે ચુંટણી કરી ગૌરીવ્રત નિમિત્તે ધ્વજવંદન,શૌર્યગીત,લોકગીત તેમજ નિબંધ સ્પર્ધાનું આયોજન કરેલ.૫ મી સ્પ્ટેમ્બરે શિક્ષક દિનની ઉજવણી કરી.શાળામાં નેત્ર ચિકિત્સાના કેમ્પનું આયોજન કર્યુ.નવેમ્બર માસમાં નુતન વર્ષ તેમજ ઇદના તહેવારની ઉજવણી કરવામાં આવી.નિર્મળ ગુજરાતના અંર્તગત શાળા સફાઇ કરી તથા વર્ગ સુશોભન તેમજ રંગોળી હરીફાઇ યોજી.વિજેતાને ઇનામ વિતરણ કરેલ.ડીસેમ્બર માસમાં શાળા કક્ષાએ રમતોઉતસવનુ આયોજન કરવામાં આવયુ.જાન્યુઆરી માસમાં ડીજાસ્ટર મેનેજમેન્ટ અંર્તગત બાળાઓને પર્યાવરણ તેમજ પ્રકૃતિ અંગે માહિતગાર કરવામાં આવ્યા.પ્રજાસત્તાકદિની ઉજવણી સાંસ્કૃતિક પ્રોગામ દ્વારા કરવામાં આવી.ફેબ્રુઆરી માસમાં લોકનૃત્ય તથા ડાન્સની તાલીમ આપવામાં આવી.એસ.એસ.સી.ના વિધાર્થીઓને બોર્ડની પરીક્ષા અંગે માર્ગ દર્શન આપવામાં આવ્યુ.તથા માસના અંતે તેઓનો વિદાય સમારંભ રાખવામાં આવ્યો.

રખિયાલ મ્યુ.ઉર્દુ માધ્યમિક શાળામાં નવા સત્રના પ્રારંભે કન્યા કેળવણી રથયાત્રાનું આયોજન કરી કન્યાઓના શિક્ષણ પ્રવેશ માટે પ્રચાર કર્યો.ઉપચારત્મક શિક્ષણસત્તા અંતર્ગત ધોરણ ૮ ના વિધાર્થીઓને વાંચન ગણન કૌશલ્ય વિકસાવવી  વિશ્વ વસ્તીદિન નિમિત્તે વસ્તી વધારાની અસરો અંગે માહિતી આપવામાં આવી.તથા વૃક્ષારોપણ કર્યુ.સ્વાતંત્રય દિન નિમિત્તે સાંસ્કૃતિક પ્રોગામ રાખીને ઉજવણી કરી.શિક્ષણદિનની શાળામાં ઉજવણી કરી.ઓકટોબરમાં ઈદેમિલાદ સમારંભ યોજયો.નવેમ્બરમાં નુતન વર્ષાભિનંદન પ્રોગામ રાખેલ.ડિસેમ્બરમાં શાળા રમતોત્સવનું આયોજન કર્યુ.પ્રજાસંત્તાક દિન નિમિત્તે દેશ ભકિતના ગીતો તેમજ વિવિધ હરીફાઇ યોજવામાં આવી.આરોગ્ય નિદાન કેમ્પનું ફેબ્રઆરીમાં આયોજન કરવામાં આવ્યુ.તેમજ એસ.એસ.સી.ના વિધાર્થીઓને બોર્ડની પરીક્ષા અંગે માર્ગદર્શન તેમજ રાત્રી અભ્યાસના વર્ગો શરૂ કરવામાં આવ્યા.માર્ચ માસમાં ટી.બી.રોગ વિશેષજ્ઞ ડો.પિલ્લાઇ મેડમ દ્વારા વિધાર્થીઓને માહિતી આપવામાં આવી.ડિઝાસ્ટર મિટિગેશન ઈન્સ્ટીટયુટ દ્વારા આફત નિવારણ અંગે નિદર્શન કરવામાં આવ્યુ.અમદાવાદ રેલ્વે સ્ટેશને સાયન્સ એક્ષપ્રેસની મુલાકાત લીધી.અને વિધાર્થીઓને વિજ્ઞાન અને ટેકનોલોજી બાબતે માહિતગાર કરવામાં આવ્યા.

બાપુનગર મ્યુનિ.હિંદી માઘ્યમિક શાળામાં ધોરણ ૮ માં નવા દાખલ થયેલ વિધાર્થીઓની નિદાન કસોટીનું આયોજન કર્યુ.શાળામાં  મહેંદી હરીફાઇ,કેશ ગુંફન હરીફાઇ યોજી.શાળાનું પરીણામ સુધારવા એ.ઓ.શ્રી.ના માર્ગદર્શન હેઠળ બાળકોને વિષય વાઇઝ શિક્ષકો દ્વારા વિશેષ વર્ગો દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યુ.બાપુનગર વિજય ચોક ખાતે મેયરશ્રીના નેતૃત્વ હેઠળ ૧૫ મી ઓગસ્ટની ઉજવણી કરવામાં આવી.તથા રક્ષાબંધન તહેવાર અંગેની માહિતી આપવામાં આવી.વિજ્ઞાન મેળામાં નિર્મળ ગુજરાત અંતર્ગત કૃતિ રજુ કરવામાં આવી.અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સની રૂબરૂ મુલાકાતના હેતુથી ગાંધીઆશ્રમની મુલાકાત લીધી.શાળા કક્ષાએ રમતોત્સવનું આયોજન કર્યુ.તેમજ નિર્મળ ગુજરાત અંતર્ગત શાળામાં સફાઈવર્ગ સુશોભન કરવામાં આવ્યુ.ડિઝસ્ટે લિટિગેશન અંતર્ગત શાળાના ૨ વિધાર્થી તથા ૨ શિક્ષકોને તાલીમ માટે મોકલવામાં આવ્યા.દિવાળી તહેવાર અંગે બાળકોને માહિતગાર કરી નુતનવર્ષભિનંદન તેમજ ઇદમુબારક પાઠવવાના પ્રોગામનું આયોજન કરવામાં આવ્યુ.પ્રજાસત્તાકદિન ઉજવણી શાળાકક્ષાએ કરવામાં આવી.એસ.એસ.સી.વિધાર્થીઓને પરીક્ષા અંગે વિવિધ રીતે માર્ગદર્શન આપવામાં આવ્યુ.

અસારવા મ્યુનિ,ગુજરાતી માધ્યામિક શાળામાં નિર્મળ ગુજરાત અંતર્ગત નવા પ્રવેશ મેળવેલ વિધાર્થીઓને સ્વચ્છતા ઝુંબેશ દ્વારા શ્રી જગજીવનરામની પ્રતિમાની સફાઇ કરવામાં આવી.ગુરૂપુર્ણિમા નિમિતે વિધાર્થીઓ દ્વારા  ગુરૂ પુજનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો.૧૫મી ઓગષ્ટ ભદ્રના કિલ્લા ઉપર ધ્વજવંદનના વિવિધ કાર્યક્રમોમાં ભાગ લેવામાં આવ્યો.શાળામાં શિક્ષકદિનની ઉજવણી ૫મી સપ્ટેમ્બરે કરવામાં આવી.૧૪મી સ્પ્ટેમ્બરે હિન્દી દિવસ નિમિત્તે રાષ્ટ્રભાષા હિન્દી અંગે વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યુ.નવરાત્રી મહોત્સવ નિમિત્તે દુર્ગા પુજા તેમજ રાશગરબાનો પ્રોગામ રાખેલ.૧૪મી નવેમ્બરે નહેરુચાચાના જન્મદિન નિમિત્તે ચિત્ર સ્પર્ધાનું આયોજન કર્યુ.૧લી ડિસેમ્બરે વિશ્વ એઇડઝદિન નિમિત્તે બાળકોને પ્રોજેકટર દ્વારા એઇડઝ અટકાવવા અંગે ની માહિતી આપવામાં આવી.૧૪ ડિસેમ્બરે રાષ્ટ્રીય ઉર્જાદિન નિમિત્તે વિજ્ઞાનના શિક્ષક દ્વારા ઉર્જા બચાવવા અંગે માહિતી આપી.૧લી જાન્યુઆરીના રોજ પ્રવાશન વર્ષ નિમિત્તિ શાળાના બાળકોને અંબાજી ખેડબ્રહમા,કોટેશ્વર અને બાલારામ સાંસ્કૃતિક પ્રવાસ યોજવામાં આવ્યો.પ્રજા સત્તાકદિન નિમિત્તે શાળા કક્ષાએ ધ્વજવંદન કાર્યક્રમ રાખ્યો.ફેબ્રઆરી માસમાં એસ.એસ.સી.વિધાર્થીઓને પરીક્ષા અંગે વિવિધ રીતે માર્ગદર્શન આપવામાં આવ્યુ.

મણિનગર મ્યુનિ.ગુજરાતી માધ્યામિક શાળામાં ધોરણ ૮માં નવા દાખલ થયેલ વિધાર્થીઓની નિદાન કસોટીનું આયોજન કર્યુ.શાળામાં કેશગુંફન,મહેંદી હરીફાઇ યોજી.શાળાનું પરીણામ સુધારવા એ.ઓ.શ્રીના માર્ગદર્શન હેઠળ બાળકોને વિષયવાઇઝ શિક્ષકો દ્વારા વિશેષવર્ગો દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યુ.જુલાઇ

માસમાં વિશ્વ વસ્તીદિનની તથા ગૌરી વ્રતની ઉજવણી કરવામાં આવી.૧૫મી ઓગષ્ટે સ્વાતંત્ર્ય દિનની ઉજવણી કરવામાં આવી.રક્ષાબંધન પર્વ નિમિત્તિ વિધાર્થીઓ દ્વારા ઉજવણી કરવામાં આવી.શિક્ષણદિનની ઉજવણી સપ્ટેમ્બર માસમાં કરવામાં આવી.નવરાત્રી પર્વની ઉજવણી તથા દુર્ગા પુજા તેમજ રાસ ગરબાનો કાર્યક્રમ દ્વારા કરવામાં આવ્યો.દિવાળી તેમજ ઇદના તહેવાર નિમિત્તે સ્નેહ મિલન શાળામાં રાખવામાં આવ્યુ.જાન્યુઆરી માસમાં પંતગોત્સવની ઉજવણી કરવામાં આવી.તથા પ્રવાસન વર્ષ ભદ્રના કિલ્લા ઉપર યોજવામાં આવેલ.ધ્વજવંદનના કાર્યક્રમમા શાળાકક્ષાએ ભાગ લીધો.શાળામાં પરિણામ સુધારણાલક્ષી કાર્યક્રમ અંતર્ગત વાલી દિનની ઉજવણી કરવામાં આવી.તથા શાળાના વિધાર્થીઓને એસ.એસ.સી.પરીક્ષા અંગે વિવિદ રીતે માર્ગદર્શન આપવામાં આવ્યુ.

# ૯.૩ મ્યુનિસિપલ મેડીકલ કોલેજ

## ૦૭-૦૮

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત શ્રીમતિ એન.એચ.એલ.મ્યુ.મેડીકલ કોલેજની સ્થાપના સને ૧૯૬૩ના જુન માસમાં થયેલ હતી.મેડીકલ કોલેજમાં સ્નાતક તથા અનુસ્નાતક તબીબી શિક્ષણ આપવામાં આવે છે.આ કોલેજ ગુજરાત રાજયની નામાંકિત કોલેજ છે.આ કોલેજને ૧૦૦ તબીબી સીટોની પ્રથમ માન્યતા મળેલ હતી.તથા સને ૨૦૦૦માં વધુ ૫૦ સીટોનો વધારો કરી કુલ ૧૫૦ તબીબી સીટો રાખવામાં આવેલ છે. મ્યુનિસિપલ મેડીકલ કોલેજને ગુજરાત યુનિવર્સિટી તેમજ મેડીકલ કાઉન્સીલ ઓફ ઇન્ડીયા તરફથી માન્યતા મળેલ છે.

એન.આર.આઇ.બેઠકોની માહિતી

નામ.સુપ્રિ.કોર્ટમાં થયેલ પી.એ.ઇનામદાર વિરૂધ્ધ મહારાષ્ટ્ર સરકારના કેસમાં આવેલ જજમેન્ટ મુજબ જે તે મેડીકલ કોલેજ તેની કુલ બેઠકોના ૧૫% સીટો એન.આર.આઇ તરીકે રાખી શકે છે જે મુજબ અત્રેની કોલેજની ૧૫૦ બેઠકોના ૧૫% પ્રમાણે ૨૩ બેઠકો એન.આર.આઇ તરીકે રાખવામાં આવલ એન.આર.આઇ કવોટાની એક બેઠકની ફી ૧૫૦૦૦ ડોલર નકકી કરવામાં આવેલ છે.આ બેઠકો ભરવા જસ્ટીસ આર.જે.શાહ(નિવૃત) એડમીશન કમિટી તરફથી ગાઇડ લાઇન બહાર પાડવામાં આવેલ.કોલેજ તરફથી આ બેઠકો ભરવા બે દૈનિક વર્તમાનપત્રોમાં જાહેરાત આપી અરજીઓ મંગાવવામાં આવેલ હતી.જે અન્વયે ૬૮ અરજીઓ આવેલ.જેમાં ૩૩ વેલીડ અરજીઓ હતી.

વેલીડ અરજીઓની મેરીટ યાદી તૈયાર કરવામાં આવેલ અને તે લીસ્ટમાથી પ્રવેશ મેળવવા માંગતા ઉમેદવારોને મેરીટ ક્રમ અનુસાર પ્રવેશ આપવામાં આવેલ. એન.આર.આઇ સીટો ઉપર જે વિધાર્થીઓ ને પ્રવેશ આપવામાં આવેલ તે તમામ વિધાર્થીઓનો ગુજરાત યુનિવર્સિટીમાં એનરોલમેન્ટ કરવામાં આવેલ છે.

અ.મ્યુ.કોર્પો. સંચાલિત વા.સા.જન.હોસ્પિટલ,શા.ચી.લા.જન.હોસ્પિટલ,એલ.જી.જન.હોસ્પિટલ,શ્રી ચી.હ.નગરી મ્યુનિસિપલ આંખની હોસ્પિટલ તેમજ ટી.બી.હોસ્પિટલ મ્યુનિસિપલ મેડીકલ કોલેજ સાથે સંલગ્ન છે.સને ૨૦૦૭-૦૮ના આખરે કોલેજમાં વિધાર્થીઓની સંખ્યા પ્રથમ ટર્મમાં ૭૦૯ અને બીજી ટર્મમાં ૫૮૧ હતી અને જૂન ૨૦૦૭ થી શરૂ થતા સત્રમાં ૧૫૦ વિધાર્થીઓને પ્રવેશ આપવામાં આવેલ હતો જેમાં વર્ષ ૨૦૦૭-૦૮ દરમ્યાન કોલેજનું કુલ ખર્ચ રૂ.૧૩,૩૬,૧૭,૦૦૦/- થયો છે.જે ૨૦૦૬-૦૭ના વર્ષ દરમ્યાન રૂ.૯૬૯.૩૪ લાખ થયેલ હતું.ચાલુ સાલે ૨૦૦૭-૦૮ની ટયુશન ફી ની આવક રૂ.૬,૭૧,૫૦,૬૭૦/- થઇ છે.જે ૨૦૦૬-૦૭ના વર્ષ દરમ્યાન રૂ.૪,૭૬,૮૩,૧૮૭/- થઇ હતી.આ કોલેજમાં અભ્યાસ કરતા વિધાર્થીઓ ને શિક્ષણ માટે મ્યુ. કોર્પોની હોસ્પિટલોમાં મોકલવામાં આવે છે.આ કોલેજ સાથે સંલગ્ન હોસ્પિટલોમાં પોસ્ટ ગ્રેજયુએટનો કોર્ષ ચલાવવામાં આવે છે.જેમાં વિધાર્થીઓને પુરતી સગવડ આપવામાં આવે છે.અહેવાલી વર્ષમાં પ્રથમ એમ.બી.બી.એસમાં ઓગષ્ટ ૨૦૦૭માં પ્રથમ વર્ષનું પરિણામ ૭૪.૦૭% હતુ.દ્વિતિય વર્ષનું પરિણામ ૭૩.૮૧% હતુ અને તૃતીય વર્ષ નું પરિણામ પાર્ટ-૧નું ૯૬.૫૫%,પાર્ટ-૨નું ૬૧.૨૯% હતુ જયારે જાન્યુઆરી ૨૦૦૮ મા લેવાયેલ પરીક્ષામાં પ્રથમ વર્ષનું પરિણામ ૭૮.૦૪% હતુ ધ્વિતીય વર્ષનું પરિણામ ૮૫.૩૧% હતુ અને તૃતીય વર્ષ પાર્ટ-૧નું પરિણામ ૯૧.૪૭% ,પાર્ટ-૨ નું ૯૨.૦૯% પરિણામ આવેલ છે.એકંદરે ત્રણે વર્ષના ૭૧૬ વિધાર્થીઓ માંથી ૫૯૮ વિધાર્થી ઓ પાસ થયાહતા.જેની માહિતી પત્રક ૯.૩.૧.માં છે.

## એનેટોમી વિભાગ :-

એમ.બી.બી.એસ. (પ્રથમ વર્ષ) ના વિદ્યાર્થીઓનું એનેટોમીનું શિક્ષણ કાર્ય આ વિભાગમાં ચાલે છે. તેમજ એનેટોમી એમ.એસ.ના વર્ગો પણ આ વિભાગમાં લેવાય છે. ડીપાર્ટમેન્ટના સુવ્યવસ્થિત મ્યુઝીયમની મુલાકાતે આવતા વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓને મુલાકાત જાણકારી આપવા અંગેની કામગીરી આ વિભાગ મારફતે થાય છે. સમાજમાં પ્રતિષ્ઠિત વ્યકિતઓ મેડીકલ શિક્ષણમાં મદદની ભાવનાથી પોતાનું દેહદાન આપીને આ પ્રવૃતિને બળ પુરુ પાડે છે. અહેવાલી વર્ષ ૨૦૦૭-૦૮ દરમ્યાન ૪૫ વ્યકિતઓના દેહદાન આ વિભાગને મળેલ હતા.એનેટોમી વિભાગમાં આવેલ મ્યુઝીયમમાં માનવ અને પ્રાણીઓના દેહના અવયવો અને બોન્સનો સંગ્રહ કરીને માનવજાતના અભ્યાસ માટેની સંશોધનની કામગીરી કરવામાં આવે છે.આ વિભાગમાં ૪ વિદ્યાર્થીઓ પોસ્ટ ગ્રેજયુએશનનો પણ અભ્યાસ કરે છે.

## ૨) ફિઝીયોલોજી વિભાગ:

ફિઝીયોલોજી વિભાગમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ પ્રથમ MBBS માં ૧૫૦ વિદ્યાર્થીઓએ એડમીશન મેળવેલ હતું. ફીઝીયોલોજીમાં એમને ન્યુરોલોજી,કાર્ડીયોલોજી, જી. આઈ.ટી., એન્ડોક્રાઈન, રેસ્પીરેશન, એકસ્ક્રીટરી,સ્પેશ્યલ સેન્સ, રીપ્રોડકશન વગેરે વિષયોનો અભ્યાસ કરાવવામાં આવેલ.

ફીઝીયોલોજીનું શિક્ષણ વિવિધ પદ્ધતિઓ દ્વારા આપવામાં આવે છે.

(૧) થીયરી નોલેજ (સૈદ્ધાંતિક): ફીઝીયોલોજી થીયરીનું શિક્ષણ લેકચર પદ્ધતિ દ્વારા આપવામાં આવે છે. ડીપાર્ટમેન્ટની તમામ સીનીયર ફેકલ્ટીઓએ ફીઝીયોલોજી વિષયની જુદી જુદી સીસ્ટમો જેમ કે આર.એસ.સી.એન.એસ.,સી.વી.એસ.ના લેકચરો દ્વારા શિક્ષણ આપે છે.

(૨) પ્રેકટીકલ શિક્ષણ : ફિઝીયોલોજીનું પ્રેકટીકલ શિક્ષણ જુનીયર અને સીનીયર ફેકલ્ટીઓના સંયુકત ઉપક્રમે આપવામાં આવે છે. તેમાં પ્રયોગો તેમજ ડેમોન્સ્ટ્રેશનો દ્વારા શિક્ષણ આપવામાં આવે છે. ફીઝીયોલોજીની જુદી જુદી લેબોરેટરીઓ જેમાં હીમોટોલોજી લેબોરેટરી,એકપેરીમેન્ટલ લેબોરેટરી,હ્યુમન ફીઝીયોલોજી લેબોરેટરીમાં ફેકલ્ટીઓ દ્વારા શિક્ષણ અપાયા બાદ વિદ્યાર્થીઓએ પોતે આ પ્રયોગો ફેકલ્ટીઓની દેખરેખ હેઠળ કર્યા.

(૩) એસેસમેન્ટ/મૂલ્યાંકન : વિદ્યાર્થીઓ- થીયરી અને પ્રેકટીકલનું શિક્ષણ યોગ્ય રીતે પ્રાપ્ત કરે છે કે કેમ? / ગ્રાહ્ય કરે છે કે કેમ? તે માટે સમગ્ર વર્ષ દરમ્યાન કલાસ-લેકચરો દરમ્યાન તેમજ વિવિધ તબકકે લેખિત તેમજ મૌખિક , હેતુલક્ષી (ર.ભ.ઊ.)પરીક્ષાઓ દ્વારા વિદ્યાર્થીઓએ પ્રાપ્ત કરેલ શિક્ષણનું એસેસમેન્ટ કરવામાં

આવ્યુ હતુ અને તેની જાણ વિદ્યાર્થીઓને કરવામાં આવી હતી. જરુર પડયે નબળા વિદ્યાર્થીઓને કાન્સેલીંગ પણ કરાવ્યુ હતું. આમાં ટર્મીનલ તેમજ પ્રીલીમનરી પરીક્ષાઓનો પણ સમાવેશ કરેલ હતો.

(૪) ફીઝીયોલોજી વિભાગમાં પોષ્ટ ગ્રેજયુએટનું શિક્ષણ પણ ચાલે છે. આ વિભાગમાં હાલમાં કુલ પાંચ પી.જી.વિદ્યાર્થીઓ છે. તેઓના શિક્ષણ માટે નિયમિત ધોરણે લેકચરો,સેમીનારો તેમજ પરીક્ષાઓનું આયોજન થયેલ છે. તેમના માટે અનિવાર્ય ડીસર્ટેસન માટે નિયમિત કાઉન્સેલીંગ કરવામાં આવેલ છે.

(૫) ડીપાર્ટમેન્ટની તમામ ફેકલ્ટીઓના વિકાસ માટે અને ફિઝીયોલોજી જ્ઞાનમાં વધારો થાય તેમજ સંશોધાત્મક ભાવના જાગે તે માટે પણ સેમીનારો અને સી.એમ.ઈ.પ્રોગ્રામ આયોજીત કરવામાં આવ્યા હતા.

(૩) <u>**બાયોકેમેસ્ટ્રી વિભાગ :**</u>

સને ૨૦૦૭-૨૦૦૮ના વર્ષમાં ૧૫૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. તેમની આ વિષયની કોલેજની તથા યુનિવર્સટીની તમામ પરીક્ષાઓ ડીપાર્ટમેન્ટ દ્વારા લેવાય છે. તદ્ઉપરાંત ફિઝિયોથેરાપી કોલેજના ૫૦ વિદ્યાર્થીઓ આ વિષયનો અભ્યાસ કરે છે. તે જ રીતે નગરી હોસ્પિટલના ઓપ્ટોમેટ્રીના ૩૦ વિદ્યાર્થીઓ પણ આ કોલેજમાં બાયોકેમેસ્ટ્રી વિષય ભણે છે. શેઠ વા.સા.જન.હોસ્પિટલમાં મેડીકલ લેબ.ટેકનીશીયનનો કોર્સ ચાલે છે જેમાં ૭૦ વિદ્યાથીઓ આ વિષયનો અભ્યાસ કરે છે તથા તેઓની પરીક્ષા અહીંય લેવાય છે. શેઠ વા.સા.જન.હોસ્પિટલની બાયોકેમેસ્ટ્રી લેબોરેટરીમાં વિવિધ પ્રકારના દર્દીઓના ઈન્વેસ્ટીગેશન થાય છે. જેનું સંચાલન આ વિભાગ સંભાળે છે.

આ વિભાગમાં Ph.D.(Medical Biochemistry) નો અભ્યાસક્રમ ચાલુ થયેલ છે. જેમા પ્રોફેસર અને ખાતાના વડા ડો.શોભાબેન એ. ચોકસીના માર્ગદર્શન હેઠળ શ્રી એસ.એલ.શર્મા તથા મીસીસ સ્મિતા બહેડીયા અભ્યાસ કરે છે.

અત્રેની કોલેજમાં M.D.(Biochemistry)નો અભ્યાસક્રમ શરુ કરવા મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડીયાને દરખાસ્ત કરવામાં આવેલ છે અને પરવાનગી મેળવવા કાર્યવાહી હાથ ધરેલ છે.

અહેવાલી વર્ષમાં પ્રથમ વર્ષ એમ.બી.બી.એસમાં ૧૫૦ વિઘાથીઓ ને આ વિષયનું શિક્ષણ આપવામાં આવેલ છે. ફીઝીયોથેરાપી કોલેજના ૫૦ વિઘાથીઓ તાલીમ લે છે. શેઠ વા.સા.જન. હોસ્પીટલમાં મેડીકલ લેબ. ટેક. ના ૭૦ વિદ્યાર્થીઓ આ વિષયનો અભ્યાસ કરે છે. તથા તેઓની પરીક્ષા અંહીયા લેવાય છે.વી.એસ.હોસ્પિટલની બાયોકેમેસ્ટ્રી લેબોરેટરી જેમાં દર્દીઓના વિવિધ ઇન્વેસ્ટીગેશન થાય છે.તેને સર્પૂણ રીતે આ કોલેજના વિભાગ સાથે સાંકળી લેવામાં આવેલ છે.આ વિભાગમાં પી.એચ.ડી.મેડીકલ બાયો કેમેસ્ટ્રીનો અભ્યાસક્રમ ચાલુ કરેલ છે.જેમાં મી.એસ.એલ.શર્મા તથા મીસીસ સ્મિતા બહેડીયા અભ્યાસ કરે છે.

આ વર્ષે ઈન બોર્ન મેટાબોલીક ડીસ ઓર્ડર ઉપર વધુ રીસર્ચ ચાલે છેજેમાં ચાર ડોકટર્સ ધ્વારા કામગીરી ચાલે છે.

**<u>પેથોલોજી ડીપાર્ટમેન્ટઃ</u>**

આ વિભાગમાં દર્દીઓનાં લોહીની તથા સઘળી જાતના લેબોરેટરી તપાસનું કાર્ય થાય છે. આ વિભાગમાં એમ.બી.બી.એસ., પોસ્ટ ગ્રેજ્યુએટ (એમ.ડી.અને ડી.સી.પી.)ની ડીગ્રી માટેના તેમજ લેબોરેટરી ટેકનોલોજીનો કોર્સ (એમ.એલ.ડી.) ના વિદ્યાર્થીઓને પણ શિક્ષણ આપવામાં આવે છે. રીસર્ચ પેપર પ્રગટ કરવાનું અને ડેઝરટેશન તૈયાર કરવાનું કાર્ય વિભાગીય વડાઓનાં માર્ગદર્શન નીચે કરવામાં આવે છે.જેની વિગત નીચે મુજબ છે.

૧.રકતદાતાઓના લોહીમાં એચ.આઇ.વી.(એઇડસ)ના વાયરસ,ઓસ્ટ્રેલીયા એન્ટીજન (કમળાનાજંતુ),વી.ડી.આર.એલ. તથા એચ.સી.વી.ની તપાસ

૨.થાઈરોડ,સ્તન,ગળાની તથા અન્ય ગાંઠમાથી સોય મારફતે લીધેલ બાયોપ્સી(એફ.એન.એ.સી.તપાસ)

૩.શરીરના વિવિધ અંગોની ગાંઠો તથા તેના જેવી તકલીફોનો અભ્યાસ(હિસ્ટોપેથોલોજીની તપાસ)

૪. લીવર,કીડની,પ્રોસ્ટેટ તથા અન્ય અવયવોની બાયોપ્સી.

૫.ગાયનેક સાયટોલોજી (ગર્ભાશયનામુખમાંથી લીધેલા પ્રવાહીની તપાસ)

૬.કરોડરજ્જુના પાણી(સી.એસ.એફ.) તથા અન્ય પ્રવાહી(એસાઈટીક,પ્લુરલ ફલુઇડ)ની તપાસ.

૭.પેશાબની તપાસ(સાયટોલોજી)

૮.ગળફાની તપાસ (સાયટોલોજી)

૯.લોહીના ગ્રુપનીતપાસ તથા બ્લડ ગ્રુપમેચીંગનીતપાસ.

૧૦.મેલેરીયાની તપાસ.

### ગુજરાત યુનિવર્સિટીની પરિક્ષામાં બેઠેલ તથા પાસ થયેલ વિદ્યાર્થીઓની માહીતી દર્શાવતું પત્રક

| અ.નં | વિગત | જુલાઇ-૨૦૦૭ | | | જાન્યુઆરી-૨૦૦૮ | | |
|---|---|---|---|---|---|---|---|
| | | કુલ વિદ્યાર્થીઓ | પાસ થયેલ વિદ્યાર્થીઓ | ટકાવારી | કુલ વિદ્યાર્થીઓ | પાસ થયેલ વિદ્યાર્થીઓ | ટકાવારી |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧ | **પ્રથમ વર્ષ એમ.બી.બી.એસ** | ૧૬૨ | ૧૨૦ | ૭૪.૦૭% | ૪૧ | ૩૨ | ૭૮.૦૪% |
| ૨ | **દ્વિતીય વર્ષ એમ.બી.બી.એસ** | ૪૨ | ૩૧ | ૭૩.૮૧% | ૧૪૩ | ૧૨૨ | ૮૫.૩૧% |
| ૩ | **તૃતીય વર્ષ એમ.બી.બી.એસ પાર્ટ-૧** | ૨૯ | ૨૮ | ૯૬.૫૫% | ૧૨૯ | ૧૧૮ | ૯૧.૪૭% |
| ૪ | **તૃતીય વર્ષ એમ.બી.બી.એસ પાર્ટ-૨** | ૩૧ | ૧૯ | ૬૧.૨૯% | ૧૩૯ | ૧૨૮ | ૯૨.૦૯% |
| કુલ | | **૨૬૪** | **૧૯૮** | ૭૫% | **૪૫૨** | **૪૦૦** | |

પેથોલોજી લેબોરેટરી

અહેવાલી વર્ષ દરમ્યાન આ વિભાગ તરફથી કરવામા આવેલ કામગીરીની વિગતો નીચે મુજબ છે.

| **અનું. નં** | **નમુનાનું વર્ણન** | **તપાસેલા નમુનાની વિગત** |
|---|---|---|
| | | **૨૦૦૭-૨૦૦૮** |
| ૧ | ૨ | ૩ |
| ૧ | પેશાબની તપાસ | ૫૫,૦૭૫ |
| ૨ | કરોડના પાણી( સી.એસ.એફ.)ની તપાસ | ૧,૯૨૯ |
| ૩ | હિસ્ટોપેથોલોજી(બાયોપ્સી)ની તપાસ | |
| | -હિસ્ટોપેથોલોજી સ્પેશીમેન | ૧૦,૦૮૪ |
| | -હિસ્ટોપેથોલોજી સ્લાઇડસ | ૪૩,૫૩૨ |
| | -પોસ્ટમોર્ટમ સ્લાઇડસ | ૩,૧૪૦ |
| | -પોસ્ટમોર્ટમ સ્પેશીમેન | ૨,૮૪૭ |
| | -સ્પેશ્યલ સ્ટેઇન્સ | ૬૩૪ |
| ૪ | એફ.એન.એ.સી.તથા સાઇટોલોજીની તપાસ | |
| | -એરપીરેટેડ | ૧,૩૬૮ |
| | -સ્લાઇડસ | ૯,૫૭૭ |
| ૫ | લોહીની તપાસ | |
| | -રુટીન તપાસ | ૧,૫૯,૩૦૪ |
| | -સ્પેશ્યલ ટેસ્ટસ | ૮,૯૦૮ |
| ૬. | બ્લડ બેંકની પ્રવૃતિઓ | |
| | - લોહીના ગ્રુપની તપાસ | ૮૩,૦૬૧ |
| | - રકતદાન શિબિર | ૧૧૫ |
| | - ઓસ્ટ્રેલીયા એન્ટીજન તપાસ | ૩૪,૨૨૦ |
| | - એઇડસના જંતુની તપાસ | ૨૬,૨૩૫ |
| | - એચ.સી.વી.ની તપાસ | ૨૦,૩૩૯ |
| | - વી.ડી.આર.એલ.ની તપાસ | ૨૦,૩૩૯ |
| | - બનાવેલ રકત ઘટકો | ૧૦,૬૮૩ |
| | - દર્દીઓને આપેલ રકત ઘટકો | ૧૦,૧૮૩ |

## ૫) **માઈક્રોબાયોલોજી વિભાગ :**

અમદાવાદ શહેરમાં જયારે કોઈપણ રોગચાળો ફેલાય ત્યારે તેની બેકટેરીયોલોજી તપાસ આ વિભાગમાં થાય છે. દા.ત.ડેન્ગ્યુ, મેનેન્જાઈટીસ,ટાઈફોઈડ,કોલેરા,પ્લેગ,ગેસગેન્ગ્રીન વિગેરે. આ ઉપરાંત એમ.બી.બી.એસ., એમ.ડી.,ફીઝીયોથેરાપી,ઓપ્ટોમેટ્રી, એમ.એલ.ટી.ના વિદ્યાર્થીઓનું શિક્ષણ કાર્ય અને પરીક્ષા કાર્ય આ વિભાગમાં થાય છે. આ વિભાગમાં નીચે મુજબના સંશોધન કાર્ય થાય છે.

૧) ગુજરાત સ્ટેટ એઈડસ કન્ટ્રોલ સોસાયટી અને એ.સી.એસ.(મ્યુનિસિપલ કોર્પોરેશન)દ્વારા પીપીટીસી અને આઈસીટીસી સેન્ટર ચાલે છે.

૨) છેલ્લા પાંચ વર્ષથી એન્ટીનેટલ સર્વેલન્સ પ્રોજેકટ ચાલે છે.

૩) એન.એચ.એલ.મ્યુનિસિપલ મેડીકલ કોલેજ તથા વી.એસ.હોસ્પિટલમાં એચ.આઈ.વી.લેબોરેટરીને SRL (સ્ટેટ રેફરલ લેબોરેટરી) તરીકે ઓળખવામાં આવે છે. તેમાં ગુજરાતની આશરે ૪૦ થી વધુ સેન્ટરોમાં એચ.આઈ.વી.ટેસ્ટીંગનું કવોલીટી પરીક્ષણ કરવામાં આવે છે.

અહેવાલી વર્ષ ૨૦૦૭-૨૦૦૮ દરમ્યાન એચ.આઈ.વી.(પેશન્ટ) લેબોરેટરીમાં નીચે જણાવેલ વિગત મુજબના નમુના ટેસ્ટ કરવામાં આવેલ હતા.

| અનુ.નં | વિગત | સંખ્યા |
|---|---|---|
| ૧ | સી.રીએકટીવ પ્રોટીન(સી.આર.પી.) | ૫૪૦ |
| ૨ | રુમે ટોઇડ આરથ્રાઇટીસ (આર.એ.) | ૭૫૨ |
| ૩ | એન્ટી સ્ટ્રેપ્ટોલાઇસીન ઓ.(એ.એસ.ઓ.) | ૧૯૪ |
| ૪ | વેનરલ ડીસીઝ રીસર્ચ લેબોરેટરી ટેસ્ટ (વી.ડી.આર.એલ.) | **૪૫૧** |
| ૫ | વીડાલ(ટાઈફોઇડ માટે) | ૨૦૪૮ |
| ૬ | હયુમનન ઈમ્યુના ડેફીસીયન્સી વાયરસ એન્ટીબોડી | ૨૦૧૫૮ |
| ૭ | હીપેટાઈટીસ બી સરફેસ એન્ટીજન(એચ.બી.એસ.) | ૨૧૪૧૬ |
| ૮ | હીપેટાઇટીસ સી વાયસર એન્ટીબોડી | ૨૫૧૩ |
| ૯ | ડેન્ગ્યુ ઈમ્યુનો ગ્લોબ્યુલીન એમ એન્ટી બોડી | ૧૨૪૫ |
| ૧૦ | ઝાડાની તપાસ | |
| ૧૧ | એચ.આઇ.વી.ની તપાસ (પીપીટીસીટી) | ૪૧૧૯ |
| **૧૨** | એચ.આઇ.વી.ની તપાસ (વીસીટીસી) | ૩૩૦૯ |
| ૧૩ | એચ.આઇ.વી.ની તપાસ (એન્ટીનલ સર્વેલન્સ પ્રોગ્રામ૦ | ૩૬૩૮ |
| ૧૪ | કલ્ચર અને સેન્સીટીવીટી ની તપાસ અને સ્મીયર તપાસ (પેશાબ,લોહી,ગળફો,પરૂ,સીએસએફ,ઝાડા,ટીસ્યુ) | ૧૧૨૫૪ |
| ૧૫ | ગળાની તપાસ/ડીપ્થેરીયા | ૨૭૭ |
| ૧૬ | ફકત સ્મીયર ગ્રામસ્ટેઇન/ઝેડએન સ્ટેઇન | ૭૭૧ |

| | | |
|---|---|---|
| ૧૭ | ફન્ગસ(ફૂગ) | ૨૩૪ |
| ૧૮ | ઝાડાની તપાસ (કોલેરા) | ૪૦૪ |
| ૧૯ | પેશાબ(પ્રેગનન્સી ટેસ્ટ) | ૧૫૭૭ |
| ૨૦ | ઝાડાની તપાસ | ૧૪૯૬ |
| ૨૧ | ઓપરેશન થીયેટરના સર્વેલન્સના સ્વોબ | ૧૩૩ |
| ૨૨ | પોસ્ટ મોર્ટમના સેમ્પલ | ૮૪ |
| ૨૩ | પેથોલોજી લેબોરેટરીના (સ્મીયર એએફબી)(ઝેડ એન સ્ટેઈનની તપાસ) | ૭૫ |

**ફાર્માકોલોજી વિભાગ**

મેડીકલ કોલેજના આ વિભાગ દ્વારા દ્વિતિય વર્ષ એમ.બી.બી.એસ. (સ્નાતક) અને એમ.ડી. (અનુસ્નાતક) કક્ષાના વિદ્યાર્થીઓને ઔષધશાસ્ત્રની તાલીમ આપવામાં આવે છે. હાલમાં ૯ વિદ્યાર્થીઓ એમ.ડી. ના અભ્યાસક્રમમાં કાર્યરત છે.

તા.૨૯ સપ્ટેમ્બર ૨૦૦૭ના રોજ ફીઝીયોલોજી વિભાગ સાથે Association of Physiologists and Pharmacologists of India (APPI) ની ગુજરાત સ્ટેટ કોન્ફરન્સનું કોલેજ ખાતે આયોજન કરવામાં આવ્યુ. તેમાં ૨૦૦ જેટલા ડેલીગેટ હાજર રહ્યા હતા. વિભાગના વડા ડો.વર્ષા પટેલે વકતવ્ય રજુ કર્યુ હતું તેમજ ડો.હેમંત ઝવેરીના સેલ્ફ મેડીટેશન વિશેના સંશોંધન પત્રને શ્રેષ્ઠ પેપરનું ઈનામ પ્રાપ્ત થયું હતું.

તા.૧૩ ઓકટોબર ૨૦૦૭ના રોજ નેશનલ એકેડેમી ઓફ મેડીકલ સાયન્સીસ, દિલ્હીના આર્થિક સહકારથી એલ.એમ.કોલેજ ઓફ ફાર્મસીના સંલગ્ન, કલીનીકલ ટ્રાયલ વિશે એક દિવસીય પરિસંવાદનું આયોજન કર્યુ જેમાં ૨૫૦ જેટલા ડોકટરો, ફાર્માસીસ્ટો વગેરેએ ભાગ લીધો. વિભાગના વડા ડો.વર્ષા પટેલ આ કાર્યક્રમના ચેરપરસન હતા. તેમણે 'Good Clinical Practices' વિશે વકતવ્ય રજૂ કર્યુ હતું.

તા.૧૬ માર્ચ ૨૦૦૮ ના રોજ વાપી ખાતે 'ગુજરાત સ્ટેટ કોન્ફરન્સ ઓફ ઈન્ડીયન ફાર્મેકોલોજી સોસાયટી' માં વિભાગના શિક્ષકો અને અનુસ્નાતક વિદ્યાર્થીઓએ ભાગ લીધો તેમાં જુનીયર લેકચરર ડો.ભાવેશ વ્યાસે સંશોધન પત્ર વાંચ્યુ હતું.

ડો.વર્ષા પટેલ અને ડો.સોહાગ સાંધાણીનો સંશોધન લેખ ગુજરાત મેડીકલ જર્નલના ફેબ્રુઆરી ૨૦૦૭ના અંકમાં પ્રકાશિત થયો.

કોલેજના મેડીકલ એજયુકેશન યુનિટનું સંચાલન વિભાગના વડા ડો.વર્ષા પટેલ દ્વારા ડીનશ્રીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવે છે. જેની વિવિધ પ્રવૃત્તિઓ નીચે પ્રમાણે છે.

પ્રથમ વર્ષ એમ.બી.બી.એસ.તથા દ્વિતિય વર્ષ એમ.બી.બી.એસ.ના નવા વિદ્યાર્થીઓને ઓરીએન્ટેશન કાર્યક્રમ(માર્ગદર્શન)

૧. આ કોલેજના તબીબી શિક્ષકો માટે ત્રણ દિવસીય પ્રિનસીપલ્સ અને પ્રેકટીસ ઓફ એજયુકેશન ટેકનોલોજી ઇન મેડીકલ એજયુકેશન અંગેની કાર્યશાળા. તા:૨૩ થી ૨૫ ઓગ્ષ્ટ ૨૦૦૭
૨. ગુજરાત રાજયની નર્સિંગ કોલેજો અને સ્કુલોના શિક્ષકો માટે એજયુકેશન ટેકનોલોજી અંગેનો બે દિવસીય કાર્યશાળા તા.૨૫ થી ૨૮ એપ્રિલ -૨૦૦૭(પ્રિવેન્ટીવ અને સોશ્યલ મેડીસીન વિભાગના સહયોગથી)

**ફોરેન્સીક મેડીસીન ડીપાર્ટમેન્ટ-**

૧ ફોરેન્સીક મેડીસીન વિભાગ સેકન્ડ એમ.બી.બી.એસ અને એમ.ડી.(ફોરેન્સીક મેડીસીન)ના વિદ્યાર્થીઓને તે અંગેનું શિક્ષણ આપવાનું કાર્ય કરે છે.

૨.ફોરેન્સીક મેડીસીન વિભાગ ધ્વારા વા.સા.જનરલ હોસ્પિ.માંથી આવેલ મેડીકો.લીગલ કેસીસમાં પોસ્ટ મોર્ટમ કરવામાં આવે છે જે ૧ લી એપ્રિલ ૨૦૦૭ થી ૩૧ ડિસેમ્બર સુધી પોસ્ટ મોર્ટમ નં ૨૭૯ થી ૧૧૪૧ =કુલ ૮૭૩ અને ૧ લી જાન્યુ.૨૦૦૮ થી ૩૧ માર્ચ ૨૦૦૮ સુધી પોસ્ટ મોર્ટમ નં- ૧ થી ૨૯૭ આમ સને ૨૦૦૭-૦૮માં ઉપર જણાવ્યા મુજબ કુલ ૮૭૩+૨૯૭=કુલ ૧૧૭૦ પોસ્ટ મોર્ટમ ફોરેન્સીક મેડીસીન વિભાગ ધ્વારા કરવામાં આવે છે.

૩.ફોરેન્સીક મેડીસીન વિભાગના તબીબી અધિકારીઓ ધ્વારા પોસ્ટ મોર્ટમના કામ અન્વયે વિવિધ ગુનાઓમાં ગુજરાતમાંથી તેમજ ગુજરાત રાજય બહાર ક્રિમીનલ તેમજ સીવીલ કોર્ટમાં સરકાર તરફથી કોર્ટમાં જુબાની તેમજ નિષ્ણાતોના અભિપ્રાય આપવાનું કામ થાય છે.

૪.ફોરેન્સીક મેડીસીન વિભાગ ધ્વારા મ્યુનિસિપલ કોર્પોરેશનના વિવિધ ખાતાઓમાંથી કર્મચારીઓની ઉંમર અંગેની કાર્યવાહી માટે મોકલાતા કર્મચારીઓની ઉંમર અંગેની તપાસ કરી ઉંમર અંગેનું સર્ટીફીકેટ આપવાનું કામ અત્રે થી થાય છે.

**પ્રિવેન્ટીવ એન્ડ સોસીયલ મેડીસીન-**

**રોમ યોજનાઃ**

આ વિભાગ દ્વારા ચાલતી રોમ યોજના અંતર્ગત અમદાવાદ શહેરના ઝૂંપડપટ્ટી ( ગુલબાઇ ટેકરા, કાગદીવાડ, અચેર સાબરમતી) વિસ્તારોમાં ફરતું દવાખાનુ ચલાવવામાં આવે છે.જેના મારફતે વિભાગના જુનીયર લેકચરર, અનુસ્નાતક વિદ્યાર્થીઓ,ફાર્માસીસ્ટ,ડ્રાયવરશ્રીઓ સેવા આપે છે. નિવારણલક્ષી અને સારવારલક્ષી સેવાઓ ઉપરોક્ત રહીશોનેઆપવામાં આવે છે.આ યોજના દ્વારા સ્નાતક,અનુસ્નાતક વિદ્યાર્થીઓ,ઇન્ટર્ન ડોકટર્સ,અને નર્સિંગ વિદ્યાર્થીઓને સારવાર અને રોગોના અટકાવને લગતી ઘનીષ્ટ તાલીમ આપવામા આવે છે.વર્ષ ૨૦૦૭-૨૦૦૮ માટેની રોમ યોજનાની કામગીરી ટેબલમાં દર્શાવેલ છે.આ યોજના દ્વારા સામુદાયિક સ્વાસ્થય અંગે શિક્ષણ,સંશોધન,તાલીમ અને પ્રત્યક્ષ નિર્દશન કરવામાં આવે છે.

**રોમ યોજના ૨૦૦૭-૨૦૦૮**

| કેસ | ગુલબાઈ ટેકરા | કાગદીવાડ નદી કીનારે પાલડી | અચેર-સાબરમતી |
|---|---|---|---|
| **નવા કેસ** | ૭૧૮ | ૭૭૧ | ૬૬૩ |
| **જુના કેસ** | ૫૧૦ | ૧૧૭૭ | ૧૦૨૮ |
| **પુ.પુરુષ** | ૨૩૩ | ૨૨૬ | ૧૩૯ |
| **પુ.સ્ત્રી** | ૨૯૧ | ૨૭૭ | ૨૭૬ |
| **પુરુષ બાળક** | ૧૦૨ | ૧૫૪ | ૧૩૫ |
| **સ્ત્રી બાળક** | ૯૨ | ૧૧૪ | ૧૧૩ |
| **કુલ વીઝીટ** | ૯૮ | ૯૪ | ૯૨ |

**રસીકરણ**

| | |
|---|---|
| **ઓ.પી.વી.(પોલીયો)** | **૨૩૧** |
| **ડી.ટી.પી(ત્રિગુણી)** | **૧૭૮** |
| **ડી.ટી.(દ્વિગુણી)** | **૪૫** |
| **મીઝલ્સ(ઓરી)** | **૮૦** |
| **બી.સી.જી.(ટી.બી.)** | **૨૫** |
| **હીપેટાઇઝ-બી** | **૨૫૧** |
| **વીટામીન એ** | **૧૬૬** |

વિભાગ સાથે નીચે જણાવેલ સેન્ટરો સંકળાયેલા છે.

૧. રૂરલ હેલ્થ ટ્રેનીંગ સેન્ટર(આર.એચ.ટી.સી.) ચાંદખેડા
૨. અર્બન હેલ્થ સેન્ટર(યુ.એચ.ટી.સી.)સાબરમતી
૩. અર્બન હેલ્થ સેન્ટર(યુ.એચ.ટી.સી.)
૪. અર્બન હેલ્થ સેન્ટર(યુ.એચ.ટી.સી.)
૫. એમ.એમ.રેફરલ હોસ્પિટલ,સાબરમતી
૬. મ્યુનિસિપલ મેટરનીટી હોમ,સાબરમતી

આ દરેક જગા પર ઈન્ટર્ન ડોક્ટરોને ૧૫ દિવસનું પોસ્ટીગ આપવામાં આવે છે.જ્યાં તેમને વિભાગ દ્વારા નિમાયેલ સ્ટાફ મેમ્બર તથા જે તે જગાના સરકારી કર્મચારીગણ દ્વારા નિવારણ અને સારવારલક્ષી ઘનિષ્ઠ તાલીમ આપવામાં આવે છે.

**હેલ્થ ફોરમ:**

આ વિભાગ દ્વારા ચાલતી આ સ્વૈચ્છિક સંસ્થા જુદાજુદા સ્તરના લોકોની આરોગ્ય પ્રદર્શન,નિવારણ અને સારવાર,હેલ્થ ચેક અપ કેમ્પસ વિગેરે પ્રવૃતિઓ હાથ ધરે છે.આ ઉપરાંત તબીબી જગતના અગત્યના અને પડકાર રુપ પ્રશ્નો પર સંશોધનનું કામ પણ કરે છે.

**રાષ્ટ્રીય સેવા યોજના(એન.એસ.એસ.)**

આ રાષ્ટ્રીય સેવા યોજનામાં કોલેજના સ્નાતક,અનુસ્નાતક વિઘાર્થીઓ,ઈન્ટર્ન ડોકટરો સભ્યપદ ધરાવે છે.અમદાવાદ જીલ્લા તથા અન્ય વિવિધ ગામોમાં હેલ્થ ચેકઅપ,આરોગ્ય શિક્ષણ અને પ્રદર્શન,શાળા આરોગ્ય

સેવાઓ,આરોગ્ય શિક્ષણ માટે પુસ્તકો(પુસ્તિકાઓ) પોસ્ટરોની બનાવટ,ઇન્ડોર તથા આઉટડોર દર્દીઓ અને તેમના સગા સંબંધીોને આરોગ્ય વિષેની સમજણ વિગિરે પ્રવૃતિઓ કરે છે.

**<u>સઘન પલ્સ પોલિયો નાબુદી અભિયાન(આઇ.પી.આઇ.પી.)</u>**

ભારત ભરમાં ચાલતા અભિયાનમાં પી.એસ.એમ.વિભાગના કર્મચારી તથા અનુસ્નાતક વિદ્યાર્થીઓ દ્વારા અભિયાનના મૂલ્યાંકનની કામગીરી વર્ષ ૨૦૦૭-૨૦૦૮ દરમ્યાન હાથ ધરવામાં આવી હતી.

**<u>શિક્ષણ અને તાલીમ:</u>**

આ વર્ષ દરમ્યાન વિભાગના કર્મચારી તથા અનુસ્નાતક વિદ્યાર્થીઓને પી.એસ.એમ.વિષયમાં જુદાજુદા સેમીસ્ટરના અનુસંધાને લેકચર્સ લેવામાં આવે છે.તથા ફીલ્ડ વિઝીટ માટે જુદીજુદી જગ્યાએ લઇ જવામાં આવે છે. ર્મચારીઓ તથા વિદ્યાર્થીઓને અમદાવાદ એઇડસ કંટ્રોલ સોસાયટીના સહયોગ દ્વારા તાલીમ આપેલ છે.

**Month wise Activities (apart from teaching and training of undergraduates, postgraduate and interns) of the department during the year 2007-2008**

| | |
|---|---|
| April 2007 | • 4/4/07-11/4/07: IMNCI Training of 23 AWW &1 MS of Gandhinagar district.<br>• 12/4/07-14/4/07: Senitization workshop& Strengthning preservice Medical Education at Hotel Surya Palace.<br>• 23/4/07-25/4/07& 26/4/07-28/4/07: RM Workshop for residents of 4 hospitals affiliated to NHLMMC. |
| May 2007 | • 19/5/07-22/507: NID round monitoring by Dr.Jay Sheth.<br>• 1/5/07 onwards: ID Survey |
| June 2007 | • 14/607: Meeting for DISHA-District Intervention for Specific Successful Social Health Action Project.DCP2-District Control Programme priorities. |

| | |
|---|---|
| July 2007 | • 10/7/07: MDRF Intensive Interactive Training Programme (Supported by NIH, USA) MDRF Chennai,India.& Uni.of Alaburma, Birmingham,USA.Smt.N.H.L.M.M.C- Dr.Himanshu Nayak.<br>• 13/7/07-15/7/07: MDRF-AB-National seminar on prevention of NCD. Dr.Himanshu Nayak.<br>• 13/708-15/7/08: Supervisory Training IMNCI -1 at PSM department. - Dr. U.N.Oza & Dr.Jay Sheth. |
| August 2007 | • 16/8/08-18/8/08: Supervisory Training IMNCI -2 at Mansa - Dr. U.N.Oza & Dr.Jay.<br>• 23/8/07-25/8/07: Supervisory Training IMNCI -2 at Gandhinagar - Dr. U.N.Oza & Dr.Jay.<br>• 26/8/07- 28/8/07: 5th Research Methodology (RM) & Medical Certification of Cause of Death (MCCD) at |

| | |
|---|---|
| | PSM Department, Smt.N.H.L.M.M.C.<br>• 29/8/07; 3:00 to 4:00; Guest lecture on Glimpses of my expedition to Antarctica. by Dr.S.S.Munjal A Scientist in SAC(Space Application Center) of ISRO |
| September 2007 | • 5/9/07 onwards ID Survey.<br>• 11/9/07-13/9/07: IMNCI Monitoring Training of Supervisory Staff of Dehgam block of Gandhinagar.-Dr.U.N.OZA.,Dr.Jay.<br>• 16/9/07-18/9/07: Public Health Informatics 2007.Uni.of Washington.USA attended by Dr. Himanhu Nayak.<br>• 25/9/07-26/9/07: SIHFW; SRIM workshop on" Immunization for the faculty of medical college in Gujarat".-Dr.Vaibhav Ramanuj & Dr. Jay Sheth.<br>• 24/9/07-1/10/07: IMNCI to M.O. of GoG. |
| October 2007 | • ID Survey -AMC |
| November 2007 | • ID Survey -AMC |
| December 2007 | • ID Survey -AMC<br>• 17/12/07- 24/12/07 IMNCI Training of MO of Mehsana district.<br>• IPPIP Training for Public Health Supervisors of AMC-Dr. Sheetal Vyas, Dr. Aparajita Shukla & Dr. Sonal Parikh. |

| | |
|---|---|
| January 2008 | • On 18th & 19th January, 2008 our department has organized a state level conference on the theme of "Vector Borne Diseases – A Public Health Challenge"<br>• Paper presentation by Dr. Jay Sheth; Dr. Mital Prajapati; Dr. Kinnari Gupta & Dr. Gneyaa Bhatt in the same conference.<br>• Poster presentation by Dr. Himanshu Nayak, Dr. Kamlesh Jain, Dr. Hitesh Gaur & Dr. Krutarth Bhrahmbhatt.<br>• On 16th & 17th January, 2008 our department has organized a Pre-conference CME programme on "Research Methodology and Application of Biostatistics in Health Sciences" for the resident doctors & faculty members of Medical colleges from all over Gujarat. |

| | |
|---|---|
| | • 5/1/08-8/1/08 NID Gandhinagar.-Dr.Vaibhav. |
| February 2008 | • ID Survey -AMC<br>• 9/2/08-12/2/08:NID;Dr.Vaibhav-Gandhinagar.;Dr. Jay-Ahmedabad.<br>• 18/2/08- 22/2/08: IMNCI Training of SN of NHL Staff - Dr. U.N.Oza & Dr.Jay.<br>• 27/2/08- 28/2/08: AIDS training of interns, PG students & junior faculty members- organized by Dr. Jay Sheth.<br>• 29/2/08:Training of interns about TB & RNTCP organized by Dr. Jay Sheth<br>• 29/2/08: Indo-US workshop Orgnised by joint colloberation of Uni. Of South Florida Dr.Kartik N. Trivedi, Dr.Sheetal Vyas, Dr.Mital J. Prajapati, Dr. Himanshu K. Nayak, Dr.Kamlesh G. Jain, Dr. Kinnari Gupta, Dr. Gneyaa Bhatt & Dr. Krutarth Bharhmbhatt at Baroda. |
| March 2008 | • ID Survey -AMC |

**લાયબ્રેરી-**

અહેવાલી વર્ષ દરમ્યાન મેડીકલ કોલેજ પુસ્તકાલયમાં ૧૮૧૩૦ પુસ્તકો અને ૬,૮૦૨ જેટલા બાંધેલા સામયિકો મળી કુલ ૨૪,૯૩૨ પુસ્તકો અને સામાયિકો થાય છે. આ ઉપરાંત ૧૩૨ કેસેટો ૧૪૩ ફિલ્મ સ્લાઇડ અને ૫૩ વિડીયો કેસેટ છે.

વર્ષ દરમ્યાન કોલેજની સેન્ટ્રલ લાયબ્રેરી માટે કુલ રૂા.૨૪,૪૯,૩૧૨ /- નો ખર્ચ કરવામાં આવેલ છે.આ રકમમાંથી કુલ રૂા.૪,૭૦,૫૫૧ ના પુસ્તકો અને રૂા.૧૯,૭૮,૭૬૧ ના સામયિકો ખરીદવામાં આવ્યા છે.
કોલેજની સેન્ટ્રલ લાયબ્રેરી બ્રિટીશ લાયબ્રેરીની ઈન્ટીટયુશનલ મેમ્બરશીપ પણ દર વર્ષની જેમ રીન્યુ કરાવેલ છે અને ટીચીંગ સ્ટાફના મેમ્બરોને કાર્ડ પર બ્રિટીશ લાયબ્રેરીમાંથી પુસ્તક લેવા માટે આપવાની વ્યવસ્થા કરેલ છે.કોલેજની લાયબ્રેરીમાં રીસર્ચ કરતા ડોકટરોને ઉપયોગી તબીબી વિષેના ડેઝરટેશન લાયબ્રેરીમાં રાખવામાં આવેલ છે તેમજ કોલેજની લાયબ્રેરીમાં નવા ખરીદેલા પુસ્તકો/સામાયિકો માટે ન્યુ એરાઇવલ રેક રાખવામાં આવેલ છે.

ઉપરાંત હાલમાં મેડીકલ કોલેજ તરફથી Foreign Journals(Electronic Medium on CD ROM of OVID Teachnologies with 59 Journals+Full medlin-1966 to present 2001+1 year+3Drives daisy chained CD ROM Tower વસાવેલ છે.

મેડીકલ કોલેજની લાયબ્રેરીમાં મેડીકલ ઈન્ફરમેશન સેન્ટર વિભાગની શરૂઆત તા.૨૯/૪/૯૮ થી કરવામાં આવેલ છે.જેમાં વિશ્વભરમાં પ્રકાશિત થતા મેડીકલ સામયિકોમાં છપાયેલ લેખો સંબંધી ઈન્ડીકેટીવ અને ઈન્ફરમેટીવ માહિતી મેડલાઇન ધ્વારા મેળવી શકાય છે.

લાયબ્રેરીમાં અન્ડર ગ્રેજયુએટ, પોસ્ટ ગ્રેજયુએટ,વિધાર્થીઓ તેમજ તબીબી શિક્ષકો મેડીકલ ક્ષેત્રની છેલ્લામાં છેલ્લી માહિતી ઓન લાઇન મેળવી શકે તે માટે લાયબ્રેરીમાં કોમ્પ્યુટર લેબ બનાવવામાં આવેલ છે.જેમાં ૨૦ કોમ્પ્યુટર મુકી ઈન્ટરનેટની સુવિધા આપવામાં આવેલ છે.જેનો વિધાર્થીઓ તેમજ તબીબી શિક્ષકો મહત્તમ ઉપયોગ કરે

છે.લાયબ્રેરીમાં રાખવામાં આવેલ પુસ્તકો/જર્નલ્સ વિગેરેના ઇસ્યુ/રીટર્નની સીસ્ટમ કોમ્પ્યુટરરાઇઝેશન કરવા અંગેની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

# ૯.૪ પુસ્તકાલયો અને વાંચનાલયો

## ૦૭-૦૮

અમદાવાદ શહેરના નગરજનોની જ્ઞાનપિપાસા સંતોષવા તથા દરેક નાગરિકને દેશ દુનિયાની ખબરોથી વાકેફ રાખવા ,જાગૃતતા લાવવા,માહિતી અને મનોરંજન  તથા જ્ઞાન સાથે ગમ્મતથી જ્ઞાનનું અવિરત ઝરણું વહેવડાવવાની સાથે જ્ઞાનની સીમા વધારવા પુસ્તકાલયખાતું સદા કાર્યશીલ રહયું છે. ઉત્સાહી તેમજ ઉત્સુક વાંચકો માટે અત્યારે શહેરના પાંચ ઝોનમાં વાંચનાલય સાથે પુસ્તકાલય સેવાના જ્ઞાનની પરબ સમાન  કુલ ૨૮ યુનિટ કાર્યરત છે. માહિતી, મનોરંજન અને પ્રેરણા પુરી પાડતા દરેક પુસ્તકાલય તથા વાંચનાલયમાં ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી મળી કુલ ૮૨૬ સામાયિકો તથા ૨૮૮ દૈનિકો  મંગાવી દરેક પ્રકારના વાંચક વર્ગની જ્ઞાનપિપાસા સંતોષાય તે માટે ખાતુ હંમેશા પ્રયત્નશીલ  રહયું છે.

શહેરના પૂર્વ,પશ્ચિમ,ઉત્તર,દક્ષિણ તથા મધ્યઝોનમાં અનુક્રમે વિમળભાઈ નગીનદાસ શાહ લાયબ્રેરીમાં ૧૯૪૪૩, મહાત્મા ગાંધી લાયબ્રેરીમાં ૮૩૪૬, પટેલ કે.કે. પુસ્તકાલય(નરોડા)માં ૯૨૪૨,મણીનગર મ્યુ.પુસ્તકાલયમાં ૧૩૬૩૭  તથા ભાઇશંકર નાનાભાઇ લાયબ્રેરીમાં ૨૦૨૮૭ મળીને કુલ  ૧૩૧૪૮૩ પુસ્તકોનો વિપુલ ગ્રંથસંગ્રહ વિચારશીલ વાચકોના માટે આપ-લે અર્થે મુકાયેલ છે.

અહેવાલી વર્ષમાં ભા.ના. પુસ્તકાલયમાં કુલ ૧૫૨૮ સભાસદ, શ્રી.વિ.ન.શાહ પુસ્તકાલયમાં ૯૩૩ સભાસદ, શ્રી મહાત્મા ગાંધી પુસ્તકાલયમાં ૧૫૦૨ સભાસદ, કે.કે.પટેલ પુસ્તકાલય ૭૧૨ અને મણિનગર મ્યુ. પુસ્તકાલયમાં  ૨૫૦૧  સભાસદ મળી કુલ ૭૬૯૧ સભાસદો ગ્રંથ સંગ્રહનો અવિરત લાભ લેતા રહયા છે. એક વાંચનાલયમાં રોજના સરેરાશ ૧૦૦ થી ૧૫૦ વાંચકો વાંચનાલય સેવાનો લાભ લઇ રહયા છે જે એક ગૌરવની વાત છે.

ઉપરોક્ત પાંચ લાયબ્રેરીમાંથી કોઇપણ  વાચક સભ્યપદ મેળવવા ઈચ્છે તો ગ્રંથાલયના નિયત ફોર્મમાં વિગત ભરવા સાથે કાઉન્સીલરશ્રી મ્યુ.કમિશનરશ્રી સહિત મ્યુ.હદના સ્કુલ કોલેજના આચાર્યશ્રી તથા મ્યુ.કોર્પોરેશનની કોઇપણ કમિટીના ચૂંટાયેલા ચેરમેન; ડે.ચેરમેન તથા મ્યુ.હદમાંથી ચૂંટાયેલ વિધાનસભા અને  લોકસભાનાં પ્રતિનિધિશ્રી વિ.ની સહી જામીનગીરી માટે મેળવી સભ્યપદ પ્રાપ્ત કરી શકે છે.

દરમ્યાન અહેવાલી વર્ષમાંરૂા.૯૫૦ ના ખર્ચે કુલ ૩૯ પુસ્તકો વસાવવામાં આવ્યા છે. વર્ષ દરમ્યાન પુસ્તકાલય તેમજ વાંચનાલયમાં દૈનિક સામાયિકો તથા વાંચકોની સંખ્યા દર્શાવતું પત્રક ૯.૪.૧ અને ૯.૪.૨ આ સાથે સામેલ છે. વર્ષ દરમ્યાન દૈનિકપત્રો તથા સામાયિકો મંગાવવાનો કુલ ખર્ચ રૂા.૩.૦૭ લાખ થયો છે.

આમ પુસ્તકાલય ખાતુ સમાજના વિવિધ વાંચકો માટે વિશાળ પટ પર જ્ઞાનની પરબ સમાન પુસ્તકાલયો અને વાચનાલયો દ્વારા  સમાજમાં શિક્ષણ, સંસ્કાર સીંચતું માહિતી અને મનોરંજન પૂરૂ પાડતું તથા લોકકલ્યાણની ભાવના કેળવતું  ઉતમ માધ્યમ છે.

## પત્રક ૯.૪.૧
## ૨૦૦૭-૦૮ વર્ષ દરમ્યાન વાંચનાલયોની માહિતીની સંખ્યા દર્શાવતું પત્રક

| અનુ. નં | મ્યુ.પુસ્તકાલયનું નામ | શરૂથયા તારીખ | દૈનિકોની સંખ્યા | સામાયિકોની સંખ્યા | વાંચકોની સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | ગોમતીપુર મ્યુનિસિપલ વાંચનાલય | ૧૨/૧૦/૭૨ | ૧૨ | ૨૭ | ૪૧૫૩૦ |
| ૨ | બહેરામપુરા મ્યુનિસિપલ વાંચનાલય | ૨૨/૦૭/૮૪ | ૧૦ | ૩૦ | ૧૯૨૪૦ |
| ૩ | અસારવા મ્યુનિસિપલ વાંચનાલય | ૧૩/૦૨/૮૩ | ૦૮ | ૩૦ | ૧૭૭૬૧ |
| ૪ | જી.કની પોળ મ્યુનિસિપલ વાંચનાલય | ૦૭-૦૨-૦૭ | ૧૨ | ૨૯ | ૧૩૩૪૬ |
| ૫ | ઢાળની પોળ મ્યુનિસિપલ પુસ્તકાલય | ૨૩/૦૯/૭૮ | ૧૨ | ૨૯ | ૧૭૧૬૯ |
| ૬ | તાનગરવાડ મ્યુનિસિપલ વાંચનાલય | ૧૨/૧૧/૦૧ | ૧૨ | ૩૦ | ૮૨૫૩ |
| ૭ | મનુસુરીની ચાલી મ્યુનિસિપલ વાંચનાલય | ૧૨/૧૦/૦૭ | ૦૮ | ૨૯ | ૨૪૭૫ |
| ૮ | સ.બ.ગી.ઉ. મ્યુનિસિપલ વાંચનાલય | ૧૯૫૨ | ૧૨ | ૩૦ | ૧૧૧૪૦ |
| ૯ | રાયખડ મ્યુનિસિપલ વાંચનાલય | ૨૨/૦૬/૮૪ | ૧૨ | ૩૦ | ૧૦૮૦૦ |
| ૧૦ | સરદારનગર મ્યુનિસિપલ વાંચનાલય | ૨૩/૦૪/૮૭ | ૦૮ | ૩૦ | ૧૫૩૪૦ |
| ૧૧ | તીર્થકર ગાર્ડન મ્યુનિસિપલ વાંચનાલય | ૨૬/૦૮/૦૭ | ૧૦ | ૨૫ | ૩૦૭૩ |
| ૧૨ | જેઠાભાઇ ગાર્ડન મ્યુનિસિપલ વાંચનાલય | ૦૫/૦૯/૦૭ | ૧૦ | ૩૦ | ૨૬૯૮ |
| | કુલ | | ૧૨૫ | ૩૬૫ | ૨૦૧૭૯૪ |

# પુસ્તકાલયની સંક્ષિપ્ત માહિતી
## સને ૨૦૦૭-૦૮

| | |
|---|---|
| વાંચન સેવાની શરૂઆત | :સને ૧૯૪૮ |
| પુસ્તકાલયઓની સંખ્યા | :૧૬ |
| સ્વતંત્ર વાંચનાલયોની સંખ્યા | :૧૨ |
| નવા ઉમેરાયેલા પુસ્તકોની સંખ્યા | :૩૯ |
| નવા ઉમેરાયેલા પુસ્તકોની કિંમત | :૯૫૦ |
| કુલ વર્તમાન પત્રોની સંખ્યા | :૩૪૮૦ |
| કુલ સામયિકોની સંખ્યા | :૯૮૪૦ |
| કુલ વાર્ષિક દૈનિકો તથા સામાયિકોનો ખર્ચ | :૩૭૩૦૮૧ |
| કુલ સભાસદોની સંખ્યા | :૭૮૨૬ |
| પુસ્તક મોડાઇ ફી દંડની આવક | :૫૯૨૧.૨૫/- |
| સભ્ય ફોર્મ ફી ની ઉપજ | :૨૧૮૯/- |
| કુલ વાચકોની સંખ્યા | :૩૭૮૯૦૩ |

## પુસ્તકાલયોના પુસ્તકો અંગેની માહિતી સને ૨૦૦૭-૦૮

પત્રક ૯:૪:૨

| અ.નં. | પુસ્તકાલયનુ નામ | શરૂ થયા તારીખ | દૈનિકોની સંખ્યા | સામાયિકોની સંખ્યા | વર્ષ આખરેના કુલ પુસ્તકોની સંખ્યા | વર્ષ આખરના કુલ પુસ્તકોની કિંમત | વાંચકોની વાર્ષિક સંખ્યા |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ભા.ના. મ્યુનિ.પુસ્તકાલય | ૧૧/૧૧/૭૮ | ૧૩ | ૩૧ | ૨૦૨૯૪ | ૭૯૦૧૦૬.૭૮ | ૪૪૨૭૦ |
| ૨ | મણીનગર મ્યુનિ.પુસ્તકાલય | ૦૯/૦૪/૭૫ | ૧૨ | ૨૯ | ૧૩૬૩૮ | ૬૭૬૨૮૭.૨૯ | ૧૫૦૫૧ |
| ૩ | મહાત્મા ગાંધી મ્યુનિ.પુસ્તકાલય | ૨૨/૦૧/૮૬ | ૦૭ | ૩૨ | ૮૩૫૫ | ૫૦૨૨૯૨.૫૬ | ૧૧૮૨૩ |
| ૪ | વિ.ન.શાહ મ્યુનિ.પુસ્તકાલય | ૨૧/૦૭/૭૬ | ૧૨ | ૨૯ | ૧૯૪૪૩ | ૬૨૪૭૩૫.૦૧ | ૮૫૬૦ |
| ૫ | શાહપુર મ્યુનિ.પુસ્તકાલય | ૧૧૮૮૪ | ૧૨ | ૩૩ | ૬૩૩૦ | ૩૪૯૪૫૬.૫૯ | ૧૩૨૩૨ |
| ૬ | પટેલ કે.કે. મ્યુનિ.પુસ્તકાલય | ૧૯૭૬ | ૦૮ | ૩૧ | ૯૨૫૧ | ૧૩૬૮૨૫.૭૦ | ૨૨૫૪૯ |
| ૭ | કાંટોડીયા મ્યુનિ.પુસ્તકાલય | ૦૧/૦૯/૭૫ | ૧૩ | ૨૮ | ૨૫૬૬૨ | ૩૫૬૩૫૫.૧૭ | ૧૬૭૨૩ |
| ૮ | ખોખરા મ્યુનિ.પુસ્તકાલય | ૦૨/૧૨/૭૯ | ૧૨ | ૩૦ | ૧૨૭૦૭ | ૬૯૦૧૮.૯૦ | ૧૫૦૦૦ |
| ૯ | દા.ન. મ્યુનિ.પુસ્તકાલય | ૧૬/૦૬/૩૦ | ૧૨ | ૨૯ | ૫૬૯૨ | ૪૪૮૧૮.૭૪ | ૧૨૨૦૯ |
| ૧૦ | સીની.સીટી. મ્યુનિ.પુસ્તકાલય | ૩૦/૦૪/૦૦ | ૦૭ | ૩૨ | ૪૧૨૧ | ૨૭૪૨૦૨.૯૦ | ૧૯૬૮૦ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧૧ | સ્વ.લા.કું. મ્યુનિ.પુસ્તકાલય | ૦૧/૦૭/૦૩ | ૧૧ | ૨૯ | ૧૫૩૨ | ૧૪૯૨૧૧.૦૦ | ૫૩૫૭ |
| ૧૨ | પં.દિ.દ.ઉ. મ્યુનિ.પુસ્તકાલય | ૦૬/૦૨/૦૭ | ૦૭ | ૩૧ | ૧૩૯૬ | ૭૫૯૪૮.૫૦ | ૩૪૫૭ |
| ૧૩ | ડૉ.બાબા.સા.આં મ્યુનિ.પુસ્તકાલય | ૧૨/૦૭/૦૭ | ૦૮ | ૨૯ | - | ૮૦૦૨૫.૫૦ | ૪૪૪૪ |
| ૧૪ | હાજીપુરા ગાર્ડન મ્યુનિ.પુસ્તકાલય | ૨૬/૦૮/૦૭ | ૧૦ | ૨૪ | ૪૭૪ | ૫૮૮૫૧.૦૦ | ૧૦૬૭ |
| ૧૫ | કૌટીલ્ય મ્યુનિ.પુસ્તકાલય | ૧૩/૦૨/૮૩ | ૦૮ | ૩૦ | - | ૮૪૪૬૪.૦૦ | ૧૭૭૬૧ |
| ૧૬ | પોટલીયા વોર્ડ મ્યુનિ.પુસ્તકાલય | ૨૫/૦૯/૦૭ | ૧૦ | ૩૦ | ૮૧૩ | ૫૮૮૬૯.૦૦ | ૫૬૬૫ |
| | કુલ | | ૧૬૫ | ૪૫૫ | ૧૨૯૭૦૮ | ૪૩૩૧૪૬૮.૬૪ | ૧૭૭૧૦૯ |

| અ.નં. | પુસ્તકાલયનું નામ | વર્ષની શરૂમાં પુસ્તકોની સંખ્યા એપ્રિલ ૦૭ | નવા ઉમેરાયેલ પુસ્તકોની સંખ્યા | ફાટેલા કમી થયેલા પુસ્તકોની સંખ્યા | ઘટ કમી કરેલ પુસ્તકોની સંખ્યા | વર્ષ આખરેના કુલ પુસ્તકોની સંખ્યા માર્ચ ૦૮ (૩+૪:૬) | વર્ષની શરૂઆતમાં પુસ્તકોની કિંમત રૂપિયામાં એપ્રિલ ૦૭ | નવા ઉમેરાયેલા પુસ્તકોની કિંમત રૂપિયા લાખમાં | ફાટેલા કમી કરેલા પુસ્તકોની કિમંત રૂપિયા લાખમાં | ઘટ કમી કરેલા પુસ્તકોની કિંમત રૂપિયા લાખમાં | વર્ષ આખરના કુલ પુસ્તકોની કિંમત (એપ્રિલ ૦૮) (૮+૯:૧૧ | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ભા.ના. મ્યુનિ.પુસ્તકાલય | ૨૦૨૮૭ | ૦૮ | - | ૦૧ | ૨૦૨૯૪ | ૭૮૯૧૭૬.૬૮ | ૯૫૦ | - | ૨૦ | ૭૯૦૧૦૬.૭૮ | |
| ૨ | મણીનગર મ્યુનિ.પુસ્તકાલય | ૧૩૬૩૭ | ૦૧ | - | - | ૧૩૬૩૮ | ૬૭૬૨૭૨.૨૯ | - | - | - | ૬૭૬૨૮૭.૨૯ | |
| ૩ | મહાત્મા ગાંધી મ્યુનિ.પુસ્તકાલય | ૮૩૪૬ | ૦૯ | ૦૮ | - | ૮૩૫૫ | ૫૦૨૨૯૨.૫૬ | - | - | - | ૫૦૨૨૯૨.૫૬ | |
| ૪ | વિ.ન.શાહ મ્યુનિ.પુસ્તકાલય | ૧૯૪૪૩ | - | - | - | ૧૯૪૪૩ | ૬૨૪૭૩૫.૦૧ | - | - | - | ૬૨૪૭૩૫.૦૧ | |
| ૫ | શાહપુર મ્યુનિ.પુસ્તકાલય | ૬૩૨૮ | ૦૨ | - | - | ૬૩૩૦ | ૩૪૯૪૫૬.૫૯ | - | - | - | ૩૪૯૪૫૬.૫૯ | |
| ૬ | પટેલ કે.કે. મ્યુનિ.પુસ્તકાલય | ૯૨૪૨ | ૦૯ | - | - | ૯૨૫૧ | ૧૩૬૧૨૫.૭૦ | - | - | - | ૧૩૬૮૨૫.૭૦ | |
| ૭ | કાંટોડીયા મ્યુનિ.પુસ્તકાલય | ૨૫૬૬૨ | - | - | - | ૨૫૬૬૨ | ૩૫૬૩૫૫.૧૭ | - | - | - | ૩૫૬૩૫૫.૧૭ | |
| ૮ | ખોખરા મ્યુનિ.પુસ્તકાલય | ૧૨૭૦૭ | - | - | - | ૧૨૭૦૭ | ૬૯૦૧૮.૯૦ | - | - | - | ૬૯૦૧૮.૯૦ | |
| ૯ | દા.ન. મ્યુનિ.પુસ્તકાલય | ૫૬૯૨ | - | - | - | ૫૬૯૨ | ૪૪૮૧૮.૭૪ | - | - | - | ૪૪૮૧૮.૭૪ | |
| ૧૦ | સીની.સીટી. | ૪૧૨૧ | - | - | - | ૪૧૨૧ | ૨૭૪૨૦૨.૯૦ | - | - | - | ૨૭૪૨૦૨.૯૦ | |

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | મ્યુનિ.પુસ્તકાલય | | | | | | | | | | | |
| ૧૧ | સ્વ.લા.કું. મ્યુનિ.પુસ્તકાલય | ૧૫૨૭ | ૦૫ | - | - | ૧૫૩૨ | ૧૪૮૬૧૧.૦૦ | - | - | - | ૧૪૯૨૧૧.૦૦ | સ્થળ પર વાંચવા માટે |
| ૧૨ | પં.દિ.દ.ઉ. મ્યુનિ.પુસ્તકાલય | ૧૩૯૧ | ૦૫ | - | - | ૧૩૯૬ | ૭૫૯૪૮.૫૦ | - | - | - | ૭૫૯૪૮.૫૦ | |
| ૧૩ | ડો.બાબા.સા.આં મ્યુનિ.પુસ્તકાલય | ૯૯૬ | - | - | - | - | ૮૦૦૨૫.૫૦ | - | - | - | ૮૦૦૨૫.૫૦ | સ્થળ પર વાંચવા માટે |
| ૧૪ | હાજીપુરા ગાર્ડન મ્યુનિ.પુસ્તકાલય | ૪૭૪ | - | - | - | ૪૭૪ | ૫૮૮૫૧.૦૦ | - | - | - | ૫૮૮૫૧.૦૦ | |
| ૧૫ | કૌટીલ્ય મ્યુનિ.પુસ્તકાલય | ૯૭૮ | - | - | - | - | ૮૪૪૬૪.૦૦ | - | - | - | ૮૪૪૬૪.૦૦ | સ્થળ પર વાંચવા માટે |
| ૧૬ | પોટલીયા વોર્ડ મ્યુનિ.પુસ્તકાલય | ૮૧૩ | - | - | - | ૮૧૩ | ૫૮૮૬૯.૦૦ | - | - | - | ૫૮૮૬૯.૦૦ | |
| | કુલ સંખ્યા | ૧૩૧૬૪૪ | ૩૯ | ૦૮ | ૦૧ | ૧૨૯૭૦૮ | | | | | | |

# પુસ્તકાલયખાતાના દૈનિકો/સામાયિકો/સભાસદ સંખ્યા તથા સભાસદ અનામત વગેરે માહીતી સનેઃ૨૦૦૭-૦૮

**પત્રક ૯ઃ૪ઃ૩**

| અ. નં. | પુસ્તકાલયનું નામ | શરૂ થયા તારીખ | દૈનિકો ની સંખ્યા | સામાયિકો ની સંખ્યા | પુસ્તકોની સંખ્યા | નવા ઉમેરા યેલા પુસ્તકો ની સંખ્યા | કુલ પુસ્કોની કિંમત રૂા.માં | સભાસદ ની સંખ્યા | વાર્ષિક ઈસ્યુ સંખ્યા | સભાસદ અનામતન ી રકમ રૂા.માં | પુસ્તક લેટ ફીની આવક રૂા.માં | સભાસ દ ફોર્મની આવક રૂા.માં | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | કાંટોડીયા મ્યુ. પુસ્તકાલય | ૧/૯/૭૫ | ૧૩ | ૨૮ | ૨૫૬૬૨ | ૦૦ | ૩૫૬૩૫૫.૧૭ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ઈસ્યુ બંધ છે. |
| ૨ | ખોખરા મ્યુ. પુસ્તકાલય | ૨/૧૨/૭૯ | ૧૨ | ૩૦ | ૧૨૭૦૭ | ૦૦ | ૬૯૦૧૮.૯૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ઈસ્યુ બંધ છે. |
| ૪ | દા.ન. મ્યુ. પુસ્તકાલય | ૧૬/૬/૩૦ | ૧૨ | ૨૯ | ૫૬૯૨ | ૦૦ | ૪૪૮૧૮.૭૪ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ઈસ્યુ બંધ છે. |
| ૫ | ભા.ના.મ્યુ.પુસ્તકાલય | ૧૧/૧૧/૭૮ | ૧૩ | ૩૧ | ૨૦૨૮૭ | ૦૮ | ૭૮૯૧૭૬.૭૮ | ૧૫૨૮ | ૪૨૬૩ | ૧૮૧૦ | ૨૦૨૭.૫૦ | ૫૦૦ | |
| ૬ | મણીનગર મ્યુ.પુસ્તકાલય | ૯/૪/૭૫ | ૧૨ | ૨૯ | ૧૩૬૩૭ | ૦૧ | ૬૭૬૨૮૭.૨૯ | ૨૫૦૧ | ૮૯૨૭ | ૪૦૮૦ | ૨૬૫૧.૦૦ | ૮૦૦ | |
| ૭ | મ.ગાંધી મ્યુ.પુસ્તકાલય | ૨૨/૧/૮૬ | ૦૭ | ૩૨ | ૮૩૪૬ | ૦૯ | ૫૦૨૨૯૨.૫૬ | ૧૫૦૨ | ૨૩૪૩ | ૧૧૦૦ | ૬૮૩.૦૦ | ૨૩૦ | |
| ૮ | વિન.શાહ મ્યુ.પુસ્તકાલય | ૨૧/૭/૭૬ | ૧૨ | ૨૯ | ૧૯૪૪૩ | ૦૦ | ૬૨૪૭૩૫.૦૧ | ૯૩૩ | ૧૭૮૮ | ૧૩૮૦ | ૩૮૯.૦૦ | ૨૭૫ | |

| | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | શાહપુર મ્યુ.પુસ્તકાલય | ૧૧/૮/૮૪ | ૧૨ | ૩૩ | ૬૩૨૮ | ૦૨ | ૩૪૯૪૫૬.૫૯ | ૪૭ | ૧૧૧૩ | ૩૦૦ | ૦૦ | ૧૦૦ | |
| ૧૦ | પટેલ કે.કે. મ્યુ.પુસ્તકાલય | ૧૯૭૬ | ૦૮ | ૩૧ | ૯૨૪૨ | ૦૯ | ૧૩૬૮૨૫.૭૦ | ૭૧૨ | ૨૨૬૦ | ૧૨૮૦ | ૧૬.૭૫ | ૨૫૦ | |
| ૧૧ | દયાનંદ સરસ્વતી મ્યુ.પુસ્તકાલય | ૬/૯/૦૭ | ૦૮ | ૩૦ | ૯૭૮ | ૦૦ | ૮૪૪૬૪.૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ઈસ્યુ બંધ છે. |
| ૧૨ | સીની સીટીઝન મ્યુ.પુસ્તકાલય | ૩૦/૦૪/૦૦ | ૦૭ | ૩૨ | ૪૧૨૧ | ૦૦ | ૨૭૪૨૦૨.૯૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ઈસ્યુ બંધ છે. |
| ૧૩ | સ્વ.લા.કું મ્યુ.પુસ્તકાલય | ૦૧/૦૭/૦૩ | ૧૧ | ૨૯ | ૧૫૨૭ | ૦૫ | ૧૪૯૨૧૧.૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ઈસ્યુ બંધ છે. |
| | પ.દી.દ.ઉ.મ્યુ પુસ્તકાલય | ૦૬/૦૨/૦૭ | ૭ | ૩૧ | ૧૩૯૧ | ૦૫ | ૧૫૯૪૮.૫૦ | ૮૮ | ૨૯૬ | ૨૪૦ | ૧૫૪ | ૩૪ | |
| ૧૪ | ડૉ.બા.સા.આં. મ્યુ.પુસ્તકાલય | ૧૨/૭/૦૭ | ૦૮ | ૨૯ | ૭૯૬ | ૦૦ | ૮૦૦૨૫.૫૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ઈસ્યુ બંધ છે. |
| ૧૫ | હાજીપુરા ગાર્ડન મ્યુ.પુસ્તકાલય | ૨૭/૮/૦૭ | ૧૦ | ૨૪ | ૪૭૪ | ૦૦ | ૫૮૮૫૧.૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | |
| ૧૬ | પોટલીયા મ્યુ.પુસ્તકાલય | ૨૫/૯/૦૭ | ૧૦ | ૩૦ | ૦૦ | ૮૧૩ | ૫૮૮૬૯.૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ઈસ્યુ બંધ છે. |
| | કુલ સરવાળો | | ૧૬૨ | ૪૭૭ | ૧૩૦૬૩૧ | ૮૫૨ | ૪૩૩૦૫૩૮.૬૪ | ૭૩૧૧ | ૨૦૯૯૦ | ૧૦૧૯૦ | ૫૯૨૧.૨૫ | ૨૧૮૯ | |

## પત્રક ૯:૪:૪

## ૨૦૦૭-૦૮ વર્ષ દરમ્યાન પુસ્તકાલયમાં દૈનિકો/સામયિકો અને વાંચકોની સંખ્યા દર્શાવતુ પત્રક

| અનુ. નં | મ્યુ.પુસ્તકાલયનું નામ | શરૂથયા તારીખ | દૈનિકોની સંખ્યા | સામાયિકોની સંખ્યા | વાંચકોની સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | કાંટોડિયા મ્યુનિસિપલ પુસ્તકાલય | ૦૧.૦૯.૭૫ | ૧૩ | ૨૮ | ૧૬૭૨૩ |
| ૨ | ખોખરા મ્યુનિસિપલ પુસ્તકાલય | ૦૨.૧૨.૭૯ | ૧૨ | ૩૦ | ૧૫૦૦૦ |
| ૩ | દાદાભાઈ નવરોજી મ્યુનિસિપલ પુસ્તકાલય | ૧૬.૦૬.૩૦ | ૧૦ | ૨૯ | ૧૨૨૦૯ |
| ૪ | ભાઈશંકર નાનાભાઈ મ્યુનિસિપલ પુસ્તકાલય | ૧૧.૧૧.૭૮ | ૧૨ | ૩૧ | ૪૪૨૭૦ |
| ૫ | મણિનગર મ્યુનિસિપલ પુસ્તકાલય | ૦૯.૪.૭૫ | ૦૭ | ૨૯ | ૧૫૦૫૧ |
| ૬ | મહાત્મા ગાંધી મ્યુનિસિપલ પુસ્તકાલય | ૨૨.૦૧.૮૬ | ૧૨ | ૩૨ | ૧૧૮૨૩ |
| ૭ | શ્રી વિ.ન.શાહ મ્યુનિસિપલ પુસ્તકાલય | ૨૧.૦૭.૭૬ | ૧૨ | ૨૯ | ૮૫૬૦ |
| ૮ | શાહપુર મ્યુ. પુસ્તકાલય મ્યુનિસિપલ પુસ્તકાલય | ૧૧.૦૮.૮૪ | ૦૮ | ૩૩ | ૧૩૨૩૨ |
| ૯ | પટેલ કે.કે. મ્યુ. મ્યુનિસિપલ પુસ્તકાલય | ૧૯૭૬ | ૦૫૮ | ૩૧ | ૨૨૫૪૯ |
| ૧૦ | દયાનંદ સરસ્વતી મ્યુ | ૦૬/૦૯/૦૭ | ૦૮ | ૩૦ | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | પુસ્તકાલય | | | | |
| ૧૧ | સીની સીટીઝન મ્યુનિસિપલ પુસ્તકાલય | ૩૦/૦૪/૦૦ | ૦૭ | ૩૨ | ૧૯૬૮૦ |
| ૧૨ | પં.દી.દ.ઉ. મ્યુનિસિપલ પુસ્તકાલય | ૦૬/૦૨/૦૭ | ૦૭ | ૩૧ | ૩૪૫૭ |
| | | | ૧૨૫ | ૩૬૫ | ૨૦૧૭૯૪ |

# ૯.૫ બાલભવન

## ૦૭-૦૮

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત બાલભવન ખાતા હસ્તક કુલ પાંચ બાલભવનો કાર્યરત છે. જે શહેરમાં ઢાળની પોળ, ફતેહપુરા, મણિનગર,ગોમતીપુર, સરસપુર વિસ્તારોમાં આવેલા છે. અહી ૫ થી ૧૫ વયજૂથના બાળકોને વિના મૂલ્યે બાલોપયોગી સેવા પુરી પાડી ગમ્મતની સાથે જ્ઞાન પ્રાપ્તી અને પ્રેરણાની સાથે સંસ્કાર સિંચનનું પાથેય પૂરૂ પાડી રહયાં છે.

આ સાથે બાલભવનોમાં આવતા બાળકોની જ્ઞાનપિપાસા તૃપ્ત કરવા માટે ગુજરાતી,હિન્દી અને અંગ્રેજી ભાષાના વૈવિધ્યસભર કુલ ૪૧૪૨૯ સંખ્યાના બાળ પુસ્તકો કુલરૂા.૨૭૪૫૫૯.૨૫ કિંમતના વસાવવામાં આવેલા છે.વધુમાં વિશ્વના સાંપ્રત પ્રવાહોથી બાળકો માહિતગાર થાય માટે તે માટે વિવિધ સામાયિકોની જોગવાઇ કરવામાં આવેલ છે.રમતગમતમાં ઋચી ધરાવનાર બાળકો માટે અહી ઈન્ડોર અને બૌદ્ઘીક વિકાસ માટે રમતોની સુવિધા છે.આ સાથે બાળકોના મનોરંજન માટે સરસપુર અને મણિનગર બાલભવન ખાતે સુંદર બાલક્રિડાંગણ બનાવવામાં આવેલ છે.

વધુમાં બાળકોની અનુકુળતા માટે તેઓના શાળાના સમયે અનુકુળ બની બાલભવનો બે પાળીમાં એટલે સવારે ૮.૩૦ થી બપોરે ૧૨.૦૦ કલાક અને સાંજે ૩.૩૦ કલાકેથી ૭.૦૦ કલાક દરમ્યાન કાર્યરત હોય છે.જાહેર રજાઓ અને શુક્રવારની સાપ્તાહિક રજાઓ બાદ કરતાં દર રવિવારે પણ બાલભવનો બાળકો માટે સેવા પુરી પાડે છે.

સને.૨૦૦૭-૦૮ વર્ષ દરમ્યાન કુલ ૨૪૭૮૧ બાળકોએ બાલભવનનો લાભ લીધેલ છે.બાલભવનના બાળકોની શકિતઓને વેગ આપી ભવિષ્ય માટે સ્વરોજગાર લક્ષી અભિગમ કેળવવા પ્રયાસ કરવામાં આવે છે.વિશેષ કરી ચિત્રકામ,પુંઠાકામ,કોતરણીકામ માટેના રમકડા બનાવવાની સાથે ફલાવર મેકીંગ,ગ્લાસ પેઇન્ટીગ,મોતીના તોરણો,સુશોભીત વોલપીસ તથા વેસ્ટમાંથી બેસ્ટ વિગેરે જેવી પ્રવૃત્તિઓની તાલીમ દ્વારા વિવિધ કલાઓ માટે પ્રોત્સાહન પુરૂ પાડવામાં આવે છે.

મ્યુનિ.બાલભવનોમાં નિયમિત રીતે કરાવવામાં આવતી વાંચનેતર,હસ્તકલા કામગીરી અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની માહિતીઃ-

| નં. | વાંચનેતર અને ઈત્તર પ્રવૃત્તિઓ | હસ્તકલા કારીગરી | સાંસ્કૃતિક કાર્યક્રમ |
|---|---|---|---|
| ૧ | નિબંધ લેખન | રંગ પૂરણી | અંતાક્ષરી |
| ૨ | વકતૃત્વ સ્પર્ધા | પુઠાં કામ | રાસ ગરબા |
| ૩ | વાર્તા કથન | ચિત્રકામ | વેશભૂષા |
| ૪ | મહાપુરૂષોના જીવન ચરિત્ર વાંચન | રંગોલી સજાવટ | પર્વોની ઉજવણી |
| | | કાગળમાંથી કોતરણી | |
| ૫ | કવિતા પઠન | માટીકામ | પર્યાવરણને લગતા |
| | | | કાર્યક્રમો |
| ૬ | કાવ્ય લેખન | વેસ્ટમાંથી બેસ્ટ | |

**સને ૨૦૦૭-૦૮ ના વર્ષ દરમ્યાન કરાવેલ વિશિષ્ય કાર્યક્રમોની માહિતી**

(૧)ઢાળની પોળ બાલભવનમાં તાઃ૨૯/૦૪/૦૭નો રવિવારે લિંબુ ચમચીની હરિફાઇ રાખેલ હતી.હરિફાઈમાં કુલ ૨૯ બાળકોએ ભાગ લીધો હતો.નાના બાળક તથા મોટા બાળકોને આપેલ ઇનામોની માહિતી નીચે પ્રમાણે છે.

| | | |
|---|---|---|
| ૧.સ્વીટી ધર્મેન્દ્રભાઇ યાજ્ઞીક | ૧ઈનામ | નાના બાળક |
| ૧.વિશ્વા રાજેશભાઇ માછડ | ૧ઈનામ | મોટા બાળક |
| ૨.હીના ભરતભાઇ રાજપુત | ૨ઈનામ | મોટા બાળક |
| ૩.ચિંતન આર.રાજપુત | ૩ઈનામ | મોટા બાળક |

(૨)ફતેહપુરા બાલભવનમાં તાઃ૨૯/૦૪/૨૦૦૭ ના રવિવારે લિંબુ ચમચી હરિફાઇ રાખેલ હતી.હરિફાઈમાં કુલ ૧૮ બાળકોએ ભાગ લીધો હતો.ઇનામો નીચે પ્રમાણે છે.

| | | |
|---|---|---|
| ૧.દેવાંશ સંતોષભાઇ | ૧ઈનામ | નાના બાળકો |
| ૨.જય બિપીનભાઇ આનંદ | ૨ઈનામ | નાના બાળકો |
| ૩.શૈલી ઈન્દ્રવદનભાઇ પટેલ | ૧ઈનામ | મોટા બાળકો |

(૩)મધર ડે હોવાથી મણિનગર બાલભવનમાં પાંચ બાલભવનના બાળકોને મધર ડે ઉપર બોલવાની હરિફાઇ રાખેલ હતી.કુલ ૨૫ બાળકોએ ભાગ લીધો હતો.ઇનામ મેળવેલ બાળકોના નામ નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| ૧.ભરવાડ ભાવેશકુમાર મહેશભાઇ | ૧ | ગોમતીપુર બાલભવન |
| ૨.ભરવાડ પિયુષકુમાર દશરથભાઇ | ૨ | ગોમતીપુર બાલભવન |
| ૩.દિવ્યા લાલજીભાઇ પરમાર | ૩ | ફતેહપુરા બાલભવન |
| ૪.પટેલ માદ્દી | ૪ | મણિનગર બાલભવન |
| ૫.શાહ પ્રાંચી સજંયભાઇ | ૫ | ઢાળની પોળ |
| ૬.આનંદ જયેશ બીપીનભાઇ | ૬ | ફતેહપુરા બાલભવન |
| ૭.લક્ષ્મી જયેશભાઇ પટણી | ૭ | સરસપુર બાલભવન |

(૪)બાલભવન ખાતાના પાંચ યુનિટના બાળકોએ ડાન્સના પ્રોગ્રામમાં કુલ ૨૮ બાળકોએ ભાગ લીધો હતો.તેના ઇનામની વિગત નીચે મુજબ છે.

**નાના બાળકોના ઈનામ**

| | | |
|---|---|---|
| ૧.ભટ્ટ વિશ્વા હેમેન્દ્રભાઇ | ઢાળની પોળ | ૧ઇનામ |
| ૨.પંચાલ પ્રિયલ | મણિનગર | ૨ઇનામ |

**મોટા બાળકોના ઈનામ**

| | | |
|---|---|---|
| ૧.ભૂમિ શ્રીમાળી | ૧ | સરસપુર |
| ૨.રાજ હિંગુ | ૨ | સરસપુર |
| ૩.ઉત્સવ સોલંકી | ૩ | સરસપુર |

નિર્ણાયક તરીકે સોનમબેન મઝમુદાર-સ્વર ગુર્જરી ડાન્સીંગ કલાસ,બીજલબેન શાહ,પ્રમુખ તરીકે-કિશોરીબેન અતિથિ તરીકે-રંજનબેન મઝમુદાર ઉપસ્થિત રહ્યા હતા.

(૫)પાંચ બાલભવનના ૫૦ બાળકોને લઇને તાઃ૦૨/૧૦/૨૦૦૭ના રોજ ગાંધી જયંતિ હોવાથી બાળકોને ગાંધી આશ્રમ તથા પાલડીનો કોચરબ આશ્રમ બતાવવા લઇ ગયા હતા.

(૬)બાલભવનના પાંચ યુનિટના બાળકોનો ગાંધીજી વિષે નિબંધ હરિફાઇ તાઃ૦૨/૧૨/૨૦૦૭ ના રોજ રાખેલ હતી.

(૭)પ્રજાસત્તાક દિન નિમિત્તે પાંચ યુનિટના બાળકોએ શૌર્યગીત દેશભકિતના ગીતોનો કાર્યક્રમ બાલવાટિકા ખાતે તાઃ૨૬/૦૧/૨૦૦૮ના રોજ બપોરે ૧૨.૦૦ થી ૩.૦૦ રાખવામાં આવ્યો હતો.ઇનામો મેળવેલ બાળકોના નામો નીચે મુજબ છે.

**નાના બાળકોના ઈનામ**

| | | |
|---|---|---|
| ૧.નાગર રાહુલ જયેશભાઈ | ૧ | મણિનગર બાલભવન |
| ૨.ઠકોર હેતલ દશરથભાઈ | ૨ | ગોમતીપુર બાલભવન |
| ૩.શાહ રોમીલ હિતેશભાઈ | ૩ | ફતેહપુરા બાલભવન |
| ૪.મારવાડી ઓમ પ્રકાશ | ૪ | મણિનગર બાલભવન |
| ૫.પુરોહિત દિપીકા વાઘજીભાઈ | ૫ | ફતેહપુરા બાલભવન |

**મોટા બાળકોના ઈનામ**

| | | |
|---|---|---|
| ૧.પટેલ રાહુલ હસમુખભાઈ | ૧ | સરસપુર બાલભવન |
| ૨.યાજ્ઞિક મોનું ધર્મેન્દ્રભાઈ | ૨ | ઢાળની પોળ બાલભવન |
| ૩.શર્મા દક્ષા રાજુભાઈ | ૩ | ગોમતીપુર બાલભવન |
| ૪.ઠાકોર શશીકાંન્ત જયંતિભાઈ | ૪ | સરસપુર બાલભવન |
| ૫.નમ્રતા વસંતરાવ બાગ્લે | ૫ | સરસપુર બાલભવન |

નિર્ણાકય તરીકે-શ્રી જીગીશાબેન ઠક્કર,જીતેન્દ્રભાઈ કોટા

પ્રમુખ તરીકે-શ્રી વર્ષાબેન વ્યાસ

મહેમાન તરીકે-શ્રી અનીલભાઈ ભગત

બ્રહ્માકુમારી તરફથી કિશોરીબેન બીસ્કીટ તથા ચોકલેટના પેકેટ આપ્યા

**યુનિટના નામ વર્કીંગ દિવસની માહિતી**

| માસ વર્ષ<br>એપ્રિલ-૨૦૦૭ | મણિનગર | સરસપુર | ગોમતીપુર | ઢાળની પોળ | ફતેહપુરા |
|---|---|---|---|---|---|
| એપ્રિલ-૨૦૦૭ | ૨૨ | ૨૨ | ૨૨ | ૨૨ | ૨૨ |
| મે-૨૦૦૭ | ૨૫ | ૨૫ | ૨૫ | ૨૫ | ૨૫ |
| જુન-૨૦૦૭ | ૨૪ | ૨૪ | ૨૪ | ૨૪ | ૨૪ |
| જુલાઇ-૨૦૦૭ | ૨૩ | ૨૩ | ૨૩ | ૨૩ | ૨૩ |
| ઓગષ્ટ-૨૦૦૭ | ૨૨ | ૨૨ | ૨૨ | ૨૨ | ૨૨ |
| સપ્ટેમ્બર-૨૦૦૭ | ૨૧ | ૨૧ | ૨૧ | ૨૧ | ૨૧ |
| ઓકટોબર-૨૦૦૭ | ૨૩ | ૨૩ | ૨૩ | ૨૩ | ૨૩ |
| નવેમ્બર-૨૦૦૭ | ૨૩ | ૨૩ | ૨૩ | ૨૩ | ૨૩ |
| ડિસેમ્બેર-૨૦૦૭ | ૨૨ | ૨૨ | ૨૨ | ૨૨ | ૨૨ |
| જાન્યુ-૨૦૦૮ | ૨૩ | ૨૩ | ૨૩ | ૨૩ | ૨૩ |
| ફેબ્રુઆરી-૨૦૦૮ | ૨૩ | ૨૩ | ૨૩ | ૨૩ | ૨૩ |
| માર્ચ-૨૦૦૮ | ૨૧ | ૨૧ | ૨૧ | ૨૧ | ૨૧ |
| કુલ | ૨૭૨ | ૨૭૨ | ૨૭૨ | ૨૭૨ | ૨૭૨ |

**પત્રક ૯.૫.૧**

**સને ૨૦૦૭-૦૮ દરમ્યાન કાર્યરત બાલભવનોની આંકડાકીય માહિતી**

| અ.નં | બાલભવન | પુસ્તક વાંચનાર બાળકોની સંખ્યા | રમકડાથી રમનાર બાળકોની સંખ્યા | બાલભવન માં આવનાર બાળકોની સંખ્યા | વંચાયેલ પુસ્તકોની સામયિકો ની સંખ્યા | બુકલીસ્ટ ઉપરથી હયાત પુસ્તકોની સંખ્યા | હયાત પુસ્તકોની કુલ કિંમત(રૂા) |
|---|---|---|---|---|---|---|---|
| **૧** | **૨** | **૩** | **૪** | **૫** | **૬** | **૭** | **૮** |
| ૧ | મણીનગર | ૧૯૧૧ | ૪૭૪૭ | ૬૬૫૮ | ૧૨૪૦૮ | ૧૨૫૫૦ | ૯૯૯૮૦.૮૧ |
| ૨ | ઢાળની પોળ | ૨૫૪૪ | ૨૨૫૩ | ૪૭૯૭ | ૧૨૪૦૮ | ૧૨૮૬૧ | ૫૫૬૯૭.૧૫ |
| ૩ | સરસપુર | ૨૩૧૧ | ૪૫૭૬ | ૬૮૮૭ | ૬૦૭૨ | ૬૧૭૦ | ૩૫૪૭૫.૪૬ |
| ૪ | ફતેહપુરા | ૧૬૯૨ | ૧૪૦૮ | ૩૧૦૦ | ૯૫૦૪ | ૯૬૨૮ | ૭૫૪૪૮.૮૩ |
| **૫** | **ગોમતીપુર** | **૧૧૭૧** | **૨૧૬૮** | **૩૩૩૯** | **૨૯૯** | **૨૨૦** | **૭૯૫૭.૦૦** |
| | | | | | | **૪૧૪૨૯** | **૨૭૪૫૫૯.૨૫** |

**પત્રક ૯.૫.૨**

**૨૦૦૬-૦૭અને ૨૦૦૭-૦૮માં મ્યુ.કોર્પો. સંચાલિત બાલભવનોમાં લાભલેનાર સરેરાશ બાળકો અને વંચાયેલ સરેરાશ પુસ્તકોની તુલનાત્મક વિગત દર્શાવતુ પત્રક.**

| અ. નં | હયાત બુક લીસ્ટ ઉપર પુસ્તકો | બાલભવન | વર્ષ | લાભ લેનાર બાળકોની સંખ્યા | વંચાયેલ પુસ્તકો ની સંખ્યા | માસિક સરેરાશ | | દૈનિક સરેરાશ | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | લાભ લેનાર બાળકો | વંચાયેલ પુસ્તકો | લાભ લેનાર બાળકો | વંચાયેલ પુસ્તકો |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૧ | ૧૨૮૬૧ | ઢાળની પોળ | ૨૦૦૬-૦૭ | ૫૩૭૯ | ૧૨૪૦૮ | ૪૧૮ | ૧૦૩૪ | ૧૯ | ૪૭ |
| | | | ૨૦૦૭-૦૮ | ૪૭૪૭ | ૧૨૪૦૮ | ૩૯૬ | ૧૦૩૪ | ૧૮ | ૪૭ |
| ૨ | ૬૧૭૦ | સરસપુર | ૨૦૦૬-૦૭ | ૯૫૫૬ | ૬૦૭૨ | ૭૭૦ | ૫૦૬ | ૩૫ | ૨૩ |
| | | | ૨૦૦૭-૦૮ | ૬૮૮૭ | ૬૦૭૨ | ૫૫૦ | ૫૦૬ | ૨૫ | ૨૩ |
| ૩ | ૯૬૨૮ | ફતેહપુરા | ૨૦૦૬-૦૭ | ૬૭૦૯ | ૯૫૦૪ | ૫૨૮ | ૭૯૨ | ૨૪ | ૩૬ |
| | | | ૨૦૦૭-૦૮ | ૩૧૦૦ | ૯૫૦૪ | ૨૪૨ | ૭૯૨ | ૧૧ | ૩૬ |
| ૪ | ૧૨૫૫૦ | મણીનગર | ૨૦૦૬-૦૭ | ૯૯૧૬ | ૧૨૧૪૪ | ૭૯૨ | ૧૦૧૨ | ૩૬ | ૪૬ |
| | | | ૨૦૦૭-૦૮ | ૬૬૫૮ | ૧૨૧૪૪ | ૫૨૮ | ૧૦૧૨ | ૨૪ | ૪૬ |
| ૫. | ૨૨૨૦ | ગોમતીપુર | ૨૦૦૬-૦૭ | ૬૬૧૧ | ૨૯૯ | ૫૨૮ | ૮૮ | ૨૪ | ૦૪ |
| | | | ૨૦૦૭-૦૮ | ૩૩૩૯ | ૨૯૯ | ૨૬૪ | ૮૮ | ૧૨ | ૦૪ |

**નોંધ :-** સને ૨૦૦૬-૦૭ માટે વર્કીંગ દિવસ ૨૭૧ ગણતરીમાં લીધેલ છે.
સને ૨૦૦૭-૦૮ માટે વર્કીંગ દિવસ ૨૭૨ ગણતરીમાં લીધેલ છે.

# ૯.૬ વ્યાયામ વિદ્યાલય

## ૦૭-૦૮

અમદાવાદ મ્યુનિ કોર્પોરેશન તેની ફરજીયાત પ્રવૃત્તિઓ સાથે મરજીયાત પ્રવૃત્તિઓ કરે છે.કાંકરિયા તળાવ પાસે આવેલ સ્વ.અંબુભાઇ પુરાણી વ્યાયામ વિધાલયનું ઉદ્દ્‌ઘાટન મુંબઇ ઇલાકાના પ્રાધાન બાળગંગાધર ખેર સાહેબના વરદ્‌ હસ્તે તારીખ ૧૫ જુન સને ૧૯૩૮ ને બુધવારનાં રોજ કરવામાં આવેલ હતું.અમદાવાદ શહેરના યુવાનોનું શરીર સૌષ્ઠવ,નિયમિતતા તથા સદ્‌ભાવના કેળવવાનાં હેતુંથી શરૂઆતમાં ૧૯૭૬માં વ્યાયામ વિધાલય કાંકરિયા તથા ૧૯૮૪માં મણીનગર તથા માણેકબાગ સંસ્કાર વાડી શાહપુર ખાતે જીમ્નેશીયમ શરૂ કરવામાં આવેલ હતા.

હાલમાં કુલઃ૧૭ બારબેલ જીમ્નેશીયમ અને વાસણા મેઘાણીનગર તથા નિકોલ વોર્ડમાં ત્રણ સ્વયં સંચાલિત ઉપરાંત મણીનગર તથા રાણીપ વોર્ડમાં વાર્ષિક કોન્ટ્રાકટ પધ્ધતિથી સ્કેટિંગ રીક ચલાવવામાં આવે છે.જેનો શહેરીજનો બહોળી સંખ્યામાં લાભ લઇ રહ્યા છે.આ વ્યાયામ શાળાઓ શહેરનાં વિવિધ વિસ્તારોમાં આવેલ છે.જે નીચે મુજબ છે.

| અ.નં. | જીમ્નેશીયમનું નામ | ભાઇઓ સવાર | બહેનો બપોર | ભાઇઓ સાંજના |
|---|---|---|---|---|
| ૧ | અં.પુ.વ્યાયામ શાળા કાંકરિયા | હા | હા | હા |
| ૨ | મણીનગર વ્યાયામ શાળા-મણીનગર | હા | હા | હા |
| ૩ | સરદાર પટેલ વ્યાયામ શાળા-શાંકડીશેરી ,ખાડીયા | હા | હા | હા |
| ૪ | માણેકબા સંસ્કારવાડી શાહપુર | હા | હા | હા |
| ૫ | નાની સોદાગરની પોળ જમાલપુર | હા | ના | ના |
| ૬ | સરદારબ્રીજ સ્લમ કવાટર્સ જીમ્ને જમાલપુર | હા | હા | હા |
| ૭ | ઈસનપુર વ્યાયામ શાળા ધોડાસર | હા | હા | હા |
| ૮ | વાસણા જીમ્નેશીયમ વાસણા | હા | હા | હા |
| ૯ | રખિયાલ જીમ્નેશીયમ રખિયાલ | હા | ના | હા |
| ૧૦ | ગોમતીપુર વ્યાયામ શાળા | હા | ના | હા |
| ૧૧ | વીર ચંદ્રશેખર આઝાદ વ્યા.શાળા એલીસબ્રીજ | હા | હા | હા |
| ૧૨ | ગીરધરનગર વ્યાયામ શાળા | હા | ના | હા |
| ૧૩ | વેજલપુર વ્યાયામ શાળા | હા | હા | હા |
| ૧૪ | હાજીપુરા વ્યાયામ શાળા | હા | ના | હા |
| ૧૫ | ઉમાકાંત કડિયા વ્યાયામ શાળા શાહપુર | હા | હા | હા |
| ૧૬ | કાળુપુર વ્યાયામ શાળા | હા | હા | હા |
| ૧૭ | દરિયાપુર વ્યાયામ શાળા | હા | ના | હા |

આ ઉપરાંત સાબરમતી,રાયખડ,પરિમલ ગાર્ડન,વાડજ તથા ચાંદખેડા વોર્ડમાં નવા જીમ્નેશીયમ ખોલવાની કામગીરી ચાલુ છે.

આમ,અંબુભાઇ પુરાણી વ્યાયામ વિધાલય દ્વારા ચાલતાં જીમ્નેશીયમ પૈકી ઘણા બધા બોડી બિલ્ડીગ,પાવર લિફટીગની સ્પર્ધાઓમાં રાજય તથા રાષ્ટ્રીય કક્ષાએ સ્પર્ધાઓમાં ભાગ લેવા જાય છે.અને સારા પરિણામો લાવે છે.આ ઉપરાંત વ્યાયામ વિધાલય ખાતે ચાલતાં ટેબલ ટેનિસના કોચીગ કેમ્પમાં પણ સ્કુલ તથા કોલેજનાં ઘણાંજ વિધાર્થીઓ ટેબલ ટેનિસનાં કોચિંગ કેમ્પમાં આવે છે.આમાંથી બાળકો રાષ્ટ્રીય કક્ષાએ પસંદગી પામે છે.

વ્યાયામ વિધાલયની મુખ્ય કામગીરીમાં (૧) વાર્ષિક રમતોત્સવ (૨) ઈન્ટર ડિપાર્ટમેન્ટ ક્રિકેટ ટુર્નામેન્ટ (૩)વિકલાંગ રમતોત્સવ(૪)નેશનલ/સ્ટેટ કક્ષાની ઈન્ટર કોર્પોરેશન સ્પર્ધાઓ માં કર્મચારીઓનુ પ્રતિનિધિત્વ કરાવવુ(૫)રાજ્ય/રાષ્ટ્રીય/આંતર રાષ્ટ્રીય કક્ષાએ નિષ્ણાંત કર્મચારી/ખેલાડીઓ નુ પ્રતિનિધિત્વ કરાવવુ(૬)વિવિધ રમતોના  એસોસીએશન તથા ચેરીટી ટ્રસ્ટને રમતગમત માટે મેદાનો ભાડે આપવા(૭)નગરજનો માટે અનેકવિધ રમતોના નગરરમતોત્સવ યોજવા વગેરે છે.

અહેવાલી વર્ષમાં નીચે જણાવ્યા મુજબ ખેલાડીઓએ વાર્ષિક રમતોત્સવમાં ભાગ લીધો હતો.

| અ.નં. | રમતનું નામ | ખેલાડીઓની સંખ્યા | | |
|---|---|---|---|---|
| | | ભાઇઓ | બહેનો | કુલ |
| ૧ | ઈન્ડોર રમતો | ૨૫૦ | ૨૦૦ | ૪૫૦ |
| ૨ | સાંધિક રમતો | ૩૭૦ | ૩૦૦ | ૬૭૦ |
| ૩ | ખેલકુદ રમતો | ૪૪૦ | ૩૦૦ | ૭૪૦ |
| ૪ | રાયફલ શુટિંગ | ૧૫ | ૫ | ૨૦ |
| કુલ | | ૧૦૭૫ | ૮૦૫ | ૧૮૮૦ |

રમતોત્સવના પુર્ણાહુતિ સમારંભમાં માનનીય મેયરશ્રી તથા માનનીય કમિશ્નરશ્રીની ટીમો વચ્ચે ક્રિકેટ મેચ તથા રસ્સાખેંચમાં મૈત્રી મુકાબલાનું તા.૨૦.૧.૨૦૦૮ ના આયોજન થયેલ હતું.વાર્ષિક રમતોત્સવમાં ઓવરઓલ ચેમ્પીયનશીપ મેળવનાર ખાતાને શિલ્ડ વિતરણ દ્વારા પ્રોત્સાહિત કરેલા હતા.જયારે બેસ્ટ સ્પોર્ટસમેન, સ્પોર્ટસવુમેન તથા પ્રત્યેક રમતમાં ત્રણ વિજેતાઓને પ્રોત્સાહક ઈનામો આપવામા આવેલ હતા.દર વર્ષની જેમ ચાલુ વર્ષે પણ વિકલાંગ રમતોત્સવનું ભવ્ય આયોજન વ્યાયામ વિધાલય કાંકરિયા ખાતે તારીખ ૨૩,૨૪,૨૫, જાન્યુઆરી ૦૮ યોજવામાં આવેલ હતો.જેમાં અંદાજે ૧૮૦૦ ભાઇ-બહેનોએ ભાગ લીધો હતો.

વર્ષ દરમ્યાન ક્રિકેટ,ટેબલ ટેનિસ તથા સ્કેટીગ રમતોના કોચીગ કેમ્પનું આયોજન કરેલ હતું.જેમાં ભાગ લઇ મધ્યમ વર્ગના બાળ ખેલાડીઓ નેશનલ સ્કુલ ગેમ્સ માટે પસંદગી પામે છે.આમાંથી કુ.આરતીબેન અય્યરને સરકાર તરફથી પુરૂષાર્થ ગૌરવ એવોર્ડ શિક્ષણમંત્રી શ્રીઆનંદીબેન પટેલ દ્વારા અર્પણ કરવામાં આવેલ હતો.જયારે અ.મ્યુ.કો.ના જયદીપસિંહજી પુરસ્કૃત આંતરરાષ્ટ્રીય ચેસ ખેલાડી તથા ગુજરાતનાં ત્રણ વખતનાં સ્ટેટ ચેમ્પીયન શ્રીનીરવ રાજાસુબા એ સાંગલી મુકામે સુરજ ઈન્ટરનેશનલ રેટીગ સ્પર્ધામાં ૧૦ મું સ્થાન મેળવી કોર્પોરેશનનું ગૌરવ વધાર્યુ છે.જીમ્નેશીયમોમાં તાલીમ લઇ નીચેના તાલીમાર્થીઓએ જયદીપસિંહજી એવોર્ડ મેળવ્યો છે.

(૧)પ્રાચીબેન શાહ (૨)ઉમંગભાઇ ભગત (૩)રોનકભાઇ શાહ

(૪)રાગીણીબેન ચૌહાણ (૫)સંતોષભાઇ ગૌસ્વામી (૬)પ્રેયાબેન મહેતા

અહેવાલી વર્ષમાં નીચે મુજબની આવક થવા પામી છે.

| | | |
|---|---|---|
| (૧)કોચીંગ કેમ્પ ફી | (૧)સ્કેટીંગ | રૂા. ૧,૨૧,૨૦૦.૦૦ |
| | (૨)ટેબલ ટેનિસ | રૂા. ૩,૨૦૦.૦૦ |
| (૨)જીમ્નેશીયમ સભ્ય ફી | | રૂા.૧૩,૧૭,૧૪૦.૦૦ |
| (૩)મેદાનભાડાની આવક | | રૂા. ૧,૬૫,૯૫૪.૦૦ |
| (૪)અનુદાન/ગ્રાન્ટ | | રૂા. ૧,૦૦,૦૦૦.૦૦ |
| (૫)વિકલાંગ રમતોત્સવ | | રૂા. ૩,૭૨૧.૦૦ |

આમ,અં.પુ.વ્યાયામ વિધાલય દ્વારા વિવિધ રમત-ગમતની પ્રવૃત્તિઓ નાગોરકોના આરોગ્યનું ધોરણ ઉંચુ લાવવાના પ્રયત્નો કરવામાં આવે છે.જેની કદર રૂપે યુવક સેવા તથા સાંસ્કૃતિક ભવન રાજય સરકાર રૂા.૧,૦૦,૦૦૦.૦૦ નું મહત્તમ અનુદાન સ્પોર્ટસની પ્રવૃત્તિઓને વેગ આપવા વ્યાયામ વિધાલયને આપેલ છે.જે અ.મ્યુ.કો. માટે ગૌરવની બાબત છે.

# ૯.૭ માણેકલાલ જેઠાભાઈ પુસ્તકાલય

## ૦૭-૦૮

મહાત્મા ગાંધીજીએ ઐતિહાસીક દાંડીકૂચના પ્રારંભે સત્યાગ્રહ આશ્રમનાં પુસ્તકો થકી સાર્વજનિક પુસ્તકાલયનો વિચાર રજુ કરતાં સને ૧૯૩૩ માં રૂા. ૫૫,૦૦૦/- નુંશ્રી. રસિકલાલ માણેકલાલ તરફથી દાન મળતાં 'માણેકલાલ જેઠાભાઈ પુસ્તકાલય' અસ્તિત્વમાં આવ્યું. પૂજ્ય બાપુજીના કરકમલોના સ્પર્શે ખાતમુહુર્ત પામ્યા બાદ જયપુરી સ્થાપત્ય ધરાવતું ભવન ૧૯૩૮માં સરદારશ્રીના શુભહસ્તે જાહેરજનતાના લાભાર્થે ખુલ્લું મુકવામાં આવ્યું.શેઠ શ્રી રસિકલાલ તરફથી ક્રમશઃ વિશેષ અનુદાનો મળતા સુભદ્રાબેન માણેકલાલ વાચનાલય અને બાળકિશોર વિભાગ પણ અસ્તિત્વમાં આવ્યો. પુસ્તકાલયને સને ૧૯૫૦માં અ.મ્યુ.કોર્પો. દ્વારા રૂા. ૫૦,૦૦૦/- નું વિશેષ અનુદાન મળતાં અલગ ગ્રંથભંડારની રચના થઈ.૧૯૫૭માં પુસ્તકોને બંધ કબાટોના બંધનમાંથી મુકત કરવામાં આવ્યા.૧૯૭૪ અને પછીના વર્ષોમાં રૂા.૧૬.૫૦ લાખની રકમ અ.મ્યુ.કોર્પો. તરફથી મળતા ગ્રંથાલય ભવનનું વિસ્તરણ કરવામાં આવ્યુ. વર્ષ ૨૦૦૪-૦૫માં પુનઃ રૂા.૨૨.૦૦ લાખની કેપીટલ રકમ મળતા રેફરન્સ એન્ડ રીસર્ચ સેકશન તથા જ્ઞાન વિહાર વિદ્યાર્થી વાચનાલય વિભાગ અસ્તિત્વમાં આવ્યો. આ અંગેની સંક્ષિપ્ત માહિતી પત્રક ૯.૭.૧ માં આપવામાં આવી છે.

આ પુસ્તકાલયનો વહીવટ વ્યવસ્થાપક મંડળ હસ્તક છે. જેમાં અધ્યક્ષ સ્થાને અહેવાલી વર્ષમાં શ્રી અમિતભાઈ શાહ હતા..તેઓની અધ્યક્ષતામાં વ્યવસ્થાપક મંડળની કુલ ૬ સભા મળી હતી. જેમાં કુલ ૮૩ કામોનો નિકાલ કરવામાં આવ્યો હતો.

પુસ્તકો,સામાયિકો, તથા અન્ય સામગ્રી સીડી,વીસીડી,ડીવીડી તેમજ ઓડીયો કેસેટની પસંદગી અને પ્રાપ્તિ અત્રેથી થાય છે વ્યવસ્થાપક મંડળની પેટા સમિતિ પુસ્તક સમિતિમાં અહેવાલી વર્ષમાં સભ્ય સ્થાને શ્રી જયપ્રકાશભાઈ દેસાઈ હતાં. જ્યારે શ્રી રઘુવીર નાયક તા.૧૦.૦૮.૦૬ થી તથા શ્રીમતી મીનાક્ષીબેન દેસાઈ વિદ્વાન સભ્ય તરીકે તા.૧૦.૦૮.૦૬ થી રહયાં હતાં અને વર્ષાંતે કુલ ૩૭૭ કામોનો નિકાલ કર્યો હતો.

પુસ્તકાલયના કર્મચારીઓની કુલ ૧૧૮ જગાઓ પૈકી ૩૫ જગાઓ ખાલી હતી અને ૮૩ જગાઓ પૈકી ૧૯ વ્યાવસાયિક, ૩૮ અર્ધ વ્યાવસાયિક અને ૨૬ બિન વ્યાવસાયિક કર્મચારીઓ છે.પુસ્તકાલયના ટ્રસ્ટ ડીડ મુજબ પુસ્તકાલયની સઘળી જવાબદારી અ.મ્યુ.કોર્પો. ઉપાડે છે. અહેવાલી વર્ષમાં અંદાજપત્ર મુજબ કુલ રૂા.૪૬૩૬૦૦૦૦/- અંકે રૂા.ચાર કરોડ ત્રસઠ લાખ સાઈઠ હજાર પુરા મંજૂર થયેલ, જે પૈકી રૂા.૨૫૬૮૦૦૦૦/- બે કરોડ છપ્પન લાખ એંસી હજાર ગ્રાંટ પેટે પુસ્તકાલયને મળ્યા હતા.પુસ્તકાલયની અન્ય આવક રૂા.૧૫,૭૯,૯૯૪/-ની થયેલ. જયારે વર્ષ દરમ્યાન રૂ.૨,૭૭,૫૯,૯૯૫/- નો ખર્ચ થયેલ અને વર્ષ ૦૭-૦૮ દરમ્યાન પુસ્તકાલયના જનરલ ફંડમાંથી કોઈ ઉપાડ કરવામાં આવ્યો નથી.

**<u>ગ્રંથ સંગ્રહ-</u>**

અહેવાલી વર્ષ દરમ્યાન કુલ ૩૧૩૪૩ ગ્રંથો નવા ઉમેરવામાં આવ્યા હતા.જે પૈકી ૨૪૪૯૧ ગ્રંથો રૂા.૨૦.૨૫ લાખના ખર્ચે ખરીદવામાં આવ્યા હતા. જયારે ૬૮૫૨ પુસ્તકો ભેટમાં મળ્યા હતા.

વિષયાનુસાર ગ્રંથસંગ્રહમાં અંગ્રેજી, ગુજરાતી, હિંદી, ઉર્દૂ, મરાઠી, સંસ્કૃત ભાષાના કુલ ૩૧૩૪૩ પુસ્તકો નવા ઉમેરવામાં આવ્યા છે.વર્ષાન્તે નવા ઉમેરાયેલા પુસ્તકો સહીતના ૬૫૮૯૨૨ ની વિષયવાર તથા ભાષાવાર માહિતી પત્રક ૯.૭.૨. માં દર્શાવી છે.

**<u>સંદર્ભ ગ્રંથસંગ્રહ :-</u>**

આ વિભાગની વિપુલતા અને વિવિધતા એ પુસ્તકાલયની વિશેષતા છે.સામાન્ય વાંચકોથી માંડી જીજ્ઞાસુઓ, અભ્યાસુઓ અને સંશોધકો તથા વિદ્યાર્થી સમુદાયે આ ગ્રંથસંગ્રહનો સતત ઉપયોગ કર્યો હતો. વર્ષ દરમ્યાન ૬૨૦૦ વાંચકોએ ૧૫૦૦૦ જેટલાં સંદર્ભગ્રંથનો ઉપયોગ પુસ્તકાલયમાં બેસીને કર્યો હતો.

**<u>વિશિષ્ટ ગ્રંથસંગ્રહ :-</u>**

પુસ્તકાલયની સેવાઓને વધુ માહિતીસભર અસરકારક અને ચોકસાઇભરી બનાવવા વિશિષ્ટ વિષયના કેટલાક સંગ્રહો અલગ કરવામાં આવ્યા છે.તેમજ અધ્યયન અર્થે ઉપયોગી બની રહે તે માટે છ ક્યુબિક્લ્સ બનાવવામાં આવેલ છે.અલાયદા ખંડમાં સંગ્રહ કરવામાં આવેલ આ પુસ્તકો ઈસ્યુ કરવામાં આવતા નથી.

(૧) **સત્યાગ્રહ આશ્રમનો ગ્રંથ સંગ્રહઃ** સત્યાગ્રહ આશ્રમના ગ્રંથસંગ્રહમાં પુસ્તકાલયની શરૂઆતથી ૧૯૭૭ સુધી પુસ્તકો દેય વિભાગમાં હતા. ત્યારબાદ અદેય સ્વરૂપ ગણી અલગ મુકવામાં આવ્યા છે.

(૨) **ગાંધી સાહિત્યઃ** રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ લખેલ તેમજ તેમના વિશે લખાયેલા ગ્રંથોને અલાયદા ખંડમાં સંગ્રહીત કરવામાં આવેલ છે.જે સારો એવો લાભ સંગ્રહનો લાભ અભ્યાસુઓ અને સંશોધકો દ્વારા લેવામાં આવે છે.

(૩) **નહેરુ સાહિત્યઃ**નહેરૂ સાહિત્ય માત્ર તેમના અભ્યાસુઓ માટે નહીં પરંતુ ભારતીય ઈતિહાસની ઝાંખી મેળવનારાઓ માટે પણ ઉપયોગી બની રહયુ છે.

(૪) **સરદાર પટેલ સાહિત્યઃ** ગુજરાતના પનોતાપુત્ર એવા સરદાર પટેલ સાહિત્યનો લાભ અભ્યાસુઓ અને જીજ્ઞાસુઓ માટે લાભદાયી બની રહયો છે.

(૫) **ડો.આંબેડકર સાહિત્યઃ** ભારતીય બંધારણના ઘડવૈયા ડાૅ.આંબેડકરનું સાહિત્ય તેમનાં અભ્યાસુઓ માટે મહત્તમ ઉપયોગી બનતું જાય છે.

(૬) **અહિંસક અને શોષણવિહિન કેન્દ્રઃ**શ્રી.અતુલભાઇ શાહની પ્રદિક્ષા નિમિત્તે પુસ્તક સ્વરૂપે પ્રાપ્ત થયેલ રૂા.૧.૦૦ લાખના અનુદાનથી અહિંસક અને શોષણવિહીત કેન્દ્ર શરૂ કરવામાં આવેલ છે.જેમાં જૈન ધર્મને લગતા વિશિષ્ટ પુસ્તકોનો સંગ્રહીત કરવામાં આવેલ છે.

(૭) **આપણું અમદાવાદઃ**અમદાવાદ અને અ.મ્યુ.કો.ને સ્પર્શતા અનેક ગ્રંથોનો સંગ્રહ'આપણું અમદાવાદ' માં નગર વિશેની તમામ માહિતી ઉપલબ્ધ છે.

(૮) **ગુજરાત સ્થાનિક ઈતિહાસઃ** ગુજરાત સ્થાનિક ઈતિહાસ' નાં વિભાગમાં ગુજરાતનાં ઈતિહાસ, ભૂગોળ, રાજકારણ, સમાજજીવન, લોક સાહિત્ય-સંસ્કૃતિ, શિલ્પ, સ્થાપત્ય વિગેરે વિષયોને સ્પર્શતા ગુજરાત સ્થાનિક ઈતિહાસના વિભાગમાં સંગ્રહીત છે.

(૯) **સને ૧૯૦૦ પહેલાં પ્રકાશિત થયેલ પુસ્તકોઃ** મુદ્રણકળાના પ્રથમ તબક્કામાં છપાયેલ પુસ્તકોની મહત્તા અને મૂલ્યને ધ્યાનમાં લઇ સને ૧૯૦૦ પહેલાં પ્રકાશિત થયેલ પુસ્તકોનો અલગ સંગ્રહ કરવામાં આવેલ છે. જે પૈકીનું પ્રથમ પુસ્તક સને ૧૮૫૯ માં મુદ્રિત થયેલુ છે

(૧૦) **સામાયિક સંપુટો :** સંશોધનકારો અને જીજ્ઞાસુઓ માટે પુસ્તકાલયમાં આવતા સામાયિકોની ફાઈલ બંધાવીને ગ્રંથ સ્વરૂપે રાખવામાં આવ્યા છે.

(૧૧) **ડોરમેટરી:**ડોરમેટરી વિભાગમાં નહીવત અને ક્વચિત જ ઉપયોગમાં લેવાતા આશરે ૬૦૦૦ ઉપરાંત ગ્રંથોનો સંગ્રહ છે.

(૧૨) **ગુજરાતી સાહિત્ય સંદર્ભ:** ગુજરાતી ભાષામાં પ્રગટ થયેલ અને થઇ રહેલ તમામા નવલકથાઓ, કાવ્યો અને નાટકો સંદર્ભ માટે ઉપયોગી બને તે માટે ગુજરાતી સાહિત્ય સંદર્ભ સંગ્રહ અલગ રાખવામાં આવેલ છે.

(૧૩) **એજ્યુકેશનલ વોકેશનલ ગાઇડન્સ:** સ્કૂલ કોલેજ અને યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ અને શિક્ષિત બેરોજગારોને માર્ગદર્શન માહિતી મળી રહે તે માટે અલગ વિભાગ બનાવી સાહિત્યનો સંગ્રહ કરવામાં આવ્યો છે.

(૧૪) **કોમ્પ્યુટર અને ઈન્ફર્મેશન ટેકનોલોજી:**-માહિતી યુગની જરૂરિયાત અનુસાર આ વિષયમાં થયેલા વિકાસને અનુલક્ષીને યુવા વાચકોને મદદરૂપ થવા અદ્યતન વાચન સામગ્રી ખરીદી નવો વિભાગ બનવવામાં આવેલ છે.

**ગ્રંથ ગોઠવણી :-**

આ માટે ગ્રંથાલયમાં બે વર્ગીકરણ પધ્ધતિનો ઉપયોગ થાય છે. ભારતીય ભાષાઓનાં તમામ ગ્રંથોની ગોઠવણી કોલન કલાસીફિકેશન પધ્ધતિનો ઉપયોગ કરવામાં આવે છે. આ માટે દેવનાગરી લિપિનો પ્રયોગ કરવામાં આવ્યો છે. ગુજરાતી ભાષાની નવલકથાઓનું વર્ગીકરણ દ્વિબિંદુ માંથી પરિવર્તીત કરી દશાંશમાં ફેરવવામાં આવ્યું છે. ગુજરાતી નવલકથાની ગોઠવણી લેખક અનુસાર જયારે અંગ્રેજી પુસ્તકોની ગોઠવણી 'ડયુઈ ડેસીમલ ક્લાસીફીકેશન' અનુસાર કરવામાં આવે છે.

**ગ્રંથાલય સૂચિ :-**

કોઈ એક ગ્રંથ પુસ્તકાલયમાં હોય તો તે ક્યાં ગોઠવાયેલ છે તેની માહિતી આમાંથી મળે છે. અંગ્રેજી ગ્રંથો માટે એ.એ.સી.આર. પધ્ધતિ અને ભારતીય ભાષાના ગ્રંથો માટે અનુવર્ગ સૂચિકલ્પનો ઉપયોગ કરવામાં આવ્યો છે.જ્યારે ભારતીય ભાષાના ગ્રંથો માટે અનુવર્ગ સૂચિ કલ્પનો ઉપયોગ કરવામાં આવે છે.આગામી દિવસોમાં તમામ વાચન સામગ્રીની સુચિ કોમ્પ્યુટરાઇઝ કરાવી ઓન લાઈન સેવાઓ પુરી પાડવામાં આવશે.

**વાંચનાલય :-**

પુસ્તકાલયના લોકપ્રિય અને ચહલપહલવાળા આ વિભાગમાં ૧૯૦ બેઠકોની વ્યવસ્થા છે. વર્ષમાં ૩૬૪ દિવસ સતત ૨૪ કલાક સેવાઓ અપાય છે. અહીં ૮ ભાષાના ૫૦૬ સામાયિકો-વર્તમાનપત્રો આવે છે. જે પૈકી ૩૯૬ સામાયિકો-વર્તમાનપત્રો લવાજમથી મંગાવવામાં આવે છે. જેનું લવાજમ અહેવાલી વર્ષમાં રૂા. ૨.૧૩ લાખ ભરવામાં આવ્યુ હતું.૧૧૦ સામાયિકો-વર્તમાનપત્રો ભેટ સ્વરૂપે આવે છે. ભારતનાં તમામ મુખ્ય શહેરોમાંથી પ્રગટ થતા ૭૯ વર્તમાનપત્રો આ વિભાગમાં ઉપલબ્ધ છે. સિંગાપુરથી પ્રગટ થતું 'ઈન્ટરનેશનલ હેરાલ્ડ ટ્રીબ્યુન' પણ અત્રે મંગાવવામાં આવે છે. અહેવાલી વર્ષ દરમ્યાન વાંચકોની કુલ સંખ્યા ૧,૯૭,૬૭૦ રહી હતી.

**સભ્યપદ :-**

પુસ્તકાલયના ગ્રંથ ઘેર વાંચવા લઈ જવા માટે સભ્યપદ મેળવવું આવશ્યક છે. આ માટે નિયત અરજીપત્રકમાં આવશ્યક વિગતો ભરી જામીનદારની સહી લાવવાની રહે છે.

| અ. નં | વાચક સભ્યનો પ્રકાર | સભ્ય પદની મુદત | સભાપદ ડીપોઝીટ રૂ.(રીફન્ડેબલ) | લવાજમ રૂા. | ઓળખ પત્ર | વાચક ટીકીટો |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | વયસ્ક વાચક | બે વર્ષનો બ્લોક | - | ૧૨૦.૦૦ | ૧ | ૨ |
| | વયસ્ક વાચક | આજીવન | - | ૫૦૦.૦૦ | ૧ | ૪ |
| ૨ | મહિલા,વિદ્યાર્થીઓ અને બાળકિશોર વિભાગના બાળકો માટે | બે વર્ષનો બ્લોક | - | ૬૦.૦૦ | ૧ | ૨ |
| | ,, | આજીવન | - | ૨૫૦.૦૦ | ૧ | ૪ |
| ૩ | વિશિષ્ટ પ્રકારના વાચકો જેવા કે વિકલાંગ, બહેરામૂંગા, પ્રજ્ઞાચક્ષુ અને સીનીયર સીટીઝન વાચકો | બે વર્ષનો બ્લોક | - | ૬૦.૦૦ | ૧ | ૨ |
| | ,, | આજીવન | - | ૨૫૦.૦૦ | ૧ | ૪ |
| ૪ | વાચનાલય અને સામયિક વિભાગના વાચકો | - | - | મુક્ત પ્રવેશ | - | - |
| ૫ | ઈન્સ્ટીટયુશનલ મેમ્બર શીપ | બે વર્ષનો બ્લોક | - | ૩૦૦૦.૦૦ | ૧ | ૨૦ |
| | ,, | આજીવન | | ૨૫૦૦૦.૦૦ | ૧ | ૨૦ |
| | **ડિઝીટલ લાયબ્રેરી** | | | | | |
| ૧ | વયસ્ક વાચક | બે વર્ષનો બ્લોક | ૧૦૦ | ૫૦.૦૦ | ૧ | ૨ |
| ૨ | વિદ્યાર્થી વાચક | બે વર્ષનો બ્લોક | ૭૫ | ૩૫.૦૦ | ૧ | ૨ |
| ૩ | બા.કિ.વિ.ના વાચકો | બે વર્ષનો બ્લોક | ૫૦ | ૨૫ | - | ૨ |
| ૪ | આજીવન વાચક | આજીવન | ૧૦૦ | - | ૧ | - |

તા.૧/૪/૦૫ થી તા.૩૧/૩/૦૭ સુધીના બે વર્ષના બ્લોક દરમ્યાન અહેવાલી વર્ષના અંત સુધીમા કુલ ૯૬૭ આજીવન સભ્યો નોંધાયા હતા.અહેવાલી વર્ષને સમાવતા બે વર્ષના બ્લોકમાં વયસ્ક સભ્યોની સંખ્યા ૨૬૫ હતી. વિશિષ્ટ વાચક સભ્ય સંખ્યા વર્ષ ૨૦૦૭-૦૮ માં ૧૩૮૪ અને આજીવન ૮૦૬ ની હતી. બાળકિશોર વિભાગમાં વર્ષ ૨૦૦૭-૨૦૦૮ના બે વર્ષના બ્લોકમાટે સભ્યોની સંખ્યા ૩૪ હતી.જયારે આજીવન સભાસદો ૬૫ થયા હતા.વયસ્ક સભાસદોમાં ૧૦૦% પુરુષ સભાસદોની ગણતરી કરેલ છે. અને સ્ત્રી સભાસદોની ગણતરી વિશિષ્ટ વાચકોમાં કરેલ છે.વયસ્ક સભાસદોમાં ૧૫થી૨૪ વર્ષના સભ્યો ૩૮.૪૯%, ૨૫થી૩૪ વર્ષના ૩૮.૧૧% અને ૩૫ વર્ષથી ૫૦ વર્ષના સભ્યો ૧૩.૨૦% ૫૧ થી ૬૦ વર્ષના સભ્યો ૦૭.૧૦% તથા ૬૧ થી વધુ વર્ષના ૦૩.૧૦% સભ્યો નોંધાયેલ છે.

**ગ્રંથ પરિક્રમણ :-**

પુસ્તકાલયનું સભ્યપદ મેળવનારને ૨ સભ્યપદ ટીકીટો આપવામાં આવે છે. જેના પર વાચક એક સાથે બે પુસ્તક ૧૪ દિવસ માટે ઈસ્યુ કરાવી શકે છે. નિયત તારીખે કે તે પહેલા પુસ્તક પરત કરવામાં ન આવે તો ત્યારબાદના દરેક દિવસના પુસ્તક દીઠ રૂા.૧.૦૦ અતિદેય તરીકે વાચક પાસેથી વસૂલ કરવામાં આવે છે. ગ્રંથ લેવડ દેવડ માટે અત્રે રંગનાથન પધ્ધતિનો ઉપયોગ કરવામાં આવે છે.સાથે જ દિવસ દરમ્યાન ઈસ્યુ થતા પુસ્તકોની પરિક્રમિત સંખ્યાની જાણ માટે અવર્લી ચાર્ટ રાખવામાં આવે છે.

**અન્યાદેયીકરણ :-**

ગ્રંથાલયમાં વાંચકોને જો મનવાંછિત પુસ્તક પ્રાપ્ત ન થાય તો પુસ્તક માટે ક્લેઈમ નોંધવાની સુવિધા છે. (નવલકથા સિવાય) આ માટે વાચકે નિયતપત્રક ભરી ટપાલ ટીકીટ લગાવી, તે પત્રક આપ-લે વિભાગમાં આપવાનું રહે છે.

**આંતર ગ્રંથાલય લેવડ-દેવડ :-**

સંસ્થાઓ અને સંશોધકો માટે આંતર ગ્રંથાલય લેવડ દેવડ અન્વયે પુસ્તકો મેળવવાની આ વિશિષ્ટ સુવિધાનો વર્ષ દરમ્યાન ૧૦૦ જેટલી સંસ્થાઓને તથા વાચકોને ૧૧૩૦ પુસ્તકો ઈશ્યુ કરવામાં આવ્યા છે.

**મ્યુ.સ્કુલોમાં પુસ્તકોનુ વિતરણઃ-**

મ્યુ.સ્કુલોમાં અભ્યાસ કરતા ગરીબ અને મધ્યમવર્ગના બાળકોને અભ્યાસની સાથે માનસિક વિકાસ ઉપરાંત શિક્ષણ પ્રત્યે રુચિ કેળવીને નિયમિત રીતે વાંચતા થાય તે હેતુને લક્ષમાં લઇ અહેવાલના વર્ષ દરમ્યાન મ્યુ.સ્કુલબોર્ડ સંચાલીત ૩૦ જેટલી શાળાઓમાં શાળા દીઠ ૨૫૦ પુસ્તકો લેખે ૭૫૦૦ પુસ્તકો જે તે શાળાઓના પુસ્તક વાંચન કેન્દ્રમાં મોકલી આપવામાં આવેલ છે.જેમાં ગુજરાતી,હિન્દી,ઉર્દૂ.મરાઠી,અને અંગ્રેજી ભાષાના બાળસાહિત્યનો સમાવેશ કરવામાં આવેલ છે.પુસ્તકાલયની ઓડિયો-વિડિયો મોબાઇલ વાન દ્વારા જે તે કેન્દ્રોને પુસ્તકોનું વિતરણ કરી આપવામાં આવે છે.આ પ્રક્રિયા દર વર્ષે ચાલુ રાખવામાં આવનાર છે.

**વિશિષ્ટ વાચક સેવા :-**

માહિતી- વાંચકોને કોઈપણ માહિતી ત્વરિત મળી રહે તે માટે, માહિતી સેવા શરૂ કરવામાં આવેલ. આ સેવાનો ઉપયોગ વિદ્યાર્થીઓ, વિદ્વાનો અને સંશોધકો કરે છે. આ સેવાનો લાભ રૂબરૂ તથા ટેલીફોન ,ઈન્ટરનેટ તેમજ ફેકસ દ્વારા મેળવી શકાય છે.

**<u>અનુલય સેવા-</u>** નવા આંગતુકને જુદા જુદા વિભાગો અને સેવાઓની માહિતી અનુલય સેવા વિભાગ દ્વારા મળે છે. ત્વરીત અનુલયસેવા આપી શકાય તે માટે સંદર્ભગ્રંથો કાયમ પ્રદર્શિત કરવામાં આવેલ છે. જેનો શાળા-કોલેજનાં વિદ્યાર્થીઓ તથા જીજ્ઞાસુઓ સતત ઉપયોગ કરી શકે છે.પુસ્તકાલય સંશોધકોને સાહિત્ય સુચી સેવા પણ આપે છે.વિશેષ કરીને તેનો લાભ શોધ નિબંધ અને મહાનિબંધ તૈયાર કરવામાં વાચકો લઇ રહયા છે.

**<u>પ્રતિલિપિ સેવા-</u>**કોઇપણ વાચકને તેની માહિતી જેવી કે ન્યુઝ પેપર સામાયિક કે સંદર્ભગ્રંથમાંથી મેળવેલ હોય તેની પ્રતિકૃતિ ત્વરાએ મળી રહે તે માટે કોપીયર મશીન વસાવવામાં આવ્યું છે. જેનો લાભ વાચક વર્ગ દ્વારા સતત લેવામાં આવે છે.વિદ્યાર્થીઓને માત્ર ૦.૨૫ પૈસામાં નકલ કાઢી આપવામાં આવે છે.

**<u>ઈન્ટરનેટ સેવા-</u>** ટેકનોલોજીના આ યુગમાં ઝડપથી માહિતી પ્રાપ્ત કરવા માટે કોમ્પ્યુટર વિભાગમાં તા.૨૩/૫/૯૯થી ઈન્ટરનેટ સેવાનો પ્રારંભ કરવામાં આવેલ છે. વર્ષ દરમ્યાન ૩૧૯૪ સભાસદોએ આ સેવાનો લાભ લીધેલ છે.ઈન્ટરનેટ સેવાઓ વાંચક દીઠ કલાકના માત્ર ૧૦ રૂપિયા ચાર્જ લઇને સેવા આપવામાં આવે છે.

**<u>ડિજીટલ લાયબ્રેરી</u>**-પુસ્તકાલયમાં તા.૧૪/૯/૦૪થી ડિજીટલ લાયબ્રેરીની શરૂઆત કરવામાં આવી છે.જેમાં હાલમાં કુલ ૧૫૫૮ સી.ડી.છે.તા.૩૧/૩/૦૮ સુધીમાં કુલ ૪૫૪ સભ્ય છે.

<u>રેડી રેફરન્સ વિભાગઃ-</u>આ વિભાગમાં અમદાવાદને લગતાં ૯૬ પુસ્તકો મુકવામાં આવેલ છે.જેમાં અમદાવાદને લગતી પ્રાચિન અવ્રાચીન માહિતીનો પુસ્તકરૂપી સગ્રહ કરવામાં આવેલ છે.તેમજ અમદાવાદને લગતા પેપર કલીપીગની ફાઇલ પણ તૈયાર કરવામાં આવેલ છે.

**<u>બાળ કિશોર વિભાગ :-</u>**

યુનેસ્કો લાયબ્રેરી ડેવલપમેન્ટ પ્લાન અન્વયે ૧૯૫૬ માં ૬ થી ૧૪ વર્ષની વયના બાળકો માટે વૈવિધ્યસભર વાંચન, વાંચનેતર અને સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા બાળકો માટે વાંચનટેવ ખીલવી શકાય તેમજ તેમના વ્યક્તિત્વનો વિકાસ થાય તે આશયથી આ વિભાગમાં ૭૦ બેઠકોની વ્યવસ્થા કરવામાં આવી છે. અહેવાલી વર્ષમાં આ વિભાગમાં બાળકોની કુલ હાજરી ૬૧૯૩ હતી તેઓ દ્વારા કુલ ૨૦૧૮૭ પુસ્તકો વંચાયેલ. બાળકોને જ્ઞાન સાથે ગમ્મત મળે તે હેતુથી વિવિધ ભાષાના બાળ સામાયિકો મંગાવવામાં આવે છે. નાના ભૂલકાંઓ માટે રમકડાંગૃહ બનાવવામાં આવ્યું છે.

**સામયિકઃ-**

બાળકોને જ્ઞાન સાથે ગમ્મત આપે તેવા વિવિધ ભાષાના જુદા જુદા બાળ સામાયિકો અહી મંગવવામાં આવે છે.જયારે જુના વર્ષના સામાયિકો અહી વેચાણ માટે મુકવામાં આવે છે જે ખુબ જ નજીવા દરે ખરીદી શકાય.

**રમકડાગૃહઃ**

બાળ વિભાગમાં મહિલા સેવા સંકુલ સાથે સંલગ્ન પરિસરમાં આ વિભાગમાં આવતા સૌ બાળકોને વેકેશન દરમ્યાન તેમને અનુરૂપ શૈક્ષણિક તથા ઇલેકટ્રોનિકસ ગેમ રમાડવામાં આવે છે. સાથે જ આ વિભાગમાં બાળકોલક્ષી ફિલ્મ શો પણ વેકેશન દરમ્યાન બતાવવામાં આવે છે.જે કોઇપણ બાળક અહી કોઇ પણ પ્રકારની ફી કે ચાર્જ આપ્યા વગર દરરોજ માણી શકે છે.

**<u>મહિલા વિભાગ :-</u>**

વૈવિધ્યભરી અને વિશેષ વાંચન સામગ્રી ધરાવતાં આ વિભાગમાં ૪૫ બેઠકોની વ્યવસ્થા છે. મહિલાઓને વિશેષ ઉપયોગી એવા ગૃહસજાવટ, પાકશાસ્ત્ર, આરોગ્ય, સૌંદર્ય, ભરત-ગુંથણ, સીવણ, સ્ત્રી ધર્મ, દાંમ્પત્ય, બાળ ઉછેર,મહેંદીભજન,ગરબાવલી,ધાર્મિક તેમજ આજના સાંપ્રત પ્રવાહને લગતા પુસ્તકો-વિષયો નો દેય ગ્રંથ સંગ્રહ છે.

છે. આ વિભાગમાં મહિલાઓને લોકપ્રિય તેવા વિવિધ ભાષાનાં સામાયિકો મંગાવવામાં આવે છે. અહેવાલી વર્ષમાં ૬૩૫૫ મહિલાઓએ આ વિભાગનો ઉપયોગ કર્યો હતો.અહેવાલના વર્ષ દરમ્યાન ૪૯૦ જેટલી મહિલા વાચકો દ્વારા અહીં મૂકવામાં આવેલ ડીસ્પ્લે કબાટના અદેય પુસ્તકોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.તેઓ દ્વારા ૫૪૯૩ પુસ્તકોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. સરેરાશ ૧૫ હતી.

**સર્જન શીલા :-**

મહિલાઓ રચિત સાહિત્યનો નવીન વિભાગ સર્જનશીલા સને ૯૫માં શરૂ કરવામાં આવ્યો છે.આ વિભાગમાં માત્ર મહિલા લેખિકાઓ દ્વારા રચિત પુસ્તકોનો સંગ્રહ કરવામાં આવ્યો છે.જે મહિલાઓ માટે લેખન પ્રક્રિયામાં પ્રેરક બની રહે છે.

**બ્રેલ અને ટોકીંગ વિભાગ :-**

અંધ વિદ્યાર્થીઓ અને વયસ્ક પ્રજ્ઞાચક્ષુઓ માટેના આ વિભાગમાં અભ્યાસલક્ષી અને આનુષંગિક વિષયોને લગતી ઓડીયો કેસેટસ છે.ઉપરાંત બ્રેલ પુસ્તકો અને બ્રેલ સામાયિકો પણ ઉપલબ્ધ છે.

**અધ્યયન વિભાગ :-**

અદેય ગ્રંથોના ઉપયોગ માટેના આ વિભાગમાં અહેવાલી વર્ષમાં ૬૨૦૦ વાંચકોએ ૬૪૬૦ થી વધુ ગ્રંથોનો ઉપયોગ કર્યો હતો.વિશેષમાં પોતાના ગ્રંથો સાથે બેસવાની વિદ્યાર્થીઓને અત્રે વિશેષ સગવડ આપવામાં આવે છે.રેફરન્સ અને સંશોધન માટે આ વિભાગનો ઉપયોગ થાય છે. અહેવાલના વર્ષ દરમ્યાન કુલ ૯૫૬૦ વિધાર્થીઓએ અધ્યયન વિભાગની વિશેષ સગવડનો લાભ લીધેલ.

**ગ્રંથ બંધામણી :-**

અહેવાલી વર્ષ દરમ્યાન ૧૧૫૦ પુસ્તકો બંધાવવામાં આવેલ હતા .તે માટે રૂા. ૧૩૨૫૦/--નો ખર્ચ કરવામાં આવ્યો હતો.

**વિડીયો કેસેટ લાયબ્રેરી :-**

ગ્રંથોની સાથે દશ્ય - શ્રાવ્યનું મહત્વ વધતાં આ લાયબ્રેરી શરૂ કરવામાં આવી છે. હાલમાં આ પુસ્તકાલય પાસે ૨૪૭ ઉપરાંત વિડીયો કેસેટસ છે.

**ઓડિયો કેસેટ શ્રવણ વિભાગ :-**

ગુજરાતનાં સાહિત્ય સર્જકોની ગદ્ય-પદ્ય કૃતિઓનું સ્વમુખે પઠન કરાવે તેવી કુલ ૪૯ કેસેટ તથા વિશિષ્ટ સર્જકોની ભારતીય રાગ સંગીતની માણવા યોગ્ય સ્વર વાદ્યની સંકલિત ૩૪૩ કેસેટસ વસાવવામાં આવી છે.

**આર્ટ અને પિકચર ગેલેરી :-**

કાયમી ધોરણે આયોજન કરવામાં આવેલ આર્ટ ગેલેરીમાં 'અમદાવાદ ગઈકાલ અને આજના' ફોટોગ્રાફ્સ વિશેષ આકર્ષણ ધરાવે છે.જેમાં અમદાવાદને લગતા ૯૬ પુસ્તકોનો વિશીષ્ટ સંગ્રહ કરવામાં આવે છે.

**પેપર કલીપીંગ ફાઈલ :-**

વાર તહેવાર, જન્મ જયંતિ, પૂણ્યતિથી પ્રસંગે વિવિધ પ્રદર્શનો ગોઠવવામાં આવે છે.તેમજ રાજનૈતિક ઘટનાક્રમને લગતી અલગ અલગ વિષયોની ફાઈલો તૈયાર કરવામાં આવે છે.અહેવાલના વર્ષ દરમ્યાન ૭૭ નવી ફાઈલો તૈયાર કરવામાં આવેલ છે.

બાળકો માટેનું ફરતું પુસ્તકાલય :-

શહેરનાં પરા અને મજૂર વિસ્તારનાં બાળકોને ઘરઆંગણે પુસ્તકાલયની સેવાઓ મળી રહે તે માટે સને ૧૯૭૯ થી ફરતુ બાળ પુસ્તકાલય શરૂ કરવામાં આવેલ છે. જે કુલ ૧૦ વિસ્તારનાં ૨૯ સેવા કેન્દ્રો ઉપર ગ્રંથપરિક્રમણ

સેવા આપે છે.અહેવાલી વર્ષમાં ૪૧૯ બાળકો સભાસદ બન્યા હતા અને તેઓએ કુલ ૩૯૧૫ ગ્રંથનો લાભ લીધો હતો.

**મહિલાઓ માટે ફરતું પુસ્તકાલય :-**

ગૃહકાર્યમાં વ્યસ્ત મહિલાઓ નવરાશના સમયનો સર્જનાત્મક ઉપયોગ કરે અને અદ્યતન માહિતી મેળવે તે હેતુને લક્ષમાં રાખી શહેરના દૂર અને પરા વિસ્તારની મહિલાઓને ઘરઆંગણે સુવિધા પુરી પાડવા સને ૧૯૮૯માં મહિલાઓ માટેના ફરતા પુસ્તકાલયનો પ્રારંભ કરવામાં આવ્યો છે. જે કુલ ૧૦ વિસ્તારના ૩૩ સેવા કેન્દ્રો ઉપર સેવા આપે છે. અહેવાલી વર્ષમાં ૧૮૩ સભાસદ મહિલાઓએ ૧૦૫૦૪ પુસ્તકોના વાંચનનો લાભ મેળવ્યો હતો.

**ઓડિયો વિડીયો મોબાઈલ લાયબ્રેરી :-**

પ્રગતિશીલ યુગમાં સમયનાં અભાવને કારણે અમદાવાદ તેમજ દૂરનાં અને પરાનાં મજૂર વિસ્તારોમાં જયાં ઈલેકટ્રોનિક સાધનો ઉપલબ્ધ નથી ત્યાં બાળકો તેમજ આમ જનતાને સામાજીક શૈક્ષણિક તેમજ વિજ્ઞાનથી માહિતગાર કરવા માટે આ લાયબ્રેરી વિના મૂલ્યે સેવાઓ પુરી પાડે છે. સોમવારથી શુક્રવાર દરમ્યાન આ મોબાઈલ વાન અલગ અલગ વિસ્તારમાં ૪૫ મીનીટ આ મનોરંજનાત્મક કાર્યક્રમોની કેસેટ બતાવામાં આવે છે.બાળકોમાં દેશભક્તિની ભાવના બળવતર બને તે માટે પરમવીરચક્ર,ચાણક્ય,ગાંધીજી,શહીદ વીર ભગતસિંહ જેવી ટી.વી. સીરીયલોની કેસેટસ પણ બનાવવામાં આવે છે. રામાયણ, મહાભારત જેવી સિરીયલોની કેસેટસનું મહિલાઓને બતાવવામાં આવે છે.

**શાખા પુસ્તકાલયો :-**

મા.જે.પુસ્તકાલય સંચાલિત વિજયનગર વાંચનાલય નારણપુરા વિસ્તારમાં તા.૧/૫/૯૭ થી હાઉસીંગ બોર્ડના મકાનમાં શરૂ કરવામાં આવ્યું. અહીં વાંચનકક્ષની સુવિધા આપવામાં આવે છે. જેમાં ૧૫૦ વિદ્યાર્થીઓ એક સાથે બેસી વાંચી શકે છે. સામાન્ય રીતે જાન્યુઆરી સુધી વાંચનકક્ષનો સમય સવારે ૮ થી રાત્રિના ૮ સુધી ખુલ્લો રહેતો વાંચનકક્ષ પરીક્ષા સમયે સવારે ૮ થી રાત્રે ૧૦ સુધી ખુલ્લો રહે છે. વાંચનાલય વિભાગમાં કુલ ૭૩ વર્તમાનપત્રો-સામાયિકો પૈકી ૩૭ લવાજમથી મંગાવવામાં આવે છે. જેના લવાજમનું અહેવાલી વર્ષમાં ખર્ચ રૂા.૪૦૪૦૯/- થયેલ હતું. વર્ષ દરમ્યાન કુલ ૧,૭૫,૬૨૬ વાંચકોએ લાભ લીધો હતો.સને૨૦૦૭-૨૦૦૮ દરમ્યાન શાખા પુસ્તકાલય વિજયનગર ખાતે ૩૦૮ વયસ્ક,૮૭ આજીવન અને ૫૬ બાળકિશોર સભાસદ થયા હતા.વયસ્ક સભાસદોમાં કુલ ૬૭૭૪૪ ગ્રંથપરિક્રમણ થયેલ. બાળ કિશોર વિભાગમાં કુલ ૨૦૨૮૪ ગ્રંથપરિક્રમણ થયેલ છે.

અજીત ભગત શાખા પુસ્તકાલય (કાલુપુર)માં મહિલાઓમાં લોકપ્રિય તેવા વિવિધ ભાષાના ૧૦ જેટલા સામાયિકો મંગાવવામાં આવલ હતા.જેનો ખર્ચ રૂા.૫૭૧૭/- થયેલ.વર્ષ દરમ્યાન મહિલા વિભાગમાં ૧૭૨૯ અને બાળકિશોર વિભાગમાં ૩૨૮૩ સભાસદો રહયા હતા.જેમાં અનુક્રમે કુલ ૩૮૬૭ અને ૩૮૧૫ ગ્રંથ પરિક્રમણ થવા પામ્યા હતા.

સને ૧૯૯૮થી શરૂ કરવામાં આવેલ શાખા પુસ્તકાલય નરોડામાં વયસ્ક, બાળકો તેમજ મહિલાઓને ઉપયોગી થાય તેવા પુસ્તકો, વર્તમાનપત્રો તથા સામાયિકો મંગાવવામાં આવે છે.અહેવાલી વર્ષમાં અહી મંગાવાયેલ ૧૬ સામાયિક-વર્તમાનપત્રો પૈકી ૧૨ લવાજમથી મંગાવવામાં આવેલ છે.જયારે ૨ સામયિક વર્તમાન જેનો ભેટ સ્વરૂપે આવેલ છે.અહેવાલી વર્ષ દરમ્યાન લવાજમનો ખર્ચ રૂા.૧૩૬૫૬/- થયેલ.અહી વર્ષ દરમ્યાન વયસ્ક ૨૯ અને બાળકિશોર ૫ સભાસદ થયેલ. વર્ષ દરમ્યાન ૮૦૦૬ વાંચકોમાં ૨૭૪૧ ગ્રંથપરિક્રમણ થયેલ.જયારે બાળકિશોર

વિભાગમાં કુલ ૧૧૨૩૪ બાળકોએ હાજરી આપેલ.બાળકિશોર વિભાગમાં ૩૦૫ ગુજરાતી અને ૧૫૨ મરાઠી પુસ્તકોનું ગ્રંથપરિક્રમણ થવા પામેલ.

**મ્યુ.કોર્પોરેશન રેફરન્સ લાયબ્રેરીઃ-**

પુસ્તકાલય સંચાલીત મ્યુ.કોર્પો.માં રેફરન્સ લાયબ્રેરીનું તા.૨૩-૮-૨૦૦૪ના રોજ શુભારંભ કરવામાં આવેલ.આ લાયબ્રેરીમાં મુખ્યત્વે વહીવટી બાબતો,સંસદીય બાબતો,કાનુની બાબતો,વિવિધિ કોર્ટોના ચુકાદો,અ.મ્યુ.કોર્પો.અંગેની માહીતી,મ્યુ.કોર્પો.ને સ્પર્શતા કાયદા-કાનૂન અને નિયમો,અમદાવાદ શહેરની માહીતી,કેન્દ્ર સરકાર અને રાજયસરકારની વિવિધ યોજનાઓ,નીતિઓ,ઠરાવો,પરિપત્રો,મ્યુ.કોર્પો.ની વિધિ કમિટીઓ,સ્ટે.કમિટી અને જનરલ બોર્ડના એજન્ડા,ઠરાવો,પ્રોસીડીંગ,મ્યુ.કોર્પો.ના તમામ ખાતાના સરક્યુલરો ઉપરાંત વિવિધ વિષયોના મોટી સંખ્યામાં પુસ્તકો અને સામયિકો રાખવામાં આવેલ છે.

**શાખા પુસ્તકાલયઃઅમરાઈવાડી**

અમદાવાદના પૂર્વ ઝોનના પરા વિસ્તારોના નગરજનોના લાભાર્થે ન્યુ કોટન સર્કલ પાસે અમરાઈવાડી વિસ્તારમાં તા.૭/૩/૦૫ના રોજ આ વાંચનાલયનો લોકાર્પણ કરવામાં આવ્યો હતો.આ વાંચનાલયમાં ૯ સામાયિકો અને ૧૪ વર્તમાનપત્રો મંગાવવામાં આવે છે.

**શાખા પુસ્તકાલયઃસરસપુર**

ઉત્તર ઝોન વિસ્તારના નગરજનોના લાભાર્થે મ્યુ.શાળા નં.૯-૧૦,સરસપુર માં તા.૭/૩/૦૫ના રોજ આ પુસ્તકાલયનો લોકાર્પણ કરવામાં આવ્યો હતો.આ વાંચનાલયોમાં ૧૪ સામાયિકો તેમજ ૧૪ વર્તમાનપત્રો મંગાવવામાં આવે છે.

**શાખા પુસ્તકાલય- હિંમતલાલપાર્ક**

શહેરથી દુર વસતા નાગરીકોને પુસ્તકાલય સેવા પુરી પાડવા મટે આઝાદ સોસા. પાસે હિંમતલાલ પાર્ક ખાતે તા.૧૦/૦૭/૦૬ ના રોજ લોકાર્પણ કરવામાં આવ્યુ આ વિભાગમાં વાંચનાલય વિભાગ,પુસ્તક આપ લે વિભાગ અને વિધાર્થીઓને અભ્યાસલક્ષી અને વાંચનકક્ષની સુવિધા આપવામાં આવે છે.૪૦ વિધાર્થીઓ એકસાથે બેસી શકે તેવી ક્ષમતા છે.વર્ષ દરમ્યાન દૈનિક સરેરાશ પ્રમાણે ૫૫ જેટલા વિધાર્થીઓ એ આ વાચનકક્ષનો ઉપયોગ કરેલ છે.

સામયિકઃ-આંબાવાડી વિસ્તારના હાર્દ સમા હિમંતલાલ પાર્ક શાખા પુસ્તકાલયનમાં વાચકોનો પ્રિય વિભાગ વાંચનાલય છે.આ વિભાગમાં ૪૦ બેઠકોની વ્યવસ્થા છે.અઅ વિભાગ જાહેર તહેવારની રજા સિવાય ૧૨ કલાક સેવાઓ આપે છે.

**આત્મા સાયન્સ એન્ડ ટેકનોલોજી લાયબ્રેરીઃ-**

મણિનગર વોર્ડમાં ઉત્તમનગર વિસ્તારમાં આવેલ કમલા નહેરૂ ઉધાનની બાજુમાં આત્માના સહયોગથી બનાવવામાં આવેલ આત્મા સાયન્સ એન્ડ ટેકનોલોજી લાયબ્રેરી મણિનગરનું લોકાર્પણ તાઃ૧૧/૦૮/૨૦૦૭ ને શનિવારના રોજ માન.મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના શુભ હસ્તે કરવામાં આવ્યુ.

આ લાયબ્રેરીમાં ૪ સામયિકો તેમજ ૪ વર્તમાનપત્રો મંગાવવામાં આવે છે.

અહેવાલના વર્ષ દરમ્યાન શાખા પુસ્તકાલય મણીનગરમાં આજીવન સભાસદની સંખ્યા ૬૨ હતી.જયારે વયસ્ક સભાસદની સંખ્યા ૪ હતી.અને વાચકોની સંખ્યા ૫૬૩૭ હતી.

**મા.જે.પુસ્તકાલય સંચાલિત ગચ્છાધિપતિ આચાર્યશ્રી સુબોધસાગર સૂરિશ્વરજી મહારાજશ્રી લાયબ્રેરીઃ-**

વાસણા વોર્ડમાં ચંદ્રનગર પાસે આવેલ ગચ્છાધિપતિ આચાર્યશ્રી સુબોધસાગર સૂરિશ્વરજી મહારાજશ્રી લાયબ્રેરીનું લોકાર્પણ તાઃ૦૨/૧૦/૦૭ ના રોજ માન.સંસદ સભ્યશ્રી સુરેન્દ્રભાઇ પટેલ અને માન.મેયરશ્રી અમિતભાઇ શાહના શુભ હસ્તે કરવામાં આવ્યુ.

આ લાયબ્રેરીમાં ૨૮ સામયિકો તેમજ ૧૬ વર્તમાન પત્રઓ મંગાવવામાં આવે છે.

અહેવાલી વર્ષ દરમ્યાન શાખા પુસ્તકાલય વાસણામાં વયસ્ક સભાસદની સંખ્યા ૨૨૦ હતી.તથા બા.કિ.વિભાગમાં સભાસદની સંખ્યા ૨ હતી.તેમજ વાંચકોની સંખ્યા ૭૦૩૪ હતી.તથા શાખા પુસ્તકાલય વાસણામાં ગ્રંથ પરિક્રમની સંખ્યા ૨૭૫૮ હતી.

**મા.જે.પુસ્તકાલય સંચાલિત ડો.શ્યામાપ્રસાદ મુર્ખજી લાયબ્રેરી-વેજલપુરઃ-**

ડો.શ્યામાપ્રસાદ મુર્ખજી ઓવરબ્રીજ નીચે વેજલપુર વિસ્તારમાં માન.સંસદ સભ્યશ્રી અને લોકસભા ના વિપક્ષનાનેતાશ્રી લાલકૃષ્ણ અડવાણીજીના બજેટમાંથી નવનિર્મિત ડો.શ્યામાપ્રસાદ મુર્ખજી લાયબ્રેરીની લોકાર્પણ વિધી તાઃ૨૨/૦૧/૦૮ ના રોજ માન.મંત્રીશ્રી અમિતભાઇ શાહના વરદ્હસ્તે કરવામાં આવેલ

આ લાયબ્રેરીમાં ૧૧ સામયિકો તેમજ ૧૩ વર્તમાન પત્રો મંગાવવામાં આવે છે.

શાખા પુસ્તકાલય વેજલપુરમાં વાંચકોની સંખ્યા ૯૦૭ હતી.

**<u>વિશિષ્ટ સેવાઓ :-</u>**

વધુમાં વધુ લોકો ગ્રંથાલયનો ઉપયોગ કરે તે માટે વિશિષ્ટ વાંચનેત્તર અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ યોજવામાં આવે છે. વર્ષાંતે કુલ ૩૨ પ્રદર્શનોનું આયોજન કરી વાચકોને ગ્રંથાલય પ્રતિ આકર્ષવામાં આવેલ છે. બાળકોની વક્તૃત્વ કલાના વિકાસાર્થે સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન પણ કરવામાં આવે છે.

**<u>સાહિત્ય વર્તુળ :-</u>**

૧૮ જુલાઇ ૧૯૮૫થી સાહિત્ય વર્તુળની રચના કરવામાં આવી છે.આ વર્તુળ દ્વારા આજ સુધીમાં લગભગ ૩૫૨ વાર્તાલાપ અને પ્રશ્નોત્તરી યોજાય છે. જેમાં કવિ, વાર્તાકાર, નવલકથાકાર, નાટયકાર, નિબંધકાર, પત્રકાર, વિવેચક, હાસ્ય લેખક વિગેરેનો સમાવેશ થાય છે.પ્રતિષ્ઠિત સર્જકો ઉપરાંત નવોદિત લેખકો,કવિઓ અને તેમની કૃતિઓની નવોદિત લેખક સમારોહમાં અભિવ્યક્તિ કરવામાં આવી હતી.તેમજ સાહિત્ય વર્તુળની મારી અનુપમ ક્ષણ ગુજરાતી સાહિત્ય કવીઝ, મારૂ પ્રિય પુસ્તક અને પાદપુર્તિ જેવા વાંચનન ભાવ જગતને સાહિત્ય સુઝને મુખરીત કરતા વિશેષ કાર્યક્રમો પણ યોજવામાં આવે છે.આ સાહિત્ય વર્તુળના ઉપક્રમે જુદા જુદા લેખકો સાથેનો વાર્તાલાપ અને પ્રશ્નોત્તરીનું આયોજન કરવામાં આવ્યું હતુ.

ભવિષ્યમા ંઆ પુસ્તકાલય દ્વારા સિનિયર સીટીઝન કોર્નર,પુસ્તકાલયમા ંઓડિયો-વિડીયો,સી.ડી તથા વી.સી.ડી.વસાવવા મ્યુ.કોર્પો. સંચાલિત શાળાઓ અને બાલભવનમાં જગાની અનૂકુળતા મુજબ વિદ્યાર્થીઓ માટે વાંચનાલયની રચના,સંપુર્ણ વાચન સામગ્રીનું કેટલોહ તથા તમામ વિભાગનું કોમ્પ્યુટરાઇઝેશન ,પુસ્તકાલયમાં લેન સીસ્ટમ અને ઇન્ટરનેટ સીસ્ટમનું આયોજન, ગાંધી સાહિત્ય અને ઇ.સ. ૧૯૦૦ પહેલાના પુસ્તકોનું માઇક્રો ફિલ્મીકરણ,ઇ બુકસ-ઇ જર્નલ્સ,રાષ્ટ્રીય પુસ્તકમેળો ,ઇનામી કૃતિઓનો સંગ્રહ ,સીનીયર સીટીઝન અને અશકત વાચકોને ઘેર બેઠા વાંચન સેવાઓ પુરી પાડવી ,રમકડાગૃહો અને બાળ કિશોર વિભાગનો વિકાસ,કોર્પો.ના દરેક ઝોનમાં સમૃધ્ધ અને અઘતન પુસ્તકાલયો શરૂ કરવા,બાળ કિશોર વિભાગ અને મહિલા વિભાગનું નવીનીકરણ

,સીની.સીટીઝન અને અશકત વાચકો  માટે પુસ્તકાલયોમાં લીફટની સુવિધા     જેવા ભાવિ કાર્યક્રમોનું આયોજન કરવાની  વિચારણા ચાલુ છે.

**પત્રક ૯.૭.૧**
**સંક્ષિપ્ત માહિતી**

| | |
|---|---|
| **સ્થાપના વર્ષ** | ૧૯૩૮ |
| **પુરસ્કર્તા** | અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન |
| **વ્યવસ્થા** | મા.જે.પુસ્તકાલય,વ્યવસ્થાપક મંડળ |
| **કુલ ખર્ચ** | રૂા.૨,૭૭,૫૯,૯૯૫/- પૂરા |
| **કર્મચારીગણ** | ૧૧૮ પૈકી હાલમાં ૮૩ જગ્યાઓ ભરેલી. |
| **વ્યાવસાયિક** | ૧૯ |
| **અર્ધ વ્યાવસાયિક** | ૩૮ |
| **બિન વ્યાવસાયિક** | ૨૬ |
| **વાચક સેવાઓ :-** | |
| સામાન્ય | વર્તમાનપત્રો- સામયિકો |
| | અધ્યયન( સંદર્ભ ) |
| | અધ્યયન( વિદ્યાર્થી) |
| ગ્રંથ પરિક્રમણ | વયસ્ક |
| | બાળકિશોર |
| | મહિલા |
| | ફ.બા.પુ. |
| | ફ.મ.પુ. |
| | શાખા પુસ્તકાલય<br>(વિજયનગર, કાલુપુર, નરોડા,સરસપુર-હિંમતલાલપાર્ક) |
| | વયસ્ક |
| | બાળકિશોર |
| | બ્રેલ |
| | આંતર ગ્રંથાલય |
| **પ્રલેખન માહિતી સેવા** | અનુલય ( સંદર્ભ ) |
| | માહિતી |
| | વાડમય સૂચિ |
| | પ્રતિલિપિ |
| **વિભાગીય** | રમકડાં વિભાગ |
| | બાળકિશોર વિભાગ |
| | બાળ સંગ્રહાલય |

| | |
|---|---|
| | બ્રેલ અને ટોકિંગ બુક |
| | મહિલા વિભાગ |
| વિસ્તરણ | શાખા પુસ્તકાલય |
| | ફરતું બાળ પુસ્તકાલય |
| | આર્ટ અને પિક્ચર ગેલેરી |
| | મહિલાઓ માટેનું ફરતું પુસ્તકાલય |
| | ડીજીટલ લાયબ્રેરી |
| | કાવ્યધારા |
| | કેસેટસ શ્રવણ |
| | ગ્રંથ પ્રદર્શન |
| | દ્રશ્ય - શ્રાવ્ય |
| | ઓડિયો |
| | ઓડિયો – વિડીઓ<br>સીડી- ડી.વી.ડી. - વી.સી.ડી. |
| | જ્ઞાનસત્ર<br>ઇ.બુક્સ , ઇ.જર્નલ્સ,ડીજીટલાઇઝેશન |
| | જ્ઞાનોદ્યાન |
| | સાંસ્કૃતિક પ્રવૃતિઓ |
| | વિસ્તરણ પ્રવૃતિઓ |
| | ઉદ્યાન પુસ્તકાલય |
| | કોમ્પ્યુટર |
| | શાખા પુસ્તકાલય - વિજયનગર |
| | અજીત ભગત મહિલા પુસ્તકાલય |
| | શાખા પુસ્તકાલય - નરોડા,સરસપુર,હિંમતલાલ પાર્ક |
| | વાંચનાલય- અમરાઈવાડી |
| | મ્યુ.કોર્પો.રેફરન્સ લાયબ્રેરી |
| | આત્મા સાયન્સ એન્ડ ટેકનોલોજી લયબ્રેરી -મણિનગર |
| | ગચ્છાધિપતિ આચાર્યશ્રી સુબોધસાગર સુરિશ્વરજી મહારાજશ્રી લાયબ્રેરી વાસણા |
| **શિક્ષણ વિભાગ** | ગ્રંથાલય પ્રશિક્ષણ |
| | વાંચનાલય |
| | અધ્યયન ( કિશોર ) |
| | અધ્યયન ( વયસ્ક ) |
| | ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન પ્રમાણપત્ર અભ્યાસક્રમ વર્ગ(સરકાર માન્ય) |
| **ગ્રંથ ભંડાર ( સામાન્ય )** | દેય |
| | અદેય |
| **ગ્રંથભંડાર ( વિશિષ્ટ )** | આપણું અમદાવાદ |

| | |
|---|---|
| | ગુજરાત સ્થાનિક ઈતિહાસ |
| | ૧૯૦૦ પહેલાં પ્રકાશિત ગુજરાતી ભાષાનાં પુસ્તકો |
| | નવલકથા સંગ્રહ |
| | અમદાવાદનો વારસો-અમદાવાદનો અક્ષરદેહ-અમદાવાદની અસ્મિતા |
| **વિશિષ્ટ સાહિત્ય** | સત્યાગ્રહ આશ્રમ |
| | ગાંધી સાહિત્ય |
| | નહેરૂ સાહિત્ય |
| | સરદાર પટેલ સાહિત્ય |
| | ડૉ.આંબેડકર સાહિત્ય |
| | સર્જનશીલા |
| | રીસર્ચ એન્ડ રેડી રેફરન્સ વિભાગ |
| | એજયુકેશનલ એન્ડ વોકેશનલ ગાઇડન્સ વિભાગ |
| | કોમ્પ્યુટર એન્ડ ઈન્ફર્મેશન ટેકનોલોજી વિભાગ |
| | બ્રેલ એન્ડ ટોકીગ બુક લાઈબ્રેરી |
| **વિશિષ્ટ** | પેપર ક્લીપીગ ફાઇલ |
| **નવા ઉમેરાયેલાં ગ્રંથો** | ૩૧૩૪૩ |
| **કુલ ગ્રંથસંગ્રહ** | ૬૫૮૯૫૨ |
| **સામયિકો** | ૫૦૬ |
| **કુલ સભ્ય સંખ્યા** | |
| વયસ્ક<br>સામાન્ય<br>વિજયનગર<br>નરોડા<br>વિશિષ્ટ<br>મહિલા(મોબાઇલ)<br>મહિલા(કાલુપુર)<br>આજીવન<br>આજીવન(વિજયનગર)<br>સરસપુર<br>હિમ્મતલાલપાર્ક | ૧૧૩૨૨<br>(તમામ પુસ્તકાલયો સાથે)<br>તમામ વિભાગો-શાખા પુસ્તકાલયો માટે વાચક સભ્યપદ કોમન છે.તા-૩૧/૦૩/૦૮ સુધીની આશરે આજીવન વાચક સંખ્યા ૧૨૩૩૮ છે.બે વર્ષના બ્લોક વર્ષની વાચક સંખ્યા આશરે ૨૧૭૭ છે. |
| બાળકિશોર<br>આજીવન<br>ફરતુ પુસ્તકાલય<br>વિજયનગર<br>કાલુપુર<br>નરોડા | ૧૧૪૭<br>(તમામ પુસ્તકાલયો સાથે)<br>તમામ વિભાગો-શાખા પુસ્તકાલયો માટે વાચક સભ્યપદ કોમન છે.તા-૩૧/૦૩/૦૮ સુધીની આશરે આજીવન વાચક સંખ્યા ૧૨૦૫ છે.બે વર્ષના બ્લોક વર્ષની વાચક સંખ્યા આશરે ૫૪૨ છે. |
| **કુલ ગંથ્ર પરિક્રમણ** | |

| | |
|---|---|
| વયસ્ક | ૨૩૪૫૧૮ |
| બાળકિશોર | ૪૯૮૪૨ |
| **ફરતું બાળ પુસ્તકાલય** | |
| વિસ્તાર | ૧૦ |
| સેવા કેન્દ્ર | ૨૯ |
| **ફરતું મહિલા પુસ્તકાલય** | |
| વિસ્તાર | ૧૦ |
| સેવા કેન્દ્ર | ૩૨ |
| **ઓડિયો વિડીયો મોબાઈલ લાયબ્રેરી** | |
| વિસ્તાર | ૧૩ |
| સેવા કેન્દ્ર | ૧૫ |

નોંધઃ- પુસ્તકાલયના ઠરાવ નં.૮૩ઃ૦૩-૦૪ તા.૦૩/૦૩/૦૪ અનુસાર આજીવન અને સામાન્ય સભ્યપદના તમામ પ્રકારના વાચકસભ્યો તેમની વાંચક ટીકીટોનો ઉપયોગ મા.જે.પુસ્તકાલય,શાખા પુસ્તકાલયો,ફરતા પુસ્તકાલયો,અને ડીજીટલ લાઈબ્રેરીમાં એક સરખી રીતે (કોમન) ઉપયોગ કરી શકે છે.પરંતુ તેઓએ જે જગ્યાએથી પુસ્તકો મેળવ્યા હોય ત્યાં જ જમા કરાવવાના રહેશે.

# પત્રક ૯.૭.૨

## પુસ્તકાલયના તમામ પુસ્તકોની ભાષાવાર અને વિષયવાર માહિતી : ૨૦૦૭-૦૮

| વિષય | અંગ્રેજી | ગુજરાતી | હિન્દી | ઉર્દૂ | મરાઠી | સંસ્કૃત | બંગાળી | સિંધી | ફ્રેંચ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સર્વસાધારણ | ૭૧૯૫ | ૩૬૦૮ | ૯૯૧ | ૯૬ | ૧૪૬ | ૫૫ | ૧૦ | - | - | ૧૨૧૦૧ |
| તત્વજ્ઞાન | ૬૨૫૨ | ૯૮૩૪ | ૧૯૯૫ | ૩૩૮ | ૩૫૦ | ૭૬૦ | ૧૦૦ | ૧૩ | - | ૧૯૬૪૨ |
| ધર્મ | ૪૯૨૭ | ૯૦૫૦ | ૨૫૪૬ | ૧૫૯૪ | ૪૯૯ | ૧૩૬૪ | ૧૪૫ | ૧૧૩ | ૧ | ૨૦૨૩૯ |
| સમાજશાસ્ત્ર | ૨૭૨૪૩ | ૯૦૩૦ | ૨૮૭૨ | ૫૩૦ | ૧૩૩ | ૧૨૩ | ૧૨૦ | ૨૮ | ૨૨ | ૪૦૧૦૧ |
| ભાષાઅલંકાર | ૧૯૪૫ | ૧૭૬૪ | ૯૦૫ | ૨૪૭ | ૯૩ | ૨૯૧ | ૧૩ | ૧૧ | ૨૮ | ૫૨૯૭ |
| વિજ્ઞાન | ૪૯૫૭ | ૨૪૯૪ | ૮૧૪ | ૧૧૫ | ૧૧૪ | ૧૮ | ૧૨ | ૨ | - | ૮૫૨૬ |
| ઉપયોગી કળાઓ | ૫૮૪૦ | ૭૯૫૩ | ૧૧૧૯ | ૨૭૩ | ૨૮૬ | ૫૧ | ૨૯ | ૨૧ | - | ૧૫૫૭૨ |
| લલિતકળાઓ | ૮૧૧૬ | ૪૨૨૨ | ૮૧૧ | ૧૩૬ | ૧૮૪ | ૫૧ | ૧૦૬ | ૮ | ૧૮ | ૧૩૬૫૨ |
| સાહિત્ય( નવલકથા સિવાય ) | ૧૧૦૧૯ | ૩૦૦૩૦ | ૮૯૩૨ | ૩૮૭૯ | ૧૫૧૮ | ૧૧૦૨ | ૬૫૮ | ૧૩૪ | - | ૫૭૨૭૨ |
| જીવનચરિત્ર | ૬૮૬૭ | ૫૧૯૦ | ૧૫૮૩ | ૪૦૫ | ૪૯૨ | ૫૯ | ૧૧૧ | ૪૮ | ૧ | ૧૪૭૫૬ |
| ભૂગોળ પ્રવાસ | ૩૮૪૧ | ૧૩૫૩ | ૪૨૨ | ૧૦૦ | ૧૧૧ | ૧૩ | ૧૪૬ | ૧૦ | ૧ | ૫૯૯૭ |
| ઈતિહાસ | ૬૬૨૬ | ૨૨૨૯ | ૯૮૧ | ૫૦૭ | ૩૫૪ | ૩૨ | ૫૭ | ૧૩ | ૩૫ | ૧૦૮૩૪ |
| નવલકથા | ૧૨૦૬૭ | ૧૨૫૮૮૯ | ૧૧૮૨૫ | ૬૯૪૦ | ૪૧૭૩ | ૨૫ | ૯૬૭ | ૪૨૭ | - | ૧૬૨૩૧૩ |
| બાળ સાહિત્ય | ૧૮૪૩૬ | ૭૫૯૧૮ | ૭૯૬૫ | ૮૩૪ | ૭૧૦ | ૯ | ૧૮ | ૯ | - | ૧૦૩૮૯૦ |
| ફરતું બાળ પુસ્તકાલય | ૬૭૫૪ | ૬૦૦૦૪ | ૪૫૬૦ | ૭૮૧ | ૬૬૭ | - | - | - | - | ૭૨૭૬૬ |
| મહિલા વિભાગ | ૧૫૧૬ | ૬૪૭૬ | ૮૦૮ | -- | ૧૬૩ | - | - | - | - | ૮૯૬૩ |
| સર્જનશીલા | ૨ | ૯૦૮ | ૩૨૧ | - | ૮ | - | - | - | - | ૧૨૩૯ |
| ફરતું મહિલા વિભાગ | ૧૪૧૭ | ૮૯૬૭ | ૧૧૫૧ | - | ૬૧ | - | - | - | - | ૧૨૫૯૬ |
| અમદાવાદનો અક્ષરદેહ | ૪ | ૨૦ | - | - | - | - | - | - | - | ૨૪ |
| પુસ્તક સન્માન યોજના | - | ૧૮ | - | - | - | - | - | - | - | ૧૮ |
| શાખા પુસ્તકાલય – વિજયનગર | ૪૨૦૩ | ૨૬૪૭૬ | ૩૫૯૬ | -- | ૨૦૬ | - | - | - | - | ૩૪૪૮૧ |
| શાખા પુસ્તકાલય – કાલુપુર | ૪૫૮ | ૭૭૯૩ | ૬૭૨ | - | ૧૪ | - | - | - | - | ૮૯૩૭ |
| શાખા પુસ્તકાલય – નરોડા | ૩૨૨ | ૬૬૪૯ | ૧૧૨૩ | - | ૨૪૮ | - | - | - | - | ૮૩૪૨ |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| મ્યુ.કોર્પો.રેફ .લાયબ્રેરી | ૧૩૦ | ૪૪૧ | ૧૦ | - | - | - | - | - | - | ૫૮૧ |
| શાખા પુસ્તકાલય- સરસપુર | ૩૦૭ | ૧૦૯૨ | ૪૪૯ | - | - | - | - | - | - | ૧૮૪૮ |
| **શાખા પુસ્તકાલય હિંમતલાલપાર્ક** | ૪૧૬ | ૩૪૬૩ | ૬૭૮ | - | - | - | - | - | - | ૪૫૫૭ |
| **શા.પુ.મણીનગર** | ૨૧૦૪ | ૧૭૨ | ૩૯૧ | - | - | - | - | - | - | ૨૬૬૭ |
| **શા.પુ.વાસણા** | ૨૬૨૨ | ૧૭૦૩ | ૩૭૬ | - | - | - | - | - | - | ૪૭૦૧ |
| **શા.પુ.વેજલપુર** | - | ૩૮૦૦ | - | - | - | - | - | - | - | ૩૮૦૦ |
| **કુલ** | ૧૪૯૫૮૬ | ૪૧૬૫૪૭ | ૫૭૮૯૬ | ૧૬૭૭૫ | ૧૦૭૩૦ | ૩૯૫૩ | ૨૪૯૪ | ૮૩૭ | ૧૦૬ | ૬૫૮૯૨૨ |

# ૧૦ અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસ.

## ૦૭-૦૮

મ્યુનિસિપલ કોર્પોરેશન અને ટ્રાન્સપોર્ટ કમિટી દ્વારા નક્કી થયેલ નીતીઅનુસાર અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસનું સંચાલન ટ્રાન્સપોર્ટ મેનેજરશ્રી, મ્યુ.કોર્પો.એક્ટની જોગવાઈ અનુસાર સંભાળે છે. સને ૧૯૪૭માં શહેરનાં બસવ્યવહારનું રાષ્ટ્રીયકરણ કરવામાં આવ્યું. અહેવાલી વર્ષમાં શહેરનાં બસપરિવહનનાં ભગીરથકાર્યને ૬૧ વર્ષ પૂરા થયા છે. જનતા દ્વારા ચૂંટાયેલા પ્રતિનિધીઓ દ્વારા સામાન્ય રીતે એ.એમ.ટી.એસ.નું સંચાલન કરવામાં આવે છે. પ્રતિવર્ષ વધતી વસ્તી અને વધેલા શહેરના વિસ્તારને પરિવહનની સગવડતા આપવા સંસ્થા પોતાના મર્યાદિત સાધનો દ્વારા શક્ય તમામ પ્રયત્નો કરે છે.

અહેવાલી વર્ષમાં રોડ પરની ફરતી બસોની સંખ્યા ૭૨૭ અને વર્ષ આખરે રૂટોની સંખ્યા ૧૫૨ થઇ છે. આ અંગેની માહિતી આ સાથે સામેલ પત્રક ૧૦.૧ માં દર્શાવવામાં આવી છે. સંસ્થાના કર્મચારીઓનાં મોંઘવારી ભથ્થામાં, પેટ્રોલિયમ પેદાશમાં, સ્પેરપાર્ટસના ખર્ચમાં, વ્યાજના ખર્ચમાં પ્રતિવર્ષ વધારો થાય છે. અને ખર્ચનું ભારણ દિનપ્રતિદિન વધતુ જાય છે. જેનો અમલ તાત્કાલિક અસરથી થાય છે. જયારે બસભાડાના દરોને અમલમાં આવતા ઘણી લાંબી પ્રક્રિયામાંથી પસાર થવું પડે છે. સંસ્થાની નાણાંકીય પરિસ્થિતિ વિષમ હોવાથી ઓછી આવકવાળા રૂટોમાં ફેરફાર કરી, પ્રવાસીઓને વધુ સગવડ મળે તે રીતે આવક સુધારવાના પ્રયત્નો કરવામાં આવે છે.સને ૨૦૦૭-૦૮ના વર્ષ દરમ્યાન સંસ્થાની બસોમાં પ્રવાસીઓમાં થયેલ ઘટાડાને ધ્યાનમાં રાખી વધુ પ્રવાસીઓ બસ સેવા તરફ આકર્ષાય અને તેટલા અંશે વધુ આવક મેળવી શકાય તે માટે નીચે મુજબનાં પગલાં ભરવામાં આવેલ છે.

.

૧. પ્રવાસીઓ માટે સહેલાઈથી પ્રવાસ માટે મનપસંદ પ્રવાસ યોજના અઠવાડીયાના તમામ દિવસો માટે સોમથી રવિ સવારના ૬.૦૦ થી ૧૦.૦૦ સુધી અમલી બનાવાઇ છે.આ ઉપરાંત સ્ત્રીઓ અને બાળકો માટે ખસ ઘટાડેલા દરે સ્ત્રીઓ માટે રૂા.૧૦/- અને બાળકો માટે રૂા.૩/- ના દર મુજબની મનપસંદ પ્રવાસ યોજના બપોરના ૧૧.૦૦ થી ૧૦.૦૦ સુધી અમલી બનાવાઇ છે.

૨. નિયમિત પ્રવાસ કરતા પ્રવાસીઓ માટે ૫૦ ટકાના ભાડા મુજબની માસિક,ત્રિમાસિક પાસ યોજના ચાલુ રાખેલ છે.

સને ૨૦૦૭-૦૮ના વર્ષ દરમ્યાન શહેરીજનોના સ્વાસ્થ અને સુખાકારી માટે તેમજ પર્યાવરણની સાચવણીના ભાગરૂપે સંસ્થાની બસોમાં ડીઝલની બસો સાથે ગેસ આધારિત સી.એન.જી.બસોનો પ્રારંભ કરવામાં આવેલો છે.એ.એમ.ટી.એસ. ના બસભાડા તથા લગેજ ભાડાની માહીતી પત્રક ૧૦.૨માં દર્શાવી છે. જયારે બસોનું ઉંમર પ્રમાણેનું વર્ગીકરણ પત્રક ૧૦.૩ માં દર્શાવવામાં આવ્યુ છે.

અ.મ્યુ.ટ્રા.સ.ની રોડ ઉપર ફરતી બસોની છેલ્લા ત્રણ વર્ષની કેરીંગ કેપીસીટી અને તેનો ટકાવારી ઉપયોગ પત્રક ૧૦.૪ માં દર્શાવવામાં આવ્યો છે. જ્યારે છેલ્લા પાંચ વર્ષ ની આવક ખર્ચ અને દૈનિક ખોટની માહિતી પત્રક ૧૦.૫ માં દર્શાવી છે.

**<u>સ્ટોર્સ વિભાગની કામગીરી :-</u>**

સંસ્થાને જરૂરી સ્ટેશનરી, કન્ટીજન્સી તથા વર્કશોપને જરૂરી માલસામાન ખરીદવાનું તેમજ તેનું વિતરણ અને હિસાબી કામકાજ આ વિભાગ સંભાળે છે. આ વિભાગમાં જુદી જુદી જાતની અને સાઈઝની ૬૫૦૦ થી વધુ આઈટમો ઉપરાંત પીનીયન હોલ ટાઈપ રેકસ, ફેન બેલ્ટ રેકસ વિ. રાખવામાં આવે છે. માલસામાન ઈસ્યુ કરતાં પહેલા જૂનો માલસામાન જમા લઈ તે વેચવાનું તેમજ તેનાં હિસાબો રાખવાનું કામ આ વિભાગમાં કરવામાં આવે છે.સ્ટોર્સ વિભાગ

ખાતે કોમ્પ્યુટર દાખલ કરવામાં આવેલ છે. વર્કશોપને સમયસર માલસામાન મળી રહે તે માટે જુદા જુદા ટેન્ડરો તથા ઓરીજીનલ ઇકવીપમેન્ટસ મેન્યુફેકચરર અને રેઇટ કોન્ટ્રાક્ટ પરથી ફોરકાસ્ટ, ડેટાશીટસ તથા રીવ્યુ રીપોર્ટસ ખાતામાં વસાવેલ કોમ્પ્યુટર મારફતે વિગત મેળવી ઇન્વેન્ટરી કન્ટ્રોલ મારફત જરૂરી તજવીજ કરવામાં આવે છે.કોમ્પ્યુટર સિસ્ટમ દાખલ કરવાથી, કામગીરીનું લેવલ ઊંચુ આવતાં, સંસ્થાને આર્થિક ફાયદો પણ થાય છે. કોમ્પ્યુટર દ્વારા મળેલ માહિતી મુજબ ખરીદ ઓર્ડરનાં શીડયુલમાં જરૂરી રીવીઝન થવાથી બિનજરૂરી સ્ટોક થતો નથી. આમ નાણાંનું બિનજરૂરી રોકાણ થતું અટકાવી શકાય છે.

**ટ્રાફિક વિભાગ :-**

અમદાવાદ શહેરનો વાહન વ્યવહારનો પ્રશ્ન દેશના અન્ય શહેરોથી તદ્દન ભિન્ન પ્રકારનો છે. શહેરના વિકાસની સાથે સાથે રસ્તાઓનો વિકાસ ન થવાને કારણે ટ્રાફીકની સમસ્યા ઉદ્‌ભવી છે. આમ છતાં પ્રર્વતમાન રૂટોનું આયોજન કરી, પ્રવાસીઓની વધતી જતી બસ સુવિધાની માંગણીને પહોંચી વળવા પ્રયત્ન કરી વધુ ટ્રીપોની બસ સેવાઓ આપવામાં આવી છે.

**પ્રવાસીઓને આપવામાં આવતી વિવિધ પ્રકારની સુવિધાઓ સ્પેશયલ બસ વર્ધી :-**

શહેરની જનતાને લગ્ન, ઉજાણી તથા સારા માઠા પ્રસંગોએ પ્રર્વતમાન દરે સ્પેશયલ બસ વર્ધીની સુવિધા આપવામાં આવે છે. આ બસોનું બુકીંગ સંસ્થાની જમાલપુર ખાતે જનરલ સેકશનની ઓફિસમાં થાય છે. સામાન્ય બસનો પ્રથમ દોઢ કલાકનો મીનીમમ દર રૂા. ૧૪૦૦/- લેવામાં આવેલ છે. ત્યારબાદ દોઢ કલાક ઉપરાંતના સમય માટે દર ૧૫ મીનીટે કે તેના ભાગ માટે રૂા.૧૭૫/- લેવામાં આવેલ છે.અહેવાલી વર્ષમાં શહેરની જનતાની સગવડ માટે કુલ ૧૬૪૪વર્ધીઓ દ્વારા રૂા.૨૮.૫૮ લાખની આવક થયેલ છે.તદ્ઉપરાંત શહેરની અલગ અલગ સંસ્થઓ દ્વારા સ્પે.વર્ધીની ૩૪૮૪ બસો દ્વારા રૂા.૨૬૧૩૦૮૫ આવક થયેલ છે.

**પર્યટન બસ વર્ધી. :-**

શહેરની સ્કુલોમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે રાહતના દરે શહેરના જોવાલાયક સ્થળોની મુલાકાત લેવા પર્યટન બસ વર્ધીની સેવા અમલમાં છે. આ દર અઢી ક્લાક માટે બસ દીઠ રૂા.૧૦૦૦ /- અને તે ઉપરાંત દરેક ૩૦ મીનીટ કે તેનાં ભાગ માટે રૂા.૨૦૦/- લેવામાં આવે છે. અહેવાલી વર્ષમાં ૧૦૨ પર્યટન બસ વર્ધીથી સંસ્થાને રૂા.૧.૪૧ લાખની આવક થયેલ છે.

જલપરી બસસેવાઃ-

ટ્રા.કમિટીની મંજુરી અનુસાર વર્ષ ૨૦૦૬-૦૭ થી જલપરી બસ ધાર્મિક કામ શોભાયાત્રા માટે આપવાનું મંજુર થયેલ છે.જેમાં પ્રથમ દોઢ કલાક માટે રૂા.૨૫૦૦ અને તે ઉપરાંત દર ૧૫ મીનીટ તથા તેના ભાગરૂપે રૂ.૨૫૦ ના દરે ચાર્જ લેવામાં આવે છે.વર્ષ ૦૭-૦૮ દરમ્યાન કુલ ૨ જલપરી વર્ધી આપવામાં આવેલ.જેની આવક રૂા.૭૦૦૦/- થયેલ છે.

**ટુરીસ્ટ-કોચ બસ સેવા :-**

દેશ વિદેશના પ્રવાસીઓને શહેરનાં પ્રાચીન-ઐતિહાસિક સ્થળોની મુલાકાત લેવા માટે આ સેવા અમલમાં મુકવામાં આવેલી હતી.જે તા.૧૯-૧-૦૪થી પુનઃસેવામાં ચાલુ કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૦૭-૨૦૦૮ દરમ્યાન કુલ ૬૧૫૪ પ્રવાસીઓએ તેનો લાભ લેતાં સંસ્થાને રૂા.૩.૬૯ લાખની આવક થયેલ છે.

**વિદ્યાર્થી બસ કન્સેશનની યોજના :-**

સરકાર માન્ય સરકારી અનુદાન મેળવતી સ્કુલ, કોલેજ, તથા વ્યવસાયલક્ષી તાલીમી સંસ્થાનાં વિદ્યાર્થીઓને, તેમની શૈક્ષણિક સંસ્થાનાં પ્રમાણપત્રના આધારે વિધાર્થીના નિવાસસ્થાનથી શૈક્ષણિક સંસ્થા સુધી જવા માટે સ્કુલ, કોલેજ તરફથી નકકી કર્યા મુજબ પ્રથમ અને બીજા સત્રની સત્ર દીઠ માસિક રૂા. ૧૦૦/-એક માર્ગી મુસાફરી અને રૂા.૧૦૦/- બે માર્ગી મુસાફરીના અગાઉથી લઇને જે તે સત્રની મુદત માટેનો પ્રિપેઈડ પાસ કાઢી આપવામાં આવે છે.૩ થી ૧૨ વર્ષના

બાળકોનો ચાર્જ સરખો લેવામાં આવે છે. અહેવાલી વર્ષમાં બન્ને સત્રમાં મળી સંસ્થાને રૂા.૩૭૮.૦૭લાખની આવક થયેલ છે.

**<u>અંધજન કન્સેશન :-</u>**

અંધજન વ્યકિતઓને સિવિલ સર્જન અગર માન્ય મ્યુનિ.જનરલ હોસ્પિટલનાં આર.એમ.ઓ તેમજ અંધજન શાળાનાં આચાર્યનાં પ્રમાણપત્રના આધારે કાઢી આપવામાં આવતા ઓળખપત્રથી તેઓ વિનામૂલ્યે બસમાં પ્રવાસ કરી શકે છે. અહેવાલી વર્ષમાં કુલ ૪૩૪ નવા ઓળખપત્ર કાઢી આપવામાં આવેલ છે.

**<u>સીનીયર સીટીઝન પાસ યોજના-</u>**

આ યોજના હેઠળ અમદાવાદ શહેરમાં વસતા ૬૫ વર્ષથી ઉપરની ઉમરના સીનીયર સીટીઝનોને મ્યુ.સંચાલીત બસ વિસ્તારમાં પ્રવર્તમાન ટીકીટના૫૦% મુજબની ટીકીટ લઇ ગમે ત્યાં ગમે તેટલા વખત મુસાફરી કરી શકે છે.સને ૨૦૦૭-૦૮માં કુલ ૮૪૬૬ પાસ ઇસ્યુ કરવામાં આવ્યા છે.

**<u>વિકલાંગ(ખોડખાંપણ)કન્સેશન-</u>**

શારીરિક ખોડ ખાંપણ ધરાવતી કે અપંગ વ્યકિતઓને સીવીલ સર્જન કે માન્ય મ્યુ. જનરલ હોસ્પિટલના આર.એમ.ઓ.ના પ્રમાણપત્રના આધારે વિનામુલ્યે ઓળખપત્ર કાઢી આપવામાં આવે છે.આ ઓળખપત્ર ધરાવનાર વ્યકિત મુસાફરી દીઠ પ્રવર્તમાન લઘુત્તમ દરની ટીકીટ લઇને ગમે તેટલી વખત ગમે તેટલા અંતરની મુસાફરી કરી શકે છે. આ યોજના પેટે સને ૨૦૦૭-૦૮માં કુલ ૮૮૭ વ્યકિતઓએ લાભ લીધેલ છે.

**<u>બહેરા- મૂંગા, માટે કન્સેશન :-</u>**

બહેરા-મૂંગા હોય તેવી વ્યકિતઓને સીવીલ સર્જન અગર માન્ય મ્યુનિ.હોસ્પિટલનાં આર.એમ.ઓ. અથવા બહેરા-મૂંગા શાળાના આચાર્યનાં પ્રમાણપત્રને આધારે વિનામૂલ્યે કાઢી આપવામાં આવતા ઓળખપત્રથી વ્યક્તિ ગમે તેટલી વખત ગમે તેટલા અંતરની મુસાફરી માટે મુસાફરી દીઠ પ્રર્વતમાન દરના ૫૦% દરની ટિકિટ લઇ મુસાફરી કરી શકે છે. અહેવાલી વર્ષમાં કુલ ૧૬૩ પાસ કાઢી આપવામાં આવેલ છે.

**<u>મંદબુધ્ધિ-વિદ્યાર્થીના વાલીને કન્સેશન :-</u>**

મંદબુધ્ધિબાળક જે પોતે શાળાએ જવા અસમર્થ છે તેમને શાળાએ મુકવા જવા માટે તેમજ તેમને શાળાએથી પાછા લઇ જવા માટે તેમના વાલીઓને તથા મંદબુધ્ધિબાળા બાળકોને ફકત બે વખતની મુસાફરી માટે વિદ્યાર્થી કન્સેશન દરથી પ્રિ-પેઈડ કન્સેશન પાસની સગવડ આપવામાં આવે છે.

**<u>માસિક-ત્રિમાસિક પાસ યોજના-</u>**

આ યોજના હેઠળ અમદાવાદશહેરના શહેરીજનો કે જેઓ નોકરી કરતાં હોય તેમને ઘેરથી નોકરી જવાના સ્થળ સુધીની મુસાફરી માટે પાસ કાઢી આપવામાં આવે છે. આ યોજના હેઠળ પાસ કઢાવનાર ઇસમને માસિક-ત્રિમાસિક પાસ ઇસ્યુ કરવામાં આવે છે. તેમજ મન ફાવે માસિક તેમજ મન ફાવે ત્રિમાસિક પાસ પણ અપાય છે.અહેવાલી વર્ષમાં આ યોજનાનો ૨,૧૧,૧૪૬ પ્રવાસીઓએ લાભ લીધેલ છે.જેથી સંસ્થાને રૂા.૫૩૩.૩૧લાખની આવક થયેલ છે.

**<u>ફ્રી પાસ ટ્રાવેલીંગ યોજનાઃ-</u>**

ચેરીટી કમિશ્નરશ્રી ની કચેરીમાં રજી.થયેલા વૃધ્ધાશ્રમોમાં વૃધ્ધો તથા વૃધ્ધાઓને તેમજ અમદાવાદ જિલ્લા કલેકટરશ્રી ની કચેરી ધ્વારા પ્રમાણિત થયેલ સ્વાતંત્રીય સેનાની તેમજ સ્વાતંત્ર્ય સેનાની વિધવાઓને વિના મૂલ્યે ફ્રી મ્યુ. બસ પાસ

આપવામાં આવે છે.વળી, અ.મ્યુ.ટ્રા.સ.ની નક્કી થયેલ નીતિ-નિયમોને આધીન રહીને નીચે મુજબના મહાનુભાવોને પણ ફ્રી મ્યુ. બસ પાસ આપવામા આવે છે. સને ૨૦૦૭-૦૮ના વર્ષ દરમ્યાન ઇસ્યુ થયેલ પાસની વિગત નીચે મુજબ છે.

| | |
|---|---|
| (૧)પ્રેસ રિપોરટરશ્રી | ૩૦૫ |
| (૨)મ્યુ. કાઉન્સીલરશ્રી | ૧૬ |
| (૩)સ્કુલ બોર્ડના સભ્યશ્ર | - |
| (૪)રાજકીય પક્ષ તેમજ યુનિયનના હોદ્દેદારો | ૨૦ |
| (૫)સ્વાતંત્ર્ય સેનાની સ્વાતંત્ર્ય સેનાની વિધવા | ૧૦૯ |
| (૬)વૃધ્ધ-વૃધ્ધાઓના | ૧૭૦ |

**લઘુતમદરે પાસ :-**

અહેવાલી વર્ષમાં વિજેતા રમતવીરોને કુલ ૩૭ લઘુત્તમદરના પાસ કાઢી આપવામાં આવેલ છે.

**અકસ્માત વિભાગ : -**

અહેવાલી વર્ષ દરમ્યાન પોલીસમાં નોંધાયેલ અકસ્માતોની સંખ્યા ૩૭૫ છે જેમાં ૧૦ ફેટલ, ૩૨ ગંભીર અને ૨૧ સામાન્ય પ્રકારના અકસ્માત નોંધાયેલ છે.જ્યારે પોલીસ કેસ ન થયા હોય અને સમાધાનથી જે કેસો નોંધાયા છે તેવા કેસોની સંખ્યા ૧૪૫ છે. જેમાં બસોને થયેલ નુકશાન પેટે રૂા.૦.૪૮ લાખ વસૂલ લેવામાં આવેલ છે. ચાલુ બસે ચઢવા ઉતરવા જનાર પ્રવાસી અથવા બસમાં પ્રવાસ કરી રહેલ પ્રવાસીને ઇજા થઇ હોય તેવા એકસીડન્ટ કેસની સંખ્યા ૬ છે.

અ.મ્યુ.ટ્રા.સ.ની બસોથી કુલ ૩૭૫ અકસ્માતો નોંધાયા છે. ઇજા પામનારે કરેલ મોટર એકસીડન્ટ કલેઇમ્સ, ટ્રીબ્યુનલમાં વળતર માટે દાવા થયા હોય તેવા કેસોના ચુકાદા આવતા રૂા.૨૪૨.૭૯ લાખ સંસ્થાએ વળતર પેટે ચૂકવેલ છે.વર્ષ દરમ્યાન રૂા.૪૨૧.૪૫ લાખ ચૂકવવાના આદેશ થયેલ છે.

**ફ્લાઈંગ સ્ક્વોડ :-**

રોડ પર ફરતી બસોમાં ચેકીંગ રાખવા તથા તેના સ્ટાફની કામગીરીમાં ક્ષતિ જણાતા, જરૂરી પગલાં લેવા આ સ્કવોર્ડમાં કટ્રોલર તથા જુ.ક્લાર્ક,સી.ક્લાર્ક થી ચેકીગની કામગીરી લેવામાં આવે છે.આ સ્કવોર્ડ ટ્રાન્સપોર્ટ મેનેજરશ્રીની સીધી દેખરેખ હેઠળ ચેકીગની કામગીરી સંભાળે છે. જે જાહેર તહેવારો, મેળા મહોત્સવ, સભા-સરઘસ, હડતાળ કે આંદોલન જેવા પ્રસંગોની વ્યવસ્થા અંગેની વિશિષ્ટ ફરજો બજાવે છે. રેવન્યુ લીકજ રોકવા તથા બસ સંચાલનની સેવાને નિયમીત અને કાર્યદક્ષ બનાવવા, ચેકીગ દરમ્યાન વગર ટિકીટે મુસાફરી કરતા પ્રવાસીઓ પાસેથી પેનલ્ટી વસૂલ કરવા ઉપરાંત ચોરી અગર અન્ય ગેરરીતીઓ આચરતા સ્ટાફ સામે પગલાં ભરવાની કામગીરી સંભાળે છે. આ તમામ પ્રયાસોના આધારે વર્ષ દરમ્યાન જે નોંધપાત્ર પરિણામો હાંસલ કરવામાં આવ્યા છે.તે નીચે મુજબ છે.

| ક્રમ | વિગત | સખ્યા | આવક રૂા. |
|---|---|---|---|
| ૧ | ડીફોલ્ટ | ૨૭ | ૪૩૮ |
| ૨ | પેનલ્ટીની પહોંચની સંખ્યા | ૪૬૫૮૫ | ૨૮,૨૩,૫૦૭ |
| ૩ | મેમો | ૪૧૫ | - |
| ૪ | કુલ ગાડીનું ચેકીગની સંખ્યા | ૧૯૦૧૫૪ | - |

| | | | |
|---|---|---|---|
| ૫ | પોઈન્ટ ડયુટી | – | – |
| ૬ | વિવિધ પ્રકારના મેમો | ૯૧૬ | – |

**ટ્રાફિક ગુના તપાસ વિભાગ :-**

ટ્રાફીક વિભાગના વિવિધ ખાતાઓનાં કર્મચારીઓની ગેરશીસ્ત, ઉધ્ધતવર્તન, ફરજ પ્રત્યે બેદરકારી, ચોરી, સંસ્થાનાં નીતિનિયમોનું ઉલ્લંઘન, શિસ્ત વિરૂધ્ધ વર્તન વિગેરે કિસ્સાઓમાં રીપોર્ટ આવતાં કર્મચારીઓ સામે ખાતાકીય પગલાં ભરવામાં આવે છે . અહેવાલી વર્ષમાં ૫૨૬ ડ્રાયવર અને ૩૦૧૬ કંડકટરને શો કોઝ નોટીસ આપવામાં આવેલ છે.

અહેવાલી વર્ષમાં કસૂરદાર કર્મચારીઓને આપેલ નોટીસો તથા તેના નિકાલની માહિતી પત્રક ૧૦.૭(બ) માં દર્શાવી છે.

## પત્રક ૧૦.૧
## બસોની ફ્લીટ,અ.મ્યુ.ટ્રા.સ.ની કોન્ટ્રાકટથી ચાલતી બસો સહિત બસરૂટસ દૈનિક સરાસરી કિ.મી., મુસાફરો દર્શાવતુ પત્રક

| અનુ. નં | વર્ષ | બસોની સંખ્યા | બસ રૂટસની સંખ્યા | રસ્તા પર ફરતી બસો | દૈનિક સરાસરી ગ્રોસ કી.મી. | દરરોજની સરેરાશ મુસાફરો ની સંખ્યા. |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | ૨૦૦૩-૨૦૦૪ | ૬૦૧ | ૧૧૦ | ૩૮૨ | ૭૯૫૬૨ | ૩૨૫૨૭૮ |
| ૨ | ૨૦૦૪-૨૦૦૫ | ૫૪૦ | ૧૧૭ | ૩૭૧ | ૮૦૫૬૧ | ૩૪૯૬૫૩ |
| ૩ | ૨૦૦૫-૨૦૦૬ | ૮૪૮ | ૧૩૧ | ૫૪૫ | ૧૨૩૦૮૧ | ૫૭૯૨૫૪ |
| ૪ | ૨૦૦૬-૨૦૦૭ | ૧૦૨૫ | ૧૪૩ | ૭૨૭ | ૧૭૦૪૫૮ | ૭૪૬૨૯૪ |
| ૫ | ૨૦૦૭-૨૦૦૮ એ.એમ.ટી.એસ | ૪૮૪ | ૯૫ | ૪૧૯ | ૮૮૨૮૧ | ૪૦૧૫૦૮ |
| | પ્રાઈવેટ | ૫૦૨ | ૫૭ | ૪૬૫ | ૧૨૧૯૨૮ | ૪૪૨૨૬૫ |

## પત્રક ૧૦.૨
## અહેવાલી વર્ષમાં અ.મ્યુ.ટ્રા.સ.ના બસભાડાનાં પ્રવર્તમાન દરો( પૈસામાં)
## (અમલ તા.૫/૧૧/૦૪)

| સ્ટેજ | અંતર(કી.મી.) | ભાડાના દરો પુખ્ત વયના પ્રવાસેઓ માટે(પૈસામાં) |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | ૦-૨ | ૧૦૦ |
| ૨ | ૨-૪ | ૩૦૦ |
| ૩ | ૪-૬ | ૪૦૦ |
| ૪ | ૬-૮ | ૫૦૦ |
| ૫ | ૮-૧૦ | ૬૦૦ |
| ૬ | ૧૦-૧૨ | ૭૦૦ |
| ૭ | ૧૨-૧૪ | ૭૦૦ |

| | | |
|---|---|---|
| ૮ | ૧૪-૧૬ | ૮૦૦ |
| ૯ | ૧૬-૧૮ | ૮૦૦ |
| ૧૦ | ૧૮-૨૦ | ૯૦૦ |
| ૧૧ | ૨૦-૨૨ | ૯૦૦ |
| ૧૨ | ૨૨-૨૪ | ૧૦૦૦ |
| ૧૩ | ૨૪-૨૬ | ૧૦૦૦ |
| ૧૪ | ૨૬-૨૮ | ૧૧૦૦ |
| ૧૫ | ૨૮-૩૦ | ૧૧૦૦ |
| ૧૬ | ૩૦-૩૨ | ૧૧૦૦ |
| ૧૭ | ૩૨-૩૪ | ૧૨૦૦ |
| ૧૮ | ૩૪-૩૬ | ૧૨૦૦ |
| ૧૯ | ૩૬-૩૮ | ૧૨૦૦ |
| ૨૦ | ૩૮-૪૦ | ૧૩૦૦ |

નોધ :- મ્યુ.હદ અને મ્યુ.હદ બહાર પ્રવાસ કરતાં પ્રવાસીઓ માટે ૧૩ સ્ટેજ પછી દર ૩ સ્ટેજ દીઠ ૧૦૦ પૈસા વધુ લેવામાં આવે છે.
બહેરા-મુંગા,બોબડા,સીનીયર સીટીઝન્સ અને બાળકો માટે અડધા દરે ટીકીટો આપવામાં આવે છે.

## પત્રક ૧૦.૩
## અ.મ્યુ.ટ્રા.સ. ની બસોની ઉંમર પ્રમાણેનું વર્ગીકરણ દર્શાવતુ પત્રક

| અનુ.નં | વર્ષ | બસની ઉંમર (વર્ષમાં)/ટકાવારી | | | | બસોની કુલ સંખ્યા | સરેરાશ ઉંમર |
|---|---|---|---|---|---|---|---|
| | | ૧ થી ૪ | ૫ થી ૮ | ૯ થી ૧૦ | ૧૧ અને વધુ | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| | | | | | | | |
| ૧ | ૨૦૦૨-૦૩ | ૬૧ | ૩૧૦ | ૨ | ૩૧૪ | ૬૮૭ | ૧૦.૯૪ |
| | | (૮.૮૮) | (૪૫.૧૨) | (૦.૨૯) | (૪૫.૭૧) | (૧૦૦) | |
| ૨ | ૨૦૦૩-૦૪ | ૧ | ૩૨૫ | ૪૫ | ૨૩૦ | ૬૦૧ | ૧૦.૪૭ |
| | | (૦.૧૬) | (૫૪.૦૮) | (૭.૪૯) | (૩૮.૨૭) | (૧૦૦) | |
| ૩ | ૨૦૦૪-૦૫ | ૩ | ૧૬૯ | ૨૦૦ | ૧૬૮ | ૫૪૦ | ૧૦.૫૪ |
| | | (૦.૫૫) | (૩૧.૩૦) | (૩૭.૦૪) | (૩૧.૧૧) | (૧૦૦) | |
| ૪ | ૨૦૦૫-૦૬ | ૫૭ | ૬૧ | ૨૬૪ | ૧૭૩ | ૫૫૫ | ૯.૯૨ |
| | | (૧૦.૨૭) | (૧૦.૯૯) | (૪૭.૫૭) | (૩૧.૧૭) | (૧૦૦) | |
| ૫ | ૨૦૦૬-૦૭ | ૧૦૨ | ૬૧ | ૧૦૯ | ૨૮૯ | ૫૬૧ | ૯.૬૧ |
| | | (૧૮.૧૮) | (૧૦.૮૭) | (૧૯.૪૩) | (૫૧.૫૨) | (૧૦૦.૦૦) | |
| ૬ | ૨૦૦૭-૦૮ | ૧૦૨ | ૧ | ૬૦ | ૩૨૧ | ૪૮૪ | ૯.૬૩ |
| | | (૨૧.૦૭) | (૦.૨૧) | (૧૨.૪૦) | (૬૬.૩૨) | ૧૦૦ | |
| | | | | | | | |

## પત્રક ૧૦.૪
## અ.મ્યુ.ટ્રા.સ.ની રોડ પર ફરતી બસોની છેલ્લા બે વર્ષની કેરીંગ કેપીસીટી અને તેનો ટકાવારી ઉપયોગ દર્શાવતુ પત્રક

| અનુ.નં | વિગત | ૨૦૦૬-૦૭ | | ૨૦૦૭-૦૮ | |
|---|---|---|---|---|---|
| | | એ.એમ.ટી.એસ | પ્રાઈવેટ | એ.એમ.ટી.એસ | પ્રાઈવેટ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | રોડ ઉપર ફરતી બસોની સંખ્યા | ૪૨૧ | ૩૦૬ | ૪૧૯ | ૪૬૫ |
| | | | | | |
| ૨ | રોડ ઉપર ફરતી બસોની કેરીગ કેપીસીટી | ૨૭૮૯૭ | ૧૩૯૦૫ | ૨૭૭૧૩ | ૨૩૬૮૦ |
| | | | | | |
| ૩ | રોડ ઉપર ફરતી પ્રતિબસ દીઠ સરેરાશ કેરીગ કેપીસીટી | ૬૬.૨૬ | ૪૫.૪૧ | ૬૬.૧૪ | ૫૦.૯૨ |
| | | | | | |
| ૪ | દરરોજની સરેરાશ સીગલ ટ્રીપોની સંખ્યા | ૫૮૪૨ | ૪૭૨૫ | ૫૭૫૭ | ૫૯૨૭ |
| | | | | | |
| ૫ | રોડ ઉપર ફરતી બસોની સરેરાશ દૈનિક કેપીસીટી | ૩૮૭૦૯૧ | ૨૧૪૫૬૨ | ૩૮૦૭૬૮ | ૩૦૧૮૦૩ |
| | | | | | |
| ૬ | ખરેખર દૈનિક સરેરાશ મુસાફરોની સંખ્યા | ૪૩૧૩૭૬ | ૩૧૪૯૧૮ | ૪૦૧૫૦૮ | ૪૪૨૨૬૫ |
| | | | | | |
| ૭ | કેરીગ કેપીસીટીનો ટકાવારી ઉપયોગ | ૧૧૧.૪૪ | ૧૪૬.૭૭ | ૧૦૫.૪૫ | ૧૪૬.૫૪ |

## પત્રક ૧૦.૫
## આવક ખર્ચ અને ખોટની માહિતી દર્શાવતુ પત્રક

| અનુ.નં | વર્ષ | વાર્ષિક ( રૂા. લાખમાં) | | દૈનિક ( રૂા. હજારમાં) | | |
|---|---|---|---|---|---|---|
| | | આવક | ખર્ચ | આવક | ખર્ચ | ખોટ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | ૨૦૦૩-૦૪ | ૫૭૩૦.૨૨ | ૧૧૧૬૧.૮૦ | ૧૫૭૦ | ૩૦૫૮ | ૧૪૮૮ |
| | | | | | | |
| ૨ | ૨૦૦૪-૦૫ | ૬૪૬૧.૨૦ | ૮૯૯૭.૮૭ | ૧૭૭૦ | ૨૪૬૫ | ૬૯૫ |
| | | | | | | |
| ૩ | ૨૦૦૫-૦૬ | ૮૫૨૨.૦૬ | ૧૨૪૩૭.૩૮ | ૨૩૩૫ | ૩૪૦૭ | ૧૦૭૨ |
| | | | | | | |
| ૪ | ૨૦૦૬-૦૭ | ૯૫૨૧.૩૬ | ૧૧૮૨૪.૦૧ | ૨૬૦૯ | ૩૨૩૯ | ૬૩૦ |
| | | | | | | |
| ૫ | ૨૦૦૭-૨૦૦૮ એ.એમ.ટી.એસ | ૫૫૪૭.૪૫ | ૧૧૯૮૮.૦૭ | ૧૫૧૬ | ૩૨૭૫ | ૧૭૫૯ |
| | પ્રાઈવેટ | ૫૪૩૩.૩૨ | ૭૫૧૪.૮૪ | ૧૪૮૪ | ૨૦૧૩ | ૫૨૯ |

## પત્રક ૧૦.૬
## સ્ટોર્સ વિભાગ દ્વારા છેલ્લાં ત્રણ વર્ષમાં કરવામાં આવેલ ખરીદીની માહિતી દર્શાવતુ પત્રક

| અનુ.નં | ખરીદીની વિગત | ખરીદીની કિંમત ( રૂા. લાખમાં) | | |
|---|---|---|---|---|
| | | ૨૦૦૫-૦૬ | ૨૦૦૬-૦૭ | ૨૦૦૭-૦૮ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | લેલેન્ડ અને માઈક્રો | ૩૪૮.૮૩ | ૩૦૦.૭૭ | ૧૬૨.૫૪ |
| | | | | |

| | | | | |
|---|---|---|---|---|
| ૨ | મીની બસ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| | | | | |
| ૩ | સ્ટાફકાર અને મીસે.વેહીકલ્સ | ૦.૮૫ | ૧.૦૨ | ૦.૭૧ |
| | | | | |
| ૪ | બેટરી | ૯.૭૯ | ૧૮.૩૩ | ૧૫.૫૧ |
| | | | | |
| ૫ | મીસેલીનીયસ | ૩૬.૮૫ | ૭૭.૧૫ | ૪૮.૭૬ |
| | | | | |
| ૬ | ટાયર રેટરા. | ૨૦.૯૨ | ૨૪.૦૪ | ૩૮.૪૦ |
| | | | | |
| ૭ | ટાયર ટયુબ | ૭૬.૨૦ | ૮૪.૯૩ | ૯૩.૮૭ |
| | | | | |
| ૮ | લુબ્રીકેન્ટ | ૬૦.૭૧ | ૮૦.૪૦ | ૯૭.૫૩ |
| | | | | |
| ૯ | ટુલ્સ | ૧.૫૬ | ૧.૪૯ | ૧.૮૦ |
| | | | | |
| ૧૦ | તાતા | ૧૪.૪૩ | ૨૫.૮૫ | ૬૪.૫૪ |
| | | | | |
| | **કુલ** | **૫૬૯.૮૪** | **૬૧૩.૯૮** | **૫૨૩.૬૬** |

## પત્રક ૧૦.૭ (અ)
## કસુરદાર કર્મચારીઓને આપવામાં આવેલ નોટીસો તથા તેના નિકાલની માહિતી દર્શાવતુ પત્રક

| અનુ.નં | વિગત | કુલ નોટીસ આપેલ કર્મચારીઓની સંખ્યા | નોટીસ કેસના નિકાલની માહિતી | | | |
|---|---|---|---|---|---|---|
| | | | દંડ | તાકીદ | દફતરે | પેન્ડીગ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | ડ્રાયવર્સ | ૫૨૬ | ૧૨૦ | ૨ | ૩૨ | ૩૭૨ |
| ૨ | કન્ડક્ટર્સ | ૩૦૧૬ | ૧૬૮૮ | ૨ | ૧૪૩ | ૧૧૮૩ |
| | કુલ | ૩૫૪૨ | ૧૮૦૮ | ૪ | ૧૭૫ | ૧૫૫૫ |

## પત્રક ૧૦.૭ (બ)
## કસુરદાર કર્મચારીઓ સામે મુકવામાં આવેલ ચાર્જશીટો અને તેનાં નિકાલની માહિતી દર્શાવતુ પત્રક

| અનુ. નં | વિગત | કુલ ચાર્જશીટ કેસો | ચાર્જશીટ કેસમાં નિકાલની માહિતિ | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | સખત તાકીદ | લઘુત્તમ પગાર | દંડ | ઈન્ક્રીમેન્ટ રોકવા | સસ્પેન્ડ | બરતરફ | દફતરે | પેન્ડીગ | કામ બંધ કરવાનુ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ડ્રાયવર્સ | ૮૨ | ૩ | - | ૧૩ | ૪ | - | ૦૨ | ૮ | ૪૬ | ૮ |
| ૨ | કન્ડક્ટર્સ | ૩૯ | ૨ | ૧ | - | ૯ | - | ૧૬ | ૧ | ૨૦ | ૨ |
| ૩ | ઓફિસ સ્ટાફ તથા સુપરવાઈઝરી સ્ટાફ | ૦૨ | ૧ | - | - | ૧ | - | - | - | ૧૩ | - |
| | કુલ | ૧૨૩ | ૬ | ૧ | ૧૩ | ૧૪ | - | ૧૮ | ૯ | ૭૯ | ૧૦ |

## પત્રક ૧૦.૮
## અકસ્માત અને બ્રેકડાઉનની માહિતી દર્શાવતુ પત્રક

| અકસ્માત | | | | | બ્રેક ડાઉન | | |
|---|---|---|---|---|---|---|---|
| અનુ.નં | વર્ષ | પોલીસમાં નોંધાયેલ કેસો | પોલીસમાં નહી નોંધાયેલ કેસો | કુલ | વાર્ષિક ગ્રોસ કી.મી.લાખમાં | ટાયરમાં પંક્ચર સાથે | ટાયરમાં પંક્ચર વગર |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧ | ૨૦૦૨-૦૩ | ૫૬ | ૧૬૦ | ૨૧૬ | ૩૧૨.૯૨ | ૮૬ | ૬૯ |
| | | | | | | | |
| ૨ | ૨૦૦૩-૦૪ | ૫૨ | ૧૫૪ | ૨૦૬ | ૨૯૧.૨૦ | ૭૯ | ૬૩ |
| | | | | | | | |
| ૩ | ૨૦૦૪-૦૫ | ૪૪ | ૧૩૪ | ૧૭૮ | ૨૯૪.૦૫ | ૫૨ | ૪૦ |
| | | | | | | | |
| ૪ | ૨૦૦૫-૦૬ | ૫૨ | ૧૪૫ | ૧૯૭ | ૪૪૯.૨૪ | ૬ | ૧૭ |
| | | | | | | | |
| ૫ | ૨૦૦૬-૦૭ | ૬૭ | ૩૩૧ | ૩૯૮ | ૬૨૨.૧૭ | ૬૯ | ૧૮ |
| | | | | | | | |
| ૬ | ૨૦૦૭-૦૮ એ.એમ.ટી.એસ | ૫૮ | ૧૯૮ | ૨૫૬ | ૩૨૩.૧૧ | ૨૧ | ૧૬ |
| | પ્રાઈવેટ | ૨૭ | ૧૫૩ | ૧૮૦ | ૪૪૬.૨૬ | ૭૭ | - |